Gujarat-no Bhavya Bhutkal
(Illustrated)
By Dr. Harilal R. Gaudani
Pub. by Gangadas P. Mehta
Urnad Prakashan
203, Himalaya House
79, Palton Road
Bombay-1 (India) 1968

પ્રથમ આવૃત્તિ
જુન ૧૯૬૮

(c) ડૉ. હરિલાલ ર. ગૌદાની

મુદ્રક
સુરેશચન્દ્ર પોપટલાલ પરીખ
ડાયમંડ જ્યુબિલી પ્રિ. પ્રેસ
સલાપોસ રોડ : અમદાવાદ

ચિત્રો
દીપક પ્રિન્ટરી
રાયપુર દરવાજા બહાર
અમદાવાદ

પ્રકાશક
ગંગાદાસ પ્રા. મહેતા
ઉરનદ પ્રકાશન
૨૦૩, હિમાલયા હાઉસ
૭૯, પલટન રોડ, મુંબઈ–૧

દસ રૂપિયા

વરસા ઋતુનો ટેમઃ પોપટો
નીર ભેગાં નીર ભળે

સ્મૃતિશેષ
બબુને

# શ્રી લીલેશ્વર મહાદેવ

(શિવેન્દ્રનગર : પાલીતાણા)

'બહુબેન, ગામમાં એકેય મંદિર નથી. તમો મદદ કરો તો કામ થઈ જાય.'

'ભાઈ, હું રહું મુંબઈ. અહીંનું કામ કોને સોંપું?'

'એની ચિંતા ન કરો. ગામના માણસોનો ઉત્સાહ ઘણો છે. એકવાર તમો હા પાડો પછી અમો બધું સંભાળી લઈશું. આપણા બાપદાદાનું ગામ છે.'

'ઠીક ત્યારે. શિવાલય બાંધો. પણ સાથે સાથે ધર્મશાળા, પુસ્તકાલય ને લોકોપયોગી પ્રવૃત્તિ કરશો તો એમાં હું મારો સંપૂર્ણ સાથ આપીશ'

અને ગામના સહકારે ચમત્કાર સર્જ્યો. વિશાળ પ્રાંગણવાળું કલા, વિદ્યા ને ધર્મના ત્રિવેણીસંગમ સમુ શ્રી લીલેશ્વર મહાદેવનું મંદિર ગામને આંગણે જનસમુદાયને પ્રેરણા આપતું દીપી ઊઠ્યું.

મંદિરો આપણી ધર્મભાવનાના, સંસ્કારિતાના ને સભ્યતાના જ્યોતિઃસ્થંભો હતાં, તે આજે અવગણનાને પામ્યાં છે. એની પુનઃસ્થાપના જનતાને ધર્મનિષ્ઠ ને પરિણામે કાર્યનિષ્ઠ બનાવે એટલી અભિલાષા.

ગંગાદાસ પ્રાગજી મહેતા

# આમુખ

ભારતીય પ્રજાના જીવનમાં ધર્મ તો યુગયુગોથી વણાઈ ગયો છે. ભારતીય જનની સામાન્ય દિનચર્યાથી માંડીને બાળકનું નામકરણ, યજ્ઞોપવીત, લગ્ન, સંન્યસ્તપ્રવેશ, મૃત્યુ અને મૃત્યુ પછીની સર્વ ઉત્તરક્રિયાઓમાં ધર્મ જ કેન્દ્રસ્થાને રહ્યો છે. ધર્મભાવનાવિહોણું ભારતીય જીવન કલ્પી શકાતું નથી. સંક્ષેપમાં એમ પણ કહી શકાય કે ધર્મ જ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે.

આ કારણે આપણા શાસ્ત્રકારોએ જીવનનાં સામાજિક, આરોગ્ય-વિષયક કે અન્યાન્ય પાસાઓને ધર્મનો ઓપ આપીને પોતાના શાસ્ત્રોમાં એમને ધર્મસૂત્રો રૂપે વણી લીધાં છે. સ્નાન કર્યા પછી જ ભોજન કરવું કે એકાદશીને દિવસે ઉપવાસ કરવો એ વિષયો આરોગ્યના હોવા છતાં શાસ્ત્રકારોએ એમને ધર્મ સાથે વણી લીધા, કેમ કે લોકો ધર્મને જ 'ધર્મ' (કર્તવ્ય) માનીને એવા હિતકર નિયમોને માન આપશે એમ શાસ્ત્રકારોએ વિચાર્યું. લગ્ન સરખા સામાજિક વિષયને ધર્મ જોડે ગંઠી લઈને જે સામાજિક સંબંધ જીવનભર ટકાવવાનો છે તેમાં પવિત્રતા, ગાંભીર્ય અને જવાબદારીના અંશો ધાર્મિક ક્રિયાઓ દ્વારા ગૂંથી લીધા.

ભારતીય જીવનની આ ધર્મભાવના એટલી બધી પ્રબળ હતી કે છેક મધ્યયુગ સુધી તે ભારતીય જીવનની વિવિધ શાખાઓમાં પ્રબળ સ્વરૂપે ટકી રહી. રાજવીઓ અને ધનપતિઓએ પોતાની ધાર્મિક ભાવના દેવમંદિરો કે જળાશયો બંધાવીને સંતોષી. પોતાના આરાધ્ય દેવનું મહત્ત્વ વધારવાનો આશય પણ કેટલીક વાર આની પાછળ રહેતો. પરિણામે ભારતના વિવિધ ભાગોમાં વિષ્ણુમંદિરો, શિવમંદિરો, સૂર્યમંદિરો, જૈન મંદિરો તેમ જ અન્યાન્ય અનેક સાંપ્રદાયિક મંદિરો મધ્યયુગમાં અસ્તિત્વમાં આવ્યાં.

ભારતના કોઈ પણ પ્રાંત કરતાં ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સંખ્યામાં વધુ મંદિરો મળે છે. આનું કારણ એ છે કે જૈન ધનપતિઓએ અનેક ભવ્ય, સુંદર અને ખર્ચાળ મંદિરો ગુજરાતમાં બંધાવ્યાં છે.

એ સર્વની જાળવણી માટે પ્રથમ તો જ્યાં જ્યાં એવા સ્મારકો ખૂણેખાંચરે દટાયેલા કે અવગણાયેલા પડ્યા હોય તેમને શોધી કાઢી, પ્રજા સમક્ષ ધરી તે તે સ્થાનોનું મહત્ત્વ પ્રજાને સમજાવવું જરૂરી છે. કેવળ પ્રજાને જ નહિ, રાજ્યને સમજાવવું પણ જરૂરી છે, કેમ કે એવા જીર્ણ સ્મારકોનો જીર્ણોદ્ધાર, પુનરોદ્ધાર તથા કાયમી જાળવણી તો રાજ્ય જ કરી શકે.

આવું સંશોધનકાર્ય સમય, પરિશ્રમ, પુરાતત્ત્વપ્રેમ અને એક વિશિષ્ટ પ્રકારની સંશોધનદૃષ્ટિ તેમ જ મૂલ્યાંકનદૃષ્ટિ માગી લે છે. આજના ધાંધલિયા અર્થયુગમાં સંશોધનનું કામ તો 'નવરા માણસ'નું કામ જ લેખાય. અત્યારે તો યુગ આખો ધન પાછળ દોડે છે. એવા યુગમાં સંશોધનકાર્ય કાં તો સારો સરખો દરમાયો ખાતા સરકારી અધિકારીઓ કરી શકે કે કાં તો ભારતીય સંસ્કૃતિ અને પુરાતત્ત્વ પ્રત્યે પ્રેમ ધરાવનાર મરજીવાઓ કરી શકે. આ બેમાં મરજીવાઓ વધુ સારું કાર્ય કરી શકે, કેમ કે એમના કાર્ય પાછળ ગૌરવાન્વિત ભાવનાનું પીઠબળ હોય છે.

આવા એક મરજીવા વીર તે આ પુસ્તકના લેખક ડૉ. હરિલાલ આર. ગૌદાની છે. આ સજ્જનને હું 'વીર' એટલા માટે કહું છું કે વ્યવસાયે ડૉક્ટર હોવા છતાં અને પોતે કાર્યરત જીવન ગુજારતા હોવા છતાં એમણે પોતાનું આ સંશોધનકાર્ય લગભગ છેલ્લા એક દાયકાથી અપૂર્વ ધીરજ, ખંત, પરિશ્રમ અને પુરાતત્ત્વપ્રેમથી ચાલુ રાખ્યું છે. એમનો કાયમી વસવાટ અમદાવાદમાં. અમદાવાદથી પચાસ–સો માઈલ દૂર હોય એવા સ્થળોએ તો રવિવારે વહેલી સવારે પોતાની મોટરમાં નીકળી જઈ, સંશોધનકાર્ય કરી બને તો એ જ સાંજે પાછા ફરે છે. મુલાકાત લીધેલ મંદિર કે વાવ વિશે દંતકથાઓ પ્રચલિત હોય તો તે ભેગી કરે છે. મંદિરનું કે વાવનું સ્થાપત્ય કયા સૈકાનું હોઈ શકે તેની આંકણી સૂક્ષ્માવલોકનભરી તુલના તથા પોતાના અનુભવને આધારે કરે છે. પોતાના કૅમેરાથી પોતે જ એ સ્થળની છબીઓ પાડી લે છે. પછી સરળ ભાષામાં એક લેખરૂપે એ બધી માહિતી સચિત્ર સ્વરૂપમાં પ્રજા સમક્ષ મૂકે છે. 'નવચેતન'માં છેલ્લા ૭–૮ વર્ષથી પ્રતિ માસે તેમનો આવો શિલ્પવિષયક લેખ પ્રગટ થતો રહ્યો છે. આવી રીતે પાસેનાં સ્થળોએ જતાં આવતાં અને માહિતી મેળવવા માટે ઘૂમતાં ફરતાં કોઈક કોઈક રવિવારે તો રૂપિયા ૫૦ ચોતેર જેટલું પેટ્રોલ વાપરી નાખી તેઓ ગાંઠના ગોપીચંદન કરે છે! દૂરનાં સ્થળોએ ટ્રેનમાં, બસમાં ને જરૂર પડ્યે ગાડામાં પણ જાય છે. ભારતીય સંસ્કૃતિ, ભારતીય શિલ્પસ્થાપત્ય અને ભારતીય પુરાતત્ત્વનો આવો પ્રેમી સાચે જ વંદનીય છે. આ પુસ્તક એમના અવિરત સંશોધનકાર્યનું જ ફળ છે. ઉરનદ પ્રકાશને આ પુસ્તક પ્રગટ કરીને એક પ્રજોપયોગી કાર્ય કર્યું છે.

અમદાવાદ,
તા. ૨૪–૩–'૬૮

ચાંપશી વિ. ઉદેશી

# પ્રસ્તાવના

ઈ. સ. ૧૯૪૨ના ડિસેમ્બર મહિનાની ત્રીજી તારીખે હુ ગ્રીસની રાજધાની એથેન્સ શહેરની ઉત્તરે ચૌદ માઈલ દૂર આવેલુ પુરાણી હેલેનીક શૈલીનુ સૂર્યમંદિર નિહાળી રહ્યો હતો. મને ગ્રીસની હેલેનીક શૈલીની બહુ જાણ નહોતી, પણ ઈ. સ પૂર્વે સૈકાઓ પહેલા રચાયેલી એ કૃતિ મારી આખને ખૂબ ગમતી હતી. હુ દેવળની ચોપાસ આટા મારતો મારતો એ મંદિરના ઊંચા સ્થભોની હરોળ જોઈ રહ્યો હતો તેવામા એક યુરોપીઅન ત્યા આવી ચઢ્યો. એ ભાઈએ મને અગ્રેજી ભાષામા પૂછ્યુ, "તમે હિન્દી લાગો છો."

ઘણે દિવસે અંગ્રેજી ભાષા સાભળતા મને આનંદ થયો. મેં એ ભાઈને કહ્યુ, "તમારુ અનુમાન સાચું છે."

એ અગ્રેજ ભાઈએ મને કહ્યુ, "હિન્દુસ્તાનના કયા ઇલાકાના તમે વતની છો ?"

મેં કહ્યુ, "હુ ગુજરાતનો વતની છુ."

પેલા અગ્રેજે મને કહ્યુ, "આ ભગ્ન મંદિર પુરાણી ગ્રીસ પ્રજાના દેવ હેલીયસ (સૂર્યને મળતા જૂની ગ્રીક પ્રજાના એક દેવતા)નુ છે. તમે ગુજરાતમા આવેલ મોઢેરાનું સૂર્યમંદિર જોયું છે ?"

મેં મોઢેરાનું સૂર્યમંદિર જોયુ નહોતુ એટલે મારે ના પાડવી પડી.

મારો નકારમા જવાબ મળતા પેલા અંગ્રેજ ભાઈએ કહ્યુ, "પોતાના ઈલાકામા આવેલ સુદર શિલ્પધનને ન નીરખનારને આટલે દૂર આવેલ શિલ્પના અવશેષો નીરખવાનો કોઈ હક્ક નથી."

એ ભાઈના શબ્દો મારા હૃદય સોસરવા નીકળી ગયા. ઇ સ. ૧૯૪૩ના જાન્યુઆરી મહિનાની ૨૭મી તારીખે હુ ભારતવર્ષમા પાછો આવ્યો ત્યારે મુબઈથી અમદાવાદ જવાને બદલે હુ સીધો મોઢેરા ગયો. મોઢેરાનુ સૂર્યમંદિર નીરખી ઇ સ. પૂર્વે છઠ્ઠા કે સાતમા સૈકામા રચાયલા ગ્રીસના હેલીયસ દેવનુ મંદિર મારી નજર સમક્ષ ખડુ થયુ બને મંદિરાની મનોમન સરખામણી કરી. ગ્રીસનુ મંદિર ભગ્ન લાગ્યુ, જ્યારે મોઢેરાનુ સૂર્યમંદિર સાઘંત કોતરાયેલ કલ્પવૃક્ષ સમુ લાગ્યુ.

મોઢેરાનું સૂર્યમંદિર નીરખ્યા પછી મને ભારતનું શિલ્પધન જોવાનો શોખ લાગ્યો. ઈ. સ. ૧૯૪૩ થી ૧૯૫૩ સુધીના દસ વર્ષના ગાળામાં ભારતભરનાં પુરાણાં તીર્થસ્થળો જોઈ નાખ્યાં. પછી ભારતવર્ષના જુદા જુદા પ્રદેશોમાં આવેલ મંદિરોની બાંધણી સંબંધી થોડીક સમજ પડી. પછી આ વિષયનાં થોડાંક પુસ્તકો જોઈ ગયો. પુસ્તકો વાંચતાં મંદિરોની પ્રાંતીય બાંધણી અંગેની થોડી વધારે સૂઝ પડી, પણ ખાસ વધારે જાણી શકાયું નહિ.

ઈ. સ. ૧૯૫૬ના માર્ચ મહિનામાં આફ્રિકા ખંડની પૂર્વ દિશાએ હિન્દી મહાસાગરમાં આવેલ મોરેશિયસ ટાપુના વતની શ્રી. પરાગ ઉ. ભટ્ટ મારે ત્યાં મહેમાન બન્યા. એ ભાઈને મોઢેરાનું સૂર્યમંદિર જોવું હતું. હું તેમની સાથે ગયો. એ ભાઈ ગુજરાતના સોલંકી યુગનાં મંદિરોની બાંધણીના જાણકાર હતા. તેમણે મને મંદિરોના કેટલાંક અંગો બાબત વિગતવાર સમજણ પાડી. શિલ્પશાસ્ત્ર તરફ મારો રસ જોઈ મોરેશિયસ ગયા પછી તેમણે મને પર્સી બ્રાઉન લિખિત "ઇન્ડિયન આર્કીટેક્ચર"નું પુસ્તક ભેટ મોકલ્યું. એ પુસ્તક વાંચ્યા પછી એ પુસ્તકના લેખકે નોંધ કરેલ સોલંકી યુગનાં મંદિરો જોવાની મેં શરૂઆત કરી. દર રવિવારે વહેલી સવારે અમદાવાદથી ગાડી લઈ, એક પછી એક નિયત સ્થળે પહોંચવું અને રાત્રે અમદાવાદ પાછા ફરવું એ મારો નિયમિત કાર્યક્રમ બની ગયો. એ રીતે ૧૯૫૮ના ઓકટોબર મહિના સુધીમાં પર્સી બ્રાઉન, બર્જેસ અને સ્થાનિક લેખકોએ વર્ણવેલ સોલંકી યુગનાં મોટા ભાગનાં મંદિરો મેં જોઈ નાખ્યાં. આ સમય દરમ્યાન મને મંદિરોનાં જુદાં જુદાં અંગોની તસ્વીરો લેવાનો વિચાર આવ્યો નહોતો.

"સોલંકી યુગી મંદિરો" અંગેનો એક લેખ મેં ગુજરાતના એક જાણીતા માસિકમાં મોકલ્યો, પણ એ માસિકના તંત્રીએ મંદિરોની તસ્વીરોની માગણી કરી. મારી પાસે તસ્વીરો નહોતી એટલે મેં તુરત જ એક કેમેરા ખરીદ્યો અને મારા મિત્રની મદદથી હું ફોટોગ્રાફી શીખી ગયો. મેં ઈ. સ. ૧૯૫૮ થી ૧૯૬૦ના ગાળામાં જે મંદિરો જોયાં હતાં એ મંદિરોની તસ્વીરો લેવાનો કાર્યક્રમ મેં પૂરો કર્યો. ત્યાર પછી તસ્વીર સહિતનો એક શિલ્પવિષયક લેખ તૈયાર કરી હું ગુજરાતના જાણીતા માસિકના તંત્રી પાસે ગયો. એ તંત્રીશ્રીએ મારો લેખ વાંચવાની તો ઠીક પણ લેખ તરફ જોવાની પણ તસ્દી લીધી નહિ અને મારો લેખ મારી તરફ ફેંકતાં કહ્યું, "એ કાગળીયાને પસ્તીમાં વેચી નાખજો." એ તંત્રીના વર્તનથી મને ખૂબ લાગી આવ્યું. થોડો નાસીપાસ પણ થયો.

છેવટે મારા મિત્ર 'શિવમ્ સુન્દરમ્' (હિંમતલાઈ પટેલ) અને 'નવચેતન'ના તંત્રીશ્રી ચાપશીકાકાની ઓળખાણ કરાવી આપી શ્રી ચાપશીકાકાએ મારો લેખ શાંતિથી વાંચ્યો અને કહ્યું કે "ઊગતા લેખકો થોડી ભૂલો કરે. આવા લેખકોને માર્ગદર્શન આપવું એ મારી ફરજ છે." તેમણે કહ્યું કે, "જરા ય મૂંઝાયા વિના તમારા લેખો મોકલ્યે જજો. ભૂલો હશે તો હું સુધાર્યે જઈશ."

ઈ સ ૧૯૬૧ના વર્ષથી મેં 'નવચેતન'માં મારા લેખો આપવાની શરૂઆત કરી. છેલ્લા સાત વર્ષથી એ માસિકમાં મારા શિલ્પવિષયક લેખોની હારમાળા આવ્યે જાય છે, તદુપરાંત ગુજરાતના જાણીતા તંત્રીએ "નૂતન ગુજરાત" નામનું સાપ્તાહિક શરૂ કર્યું ત્યારથી એ સાપ્તાહિકના તંત્રી શ્રી રમણલાલ શેઠ તથા શ્રી પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ અને મારા મિત્ર 'જનસત્તા'ના ખબરપત્રી શ્રી રમણલાલ ભાવસારની પ્રેરણાથી મેં મારા શિલ્પવિષયક લેખો એ સાપ્તાહિકમાં આપવાની શરૂઆત કરી છે છેલ્લા પાંચ વર્ષથી મારા શિલ્પવિષયક લેખોની હારમાળા 'નૂતન ગુજરાત'માં આવ્યે જાય છે

શિલ્પશાસ્ત્ર એ એવો ગહન વિષય છે કે એ વિષયમાં પારંગત થતા વર્ષોના વર્ષો લાગે મેં કોઈ પણ ગુરુની રાહબરી નીચે આ વિષયનું જ્ઞાન મેળવેલ ન હોવાથી મારા લખાણોમાં થોડીક ક્ષતિ રહેતી હોય તો વાચકો મને માફ કરે.

મારા આ કાર્યમાં મદદ કરવા બદલ પૂજ્ય ચાપશીકાકા, મને ભારતવર્ષના શિલ્પ અંગે પ્રેરણા આપનાર ઇંગ્લેંડના માન્ચેસ્ટર શહેરના રહીશ સ્વ વિ મોર લિટ્રુઝ તથા ઇ સ ૧૯૪૭ના હિન્દુસ્તાનના પોર્ટુગીઝ સંસ્થાના સેક્રેટરી શ્રી ફ્રેમોન્સ મહેન્દ્રોયો, શ્રી હિંમતભાઈ પટેલ વગેરેનો હું આભાર માનું છું

આ પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરનાર શ્રી ગંગાદાસભાઈ, જેમની ઓળખાણ શ્રી ચાપશીકાકાએ કરાવી આપી છે તેમનો પણ ઉપકાર માનું છું. કારણ કે શ્રી ગંગાદાસભાઈએ મારી મરજી મુજબ લેખોની ગોઠવણી કરી, પુસ્તકને તેમની આગવી રીતે શણગારવાનો પૂરો પ્રયત્ન કર્યો છે સાથોસાથ તેમણે આ પુસ્તક જનતા સમક્ષ મૂકવાના મારા પ્રયાસમાં મદદ કરી છે.

ડૉ. હરિલાલ આર. ગોદાની

# નિવેદન

ગુજરાતની અસ્મિતાના શબ્દશિલ્પી તો નિર્વિવાદપણે શ્રી કનૈયાલાલ મા. મુનશી જ છે, પરંતુ ગુજરાતના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને કલાના પ્રાચીન કેન્દ્રોની યાત્રા કરી, આપણા વિલુપ્ત થતા સંસ્કારવારસાને સજીવન કરવાનું શ્રેય સહુથી પ્રથમ તો સ્વ. એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સને ફાળે જાય છે. ગુજરાતની અસ્મિતા જેવો શબ્દ ભલે તેમણે ઉચ્ચાર્યો કે પ્રચારમાં આણ્યો ન હોય, પણ સોલંકી યુગના યશોજ્જ્વલ સમય પછી ખંડિયેરોમાં ખોવાઈ જતા ગુજરાતના ભવ્ય ભૂતકાળનો જીર્ણોદ્ધાર કરવાનું બહુમાન તો સવાઈ ગુજરાતી સમા આપણી અસ્મિતાના અધ્વર્યુ એ સ્કૉટલૅન્ડના સપૂતને જ ઘટે છે.

ડૉ. હરિલાલ ગૌદાનીએ, વ્યવસાયે લોકપ્રિય તબીબ હોવા છતાં, સ્વ. ફોર્બ્સની એ પ્રેરક પરંપરાને અપનાવી એને નવો વેગ આપ્યો છે. ખભે કૅમેરા ભરાવી, મોટર દ્વારા તેમ જ પગપાળા ગુજરાતનો ખૂણેખૂણો ખૂંદી વળી, તેના અજાણ્યા કે અલ્પ જાણીતાં, પુરાણાં તેટલાં જ દુર્ગમ ધર્મસ્થાનો, નામશેષ થયેલાં નગરો અને ઐતિહાસિક કોટ-કિલ્લાઓનો શ્રદ્ધા, સ્નેહ અને શ્રમપૂર્વક અભ્યાસ કરી, ત્યાંની લુપ્ત થતી જતી શિલ્પ-સ્થાપત્યની સમૃદ્ધિનો સગી આંખે દેખ્યો સચિત્ર અહેવાલ, એને લગતી પૌરાણિક પરંપરાઓ તેમજ દંતકથાઓ વગેરેનો એને પુટ આપી, રોચક શૈલીમાં જનસામાન્યની જિજ્ઞાસાને જગાડે તેમ ડૉ. ગૌદાની વરસોથી 'નવચેતન'માં લોકભોગ્ય લેખમાળારૂપે રજૂ કરતા રહ્યા છે.

એમની આ લેખમાળા આરંભથી મારે માટે એક અદકા આકર્ષણરૂપ બની છે. ત્યારે સ્વાધ્યાય, સંશોધન અને શ્રમના પરિપાકરૂપ આ લેખમાળા લાંબે ગાળે માસિકના પાનાંમાં દટાઈ જાય તે પહેલાં તેમાંથી સંકલન અને સંપાદન કરીને પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવે તો ગુજરાતી સાહિત્ય તેમજ જનતાની સ્વલ્પ સેવા થાય એવા ખ્યાલથી પ્રેરાઈને ઉરનદ પ્રકાશન દ્વારા આ ગ્રંથ વિનમ્રભાવે ગુજરાતને ચરણે ધરીએ છીએ.

અંતમાં આ પ્રસંગે ડૉ. હરિલાલ ગૌદાનીનો, 'નવચેતન'ના સંનિષ્ઠ તંત્રી શ્રી ચાંપશીભાઈનો, તેમજ આ પ્રકાશનમાં સહાય અને સહકાર આપનાર સર્વશ્રી લક્ષ્મીનારાયણ મો. પંડ્યા, અરવિન્દ ન. શાસ્ત્રી, મુકુન્દ પી. શાહ અને વસુ મહેતા જેવા સહુ સ્નેહીજનોનો હાર્દિક આભાર માનવાની તક લઉં છું.

**ગંગાદાસ પ્રાગજી મહેતા**

# અનુક્રમ


| ક્રમાંક | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧ | શરભંગ ઋષિનું મંદિર | ૧ |
| ૨ | પ્રેહપાટણ (પુરાણી હાક નગરી) | ૭ |
| ૩ | મૂળેશ્વર મહાદેવનું મંદિર | ૧૪ |
| ૪ | વ્યાઘ્રપલ્લી (વાઘેલ) | ૨૦ |
| ૫ | યક્ષરાજનું મંદિર–મોટપ | ૨૭ |
| ૬ | ધ્રુવમકના મંદિરો | ૩૩ |
| ૭ | પંચવૃષ્ણ મંદિર ઝાલોદ | ૩૮ |
| ૮ | કેન્યાટાનું સૂર્યમંદિર પોળો | ૪૫ |
| ૯ | સારણેશ્વર પોળો | ૫૧ |
| ૧૦ | સદેવંત સાવળીંગાના મંદિરો | ૫૮ |
| ૧૧ | લાખેણા મંદિર ગોઝા | ૬૬ |
| ૧૨ | રોડાના મંદિરો | ૭૩ |
| ૧૩ | મોઢેરા (ધર્મારણ્ય) | ૭૮ |
| ૧૪ | ત્ર્યંબક મંદિર મકુડી | ૮૪ |
| ૧૫ | સૂર્યમંદિર ભોગાદ (ભાલ) | ૯૦ |
| ૧૬ | ગુજરાતના સૂર્યમંદિરો | ૯૭ |
| ૧૭ | અણહિલપુર પાટણ | ૧૧૦ |
| ૧૮ | શ્રીસ્થળ (સિદ્ધપુર) | ૧૧૪ |
| ૧૯ | રુદ્રમહલ | ૧૧૮ |
| ૨૦ | ખેડબ્રહ્મા (ભૃગુ આશ્રમ) | ૧૨૩ |
| ૨૧ | શામળાજી | ૧૨૭ |
| ૨૨ | કણ્વાશ્રમ (કણ્વનાથ) | ૧૩૧ |
| ૨૩ | ચ્યવનતીર્થ (ભુવનેશ્વર) | ૧૩૫ |
| ૨૪ | ઇલ્લ દુર્ગ ઈડરિયો ગઢ (ટૂંક પહેલી) | ૧૪૦ |
| ૨૫ | રણમલ ચોકી ઈડરિયો ગઢ (ટૂંક બીજી) | ૧૪૬ |
| ૨૬ | સોલંકી કાળોત્તર મંદિરો (ગદાધર ક્ષેત્ર) | ૧૪૯ |
| ૨૭ | વરાહમંદિર (કૃષ્ણમંદિર) | ૧૫૩ |
| ૨૮ | તારંગાજી (તારાનગરી) | ૧૫૮ |
| ૨૯ | દેલમાલના મંદિરો | ૧૬૨ |

૩૦ ભિલોડાનું દિગમ્બર જૈન મંદિર... ... ... ૧૬૬
૩૧ શિવપંચાયતન મંદિર : બેટાલી... ... ... ૧૭૨
૩૨ શિવપંચાયતન મંદિર ... ... ... ૧૭૭
૩૩ ગળતેશ્વર .. ... ... ૧૮૪
૩૪ ઉત્કંટેશ્વર (ઊંટડિયા) મહાદેવ ... ... ... ૧૯૧
૩૫ લોટેશ્વર મહાદેવ (લોટેશ્વર–મુંજપુર) ... ... ૧૯૮
૩૬ આસોડા દેવડાનાં મંદિરો ... ... ... ૨૦૩
૩૭ ગુંભારનગરી (ગુંજા) ... ... ... ૨૦૮
૩૮ આરાસુર (અંબાજી) ... ... ... ૨૧૪
૩૯ કુંભેશ્વર (કુંભારિયાજી) ... ... ... ૨૧૮
૪૦ વડનગર ... ... ... ૨૨૨
૪૧ દેવની મોરી ... ... ... ૨૨૮
૪૨ મુરલીમનોહરનું મંદિર ... ... ... ૨૩૨
૪૩ જડેશ્વર મહાદેવ : પંચાળ ... ... ... ૨૩૬
૪૪ ખિમેશ્વર મહાદેવ ... ... ... ૨૪૪
૪૫ બિલેશ્વર મહાદેવનું મંદિર : (બરડો) ... ... ૨૫૧
૪૬ તાલધ્વજપુરી (તળાજા) ... ... ... ૨૫૭
૪૭ ભવાની માતાનું મંદિર : કનકપુર ... ... ૨૬૨
૪૮ પુઅ રાંનો ગઢ : કચ્છ ... ... ... ૨૬૭

( ૧ )

## શરભંગ ઋષિનું મંદિર

**રામ**, લક્ષ્મણ અને સીતા વનવાસ દરમિયાન દક્ષિણ ભારત તરફ જતાં પંચમહાલ જિલ્લાનાં જંગલો વચ્ચે આવેલા ટુવાના ગરમ પાણીના કુંડની બાજુમાં આવેલા શરભંગ ઋષિના આશ્રમમા રોકાયાં હતાં, એવી લોકવાયકા પંચમહાલ જિલ્લામાં પ્રચલિત છે. ભગવાન રામચંદ્રજી વનવાસમાં નીકળ્યા એ સમયે ટુવાના ગરમ પાણીના કુંડ પાસે એક નાનકડો આશ્રમ આવેલો હતો. આ આશ્રમમા શિષ્યો સાથે શરભંગ ઋષિ રહેતા હતા. પંચમહાલના ઘાડા જંગલ વચ્ચે આગળ વધતાં રામચંદ્રજી શરભંગ ઋષિના આશ્રમમાં આવી ચડયા ઋષિએ વિગત જાણી રામચંદ્ર, લક્ષ્મણ તથા સીતાજીની ખૂબ જ સરભરા કરી અને કહ્યુ કે "લાબા વખતથી મુસાફરી કરતા આવો છો તો મારા આશ્રમમા થોડો વખત રોકાઓ. અને જો આપને આ જગ્યા પસંદ પડે તો અહીં જ રહી વનવાસનો કાળ પૂરો કરો."

ઋષિના કહેવા પ્રમાણે થોડા દિવસ સૌ આશ્રમમા રોકાયા રામ ચંદ્રજીને આશ્રમનું વાતાવરણ ગમી ગયું, પણ કયારેક કયારેક રાત્રિ દરમિયાન કે દિવસે આખા ય આશ્રમના વિભાગમા ભયંકર બદબૂ ફેલાઈ જતી. નાક આડે વલ્કલ ધરવા છતા બદબૂ સહન થઇ શકતી નહિ. અંતે નક્કી કર્યું કે આશ્રમ છોડીને આગળ ચાલ્યા જવુ. બીજે દિવસે રામચંદ્રજીએ શરભગ ઋષિને કહ્યું કે "અમારે પંચવટી તરફ જવુ છે." શરભગ ઋષિએ બહુ ઉતાવળ કરવાનું કારણ પૂછયું ત્યારે સીતાજીએ અચકાતે મને આશ્રમમા ફેલાતી બદબૂ સબધી વાત કરી. શરભંગ ઋષિ આ વાત સાભળીને ગળગળા થઈ ગયા અને તેમની આખમાથી ટપટપ આસુ સરી પડયા. સીતાજીએ કહ્યુ કે "આપને મેં દુઃખી કર્યા, મને માફ કરો." "ના, ના, દેવી ! માફ કરવાની કોઇ વાત નથી, પણ આ તો મારા પોતાના દુખના આસુ છે." સીતાજીએ દુ:ખનું કારણ પૂછયુ. ઋષિએ કહ્યુ કે "વર્ષો પહેલાની વાત છે. મેં આ આખા ય પંથકના ઋષિ-મુનિઓને મારા આશ્રમમા યજ્ઞ માટે આમંત્ર્યા યજ્ઞમા પશુબલિ આપવાનો હતો. દરેક ઋષિને યજ્ઞકુડમા પશુબલિના શરીરનો એક એક ભાગ હોમવાનો હતો. મારે ભાગે આવેલ ભાગના ત્રણ ટુકડા

થયેલ હતા. ખ્યાલ બહાર આંબાનો એક ટુકડો મારા આસન નીચે ચીકાશને લઈને લપસી ગયો. યજ્ઞમાં હોમવાના સૌ સૌને ભાગે આવેલ ભાગ હોમાઈ ગયા. સાંજે યજ્ઞ પૂરો થયો. યજ્ઞ પૂરો થયા પછી સૌ ઋષિઓએ સાથે મળીને બલિને જીવતો કરવા માટે દેવોનું આહ્વાન કર્યું. બલિ જીવતો તો થયો, પણ તેનો એક પગ લૂલો હતો. આ અંગે તપાસ થતાં જે ભાગ મારે ભાગે હોમવા માટે આવ્યો હતો તેમાંથી જ એક ભાગ ખૂટતો હતો. વધારે તપાસ કરતાં બીજે દિવસે મારા આસન નીચેથી માંસનો ટુકડો નીકળી આવ્યો! બીજો દિવસ થઈ ગયેલ હોવાથી એ ટુકડો ગંધ મારતો હતો. સૌ ઋષિઓએ મારા ઉપર ક્રોધ કરીને શાપ આપ્યો કે 'તારું આખું શરીર માંસના ટુકડા જેવું લાલ થઈ જાવ અને તેમાંથી ટુકડામાંથી નીકળતી બદબૂ જેવી બદબૂ આવ્યા કરો.' મેં ઋષિઓને ઘણા કાલાવાલા કર્યા ત્યારે તેમણે કહ્યું કે દિવસ દરમિયાન તમારું શરીર હાલ [redacted] તેવું રહેશે પણ રાત્રે અમે શાપ આપ્યા પ્રમાણે થશે, છતાં તેમાંથી દિવસ દરમિયાન બદબૂ તો આવ્યા જ કરશે."

સીતાજીને ઋષિની વાત સાંભળીને ખૂબ દુઃખ થયું. તેણે આ બધી હકીકત ભગવાન રામચંદ્રજીને કહી. રામચંદ્રજીએ આ વાત જાણી ત્યારે તેમને પણ દુઃખ થયું. રામસીતા વચ્ચેની વાતચીત લક્ષ્મણજી સાંભળતા હતા. તેમણે કહ્યું કે "મોટાભાઈ! તમારો પગ અડવાથી શલ્યાની અહલ્યા થઈ ગઈ તો પછી આ ઋષિનું દુઃખ કેમ ન મટે?" રામચંદ્રજીએ કહ્યું કે "મારામાં કોઈ જાદુઈ શક્તિ નથી, પણ કદાચ મારું દૃઢ મનોબળ અને આપણા શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણેની રહેણીકરણીથી શલ્યામાંથી અહલ્યા બની હોય. તમારી સૌની મરજી છે તો આજે અહીં રોકાઈ જઈએ અને રાત્રે શરભંગ ઋષિનું ખોળિયું માંસના લોચા જેવું બની જાય ત્યારે તેના ઉપર હું મારો હાથ ફેરવી જોઉં." તે દિવસે ભગવાન રામચંદ્રજી આશ્રમમાં રોકાઈ ગયા. રાત્રે શરભંગ ઋષિના માંસના લોચા જેવા બની ગયેલા શરીર ઉપર રામચંદ્રજીએ પોતાનો હાથ ફેરવ્યો. સૌ આશ્રમવાસીઓની અજાયબી વચ્ચે ઋષિનું શરીર કંચનવરણું બની ગયું. બીજે દિવસે રામચંદ્રજી પંચવટી તરફ ચાલ્યા ગયા. ઋષિનું શરીર સારું થયું તેને બીજે દિવસે સવારે પોતે ગરમ પાણીના ઝરણામાં નાહ્યા. કહેવાય [redacted] કે આ બનાવ પછી એ ઝરણામાં સ્નાન કરનારનું શરીર સુંદર બને છે અને હરેક પ્રકારનાં ચામડીનાં દર્દો મટે છે. વર્ષોનાં વહાણાં વહી ગયાં, એક હજાર વર્ષ પહેલાં ઓરિસ્સા તરફનો કોઈ રાજકુંવર

ફરતો ફરતો શરભંગ ઋષિના આશ્રમવાળા સ્થળે આવી પહોંચ્યો. તેને શરીરે કોઢ નીકળ્યો હતો. તેણે ગરમ પાણીના ઝરણામાં સ્નાન કર્યું અને કોઢ મટી ગયો! પછી તો રાજકુંવર શરભંગ ઋષિના આશ્રમવાળે સ્થળે જ રોકાઈ ગયો. પોતે પોતાની સાથે લાવેલ ધનમાંથી આશ્રમની ફરતો વિશાળ કોટ બનાવ્યો. શરભંગ ઋષિની પર્ણકુટી હતી તે જગાએ એક ભવ્ય શિવાલય બંધાવ્યું. પોતાને રહેવા માટે નાનકડો પણ સુંદર મહેલ બંધાવ્યો. વખત જતાં આ રાજકુંવરે આ જગ્યાને પોતાની કર્મભૂમિ બનાવી. આજુબાજુનો થોડો પ્રદેશ જીતી લઈને પોતે નાનકડા રજવાડાનો રાજા બન્યો. તેના વંશવારસોએ પણ આ સ્થળે રહીને વર્ષો સુધી રાજવહીવટ ચલાવ્યો.

શરભંગ ઋષિની વાત પુરાણમાં પણ આવે છે. એટલે શરભંગ ઋષિના આશ્રમવાળી જગ્યા પવિત્ર મનાતી આવે છે. બાજુના કુંડમાં નાહવાથી ચર્મરોગ મટતો હોવાને લીધે હજારો યાત્રિકો અહીંયાં આવજા કરે છે.

આશરે છએક વર્ષ પહેલાં શિયાળાની એક રાતે મધ્ય પ્રદેશમાં આવેલ માંડવગઢ જોવા માટે અમે અમદાવાદથી નીકળ્યા. અમારો વિચાર આખી રાત ગાડી ચલાવીને સવારે માંડવગઢ પહોંચવાનો હતો, પણ ભગવાને કાંઈક બીજું જ ધાર્યું હશે એટલે ડાકોર અને ઉમરેઠ વચ્ચે શેઢી નદીના પુલ પાસે અમારી ગાડી અટકીને ઊભી રહી. ડ્રાઈવરે ત્રણેક કલાક માથાકૂટ કરી ત્યારે ગાડી ચાલુ થઈ. ધીમે ધીમે આગળ વધતી ગાડી કાસરા, સેવાલિયા અને મહીસાગરનો પુલ વટાવીને આગળ જતાં ગોધરા સુધી તો ઠીક ચાલી, પણ સંતરોડ પાસેના ઢાળ પાસે ગાડી અટકીને ઊભી રહી. બેચાર ડ્રાઈવરો ભેગા થયા, પણ ગાડી તો ચાલવાની ના જ પાડે. સવારે નવ વાગ્યે ગાડી ફરીથી ચાલુ થઇ, પણ ડ્રાઇવરોએ કહ્યું કે "આ ગાડી માંડવગઢ પહોંચશે નહિ. મહેરબાની કરીને અમદાવાદ તરફ પાછા ફરો. રસ્તામાં આવતા ટુવાના ગરમ પાણીના કુંડમાં સ્નાન કરશો એટલે આખી રાતનો થાક ઊતરશે." ડ્રાઈવરોના કહેવા પ્રમાણે અમે પાછા ફર્યા. ગોધરામાં થોડીક પેટપૂજા કરીને અમે ટુવા આવ્યા. રેલવે ક્રોસીંગ વટાવી અમે ટુવાના ગરમ પાણીના કુંડ પાસે પહોંચ્યા. અમે તો ધાર્યું હતું કે સુંદર બાંધણીનો ભવ્ય કુંડ હશે તેમાં નાહીશું અને થાક ઊતારીશું. પણ કુંડને જોતાં નાહવાનું મન થાય તેમ નહોતું. આશરે દોઢસો ફીટ પહોળાઈના અને એટલી જ લંબાઇના

નાના તળાવડાની વચ્ચે કૂવા પાસેની કુંડીઓ જેવા નાના નાના ચાર કુંડો આવેલા હતા. તળાવડું આખું યે દોઢેક ફીટ પાણીની ભરેલું હતું. કુંડમાં નાહતા ઘણા માણસોને ચામડીના રોગ મટયા હોવાથી બાજુમાં રહેતા બાવાજીના કહેવાથી આવા દર્દીઓએ તળાવડામાં ઘણા માટીનાં કૂંડાં મૂકયાં હતાં. આવાં કૂંડા મૂકનાર પાસેથી બાવાજી થોડા પૈસા લેતા હતા.

આ કુંડની બાજુમાં કેટલાક માણસો બેટરીની મદદથી કોઈ યંત્ર દ્વારા તપાસ કરતા હતા તેમને મેં પૂછયું તો જવાબ આપ્યો કે 'જ્યાં આવા ગરમ પાણીના કુંડ હોય ત્યાં યુરેનિયમની કાચી ધાતુ મળવાનો સંભવ હોય [illegible] એટલે અમે તે અંગે તપાસ કરીએ છીએ.' અમે તેમને આજુબાજુ કોઇ સૃષ્ટિસૌંદર્યવાળી જગ્યા હોય તો બતાવવા કહ્યું. એ ટુકડીના આગેવાને કહ્યું કે 'આજુબાજુ તો બાવળીયાની કાંટ અને જંગલ સિવાય બીજું કાંઈ જોવા જેવું નથી પણ સામે તૂટેલ દીવાલ દેખાય છે તેની વચ્ચે શિમેલ મહાદેવનું મંદિર [illegible] તેની આજુબાજુના પુરાતન અવશેષો .ખાસ જોવા જેવા છે' અમે વાત કરતા હતા ત્યાં ટુવાના સ્ટેશન માસ્તર આવી પહોંચ્યા. તેમણે અમારો સથવારો કર્યો. રસ્તે ચાલતા મંદિર અંગેની તથા અવશેષો અંગેની જૂની લોકવાયકાઓ કહી સંભળાવી. આશરે વીસેક ભાંગેલાતૂટેલા પગથિયા ચઢીને અમે એક લંબચોરસ જગ્યામાં પહોંચ્યા. ચારે બાજુનો કોટ તૂટેલ હતો. પણ ક્યારે ય ન જોયા હોય તેવા મરડિયામાંથી બંધાયેલ પથ્થરોથી ચણાયેલી મજબૂત દીવાલ અને તેનું ચણતર જોઈ ગુજરાતની આગવી બાંધણી કરતા જુદા જ પ્રકારની બાંધણીવાળી જગ્યાએ અમે આવ્યા હોઇએ એમ લાગ્યું. આશરે ચારેક એકર જગ્યામાં નાનામોટા ભગ્ન મંદિરો, છત્રીઓ, મકાનો વગેરેના ખંડિયેરો પથરાયેલા હતા. જુદા જુદા પાળિયા પર ત્રણ જગ્યાએ સંવત ૧૦૮૯, ૧૧૨૨ અને ૧૩૧૪ના સંસ્કૃત ભાષાના લખાણો જોયા, પછી અમે ખંડિયેરોમાં ફરી વળ્યા. આડા તૂટેલા, રખડતા, પોડિયા નજરે પડયા. એક નાનું ભોંયરું તથા સુંદર કૂવો જોઈને અમે પશ્ચિમ તરફના દરવાજા પાસે પહોંચ્યા. દરવાજાની બાંધણી સાદી હોવા છતા એક એક પથ્થર ઉતારીને પાછો ફરીથી એવો જ દરવાજો બીજી જગ્યાએ બનાવવો હોય તો ગોઠવી શકાય એવી એ દરવાજાની 'ફોલ્ડીંગ' બાંધણી હતી. દરવાજાની બાજુમાં બહારને ભાગે પહેરેગીરોની બે ઓરડી ઓ

જોઈને અમને એમ લાગ્યું કે આ અવશેષોનું બાંધકામ જ્યારે થયું હશે ત્યારે ખૂબ જ યોજનાપૂર્વક કરવામાં આવ્યું હશે. કોટની વચ્ચેના ભાગનું વરસાદી કે બીજું પાણી બહાર વહેવડાવવા માટે ઉપરથી પથ્થર હાકેલી સુંદર ગોટી નાળી (ગટર) નજરે પડી. બૌદ્ધ કાળ પછી મોટી ઇમારતોમા ખાસ પ્રકારની નાળીઓ ભાગ્યે જ બનાવાતી. આ ખંડિયેરોની બાજુમાંથી એક નદી વહે છે આ નદીમા આજુબાજુથી ગરમ પાણીનાં નાનાં નાનાં ઝરણાંઓ ભળે છે. નદીમા જવા માટે ગઢમાં નાની એવી બારી બધાયેલી છે. આ બધું જોતાં એમ લાગે છે કે અહીંયાં જૂના સમયથી કોઈ સુંદર નાનકડું ગામ કે કોઈ જાગીરના એક જ જાગીરદાર અથવા મંદિરના મહંતને રહેવા માટેનો દુર્ગ હશે.

પથ્થરવાળા ખંડિયેરોની નીચે દસ ફીટ ઊંડાઈ એથી ઇંટોના પાયાવાળો ભાગ મળી આવ્યો છે. આ ખંડિયેરોની વચ્ચે શરભંગ ઋષિના સ્થાનકવાળી જગ્યાએ બંધાયેલ શિવમંદિર અચળ ઊભું છે. મંદિરનો સભામંડપ તૂટી ગયો છે। પણ વિમાનભાગ તો એવો ને તેવો જ ઊભો છે. આ મંદિર ગુજરાતના નાગરાદિ શ્રેણીના મંદિર જેવું બાંધવાનો પ્રયત્ન કર્યો છે છતાં મંદિર બાંધનાર કારીગરો ગુજરાતના નહીં હોય તેથી મંદિરનો દેખાવ ગુજરાતના તે કાળના મંદિર જેવો કરવા છતા તેની બાંધણી ઓરિસ્સા તરફની બાંધણી જેવી થઈ હશે. ખાસ કરીને આ આખું યે મંદિર ઓરિસ્સાની બાંધણીની પેઠે એક બીજા પથ્થરોના સાલ બનાવીને એક બીજા સાથે બેસતા થઈ જાય તે રીતે બંધાયેલ છે. આ જાતના બાંધકામવાળાં મંદિરોમા કોઇ કારણસર તૂટફાટ થઇ હોય તો અમુક ભાગ નીચે ઊતરાવીને ફરીથી ગોઠવાય તેવા હોય છે. તદુપરાત આ જ મંદિરને બીજી જગ્યાએ ફેરવવું હોય તો પથ્થરો ઉપર નિશાન કરીને આખા ય મંદિરને ઊતારીને બીજી જગ્યાએ ગોઠવી શકાય છે, આ જાતનું મંદિર ગુજરાતમાં આ એક જ હોવાથી શિલ્પ પ્રેમી ભાઈઓને ખાસ જોઇ આવવાનો મારો આગ્રહ છે શરભંગ ઋષિના આશ્રમને સ્થળે થયેલ બાંધકામના ખંડિયેરો જોઈને અમે મહાદેવજી તથા છત્રીમાં બિરાજતા સતીના અને વીરોના પાળિયાઓને નમસ્કાર કરીને અમદાવાદ તરફ પાછા ફરવાનો માર્ગ પકડી લીધો એ રીતે અમે માંડવગઢને બદલે શરભંગ ઋષિનું તીર્થ જોઈને અમદાવાદ પાછા ફર્યા. ગુજરાતભરના ગરમ પાણીના કુંડોવાળી જગ્યાએ જે નાનકડા આરામ

ગૃહો અને બાથરૂમો બાંધવામાં આવે તો સ્વીટ્ઝરલૅન્ડ, ઈટાલી અને અમેરિકામાં જેમ ગંધકવાળા પાણીનો ચામડીના રોગો મટાડવા માટે યોજનાપૂર્વક ઉપયોગ થાય છે તેમ ગુજરાતમાં પણ થઈ શકે. તુલસીશ્યામ, લસુંદ્રા, દેવકી ઉનાઈ અને ટુવા ટીમ્બાનાં ચાર ચાર સ્થળોના ગરમ પાણીના કુંડો, ચામડીનાં દર્દો મટાડવા માટે મા ગુર્જરીને કુદરતે સોંપ્યાં છે; તેનો સદુપયોગ કરવો અને કરાવવો એ તો રાજ્ય સરકારના હાથની વાત છે.

★

# મેહપાટણ [ પુરાણી ઢાંક નગરી ]

**ઈસ્વી** સનના ચોથા સૈકા પછી ભારતવર્ષમા સર્વત્ર ફેલાયેલા બૌદ્ધ ધર્મની પડતીની શરૂઆત થઈ. બૌદ્ધ ધર્મના સાધુઓ સ્વચ્છંદી બનવા લાગ્યા. રાજ્યાશ્રય મળવાથી કેટલાક સાધુઓ સાધુજીવન ગાળવાને બદલે વિલાસી જીવન ગાળવા લાગ્યા. કેટલાક મેલી વિદ્યા અને મંત્રતંત્રના ઉપયોગ દ્વારા તાન્ત્રિક સિદ્ધિઓ મેળવવા માટે નિંદ્ય પ્રયત્નો કરવા લાગ્યા. આ બધા કારણોએ બૌદ્ધ ધર્મની પડતીમા ઉમેરો કર્યો. આ સમયે તપ દ્વારા સિદ્ધિ મેળવીને એ સિદ્ધિનો ઉપયોગ સાધના માટે, મનુષ્યના ભલા માટે કે કોઇ વેરનો બદલો લેવા માટે કરી શકાય તે માટે બૌદ્ધ ધર્મમાથી છૂટા પડીને કેટલાક સિદ્ધોએ પોતાનો જુદો સંપ્રદાય શરૂ કર્યો. આ સંપ્રદાયને નાથ સંપ્રદાય કહેવામા આવે છે. આ સંપ્રદાયમા નવ સિદ્ધો થઈ ગયા, જેને નવનાથ કહેવામા આવે છે. આ સંપ્રદાયની સિદ્ધિ દ્વારા નવનાથ જેટલી ઉચ્ચ કક્ષાએ પહોચી શકે એવો ધૂંધળીનાથ નામે એક સિદ્ધ થઈ ગયો. પણ આ સિદ્ધ તામસી પ્રકૃતિનો હોવાથી ક્રોધિત થઈને સિદ્ધિનો ઉપયોગ એક નગરીનો નાશ કરવામા કરતાં તેણે મેળવેલી સિદ્ધિ ગુમાવી અને છેવટે સામાન્ય મનુષ્ય જેવો બની ગયો.

સિદ્ધ ધૂંધળીનાથ અને તેના શિષ્યની આથા ઈતિહાસપ્રસિદ્ધ મેહપાટણ નગરીનો નાશ અને નવસર્જન થવામા આવી જાય છે.

મૂળમા ધૂંધળીનાથ એક અબુધ કોળી હતો. તેણે કોઇ પ્રકારનો અભ્યાસ કર્યો નહોતો, પણ કોણ જાણે કેમ નાનપણથી તેનું મન ભક્તિભાવ તરફ ખેંચાયુ ગિરનારના પહાડમા નવનાથોના બેસણા એમ નાથપંથીઓ માને છે. ધૂંધો કોળી, જે પાછળથી ધૂંધળીનાથ કહેવાયો તેનું મન ગિરનાર તરફ ખેંચાયુ. તેણે ગિરનારની કોઇ અગોચર ગેબમા બેસી બાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી. તપશ્ચર્યાને અંતે તેને નવનાથની સાથે બેસવા જેટલી સિદ્ધિ મળી, પણ તેનો સ્વભાવ તામસી હોવાથી નવનાથે તેને ફરીથી તપશ્ચર્યા કરવા માટે કહ્યુ. ધૂંધળીનાથે આખા પહાડની ગિરિકંદરાઓમા આવેલ કોઈ ગેબની ગુફામાં તપશ્ચર્યા કરી. તપશ્ચર્યા પૂરી થતા ધૂંધળીનાથ ચિતોડગઢ તરફ ચાલી નીકળ્યો. અને ચિતોડગઢના ડુંગરા

ઉપર ધૂણી ધખાવી. એ વખતના ચિતોડના મહારાણાએ ધૂંધળીનાથના ચહેરા ઉપરનું તાપસ તેજ જોયું રાણાને ઘેર આખું મેવાડનું રાજ્ય હતું, પણ તેની પાછળ રાજ્ય કરી શકે એવો વારસ નહોતો. ચિતોડનો રાણો ધૂંધળીનાથના પગમા પડી ગયો. ધૂંધળીનાથનું હૃદય દ્રવી ઊઠ્યું. તેણે રાણાને બાથમાં ઝાલીને ઊભો કર્યો અને પૂછ્યું કે 'મેવાડા રાણાને ધૂળમા શા માટે આળોટવું પડે છે?'

રાણાએ ધૂંધળીનાથને પોતાનું વાઝિયામેણું ભાગવા કહ્યું. ધૂંધળીનાથે સમાધિ લગાવીને જોયું તો રાણાના ભાગ્યમા બે પુત્રો જણાયા. તેણે રાણાને કહ્યુ કે 'આજથી નવમે માસે તારે ઘેર જોડિયા પુત્રો જન્મશે એક મેવાડનુ રાજ્ય સભાળશે અને બીજો મારા જેવો સિદ્ધ થશે. પણ તારા બે પુત્રોમાંથી સિદ્ધ થનારને બાર વર્ષ પછી હું આવું ત્યારે મને સોંપી દેવો પડશે.' રાણાએ શરત કબૂલ રાખી.

ત્યાર પછી ધૂંધળીનાથ ગિરનાર ગયા. આ સમયે પણ નવનાથોએ તેને પોતાની હરોળમાં સ્થાન આપવાની ના પાડી. સિદ્ધોએ તેને કહ્યું કે 'હજી તમારે વધારે તપશ્ચર્યા કરવાની જરૂર છે. હજી તમારી તામસી પ્રકૃતિનો પૂરો ક્ષય થયો નથી.'

ધૂંધળીનાથ ફરીથી કોઈ ગેબની ગુફામા તપશ્ચર્યા કરવા માટે બેસી ગયો. બાર વર્ષ તપશ્ચર્યા કર્યા પછી ધૂંધળીનાથ ચિતોડગઢ તરફ ચાલી નીકળ્યો. ચિતોડ પહોચીને ગઢના ડુંગરા ઉપર જઈ ધૂણી ધખાવી. ચિતોડનો રાણો આપેલ વચન પ્રમાણે તેના પુત્રોને લઈને ધૂંધળીનાથ પાસે આવ્યો. બેમાના એકને પોતાના શિષ્ય તરીકે સ્થાપ્યો અને તેનુ નામ સિદ્ધનાથ રાખ્યું. ત્યાર પછી ધૂંધળીનાથ પોતાના શિષ્યને લઈને પ્રેહપાટણ નગરી પાસે આવેલા ઢાંક પહાડ ઉપર આવી ચડયો. અહીં તેને ઘણા શિષ્યો આવી મળ્યા. ધૂંધળીનાથે મનમા નક્કી કર્યું કે હવે મારે ઢાંકનગરીની કોઈ ગુફામા બીજા બાર વર્ષ તપશ્ચર્યા કરવી. એ તપશ્ચર્યાને અંતે નવનાથોએ સામે ચાલીને મને દસમા નાથ તરીકે સ્વીકારવો પડશે પોતાના મનમાં ધાર્યા પ્રમાણે ધૂંધળીનાથે ઢાંકનગરીની એક ગુફામા તપશ્ચર્યા શરૂ કરી. તેણે પોતાના શિષ્યોને કહ્યુ કે 'તમારા ઉદરનિર્વાહ માટે બાજુમા જઈ ભિક્ષાન્ દેહિ કરી આવજો'

ધૂંધળીનાથે તપશ્ચર્યા શરૂ કરી. નાથના શિષ્યો બીજે દિવસે પ્રેહપાટણ નગરીમા ભિક્ષા માગવા ગયા. પણ એ નગરીની પ્રજા નાસ્તિક

હોવાથી કોઈએ તેમને ભિક્ષા આપી નહિ. નાના સિદ્ધનાથે પોતાના ગુરુભાઇઓને કહ્યુ કે "નગરજનો ભિક્ષા ન આપે તો કાંઈ નહિ. આપણે મહેનતમજૂરી કરીને ખાવા જેટલુ કમાઇ લઈશુ "

બીજા દિવસથી ધૂધળીનાથના શિષ્યો લાકડા કાપી લાવી, પ્રેહપાટણ નગરીમા વેચી ઉદરનિર્વાહ જોગુ કમાઈ લેવા માંડયા. કેટલાક શિષ્યોને મહેનતનું કામ ફાવ્યુ નહિ એટલે શિષ્યપદ છોડીને ચાલ્યા ગયા એક વર્ષ થતામા એકલો સિદ્ધનાથ જ ધૂધળીનાથની સેવા કરવા રહ્યો. બારમે વર્ષે તપશ્ચર્યા પૂરી થઈ. ધૂધળીનાથે આખ ખોલીને જોયુ તો પોતાના યુવાન શિષ્યના માથા ઉપર માખીઓ બણબણતી હતી. તેણે સિદ્ધનાથને નજીક બોલાવ્યો અને જોયું તો વાળ નીચે પડેલા ચાદામા કીડા ખદબદતા હતા ધૂધળીનાથે આ બધું કેમ બન્યુ તે પૂછયું ત્યારે સિદ્ધનાથે કહ્યુ કે "બાજુની પ્રેહપાટણ નગરીના લોકો નાસ્તિક હોવાથી ઉદરનિર્વાહ કરવા માટે પોતાને લાકડા કાપી, વેચી ધન મેળવવુ પડતુ હતુ. તેથી લાકડાનો ભારો ઊપાડતા પડેલ ચાદામા જીવાત પડી ગઈ હશે"

તપ કરીને તાજા ઊઠેલ ધૂધળીનાથના ગુસ્સાનો પાર ન રહ્યો. તેણે વિચાર્યું કે એક રાજાના પુત્ર ઉપર જે નગરીના લોકોને દયા ન હોય તે નગરીની હસ્તી ન રહેવી જોઈએ તેણે સિદ્ધનાથને કહ્યુ કે "તું પ્રેહપાટણ નગરીમા રહેતા જે કોઈ માનવીએ તારા તરફ પ્રેમ બતાવ્યો હોય તેને કહી આવ કે બે પહોર પહેલા નગર છોડી ચાલ્યા જાય. બે પહોર પછી આખી નગરીનો નાશ થશે"

સિદ્ધનાથ ઉતાવળે પગે પ્રેહપાટણ નગરીમા ગયો અને તેને રાખવામા મદદ કરતી કુભારણ બાઇને કહ્યુ કે "તમે નગરી છોડીને ચાલ્યા જાવ બે પહોર પછી પ્રેહપાટણ નગરીનો નાશ થશે"

કુભાર બાઇ પોતાના વશવારસોને લઈને પ્રેહપાટણ નગરી છોડીને ચાલી નીકળી બે પહોર પછી ધૂધળીનાથે મત્ર બોલીને પોતાનું ખપ્પર ઊધું કર્યું થોડી વારમા જમીનમા કડાકા થવા માડયા. પવન ફૂકાવા લાગ્યો અને આખી પ્રેહપાટણ નગરી કોઇએ હથેળીમા ઊંચી કરી હોય તેમ ઊંચી થઈ ને પછી આખી નગરી ઊધે પાટ પડી ગઈ. આ બધુ જોઇને સિદ્ધનાથને બહુ દુખ થયુ તેણે પોતાના ગુરુને કહ્યુ "ગુરુજી! તમે બહુ ખોટુ કર્યું એ નાસ્તિક નગરને આસ્તિક બનાવવું હોય તો ઉપાય

હતો. તમે તમારી સિદ્ધિ દ્વારા એ નગરીના મનુષ્યોને આસ્તિક બનાવી શકત. પણ તમારો તામસ ગુણ કામ કરી ગયો. હશે, જે બન્યું તે ખરું."

ત્યાર પછી ધૂંધળીનાથ સિદ્ધિનો દુરુપયોગ થતાં સામાન્ય મનુષ્ય બની ગયો અને ગિરનાર તરફ જતો રહ્યો. સિદ્ધનાથ ઢાંકગિરિ ઉપર જ રહ્યો. મનમાં નક્કી કર્યું કે જ્યાં સુધી આ ઢંકાયેલી નગરી ઉપર નવી નગરી ન વસાવું ત્યાં સુધી હું અહીં જ રહીશ. સિદ્ધનાથ ઢાંકગિરિની ગુફામાં તપશ્ચર્યા કરવા માંડયો. થોડા મહિના જતાં કોઈ મા-દીકરો આવી ઢંકાયેલી નગરી ઉપર આંટા મારતાં મારતાં કરુણ વિલાપ કરતાં દેખાયાં. સિદ્ધનાથે માદીકરાના કરુણ રુદનનો સ્વર સાંભળ્યો. એ દોડીને ઢંકાયેલી નગરી તરફ ગયો. તેણે રોતાં માદીકરાને શાંત કરીને રુદનનું કારણ પૂછ્યું. માદીકરાએ કહ્યું કે "અમે આ નગરીના રાજાનાં કુટુંબીજનો છીએ. હું રાજપુત્ર છું અને આ મારી માતા રાજરાણી છે."

સિદ્ધનાથને તો નગરીનો વારસદાર જોઈતો હતો. તેણે ઢંકાયેલી નગરીના રાજકુમારને કહ્યુંઃ "તું આ નગરીની ગાદીએ બેસ. હું તારું તિલકધ્યાન કરીશ. મેં મેળવેલી સિદ્ધિ દ્વારા તું માગીશ તે હું આપીશ."

બીજે દિવસે રાજકુમાર નાગાર્જુનને સિદ્ધનાથે ઢાંકનગરીના રાજા તરીકે તિલકધ્યાન કર્યું. તેણે સિદ્ધિ દ્વારા દટાયેલી નગરીના ધનભંડારો બતાવ્યા. આ ધનભંડારની મદદથી થોડા વખતમાં નવી નગરી વસાવવામાં આવી. આજુબાજુની પ્રજા નવી નગરીમાં આવીને વસી. કહેવાય છે કે નાગાર્જુનને આટલાથી સંતોષ થયો નહિ, એટલે તેણે ઢાંકનગરીની ચારે બાજુ સોનાનો કોટ કરવા માટે ગુરુ સિદ્ધનાથને વિનંતી કરી. ગુરુ સિદ્ધનાથે કહ્યું કે "ભાઈ! તારી નગરીના ગઢને સોનાનો કરવો રહેવા દે નહિ નો એ ગઢ લંકાગઢની પેઠે ધમરોળાશે."

નાગાર્જુન સિદ્ધનાથનું કહેવું માન્યો નહિ. છેવટે સિદ્ધનાથે કહ્યું કે "મૂંગીપુર પાટણ નગરીના રાજાની પતિવ્રતા સ્ત્રી આ નગરીના કિલ્લા ઉપર હાથ ફેરવશે એટલે આખો ય કિલ્લો સોનાનો બની જશે" ત્યાર પછી મંત્રસિદ્ધિ દ્વારા મૂંગીપુર પાટણની રાજરાણી સોનબાઈનો પલંગ રોજ રાતે હવામાં ઊડીને ઢાંકનગરીમાં આવવા લાગ્યો. રાજા નાગાર્જુને સોનબાઈને કહ્યું કે "બેન! અમે તને કોઈ બદદાનત માટે અહીં લાવ્યા નથી. પણ તું પતિવ્રતા સ્ત્રી હોવાથી તારો હાથ આ કિલ્લાની દીવાલ ઉપર ફેરવ એટલે જેટલા ભાગ ઉપર તું હાથ ફેરવીશ તેટલો ભાગ સોનાનો બની જશે."

રોજ રાતે આવી સોનબાઈ કિલ્લાની દીવાલે હાથ ફેરવવા માંડી. આમ કરતાં કરતાં એકાદ મહિનામાં કિલ્લાનો મોટો ભાગ સોનાનો બની ગયો પણ સોનબાઈના પતિ રાજા શાલિવાહનને આ વાતની જાણ થતાં તેના ગુસ્સાનો પાર ન રહ્યો. રાજા શાલિવાહન મોટું સૈન્ય લઈને ઢાંકનગરી પર ચડી આવ્યો. મોટું યુદ્ધ થયું અને તેમા રાજા નાગાર્જુન મરાયો

કહેવાય છે કે નાગાર્જુનનું ધડ લડતું લડતુ શાલિવાહનના સૈન્યમા ગયું ધડને લડતુ જોઈ ને શાલિવાહનનું સૈન્ય ભાગવા માંડયું. સતી સોનબાઈએ કહ્યું કે "નાગાર્જુન ! હવે ખમૈયા કરી જા !"

નાગાર્જુનનું ધડ લડતુ બંધ થયું, ત્યાર પછી ગુરુ સિદ્ધનાથ તપશ્ચર્યા કરવા માટે કોઈ ગેબની ગુફામા ચાલ્યા ગયા. ઢાંક અંગેની આ દંતકથામા કેટલું સત્ય હશે તે કહેવું મુશ્કેલ છે.

હાલની ઢાંકનગરી રાજકોટ શહેરની પશ્ચિમ દિશાએ બાસઠ માઈલ દૂર આવેલી છે આ નાનકડું શહેર શિલ્પરસિક આલમ માટે ઘણી મ જોવાલાયક સામગ્રી પૂરી પાડે છે. ઢાંક ગામના ઝાંપામા પેસતા જ સુજેશ્વર મહાદેવનું સુંદર શિવાલય નજરે પડે છે. આ શિવાલય નવું છે. પણ શિવાલયને રક્ષતી દીવાલને અડીને પાર્વતીની એક સુંદર મૂર્તિ પડી છે. તદુપરાત ઉભડક બેઠેલી માતૃકાઓની બે મૂર્તિઓ તથા એક સ્કંદ મૂર્તિ પણ પડી છે. આ મૂર્તિઓમા પાર્વતીની તથા માતૃકાની મૂર્તિઓ સોલંકી કાળ પહેલાની હોય તેમ ચોખ્ખું દેખાય છે. આ મૂર્તિઓ મૈત્રકકાલીન હોવાનો પૂરો સંભવ છે. આ મંદિરના ચોગાનની બાજુમા જ એક સુંદર ચંદ્રવર્ધિણી વાવ આવેલી છે સોરાષ્ટ્રને સાગરકાંઠે લગભગ ત્રીસેક જેટલી ચંદ્રવર્ધિણી વાવો મે જોઈ છે. ગુજરાતમા પણ આ પ્રકારની કેટલીક વાવો છે. પણ ઢાંકની વાવ એ તદ્દન જુદા જ પ્રકારની વાવ કહી શકાય. આ વાવમા ઊતરતા જુદી જુદી જગ્યાએ ગવાક્ષોમા જૈન મૂર્તિઓ જોવા મળે છે. ચૈત્યબારી શ્રેણીના સુશોભન વાળા ગવાક્ષો ઉપલી ઘુમલીના સોન કંસારીના મંદિરના ગવાક્ષો સાથે હરીફાઈ કરે તેવા છે આ વાવમા દાખલ થતા જ કેટલીક જૈન મૂર્તિઓ નજરે પડે છે. વાવનું શિલ્પ તથા સ્થાપત્ય જોતા આ વાવ ઈસ્વી સનના આઠમા સૈકામા બંધાઈ હોવાનો સંભવ છે. અહીંથી આગળ વધતાં ગામમા જવાય છે ગામની વચ્ચોવચ એક પુરાણી વાવ આવેલી છે. આ વાવના ગવાક્ષોમાની મૂર્તિઓનું શિલ્પ આઠમા સૈકા જેટલું પુરાણું કહી

શકાય. વાવમાં દાખલ થવાના ચોતરા ઉપર મૂકાયેલ બ્રહ્માજીની એક સુંદર મૂર્તિ સોલંકી યુગની મૂર્તિઓ જેવી દેખાય છે. અહીંથી આગળ વધતાં દેરુંજીના નાકામાં દાખલ થતાં જમણા હાથ તરફ એક સુંદર સૂર્યમંદિર ઊભું છે. આ સૂર્યમંદિરની બાંધણી ઉપરથી એ મંદિર ઈસ્વી સનના સાતમા સૈકામાં બંધાયું હોય તેમ દેખાય છે. એ મંદિરની બાંધણી મહારાષ્ટ્રના ઓરંગાબાદના નાગર શ્રેણીનાં મંદિરો તેમ જ સુત્રાપાડા, ઘુમલી, સંજાણ વગેરેનાં મંદિરોને મળતી કહી શકાય. સૂર્યમંદિર તદ્દન ખખડી ગયું છે. આ મંદિરને તરત જ રક્ષિત ઇમારત તરીકે જાહેર કરવું જોઈએ, કારણ કે પુરાણી ઢાંકનગરીમાં ઊભેલા અવશેષોમાં આ એક જ અવશેષ સારી હાલતમાં છે. અહીંથી મુંજેશ્વર મહાદેવ પાસે થઈને ઢાંકના ડુંગર ઉપર જવાય છે. ડુંગર ઉપર ચડવાનાં પગથિયાં થોડાં વર્ષ પહેલાં બંધાયાં હોય તેમ લાગે છે. ડુંગર ઉપરની સપાટ જમીન ઉપર પહોંચતાં જ ડાબા હાથ ઉપર ગોરખનાથના ટેકરા નામે એક જગ્યા બતાવવામાં આવે છે. ત્યાંથી થોડે દૂર એક સુંદર શિવાલય ઊભું છે. આ શિવાલય ગયા સૈકામાં બંધાયું હોય તેમ લાગે છે. આ શિવાલયને 'ડુંગરેશ્વર મહાદેવના મંદિર'ને નામે ઓળખાવવામાં આવે છે. આ મંદિરની ડાબી બાજુએ થઈને એક પગકેડી ઢાંકના ડુંગરની પશ્ચિમ બાજુએ આગળ વધે છે. આ પગકેડીએ આગળ વધતાં એક પહાડી વહેળો આવે છે. વર્ષોથી આવતાં ડુંગરનાં પાણીએ આ વહેળાને ઘણો ઊંડો બનાવ્યો છે વહેળાના જમણી તરફના કિનારા ઉપર નાનીમોટી છ ગુફાઓ આવેલી છે આ ગુફાઓમાં એક ગુફાની અંદર કોઈ જૈન મૂર્તિ સમી મૂર્તિ દેખાય છે. તદુપરાંત વહેળાના કાંઠા ઉપરની એક ઊંચી ભેખડને સરખી કરીને તેના ઉપર હારબંધ મૂર્તિઓ કોતરી કાઢેલી દેખાય છે. આ મૂર્તિઓ પણ જૈન મૂર્તિઓ જેવી લાગે છે. વહેળાનો નીચાણવાળો ભાગ દટાઈ ગયો છે, જ્યાં કેટલીક ગુફાઓ હોવાનો સંભવ છે. આ ગુફાઓનું શિલ્પ ઘણું જ પ્રાચીન દેખાય છે. કદાચ એ શિલ્પ ઈસ્વી સનના ચોથા સૈકા જેટલું જૂનું હોય. અહીંથી પાછા ફરીને ઢાંક ગામમાં આવ્યા પછી ગામ નજીકના પહાડની હારોળમાં આવેલ બીજા ડુંગરથી દોઢેક માઈલ જતાં 'ઝાંઝણીની ઝર' નામે સ્થળમાં કેટલીક ગુફાઓ આવેલી છે. આ ગુફાઓ પણ જૈન ગુફાઓ હોવાનો પૂરો સંભવ છે. તદુપરાંત ગામના સીમાડા ઉપર એક જગ્યાએ ચાર મૂર્તિઓ પડી છે. આ મૂર્તિઓ સંબંધી એમ કહેવાય છે કે સિદ્ધનાથે મજૂરી કરીને

મેળવેલ અનાજમાથી દળીને રાંધી આપનાર કુંભાર બાઈ તથા તેનાં કુટુંબીઓની એ મૂર્તિઓ છે. કહેવાય કે ધૂંધળીનાથ ઢાંકને "ડટ્ટન સો પટ્ટન", "ધન સો ધૂળ" એવો શાપ આપવાની તૈયારી કરતા હતા ત્યારે ધૂંધળીનાથના કહેવાથી કુંભાર બાઈને પ્રેહપાટણ છોડી જવા કહ્યું હતું પણ ગામને સીમાડે જતાં કુંભાર બાઈ તથા તેનાં કુટુંબીજનોએ ગામમાં શું બન્યું હશે તે જોવા પાછું વાળી જોયુ એટલે સો પથ્થરનાં બની ગયા. આ બધી મૂર્તિઓ જુદા જુદા કાળની છે. કેટલીક સોલંકી-કાળની છે આ મૂર્તિઓ અને દંતકથાને કાંઈ મેળ બેસતો નથી. જે હોય તે ખરું, પણ જૂની વાતો અને દંતકથાને આધારે અજાણ્યા માણસો ગામના શિલ્પસ્થાપત્યવાળાં પુરાણાં સ્થળો જોયા વિના કહી જતા નથી. એ બધો પ્રતાપ દંતકથાઓનો છે.

# (૩)

## મૂળેશ્વર મહાદેવનું મંદિર

ગુજરાતનો પહેલો સોલંકી રાજા મૂળરાજદેવ તેના રાજ્યકાળની શરૂઆતમાં સારસ્વતમંડળ, વૃદ્ધિપથક અને ખેગાલુ એમ ત્રણ પરગણાનો રાજા હતો. કેટલાક ઐતિહાસિક પુરાવાને આધારે અનુમાની શકાય કે તેના રાજ્યકાળની શરૂઆતમાં મૂળરાજ માળવાનો માંડલિક હતો. માલવ શાસન ઢીલું પડતાં મૂળરાજ સ્વતંત્ર બન્યો. આ સમયે સપાદલક્ષ (અજમેર)ના રાજા તથા તેલંગણના રાજા બારપે ગુજરાત ઉપર ચડાઈ કરી એ સમયે મૂળરાજ સમય વર્તીને કચ્છના કંથકોટના કિલ્લામાં ભરાઈ ગયો તેને આશા હતી કે સપાદલક્ષનું સૈન્ય ચોમાસામાં પાછું ફરશે, પણ સપાદલક્ષનું સૈન્ય ચોમાસામાં પણ કંથકોટની પાસે પડાવ નાખીને પડી રહ્યું એટલે મૂળરાજે તેના સરદારને લાલચ આપીને પાછો વાળ્યો ત્યાર પછી તેણે તેલંગણના લશ્કર ઉપર હુમલો કરી બારપને સખત હાર આપી ધીરે ધીરે મૂળરાજે પોતાનું લશ્કર વધાર્યું, પછી પોતાના રાજ્યની આજુબાજુ પર્વતસ્થળો અને તેની બાજુમાં લશ્કરી થાણાં સ્થાપ્યાં ત્યાર પછી કચ્છના રાજા લાખા ફૂલાણીને તથા સોરઠના ગ્રહરિપુને હરાવ્યા. આ રીતે મૂળરાજે પોતાના રાજ્યકાળની શરૂઆતમાં બે-ત્રણ પરગણાની માલિકીમાંથી મજબૂત સોલંકી સામ્રાજ્યના પાયા નાખ્યા

કહેવાય છે કે મૂળરાજ ચાવડા વંશના છેલ્લા રાજા સામંતસિંહનો ભાણેજ થતો હતો સામંતસિંહને સંતાન નહિ હોવાથી તેણે મૂળરાજને પોતાનો વારસદાર બનાવ્યો હતો સામંતસિંહ દારૂડિયો હોવાથી દારૂના કેફમાં મૂળરાજને ગાદીએ બેસાડતો, પણ નશો ઊતરી જતાં તેને ઉઠાડી મૂકતો. આવું વારંવાર બનતાં મૂળરાજને શરમનો પાર રહેતો નહિ, એટલે તેણે પોતાના મિત્રોનું નાનકડું સૈન્ય ઊભું કર્યું. એક વખત દારૂના કેફમાં સામંતસિંહે મૂળરાજને ગાદીએ બેસાડ્યો કેફ ઊતરતાં સામંતસિંહ પોતાના ભાણેજને હાથ પકડીને ગાદીએથી નીચે ઉતારવા ગયો ત્યારે મૂળરાજે તેની હત્યા કરી! રાજસભામાં મૂળરાજના મિત્રો હથિયારબંધ ગોઠવાઈ ગયા હતા, એટલે કોઈ કાંઈ બોલી શક્યું નહિ ત્યાર પછી મૂળરાજે સામંતસિંહના ટેકેદારોની કતલ ચલાવી કહેવાય છે કે સમય જતાં માતૃપક્ષની હત્યાના પાપથી મૂળરાજ પીડાવા લાગ્યો. તેણે પાપના પ્રાયશ્ચિતરૂપે રાજ્યકાળનાં છેલ્લાં વર્ષો દરમિયાન પવિત્ર

તીર્થસ્થળ સિદ્ધપુર, જેને વિષે કહેવાય છે કે

गयाया योजनं स्वर्गं प्रयागादर्धयोजनम् ।
श्रीस्थलाद्हस्तमात्रं स्याद्यत्र प्राची सरस्वती ॥

ગયાજીમાં સ્વર્ગ એક યોજન વેગળુ છે, પ્રયાગમાં અર્ધો યોજન અને સિદ્ધપુરમાં જ્યાં સરસ્વતી નદી ઊગમણી દિશામાં વહે છે ત્યાંથી માત્ર એક હાથ છેટું છે—એ સિદ્ધપુરમાં જઈ વસ્યો.

સિદ્ધપુરના વાસ દરમિયાન મૂળરાજે પવિત્ર રુદ્રમહાલયનું બાંધકામ શરૂ કરાવ્યું. જેમાંનું કેટલુંક બાંધકામ પૂરું થયું અને કેટલુંક અધૂરું રહ્યું તે સિદ્ધરાજે પૂરું કરાવ્યું.

મૂળરાજના સમયના મળી આવેલા તામ્રપત્રમાં લખાયું છે કે ભગવાન શિવનું પૂજન કરીને રાજા મૂળદેવ સોલંકીએ વૃદ્ધિવિષય (વઢિયાર) પંથકમાં આવેલ મંડળી ગામ નજીક તળાવકિનારે સ્થાપેલ મૂળેશ્વર મહાદેવના મંદિરને વિક્રમ સંવત ૧૦૪૩માં અમુક જમીનો ભેટ આપી.

મૂળરાજનું આ તામ્રપત્ર ઘણા સમયથી મળી આવ્યું છે, પણ મૂળરાજે સ્થાપેલ મૂળેશ્વર મહાદેવનું મંદિર આજ દિન સુધી મળી આવ્યું નહોતું. પ્રખ્યાત પુરાતત્ત્વવિદ ડૉ. બુડલરે આ બાબત ઘણું સંશોધન કર્યું હતું. તેણે પંચાસર પાસે આવેલ માંડલમાં અને બીજે તપાસ કરી હતી, પણ મૂળેશ્વર મહાદેવ અંગેના ચિહ્નો મળ્યા નહોતા, હાલના માંડલમાં મૂળેશ્વરના અવશેષો મળી આવ્યા છે.

હું ગુજરાતના પુરાણા શિલ્પસ્થાપત્યના સંશોધન અંગે ઢીમાનું ધરણીધરનું મંદિર જોવા ગયો હતો. ત્યાંના જૈન મંદિરમાં સોલંકી યુગના કેટલાક અવશેષો મળ્યા. પણ બીજું કાંઈ જાણવા જેવું મળ્યું નહિ. આ સમયે ધરણીધરના મંદિરે આવેલ, વાવ ગામના એક વેપારીએ મને માહિતી આપી હતી કે પાકિસ્તાનની સરહદ નજીક આવેલ મેઘપુર અને પાડણ ગામની વચ્ચે તળાવને કાંઠે એક પુરાણું મંદિર ઊભું છે. એ મંદિર મૂળેશ્વર મહાદેવના મંદિરને નામે ઓળખાય છે. એ ભાઈની માહિતી ઉપરથી મને લાગ્યું કે આજુબાજુના ભાઈઓએ મંદિરનો પુનરુદ્ધાર કરાવીને પાકિસ્તાનની સરહદ નજીક સુંદર યાત્રાસ્થાન ઊભું કર્યું છે. એ સમયે મારાથી મૂળેશ્વર જઈ શકાયું નહિ. થોડા સમય પછી મૂળેશ્વર મહાદેવનું મંદિર જોવા અમે અમદાવાદથી નીકળ્યા. વાવથી આગળ જતાં ભરડવા ગામ છોડીને

સૂઇગામ તરફ કાચે રસ્તે જઈ શકાય તેમ લાગ્યું નહિ, કારણ કે ચોમાસુ ગયાને બે મહિના થયા હતા, એટલે રસ્તામાં ઘણી જગ્યાએ પાણી ભરાયેલું હતું. ત્યાર પછી ગઈ તા. ૩૦-૧-૬૫ને રોજ અમે ફરી વાર અમદાવાદથી આબુ જતાં નેશનલ હાઇવે ઉપર પાલનપુર શહેરની પશ્ચિમ દિશાએ ચાર માર્ગ આવે છે એ ચાર માર્ગના ચોક ઉપરથી ડાબે હાથે જતાં ડીસા તરફના માર્ગે અમે આગળ વધ્યા. ડીસાથી લાખણી અને થરાદ થઈ ને અમે વાવ પહોંચ્યા. વાવના એક જૈન વેપારીને ત્યાં રાત રહીને અમે બીજે દિવસે મૂળેશ્વર જવા ઊપડયા. વાવથી સૂઇગામ થઈ ને મૂળેશ્વર ન જતાં સૂઇગામ જતી સડક ઉપર બેણાપ ગામ આવે છે, ત્યાં થઈને અમે અમારી ગાડી જમણા હાથ તરફ જતા પાડણ તરફને કાચે માર્ગે વાળી. આખો ય માર્ગ રણપ્રદેશને મળતો તથા વસ્તીવિહોણો હોવાથી મુસાફરી કંટાળાજનક લાગતી હતી. ડાંડલિયા થોરની બે માથોડા ઊંચી વાડો વચ્ચે થઈને જતો વાંકોચૂંકો માર્ગ અમને મૂળેશ્વર પહોંચાડશે કે નહિ તેની દ્વિધામાં અમે કોઈ રડયાખડયા ખેડૂતને પૂછતા પૂછતા પાડણ પહોંચ્યા. પાડણથી મૂળેશ્વર જતો માર્ગ તદ્દન ઉજ્જડ હતો. જ્યાં જુઓ ત્યાં થોરની ઊંચી વાડો, કેરડા અને પિલુડીના ઝુંડો અને જવાસાના છોડવાઓ નજરે પડતા હતા. માર્ગમાં અમે ભૂલા પડયા, કોઈ ઠેકાણે ગાડાચીલા જેવું ન મળતાં અમે અમારી જીપ આડીઅવળી ફેરવતાં માર્ગ શોધવા લાગ્યા. એટલામાં એક ભરવાડ મળી ગયો. તેણે અમને મૂળેશ્વરનો માર્ગ બતાવ્યો. થોડી વારમાં અમે ઉજ્જડ પ્રદેશમાં આવેલ એક મોટા તળાવને કાંઠે જઈ ચડયા. તળાવને કાંઠે વડલા અને લીમડાનાં ઝાડવાંઓની એકલ છાયા દેખાઈ. તળાવકાંઠાના એક વીરડાનું મીઠું પાણી પીને અમે આજુબાજુ નજર કરી તો ઊંચા કોટથી રક્ષાયેલું એક સુંદર દેવાલય નજરે પડયું. દેવાલયના કોટના દરવાજામાં થઈ ચોગાનમાં જતાં ચાલુ સૈકામાં બંધાયેલ મંદિર નજરે પડયું. મૂળેશ્વરનું પુરાણું મંદિર શોધી કાઢવાનો અમારો જુસ્સો ઓસરી ગયો, પણ કોટની ડાબી બાજુના ખૂણા તરફ આવેલ એકાંકી શિવમંદિર જોઈ ને હું આનંદમાં આવી ગયો. સોલંકી કાળની શરૂઆતમાં બંધાતાં મધ્યમ કદનાં મંદિરો જેઠને મને લાગ્યું કે આ સ્થળે ગુજરાતના પ્રથમ સોલંકી રાજા મૂળરાજે બંધાવેલ મૂળેશ્વર મહાદેવનું શિવાલય હોવું જોઈએ. મંદિરની આજુબાજુ પડેલા શિલ્પના પુરાતન અવશેષો મારી માન્યતાની સાક્ષી પૂરતા રખડતા પડયા હતા.

નાના એકાંડી શિવમંદિરના પુનરુદ્ધાર દરમિયાન ચૂનાના પ્લાસ્ટરનો જાડો થર લગાડી દીધેલ હોવાથી એ મંદિર ગયા સૈકામાં બંધાએલા કોઈ મંદિર જેવું લાગતું હતું. પણ ઝીણવટથી જોતાં મંદિરનું પુરાણાપણું માલૂમ પડ્યા વિના રહ્યું નહીં. મંદિરના મંડોવરના ગવાક્ષમાં કોતરાયેલ ત્રણ બાજુની ત્રણ મૂર્તિઓમાં પાર્વતીની મૂર્તિનું શિલ્પ ચૂનાથી ધોળાયું હોવા છતાં ઘણું ભાવગ્રાહી દેખાતું હતું મંદિરનો નાનકડો સભામંડપ નવેસરથી બંધાયો હોવાથી મંદિરનું પુરાણાપણું ઢાંકી દેતો હોય તેવો દેખાતો હતો. આ મંદિરની પાસે મુખ્ય મંદિરના ચારે બાજુના કોટનો ખૂણો પડતો હતો. એ ખૂણામાં ગોઠવાયેલ ગણેશની મૂર્તિને જોતાં આખી ઠંટાળાજનક મુસાફરીનો બધો થાક ઊતરી ગયો! આરાસુરની ખાણોમાંથી નીકળેલા સફેદ આરસમાંથી બનાવેલ ગણપતિની ચતુર્હસ્ત ઊભી મૂર્તિ એ સમયના શિલ્પની સપ્રમાણતા, નાજુકતા અને બાળપણના સંપૂર્ણ ભાવો દેખાડતી હતી. મૂર્તિના ભાવો પા પા પગલી ભરતા બાળકના ભાવો જેવા દેખાતા હતા. આભંગવાળી એ ગણેશમૂર્તિ મારી આંખમાં વસી ગઇ. જમણા હાથનાં આયુધો બહુ સ્પષ્ટ દેખાતાં નહોતાં, પણ ડાબા હાથનાં આયુધોમાં કમળ અને મોદકપાત્ર સ્પષ્ટ જણાયાં. આશરે સાડા ત્રણ ફીટ ઊંચાઈ ધરાવતી આ મૂર્તિ ગુજરાતના ગૌરવ સમી ગણાય. આ મૂર્તિ જોઈને અમે મૂળેશ્વર મહાદેવના મંદિર તરફ વળ્યા. સભામંડપમાં દાખલ થતાં શૃંગાર ચોકીને આગલે ભાગે ગોઠવાયેલા પત્રકુંભવાળા સ્થંભો જોતાં મને લાગ્યું કે આ સ્થંભો કોઈ પુરાણા મંદિરના હોવા જોઈએ. સભામંડપનું બાંધકામ દસ વર્ષ પહેલાં થયેલ હોવાથી તેમા કાંઈ નોંધપાત્ર જણાયું નહિ, પણ આગળ વધતાં ગર્ભગૃહની બંને બાજુ બનાવાયેલ ગૌણ દેવકુલિકાઓમાંની મૂર્તિઓ સોલંકીયુગના કોઈ પુરાણા સભામંડપની વેદીમાંથી લાવેલી દેખાઈ. મંદિરના ગર્ભગૃહની પંચશાખા દ્વારશાખ જોતાં મને લાગ્યું કે એ દ્વારશાખનું શિલ્પ દસમા સૈકાનું હશે. ગર્ભગૃહમાં બિરાજતા મૂળેશ્વર મહાદેવનું લિંગ મૂળરાજદેવના સમયનું હશે કે નહિ એ કહેવું બહુ મુશ્કેલ હતું. મહાદેવનાં દર્શન કરીને અમે સભામંડપમાં આવ્યા એટલામાં મંદિરની પાછળ આવેલા એસ. આર. પી. પોલીસ થાણામાથી એક ભાઈ આવી પહોંચ્યા. તેણે પૂછ્યું કે "દાદાને દર્શને આવ્યા છો?"

અમે હા પાડી.

પોલીસભાઈએ કહ્યું કે "સાહેબ ! આ પ્રદેશમાં ભાગ્યે જ કોઈ યાન્ત્રિક વાહન લઈને મુસાફરી કરતો આવી ચડે છે. ખાસ તહેવાર હોય તો સૂઈગામ તથા વાવ તરફથી જીપમાં બેસીને કોઈક યાત્રિકો આવી ચડે છે. પાકિસ્તાનની સરહદથી આ મંદિર ચૌદ માઈલ જ દૂર હોવાથી અમારે વધારે પડતું સાવધાન રહેવું પડે છે." પછી પોલીસભાઈએ કહ્યું કે "મારી સાથે મંદિરની પાછળ આવો એટલે હું તમને પાકિસ્તાનની સરહદ બતાવું."

એ ભાઈને લઈને અમે મંદિર પાછળ ગયા. તેણે કહ્યું કે "સામે દેખાય છે તે પાકિસ્તાનની હદમાં આવેલો પહાડ છે. અહીંથી બે માઈલ દૂર પશ્ચિમ તરફ જતા કચ્છના રણનો પ્રદેશ આવે છે. હજારો વર્ષથી આ રણમાં ખારા પાણી વહાવતી રાજસ્થાનની લૂણી નદી એ પ્રદેશનો કાંપ ઢસડી લાવતી હોવાથી આખો ય પ્રદેશ ક્ષારવાળા કીચડથી ભરપૂર છે. વર્ષના નવ મહિના એ પ્રદેશમાં ખારું પાણી ભરાયેલું રહે છે. ઉનાળામાં પાણી સૂકાય ત્યારે રણકેડીના જાણકાર માણસો આ પ્રદેશમાં આવી ચડે છે. એ ખારા પ્રદેશને સામે કાંઠે પણ ભારતવર્ષની સરહદ છે, જ્યાં માઈલો સુધી ખારા પાણી સિવાય કાંઈ જોવા મળતું નથી. ચોમાસામાં પાણી ભરાય ત્યારે આખો પ્રદેશ જળબંબાકાર બની જાય છે. ક્યાંક ક્યાંક આવેલ ઊંચા ટેકરા જેવા રણબેટોમાં પાણી ભરાતું નથી, ત્યાં પણ માનવવસ્તી રહી શકતી નથી, પણ કોઈ નાનાં જાનવરો કે પક્ષીઓ રહે છે. કહેવાય છે કે હજારેક વર્ષ પહેલાં આ સ્થળે છીછરો સમુદ્ર હતો. એ સમુદ્રમાં નાનાંમોટાં વહાણો પણ ફરતાં હતાં. આ સ્થળ સરહદી પોલીસને માટે રહેવા માટે સારું કહી શકાય, પણ કેટલાંક સ્થળોએ પીવાના પાણીની સગવડ ટેન્કરો દ્વારા કરવી પડે છે.

ઊંચા ટેકરા ઉપર આવેલ ભૂળેશ્વર મહાદેવના સ્થળની પાછળ એસ. આર. પી.ના રહેવાની બેરેકોનાં દૂરથી દર્શન કરીને અમે મંદિરમાં પાછા ફર્યા. મંદિરમાં કોટની બહાર પડેલા ઈંટો અને પથ્થરોના ઢગલા ઉપરથી મને લાગ્યું કે આ સ્થળે સોલંકી કાળ દરમિયાન પણ મજબૂત લશ્કરી થાણું હશે, કારણ કે રાજસ્થાન અને સિંધમાંથી આવતાં લશ્કરી ધાડાંને અટકાવવા માટે આ સ્થળ મોરચાનું સ્થળ કહી શકાય. સભામંડપની વેદિકાનો ભાગ જોઈને અમે મંદિરની પાછળ ગયા. પાછળ જતાં મંદિરના ભદ્રનો ભાગ તથા મંડોવરનો ભાગ જોઈને હું આશ્ચર્યમાં ગરકાવ બની ગયો. સોલંકીકાળમાં ઈસવીસનના દસમા સૈકામાં બંધાયેલ

એ મંદિરનો આખો ભાગ સોલંકી રાય મૂળરાજદેવે કે મૂળરાજદેવના સમયમાં બંધાવેલો હશે એ વાત મને નિશ્ચિત લાગી. ભદ્ર ઉપરનું જળક ઠામ રોડા પછીના સોલંકીકાળની શરૂઆતના અને હરિશ્ચંદ્ર રાજાની ચોરીના પછીના કાળનું શિલ્પ બતાવતું હતું. શિખર તદ્દન સારી હાલતમાં હોવાથી ભદ્રની કોતરણી હરકોઈને આંખમાં વસી જાય તેવી લાગતી હતી. મંડોવર ભાગના ત્રણ બાજુના ગવાક્ષોમાંની મૂર્તિઓ શિવજીના એકાદશ રૂદ્રનામનાં જુદાં જુદાં સ્વરૂપો બતાવી હતી. મંડોવર ભાગ ઉપર ત્રણ ગવાક્ષ સિવાય છૂટાછવાયાં મૈથુનશિલ્પ વાત્સ્યાયન કામસૂત્રનાં કેટલાંક અંગો બતાવતાં હતાં. મનુષ્ય સાથે પશુનું મૈથુનનું શિલ્પ ઘડીભર વિચાર કરાવે તેવું હતું. પીઠભાગ ઉપરના કુંભ અને કળશનો ભાગ સોલંકી-યુગની શરૂઆતનું શિલ્પ બતાવતો હતો. અઠોરના એકાંડી મંદિર કે મોઢેરાના એકાંડી મંદિર કરતાં આ મંદિરનું શિલ્પ લગભગ એક પચ્ચીસી જેટલું આગળ હોય તો ના નહિ. મંદિરની ચારે બાજુ બે આંટા મારીને અમે અમારી જીપમાં બેઠા. રણનો આકરો માર્ગ વટાવીને સૂઇ-ગામ જતા માર્ગમાં વૃદ્ધિપંથક (વઢિયાર પ્રદેશ)ના પહેરવેશમાં સજ્જ થયેલાં ભૂલકાંઓ, મોટાઓ અને યુવાનો તથા યુવતીઓની તસ્વીરો ઝડપીને અમે સાંજટાણે વાવ પહોંચ્યા. વાવ પાસેની હોટલની ખારી મીઠી કડક ચા પીને અમારી જીપ અમદાવાદ તરફ મારી મૂકી.

★

(૪)

## વ્યાઘ્રપલ્લી ( વાઘેલ )

" વાઘેલો ઘેલો થીયો, નાગરાણીના વાનમાં,
બેઠો ખોઈ ગુજરાત, રઝળી મૂઓ રાનમાં."

" એલા જવાન ! સોરઠીયો લાગે છે ? "

" એમ કાં પૂછવું પડ્યું ? "

" તારા દુહાની હલક ઉપરથી એમ લાગ્યું કે તું સોરઠીયો હઈશ."

" ભૂલ્યા સા'બ ! ભૂલ્યા ! હુ સોરઠીયો નો હોઉં ! હું તો ચૂંવાળીયો છુ."

" ભલે ભાઇ તુ ચૂંવાળીયો રહ્યો. પણ દુહા ગાવાની તારી હલકથી તું સોરઠીયો દેખાય છે."

" સા'બ ! આ મલકનું પાણી કાંઇ સોરઠથી ઊતરતું નથ્ય અને તેમાં ય વળી આ વાઘેલના ભૂતાવળ તળાવનું પાણી તો નામરદને ય મરદ બનાવી દે એવું છે ! "

" ભાઇ ! આ તળાવનું નામ ભૂતાવળ કેમ પડયું ? "

" ગામડાના ઘરડીયાઓ વાતો કરે છે કે આ તળાવ સધરા જેસંગે બંધાવ્યું હતું. વાઘેલ ગામનું તોરણુ વનરાજ ચાવડાના વખતમાં બંધાયું હતું, પણ પાણી અને ભૂતના ત્રાસથી ગામની આબાદી થઈ નહોતી, એક વાર સધરો જેસંગ ફરતો ફરતો અહીં આવી ચડયો. ગામલોકોને ખબરઅંતર પૂછયા. સુખદુઃખની વાત પણ પૂછી. ત્યારે ગામલોકોએ કહ્યુ કે ' મહારાજા ! તમે બાબરા ભૂતને વશ કર્યો એવું જાણ્યું છે. અમારે આ ગામમાં એક મોટું દુઃખ છે. ગામને ઊગમણે ઝાંપે આવેલ ખારામા રોજ મધરાતે ભૂતાવળ જાગે છે. આખા ગુજરાતનાં ભૂતડાં ભેગાં થાય છે. હાકલા પડકારા થાય છે. મહારાજા સાહેબ ! ભૂતાવળના હાકલા પડકારાથી ગામનાં ઘરડીયાંની ઊંઘ ઊડી જાય છે, છોકરાંવ બી મરે છે, જુવાનિયાઓ ઓરડેથી ઊઠીને ઘર બહાર નીકળી પડે છે ઘણી વાર જુવાનિયાઓ મશાલો લઇને ઊગમણે ઝાંપે જાય છે, પણ જીવતા માનવીનાં પગલાં પડે એટલે ભૂતાવળ ભાગી જાય છે. મહારાજા ! દયા કરો. ગમે તેમ કરીને આ ભૂતાવળ જામતી અટકાવો ! '

ગુજરાતના સોલંકી રાય સિદ્ધરાજ જયસિંહે રાજાને છાજે તેવો ઉત્તર આપ્યો. રાય સિદ્ધરાજે કહ્યું કે 'તમારા ગામના ઉગમણા ઝાપાના બારાની ભૂતાવળને કબજે કર્યા વિના મારું ઘોડું એક પણ ડગલું આગળ નહીં વધે!'

સોલંકી રાય સિદ્ધરાજ વાઘેલ ગામમા રાત રહી ગયો. રાતનો એક પહોર છાતર્યો (ગયા) પછી ભૂતને વશ કરવાની સામગ્રી લઇને સિદ્ધરાજ ઉગમણા ઝાપાના બારામા પહોચી ગયો. પોતાના આસનની આજુબાજુ હુ ઢસરી તલવારનો લીટો કરીને સિદ્ધરાજ મંત્ર ભણવા લાગ્યો. બરોબર મધરાતે હાકવા પડકારા થવા માડ્યા. સિદ્ધરાજના આસનની ચારે બાજુ મામો, જન, ભૂત, પિશાચ, ઝેણુ, ડાકણ, ખવીસ, નવઘરા, બેથડવા, ચૂડ વગેરે ભૂતડા આવીને નાચવા લાગ્યા. બાબરાભૂત જેવાને વશ કરનાર સિદ્ધરાજ આવા રેજીપેજી ભૂતડાથી બીન્યો નહિ ભૂતડાએ પોતપોતાના ચરીતર કરી બતાવ્યા. પણ સિદ્ધરાજ એના આસન ઉપર અવિચળ રહ્યો. ભૂતડા થાક્યા એટલે સિદ્ધરાજે એક ભારી લીધી તેમાથી ડાભનું એક એક તણુખલું કાપી, મંત્ર ભણી હવામા ઘા કરવા લાગ્યો. ડાભનું એક એક તણુખલુ સાબેલું બનીને ભૂતડાના લમણામા લાગવા માંડ્યુ ભૂતડામા હાહાકાર મચી ગયો. છેવટે ભૂતડાના આગેવાને આવીને સિદ્ધરાજને કહ્યુ કે 'હે કાળા માથાના માનવી! અમને છોડ! અમે કોઇ દિ' કોઇને સતાવશુ નહિ. અમે તુ કહે ઈ કામ કરી દઇશુ.'

પછી ધીરગંભીર સાદે સિદ્ધરાજે ભૂતડાઓને કહ્યુ કે 'તમે વાઘેલ ના ગામલોકોને બહુ સતાવ્યા છે. હવે આ ગામના લાભનું કોઇ કામ કરી દઈને અહીંથી ચાલ્યા જાવ તો જ હું મારી ક્રિયા અટકાવીશ'

ભૂતડાના આગેવાને સિદ્ધરાજને કહ્યુ કે 'તમે જેમ કહેશો તેમ કરીશુ પણ અમને આ સાબેલાના દુઃખમાથી છોડાવો, અમારા લમણા ટાઢા થઈ ગયા છે.'

સિદ્ધરાજે કહ્યુ કે 'આ બારામા એક એવું મોટુ તળાવ ખોદી કાઢો કે જે તળાવ આ ગામનું પાણીનું દુઃખ મટાડે. તળાવના કિનારા એવા સુદર બાધી દો કે આજુબાજુના લોકો તળાવને કિનારે સહેલ કરવા આવે, તળાવને કાઠે એવા સુંદર જાળીદાર ઝરૂખા બનાવી દો કે જેમા બેસીને ગામની ગોરીઓ મલાજે જાળવતા જાળવતા તળાવની સહેલનો આનદ માણે તળાવને કાઠે બ્રહ્મા, વિષ્ણુ, મહેશના મદિર

બાંધી નાખો એટલે હિન્દુ ધર્મની બધી શાખાઓના સેંકડો એ મંદિરો-નો લાભ લે!'

ભૂતના આગેવાને સિદ્ધરાજની આ વાત કબૂલ રાખી. પણ સાથો સાથ એક શરત કરી કે 'અમે એક જ રાતમા તળાવ બાંધી દઈશું, પણ તળાવનું નામ અમારા ભૂતડાના નામ ઉપરથી ભૂતાવળ તળાવ રાખવું પડશે!'

સિદ્ધરાજે ભૂતડાંઓની શરત મંજૂર રાખી. વળતા દિવસનું સવાર થયું ગામલોકો ભૂતાવળવાળે ઝાપે ગયા. ભૂતાવળના ખારાની બાજુમા આવેલા એક વડલાના મૂળિયાનું ઓશીકું કરીને સૂતેલા રાય સિદ્ધરાજને જોઈને ગામલોકો આશ્ચર્યમા ગરકાવ થઈ ગયા. આવનારાનો અવાજ સાંભળીને સિદ્ધરાજ જાગી ગયો ગામના મુખીએ સિદ્ધરાજની માફી માગતા કહ્યું કે 'સવા મણ રૂની તળાઈમા સૂનારને અમારે દુ:ખે વડના મૂળિયાનું ઓશીકુ કરીને ધૂળમા સૂવું પડયું.'

સોલંકી રાય સિદ્ધરાજે જવાબ આપ્યો કે 'કોઈ પણ રાજા પોતાના રાજ્યની રાજ્યગાદી ઉપર બેસે છે ત્યારે પ્રજાનું પાલન કરવું એ તેની પહેલી ફરજ બને છે. એ ફરજ ન બજાવે એ રાજા નહિ પણ બાપની ગાદી સંભાળનાર ઓઢ કહેવાય આ ધૂળપથારી તો શું, વખત આવ્યે પ્રજાના હિત માટે માથું ઊતારી આપવું એ રાજાની ફરજ છે.'

પછી સિદ્ધરાજે ગઈ રાતે બની ગયેલ ઘટના કહી સંભળાવી. સિદ્ધરાજ એક બીજો દિવસ વાઘેલમા રોકાઈ ગયો. વળતા દિવસની સવારે ગામલોકો તથા સિદ્ધરાજ ભૂતાવળવાળે ઝાપે ગયા. ખારા તરફ નજર કરતા ખારો ન દેખાયો પણ ૧૨ ઘાટ, ચોવીસ ઝરૂખા અને ચોસઠ ખૂણાવાળું મોટું સરોવર દેખાયું! સરોવરમા નીલા જળ ડહેકા દઈ રહ્યા હતા ગામલોકના આનંદનો પાર રહ્યો નહિ, ઢોલ ધડૂકયા, ગુલાલ ઊડયો સિદ્ધરાજે ભૂતાવળ તળાવના જળને વધામણાં આપ્યા.

સાહેબ! ઈ દહાડાનું ભૂતાવળ તળાવ અમારા ગામકૂવામા અમી-જળ પહોંચાડે છે. કાળદુકાળે આ તળાવની સારણથી આમને જોઈએ એટલું ધાન પાકી જાય છે પણ સાહેબ! એક વાત કહી દઉં કે સોલંકી રાજ્યઅમલ ઊતર્યા પછી કોઈ આ તળાવ સામું જોવા આવ્યું નથી. આ તળાવ ભૂતોએ બાંધ્યું ત્યારે ચોસઠ પગથિયે બાંધ્યું હતું, પણ હવે ચાર

પગથિયાં દેખાય છે. બાકીનાં પગથિયાં તળાવમાં ઘસડાઈ આવતા કાંપમાં દટાઇ ગયા છે. સાહેબ! તમે લાગો છો સારા માણુહ! આ ધોળી ટોપીવાળી સરકારને મારી વાત પૂગાડજો અને મોટા પ્રધાનને કહેજો કે આ ભૂતાવળ તળાવ પૂરાઈ ગયું છે, એનું કારણ દૂર કરાવો."

પેલા જુવાનને અમે હૈયાધારણ આપતાં કહ્યું કે "તારો સંદેશો અમે ધોળી ટોપીવાળી સરકારને જરૂર પહોંચાડીશું." અમે પુરાઇ ગયેલા ભૂતાવળ તળાવને કિનારે આગળ વધ્યા અને પેલા જુવાનના ગળામાથી ઘૂંટાતા સૂરે ખીલે દુહો સંભળાયોઃ

" નહિ ઘેથી વાઘેલ, નહિ ઘેલા વાઘેલડા,
ઘેલો કરણ એક (ઈ) સ્વરૂપને ચાળે ચડયો."

ગુજરાતના મહેસાણા જિલ્લાના કચ્છના રણકાંઠાના સમી તાલુકાને ખૂણે સમી શહેરની પૂર્વ દિશાએ વાઘેલ નામે એક ગામ આવેલ છે. સમીથી આઠ માઇલ દૂર આવેલા આ ગામ ચારે બાજુ આવેલાં લીલા ઝાડવાઓથી હર્યુંભર્યું દેખાય છે. ગામને ઝાંપે આવેલ ભૂતાવળ તળાવના નીર આ રણ જેવા પ્રદેશ વચ્ચેની ધરતીને લીલુડી બનાવે છે.

ગુજરાતનો પ્રથમ સોલંકી રાય મૂળરાજદેવ ગુજરાતની ગાદીએ આવ્યો ત્યારે સોલંકી રાજય એક પરગણા જેટલું હતુ રાજયની હદમા અણહિલવાડ, ભિન્નમાળ અને ચુંવાળનો કેટલોક પ્રદેશ હતો. પણ દીર્ઘદષ્ટિ વાપરીને મૂળરાજે પોતાના નાનકડા રાજ્યને સમૃદ્ધ બનાવવાના પ્રયત્નો શરૂ કર્યા રણકાંઠે લશ્કરી થાણા ઊભા કર્યાં. દુષ્કાળના નિવારણ માટે તળાવો બંધાવ્યા, નહેરો કાઢી અને રાજયના યુવાનોને લશ્કરી તાલીમ આપવા માટે દક્ષિણમાથી જયેષ્ઠી પહેલવાનોને બોલાવ્યા. પોતાના નાનકડા રાજયને મજબૂત બનાવ્યા પછી મૂળરાજે કચ્છ અને કાઠિયાવાડનો મુલક જીતી લીધો. ત્યાર પછી ગુજરાતને યાત્રિકોથી ધમધમતુ બનાવવા માટે સોમનાથ તથા પાલીતાણા જવાનો રાજયમાર્ગ સુરક્ષિત કર્યો. માતૃતીર્થ શ્રીસ્થળ (સિદ્ધપુર)મા એકાદશ રૂદ્રનું રૂદ્રમહાલય નામે ભવ્ય શિવાલય બંધાવવાનું કામ શરૂ કરાવ્યું. પોતાના પૂર્વજોને પગલે ચાલીને મોટા ભાગના સોલંકી રાજાઓએ ગુજરાતને સમૃદ્ધ બનાવવાના પ્રયત્નો કર્યા. ગુજરાતને સમૃદ્ધ બનાવવાનો ફાળો ગુજરાતના યશસ્વી રાજા સિદ્ધરાજને ફાળે જાય છે.

સિદ્ધરાજ જૂનાગઢના રા'ખેંગારને હરાવીને તેની પત્ની રાણુકદેવીને લઈ ગુજરાતમાં આવતો હતો ત્યારે રાણુકદેવીએ કહ્યું હતું કે

"બળ્યો તારો પાટણ દેશ,
જ્યાં પાણી વિના પંખી મરે રે
મારો સરવો સોરઠ દેશ,
જ્યાં સરવાણી સેંજળ વહે રે."

પતિભક્ત રાણકદેવી વઢવાણ પાસે ભોગાવામાં સતી થઈ, પણ રાય સિદ્ધરાજને તેનું મેણું હાડોહાડ લાગી ગયું. અને કહેવાય છે કે ત્યાર પછી રાય સિદ્ધરાજે ગુજરાતભરમાં એકસો છપ્પન તળાવો બંધાવ્યાં હતાં. કદાચ આ વાત અતિશયોક્તિભરી હશે, પણ સિદ્ધરાજે બંધાવેલ અથવા તો સિદ્ધરાજના નામની સાથે જોડાયેલાં ઓગણત્રીસ તળાવો હાલમાં મોજૂદ છે.

ગુજરાતના સોલંકી રાય કુમારપાળે અનાક (અર્ણોરાજ) નામના તેના માસિયાઈ ભાઈની ચાકરીથી પ્રસન્ન થઈને તેને પોતાના રાજ્યનું વાઘેલ પરગણું ભેટ આપ્યું. આનાકને વાઘેલ પરગણું ભેટ મળ્યા પછી તેની અવટંક (અટક) સોલંકી હોવા છતાં વાઘેલા કહેવાઈ. ત્યાર પછી આનાકના વંશવારસો વાઘેલા કહેવાયા. આનાકને વાઘેલ પરગણું ગરાસમાં મળ્યું ત્યારે કોઈને ખ્યાલ પણ નહીં હોય કે તેના વંશવારસો ભવિષ્યમાં ગુજરાતના ગાદીપતિ થશે. આનાકના પુત્ર લવણપ્રસાદે ધોળકા ગામ વસાવ્યું.

તેનો પુત્ર વીરધવલ વાઘેલો ધોળકાની ગાદીએ આવ્યો. વીરધવલ સોલંકી રાજ્યનો માંડલિક રાજા હોવા છતાં સ્વતંત્ર રાજાની પેઠે વર્તતો હતો. વીરધવલ વાઘેલાના જગપ્રસિદ્ધ પ્રધાન વસ્તુપાળ અને તેજપાળે ગુજરાતના ગર્વ સમાં દેલવાડાનાં દેરાં બંધાવીને ગુજરાતની જગપ્રસિદ્ધ આરસની શિલ્પસૃષ્ટિ ખડી કરાવી. વીરધવલ વાઘેલાનો પુત્ર વિસળદેવ વાઘેલો ગુજરાતના છેલ્લા સોલંકી રાય ત્રિભુવનપાળના મરણ પછી ગુજરાતની ગાદીએ આવ્યો. તેની ચોથી પેઢીએ કરણદેવ વાઘેલો થઈ ગયો. તેના વખતમાં ગુજરાતનું હિન્દવાણી રાજ્ય નાશ પામ્યું.

વાઘેલા શાખાની ઉત્પત્તિ સમા વાઘેલ ગામ જોવાનો વિચાર થતાં મહેસાણાથી જીપ લઈને હું મારા ઈતિહાસપ્રેમી મિત્રો સાથે તા. ૧૮–૪–'૬૫ને રોજ વહેલી સવારે નીકળી ગયો. બહુચરાજી સુધીનો

માર્ગ પાકો હોવાથી કાંઈ મુશ્કેલી નડી નહિ. પણ બહુચરાજીથી સંખલપુર બે જ માઇલ હોવા છતાં અમે ત્યાં પહોંચતાં દેશી ધૂળિયા પાવડરથી ખરડાઈ ગયા. બહુચરાજી માતાનું આદ્ય સ્થાન જોઇને અમે વાઘેલ જવા નીકળ્યા. સંખલપુરથી ડોડીવાડા, આધીવાડા, ખાંભેલ, ઇટોદા અને દેલમાલ થઈને અમે વાઘેલ પહોંચ્યા. સંખલપુરથી વાઘેલ સુધીનો માર્ગ તદ્દન કાચો અને રેતના દડવાળો હોવાથી અમારાં કપડાં ઉપર દેશી પાવડરની ભાત પડી ગઇ. નવી ભાતવાળાં કપડાં જોતાં મને મીરાંબાઈની પેલી લીટીઓ યાદ આવી :

" ઓઢું હું કાળો કામળો,
દૂજો ડાઘ ન લાગે કોઈ."

વાઘેલ આવી પહોંચ્યા ત્યારે સૂરજ મહારાજ માથે ચડી ગયા હતા. એક તો અર્ધરણ જેવો પ્રદેશ, બીજું ધૂળના ગોટાથી ખરડાયેલ શરીર અને ત્રીજું ઉનાળાના બળબળતા બપોર—એમ ત્રિવિધ તાપથી તપેલા અમે વાઘેલ પહોંચ્યા. વાઘેલ પહોંચતાં જ પંચાયતની ઑફિસમાં ઊભેલ ગામના ઉપ સરપંચે અમારું સ્વાગત કર્યું. તેમણે પંચાયતના પટાવાળાને એક કામની હારમાળા ફરમાવી દીધી.

"મહેમાન માટે હાથપગ ધોવાનું પાણી લાવો, પછી ઠંડું પાણી લાવો, પછી ટુવાલ લાવો અને પછી ગરમ પાણી લાવો ! "

ખારા પાણીથી હાથપગ, મોઢું ધોયા પછી ઠંડું પાણી પીને અમે પંચાયતની ઑફિસમાં બેઠા. થોડી વાર થઈ ત્યાં તો જલદી સળગી ઊઠે એવા પરદેશી બાવળનાં ઇંધણાંના તાપથી ચા તૈયાર થઈ ગઇ. વાઘેલની ચા અને અમદાવાદના ઢેબરાનું ટીમણ પતાવીને અમે વાઘેલનું તળાવ જોવા નીકળ્યા. ત્યાં તો પેલા ચૂંવાળીયા જુવાનનો દુહો સંભળાયો :

" વાઘેલો ઘેલો થાયો, નાગરાણીના વાનમાં."

અમદાવાદના કાંકરિયા તળાવ જેવી બાંધણીવાળું પણ તેનાથી ત્રણગણું મોટું લૂતાવળ તળાવ જોઇને અમે આશ્ચર્યમુગ્ધ બની ગયા. તળાવનો આખો કિનારો ખારા પથ્થરની મોટી શિલાથી બંધાયેલો દેખાયો. તળાવને કાંઠે આરામથી બેસી શકાય એવા સુખાસનવાળા ઝરૂખાઓ નજરે પડયા, પણ એમાંના મોટા ભાગના ઝરૂખા ધરાશાયી થયેલા દેખાયા. તળાવમાંથી નહેરો દ્વારા ખેતરોમાં પાણી લઈ જઈ શકાય તે

માટે મૂકેલ ખાળાંઓની ઉપર બાંધવામાં આવેલ બંધ અને જાળીવાળી બે ચોકીઓ જોતાં કોણાર્કના સૂર્યમંદિરના જગમોહન મંડપની યાદ આવી. આ ચોકીઓ નજીકના તળાવના કિનારા ઉપર નજર કરતાં પીઠભાગ જમીનમાં દટાયેલ એવું એક સુંદર શિવમંદિર નજરે પડ્યું. શુદ્ધ સોલંકી શૈલીનું અને ખાસ કરીને સિદ્ધરાજના સમયમાં બંધાયેલ સુંદર મંદિરના સભામંડપ ઉપરનું સંવરણ આંખમાં વસી જાય તેવું હતું. જંઘા ઉપરની મૂર્તિઓનું શિલ્પ વિરમગામના મુનસર તળાવકાંઠાના મંદિર જેવું લાગ્યું. તળાવની ચારે બાજુ એક આંટો મારીને અમે વાઘેલ ગામની ચોપાસ આવેલ માટીના ટેકરાઓ જોવા નીકળ્યા. આવા ટેકરાઓ જોતાં ક્યાંક ક્યાંક સોલંકી યુગમાં બંધાયેલાં મંદિરોના છૂટાછવાયા ભાગો નજરે પડ્યા. કોઈ કોઈ ઠેકાણે પુરાણાં મકાનોના પાયા દેખાયા. આ બધું જોઈને અમે વાઘેલા રજપૂતોની આદ્ય નગરી વાઘેલની યાદ મનમાં સમાવી અમદાવાદ તરફ જવા નીકળ્યા. પેલા ભરવાડના દુહા અને ગામઠી ભાષામાં સાંભળેલી ભૂતાવળ તળાવની વાત અમદાવાદને માર્ગે જતાં પણ કાનમાં ગુંજ્યાં કરી.

★

( ૫ )

## યક્ષરાજનું મંદિર-મોટપ

વેદોત્તર કાળથી યક્ષરાજ અથવા કુબેર આર્યોનો માનીતો દેવ ગણાય છે. નવનિધિ એટલે કે સોનું, રૂપું, વૈદુર્યમણિ, મોતી, નાગમણિ, ગજમોતી, કૌસ્તુભ મણિ, હીરા અને સ્ફટિક મણિના ભંડારોના સ્વામી તરીકે આર્યોએ યક્ષરાજ કુબેરને સ્થાપ્યો છે. પુરાણોએ કુબેરને દેવોના ધનભંડારી તરીકે ગણ્યો છે. બૌદ્ધ તથા જૈન ધર્મમાં પણ કુબેરને ધનભંડારી તરીકે માન્યો છે.

કુબેરની ઉત્પત્તિ સંબંધી પુરાણમાં એક સુંદર વર્ણન લખાયેલ છે. વિષ્ણુની નાભિમાંથી ઉત્પન્ન થયેલ કમળમાં બિરાજતા બ્રહ્માજીને ક્ષીરસાગરમાં નિરીક્ષણ કરતાં કરતાં વિશ્વની ઉત્પત્તિ કરવાનું મન થયું. બ્રહ્માને આવા પ્રકારની ઇચ્છા થતાં જ અવકાશમાંથી પથ્થરોની વૃષ્ટિ થવા લાગી. વૃષ્ટિ શાંત થતાં બ્રહ્માજીની નજર એક બેડોળ પથ્થર ઉપર પડી. બ્રહ્માજીની નજર પેલા બેડોળ પથ્થર ઉપર પડતાં એક કૌતુક થયું. બેડોળ પથ્થર જીવિત બનીને મનુષ્યરૂપમાં ફરી ગયો, પણ એ મનુષ્યનું શરીર પેલા પથ્થર જેવું બેડોળ બન્યું! એ મનુષ્યે પોતાનું બેડોળ શરીર જોઇને બ્રહ્માજીને કહ્યું કે "હે સર્જનહાર! મને સર્જવો હતો તો કોઈ સુંદર સ્વરૂપે સર્જ્યો હોત તો કેટલો આનંદ થાત? મારું બેડોળ શરીર જોઇને મને લાગે છે કે તમે મારું સર્જન ન કર્યું હોત તો બહુ સારું થાત."

બ્રહ્માજીએ કુબેરને કહ્યું કે 'હવે થયું તે થયું, તારું શરીર બેડોળ હોવા છતાં હું તને નવનિધિનો સ્વામી બનાવીશ એટલે ધન તારું બેડોળપણું ઢાંકી દેશે.

"ગરથ વિનાનો ગોધીયો, ગરથે ગોવર્ધનરામ;
લક્ષ્મી વરે જે મનુષ્યને તે કરૂપ બને રૂપવાન."

કુબેરને બ્રહ્માજીએ નવનિધિનો સ્વામી બનાવ્યો પછી બધા દેવોને તેની જરૂર પડવા લાગી એટલે 'सर्वे गुणाः कांचनमाश्रयन्ते' એ કહેવત અનુસાર બેડોળ કુબેર સર્વગુણવાળો ગણાવા લાગ્યો.

કુબેર બાબત વેદમાં કોઇ વિધાન મળતું નથી, પણ વેદોત્તર કાળમાં કુબેર સંબંધી ઘણાં વિધાનો મળે છે. ગીતામાં યક્ષપૂજા બાબત લખાયું છે. પ્રસિદ્ધ નાટક 'માલતી માધવ' માં યક્ષનો ઉલ્લેખ થયેલો

છે. ભારતવર્ષની પ્રખ્યાત વિદ્યાપીઠ તક્ષશિલાના આચાર્ય પાણિનિએ યક્ષ સંબંધી લખ્યું છે. હિન્દુ, બૌદ્ધ તેમ જ જૈન શિલ્પશાસ્ત્રનાં પુસ્તકોમાં કુબેર સંબંધી લખાયું છે. હિન્દુ શિલ્પશાસ્ત્ર કુબેરને દિક્પાલ તરીકે વર્ણવે છે. જૈન શિલ્પશાસ્ત્ર કુબેરને દિક્પાલ તથા યક્ષના અધિપતિ તરીકે વર્ણવે છે. બૌદ્ધ સંપ્રદાય કુબેરને દેવનિધિના અધિપતિ તરીકે વર્ણવે છે.

પુરાણોમાં તેમ જ હિન્દુ શાસ્ત્રોમાં લખ્યા મુજબ યક્ષોનો વાસ હિમાલયની ઉત્તરે ગણાયો છે. ભારતવર્ષમાં લખાયેલ પુસ્તકોમાં આ પ્રદેશ ઉત્તર પ્રદેશની ઉત્તરે આવેલું હાલનું તિબેટ ગણાય. કવિ કાલિદાસના મેઘદૂતના વર્ણનમાં કુબેરનગરી બદ્રીનારાયણની ઉત્તરમાં હોવાનું લખાયું છે.

વેદકાળ પછી આર્યપ્રજા યક્ષો એટલે કે તે વખતના તિબેટવાસીઓના સંસર્ગમાં આવી હશે તે સમયે તિબેટનો પ્રદેશ ખૂબ ધનાઢ્ય હશે. તે સમયના તિબેટના રાજાઓ કુબેરો કહેવાતા હશે તેમ અનુમાન કરી શકાય.

યક્ષપૂજા ક્યારે શરૂ થઈ તે કહેવું મુશ્કેલ છે, પણ ઈ. સ. પૂર્વે પાંચસો વર્ષ પહેલાં ભારતવર્ષમાં યક્ષરાજનાં મંદિરો હતાં તેવો ઉલ્લેખ મળે છે. ઈ. સ. પૂર્વેની કે ઈ. સ. ની શરૂઆતની આજુબાજુની કોઈ કોઈ યક્ષરાજ કુબેરની પ્રતિમાઓ મળી આવી છે. એ પ્રતિમાઓ-ઉપરથી કહી શકાય કે ભારતવર્ષમાં એ કાળમાં યક્ષ-મંદિરો બંધાયાં હતાં.

ગુજરાતમાં યક્ષરાજનાં મંદિરો બંધાયાં હશે, પણ કોઈ સ્વતંત્ર મંદિર બાબત કયાંય ઉલ્લેખ થયો નથી. ગુજરાતનાં શિલ્પવિષયક પુસ્તકોમાં યક્ષરાજના સ્વતંત્ર મંદિરની નોંધ થયેલી જોવા મળતી નથી. થોડા વખત પહેલાં લખાયેલા એક પુસ્તકમાં લખાયું છે કે 'ગુજરાતમાં કુબેરની કોઈ પૂજનીય પ્રતિમા મળી આવી નથી, મારી માન્યતા મુજબ અને મેં જોયેલ કેટલીક પૂજનીય મૂર્તિઓને આધારે હું કહી શકું કે ગુજરાતમાં યક્ષરાજનાં સ્વતંત્ર તેમ જ ગૌણ મંદિરો બંધાયાં હશે. મોટપના યક્ષરાજનું મહાકાય મંદિર કુબેરના સ્વતંત્ર મંદિરનો જીવતો-જાગતો દાખલો છે.

શિલ્પશાસ્ત્રમાં યક્ષરાજ કુબેરની નવ દેવતાઓમાં ગણના થાય છે. આ વિષયના એક પુસ્તકમાં લખાયું છે કે જ્યાં જ્યાં વિમાન,

ગરૂડ, ધ્વજ વિજય અને ગંધમાદન–એ પાંચ પ્રકારનાં મંદિરો બંધાય ત્યાં ત્યાં એ મંદિરો બાંધવા માટે ભગવાને યક્ષોને પ્રેરણા આપી છે તેમ જાણવું. આ પાંચ પ્રકારના મંદિરો બાંધવામાં આવે ત્યાં યક્ષોના અધિપતિ યક્ષરાજનું સ્થાપન થાય તે વાત નિર્વિવાદ છે. સોલંકી કાળમાં ઉપર વર્ણવેલ પાંચ પ્રકારનાં મંદિરો બંધાયાં હતાં. જ્યાં આ શ્રેણીના મંદિરો હશે ત્યાં કુબેરનું સ્થાપન થયું હશે. ગુજરાતમાં બંધાયેલા સોલંકીકાલીન પંચાયતન મંદિરોમાં યક્ષરાજ કુબેરની સ્વતંત્ર દેવકુલિકાઓ બંધાઈ હશે તેમ દેખાય છે. આસુંડા દેવડા, ગવાડા, ઊજળેશ્વર, ભાવિકા–એ ચાર પંચાયતન મંદિરોમાં કુબેરની પૂજનીય પ્રતિમાઓ મળી આવી છે પણ તેની દેવકુલિકાઓ હાલમાં મોજુદ નથી. આસુંડા દેવડા પંચાયતન મંદિર નજીક કુબેરનું સ્વતંત્ર મંદિર હોય તેમ ત્યાં પડેલી કુબેરની મહાકાય પ્રતિમા ઉપરથી દેખાય છે. આ કુબેરપ્રતિમાનું કદ એટલું બધું મોટું છે કે એ મૂર્તિ કોઈ મંદિરની સુશોભનમૂર્તિ નહિ પણ પૂજનીય મુખ્ય મૂર્તિ હોવી જોઈએ. ધન હોય ત્યાં સુખ હોય, ધન સુખઉપભોગના સાધનો લાવી આપે શ્રીમંતાઈ અને ઐશ્વર્ય બતાવતા હિન્દુ, જૈન અને બૌદ્ધ સંપ્રદાયમાંના કુબેરને કોઈ ધનપતિ શેઠિયા જેવો વર્ણવવામાં આવ્યો છે. વૈદો જેમ ધન્વન્તરીને પૂજે, સુથારો અને કારીગરો જેમ વિશ્વકર્માને પૂજે તેમ ધનાઢયો કુબેરને પૂજે એ સ્વાભાવિક છે ગુજરાતના એક જાણીતા શ્રીમંતના ભંડારમાં સ્ફટિકમાંથી બનાવેલી કુબેરની સુંદર મૂર્તિ છે. આ મૂર્તિનું પૂજન થાય છે મૂર્તિના ભાસ્કર્ય ઉપરથી કહી શકાય કે એ મૂર્તિ અગિયારમા સૈકાની આજુબાજુમાં કોતરાઈ હશે. સોલંકી કાળમાં સોલંકી રાજાઓએ તેમજ ધનપતિઓએ જુદા જુદા દેવોનાં અનેક મંદિર બંધાવ્યા હતા તે હકીકત છે. એ સમયે શ્રીમંતોને કે રાજાઓને કુબેરનું મંદિર બાંધવાની પ્રેરણા મળી હશે અને બંધાવાયા હશે. કાળક્રમે આવા મંદિરો નાશ પામ્યા હશે અથવા ગુજરાતને કોઈ અજાણ્યે ખૂણે વણઓળખાયેલા પડયા હશે. આશ્ચર્યની વાત તો એ છે કે હાલમાં શિલ્પરસિક આલમમાં ભારતવર્ષમાં કોઇ યક્ષરાજનું મંદિર હોય તે બાબતની જાણ નથી. એ દૃષ્ટિએ વિચાર કરતાં સારા ય ભારતવર્ષનું એક જ કુબેર મંદિર ગુજરાતને એક ખૂણે પડવાને વાંકે ઊભું છે. એ મંદિર બંધાયાને આઠસો વર્ષના વાણા વાઈ ગયા છે. શિલ્પરસિક સોલંકી રાજા પહેલા ભીમદેવના વખતમાં આ મંદિર

ખંધાયું હોય તેમ લાગે છે. કદાચ ભીમદેવે ન બંધાવ્યુ હોય તો કોઇ શ્રીમંતોએ બંધાવ્યું હોય તે જાણવાજોગ છે. એ મંદિરનો ઘાટ, બાંધણી, ભાસ્કર્ય વગેરે જોતા મંદિરનું બાંધકામ કરવા માટે શાસ્ત્રોક્ત રીતે કુબેરનું મંદિર બાંધનાર સ્થપતિને રોકયો હશે પણ હાલમા તો કુબેરનું મંદિર કઈ રીતે બાંધવું કેમ બાંધવું એ બાબત શિલ્પશાસ્ત્રના કોઈ પુસ્તકમા ખાસ લખાણ મળતું નથી. ગુજરાતનું આ એકલું અટલું કુબેરમંદિર કદાચ કુબેરમંદિર શાસ્ત્રોક્ત રીતે બંધાય તેનો વણઉકલ્યો કોયડો ઉકેલી શકે તેમ છે. આ મંદિર મોઢેરાના સૂર્યમંદિરની પછીનું હોવાનો પૂરો સંભવ છે. ગઇ તા ૧૪મી માર્ચને રોજ અમે મહેસાણાથી મોઢેરા જતા માર્ગે મોટપ જવા નીકળ્યા. મહેસાણાથી મોઢેરા જતા પ્રાન્તીય રાજમાર્ગ ઉપર સાતમા માઇલના પથ્થર નજીક મોટપનું પાટીયું આવે છે. આ પાટિયા પાસે થઈને જમણી બાજુએ જતા કાચે માર્ગે થઇને અમે અમારી જીપ મોટપ તરફ લીધી હું કનોડા ગયો હતો ત્યારે મને બહુસ્મરણા માતાના પૂજારીએ મોટપના યક્ષરાજના મંદિર સંબધી વાત કરી હતી. એ વાતનો દોર એક વર્ષ પછી પકડીને અમે મોટપ પહોંચ્યા યક્ષરાજના મંદિર બાબત પૂછતા અમને એક ભાઈએ ગામના સામા ઝાપા નજીક તળાવને કાંઠે આવેલ મંદિર સંબધી માહિતી આપી. માહિતીને આધારે અમે અમારી જીપ મોટપ ગામની બજાર વચ્ચે થઇને યક્ષરાજના મંદિર તરફ લીધી. ગામને તળાવકાંઠે અને પુષ્પાવતીના તીરથી એક ફર્લાંગ દૂર આવેલા યક્ષરાજના મંદિરને દૂરથી નીરખતાં જ મને લાગ્યું કે અમે ધારેલ સ્થળે જઈ રહ્યા છીએ જીપ મંદિર નજીક ઊભી રાખતા મંદિરના વયોવૃદ્ધ મહંત અમને લેવા સામા દોડી આવ્યા. ગામ લોકોના કહેવા મુજબ એક સો વર્ષ વીતાવી ગયેલ મહંતે અમને કહ્યું કે "મંદિર જોવા આવ્યા લાગો છો? સાહેબ! તમારા જેવા ઘણા આ મંદિર જોવા આવે છે, પણ કોઇને હૃદયે મારો યક્ષરાજ વસતો નથી. ભગવાન જાણે, યક્ષરાજ કોને હાથે આ મંદિરનો પુનરુદ્ધાર કરાવશે!"

મે મહંતને કહ્યું કે "બુઢ્ઢાદાદા! ધીરજ રાખો. યક્ષરાજ ગરીબ ગુરબાનો આરાધ્યદેવ નથી. એ તો ધનાઢ્યોનો દેવ એ દેવ ગુજરાતમા કોઇ બિરલા જેવાને જગાડશે. એમ નહીં બને તો કોઈ પુરાતત્ત્વખાતાના સાહેબના કાનમા કે કોઈ આ ખાતાના પ્રધાનના કાનમા મંત્ર ફૂંકતા કહેશે કે 'ભારતવર્ષને નાણાની જરૂર પરદેશથી નાણા

વ્યાજે લાવવા પડે છે તેના કરતા મારી સેવા કરો, મારા મંદિરનો પુનરુદ્ધાર કરો તો મારી મારફત ભારતવર્ષની સેવા થશે.' "

અમે વાતો કરતા હતા ત્યા તો ગામલોકો ભેગા થઈ ગયા. મેં ગામલોકોને કહ્યું કે " તમારા ગામને આગણે ધનના દેવનું મંદિર છે. તમે આ દેવમંદિરને જાળવશો તો તમારુ ગામ પૈસેટકે ખૂબ સુખી થશે."

એક દેસાઈ કવિએ ફટ લઈને કહી દીધું કે " સાહેબ! અમે અને આ બુઢ્ઢા મહતે આ ખખડી ગયેલ મંદિરને જાળવી રાખ્યુ છે પદર વર્ષ પહેલા ગાતે કોઈ ઊંટવાળા આવ્યા આ મંદિરનો કેટલોક ભાગ ખોદી કાઢયો. લોકો કહે છે કે એ ખોદેલ ભાગમાથી ઊંટવાળા સોનૈયા ના બે ચરૂ કાઢી ગયા. સાહેબ! ઊંટવાળાને જે લાટો મળ્યો હોય તે ખરો, પણ મારા બેટા અમારે માટે મંદિરને મરામત કરાવવાની મહેનતનું કામ મૂકી ગયા. તે દહાડે મંદિરને સમુંનમું કરાવ્યું ન હોત તો આજે તો ભૂય ભેગું થી ગ્યુ હોત."

મે દેસાઈકાકા ને કહ્યુ કે " તે દહાડાની તમારી મહેનત નકામી ગઈ નથી આજુબાજુના બીજા ગામો કરતા તમારું ગામ છેલ્લા પદર વર્ષમા વધારે સુખી થયુ હોય એમ મે જાણ્યુ છે " મેં વાતને આગળ વધારતા કહ્યુ કે " આ મંદિરના કેટલાક તૂટેલા ભાગો રખડતા પડયા છે, એ બધાને એકઠા કરીને મંદિર નજીક મૂકી રાખો તો આવતી સાલ કુબેર મહારાજ આ ગામ ઉપર તુષ્ટમાન થશે."

મહત તથા ગામલોકોએ કહ્યું કે " અમે મંદિરના રખડતા પથ્થરો જરૂરથી એકત્ર કરાવીશું."

ગામલોકો સાથેની વાત પૂરી થયા પછી હુ યક્ષરાજના મંદિર તરફ ગયો. આ મંદિરને લોકો જખ્ખરાજ કે જક્ષિણીના મંદિરને નામે ઓળખે છે મંદિરનો શિખર ભાગ તથા સભામંડપ નાશ પામ્યા છે. મંદિરમા પાણી ન પડે તે માટે પુનરુદ્ધાર દરમિયાન આ ઉઘાડા ભાગોને શિલાઓથી ઢાંકી દેવામા આવ્યા છે મંદિરની પંચશાખા દ્વારસાખનું શિલ્પ ઘણું સુંદર છે. તેની ઉપરના ઓતરંગમાનુ નવગ્રહોનુ શિલ્પ આંખને ગમે તેવું છે યક્ષના રાજા એવા કુબેરના મંદિરના ગર્ભગૃહમા નજર કરતા આઠ ફીટ લાંબા, ત્રણ ફીટ પહોળા અને સાડા ત્રણ ફીટ ઊંચાઈવાળા દેવ આસન ઉપર કેટલીક દેવમૂર્તિઓ પડેલી જોઈ. આ મૂર્તિઓમાં ત્રિવિક્રમની વિષ્ણુમૂર્તિ જે નીલા પથ્થરમાથી કોતરી કાઢવામા આવી હતી છે એ મૂર્તિ સોલંકી યુગનું ઉત્તમ શિલ્પ બતાવતી ઊભી છે. નજીકમાં જ ખારા પથ્થરમાથી બનાવાયેલ ભગવાન પાર્શ્વનાથની જૈન

મૂર્તિ ઊભી છે. તેની બાજુમા એક ભગ્ન સૂર્યમૂર્તિ તથા અર્ધ તૂટેલ કુબેર મૂર્તિ પડી છે. તેની નજીકમાં ભગવાન પાર્શ્વનાથની કોઈ મહાકાય મૂર્તિનું પરિકર પડયુ છે. જૈન મૂર્તિઓ બાબત મહંતને પૂછતા તેણે કહ્યું "થોડાં વર્ષ પહેલાં નજીકના તળાવમા નીકળેલી જૈન મૂર્તિઓને અહી ગોઠવી દીધી છે." ગર્ભગૃહ જોઈ ને અમે મંદિરની ચારે બાજુ નિરીક્ષણ કરવા માટે નીકળ્યા. મોટા ભાગનું મંદિર પીઠ ભાગથી છજા સુધી ઠીક હાલત મા ઊભેલું દેખાયું પીઠ ભાગ ઉપરના હસ્તિરથનું શિલ્પ હાથીઓના હલનચલન તેમજ લડાઈના જુદા જુદા અંગો બતાવતુ જીવંત દેખાયું નરથરના શિલ્પમાં કોતરાયેલ તે વખતના સામાજિક તેમજ લશ્કરી પ્રસંગો પણ જીવંત દેખાયા. પીઠ ભાગના કુંભથર ઉપરના કામસૂત્રમાં વર્ણવેલ જુદા જુદા પ્રકારનાં આસનોનું શિલ્પ આ શ્રેણીના શિલ્પમા અભ્યાસ કરવા જેવું લાગ્યું આ થરો ઉપરનું પ્રસવ માટેની તૈયારી કરતી માતાનું શિલ્પ તથા શીતળાદેવીનું શિલ્પ જોઈ ને હું આશ્ચર્યમુગ્ધ બની ગયો. શિલ્પશાસ્ત્રમા કુબેરની મૂર્તિઓના કેવા વિભાગો હશે તે જણાતુ નથી. છતા મંદિરના કુંભથર ઉપર કોતરાયેલ કુબેરની જુદા જુદા પ્રકારની મૂર્તિઓ અભ્યાસ કરવા યોગ્ય છે મંડોવરની જંઘાના ડાબી બાજુના ગવાક્ષમા કુબેરમૂર્તિ ઘણી સુંદર કહી શકાય પાછલા ભાગના ગવાક્ષમાંની કુબેરમૂર્તિ દેખાતી નથી, હાથીઓની સાઠમારી દર્શાવતા શિલ્પ વચ્ચેની નાનકડી કુબેરમૂર્તિ ગવાક્ષમાની મૂર્તિની ગરજ સારતી દેખાઈ. દિક્‌પાલોની મૂર્તિઓ સોલંકી યુગના મંદિરોની મૂર્તિઓને મળતી લાગી મંદિરની પરિક્રમા કર્યા પછી મહંતના આગ્રહને લીધે અમે નજીકમા આવેલ મોટપના પ્રખ્યાત હનુમાનમંદિરના ઓટલા ઉપર ચા પીવા બેઠા. ઓટલા ઉપરથી મંદિરમાં નજર કરતા દ્વારસાખ નજીક ચોડાયેલી એક સુંદર કુબેરમૂર્તિ નજરે પડી એ મૂર્તિ ઉપર સિંદૂરના લપેડા કરીને તેને ભૈરવની મૂર્તિ તરીકે પૂજવામા આવતી હોય તેમ જણાયું ચા દેવીને ન્યાય આપ્યા પછી અમે ફરીથી મંદિરની ચારે બાજુ આંટો માર્યો. કળશથર ઉપરનું કોળીદાણાનું શિલ્પ આંખમા વસી જાય તેવું લાગ્યું. વધારે નિરીક્ષણ કરતા મને લાગ્યું કે આ મંદિર તથા મોઢેરાના સૂર્યમંદિરની બાંધણી, શૈલી તથા ભાસ્કર્ય ઘણાખરાં મળતાં આવતાં હતાં મંદિરને સંપૂર્ણપણે નિહાળીને અમે મહંતની રજા લઈ, જીપમા બેસી અમદાવાદ તરફ જવા નીકળ્યા.

★

૬

# ધ્રુવમઠનાં મંદિરો

એક વખત નારદજી ફરતા ફરતા બ્રહ્માના પૌત્ર ઉત્તાનપાદ રાજાની સભામાં આવી ચડયા. રાજા ઉત્તાનપાદ રાજ્યસિંહાન ઉપર બેઠો બેઠો નિસાસા નાખી રહ્યો હતો. રાજાને નિસાસા નાખતો જોઈને નારદજીએ પૂછ્યું: " હે પૃથ્વીપતિ! તારા જેવા ધરતીના ધણીને એવું તે શું મોટું દુઃખ પડયું કે તું રાજસભામાં બેઠો બેઠો પણ નિસાસા નાખી રહ્યો છે?"

ઉત્તાનપાદ રાજાએ કહ્યું: "નારદજી! મારા દુઃખનો કોઈ પાર નથી. મારો વહાલો પુત્ર ધ્રુવ અમને છોડીને જંગલમાં ચાલ્યો ગયો છે. તેને શોધી કાઢવા ઘણા પ્રયત્નો કર્યા, પણ હજી સુધી તેનો પત્તો લાગ્યો નથી."

o ▪ o

બ્રહ્માના પુત્ર સ્વયંભૂ મનુને પાંચ બાળકો હતાં. એ બાળકોમાં ત્રણ પુત્રીઓ અને બે પુત્રો હતાં. સ્વયંભૂના મરણ પછી મોટો પુત્ર ઉત્તાનપાદ પૃથ્વીપતિ બન્યો. રાજા ઉત્તાનપાદને સુમતિ અને સુરતિ નામે બે રાણીઓ હતી. તેમાં મોટી રાણી સુમતિ અણમાનીતી હતી, જ્યારે નાની રાણી સુરતિ ઉપર રાજાને ખૂબ પ્રેમ હતો. સુમતિને પેટે અવતરેલ પુત્રનું નામ ધ્રુવકુમાર રાખવામાં આવ્યું હતું, જ્યારે સુરતિને પેટે અવતરેલ પુત્રનું નામ ઉત્તમ રાખવામાં આવ્યું હતું. ધ્રુવકુમાર બંને કુમારોમાં મોટો હોઈને ભવિષ્યનો ગાદીપતિ હતો ધ્રુવકુમારની માતા સુમતિ અણમાનીતી રાણી હોઈને તેના ઉપર રાજા બહુ પ્રેમ રાખતો નહિ, એટલે ધ્રુવકુમાર ભાગ્યે જ રાજસભામાં જતો. એક વખત કારણસર ધ્રુવકુમાર રાજસભામાં જઈ ચડયો તેની અપર માતા સુરતિ અને રાજા ઉત્તાનપાદ રાજ્યસિંહાસન ઉપર બિરાજતા હતા. રાજા ઉત્તાનપાદે ધ્રુવકુમારને ઘણે વખતે જોયો એટલે તેના ઉપર પ્રેમ ઉપજયો. તેણે ધ્રુવકુમારને બોલાવીને પોતાના ખોળામાં બેસાડવા માંડયો. તેવામાં સુરતિએ ધ્રુવકુમારનો હાથ પકડીને કહ્યું કે—

"અહીંથી જઈ વનમાં તપ માંડ, હરિને ભજીને કાયા છાંડ,
ફરીને જનમ લે મારે શરીર, પછી ઉત્સંગે બેસજે વીર"

અપર માતાએ તેના પિતાના ખોળામાં બેસવા જતાં ધ્રુવકુમારને કહ્યું કે "આ શરીરે તું ઉત્તાનપાદ રાજાના ખોળામાં બેસી શકીશ નહિ.

જો તારે ઉત્તાનપાદ રાજાના ખોળામાં બેસવું હોય તો તારું આ શરીર છોડી દઈ ફરીથી મારે પેટે જન્મ લે."

માનભંગ થયેલો ધ્રુવકુમાર તુરત જ રાજસભામાંથી પાછો ફર્યો. ઘેર જઈ તેણે અપર માતાએ કરેલા અપમાનની વાત તેની માતાને કરી. ધ્રુવકુમારની વાત સાંભળીને દુ:ખ પામેલ સુમતિએ કહ્યું: "તેં આગલે ભવ કોઈ પાપ કર્યાં હશે એટલે તેનો બદલો આ ભવે ભોગવવો પડે છે. હવે તું જંગલમાં જઈ તપ કર. એટલે ગયા ભવના ખરાબ કર્મો બળી જાય અને તપશ્ચર્યાના પ્રતાપથી નવાં સુકર્મ તારા ભાગ્યમાં લખાય."

ધ્રુવકુમાર તુરત વનમાં જવા તૈયાર થયો. પુત્રવિયોગથી દુ:ખી થતી રાણી સુમતિએ ધ્રુવકુમારને આશીર્વાદ આપ્યા અને કહ્યું: "ભગવાન વિષ્ણુ તારા પર પ્રસન્ન થશે. તું સદા ય દુનિયામાં માન પામવા યોગ્ય થશે."

માતાની આજ્ઞા લઈને પાંચ વર્ષનો બાળક ધ્રુવકુમાર તપશ્ચર્યા કરવા માટે જંગલમાં જવા નીકળ્યો. માર્ગમાં નારદજી સામા મળ્યા એટલે તેણે પૂછ્યું: "અલ્યા બાળક! તું ક્યાં જાય છે?"

ધ્રુવકુમારે કહ્યું: "હું તપ કરવા માટે જંગલમાં જાઉં છું."

"અલ્યા બાળક! આટલી નાની ઉમરે તપ શું અને વાત શી?"

"નારદજી! મારે ગયા ભવના કર્મ બાળવા માટે તપશ્ચર્યા કરવા જવું છે."

"ભાઈ બાળક! આટલી ઉમરે તપ કરવા નીકળ્યો છે, પણ તપ કરવું કાંઈ સહેલું નથી. જો તપનું કષ્ટ સહન નહિ કરી શકે તો ક્યાયનો નહિ રહે."

ધ્રુવે કહ્યું: "ભરી સભામાં પિતાની હાજરીમાં અપર માતાને હાથે માનભંગ થતામાં જે દુ:ખ મેં સહન કર્યું છે તેનાથી વધારે દુ:ખ તપશ્ચર્યા કરવામાં પડશે એમ હું માનતો નથી."

પછી ધ્રુવકુમારે બનેલી બધી હકીકત નારદજીને કહી સંભળાવી. નારદે ધ્રુવકુમારને સલાહ આપી કે જંગલમાં વહેતી કોઈ નદીના વહેણ વચ્ચે આવેલ ઊંચા ટેકરા ઉપર બેસી ભગવાન વિષ્ણુની તપશ્ચર્યા કરીશ તો તું જરૂરથી ધાર્યું ફળ મેળવી શકીશ."

× × ×

નારદે પોતે ધ્રુવકુમારને તપશ્ચર્યા કરવા સલાહ આપી હતી તે વાત તેને યાદ આવતાં તેણે રાજા ઉત્તાનપાદને કહ્યું : "હે રાજન્! મેં ધ્રુવ-કુમારને તપશ્ચર્યા કરવા જતો જોયો છે અને તેને કોઈ જંગલી પ્રાણીઓ હેરાન ન કરે તે આશયથી મેં કોઈ નદી વચ્ચે આવેલા ઊંચા ટેકરા ઉપર બેસી તપશ્ચર્યા કરવાનું પણ કહ્યું છે. હે રાજા ઉત્તાનપાદ ! મેં ધ્રુવકુમારમાં અડગ નિર્ણય પાળવાની શક્તિ જોઈ છે ધ્રુવકુમાર ભવિષ્યમાં તારું કુળ ઉજાળશે."

× × ×

ધ્રુવકુમારે જંગલમાં જઈ કઠિન તપશ્ચર્યા કરી. છ મહિનાની એક-ધારી તપશ્ચર્યા પછી ભગવાન વિષ્ણુ પ્રસન્ન થયા. તેણે ધ્રુવને માથે હાથ મૂકીને કહ્યું : "બાળક! તેં આટલી નાની ઉમરે મારી તપશ્ચર્યા કરી છે તેથી હું ઘણો પ્રસન્ન થયો છું. તને વરદાન આપું છું કે તું તારા પિતા પછી પૃથ્વીનો રાજા બનીશ અને સ્વર્ગારોહણ પછી અચળ ધ્રુવતારાનો રાજા બનીશ. નાની ઉમરે તેં મારા ઉપર અવિચળ શ્રદ્ધા રાખી તપ કર્યું છે એટલે ધ્રુવતારા ઉપરનું તારું રાજ્ય અવિચળ રહેશે."

અવિચળ ધ્રુવતારાને જોઈને પૃથ્વીના લોકો ધ્રુવકુમારને યાદ કરે છે. ધ્રુવકુમારે જે જગ્યાએ તપ કર્યું હતું તે જગ્યાએ સમય જતાં તીર્થ-સ્થળ બન્યું. હાલમાં આ તીર્થસ્થળના સ્થાનને ત્રણ જગ્યાએ બતાવવામાં આવે છે. એટલે ધ્રુવકુમારે કયે સ્થળે તપશ્ચર્યા કરી હશે તે કહેવું મુશ્કેલ બન્યું છે. ધ્રુવની તપશ્ચર્યા બતાવતાં ત્રણ તીર્થસ્થળોમાં એક તીર્થસ્થળ ઉત્તર સૌરાષ્ટ્રને એક છેવાડે ખૂણે આવેલ છે. આ સ્થળ ધ્રાંગધ્રાની પૂર્વ દિશાએ દસ માઈલ અને પાટડીની પશ્ચિમ દિશાએ સોળ માઇલે આવેલ છે. આ સ્થળે જવા માટે કાચો માર્ગ તૈયાર થયેલ છે

ધ્રુવતપશ્ચર્યાનું તીર્થસ્થળ હાલમાં ધ્રુવમઢને નામે ઓળખાય છે. જે જગ્યાએ તીર્થસ્થળ બને ત્યાં સમય જતાં મંદિરો, ધર્મશાળાઓ વગેરે બંધાયા વિના રહેતા નથી. ધ્રુવમઢના તીર્થસ્થળમાં એક પુરાણું શિવમંદિર અડીખમ ઊભું છે. ધ્રુવનો સમય પૃથ્વી ઉપર બ્રહ્માએ મનુષ્ય સર્જ્યાં ત્યાર પછીના એક સૈકાની આજુબાજુનો ગણાય. પુરાણની વાતોને માનવી કે ન માનવી એ વાચનારની મરજી ઉપર છોડું છું, પણ ધ્રુવમઢના તીર્થસ્થળમાં ઊભેલ પુરાણું શિવમંદિર ગુજરાતના નાગર-શ્રેણીના મંદિરોના સર્જનનું પ્રથમ અંગ છે, એ હકીકત છે. મંદિરની

બાંધણી ઉપરથી કહી શકાય કે એ મંદિર સંવતના છઠ્ઠા કે સાતમા સૈકામાં બંધાયું હોવું જોઈએ.

ગુપ્તકાળના ચોથાપાંચમા સૈકા દરમિયાન ગુપ્તકાલીન શ્રેણીના મોટા ભાગનાં મંદિરો સભામંડપ અને ગર્ભગૃહ એમ બે અંગવાળાં બંધાતાં. ગર્ભગૃહ ઉપર કે સભામંડપ ઉપર સાદી અગાશી બાંધવાનો રિવાજ હતો. સમય જતાં સ્થપતિઓ તેમજ ભક્તોને એમ લાગ્યું કે દેવસ્થાનને દૂરથી જોઈ ને નમન કરી શકાય તે માટે મંદિર ઉપર શિખર બાંધવાં જરૂરી છે. ખેતરમાં કામ કરતાં કે દૂર ગયેલા મનુષ્યોને વારંવાર મંદિરે પહોંચવામાં અનુકૂળતા ન પડે તેવે વખતે મંદિરને દૂરથી જોઈને ભક્તિભાવે નમસ્કાર કરી શકાય તે માટે ઊંચાં શિખર બાંધવાની પ્રથા ગુપ્તકાળ પછી સારાય ભારતવર્ષમાં પ્રચલિત બની. સૌપ્રથમ નાગરશ્રેણીના મધ્યમસર માપનાં શિખરોવાળાં મંદિરો બંધાયાં ત્યાર પછી તો આવાં મંદિરો બાંધવામાં પ્રાંતવાર જુદી જુદી શ્રેણીઓ વિકસી. સંવતના સાતમાઆઠમા સૈકામાં બંધાયેલાં ઉત્તર, પૂર્વ, પશ્ચિમ, મધ્ય અને દક્ષિણ ભારતનાં કેટલાંક મંદિરો એકાંડી નાગરશ્રેણીનાં બંધાયાં હતાં. જેમાંનાં થોડાં હાલમાં પણ ઊભાં છે. આવાં મંદિરોમાં રાજસ્થાનના પશ્ચિમ ભાગમાં આવેલ ઓશિયાનાં મંદિરો, મદ્રાસ જિલ્લામાં આવેલ પટ્ટાદુકલનાં મંદિરો, મહારાષ્ટ્રના દક્ષિણ ભાગમાં આવેલ ઐહોલે તથા બદામીનાં મંદિરો, ઓરિસ્સામાં આવેલ ભુવનેશ્વરનાં પુરાણાં મંદિરો, બંગાળનાં પાલ શ્રેણીનાં મંદિરો, ગુજરાતનાં ધ્રુવમઠ તથા સુત્રાપાડાનાં મંદિરો નાગર શ્રેણીનાં એકાંડી મંદિરોમાંનાં છે. જો કે આ મંદિરોની બાંધણીમાં પ્રાંતીય ફેરફારો છે છતાં દેખાવમાં સાધારણ જનસમુદાયને મળતાપણું લાગે તેવાં છે.

ધ્રુવમઠના તીર્થસ્થળ નજીક આવેલ ગામનું નામ પણ ધ્રુવમઠ જ છે. ધ્રુવમઠનું પુરાણું મંદિર સ્થાનિક પ્રજા સિવાય ગુજરાતની કે ભારતવર્ષની પ્રજાની જાણમાં નથી. આ સ્થળ વિશે પુરાતત્ત્વખાતાને પણ જાણ નથી, કેમ કે આ મંદિર બાબત રાજ્ય કે મધ્ય પુરાતત્ત્વખાતાએ કોઈ નોંધ કરેલી જણાતી નથી. તદુપરાંત ધ્રુવમઠના મંદિરના મહંતના કહેવા પ્રમાણે પુરાતત્ત્વખાતાના કોઈ અધિકારીએ સ્થળની મુલાકાત લીધેલી જણાતી નથી. ધ્રુવમઠનું પુરાણું શિવમંદિર ગુજરાતની નાગરશ્રેણીનાં પ્રથમ સોપાનનાં ગણ્યાંગાંઠ્યાં મંદિરોમાં 'નાક' સમું છે. આ

શ્રેણીનાં અથવા આ શ્રેણીની નજીકની શ્રેણીનાં બે જ મંદિરો ગુજરાતમાં જોવા મળે છે–એક સત્રાપાડાનું મંદિર તથા બીજું ધ્રુવમઠનું મંદિર. નાગર શ્રેણીનાં એકાંડી મંદિરો બાંધવાની શરૂઆત થઈ ત્યારે શિખરના ભદ્ર ભાગ ઉપરના કોતરકામમાં ત્રિગુણસૂત્રનો ઉપયોગ થતો. આવા કોતરકામમાં ભદ્રના ચારે ખૂણાનાં સૂત્રો ઉપર ચૈત્યબારી તેમ જ અમુક અમુક ફીટને અંતરે ભૂઆમલકને મળતાં સુશોભનો કોતરવામાં આવતાં. મંદિરના પીઠ ભાગના થરો ઘણા ભારે બનાવવામાં આવતા. કુંભ અને કળશ થર સિવાય ગ્રાસમુખ, હસ્તિથર કે નરથરનાં સુશોભનો કોતરવામાં આવતાં નહિ. મંદિરનો મંડોવર ભાગ તદ્દન સાદો રાખવામાં આવતો. કોઇ કોઈ મંદિરોમાં કપોતની થોડે નીચે ગ્રાસમુખની પહોળી પટ્ટીવાળા સુશોભનનો પટો કોતરવામાં આવતો. કપોતનો ભાગ નાનો રાખવામાં આવતો. સત્રાપાડાના મંદિરમાં મંડોવર ભાગ ઉપર કોઈ સુશોભન નથી, જ્યારે ધ્રુવમઠના મંદિરના મંડોવર ભાગ ઉપર કપોતની નીચે ગ્રાસમુખના સુશોભનવાળો પટો કોતરાયેલો દેખાય છે. સત્રાપાડાના મંદિરનો શિખર ભાગ કંઈક અંશે ચીપિયાઆકાર છે, જ્યારે ધ્રુવમઠના મંદિરનો ભાગ તિલક-આકારનો છે. ધ્રુવમઠનું મંદિર સત્રાપાડાના મંદિર પછી બંધાવ્યું હોવું જોઈએ. આ શ્રેણીને મળતું બીજું એકેય મંદિર ગુજરાતમાં હયાતી ધરાવતું નથી. ધ્રુવમઠના મંદિરની ત્રિશાખા દ્વારશાખની કોતરણી ઉપરથી કહી શકાય કે મંદિર હિંમતનગર પાસે આવેલ રોડાના મંદિર કરતાં વધારે પુરાણું હોવું જોઈએ. ધ્રુવમઠના મંદિરનો સભામંડપ પુનરુદ્ધાર પામેલ હોઈને તેનું પુરાણાપણું ઢંકાઈ ગયું છે. છતાં ગુજરાતના પુરાણાં નાગરશ્રેણીનાં મંદિરોમાં ધ્રુવમઠનું મંદિર ઘણી જ સારી રીતે જળવાઈ રહ્યું છે. મંદિરના ગર્ભગૃહમાં બિરાજતી મૂર્તિઓ નૂતન છે. છતાં મંદિર તો પુરાણું છે જ. કોઈ કાળે ધ્રુવમઠનું તીર્થસ્થળ ઘણી જાહોજલાલી ભોગવતું હશે, કારણ કે આ સ્થળની નજીક આ જ શ્રેણીનાં બીજાં ચાર પુરાણાં મંદિરોના અવશેષો પડયા છે.

ગુજરાતને છેવાડે ખૂણે તદ્દન ક્ષારવાળી અને રસકસ વિનાની ધરતીમાં ઊભેલ ધ્રુવમઠના મંદિર બાબત મારા મિત્ર હમીરભાઇ સોલંકીએ મને માહિતી આપ્યા પછી ગયા ઉનાળામાં હું ધ્રાંગધ્રાથી ધ્રુવમઠ ગયો હતો. ધ્રાંગધ્રાથી ધ્રુવમઠ સુધી જીપ જેવું વાહન જઈ શકે તેવો કાચો માર્ગ છે. ક્યાંક ક્યાંક ખારા પાણીના પાટ વચ્ચે થઈને જતો

માર્ગ કીચડવાળો છે. અમે પ્રાંગધ્રાથી ધ્રુવમક ઉનાળામાં ગયા હોવાથી માર્ગ સૂકો હતો. છતાં ઘણી જગ્યાએ કીચડવાળા પાટો આવતા હતા. શિયાળા તથા ચોમાસામાં આ માર્ગે થઈને ધ્રુવમક જવું અશક્ય છે. પાટડીથી બજાણા થઈને ધ્રુવમક જતો રસ્તો કાંઈક સારો ગણાય. અમે ધ્રુવમક પહોંચ્યા ત્યારે ધ્રુવમકના પુરાણા મંદિર ઉપર ચૂનાનો કૂચડો મારેલ હોવાથી એ મંદિર નૂતન લાગ્યું. પણ નજીક જઈ તપાસ કરતાં મંદિરનું પુરાણાપણું જણાઈ આવ્યું. મંદિર જોતાં મને લાગ્યું કે ગુજરાતનાં કેટલાંક પુરાણાં મંદિરો, જે કોઈ ટ્રસ્ટના હાથ નીચે કે મહંતો પાસે કે ખાનગી માલિકો પાસે હોય છે તેનો પુનરુદ્ધાર થાય છે ત્યારે એ મંદિરોનું પુરાણાપણું જાણે અજાણે ઢાંકી દેવામાં આવે છે. ઘણાં પુરાણાં મંદિરોમાં આવા ફેરફાર થયેલા મેં જોયા છે. મારા ધારવા પ્રમાણે સરકાર આવાં ખાનગી મંદિરોનું કે ટ્રસ્ટ નીચેનાં મંદિરોનું પુરાણાપણું જળવી શકાય તે રીતે પુનરુદ્ધાર કરવાની છૂટ આપે તો વધારે સારું આવાં મંદિરો ભલે ટ્રસ્ટના ખાનગી માલિકોના હાથ નીચે રહે, પણ તેમાં ફેરફાર કરતી વખતે રાજ્ય સરકારના પુરાતત્ત્વખાતાની રજા લેવી જ જોઈએ એવું નક્કી થવું જોઈએ. આ પ્રમાણે ન થાય તો કેટલાં ય પુરાણાં મંદિરો પ્લાસ્ટરથી ઢંકાઈને નૂતન મંદિરોમાં બદલાઈ જશે. આવા ફેરફારોના ઢગલાબંધ દાખલા મારી પાસે મોજૂદ છે.

ધ્રુવમકનું પુરાણું મંદિર ગુજરાતના નાગરશ્રેણીના મંદિરોમાં પુરાણાપણાની દૃષ્ટિએ બીજો નંબર લઈ જાય છે. સંવતના સાતમા સૈકાના ઉત્તરાર્ધમાં કે આઠમા સૈકાના પૂર્વાર્ધમાં બંધાયેલ આ મંદિર ભારતનાં નાગરશ્રેણીનાં મંદિરોમાં શિલ્પ તેમ જ સ્થાપત્યની દૃષ્ટિએ ઘણું જ અગત્યનું છે. ગુજરાતના આ વિષયના વિશારદોને ધ્રુવમકના મંદિરોની મુલાકાત લેવાનું હું સૂચવું છું. આ મંદિરના ચોગાનમાં પડેલ કેટલીક મૂર્તિઓ ભારતની અપ્રાપ્ય મૂર્તિઓમાંની છે. હાલમાં તો એ મૂર્તિઓ રઝળતી પડી છે. મેં મંદિરના મહંતને એ મૂર્તિઓને યથાસ્થાને ગોઠવવાની ભલામણ કરી છે. રામ જાણે, હાલમાં એ મૂર્તિઓના શા હાલ થયા હશે !

૭

# પંચકૃષ્ણ મંદિર: આલોદ

યુધિષ્ઠિર કૌરવો સાથે જુગટુ રમતા રાજપાટ હારી ગયા અને બાર વરસનો વનવાસ તથા એક વરસનો ગુપ્તવાસ ભોગવવાનું નક્કી થયું. વનવાસ દરમિયાન પાચ પાડવ, માતા કુંતા અને સતી દ્રૌપદી ગુજરાતમા આવેલ પચમહાલ જિલ્લાના હેડમ્બાવનમા આવી ચડયા એ પ્રદેશમા એ સમયે હેડમ્બા નામે રાક્ષસી રાજ્ય કરતી હતી.

બપોરનો સમય હતો. સૂરજદેવ તપી રહ્યા હતા. હેડમ્બાવનની પથરાળ ભૂમિ પણ તપી હતી. એવે વખતે

"પાચ પાડવ ને સતી દ્રૌપદી, વનમા ચાલ્યા જાય જી
થાક લાગ્યો દ્રૌપદીને એક પગલુ ય ન ચલાય,
પાડવ વનમા ચાલ્યા જાય જી"

ચાલતા ચાલતા દ્રૌપદીના પગ લથડતા જોઈ માતા કુતાએ કહ્યુ "અલ્યા યુધિષ્ઠિર! અલ્યા ભીમ! સાભળો છો કે નહિ?"

"બોલો, માતાજી શુ કહો છો?"

"બીજુ શુ કહુ? તમે બે-પાચ મહિના વનમા રહ્યા એટલામા તો વનવાસી જેવા બની ગયા. બિચારી દ્રૌપદીના પગ લથડે છે, ચાલી શકાતુ નથી. તમે બધા જુઓ છો છતા કહેતા નથી કે ઘડીક આરામ કરો"

"માતાજી! આરામ તો અમારે ય કરવો છે, પણ આરામ મળે તેવી જગ્યા મળવી જોઈ ને?"

"અલ્યા સહદેવ! ઝાડવે ચડીને ચારે બાજુ નજર કર! નહિતર જોષ જોઇને કહે કે કયાય આજુબાજુમા વિસામો લઈ શકાય અને પીવાનું પાણી મળે તેવું સ્થળ [illegible] કે નહિ?"

સહદેવે એક ઝાડવા ઉપર ચડી ચારે બાજુ નજર કરી, પણ વિસામો લેવાય એવુ કોઇ સ્થળ દેખાયુ નહિ એટલે જમીન ઉપર કુંડળીઓ દોરી જોષ જોઇને કહ્યું કે "અહીથી એક માઈલ ઉત્તરે વહેતી માછણુ નદીને કાઠે એક આશ્રમ આવેલો છે એ આશ્રમમા એક વિષ્ણુ ભક્ત મુનિ રહે [illegible] સ્થળ ખૂબ આરામદાયક છે." પછી સહદેવની દોરવણી નીચે સૌ વિષ્ણુભક્ત મુનિ સુવ્રતના આશ્રમમા પહોંચ્યા

આવનાર મહેમાનો પાંડવો અને તેનાં કુટુંબીજનો છે એ જાણીને મુનિ સુવ્રતના આનંદનો પાર રહ્યો નહિ. મુનિ સુવ્રતે અતિથિઓનો સત્કાર કરતાં ફળ, ફૂલ, કંદમૂળ વગેરે હાજર કરી દીધાં. બપોરનું ભોજન પતાવી પાંડવોએ થોડો વખત આરામ કર્યો. સાંજે પાંડવોએ આગળ જવાની રજા માગી ત્યારે મુનિ સુવ્રતે કહ્યું કે "તમારે વનવાસ જ ભોગવવો છે એટલે ગમે તે વનમાં ભોગવી શકો છો. આ સ્થળ હિડમ્બારણ્યમાં આવેલ છે એટલે અહીં થોડો વખત રોકાઈ જાવ તો મને તમારા સમાગમનો લાભ મળે."

મુનિ સુવ્રતના ખૂબ આગ્રહને લઈને પાંડવો એક મહિના સુધી આશ્રમમાં રોકાયા. મહિના પછી પાંડવોએ કહ્યું કે "મુનિજી! અમને જવા દો."

મુનિએ ફરીથી આગ્રહ કરી પાંડવોને એક અઠવાડિયું વધારે રોકયા. પછી પાંડવો દક્ષિણ તરફ જવા નીકળ્યા ત્યારે મુનિ સુવ્રતે કહ્યું કે "મારા આશ્રમથી ચારેક યોજન મહીસાગર નામે મોટી નદી આવે છે. એ નદીને સામે કાંઠે આવેલા પ્રદેશોમાં હિડમ્બા રાક્ષસીના માણસખાઉ અનુચરો ફરતા રહે છે. જો કોઈ મનુષ્ય એના હાથમાં જાય તો તેનું ભક્ષણ કરી જાય છે."

મુનિ સુવ્રતની વાત સાંભળી ભીમે કહ્યું કે "મુનિરાજ! એ બાબત આપ બેફિકર રહેજો. અમે ચેતીને જ ચાલીશું. છતાં વખત આવ્યે પડશે એવા દેવાશે."

વિદાય આપતાં મુનિ સુવ્રતે આગ્રહપૂર્વક કહ્યું કે "તમે સૌ વનવાસ ભોગવીને પાછા ફરો ત્યારે આ આશ્રમને પાવન કરીને જ આગળ વધજો."

પાંડવોએ મુનિ સુવ્રતની વાત કબૂલ રાખી.

બાર વરસનો વનવાસ અને એક વર્ષનો ગુપ્તવાસ ભોગવી પાંડવો પાછા ફરતી વખતે મુનિ સુવ્રતના આશ્રમમાં આવી પહોંચ્યા. પાંડવોએ આશ્રમમાં જઈ જોયું તો મુનિ સુવ્રતે આશ્રમમાં આવેલ એક જગ્યાએ ભગવાન વિષ્ણુનાં જુદાં જુદાં સ્વરૂપોની પાંચ મૂર્તિઓનું સ્થાપન કર્યું હતું. પાંડવોએ મુનિ સુવ્રતને મૂર્તિઓ બાબત પૂછ્યું ત્યારે મુનિએ કહ્યું કે "તમે ગયા તે પછી મને ગમતું નહોતું એટલે તમારી યાદમાં ભગવાન

વિષ્ણુના પાચ અવતારની પાંચ મૂર્તિઓ બનાવી તેનું પૂજનઅર્ચન કર્યા કરતો હતો."

પંચમહાલ જિલ્લાના મુખ્ય શહેર ગોધરાથી ચોપન માઈલ અને દાહોદથી એકવીસ માઈલ ઉત્તર દિશાએ ઝાલોદ નામે એક નાનકડું શહેર આવેલ છે. આ શહેર પાસે થઈને માછણુ નામે બે નદીઓ વહે છે. આ બને નદીઓ આગળ વધતાં મહી નદીને મળે છે. ઝાલોદ શહેરની પૂર્વ દિશાએ ત્રણ માઈલ દૂર માછણુ નદીને કિનારે સુવ્રત મુનિનો પુરાણો આશ્રમ આવેલ છે. આ આશ્રમને હાલમા "પંચકૃષ્ણનાં મંદિરો" એ નામથી ઓળખાવવામા આવે છે.

ઝાલોદના રહીશ મીઠાઈના વેપારી નારણભાઈ પટેલે મને પંચકૃષ્ણનાં પુરાણાં મંદિર જોવા માટે આગ્રહભર્યું આમંત્રણ આપ્યું હતું. પુરાણા શિલ્પના સંશોધન અંગે હું પંચમહાલના ઘણા શહેરોમાં ગયો હતો, પણ ઝાલોદ તરફ ગયો નહોતો. એટલે હું રવિવાર તા. ૨-૧-'૬૬ને રોજ વહેલી સવારે ઝાલોદ જવા નીકળ્યો. અમદવાદ-નડિયાદ રોડ ઉપર મોટાં વાહનોનો ધસારો રહેતો હોઈને તેમાથી બચવા મેં મારી ગાડી મહેમદાવાદ-મહુધા-ડાકોર રોડ તરફ વાળી. ગાડી દોઢ કલાકમા પહોંચી ગઈ. ડાકોરથી દાહોદ સુધીનો રસ્તો સિમેંટ કોંક્રેટથી બંધાયેલો હોઈને ગાડી બે કલાકમા જ દાહોદ પહોંચી ગઈ દાહોદ-ઝાલોદનો રસ્તો થોડા સમય પહેલા જ પાકો બની જવાથી નવ વાગતામા અમે ઝાલોદ પહોંચી ગયા. ઝાલોદના દરવાજામા નારણકાકા તથા તલાટી શ્રી મિસ્ત્રી મારી રાહ જોઈને ઊભા હતા. ઝાલોદ શહેર રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ગુજરાતને ત્રિભેટે આવેલું હોઈને સારું વેપારી મથક ગણાય છે. ઝાલોદની પ્રજાને પ્રિય એવો ગુલાબજાંબુ તથા રતલામી સેવનો નાસ્તો કરીને અમે પંચકૃષ્ણમંદિરે જવા ઊપડયા. મંદિરે જતો માર્ગ ખાડા ટેકરાવાળો હોઈને ગાડી લઈ જઈ શકાય તેમ નહોતું. દોઢેક માઈલ ચાલ્યા પછી અમે ઘેરકા નામે આદિવાસીઓની વસ્તીવાળા નાના ગામમા પહોંચ્યા. તલાટી શ્રી મિસ્ત્રી અમારી સાથે હોઈને આદિવાસી મુખીએ 'રામ રામ' કરીને ખાટલો ઢાળી આપ્યો. મુખી સાથે આદિવાસીઓના રીતરિવાજો અને રહેણીકરણી બાબત વાત કરતા કહ્યું :

"સાહેબ! અમારામા અને પશુઓમા ઝાઝો ફેર નથી જન્મવું, જીવવું અને મરવુ એટલી બાબતની અમને માડ ખબર પડે છે. આ

પંથકમાં વસતા મોટાભાગના આદિવાસીઓને ભાગે માંડ બેપાંચ વીઘાં જમીન આવે છે. એ જમીનમાં બેચાર મહિના પૂરો પડે એટલો દાણો પાકે છે. બાકીના છઆઠ મહિના તમ જેવાની મજૂરી કરીને પેટ ભરીએ છીએ. અમારામાં સંગ્રહવૃત્તિ નથી. આજનો દાણો ઘરમાં હોય તો કોઈ કાલની ફિકર કરતું નથી. એટલે દુકાળના વરસમાં અનાજના સાંસા પડે છે. ઘણી વાર અનાજ ન મળે તો જુવારનાં રાડાં ખાંડી, તેનો ઉકાળો પીને બેપાંચ દહાડા કાઢી નાખીએ છીએ. અમારાં છોકરાંઓ જેમ ઝાડવાં વધે તેમ એની મેળે વધ્યે જાય છે. કોઈ માંદું પડે તો દવાદારૂમાં અમે સમજતા નથી. આજુબાજુ મળતાં કડવાં મૂળીયાં વાટીને પી લઈએ તે છતાં રોગ ન મટે તો ભૂત-ભૂવાને બોલાવીએ છીએ. ભૂત-ભૂવાથી રોગ ન મટે તો 'જેવી ભગવાનની મરજી' એમ સમજીને બેસી રહીએ છીએ. અમારો પુરુષવર્ગ મોટે ભાગે લંગોટી સિવાય બીજાં કપડાં પહેરતો નથી. સ્ત્રીઓ એક જોડી સાડલા-ચણીયામાં આખું વર્ષ કાઢી નાખે છે. મરજી પડે તો વર્ષમાં બેચાર વખત નહાઇએ છીએ. નહીતર એક સાલથી બીજી સાલ વરસાદ નવડાવે તો નાહીએ. લગ્ન વખતે અમારે કોઈ ગોર નહિ, કોઇ ભગત થઈ ગયો હોય તે અમારાં લગ્ન કરાવી આપે છે.

રોજ પાંચ માળા ફેરવે અને માંસ-મદિરાનો ત્યાગ કરી આજુબાજુ આવેલ કોઈ દેવદેરાને સાફ કરી ધૂપદીવો કરે તેને અમે 'ભગત' કહીએ છીએ."

આદિવાસીને ત્યાં ઠંડું પાણી પી અમે આગળ જવા નીકળ્યા. ત્રણેક ફર્લાંગ આગળ વધતાં માછણ નદીને કાંઠે ઊભેલાં પંચકૃષ્ણનાં મંદિરો નજરે પડયાં. નદી પાર કરી અમે પંચકૃષ્ણનાં મંદિરોએ પહોચ્યા ત્યારે એક ભગત મંદિરો સાફ કરી રહ્યા હતા. ભગતે અમને 'રામરામ' કર્યા પછી પોતાના કામમાં લાગી ગયા.

માછણ નદીને કાંઠે આવેલ ઊંચાણ જગ્યાએ આસરે એક વીઘા સમતલ જમીન ઉપર પંચકૃષ્ણનાં પાંચ પુરાણાં મંદિરો ઊભાં હતાં. મંદિરોમાં ઘૂમમાનો અમુક ભાગ જોતાં મને લાગ્યુ કે એ મંદિરો સંવતના બારમા સૈકાની આજુબાજુ બંધાયા હશે. મંદિરોના આખા ય ઘૂમમાનો બેત્રણ વાર પુનરુદ્ધાર થયેલો હોઇને મંદિરોનું પુરાણાપણુ નષ્ટપ્રાય થયેલુ દેખાતું હતું. મંદિરોના આખા ય ઘૂમમામાં ગરુડ ચોકીનો પીઠભાગ તથા એક ભગ્ન મંદિર સિવાય બીજાં ચારે ય મંદિરો નવાં જેવાં દેખાતાં હતાં. નદી

તરફથી મંદિરોના ઝૂમખામાં દાખલ થતા ડાબે હાથે આવેલ થોડા સમય પહેલા જ પુનરુદ્ધાર પામેલ કૃષ્ણમંદિરના સભામંડપમાં ઊભા રહી ગર્ભગૃહમા નજર કરી તો મારા આશ્ચર્ય વચ્ચે ભગવાન વિષ્ણુની બે પુરાણી મૂર્તિઓ નજરે પડી. બે મૂર્તિઓમા મોટી મૂર્તિ ભગવાન વિષ્ણુના ચોવીસ અવતારોમા ચૌદમા અવતાર વાસુદેવની હોય તેમ લાગ્યુ. બીજી નાની મૂર્તિ ભગવાન વિષ્ણુના બાવીસમા અવતાર ઉપેન્દ્રની લાગી. બન્ને મૂર્તિઓની કોતરણી નયનરમ્ય હતી મૂર્તિઓ થોડી ખંડિત થયેલી હતી. આ મંદિરની બાજુમા આવેલ ભગ્ન મંદિરમા મૂર્તિ દેખાતી નહોતી. ફક્ત મૂર્તિના આસન ઉપર કોઇ તૂટેલ વિષ્ણુમૂર્તિની પીઠિકાનો ઉપરનો ભાગ દેખાતો હતો બાજુમા આવેલ એક મંદિરમા ભગ્ન પીઠિકા-ભાગવાળી ઉમા–મહેશની સુંદર મૂર્તિ ગોઠવેલી દેખાતી હતી. એ મંદિરની સામે આવેલ પુરાણા વિષ્ણુમંદિરના ગર્ભગૃહમા આવેલ પુરાણા આસન ઉપર ગણેશની બે નૂતન પ્રતિમાઓ નજરે પડતી હતી. એ પ્રતિમાઓ બહુ જૂની દેખાતી નહોતી. પાંચ મંદિરો વચ્ચેના ચોકમા આવેલ પુરાણી ગરુડ ચોકીની ઉપર કોઈ મૂર્તિની પીઠિકાનો ઉપલો ભાગ દેખાતો હતો. આદિવાસી ભગતના કહેવા મુજબ પીઠિકા ઉપર બેસાડેલ ગરુડની મૂર્તિને દસ વર્ષ પહેલા કોઈ લઈ ગયું હતુ

અમને જોતા જ મંદિરના આદિવાસી ભગતનું મોઢું પડી ગયું મે તેને 'રામ રામ' કર્યાં ત્યારે તેણે ગમ ગમ કહીને પોતાના હાથમાનુ કામ કરવા માડ્યું એકાંત મળતા મે ભગતને પૂછ્યું કે 'ભગતરાજ! અમને જોઈને તમને કોઈ પ્રકારનું દુ:ખ થયુ હોય તેમ લાગે છે." થોડી વાર સુધી ભગત કાંઇ બોલ્યા નહિ એટલે મે આગ્રહપૂર્વક પૂછી જોયું ત્યારે તેમણે આજુબાજુ નજર કરી અને કહ્યુ કે "આ સ્થળે

"મૂર્તિયન કી લુટ હૈ, લુટ સકે તો લુટ
પીછે તું પછતાએગા લોટ જાયેગા ખૂટ.'

"સાહેબ! અહીંયા તમ જેવા સાહેબ લોકો આવે છે તે બધા અહીં પડેલ પુરાણી મૂર્તિમાથી એકાદ મૂર્તિ લેતા જાય છે. મૂર્તિ લેવાની ના પાડીએ તો 'ગરીબની વહુ સૌની ભાભી' એ કહેવત મુજબ તમ જેવા સાહેબ લોક અમને ધમકાવે છે એટલે તમ જેવાને જોતાં જ અમને દુ:ખ થાય છે. સાહેબ! એક વખત તમ જેવુ કે ટપાટપન પહે રીને કેઈ ટમેટા જેવો લાલઘૂમ સાહેબ અહીં આવી ચડ્યો સાહેબે મંદિરમાંની મૂર્તિઓ જોઈ. કોઈ ખરીદ કરવાવાળો હેરબજારમાથી હેર

ખરીદે ત્યારે તેના અગઉપાગ જુવે તેમ સાહેબે બધી જ મૂર્તિઓને નીરખ્યા પછી એક મૂર્તિ ઉપાડાવી. હું બાજુમા જ ઊભો હતો, પણ શું કરુ ? ગોરા સાહેબને શું કહી શકાય ? સાહેબ તો વજનદાર મૂર્તિને ઉંચકાવીને નદીના ઢાળ તરફ ચાલ્યા સાહેબની ગાડી નદીને સામે કાંઠે ઊભી હતી એટલે સાહેબ નદીના ઢાળ ઉપર થઇને મૂર્તિ લઈ સામે કાંઠે જવા લાગ્યા ઢાળ ઊતરતા સાહેબનો પગ લપસ્યો અને મૂર્તિ અને એ બન્ને દડતા દડતા નદીમા જઈ પડયા મારે હસવું નહોતુ તો પણ હસી જવાયું ! ગુસ્સે થયેલા સાહેબ રાતામાતા થઈને મૂર્તિને નદીના વહેણમા છોડી ચાલતા થયા સાહેબ ! અમે તો તે મૂર્તિને પાછી લાવી સામેના મંદિરમા ગોઠવી ત્યાર પછી તો સાહેબ ! ધરમાદાના પૈસા મગે તેમાથી સિમેન્ટ લાવી અહીં ત્યાં પડેલી રઝળતી મૂર્તિઓ મંદિરમા ચોડાવ્યે જઉ છુ આ મંદિરમા દેખાય છે તેટલી ચાર પુરાણી મૂર્તિઓ મે મંદિરમા ગોઠવી દીધી એટલે રહી જવા પામી છે પંદર વર્ષ પહેલા આ સ્થળે પડેલ પુરાણી મૂર્તિઓમાથી માડ સોળમા ભાગની મૂર્તિઓ રહી છે હવે તો સાહેબ ! તમ જેવા આવે ત્યારે મનમા એમ થઈ જાય છે કે અહીંયા કોટપાટલુનવાળા અને ભણેલાગણેલા માણસો ન આવે તો સારુ. આઝાદીપાનું રાજ્ય થયા પહેલા આ સ્થળે કોઇ આવે તો અમે ઘડીના છઠ્ઠા ભાગમા લુટી લેતા એ સમયે કોઇનો ભાર નહોતો કે અહીંની મૂર્તિઓ લઈ જાય ! પણ સમય બળવાન છે આ જમાનામા કોઇને કહેવા જઈએ અને કદાચ કોઈ લાગવગવાળો હોય તો અમારે નકામુ હેરાન થવુ પડે !"

કૃષ્ણમંદિરે બેએક કલાક રોકાઇને અમે ઝાલોદ જવા નીકળ્યા પાંચે મંદિરોની મૂર્તિઓનાં અંગઉપાગ, પહેરવેશ, આભૂષણો, આયુધો વગેરે સબધી વિચાર કરતા મને લાગ્યુ કે લીલા પથ્થરમાથી કોતરી કાઢેલ પંચકૃષ્ણના મંદિરની મૂર્તિઓ એ સ્થળે કોઈ મહાવિષ્ણુતીર્થ હોય તેમ દર્શાવતી હતી મંદિરો બંધાવનાર કોઇ સાધનસંપન્ન વ્યક્તિ હોય તેમ લાગ્યું મંદિરો પાસેના એક પાળિયા ઉપર ૧૩૫૫નો લેખ લખાયેલ છે.

ઝાલોદ પહોચ્યા ત્યારે બે વાગી ગયા હતા બપોરના ભોજન માટે મારા મિત્ર ડોક્ટર સાહેબનું કુટુંબ મારી રાહ જોઈને બેસી રહ્યું હતું બપોરનું ભોજન પતાવીને અમે અમારી ગાડીને અમદાવાદ તરફ હંકારી મૂકી

८

# કેન્યાટાનું સૂર્યમંદિર : પોળો

છેક મોહન-જો-ડેરો અને હરપ્પા સંસ્કૃતિને મળતી સંસ્કૃતિના અવશેષોથી માંડીને ગંધાર, ગુપ્ત, મૈત્રક, સોલંકી, અફઘાન, મોગલ તથા સોલંકીના મિશ્રણવાળી શૈલી, રાજસ્થાની શૈલી, મહારાષ્ટ્રિયન શૈલી અને છેલ્લે રોમન અસરવાળી બ્રિટિશ શૈલી જાળવીને કેટલાય શિલ્પસ્થાપત્યોના અવશેષોના ઉત્તમ નમૂનાઓ ગુજરાતભરમાં વેરાયેલા પડયા છે.

ગુજરાતની પ્રજા વેપારની બાબતમાં ખૂબ સાહસિક છે, પણ શોધ-ખોળની બાબતમાં બહુ રસ લેતી નથી, એ હકીકત છે. ગુજરાતના પુરાણા શિલ્પસ્થાપત્યો વિશે લખનાર કેટલાય લેખકોને મેં અમુક પરદેશી લેખકોના કે થોડાક ગુજરાતના આ વિષયના ઉત્તમ લેખકોના પુસ્તકો વાંચીને લખી નાખનાર જોયા છે. ગુજરાતે શિલ્પધનને ભારતવર્ષના બીજા પ્રાંતોની દૃષ્ટિ આગળ લાવવા માટે સતત પ્રયત્ન કરવા પડશે.

અમદાવાદથી ખેડબ્રહ્મા જતા 'નેશનલ હાઈ વે ઉપર ઇડરથી આગળ વધતા છઠ્ઠે માઇલે જમણે હાથે વિજયનગર જવાની કાચી સડક ફંટાય છે. આ સડકે આગળ વધતા ઠડિયાદરા થઈને ચોરીવાડ આગળ વધતા આદિવાસીઓ માટે ચાલતો આસ્તિક આશ્રમ આવે છે. આશ્રમની નજીકમાં જ હરણાવ નદી વહે છે. જેવું સુંદર નામ એવા રૂપાળે સ્વરૂપે વહેતી હરણાવ નદીનું રૂપ હર કોઈની આંખમાં વસી જાય તેવું છે. નદીકાંઠાના એક સોએક ફીટ ઊંચા ડુંગરા ઉપર આશરે દસમા સૈકામાં બંધાયેલ સોલંકી શ્રેણીના બે પચાડી મંદિરો ઊભા છે. આ ડુંગર અને આસ્તિક આશ્રમની વચ્ચે નદીકિનારેથી થોડેક દૂર જંગલથી વીંટળાયેલ એક તોરણ ઊભું છે. બાંધણી ઉપરથી આ તોરણ સંવતના ચૌદમા કે પંદરમા સૈકાની આજુબાજુમાં બંધાયું હોય તેમ લાગે છે. તોરણ પાસે પહોંચતા સુધીમાં ખયાલ પણ ન આવે કે તોરણની બાજુમાં કોઈ મંદિરના અવશેષો વેરવિખેર પડયા છે! આ તોરણથી થોડાક પગલાં દૂર એક સૂર્યમંદિર અર્ધ ભગ્ન હાલતમાં ઊભું છે. મંદિરનો ભાગ તૂટી પડયો છે. રંગમંડપનો ઘૂમટ ધરાશાયી થયો છે. રંગમંડપના સ્થંભો તેની ઉપરના કાટખૂણાઓના બંધનથી એક બીજાને ટેકે પડું પડું થઈ રહેલી હાલતમાં ઊભા છે.

પંદર વર્ષ પહેલાં ચોરીવાડથી પોળોના જંગલ તરફ આગળ વધવું એ જોખમવાળું ગણાતું, તેમાં ય વળી આસ્તિક આશ્રમ નહોતો ત્યારે તો હરણાવ નદીકાંઠાનાં જંગલો એટલાં બધાં ઘાડાં હતાં કે ખરે બપોરે હરણાવનું પાણી પીતાં વાઘચિત્તા-જેવાં હિંસક જનાવરો નજરે ચડતાં. આવાં ઘાડાં જંગલો વચ્ચે વિશાળ અને ભવ્ય સૂર્યમંદિર તથા બીજાં મંદિરો કોણે બંધાવ્યાં હશે એવો સવાલ હર કોઈ જોનારના મનમાં ઊઠયા વિના રહેતો નથી.

જમીન હમેશાં બદલાતી આવી છે. એક જન જાય, બીજા આવે. ડટ્ટન સો પટ્ટન અને પટ્ટન સો ડટ્ટન એમ વારાફેરા ચાલ્યા આવ્યા છે. તૂર્કી, ઈજીપ્ત, સહરા અને મેસોપોટેમિયાના રણ જેવા વિસ્તારોમાં મહાકાય મંદિરો, કિલ્લાઓ, મહેલો, પીરામીડો અને મોટાં બાવલાંઓ મળી આવ્યાં છે. આવી ઉજ્જડ જગ્યાઓમાં શહેરો કયાંથી વસ્યા હશે, કેમ વસ્યાં હશે એ વિચારવા જેવી વાત છે.

કુદરતની ગતિ ન્યારી છે. સ્થળ ત્યાં જળ, જળ ત્યાં સ્થળ જંગલમાં વસ્તી, વસ્તી ત્યાં જંગલ. ફળદ્રુપ જમીન ત્યાં રણ અને રણ ત્યાં ફળદ્રુપ જમીન એમ હરેક મન્વંતરમાં બન્યા કર્યું છે પોળોના જંગલની જગ્યાએ કોઈ કાળે સૈકાઓ સુધી સુવ્યવસ્થિત રાજ્યઅમલ ચાલતો હશે, એમ અવશેષો ઉપરથી દેખાઈ આવે છે. આસ્તિક આશ્રમથી માંડીને છેક ભીમખેડા ડુંગરની પેલી પાર ત્રણેક માઈલ સુધી હરણાવ નદીના બંને કાંઠા ફળદ્રુપ ખીણમાં બાર બાર માઈલ સુધી વિશાળ મંદિરો, વાવો, તોરણો, છત્રીઓ, કિલ્લાઓ, કુંડો વગેરેના અવશેષો જોવા મળે છે. મળી આવેલા સાધનો દ્વારા હાલમાં એટલું જાણી શકાયું છે કે આ સ્થળે છથી સાત સૈકા સુધી સંસ્કૃતિધામ રૂપ નાનામોટાં શહેરો અને ગામડાઓ વસેલા હતા. આ સ્થળે મળી આવેલા સિક્કાઓમાં કેટલાક મૈત્રક કાલીન પણ છે. બારોટના ચોપડાની ખ્યાતો, સોલંકી કાળના તામ્રપત્રો, રાષ્ટ્રકૂટોની કેટલીક દંતકથાઓ વગેરેને આધારે તથા બત્રીસ જેટલા પાળિયાઓ અને તેર છતરીઓ ઉપરના જુદા જુદા લેખો ઉપરથી જાણી શકાયું છે કે પોળોના જંગલમાં આવેલા અવશેષોની જગ્યાએ ત્રણથી ચાર રાજવંશોએ જુદે જુદે સમયે રાજ્ય કર્યું હશે.

જૂના અવશેષોની શરૂઆત તો છેક ચોરીવાડથી જ થાય છે, પણ કેન્યાટાના સૂર્યપંચાયતન મંદિરથી આગળ વધતા કેટલાય પુરાણા

અવશેષો નજરે પડે છે. કેન્યાટા મહાદેવને નામે ઓળખાતા જૂના સૂર્યપંચાયતન મંદિરમાં સૂર્યમૂર્તિ નથી, પણ ત્રિશાખા દ્વારની બંને શાખોમાં ચડઉતર સૂર્યની બેઠી મૂર્તિઓ નજરે પડે છે. બેએક વર્ષ પર ગુજરાત રાજ્યસરકારના પુરાતત્ત્વ ખાતાએ આ મંદિરના અવશેષોને ઠીકઠાક કરાવ્યા છે. ચાર ખૂણાનાં ચાર મંદિરોમાંનાં બે મંદિરો અર્ધભગ્ન ઊભાં છે, જ્યારે બે તદ્દન ઢગલો થઈ પડયાં છે! અમે સૌપ્રથમ આ મંદિર જોવા ગયા ત્યારે ચોરીવાડના એક વયોવૃદ્ધ બ્રાહ્મણ ભાઈએ કહ્યું હતું કે એ મંદિરમાં ચાળીસ વર્ષ પહેલાં સાત મોઢાવાળા ઉચ્ચૈશ્રવા અશ્વની પીઠ ઉપર બેઠેલી સુંદર સૂર્યમૂર્તિ બિરાજતી હતી, પણ એ મૂર્તિ ક્યારે ક્યાં ગઈ તે જણાયું નથી. સૂર્યમંદિર પાછળ આવેલ નદીના ઓવારા તરફ ઊતરવાનાં પગથિયાં ઉપર ઊભેલ સૂર્યપિતા મહાર્કની મૂર્તિ પણ નજરે પડતી હતી. હું છેલ્લાં પાંચ દસ વર્ષના ગાળામાં પોળો વિસ્તારના જંગલમાં આઠ વખત જઈ આવ્યો છું. દરેક વખતની મારી મુસાફરીમાં મને શિલ્પસ્થાપત્યના નવીન અવશેષો જોવા મળ્યા છે. ત્રણ વર્ષ પહેલાં એક ભાઈએ કહ્યું હતું કે સૂર્યમંદિરનું આખુંય તોરણ અહીંથી ઉડાવીને બીજી જગ્યાએ ગોઠવવાનો પ્રયાસ થયેલો, પણ કોઈ કારણસર એ કામ અટકી ગયું.

મોઢેરાનું સૂર્યમંદિર મહાકાય અને વિશાળ છે. સોમનાથનું ત્રિવેણી સંગમ ઉપરનું સૂર્યમંદિર તથા થાનનું જૂનું સૂર્યમંદિર એ બંને મધ્યમ કદનાં છે. તદુપરાંત ગુજરાતમાં મૈત્રક કાળથી માંડીને છેક આજ સુધીનાં જુદાં જુદાં સૂર્યમંદિરો આવેલાં છે; પણ સૂર્યપંચાયતનનું મંદિર તો એકલું પોળોના જંગલનું કેન્યાટાનું સૂર્યમંદિર જ છે.

કહેવાય છે કે વલ્લભીપુરના છેલ્લા રાજા શિલાદિત્યના બાળપુત્રને લઈને તેની મોટી બહેન વીરમતિ વીરેશ્વર મહાદેવના પવિત્ર સ્થળમાં રહી હતી. આ સ્થળ આસ્તિક આશ્રમથી બહુ દૂર નથી. છેલ્લા શિલાદિત્યનો પુત્ર ગુહસેન ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં ગેહિલ રજપૂતોનો મૂળ પુરુષ ગણાય છે, મેવાડના રાણાઓ પણ ગુહસેનને પોતાનો મૂળપુરુષ ગણે છે આ બધા રજપૂતો પોતાને સૂર્યવંશી ગણે છે. કેન્યાટાના સૂર્યમંદિરના અવશેષો કહી બતાવે છે કે આ પ્રદેશમાં કોઇ સૂર્યપૂજક રાજાનું રાજ્ય હશે.

અલાઉદ્દીન ખીલજી સામે લડતાં કરણઘેલાની હાર થઈ. ગુજરાતમાં મુસ્લિમ રાજ્ય સ્થપાયું, પણ પહાડી અને જંગલ વિસ્તારનાં કેટલાંક

રાજ્યો સ્વતંત્ર રહ્યા. કહેવાય છે કે પોળોના જંગલમાંના હાલના અવશેષોવાળા વિસ્તારમાં રહીને ગઢોડાએ અને તે પહેલાંના રજપૂતોએ મુસ્લિમો સામે સૈકાઓ સુધી ટક્કર ઝીલી હતી જેમ જેમ મુસ્લિમ હુમલાઓ વધતા ગયા તેમ તેમ આ વિસ્તારની પ્રજા વિજયનગર તરફના પ્રદેશમાં પાછી હઠતી ગઈ સત્તરમા સૈકા પછી દુશ્મનોના હુમલાથી બચવા અને આજુબાજુના વિસ્તારમાં આવેલાં ગાઢાં જંગલોને લઈને થતા રોગચાળામાંથી બચવા પોળોનું જૂનું શહેર છોડી દઈને હાલનું વિજયનગર વસાવવામાં આવ્યું. અઢારમા સૈકા પછી પોળોનો વિસ્તાર તદ્દન ઉજ્જડ થઈ ગયો આડેધડ જંગલો ઊગી નીકળ્યાં એ સમયે કેન્યાટાનું સૂર્યમંદિર કે બીજાં મંદિરો સારી હાલતમાં હશે, પણ સારસંભાળ વિના મંદિરો ઉપર વૃક્ષો ઊગી નીકળ્યાં હવામાનની અસરથી પણ મંદિરોનો ધીમો નાશ નોતરાયો પોળોનાં મંદિરનો વિનાશ નોતરવામાં પીપળો, વડલો, પીપર અને ઉમરડો વગેરે ઝાડોએ મુખ્ય ભાગ ભજવ્યો છે કેન્યાટાના સૂર્યમંદિરમાં ઊગી નીકળેલ વૃક્ષો જોતાં આપણને ખ્યાલ આવી જાય કે આ મંદિરના વિનાશનું મુખ્ય કારણ વૃક્ષો હશે ભગ્ન મંદિરના અવશેષોમાંથી એક વૃક્ષમાં વીંટળાયેલ સભા મંડપના ચંદરવાના ટુકડાઓ મળી આવ્યા ત્યારે મને લાગ્યું કે પોળોના જંગલમાં આવેલા મંદિરોનો વિનાશ નોતરવામાં વૃક્ષોએ અંગકોરવટના કે અંગકોરથાનના મંદિરોનો વિનાશ કરવામાં જેટલો ભાગ ભજવ્યો છે તેટલો અહીંયાં પણ ભજવ્યો છે

કેન્યાટાના સૂર્યમંદિરની આજુબાજુ કેટલું ય શિલ્પખંડ રઝળતું પડ્યું છે. ચૌદમા સૈકાના રોજીંદા જીવનનું શિલ્પ એ કેન્યાટાના સૂર્ય મંદિરનું ઉજળું પાસું છે રંગમંડપના સ્થંભમાં કોતરાયેલ મંદિર બંધાવનારની મૂર્તિઓ પણ જોવાલાયક છે મેં થોડા આદિવાસી ભાઈઓને મળી અવશેષોની સંભાળ રાખવા કહ્યું ત્યારે એક વૃદ્ધ આદિવાસીએ કહ્યું "સાહેબ! આ મંદિર તોડવામાં વરખડાએ જેટલો ભાગ ભજવ્યો છે તેનાથી વધારે ભાગ મકાન બાંધનારાઓએ ભજવ્યો છે આસ્તિક આશ્રમની દ્વારશાખો ઉપરના પથ્થરના ડાટણાઓ ઉપર જરાક નજર કરો તો ખ્યાલ આવશે કે સભ્ય ગણાતો વર્ગ પણ પુરાતન અવશેષોનો ક્યારેક દુરુપયોગ કરે છે

મેં આદિવાસી ભાઈઓને કહ્યું કે "આ જંગલોમાં આવેલાં જૂનાં મંદિરો તો જૂના સોના જેવાં છે જો આ અવશેષો જેમના તેમ રહેશે

જરૂરથી કેટલા ય દેશી, પરદેશી મુસાફરો આ સ્થળની મુલાકાત
ા અને ગુજરાતનો એક છીવાડો ખૂણો દુનિયાની જાણમાં આવશે."

આપણે આપણા શિલ્પસ્થાપત્યના પુરાણા અવશેષોની જાળવણીની
ી જ જવાબદારી રાજ્ય કે મધ્યસ્થ સરકારને માથે નાખીએ તે
ઠું છે. એક બીજાથી દૂર દૂર આવેલા અવશેષોના નાના સમૂહો માટે
ાક મૂકી શકાય નહિ. આવા છૂટાછવાયા નાના સમૂહોની જાળવણી
ાની જવાબદારી આજુબાજુની પ્રજાએ ઉપાડી લેવી જોઈએ. તુર્કી,
ાને ગઈ કાલ સુધી પછાત ગણાતાં ઈરાન, અફઘાનિસ્તાન વગેરે દેશોમાં
રાણા અવશેષોની જાળવણી મોટે ભાગે ત્યાંની પ્રજાએ ઉપાડી લીધી છે.

મારું એમ માનવું છે કે પુરાણા અવશેષોની જાળવણીની પારાશીશી
ાજુબાજુની પ્રજાની પ્રામાણિકતા અને દેશપ્રેમ ઉપર આધારિત છે. જે
શની પ્રજા પુરાણા અવશેષોને માથા સાટે માલ ગણે તે દેશના પુરાણા
ાવશેષોને આંચ ન આવે. મારી સાથે એક અમેરિકન બહેન પોળોનાં
ંદિરોના અવશેષો જોવા આવ્યાં. જંગલમાં ઊભેલા ભવ્ય મંદિરો,
ાહેરના કેટલાક ભાગો વગેરે જોઈને એ બહેને કહ્યું : "શું અહીંના
અવશેષોની જાળવણી કરનાર કોઈ નથી?" વધારામાં એ બહેને કહ્યું:
'યુનાઈટેડ સ્ટેટના પ્રદેશનો ફક્ત ચારસો વર્ષનો પુરાણો ઇતિહાસ
છે એ વાતનો અમારી પ્રજાને રંજ છે, જ્યારે તમારી પાસે હજારો વર્ષ
પહેલાંની સંસ્કૃતિના અવશેષો છે પણ જળવાતા નથી!"

મને પેલી કડી યાદ આવી :

જગતના નિયંતા! દીસે ન્યાય તારો ન્યારો,
તેથી આ સંસાર મને લાગે ખારો ખારો.
શિક્ષિત સુંદર પુરુષને કરમે કુલટા નાર,
હીણભાગી ગમાર તે રંભા વરે અપાર.

ખરેખર! રાવણ ન હોત તો રામાયણ ન લખાત અને કદાચ
લખાત તો એટલું બધું રસપૂર્વક ન વંચાત દુઃખ ન હોત તો સુખનો
સ્વાદ શેં સમજાત!

દુનિયાની જુદી જુદી સંસ્કૃતિઓની ચડતીપડતી ન થાત તો
જુદી જુદી જાતની કળાઓ ન ઉદ્‌ભવત

શિલ્પસ્થાપત્યના અવશેષોની જાળવણી કરવી એ હવે દુનિયાની હરેક પ્રજાની ફરજ થઈ પડી છે. પોળોના પુરાણા સૂર્યમંદિરમાના વિષ્ણુ તથા શિવ મંદિરના અર્ધ તુટેલ ભાગો જોતા મારી સાથેના એક બીજા મિત્રે કહ્યું: "ભગવાને મને ધન આપ્યું નથી છતાં ય જો આ મંદિરના પુનરુદ્ધાર માટે પ્રયત્ન થાય તો હું મારા બે પગાર જેટલા પૈસા તરત જ આપી દઉં." સૂર્યમંદિરનો પુનરુદ્ધાર કરવાનું કામ તો પુરાતત્વ ખાતાનું ગણાય. આવા કામો માટે પુરાતત્વખાતુ પ્રજાની મદદ સ્વીકારે અને ઉત્સાહપૂર્વક કામ કરે તો કેટલાય મંદિરો કે બીજાં પુરાણા શિલ્પો અને સ્થાપત્યોનો પુનરુદ્ધાર કરી શકાય.

કેન્યાટાનું સૂર્યમંદિર જ્યારે અખંડ હશે ત્યારે ખૂબ ભવ્ય લાગતુ હશે, કારણ કે મંદિરની બાંધણી, હરણાવ નદીનો કાંઠો અને ડુંગરાઓ વચ્ચેની ખીણ એ બધાનો સુમેળ મંદિરને વધારે આકર્ષક બનાવે છે વાચકોને મારી ભલામણ છે કે પોળોના મંદિરો જરૂર જોઇ આવે.

# સારણેશ્વર : પોળો

સ્થિર રાજ્યઅમલ વિના કોઈ પણ કળા પૂરી પાંખડીએ ખીલે નહીં. સુમેરિન, ઇજિપ્ત, હેલેનીક, રોમન, મેક્સિકન, મોહન-જો-ડેરો કે ગાંધાર અને બીજી સંસ્કૃતિઓના વિકાસ સ્થિર રાજ્યઅમલને લીધે જ થયો હતો, આમાંની કેટલીક સંસ્કૃતિઓએ તો સૈકાના સૈકા સુધી સ્થિર રાજ્યઅમલમાં ઘણો વિકાસ સાધ્યો હતો.

ગુજરાતમાં શિલ્પસ્થાપત્યનાં બીજ લોથલ, રંગપુર રોજડી વગેરે સ્થળે વવાયાં હોય તેમ લાગે છે. આ કાળ દરમિયાન શહેરો કે નાનાં નગરો યોજનાપૂર્વક બાંધવામાં આવતાં હતાં. ભારતવર્ષની મોહન-જો-ડેરો, હરપ્પા કે લોથલ સંસ્કૃતિ ઈરાકની જૂની સંસ્કૃતિઓને ઘણી મળતી હોય તેમ મળી આવેલાં સાધનો દ્વારા કહી શકાય. લોથલને મળતી સંસ્કૃતિઓ પછી ગુજરાતમાં હજારેક વર્ષ સુધી કઈ સંસ્કૃતિએ વિકાસ સાધ્યો હશે તે કહેવું મુશ્કેલ છે, કારણ કે આ બાબતના કોઈ દર્શનીય પુરાવા મળતા નથી. મૌર્ય કાળ દરમિયાન ગુજરાતમાં ગુહામંદિરો બાબતનું શિલ્પ અને સ્થાપત્ય વિકાસ પામ્યાં હોય તેમ એ સમયનાં ભોંયરાઓ (ગુફાઓ) ઉપરથી કહી શકાય. ગુપ્ત કાળમાં ગુજરાતમાં શિલ્પ અને સ્થાપત્યના અંગોએ વધારે વિકાસ સાધ્યો હશે ખાસ કરીને ક્ષત્રપ રૂદ્રદામનના સમયમા ગુજરાતનું શિલ્પ ઠીક ઠીક વિકાસ પામ્યું હતુ. ત્યાર પછી વલ્લભીપુરના મૈત્રકોએ ગુજરાતના શિલ્પસ્થાપત્યના અંગો ઘણા વિકસાવ્યાં. મૈત્રક કાળ પછીના ચાપોત્કટ સમય દરમિયાન શિલ્પસ્થાપત્યનો વિકાસ થયો હતો. પણ એ વિકાસ કોણે કર્યો તે જાણી શકાયું નથી. રોડા, વર્ધમાનપુર, થાન, ત્રિનેત્ર વગેરેની ગુજરાતની એકધારી બાંધણી ઉપરથી એમ લાગે છે કે ગુજરાત-સૌરાષ્ટ્રના અમુક ભાગમાં એકધારી બાંધણીની કોઈ પ્રથા મોજૂદ હશે આ પ્રથાના વિકાસમાં લાકરોડા, દ્રૌપદી કુંડના મંદિરો તથા સૂત્રાપાડાના મંદિરોએ ફાળો આપ્યો હશે એમ દેખાય છે. ગુજરાતના શિલ્પ અને સ્થાપત્યનાં દરેક અંગો જે સોળે કળાએ ખીલ્યા હોય તો તે સોલંકી કાળ દરમિયાન જ. આ કાળ દરમિયાન બંધાયેલ વાવો અને કુંડોનું શિલ્પ દુનિયાભરમાં અજોડ ગણાય છે. એ જ રીતે તોરણોનું શિલ્પ પણ અજોડ ગણવામાં આવે છે.

ગુજરાતમાં આ કાળ દરમિયાન તળાવો, બંધો અને નહેરોના બાંધકામનો ઘણો વિકાસ થયો હતો આ બધું તો ઠીક, પણ મંદિરોની બાંધણી બાબતનો વિકાસ સોલંકી યુગમાં થયો તેટલો ક્યારે ય થયો નથી અને થશે કે કેમ તે વિચારવા જેવી બાબત છે

બંગાળની પાલ શ્રેણી, ઓરિસ્સાની ભુવનેશ્વર શ્રેણી, મધ્ય પ્રદેશના ઉત્તર વિભાગની ખજૂરાહોની ચંદેલા શ્રેણી, માળવાની પ્રતિહાર શ્રેણી, દક્ષિણની ચોલા અને પાંડ્ય શ્રેણી વગેરે શ્રેણીઓ સાથે ગુજરાતની સોલંકી શ્રેણીને સરખાવવામાં આવે તો ગુજરાત શિલ્પસ્થાપત્યની બાબતમાં ભારત વર્ષના બીજા પ્રાંતો કરતાં જરા ય ઊતરતું નહિ પણ કેટલીક બાબતોમાં ચડી જાય તેમ લાગે મોઢેરા, તારંગા, સેજકપુર, સોમનાથ અને ઘુમલીનાં મંદિર અને મહામેરુપ્રસાદ મંદિરો ગુજરાતના સોલંકી યુગના શિલ્પમાં શિરમોર ગણાય તેવાં છે સંગેમરમરના (આરસના) શિલ્પમાં તો ગુજરાતે કમાલ કરી બતાવી છે દેલવાડાના દેરા અને કુંભારિયાના જૈન ચૈત્યોનું શિલ્પ તથા જૂની ચંદ્રાવતી નગરીનું શિલ્પ આ બાબતમાં દુનિયાભરમાં અજોડ ગણાય છે ભારતવર્ષના બીજા પ્રાંતોમાં શિલ્પ સ્થાપત્યનો વિકાસ થયો છે તેમાં ના નથી, પણ ગુજરાતમાં તો સોલંકી કાળના શિલ્પથી ગુજરાતનો કોઈ ખૂણો ભાગ્યે જ વંચિત રહ્યો હશે. કચ્છનું રણ કે પથરાળ પ્રદેશ, સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો, દ્વારકાનો ખારો પાટ, ગુજરાતભરના પહાડો ને ડુંગરડાઓ, ઉત્તર ગુજરાતનો અને સાબરકાંઠાનો ફળદ્રુપ પ્રદેશ વગેરે તથા પંચમહાલનાં જંગલો, ઠેઠ આરણ્યના જંગલો અને છેક ડાંગના જંગલો સુધી ગુજરાતનું સોલંકી યુગનું શિલ્પ એકધારું વિકાસ પામ્યું હતું તેના પુરાવા રૂપે અનેક અવશેષો મોજૂદ છે અને મળ્યા કરે છે ગુજરાતના સોલંકી રાજ્યે સાડા ત્રણસો વર્ષ સુધી મુસ્લિમોને ખાળ્યા જ્યારે આખું જૂનું આર્યાવર્ત મુસ્લિમોના હાથ નીચે ધાર્મિક ઝનૂનથી રગદોળાતું હતું ત્યારે ગુજરાત અણનમ ઊભું હતું છેલ્લે ગુજરાત ચૌદમા સૈકામાં મુસ્લિમ શાસન નીચે ગયું મુસ્લિમો પોતાનું આગવું ઈરાની, અફઘાની અને તુર્ક શ્રેણીનું શિલ્પ સ્થાપત્ય લાવ્યા, પણ ગુજરાતના ડાહ્યા કારીગરોએ આ બધાની સાથોસાથ ગુજરાતના શિલ્પનાં મૂર્તિ સિવાયના મોટા ભાગનાં અંગો ઉમેરી દીધાં આ સમય દરમિયાન ગુજરાતના હિન્દવી શિલ્પને ઘણું શોષવું પડ્યું સોમપુરા કે બીજા શિલ્પીઓ સોલંકી યુગનું મૂર્તિવિધાન ભૂલી ગયા, પણ ગુજરાતની ડાહી જૈન વણિક કોમે સુલતાનોને કે સૂબાઓને

કુનેહપૂર્વક સમજાવી ગુજરાતમાં જૈન ચૈત્યો બાંધવાનું કામ ચાલુ રખાવ્યું. આ સમય દરમિયાન ગુજરાતનો સાબરકાંઠા અને સૌરાષ્ટ્રનો કેટલોક ભાગ કયારેક હિન્દુ અમલ નીચે સ્વતંત્ર કે અર્ધસ્વતંત્ર રહી જવા પામ્યો હતો તેથી ભૂલાયેલી હિન્દુ સોલંકી શ્રેણી ફરીથી સજીવન થવા પામી. આ શ્રેણીનાં મંદિરોમાંનાં કેટલાંક મંદિરો હાલના વિજયનગર મહાલનાં જંગલોમાં ઊભાં છે. પંદરમા અને સોળમા સૈકામાં પુનર્જીવન પામેલ સોલંકી શ્રેણીના ઉત્તમોત્તમ નમૂના જોવા હોય તો તે સાબરકાંઠામાં જોવા મળી શકે તેમ છે.

ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પૂર્વ વિભાગમાં પોળોનાં ગાઢ જંગલો આવેલાં છે : બે દસકા પહેલાં આ જંગલોમાં આદિવાસીઓ અને હિંસક પશુઓનો વાસ હતો. ઈડરથી વિજયનગર જવાના એક કાચા માર્ગ સિવાય આ પ્રદેશમાં જવાનો બીજો કોઈ રસ્તો નહોતો. લાકડા કાપવાવાળા કોન્ટ્રાકટરોની જીપ કે ઈડર અથવા વિજયનગરના મહારાજા સાહેબની ગાડીઓ સિવાય આ પ્રદેશમાં યાંત્રિક વાહનનો સંચાર થયો નહોતો. ગરીબ આદિવાસી પ્રજા માટે લાગે મૂસળી, મહુડા અને આંબળાની તથા ગુંદરની જંગલી પેદાશો ઉપર નભતી હતી. મકાઈ કે બીજા ખડધાન સિવાય બીજી ખેતી થતી નહોતી.

સમય ફર્યો ભારતવર્ષ આઝાદ થયું. વિજયનગરનો માર્ગ થોડો વધારે વિકાસ પામ્યો, બસ રૂટ શરૂ થયો, ધીરે ધીરે આદિવાસીઓને ખેતીમાં રસ જાગ્યો. કેટલાક કચ્છી અને ચરોતરના ખેડૂતો આ પ્રદેશમાં આવવા લાગ્યા. સાથોસાથ આદિવાસીઓને શિક્ષણ આપવા માટે આસ્તિક આશ્રમ સ્થપાયો. આ બધાં કારણોને લઈને છેલ્લાં પંદર વર્ષના ગાળામા પોળોના જંગલમાં જઈ શકાય તેમ થયું. છતાં ય ગુજરાતના બીજા તાલુકાઓની દૃષ્ટિએ આ વિભાગ હજી ય પછાત તો છે જ. ચોમાસામાં આ પ્રદેશ બીજા વિભાગથી છૂટો પડી જાય છે; મહિનાઓ સુધી આવ-જા કરવાનાં સાધનો બંધ થઈ જાય છે. ચોમાસામાં આ પ્રદેશ વીસ વર્ષ પહેલાં જેવો હતો તેવો જ લાગે છે. શિયાળામાં બસ રૂટો કે રાજયમાર્ગ ફરીથી શરૂ થાય છે ત્યારે આ પ્રદેશનું અમૂલ્ય 'સૃષ્ટિસૌંદર્ય' ઊડીને આંખે ચોંટે તેવું બની જાય છે. આ જંગલો વીંધીને ઘડીકમાં પહાડોમાં ઘૂમતી તો ઘડીકમાં પથરાઓ સાથે રમતી તો ઘડીકમાં નાના નાના જળધોધ બનાવતી અને કયારેક મોટા ધૂનાઓ બનાવતી હરણાવ નદી વહી રહી છે.

આ પ્રદેશનું સૃષ્ટિસૌંદર્ય જોઈને ઘડીભર એમ લાગે કે આ જગ્યા કેમ ઉજજડ રહી ગઈ હશે ? વધારે ધ્યાનથી જોતાં હરણાવ નદીને કાંઠે માઈલો સુધી નાનાંમોટાં નગરો, ગ્રામોના અવશેષો દેખાય ત્યારે જ ખયાલ આવે કે આ પ્રદેશમાં સૈકાઓ સુધી સંસ્કૃત પ્રજા રહેતી હશે. શહેરો, નગરો કે ગ્રામો નાશ પામ્યાં પણ કેટલાંક દેવ-મંદિરો અને મજબૂત બાંધકામો કાળની સામે લડતાં લડતાં હજી ય અણનમ ઊભાં છે. વધારે સંશોધન કરતાં એમ જણાઈ આવ્યું કે આ પ્રદેશ પાંચમા સૈકાથી માંડીને છેક સત્તરમા સૈકા સુધી ભારતવર્ષની અને ખાસ કરીને ગુજરાતની તે તે કાળની સુધરેલી પ્રજાથી વસેલો હતો.

ખાસ કરીને પંદરમા અને સોળમા સૈકામાં આ પ્રદેશ હિન્દવાણી શિલ્પસ્થાપત્યમાં ગુજરાતમાં અજોડ સ્થાન ધરાવતો હતો. આ કાળમાં આ પ્રદેશમાં કેટલાં ય હિન્દુ તથા જૈન મંદિરો બંધાયાં હતાં, જેમાંનાં ૨૯ મંદિરો ભાંગીતૂટી હાલતમાં હજી ય ઊભાં છે. આ સિવાય કેટલાંક મંદિરોનાં જગતિ અને પીઠભાગ સુધી અવશેષો પણ મોજૂદ છે. કૂંડો, વાવો, કૂવાઓ, તોરણો અને રક્ષાખડ્ડા કિલ્લાના અવશેષો પણ જોવા મળે છે.

આ પ્રદેશના ધોરી માર્ગ નજીક આભાપુર નામે નાનકડા ગામ નજીક હરણાવ નદીના કાંઠા પાસે એક સુંદર શિવમંદિર અર્ધત્રૂટેલ ઊભું છે. નજરે જોયા સિવાય એ મંદિરની વિશાળતાનો ખયાલ આવવો મુશ્કેલ છે. આ મંદિર શામળાજી, મોઢેરા, નવલખા વગેરે સોલંકી શ્રેણીનાં કે સોલંકી કાળોત્તર શ્રેણીનાં મંદિરો સાથે સરખાવી શકાય તેવું છે. જ્યારે આખું મંદિર અકબંધ હશે ત્યારે તેની શ્રેણી મેરુ કે મહામેરુપ્રસાદની હશે તેમ દેખાય છે. પડીને પાવર થયેલ આ મંદિરનો સભામંડપ મેં સૌ પ્રથમ ૧૯૫૨ના એપ્રિલ મહિનામાં જોયો, મને સ્વપ્ને ય ખયાલ નહોતો કે આ જગ્યાએ કોઈ મહાકાય મંદિરના ઢગલાબંધ અવશેષો પડ્યા હશે. આશરે સત્તરમા સૈકામાં આ પ્રદેશ ઉપર વારંવાર મુસ્લિમો-એ હુમલા કર્યા તેથી આ પ્રદેશની સુધરેલી પ્રજા મેવાડ તરફ પાછી હટી. સત્તરમા સૈકામાં વિજયનગરના રાજાઓ પોળોના કિલ્લામાં જ રાજધાની બનાવીને રહેતા હતા, પણ વારંવાર થતા હુમલાઓને લઈને પોળોની ખીણનો કેટલોક ભાગ ઉજ્જડ બન્યો. ઉજ્જડ પ્રદેશ જંગલોથી છવાઈ ગયો. છેલ્લે જંગલનાં ખરાબ હવાપાણીને લઈને પોળોના કિલ્લામાં રહેતી વસ્તી પણ જંગલની બિમારીથી ત્રાસીને ખુલ્લા

પ્રદેશમાં જઈ વસી. એ પ્રદેશના રાજાએ વિજયનગર નામે નવું શહેર વસાવ્યું. આ શહેર વિજયનગર રાજ્યની રાજધાની બન્યું અને પોળો ઉજ્જડ બન્યું. આભાપુર ગામથી બે ફર્લાંગ દૂર આવેલ સારણેશ્વરના મંદિરના દરવાજાઓ અમે સૌ પ્રથમ ગયા ત્યારે પડું પડું થઈ રહ્યા હતા. આશરે ૭ વીઘાં જેટલી જમીનમાં આવેલ મંદિરનો મોટો કિલ્લો ઢગલો થઈ જવા પામ્યો હતો ! મંદિર ઉપર સભામંડપમાં અને મંદિરના ચોગાનમાં જ્યાં જુઓ ત્યાં વૃક્ષો ઊગી નીકળ્યાં હતાં. સમયના વહેણુની સાથે છેલ્લા દસકામાં આ મંદિર ધીમે ધીમે શિલ્પરસિક દુનિયામાં જાણીતું થયું. છડરવાળા સ્વામી સોમાનંદ સાથે અમે જ્યારે આ પ્રદેશમાં ગયા ત્યારે સારણેશ્વરના શિવમંદિરનો દેખાવ જંગલબૂકમાંનાં મંદિરો જેવો લાગતો હતો. ધીરે ધીરે ગુજરાતનું પુરાતત્ત્વ ખાતું પણ આ બાબતથી જાણીતું થયું. પણ આ મંદિરને વધારે પડતું સુધરાવવાનું કામ છેલ્લાં ચારેક વર્ષથી આવી વસેલા મહંતશ્રી આત્માનંદગિરિ તથા શિવસિંહભાઈ સિસોદિયાને ફાળે જાય છે. અથાગ પ્રયત્નો પછી મંદિરના કોટમાં આવેલાં વૃક્ષો કાપી નાખવામાં આવ્યાં. ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતાએ આ મંદિરની આજુબાજુનો ભાગ ખોદાવીને મંદિરને વધારે ઠીકઠાક કરાવ્યું. અમે સૌ પ્રથમ સારણેશ્વરના મંદિરમાં ગયા ત્યારે શિવજીના લિંગ ઉપર જીવતા સાપ આંટા મારી રહ્યા હતા ! કેટલાં ય જંગલી જાનવરો વારંવાર, ખાસ કરીને ચોમાસામાં, આ મંદિરમાં આશ્રય લેતાં હોય એમ દેખાતું હતું. મંદિરના પ્રદક્ષિણાપથમાં જતાં હર કોઈની છાતી બે ઘડી થડક્યા વિના રહેતી નહિ. પ્રદક્ષિણાપથના જાળીઓ વગરના ઝરૂખામાંથી કેટલી ય વાર હિંસક પ્રાણીઓ આવી ચડતાં. ખાસ કરીને આ મંદિરનો ઉપયોગ રીંછો વધારે કરતાં હોય એમ લાગ્યું. મંદિરનું આખું ચોગાન સાફ થયું. સભામંડપમાંના અવશેષો દૂર કરાયા ત્યારે જ ખયાલ આવ્યો કે આ મંદિર જ્યારે બંધાયું હશે ત્યારે કેટલું ભવ્ય હશે ! મંદિરનો બે મજલાવાળો મહાકાય સભામંડપ જ્યારે ઊભો હશે ત્યારે શામળાજીના સભામંડપથી જરા ય ઊતરતો નહિ હોય. સભામંડપની બંને બાજુએ આવેલ ચોકીઓના ઝરૂખાના પર્ણકુંભવાળા સ્થંભો કોઈ વહાણની ગોળી ઉપર ઊભા કરેલ રવૈયા જેવા દેખાતા હતા. ઘટપલ્લવ કે પર્ણકુંભવાળા સ્થંભો બનાવવાનો રિવાજ સોલંકી કાળમાં શરૂ થયો; પણ આ કોણીનું એક આગવું અંગ ખાસ કરીને પોળોનાં જંગલોનાં મંદિરોમાં વિકાસ પામ્યું હોય

તેમ દેખાય છે. ગર્ભગૃહ આગળનો સભામંડપની ચોકીનો ભાગ બે મજલા સુધી ઊભો છે. શિખરભાગ ત્રીજે મજલેથી શરૂ થતો હોય તેમ લાગે છે. ત્રીજો મજલો પૂરો થયા પછીનો ચોથા મજલા સુધીનો થોડોક જ ભાગ હાલમાં દેખાય છે. છજા ઉપરથી શરૂ થતા શિખરભાગ ઉપરના ગવાક્ષને મળતા ત્રણ બાજુના ત્રણ ઝરૂખાઓમાંના એકના પથ્થરનાં બારણાંઓ હાલમાં મોજૂદ છે. આ જાતનાં બારણાંઓ ક્યાંક ક્યાંક જૈનમંદિરોમાં દેખાય છે, પણ પોળોનાં જંગલોમાં તો બારી અને દરવાજાની પથ્થરની બાંધણીમાં ખાસ વિશિષ્ટ શૈલી નજરે પડે છે. સભામંડપનો વેદિકા સુધીનો ભાગ ખુલ્લો થયા પછી રાજસેનાના શિલ્પનાં કેટલાં ય દૃશ્યો ઊડીને આંખે વળગે તેવાં દેખાય છે. મંદિરના મંડોવરની જંઘા ઉપરનું શિલ્પ અદ્ભુત છે, સુંદર છે અને સપ્રમાણ છે. આ મંદિરની આજુબાજુના ચોગાનમાં નજર કરતાં બીજાં બે જૂનાં મંદિરના અવશેષો દેખાય છે. ખાસ કરીને મંદિરની પાછળ જમણે હાથે આવેલી અને અદ્ધી ઊભેલી બે દ્વારશાખો ઉપરનું કમળપત્રનું શિલ્પ આંખમાં વસી જાય તેવું છે. મંદિરના આંગણામાં આવેલ નંદી ચોકીના બચેલા ભાગનું શિલ્પ ઘણું સુંદર છે. શિવમંદિર બહાર જુદી નંદી ચોકી બાંધવાનો રિવાજ સોલંકી કાળમાં બહુ ઓછો હશે અને ત્યાર પછી પણ આ રિવાજ નહિ હોય. મરાઠા કાળમાં કોઈ કોઈ જગ્યાએ મંદિર બહાર નંદી ચોકીઓ બંધાઈ છે. પણ સારણેશ્વરના મંદિર બહાર આવેલ નંદી ચોકીના બચી ગયેલા અવશેષો અદ્‌ભુત કારીગરીનો ખયાલ આપે છે. મંદિરના ચોગાનમાં દાખલ થતાં જમણે હાથે આવેલ વિશિષ્ટ પ્રકારના પાળિયાઓ આ ચોગાનનું ખાસ આકર્ષણ કહેવાય. દાદરને છેડે ઊભેલ ગોળ માથાવાળા સ્થંભને મળતા આ પાળિયાઓ ખૂબ સુંદર દેખાય છે. મંદિરના આકર્ષણમાં ઉમેરો કરતી શિવ, ભૈરવ, વિશ્વકર્મા અને પોળોની મળી આવેલ મૂર્તિઓ તથા ઈજિપ્તના શિલ્પને સહેજ મળતી અસરવાળી એક સ્ત્રીમૂર્તિનું ડોકું ખરેખર જોવા લાયક છે. કદાચ આ સ્ત્રીમૂર્તિનું મસ્તક મંદિરના આમલક નીચેના પોળોના જેવું હોય તો ના નહિ. મંદિરના કોટ બહાર પડેલા કેટલા ય અવશેષોમાં ખાસ કરીને કીચકોનું શિલ્પ ઘણું સુંદર દેખાય છે. છ વીઘાંથી થોડી ઓછી જમીનને આવરી લેતો ચાર કોઠાઓવાળો ઊંચો કોટ, બંને બાજુ હિંદુ શ્રેણીના કમાનવિહોણા દરવાજાઓ, ચોગાન વચ્ચે ઊભેલ મહાકાય શિવમંદિર, આગળની નંદી

ચોકી, ચોગાનનાં બીજાં મંદિરો, દરવાજા ઉપરના દોઢીના ભાગો વગેરે જ્યારે સંપૂર્ણપણે ઊભાં હશે ત્યારે આ મંદિર જોનાર યાત્રિક કૃતકૃત્ય થતો હશે. જમાનો ગયો, આપણા ભાગ્યમાં જૂના મંદિરના અર્ધા બચેલા અવશેષો જોવાના રહ્યા, છતાં સોલંકી શૈલીનું શિલ્પસ્થાપત્ય જોઈને હર કોઈ ગુજરાતી પોતાના પૂર્વજોએ કરેલ કામો માટે ગૌરવ અનુભવે. જ્યારે મારા અમેરિકન મિત્રોએ આ મંદિર જોયું ત્યારે તેમણે એટલું જ કહ્યું: "શું આ મંદિર પુરાતત્ત્વખાતાની જાણ બહાર છે?"

મેં તેમને પુરાતત્ત્વખાતાએ કરાવેલ ઉત્ખનનવાળો ભાગ બતાવ્યો. ઠીક છે. પુરાતત્ત્વખાતું ગોકળગતિએ જેમ જેમ નાણાં મળે તેમ તેમ આ પ્રદેશના શિલ્પસ્થાપત્યના અવશેષોને સાચવતું જાય છે. ભગવાન જાણે! ક્યારે આવા સુંદર બેનમૂન શિલ્પસ્થાપત્યનાં ઘરેણાંઓ પૂરેપૂરાં જળવાશે અને પરખાશે.

સારણેશ્વર મહાદેવનું સ્થાપન કોણે કર્યું તે જણાયું નથી. પણ શિરોહી પાસેના સારણેશ્વર મહાદેવનું સ્થાન સરાણીયા કોમ તેમ જ શિરોહી રાજ્યના પૂજનીય દેવ તરીકે ગણાય છે. સારણેશ્વરના મંદિરની દ્વારસાખ પાસે જતાં ડાબે હાથે સોહીને અક્ષરે લખાયેલ એક લેખ હાલમાં પણ મોજૂદ છે. આ લેખ સંસ્કૃત ભાષામાં લખાયેલો છે. પૂરો વાંચી શકાતો નથી. પણ સોળમા સૈકામાં કોઈ રાજાએ મહાદેવ આગળ કમળપૂજા કરી હોય તેમ એ લેખમાં વાંચી શકાય છે.

★

## ૧૦
# સદેવંત સાવળીંગાનાં મંદિરો

**સદેવંત** સાવળીંગાની પ્રેમકથા ભારતવર્ષને ખૂણે ખૂણે જાણીતી છે. ખાસ કરીને આ પ્રેમકિસ્સો ભારતવર્ષના જુદા જુદા પ્રાંતોમાં થોડા ફેરફાર સાથે ગદ્ય કે પદ્યમાં લખાયેલ છે. કેટલાક લેખકોએ આ પ્રેમવાર્તામાં અશ્લીલ દુહા કે લખાણો ભેળવીને લોકભોગ્ય બનાવવાના પ્રયત્નો કર્યો છે. આવાં લખાણોની ખરાબ અસર ભોળા ગ્રામ જુવાનોમાં થયા વિના રહી નથી.

ગયા સૈકાના ઉત્તરાર્ધમાં એક માણભટ્ટ સદેવંત સાવળીંગાની વાર્તા કહેવા માટે પ્રસિદ્ધિ પામ્યો હતો. ગોહિલવાડનાં જુદાં જુદાં ગામોમાં ફરતા આ માણભટ્ટની વાર્તા સાંભળીને ભોળા ગ્રામ યુવાનો મજનૂ બની ગયા હતા. કેટલાયને મેથીપાક જમવો પડયો હતો. સદેવંત સાવળીંગાની વાર્તા સાથે કેટલાય અશ્લીલ પ્રસંગો ઉમેરીને વાર્તા કહેનાર માણભટ્ટને એ વખતના ભાવનગરના મહારાજાએ દંડયો હતો.

આ પ્રેમકિસ્સો કયા સૈકામાં બન્યો તે કહેવું મુશ્કેલ છે છતાં આ વાર્તાનો ફેલાવો સારા ય ભારતવર્ષમાં થયેલ હોવાથી સદેવંત સાવળીંગાનો પ્રેમકિસ્સો કોઈ જગ્યાએ બન્યો હશે તેમ કહી શકાય.

સદેવંત સાવળીંગાનાં નવ દેરાં બતાવતાં બે સ્થળો ગુજરાતમા આવેલાં છે. એક સ્થળ સાબરકાંઠા જિલ્લાના વિજયનગરનાં જંગલોમાં આવેલ આસ્તિક આશ્રમ નામના સ્થળથી એક માઈલ દૂર હરણાવ નદીને કાંઠે આવેલું છે. બીજું સ્થળ પાલનપુર તાલુકાના અમીરગઢ ગામથી થોડે દૂર બનાસ નદીને કાંઠે આવેલ છે. જુદાં જુદા સ્થળોને દંતકથા દ્વારા એક જ કિસ્સા માટે સાંકળી લેવામાં આવે ત્યારે સાચું સ્થળ નક્કી કરતાં બહુ મુશ્કેલી પડે છે. આવી બાબતમાં ઐતિહાસિક પુરાવાઓ, એ જમાનાનું શિલ્પસ્થાપત્ય, શિલાલેખો, તામ્રપત્રો વગેરે સાચા સ્થળને ઓળખી કાઢવા માટે મદદગાર બને છે.

સંવત ૧૯૪૩માં વિજયનગરના જંગલમાં આવેલ સદેવંત સાવળીંગાનાં નવ દેરાં બાબત મને માહિતી મળી હતી. સ્થળ જોતાં પહેલાં એ પરગણાની ભૂગોળ, મળી આવેલી ઐતિહાસિક નોંધો, દંતકથામાં બોલાતાં નામો વગેરે અંગે પૂરેપૂરી માહિતી મેળવ્યા પછી જ હું સ્થળ

જોતા જાઉં છું. ગુજરાત, રાજસ્થાન, માળવા વગેરેનાં ઐતિહાસિક પુસ્તકો, જૂની નોંધો વગેરેની તપાસ દરમિયાન સદેવંત સાવળીંગાના પ્રેમકિસ્સા અંગેના કોઈ પુરાવાઓ કે સ્થળ અંગે માહિતી મળી શકી નહિ. આ કિસ્સા અંગેના ઐતિહાસિક પુરાવાઓ અંગેની શોધમા થોડાક દિવસો બગાડયા પછી ત્રણ દરવાજા પોલીસ ચોકી પાસે અગાઉ ભરાતી ગુરૂવારીમા આવેલ એક જૂના પુસ્તકવાળા પાસેથી એક ચોપડી મળી ગઇ. તેમાં બતાવવામા આવેલી કેટલીક પુરાણુ રજવાડાઓની વંશાવળી ઓમાથી મારે જોઇતી માહિતી મળી ગઈ.

ગુર્જર રાષ્ટ્ર તથા સૌરાષ્ટ્રના પ્રાચીન ઈતિહાસ અંગે જાણી શકાયું છે કે આ પ્રદેશ ઉપર ગુપ્તવંશીય મહારાજા ચંદ્રગુપ્તે, કુમારગુપ્તે અને સ્કંદગુપ્તે ઈ. સ. ૪૧૦ થી ૪૫૬ સુધી રાજય કર્યું હતુ સ્કંદ-ગુપ્તના મૃત્યુ પછી તેના સેનાપતિ ભટ્ટારકે ગુજરાત-સૌરાષ્ટ્રમા સ્વતંત્ર રાજય સ્થાપ્યુ હતુ. આ રાજય ગુજરાતમા ત્રણ સૈકા સુધી ટકયું હતુ. આ રાજાએ વલ્લભીનગર નામે એક નવું નગર વસાવ્યુ હતું. કેટલાક ઇતિહાસકારોનો એવો મત છે કે ભટ્ટારક ઇક્ષ્વાકુ વંશનો સૂર્યવંશી રાજા હતો. તેની વંશાવળી પ્રમાણે સૂર્યવંશના પહેલા રાજા ઇક્ષ્વાકુએ અયોધ્યામા રાજગાદી સ્થાપી હતી. તેની સત્તાવનમી પેઢીએ રામચંદ્રજી થયા. રામચંદ્રજીના મોટા પુત્ર લવે પંજાબમા રાવી નદીને કાંઠે લાહોર નામે શહેર વસાવીને ત્યા જુદી રાજગાદી સ્થાપી.

લવ રાજાની ૬૩ મી પેઢીએ કનકસેન નામે એક રાજા થયો. તેણે ગુજરાતમા આવી વડનગર શહેરને પોતાની રાજધાની બનાવી. કનકસેનનો પુત્ર મહામદસેન તેનો પુત્ર સુદેત અને તેનો પુત્ર વિજયસેન થયો. આ વિજયસેન તે જ ઇતિહાસપ્રસિદ્ધ સેનાપતિ ભટારક નામથી પ્રસિદ્ધ થયો. તેના પછી વલ્લભીપુરની રાજગાદી ઉપર એકધારું ત્રણસો વર્ષ સુધી સૂર્યવંશી રાજય તપ્યું. આ કુળના વીસ રાજાઓ એક પછી એક વલ્લભીપુરની ગાદી ઉપર આવ્યા. આતરિક કલહને લઈને વલ્લભીપુરના કોઈ એકીએ પરદેશી આક્રમણકારોને બોલાવીને વલ્લભીપુરનો નાશ નોતર્યો. મૈત્રક વંશીય છેલ્લો રાજા શિલાદિત્ય લડા ઈમા માર્યો ગયો. તેની રાણી પુષ્પાવતી નાના પુત્રને લઇને આબુ પાસે આવેલ ચંદ્રાવતી નગરીમાં તેને પિયર ગઈ હતી. ચંદ્રાવતીના રહેઠાણ દરમિયાન કોઇ કારણસર પુષ્પાવતીને ચંદ્રાવતીના રાણી-તેની ભાભી-સાથે કંકાસ થયો. એટલે રાણી પોતાના બાળપુત્ર તથા મોટી પુત્રી

મંદોદરીને લઈને વલ્લભીપુર તરફ જવા નીકળી. માર્ગમાં વીરનગર નામે એક શહેર પાસે વલ્લભીપુરથી આવી રહેલા રાજ્યસેવકોએ વલ્લભીપુર તથા શિલાદિત્યનાં વિનાશની વાત કરી. આ વાત સાંભળતાં જ રાણી પુષ્પાવતી બેહોશ બની ગઈ અને થોડી વારમાં જ સ્વર્ગવાસી બની. શિલાદિત્યની પુત્રી મંદોદરીએ પોતાના નાના ભાઈ ગુહાદિત્યને લઈને ચંદ્રાવતી જવાને બદલે વીરનગર પાસે આવેલા એક મહાદેવના મંદિરમાં વાસ કર્યો. આ સ્થળે રહીને મંદોદરીએ પોતાના ભાઈ ગુહાદિત્યને ઉછેરીને મોટો કર્યો. મૂળ તો વીરનગર વલ્લભી રાજ્યનો એક ભાગ હતું. વલ્લભી સામ્રાજ્યના પતન પછી વીરનગર અને તેની આજુબાજુનાં ઘાડાં જંગલોવાળા પ્રદેશનો વહીવટ ભીલો તથા કેટલાક ક્ષત્રિયો કરતા હતા. ગુહાદિત્ય ઉંમરલાયક થતાં રાજવતેજ તેમ જ મજબૂત બાંધાને લઈને વીરનગરની પ્રજામાં પ્રિય થઈ પડયો. છેવટે ગુહાદિત્યને વીરનગરનો રાજા બનાવવામાં આવ્યો. ગુહાદિત્યની ત્રીજી કે પાંચમી પેઢીએ સુદેંત નામે એક રાજા થયો. આ રાજા એ જ પ્રસિદ્ધ પ્રેમવાર્તાનો નાયક સુદેંત (સદેવંત) હોય તેમ કહેવાય છે. ગુહાદિત્યના વંશજો ગોહિલો કહેવાયા. ગુહાદિત્યના વંશજ બપ્પા રાવળે મેવાડમાં રાજગાદી સ્થાપી, જેના વંશજો હાલના મેવાડા રાણા તરીકે ઉદેપુરમાં રાજ્યગાદી ભોગવે છે. ભાવનગર તથા નાંદોદના ગોહિલ રાજાઓ પણ ગુહાદિત્યના વંશજો હોય તેમ કહેવાય છે. મોટા ભાગના ગોહિલો એ પ્રમાણે માનતા આવ્યા છે.

સદેવંત સાવળીંગના પ્રેમકિસ્સા સંબંધી એમ કહેવાય [redacted] કે વીરનગરનો રાજા સદેવંત (સુદેંત) ઊગતી યુવાનીમાં ગામના નગરશેઠની પુત્રી સાથે પ્રેમમાં પડયો. ગામની નિશાળે ભણતાં બન્ને પ્રેમમાં પડયાં. એ જમાનામાં ક્ષત્રિયો અને વૈશ્યો લગ્નસંબંધોથી બંધાતા. પણ સાવળીંગાનું વેવિશાળ વડનગરના નગરશેઠના પુત્ર સાથે થયું હતું. માળવાની સદેવંત સાવળીંગાની લોકકથામાં સાવળીંગાનું વેવિશાળ ધારાનગરીના નગરશેઠ સાથે થયું હતું તેમ કહેવાયું છે. સાવળીંગાને કોઈ પણ ભોગે પોતાનું લગ્ન સદેવંત સાથે કરવું હતું, પણ એ વખતની સમાજવ્યવસ્થાને લઈને સાવળીંગા પોતાનાં માતાપિતાને આ બાબત કશું કહે તે પહેલાં તેનાં લગ્ન લેવાઈ ગયાં. લગ્ન વખતે સાવળીંગાએ પોતાને ત્યાં રહીને ઉછરેલી પોતાની જ વયની સખી લવંગિકાને પોતાને સ્થાને બેસાડી દીધી. લવંગિકા તથા સાવળીંગાના ચહેરામોરા એક બીજાને મળતા

હોવાથી આ વાત કોઈ જાણી શક્યું નહિ લગ્ન પછી સાવળીંગા લવંગિકાની દાસી બનીને વડનગર ગઈ. રૂપાશા લવંગિકાને સાવળીંગા સમજ્યો હતો. થોડા દિવસ જતાં સાવળીંગાની નણંદ લીલાવતીને લવંગિકા બાબત કાંઈક વહેમ પડયો. કારણુ કે લીલાવતી ત્રણ–ચાર વખત વીરનગર જઈ આવી હતી. લીલાવતીએ દાસી બનીને આવેલી સાવળીંગાને આ બાબત પૂછી જોયું. સાવળીંગાએ બનેલી બધી હકીકત તેની નણંદને કહી અને આજીજીપૂર્વક કહ્યું કે "હું રૂપાશાની દાસી તરીકે જિંદગીભર રહીશ જો તમે આ બાબત રૂપાશાને કહેશો તો હું આપઘાત કરીશ"

લીલાવતીનું સ્ત્રીહૃદય આખો ય પ્રેમકિસ્સો જાણતા સાવળીંગા તરફ ઢળ્યું. તેણે કુનેહપૂર્વક આખી વાત પોતાના પિતા તથા ભાઈને કહી. લવંગિકા ઊંચા કુળમાં શોભે તેવી જ સોળ વિદ્યાની પૂરી જાણકાર હોવાથી રૂપાશાના પ્રેમી હૃદયના સિંહાસને વસી ગઈ હતી છેવટે રાય સદેવંતને વડનગર બોલાવવામાં આવ્યા. રૂપાશાએ પ્રેમી યુગલના લગ્ન કરાવી આપ્યાં. સાવળીંગા તથા સદેવંત બન્ને ખૂબ જ રૂપાળાં હોવાથી તેમના પ્રેમકિસ્સામાં બન્નેના સૌંદર્ય અંગોના વર્ણનોમાં અશ્લીલ લખાણો લખાયાં છે. કોઈક પ્રેમીઓ આતરજ્ઞાતીય કે પ્રેમલગ્ન કરે ત્યારે ગ્રામ પ્રજા એ કિસ્સાને સદેવંત સાવળીંગાના પ્રેમકિસ્સા સાથે સરખાવે છે કેટલાક તો સદેવંતને સાક્ષાત્ કામદેવના અવતાર તરીકે વર્ણવે છે.

શિષ્ટ સમાજ આ પ્રેમવાર્તા તરફ આકરી નજરે જુએ છે. પણ ગ્રામજનો–ખાસ કરીને ગ્રામ યુવાનયુવતીઓ આ વાર્તા તરફ આદરની નજરે જુએ છે.

ઈસવી સન ૧૯૪૭ના ફેબ્રુઆરી માસની બીજી તારીખે વહેલી સવારે મારા એક રાજવી મિત્રની ગાડી લઈને ઈડરથી પોળોના જંગલમાં આવેલ સદેવંત સાવળીંગાના દેરા જોવા અમે નીકળી પડયા. માર્ગ તદ્દન કાચો અને રેતાળ હોવાથી અમારી ફોર્ડ ગાડી ધીરે ધીરે આગળ વધતી હતી ઇડરથી એક ભોમિયાને સાથે લીધેલ હોવાથી ખાસ મુશ્કેલી પડતી નહોતી. કડિયાદરાથી આગળ વધતા રેતીને બદલે પથરાળ રસ્તો આવ્યો. રસ્તામાં ડોકિયા કરતા મોટા પથ્થરો કયારેક એન્જિન સાથે અથડાઈ પડશે તેની બીકને લઈને જંગલના રસ્તાનો જાણકાર ડ્રાઈવર ગાડી

ખૂબ ધીમેથી ચલાવવા લાગ્યો. ઠડિયાદરાથી પાંચેક માઈલ આગળ જતાં વાવ આવી. વાવની નજીક જૂનાં ખંડિયેરો દેખાયાં. અહીંથી થોડે દૂર જતાં વીરેશ્વર મહાદેવના સ્થળ તરફ જવાનો રસ્તો આવ્યો. કહેવાય છે કે આ વીરેશ્વર મહાદેવના સ્થળે રહીને મૈત્રક વંશના છેલ્લા રાજા શિલાદિત્યની પુત્રી મંદોદરીએ પોતાના નાના ભાઈ ગુહાદિત્યને ઉછેરી મોટો કર્યો હતો. આજુબાજુ આવેલાં કેટલાંક ઈંટેરી ખંડિયેરો જોતાં આ સ્થળે કોઈ પ્રાચીન શહેર હશે તેમ લાગે છે. અહીંથી આગળ વધતાં અમે આભાપુર ગામે પહોંચ્યા. ગાડીને આભાપુર મૂકીને ભોમિયાની દોરવણી મુજબ સદેવંત સાવળીંગાનાં નવ દેરાં તરફ ચાલી નીકળ્યા. નાનામોટા પથ્થરો સાથે અથડાઈને કર્ણપ્રિય અવાજ કરતી હિરણાક્ષી (હરણાવ) નદીના જળનો અવાજ કર્ણપ્રિય લાગતો હતો. નદીના પટમાં રેતને બદલે નાનામોટા પથરાઓ દેખાતા હતા. સદેવંત સાવળીંગાનાં નવ દેરાં સામે પાર આવેલાં હોવાથી અમારો માર્ગ નદીના વહેણ વચ્ચેથી જતો હતો. પથ્થરો ઉપર લીલ જામી ગયેલ હોવાથી ચીકાશને લઈને કેટલાક મિત્રોને લપસી જતાં ફરજિયાત સ્નાન કરવું પડયું. સામે કાંઠે પહોંચ્યા પછી કિનારા નજીક ઊગી નીકળેલ માથાપૂર ઊંચા સરંડિયાના જંગલ વચ્ચેથી આગળ વધતી કેડીએ ચાલતાં અમારામાંના મોટા ભાગના ભાઈઓનાં કપડાં સરંડિયાથી છવાઈ ગયાં. આ કેડીએ એકાદ ફર્લાંગ આગળ જતાં અમે સદેવંત સાવળીંગાનાં નવ દેરાં પાસે પહોંચી ગયા. આડબીડ જંગલની વચ્ચે ડોકિયાં કરતો જૈન-મંદિરનો દરવાજો જોતાં અમને લાગ્યું કે અમે આસામનાં જંગલોના વર્ણનમાં વર્ણવેલ કોઇ ખંડિયેર નગરીમાં આવી ચડયા છીએ. જૈનમંદિરના દરવાજામાં દાખલ થતાં અમે કાચા આરસના બે સ્થંભો અને તેના ઉપરની કારાવટ જોઈ. આ ભાગ જૂના મંદિરમાં સૈકા પછી ઉમેરાયો હોય તેમ લાગ્યું. દરવાજા ઉપર આવેલ નકારખાનું કે કોઈ નવ ચોકીનો ભાગ અકબંધ રહી જવા પામ્યો હતો. તેના ઉપરનું સંવરણ ઊખડી ગયું હતું. દરવાજામાંથી આગળ વધતાં થોડાં પગથિયાં ચડીને અમે મંદિરના ચોગાનમાં પહોંચ્યા. ચૈત્યનો મોટો ભાગ ઢગલો થઈને પડયો હતો. કેટલોક ભાગ મંડોવર સુધી ઊભો હતો. સભામંડપના હાલહવાલ વર્ણવ્યા જાય તેમ નહોતા. જ્યાંત્યાં ઊગી નીકળેલ નાનામોટાં ઝાડોનાં મૂળીયાં મંદિરના સાંધા ઢીલા કરવાના એકધાર્યા પ્રયત્ન કરી રહ્યાં હતાં. જૈનમંદિરની બાજુમાં આવેલ દેરી મંદિર કોઈએ ગયા સૈકામાં

થોડું ઘણું સમરાવ્યુ હોય તેમ દેખાયુ એ મંદિરનો સભામંડપ નાશ પામ્યો હતો બાજુમા આવેલ એક મંદિરની બાજુમાં ઊગી નીકળેલ વડલાએ આખા મંદિરનો વિનાશ સર્જ્યો હતો. સભામંડપના સ્થંભોની જગ્યાએ કયાંક કયાંક વડવાઇઓ ગોઠવાઈ ગઈ હતી! ગર્ભગૃહની દ્વારસાખ આગળ વડવાઈઓએ નવા પ્રકારની દ્વારસાખ રચી હતી! ઢગલો થઈને પડેલા એ મંદિરના અવશેષો કહી આપતા હતા કે એ મંદિર સોલંકી પ્રણાલીનું હશે. મંદિરનું શિખર ધીરે ધીરે ઊગતા વડલાની સાથે ઊંચે ચડી ગયુ હતુ. ઘડીક કુદરતની કરામત બાબત આશ્ચર્યમા ગરકાવ થઈને અમે આ દૃશ્ય જોયા કર્યું. પણ છેવટે કુદરતે મનુષ્ય-કૃતિનો ભયંકર ઉપહાસ કરેલો જોતા સૌને દુ:ખ થયું અમે આ દૃશ્ય જોવામાં મશગૂલ હતા તેવામાં વાસુકીનો વારસદાર આવી ચડયો તેની આગવી વસાહતમા આવી ચડેલા અમારા જેવા મુસાફરોને જોઇને ફૂંફાડો માર્યો. ફેણ માડીને ફૂંફાડો મારતા વાસુકીના વારસદારનો ફૂંફાડો અમને બંદુકના નિશાન જેટલો આકરો લાગ્યો પછી અમે સૌ એ વિભાગને છેટેથી જોઈને બીજા મંદિર તરફ આગળ વધ્યા. ડગલે ને પગલે બીજા સાપની બીક લાગતી હતી. ગાડા જંગલમા કેડી દેખાતી નહોતી એટલે ડરમા વધારો થતો હતો. થોડે દૂર આવેલા પાચ મંદિરો જોતા સૌ ઉતાવળા થઇને આગળ વધ્યા

લબચોરસ જગતિ ઉપર બંધાયેલ વિષ્ણુપચાયતન મંદિરને જોઇને અમે આશ્ચર્યમુગ્ધ બની ગયા. એક જ ઓટલા ઉપર ચાર ખૂણે ચાર નાના ગૌણ મંદિરો અને વચ્ચે મુખ્ય મંદિર એવા આખા ઝૂમખાને પંચાયતન મંદિર કહેવામા આવે છે મુખ્ય મંદિરનો શિખર ભાગ અકબંધ રહી જવા પામ્યો હતો. મુખ્ય મંદિરની પાછળને ભાગે આવેલા બે ખૂણાના મંદિરો પણ સારી હાલતમા હતા, જ્યારે આગલે ખૂણે આવેલા બે ગૌણ મંદિરો ઢગલો થઇને પડયા હતા. ઢગલો થઈને પડેલ ભાગમા વૃક્ષો ઊગી નીકળ્યા હતા. આ મંદિરોનો પુનરુદ્ધાર ત્રણ સૈકા પહેલા થયો હોય તેમ દેખાયું પણ એ જ કાળમા આખોય પ્રદેશ જંગલજ્વરની મહામારીથી ઉજજડ બન્યો હશે, એટલે પુન-રુદ્ધાર થયેલા મંદિરો ફરીથી બિસ્માર બન્યા. વિષ્ણુપંચાયતન મંદિર જોઈને સામી બાજુએ આવેલી સદેવંત સાવળીગાની ચોરી પાસે પહોચ્યા. આ સ્થળે ઊભેલ ચાર સ્વસ્તિક સ્થભો કોઈ પુરાણા મંદિ-રના અવશેષો લાગ્યા. સંભવિત છે કે આ જગ્યાએ કોઈ મહાકાય મંદિર

ઊભું હશે. મંદિરની જગતિની લંબાઈ ૮૨ ફીટ અને પહોળાઈ ૭૨ ફીટ જેટલી લાગી. પ્રત્યેક વર્ષ પહેલાં આ સ્થળના ચારે સ્થંભો કોઈ ઉડાવી ગયું હોવાથી હાલમાં સદેવંત સાવળીંગાની ચોરીવાળા મંદિરની જગતિનો ભાગ તથા પીઠ ભાગના થોડા થરો જ જોવા મળે છે. આજુબાજુ જ્યાં જુઓ ત્યાં ઈંટનાં રોડાં, પથ્થરો, મંદિરોના આમલકો, સ્થંભો, કુંભીઓ, શરા, પાટ, ટેકીઓ વગેરે રઝળતાં પડેલાં દેખાયાં. એક સાથે એક જ ઝૂમખામાં આવેલાં નવ મંદિરોનાં ખંડિયેરોને અને અર્ધભગ્ન ભાગોને આજુબાજુની ભીલ પ્રજા સદેવંત સાવળીંગાનાં નવ દેરાંના નામથી ઓળખે છે. એની ઠાસ્થિયેલી ભાષામાં સદેવંત સાવળીંગાનો પ્રેમકિસ્સો સાંભળવાની ઈચ્છા કોઈ પણ માણસ રોકી શકે નહિ. અમે પણ સેંકડો વખત સાંભળેલ સદેવંત સાવળીંગાનો પ્રેમકિસ્સો ફરીથી સાંભળવા ઊભા રહી ગયા. સાંજનાં ઈડર પાછું ફરવાનું હોવાથી તેમ જ પાંચ વાગ્યા પછી આ પ્રદેશમાં જંગલી જનાવરોનો પૂરો ભય રહેતો હોવાથી અમે આભાપુર તરફ પાછા ફર્યા સદેવંત સાવળીંગાનાં નવ દેરાનું ઝૂમખું એક જ સમયે બન્યું હોય તેમ દેખાતું નથી પણ એ સ્થળ નજીકના શહેરનું ધાર્મિક તીર્થસ્થળ હશે એ વાત ચોક્કસપણે કહી શકાય વીરેશ્વર મહાદેવ પાસે આવેલ વીરનગરનાં જૂનાં ખંડિયેરો તથા નવ દેરાં વચ્ચે ચાર માઈલનું અંતર છે. બનવાજોગ છે કે નવ દેરાંવાળું સ્થળ હરણાવ નદીને કાંઠે આવેલ હોવાથી એ સ્થળનો ઉપયોગ વીરનગરવાસીઓ સૌંદર્યધામ અને તીર્થધામ તરીકે કરતા હશે. અમુક પુરાવાઓને આધારે વિચારીએ તો ગુહસેનનો વંશજ સુદેવંત નવમા સૈકાના અંતમાં આ પ્રદેશ પર રાજ્ય કરતો હોવા સંભવ છે. હાલમાં દેખાતાં મંદિરોમાં સદેવંત સાવળીંગાની ચોરીવાળા ભાગ સિવાય બીજાં મંદિરો આ સમય પછી બન્યાં હશે. કદાચ તીર્થસ્થળોમાં જૂનાં મંદિરોની જગ્યાએ નવેસરથી વધારે સારાં મંદિરો બંધાય છે તેમ અહીં પણ બન્યું હોય. રાય સુદેવંતની વંશાવળી અંગે મેં ગોહિલોના બારોટના ચોપડા, પ્રબંધ ચિંતામણી, ગોવિંદભાઈ હાથીભાઈ કૃત 'ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ' વલભી રાજ્યનાં તામ્રપત્રો, 'ઈન્ડિયા ઈન સેવન્થ સેન્ચુરી' વગેરેનો આધાર લીધો છે.

સદેવંત સાવળીંગાની વાર્તાવાળો પ્રસંગ પોળોનાં નવ દેરાં અને તેની આજુબાજુના પ્રદેશમાં બન્યો હોય કે ન બન્યો હોય પણ નવ દેરાંવાળું સ્થળ પ્રેમીઓનાં મન ભરી દે તેવું, ચિતારા કે કલાકારને

નવી કલ્પના આપે તેવું, કવિને કાવ્ય માટે સ્ફુરણા આપે તેવું, ભક્તોને પ્રભુ નજીક લાવે તેવું, વૈદ્યોને જડીબુટ્ટી મળી જાય તેવું અને પુરાતત્ત્વ-વિદોને સંશોધન માટે નવીનતા આપે તેવું જરૂર છે જ. સદેવંત અને સાવળીંગા જાણે આંખ સામે ઊભાં હોય તેવું આ સ્થળનું સૃષ્ટિસૌંદર્ય જોતાં જોતાં અમે આભાપુર પહોંચ્યા. એક આદિવાસી ભાઇએ મહેમાનગતિ કરતાં અમને માટલામાં ઉકાળેલ રેડિયાકસૂખા જેવી કડક ચા પાઈ દીધી ! આભાપુરના આદિવાસીની મહેમાનગતિ ચાખીને અમે ધીરે ચાલતી ગાડીમાં ઈલ્વ દુર્ગ (ઈડર)ને પંથે પડયા.

૧૧

## લાખેણા મંદિર-પોળો

સાબરકાંઠા ગુજરાતમા કુદરતે છૂટે હાથે સૃષ્ટિસૌંદર્ય વેર્યું હોય તો તે પોળોની ખીણના જંગલોમા આવેલ ભીમખેડા ડુંગરની ગાળી પાસે. સામસામે ઊભેલા સીધા ચડાણવાળા ભીમખેડા ડુંગરો વચ્ચે થઈને સૌંદર્યની છોળો ઊડાડતી હિરણ્ય નદી વહે છે. નદીકાંઠાના ગાઢ જંગલો હિરણ્યવતીને લીલી સાડી ઓઢાડતા હોય તેમ ઝૂકી રહ્યા છે.

લગભગ પચાસ વર્ષ પહેલા આ રમ્ય ખીણમાં હિરણ્યવતીને નાથીને વિજયનગરના મહારાવે એક સુંદર જળાગાર તૈયાર કરાવ્યું છે. આ નાનકડું જળાગાર ભીમખેડાની ખીણના પ્રદેશના સૃષ્ટિસૌંદર્યમા ઉમેરો કરે છે.

કહેવાય છે કે વનવાસ પામેલ પાંડવો ફરતા ફરતા આ પ્રદેશમા આવી ચડયા આજુબાજુનું સૃષ્ટિસૌંદર્ય જોઈને પાંડવો આ સ્થળે રોકાયા બાજુમાં આવેલ ભીમખેડા ડુંગર સીધા ચડાણવાળો હતો. આજુબાજુ નજર કરવા માટે ડુંગર ઉપર ચડવા ભીમને વિચાર થયો. લપસણા પથ્થર ઉપર ભીમથી ચડી શકાય તેમ નહોતુ એટલે પથ્થરની શિલાઓ ઉપર ભીમે ગદાના પ્રહાર કરી શિખર ઉપર જવાનો રસ્તો કર્યો. ભીમ નામનો પ્રભાવ જ એવો છે કે ભોળાપણું અને બળ સાથે હોય પોતાને માટે પહાડ ઉપર ચડવાનો માર્ગ બનાવ્યા પછી ભીમે વિચાર્યું કે મારા ચાર ભાઈઓને પહાડ ઉપર ચડવું હોય તો તેને માટે બીજા માર્ગ બનાવવા જોઈએ. આ વિચારને અમલમાં મૂકી ભીમે ગદાના પ્રહારથી ભીમખેડા ઉપર ચડવાના બીજા ચાર રસ્તા બનાવ્યા હાલમા આ પાચેય રસ્તાઓ મોજૂદ છે કદાચ આ રસ્તાઓ ભીમે બનાવ્યા ન હોય તો પણ પહાડ ઉપરના સીધા પાચ લીટાઓ, ડુંગરડા ઉપર ભીમે મેડ કરી હોય તેના દેખાય છે

ભીમખેડાની ખીણ વીંધીને સહેજ આગળ જતાં વિજયનગરના મહારાજાએ બંધાવેલ જળાગારથી થોડે દૂર હરણાવકાંઠે કેટલીક છતરીઓ દેખાય છે. આ છતરીઓનું શિલ્પ જંગલના સૌંદર્ય સાથે ભળી જાય તેવું છે આ જગાએ ત્રણસો વર્ષ પહેલાં હાલના વિજયનગર રાજ્યની રાજધાનીનું મુખ્ય શહેર પોળો આવેલું હતું હરણાવકાંઠે ઊભેલી જૂની છતરીઓ ઉપર તે વખતના રાજાની સમાધિઓ અને તેના ઉલ્લેખ કરાયા

છે. છત્રીઓ પાસેથી હરણાવ નદી પાર કરીને પોળોના જૂના શહેર તરફ જવાય છે. પોળો શહેર પણ લગભગ ત્રણ વખત વસ્યું હોય અને નાશ પામ્યું હોય તેમ દેખાય છે. નવું પોળો શહેર ભીમખેડા ડુંગરની સામે આવેલ પહાડ ઉપર વસ્યું હતું. તેનો કિલ્લો તથા કિલ્લામાં આવેલું એક પુરાણું વિષ્ણુમંદિર હાલમાં અર્ધભગ્ન હાલતમાં ઊભાં છે. પોળોના જંગલમાં આવેલાં મંદિરોમાં ભાસ્કર્યની દૃષ્ટિએ સૌથી ઉત્તમમાં ઉત્તમ કોતરણી આ મંદિરના મંડોવર ઉપર થયેલ છે. મંદિરનું શિલ્પ સોલંકી યુગ આંખ સામે ખડો કરે તેવું છે. સભામંડપના છજાને ખૂણે કોતરેલા હાથી દેવસોમનાથના મંદિરના હાથીઓ સાથે હરીફાઈ કરે છે. હરણાવ નદીના કૃત્રિમ જળાગારની પેલી બાજુને છેડે થઈને લાખેણા મંદિર તરફ જવાનો માર્ગ આવેલ છે. નદીને બંને કાંઠે ઝૂંબી રહેલ ઘાટી વનરાઈઓમાં ક્યારેક ક્યારેક વાઘનાં દર્શન થઈ જાય છે. અહીંથી આગળ વધતાં થોડે દૂર ચામુંડા માતાનું મંદિર આવે છે. મંદિરના ગર્ભગૃહમાં માતાજી દેખાતાં નથી. ફક્ત દેખાય છે સોલંકી યુગના શિલ્પના શણગારનો ઢગલો. આ શણગારના ઢગલામાં ગર્ભગૃહનો મંડોવર ભાગ અર્ધ તૂટેલો ડોકિયાં કરતો દેખાય છે. ચામુંડા માતાના મંદિરનાં દર્શન કરવા જનારને માતાજીનાં દર્શન થતાં નથી પણ નાગદેવતાનાં દર્શન થાય છે. માતાજીની પ્રસાદી-રૂપે ભૈરવસીંગની વધૂર દર્શનાર્થીને નૃત્યના કેટલાક અંગો ફરજિયાત કરાવે છે. અહીંથી આગળ વધતાં જૂના પોળો શહેરના અવશેષો દેખાય છે. માર્ગની બંને બાજુએ મકાનોના પાયાની હરોળ નજરે ચડે છે. અર્ધો ફર્લાંગ આગળ જતાં લાખેણા મંદિરનો ભવ્ય દરવાજો નજરે પડે છે. મંદિરનો મુખ્ય દરવાજો બંધ હોય ત્યારે યાત્રાળુઓ આરામથી બેસી શકે તેવી વિશાળ ચોકી બનાવેલી છે. નવચોકી ઉપર નોબતખાનાના ભાગો દેખાય છે. કમાનવિહોણા સોલંકી શૈલીના દરવાજામાંથી મંદિરમાં જવાની પગથાર શરૂ થાય છે. ચૌદ પગથિયાં ચડયા પછી લાખેણા મંદિરનો વિશાળ નૃત્યમંડપ આવે છે. નૃત્યમંડપની વિશાળતાનો અડસટ્ટો કરીએ તો સાડી એકતાલીસ ફીટ લંબાઈ અને આડત્રીસ ફીટ પહોળાઇ જણાય છે. મંડપના સ્થંભો ગુજરાતની પંદરમા સૈકાની શિલ્પશ્રેણીના હોય તેવા દેખાય છે. નૃત્યમંડપનો આખોય ઘુમ્મટ નાશ પામ્યો છે. અહીંથી આગળ વધતાં લંબચોરસ સભામંડપ આવે છે. આ ભાગને સભામંડપ કહેવો કે નૃત્યમંડપનો એક ભાગ કહેવો તે ચર્ચાનો વિષય છે. આ મંડપની બંને બાજુએ લંબચોરસ દેવકુલિકાઓ આવેલ છે. દેવકુલિકાઓની

દ્વારસાખના દ્વારો પથ્થરના બનેલાં છે પોળોના જંગલનાં મંદિરોની આ વિશિષ્ટ શૈલી છે. દેવકુલિકાઓમાના દેવોને જંગલવાસ નહિ ગમવાથી હિંમતનગરના જૈન ભાઈઓ વસ્તીવાળા શહેરમા લઇ ગયા છે. દેવ જેટલા તેને મૂળ સ્થાનકે શોભે છે તેટલા બીજી જગ્યાએ શોભતા નથી આ દેવોના દર્શન કરનાર શહેરની જનતા કહે છે કે "કોણ જાણે કેટલાંય વર્ષોથી આ દેવો અપૂજ રહીને પોળોના જંગલમા પડયા હતા હવે અહીંયાં પૂજાનો લાભ મળે છે." આ વાત દેવો ઉપર મનુષ્યે કૃપા કરી હોય તેવી લાગે છે. આ જ ભાગમાંથી આગળ વધતા એક વિશાળ દ્વારસાખમા થઈને ગૂઢમંડપમા જવાય છે. અંધારિયા ગૂઢમંડપમાં દાખલ થતા હર કોઈ મુસાફરના હૃદયના ધબકારા થોડાક વધી જાય છે. આ અંધારિયા ગૂઢમંડપમાં કેટલીય વખત ઉનાળામા ઠંડક શોધતાં શીંછો દિવસો સુધી રહે છે. મૂળ ગભારાના સિંહાસન ઉપર પણ ક્યારેક ક્યારેક જંગલી જનાવરો આનંદથી વિહરતા દેખાય છે. ગૂઢમંડપની નીચે આવેલ ભોંયરાનો કેટલોક ભાગ ખુલ્લો હોવાથી લાખેણા મંદિર જોવા આવનાર યાત્રિક ઘણી વાર ભોંયરામા સરકાઈ પડે છે મૂળ ગભારાના અંતરાલભાગમાં આશરે સાડા ચૌદ ફીટ ઊંચાઈના આરસના બે સ્થંભો આવેલ છે. આ સ્થંભોનું શિલ્પ ગુજરાતના ગૌરવ સમુ છે. લાખેણા મંદિર જોવા આવનાર હર કોઈ યાત્રિકની આંખ આ સ્થંભ ઉપર ચોટે છે. એક વખત પોળોના જંગલમાં શિકારે આવેલ સર મીરઝા ઇસ્માઈલે લાખેણા મંદિરના આ સ્થંભોને અજમેરની પ્રખ્યાત ખ્વાજા શરીફની દરગાહ માટે લઈ જવાની માગણી કરી હતી. એ ઉપરથી ખ્યાલ આવે કે એ સ્થંભોનું શિલ્પ કેટલુ ઉત્તમ કોટિનુ હશે. ઘટપલ્લવ સ્થંભથી સહેજ જૂદા પડી જતા આ રવૈયા સ્થંભો લાખેણા મંદિરનું આકર્ષણ છે. ગર્ભગૃહની મહાકાય પંચશાખા પણ લાખેણા મંદિરનું બીજું આકર્ષણ છે ગૂઢમંડપની બંને બાજુએ દેવકુલિકાના નાના ખંડો આવેલા છે. આમાની એક દેવકુલિકામા અર્ધતૂટેલ જૈન મૂર્તિ પડી છે. ગર્ભગૃહમા જવા માટે પેટ્રોમેક્ષની જરૂર પડે છે. ઉપરની છતે લટકેલા સેંકડો ચામાચીડિયા ગર્ભગૃહના વાતાવરણને ગંદુ બનાવે છે આખાય લાખેણા જૈન મંદિર બાબત રીતિથી વિચારીએ તો તેનો વિસ્તાર હઠીભાઈની વાડીના દેરાસરથી થોડો ઓછો હોય તેમ દેખાય છે. દેરાસરની ઊંચાઈ હઠીભાઈની વાડીના દેરાસર કરતા વધારે છે. દેરાસરની જમણી બાજુએ એક વિશાળ

ભોંયરું આવેલ છે. આ ભોંયરામાં દેવનિધિ રહેતો હશે. દેરાસરની ચારે બાજુ આંટો મારતાં દેવકુલિકાઓની જાળીઓનું શિલ્પ આંખમાં વસી જાય તેવું છે. લાખેણા મંદિરના મંડોવરની જંઘા ઉપરનું ભૂમિતિના ખૂણાઓવાળું શિલ્પ અદ્ભુત છે. ભારકર્ય સપ્રમાણ છે, કોતરણીમાં ક્યાંય એબ દેખાતી નથી. પીઠભાગ ઉપરના ત્રણ બાજુનાં ત્રણ હસ્તિ-જોડકાંનું શિલ્પ શામળાજીનાં હસ્તિજોડકાંને મળતું છે.

પોળોનું લાખેણા મંદિર જોવાની મારી ઘણી ઇચ્છા હતી. અનુકૂળ સંજોગો મળતાં અમે હરણાવ નદી પાર કરીને ગાઢાં જંગલો વચ્ચે ઊભેલા લાખેણા મંદિરને દરવાજે પહોંચ્યા. દરવાજાનાં કમાડ તો કોણ જાણે ક્યારે ય ઉધઈના પેટમાં પડયાં હશે. પરંતુ પંદર પંદર ફીટ ઊંચાઇવાળાં વૃક્ષો દરવાજા પાસે ઊગી જવાથી થોડેઘણે અંશે કરવાજાની ગરજ સારતાં હતાં. જંગલી જાનવરોની બીકને લઇને સાથે લીધેલ તલવારો અને ધારિયાં વતીથી વૃક્ષોને કાપીને અમે નૃત્યમંડપમાં પહોંચ્યા. અમારો અવાજ સાંભળીને કોઇ જંગલી પ્રાણી અર્ધખાધેલ બકરાને મૂકીને નાસી ગયું. અહિંસાના ધામરૂપ જૈનોના ચૈત્યમાં થયેલી હિંસાને જોઈને મને લાગ્યું કે લાખો કરોડો રૂપિયા ખર્ચીને દેરાં બનાવનાર સુખી જૈનો આ જૈનચૈત્યનો આવો ઉપહાસ કેમ સહન કરતા હશે? સભામંડપની બાજુના બે લંબચોરસ ખંડોમાં જતાં અમારા ભોમિયાએ વાત કરી કે આ ભાગ માંહેની જૈનમૂર્તિ હિંમતનગરના જૈનભાઈઓ લઈ ગયા છે. ગર્ભગૃહની બાજુમાં આવેલ ખંડમાંની એક પ્રતિમા ઉખેડતા ફૂંફાડા મારતો કાળોતરો સાપ નીકળી આવ્યો. બીકના માર્યા મજૂરોને હાથે બે મૂર્તિઓ ખંડિત થઇ ગઈ. અહીંથી આગળ વધતાં ગર્ભગૃહમાંથી નીકળીને ભાગતા એક જરખને અમે જોયો. મને પેલી પંક્તિઓ યાદ આવીઃ

> "સમય સમય બલવાન હૈ, નહીં પુરુષ બલવાન,
> કાબે અર્જુન લૂંટીયો, વો હી ધનુષ વો હી બાણ."

લાખો રૂપિયા ખર્ચીને પોળોના જંગલમાં લાખાપુરનાં ચૈત્યો ખડાં કરનાર સુખી લાખા વણજારાને મંદિર બાંધતી વખતે કલ્પના પણ નહિ આવી હોય કે મેં બંધાવેલ ચૈત્યોમાં કોઇ સમયે જંગલી પ્રાણીઓનો વાસ થશે!

મારી જન સમાજને આગ્રહભરી વિનંતી છે કે આ ચૈત્યના પુનરુધ્ધારમાં થોડા નાણાં ખર્ચે. મારા જાણવા મુજબ ત્રણેક વર્ષ પહેલા ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતાએ આ મંદિરને સાફસુફ કરાવ્યું છે. અને મંદિર બહાર ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતાનું પાટિયું મુકાવ્યું છે. મંદિરમાં આટો મારીને અમે બહાર નીકળ્યા. લાખેણા મંદિરના શિખરભાગ ઉપર કોઈ પહાડના શિખર ઉપર ઘાસ ઊગી નીકળે તેમ ઘાસ ઊગી નીકળેલું દેખાયું. મંદિરના એક ભાગમા સવા ફૂટની જાડાઈ વાળું થડિયું ધરાવતું ઝાડ ઊગી નીકળેલું દેખાયું. આ મંદિરથી થોડે દૂર બે જોડિયાં મંદિર ઊભાં છે કોઈ એમને દેરાણીજેઠાણીના મંદિરને નામે સંબોધે છે. આ મંદિરો વિષ્ણુ અને શિવના હોય તેમ કહેવાય છે. જીર્ણ હાલતમા ઊભેલા મંદિરો નજીક જતા જોયું તો બને મંદિરો હલકી જાતના આરસમાથી બંધાયેલા લાગ્યા અહીથી આગળ જતાં લાખેણા મંદિર પાછળ ઊભેલો પહાડ વટાવીને અમે એક પુરાણા નગરના અવશેષો પાસે જઇ ચડયા. આ નાનું નગર થોડા વખત પહેલા જેમનું તેમ ત્યજી દેવાયું હોય તેમ લાગ્યું કારણ કે ત્યજી દેવાયેલ નગરનાં મકાનોના પીઠો અને પાટડા પણ દેખાતા હતા. આ નાનકડા નગરની બીજારોમા હાલ તો તૂટેલા મકાનોના પથ્થરના ઢગ પડયા છે. એકબે નાની દેરીઓ પણ દેખાય છે આ પુરાણા ત્યજી દેવાયેલ નગરમાં ખાસ પ્રકારની માખીઓ જોવા મળી. આ માખીઓ કરડતી નથી પણ આખ આગળ ફૂડાળે ફર્યા કરે છે, એટલે જૂના નગરમા ઝાઝો વખત ટકી શકાતું નથી. જૂનું નગર જોઈ ને જંગલ વીંધી અમે જ્યારે પોળો નગરની છતરીઓ પાસે આવ્યા ત્યારે સૂરજ મહારાજ સંધ્યાદેવીને હાથે બનાવેલ રાત્રિભોજન જમવા માટે જઈ રહ્યા હતા. અમે પણ સારણેશ્વર મહાદેવના પૂજારીના આમંત્રણને માન આપીને રાત્રિભોજન કરવા માટે સારણેશ્વર તરફ ચાલી નીકળ્યા.

રાત્રિભોજન પતાવીને અમે સારણેશ્વર મંદિરના તૂટેલા સભામંડપમા સૂતા હતા તેવામા મંદિર નજીક આવેલ આતરસૂબા ગામના એક ભાઈ આવી ચડયા. તેમણે કહ્યુ કે "મહારાજ! આ ભાઈઓને અહીંયા છે જોઈને સુવરાવ્યા? આખી ય જગા જનાવરું પડી છે. વાઘનો અવાજ લગભગ દરરોજ સંભળાય છે સાપની ડાકલીઓ વાગ્યાં કરે છે."

બાવાજીએ કહ્યું કે "મેં આ ભાઈઓને દાળબાટી ખાવાનું

આમંત્રણ આપ્યું હતું. બીખયો મહેમાનોને લાખેણા મંદિરે લઈ ગયો હતો. પાછા વળતા મોડું થયું એટલે મેં કહ્યું કે જમીને અહીંયાં સૂઈ રહો."

આંતરસૂબાના એ ડાક્ટર સાહેબને મેં કહ્યું કે "તમે અમારી ફિકર કરશો નહીં. અમે રખડી રખડીને અર્ધા જંગલવાસી થઈ ગયા છીએ. છતાં આપ અમારી આટલી બધી ફિકર કરો છો તે બદલ આપનો ઘણો આભાર."

આંતરસૂબાવાળા ડાક્ટર સાહેબે કહ્યું કે "આભાર માનવાની જરૂર નથી. અહીંયાં આવનાર હર કોઇ શહેરીની અમારે ફિકર રાખવી પડે. થોડા વખત પહેલાં એક સાધુ આવી ચડ્યા હતા. રાત્રે વાઘનો અવાજ સાંભળીને એટલા બધા ડરી ગયા કે દોડીને જેને ઘેર ઊતર્યાં હતા તેના ઘરમાં ઘૂસી ગયા. ઘરમાં સૂતેલી સ્ત્રીઓએ ચોર માનીને મહારાજને મેથીપાક જમાડી દીધો !"

મેં તુરત જ ડાક્ટર સાહેબને હસતાં હસતાં કહ્યું કે "મહારાજ તો એકલિયા એટલે અમને વાઘ બોલશે ત્યારે ઓછામાં ઓછી મેથીપાકની બીક તો નહીં રહે."

પછી તો ડાક્ટરભાઈ વાતોએ વળગ્યા. મેં એમને લાખેણા મંદિર બાબત કાંઈ જાણતા હોય તો માહિતી આપવા કહ્યું. ડાક્ટર સાહેબે કહ્યું કે "હું અહીંનો વતની નથી છતાં અહીંયાના કેટલાક આદિવાસી ભાઈઓ કહે કે લાખેણા મંદિરની આજુબાજુ મોટું શહેર વસેલું હતું. તેની વચ્ચોવચ એક નાનકડું જૈન દેરાસર વસેલું હતું. એ શહેરમાં ઘણી વખત લાખો વણજારો આવી ચડતો. એક વખત એની બાલક પુત્રી પણ સાથે હતી. નાની પુત્રી ચૈત્યમાં દર્શને ગઈ. નાનકડું દેરાસર જોઇને તેણે ગામના શ્રાવકોને કહ્યું કે 'આવા મોટા શહેરની સરખામણીમાં આ નાનકડું દેરાસર ન શોભે.'

દર્શન કરવા આવનાર એક શ્રાવકે કહ્યું કે 'ગામના પ્રમાણમાં દેરાસર નાનું છે, પણ શ્રાવક ભાઈઓનાં ઘર ઓછાં હોવાથી મોટું દેરાસર બાંધી શકાતું નથી.' દર્શન કરીને લાખા વણજારાની દીકરી પોતાના તંબૂ તરફ ગઈ. તેણે પોતાના પાલક પિતાને કહ્યું કે 'બાપુજી! આ ગામમાં એક વિશાળ મહાકાય દેરાસર બંધાવી આપો તો બહુ સારું.'

લાખા વણજારે કહ્યું કે ' દીકરી ! તું કયાંક વાવ, કયાંક કૂવા, કયાંક દેવદેરાં એમ બંધાવવાની વાતો કર્યા જ કરે છે. ઠેર ઠેર આવાં કામ કર્યા કરીએ તો આપણો વેપાર રૂંધાઈ જાય. મૂડી ઓછી થઈ જાય.'

લાખા વણજારાની લાડકી દીકરી હઠ લઈ બેઠીઃ ' ગમે તેમ થાય પણ આ ગામમાં દેરાસર બંધાવો તો જ હા નહીંતર ના. તમે હા નહિ પાડો ત્યાં સુધી હું ખાઇશ ય નહીં ને પીશ ય નહિ.'

લાખા વણજારાને હઠીલી પુત્રીની હઠ પાર પાડવી પડી. તેણે એક મહાકાય દેરાસર બંધાવ્યું. એ જ હાવનું લાખેણાનું દેરાસર."

મોડા મોડા પેલા ઠાકરભાઈ એમને ઘેર ગયા. લાખેણા મંદિર કોઈ લાખા નામે શ્રાવકે બંધાવ્યું હોય કે લાખા વણજારાએ બંધાવ્યું હોય પણ એક વાત ચોક્કસ [redacted] કે એના બંધાવનારે લાખો રૂપિયા ખરચ્યાં હશે. ત્યાર પછી તો બાવાજીની સાથે બદ્રીનારાયણથી માંડીને રામેશ્વર અને પાસ મંદિરોથી માંડીને દ્વારકા સુધીની વાતો કરી. રાત્રે સૂતા પછી એક ઊંઘે સવાર પડી અને અમે ધીરે ધીરે અમદાવાદ તરફ પ્રયાણ આદર્યું.

# રોડાનાં મંદિરો

"અંધેરી નગરી ને ગંડુ રાજા, ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં."

**આ** કવિતા લખનાર કવિ દલપતરામને ખયાલ પણ નહિ હોય કે તેમણે કલ્પેલી અંધેરી નગરી મૂર્ત સ્વરૂપમાં ગુજરાતની એક ધનાઢ્ય નગરી હતી. હાલમાં તો આ નગરીનાં ખંડેરોનાં રોડાં જ્યાંત્યાં રખડતાં હોવાથી હાલમાં એ જગ્યાએ વસેલ રાયસિંગપુર ગામને રોડાના ઉપનામથી ઓળખવામાં આવે છે. જૂની અંધેરી નગરીનો વિસ્તાર ત્રણેક માઈલનો હોય તેમ લાગે છે. હાલના ખેડ ગામ પ.સેની પુરાણી વાવ, ખેડ અને રોડા ગામની વચ્ચે આવેલાં સાત મંદિરો તથા એક કુંડ આ વાતની સાબિતી આપતાં મોજૂદ છે

અમદાવાદથી હિંમતનગર થઈને એસ. ટી.ની બસ દ્વારા રોડા જવાય છે. અથવા તો હિંમતનગરથી આંત્રોલી થઈને લિંબોડા તરફ જતી સડક ઉપર આવેલ જગતપુરા ગામ પાસેથી કાચી સડકે ચાંદરણી થઈને ખેડ અને ત્યાંથી રોડા જવાય છે. નાની મોટર કે જીપ માટે આ રસ્તો બહુ જ ખરાબ છે. એટલે અંધેરી નગરી જોવા જનારને હિંમતનગરથી કે ચાંદરણીથી ખેડ જતી બસમાં જવું વધારે સગવડવાળું છે.

ગુજરાતમાં બૌદ્ધ ધર્મનો અસ્ત થયા પછી શિવ અને વિષ્ણુ સંપ્રદાય જોરમાં આવ્યા. ઈસવી સનના ચોથા સૈકામાં બૌદ્ધ ધર્મની પડતી થવાની શરૂઆત થઈ. સારાય ગુજરાતમાં ફેલાયેલ બૌદ્ધ ધર્મની પડતી થવાનાં કારણોમાં બૌદ્ધ ધર્મના સાધુઓની નીતિભ્રષ્ટતા, ભગવાન બુદ્ધે આપેલ અહિંસાના મુખ્ય મંત્રને મંત્રતંત્ર તથા અઘોર વિદ્યા દ્વારા લગાડાયેલી હીણપ વગેરે ગણી શકાય.

બૌદ્ધ ધર્મ ઢીલો પડયા પછી ગુજરાતભરમાં શૈવ તથા વિષ્ણુ સંપ્રદાયનાં મંદિરો બંધાયાં. પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા સૈકામાં બંધાયેલાં ગુજરાતનાં હિન્દુ મંદિરોમાં કેટલાંક નાગર શ્રેણીનાં હતાં. વધારે આશ્ચર્યની વાત એ છે કે આ જ શ્રેણીનાં મંદિરો દક્ષિણ દ્વીપકલ્પના થોડા ભાગ સિવાય સારાયે ભારતવર્ષમાં છઠ્ઠા, સાતમા અને આઠમા સૈકામાં બંધાયાં હતાં. આમાંનાં કેટલાંક હાલમાં મોજૂદ છે. ખાસ કરીને મારવાડના જોધપુરથી બત્રીસ માઈલ દૂર ઓશિયાનાં

મંદિરો, ગુજરાતનાં રોડાનાં તથા ઝાલાવાડનાં મંદિરો, મહારાષ્ટ્રના ધારવાડ જિલ્લાના વાતાપી તથા બદામીનાં મંદિરો, મદ્રાસ તરફના પાપનાથનું મંદિર, ઓરિસ્સાનું મંદિર વગેરે. ચોરસ એકાંડી શ્રેણીનાં મંદિરો એક બીજાને મળતાં અને સમકાલીન ગણી શકાય. આ જાતનાં મંદિરોની વિશિષ્ટતા એ છે કે મોટે ભાગે મજબૂત જાતના ખારા પથ્થરની બાંધણી, બાર ફીટથી માંડીને પાંત્રીસથી ચાલીશ ફીટ જેટલી ઊંચાઈ, કળશ નીચેનો આંબલકનો ભાગ, ખૂબ જ વિશાળ તથા બૌદ્ધકાલીન શિલ્પની અસરવાળાં વગેરે.

મોટા ભાગના પુરાતત્ત્વવિદોનું એમ માનવું કે શિખરબંધ પથ્થરિયાં મંદિરો બાંધવાની શરૂઆત ધારવાડ જિલ્લાના ઓહિલોનાં મંદિરોથી થઈ તે પહેલાં શિખર વિનાનાં મંદિરો બંધાતાં. પણ આ બાબત ગુજરાતને લાગુ પડતી નથી. ગુજરાતમાં સમચોરસ, ઉપરથી બેઠા ઘાટના શિખરવાળાં સભામંડપ સિવાયનાં ઘણાં યે મંદિરો પાંચમા અને છઠ્ઠા અને સાતમા સૈકામાં બંધાયાં હતાં, જેમાંનાં ગોપ અને રોડાનું પશુપક્ષી મંદિર હાલમાં યે ઊભાં છે. આ બતાવી આપે છે કે મંદિરો ઉપર શિખર બાંધવાની પ્રથા ભારતભરમાં પહેલ વહેલી ગુજરાતમાં થઈ હશે.

સારાયે ભારતવર્ષમાં રોડાનું નાનકડું પશુપક્ષી મંદિર આગવું સ્થાન ધરાવે છે. દક્ષિણમાં પક્ષીતીર્થ છે, પણ મંદિરમાં દેવદેવીઓને સ્થાને પશુપક્ષી બિરાજતાં હોય તેવું તો આ એક જ મંદિર છે. રાયસિંગપુરથી થોડેક દૂર ભૂતિયા દેરાને નામે ઓળખાતા એક દેરા નજીક નાનકડું પશુપક્ષી મંદિર ઊભું છે. સમચોરસ આઠ ફીટ લાંબા અને આઠ ફીટ પહોળા ઓટલા ઉપર દસેક ફીટની ઊંચાઈ ધરાવતું, સભામંડપ સિવાયનું, બેઠા પ્રકારના શિખરવાળું નાનકડું પશુપક્ષી મંદિર રોડાનાં મંદિરોમાં જુદું જ તરી આવે છે. નાનકડી દ્વારસાખ પાસે ઊભા રહીને અમે જ્યારે દેવદેવીઓની જગ્યાએ એક પથ્થર ઉપર કોતરાયેલ પશુપક્ષીની મૂર્તિ જોઈ ત્યારે આશ્ચર્યમાં ગરકાવ બની ગયા. અમે મંદિરનો અંદરનો ભાગ જોતા હતા ત્યાં ખેતરનો માલિક આવી પહોંચ્યો. તેણે કહ્યુ કે "સાહેબો ! આ નાનકડા મંદિરની અંદર જશો નહિ, કારણ કે આ મંદિરમાં એક નાગ અને નાગણીનું જોડું વર્ષોથી રહે છે." કોણ જાણે આ વાઘ–વાઘણ, કબૂતર–કબૂતરી, પોપટ–પોપટી અને તીતર–તીતરડીનાં કોતરાયેલાં જોડાંની સાથે આ નાગ–નાગણના

જીવંત જોડાને ભગવાને કેમ મૂક્યું હશે ? દેવદેવીઓની જગ્યાએ કોતરાયેલાં પશુપક્ષીનાં ચાર જોડાં બાબત એ ભાઈને પૂછતાં તેણે કહ્યું કે "અમારા ગામના એક વડીલ કહેતા હતા કે આ નાનકડા મંદિરની બાધાઓ કરવા માટે પોશિનાપટ્ટીના ભીલ લોકો ક્યારેક ક્યારેક આવતા." આ ભાઈની માહિતીને આધારે પશુપક્ષી મંદિર બાબત વધારે જાણવા માટે હું પોશિનાપટ્ટીના ગઢેર ગામે તથા બાજુનાં બીજાં ગામોમાં તપાસ કરી આવ્યો, પણ કાંઈ જાણવા જેવું મળ્યું નહિ. ફક્ત બાંધણી ઉપરથી એટલું કહી શકાય કે કદાચ પશુપક્ષી મંદિર રોડાનાં બધાં જ મંદિરોમાં પ્રાચીન હોય. આ મંદિરની બાજુમાં ભૂતિયા દેરાને નામે ઓળખાતું ચાર થાંભલાના સભામંડપવાળું એક મંદિર ઊભું છે. અહીંથી થોડેક દૂર આ જ પ્રકારના શિખરભાગવાળું પણ તૂટેલ હાલતમાં એક મંદિર આવેલું છે. આ મંદિરના સભામંડપના ચારે સ્થંભો ચારે બાજુથી ખુલ્લા છે. અહીંથી થોડેક દૂર એક વહેળાને સામે કાંઠે વિરાટકાય મહાદેવનું મંદિર જીર્ણ હાલતમાં ઊભું છે. મંદિરનો સભામંડપ બે ય બાજુથી બંધ છે અને આગલે ભાગેથી ખુલ્લો છે. સભામંડપ ઘણો વિશાળ છે. ગુજરાતનાં જૂની શ્રેણીનાં એકાંડી મંદિરોમાં આ મંદિર ઘણું મોટું કહી શકાય. મંદિરના સભામંડપમાં એક અર્ધતૂટેલ મહાકાય શિવલિંગ રઝળતું પડ્યું છે. લીલા પારેવા રંગના પથ્થરમાંથી કોતરાયેલ શિવલિંગનો ટુકડો જોતાં મને લાગ્યું કે આ શિવલિંગ બીજાં શિવલિંગો કરતા જુદા જ પ્રકારનું હશે. કદાચ આ શિવલિંગના નીચેના ભાગની કોતરણી જોતાં તે મૂળ લિંગ હોય તો ના નહિ.

અહીંથી પાછા ફરતાં વહેળાને બીજે કાંઠે બે એકસરખાં મંદિરો જોડાજોડ ઊભાં છે. વચમાં એક નાનકડું મંદિર ઢગલો થઈને પડ્યું છે. એક મંદિરનો સભામંડપ તદ્દન નાશ પામ્યો છે, જ્યારે બીજા મંદિરનો સભામંડપ સારી હાલતમાં છે. રોડા ગ્રુપનાં બધાંય મંદિરોમાં આખો અતૂટ સભામંડપ ધરાવતુ આ એક જ મંદિર છે. આ સભામંડપની વિશિષ્ટતા એ કહેવાય કે સભામંડપનો ઉપરનો ભાગ બંને બાજુ છાપરાની પેઠે ઢાળવાળો છે, જ્યારે આગળનો ભાગ ત્રિકોણ છે. આ જોતાં કોઇ મોટા ઘંટાઘરવાળા ક્રિશ્ચિયન ચર્ચની આગળનો સભાખંડ યાદ આવી જાય છે. ફક્ત ફેર એટલો કે ચર્ચમાં સભાખંડ વિશાળ હોય છે, જ્યારે આ મંદિરનો સભામંડપ નાનો છે. આ જોડિયા મંદિરની સામે જ કદાચ ગુજરાતભરમાં ચાર નાના દેરાવાળો પ્રથમ

બધાયેલો લાકડી માનો કુંડ નજરે પડે છે. કુંડની એક બાજુ તૂટી ગઈ છે પણ બાકીની બાજુઓ ઉપરથી કહી શકાય કે લાકડી માનો કુંડ ખૂબ પદ્ધતિસર બધાયેલો છે. કુંડના ચારે ખૂણાનાં મંદિરોની દેવમૂર્તિઓ મોજૂદ છે, જ્યારે બાકીના બીજા મંદિરમાંની દેવમૂર્તિઓ દેખાતી નથી ફક્ત પશુપક્ષી મંદિરમાંની દીવાલમાં કોતરાયેલી પશુપક્ષીની મૂર્તિઓ દેવ સ્થાને દેખાય છે. આ બધા મંદિરોને સમગ્રપણે જોતાં એટલું જાણી શકાય કે આ વિષયના કોઈ પણ સ્કોલરને એકાકી મંદિરોની જુદી જુદી શ્રેણીનો અભ્યાસ કરવો હોય તો રોડાના મંદિરોમાં થઈ શકે તેમ છે બધાંય મંદિરોના સભામંડપોની ઉપર સીધી શિલાઓ મૂકવામાં આવી છે અને એ શિલાઓમાં નીચેને ભાગેથી ચંદરવામાં કોતરણી કરવામાં આવી છે આ શિલાઓ ઉપર ત્રિકોણાકાર કે બીજી આકૃતિના પથ્થરો ગોઠવવામાં આવ્યા હશે, જે ખૂબ વજનદાર બની જવાથી વખત જતાં તૂટી પડયા હશે. મોટાં પાંચ મંદિરોમાં ફક્ત એકમાં જ શિવલિંગનો ટુકડો મળતો હોવાથી અને એક જગ્યાએ પોઠીયો મળેલ હોવાથી એ શિવમંદિરો કહી શકાય. બાકીના મંદિરોના મંડોવરોની જંઘા ઉપરના ગવાક્ષોમાં બેસાડેલ દેવદેવીઓની મૂર્તિ ઉપરથી એ મંદિરો કોનાં હશે તેનું અનુમાન થઈ શકે આ મંદિરોમાં છજાનો ભાગ કાઢવામાં આવ્યો નથી મોટે ભાગે ચોરસ સ્થંભોના ઉપરના ભાગે ચારે બાજુ નર્તિકાઓ, દેવગાંધર્વો વગેરેની મૂર્તિઓ કોતરવામાં આવી છે આ મૂર્તિઓનું શિલ્પ ઘણું આકર્ષક અને ભરાવદાર લાગે છે રોડાનાં મંદિરના સ્થંભોમાં ટેકીનો ભાગ નથી સૌથી વધારે અગત્યની વાત તો એ છે કે રોડાના મંદિરોના ગવાક્ષોમાં બેસાડેલ દેવદેવીઓની બેઠી પ્રતિમાઓ કહી જાય છે કે બૌદ્ધકાળ પછી હિન્દુઓએ ભગવાન બુદ્ધના જેવી બેઠી પ્રતિમાઓ કોતરવાનું શરૂ કર્યું હશે ભગવાન બુદ્ધના જેવી મુદ્રાવાળી મહાદેવની તથા પાર્વતીની મૂર્તિઓ જોતાં સહેજે એમ થઈ જાય કે એ મૂર્તિઓ બૌદ્ધ શિલ્પની અસરવાળી છે બૌદ્ધકાળ પછી શંકરાચાર્ય દ્વારા નવપલ્લવિત થયેલ હિન્દુ ધર્મની વેલે બૌદ્ધ ધર્મના કેટલાક અંગો ખાસ કરીને ઉત્સવો, વરઘોડાઓ, મોટા મોટા મેળાઓ વગેરેનો પોતાના પાઇડાઓની પેઠે સ્વીકાર કર્યો એ જ રીતે હિન્દુ દેવદેવીઓના શિલ્પમાં બૌદ્ધ શિલ્પની અસર આવી હશે

સમગ્રપણે વિચાર કરતાં રોડાના મંદિરોમાં પાંચ જાતનું વૈવિધ્ય ગણી શકાય કદાચ ભારતભરનું એક જ પશુપક્ષી મંદિર અહીં છે.

ગુજરાતમાં પ્રથમ બંધાયેલ દેવમંદિરવાળો કુંડ પણ અહીં છે. બૌદ્ધકા
અસરવાળી દેવદેવીઓની મૂર્તિ પણ અહીં છે. ત્રિકોણાકાર છ
ધરાવતો સભામંડપ પણ અહીં જોવા મળે છે અને ઉત્તમ દ્વારસાં
જુદી જુદી શ્રેણીઓ પણ રોડાના મંદિરોમા મોજૂદ છે.

આ બધું જોતા એમ કહી શકાય કે શિલ્પરસિકને રો
મંદિરોમાં શિલ્પની બાબત જાણવાનું મળે, નવીન સૃષ્ટિસૌંદર્યપ્રેમીને
નાના વહેળા ભેગા થઇને એક નાનકડી નદીને કાંઠે ઊભેલાં જુદા
મંદિરો અને વૃક્ષોવાળું સૃષ્ટિસૌંદર્ય જોવા મળે અને અદ્દભુતરસપ્રે
હજારો ઉંદરડાઓનાં દરોમા રખડતા કાળોતરા સાપ જોવા મળે.
સાથે આ સાપોથી ન ડરનાર ગ્રામ બાળકો નજરે પડે. ખં
રાયસિંગપુર, રોડા કે પુરાણી અંધેરી નગરી એ ગુજરાતનું શિ
સ્થાપત્યધન છે અને આ વિષયના જિજ્ઞાસુઓ માટે તીર્થસ્થળ સમુ

## ૧૩

# મોઢેરા ( ધર્મારણ્ય )

ઉત્તર ધ્રુવ પ્રદેશમાંથી જુદી જુદી આર્ય ટોળીઓ જુદા જુદા પ્રદેશમાં ગઈ પશ્ચિમ તરફ જનાર ટોળીઓએ સૂર્યોપાસના બરાબર જાગ્રતી રાખી. પણ ભારતવર્ષમાં આવનાર આર્ય પ્રજાએ બીજા દેવોની ઉપાસના તરફ વધારે ધ્યાન આપ્યું આથી સૂર્યોપાસના ઓછી થઈ. ઈસ્વી સનના ત્રીજા અને ચોથા સૈકામા હૂણ અને શક પ્રજાએ ભારત પર આક્રમણ કર્યું. એ પ્રજાએ પશ્ચિમ તરફ ગયેલી આર્ય ટોળીઓ પાસેથી સૂર્યોપાસના સ્વીકારી હતી ભારતમાં આવનાર આ પ્રજા સહેજ નવા સ્વરૂપમા સૂર્યોપાસના લેતી આવી હતી. વખત જતાં આ પ્રજા આર્યો સાથે ભળી ગઈ. આર્ય પ્રજાએ એની પાસેથી સૂર્યોપાસના મેળવી આર્ય ધર્મમા દાખલ કરી. મૂળમા તો આર્ય પ્રજા સૂર્ય દેવને માનતી જ હતી. પણ સૂર્યને વિષ્ણુનો અવતાર માનવાથી સૂર્યપૂજા ધીમી પડી હતી તે હવે નવા સ્વરૂપે જીવિત થઈ. સાથોસાથ સૂર્યમૂર્તિના વિધાનમા નવી રીત દાખલ થઈ. સૂર્ય સિવાય આર્યોના બીજા કોઈ પણ દેવના પગમા નળા સુધી પહેરેલ ઈરાનિયન બૂટ જોવામાં નહિ આવે

આર્યોના દેવની મૂર્તિઓ મોટે ભાગે ચાર ભૂજાઓવાળી હોય છે, જ્યારે સૂર્યમૂર્તિને બે ભૂજા હોય છે. પગમા ઈરાનિયન બૂટ હોય તે સૂર્યદેવની મૂર્તિઓ પાશ્ચાત્ય અસરવાળી છે છેલ્લા ૧૬૦૦ વર્ષથી આર્યાવર્તમા સૂર્યપૂજા વ્યાપક રીતે થતી નથી. પણ કેટલીક જાતિઓ સૂર્યદેવને પોતાના કુળદેવ ગણતી હોવાથી સૂર્યપૂજા ચાલુ રહી છે. હૂણ જાતિમાંથી ઊતરી આવ્યાના સંભવવાળી સૌરાષ્ટ્રની કાઠી પ્રજા સૂર્યને પોતાનો ઇષ્ટદેવ માને છે ઉપરાંત પાંચમા સૈકામા થઈ ગયેલા વલ્લભી વંશના ત્રણ રાજાઓ ધારણસેન બીજો, શિલાદિત્ય પહેલો અને ખરગ્રહ પૂરેપૂરા સૂર્યોપાસક હતા. અને પોતાના નામ પાછળ પરમ આદિત્યનું બિરુદ ધારણ કરતા હતા, જેનો ઉલ્લેખ એ સમયના તામ્રપત્રોમા મળી આવે

વલ્લભી વંશના વીસે ય રાજાઓ સૂર્યદેવને પોતાના ઇષ્ટદેવ તરીકે માનતા પણ સાતમા, આઠમા અને નવમા રાજાઓએ રાજ્યધર્મ તરીકે સૂર્યધર્મને અપનાવ્યો હતો એ વંશના અસ્તકાળ પછી તેના સીધા વંશજોએ સૂર્યને ઇષ્ટદેવ તરીકે ચાલુ જ રાખ્યા મેવાડના

સૂર્યવંશી રાણાઓ તેમ જ સેજકપુર તથા નંદિાદના ગોહિલોએ સૂર્યોપાસના આજ સુધી ચાલુ રાખી છે. ભારતમાંથી સૂર્યોપાસના નષ્ટ થઈ ગઇ છે એમ કહેનાર મેવાડના મહારાણાની સૂર્યપૂજા તથા સૌરાષ્ટ્રમાં કાઠી કોમમાં પ્રચલિત જીવંત સૂર્યોપાસનાના પ્રતીકરૂપે ત્રીસ વર્ષ પહેલાં ચાર લાખને ખર્ચે ઝાલાવાડના થાન શહેરથી ચાર માઇલ દૂર બંધાયેલાં ભવ્ય સૂર્યમંદિર તથા ધર્મશાળાઓ જુએ. સૌરાષ્ટ્રના ગામેગામમાં સૂર્યપત્ની રન્નાદેની થતી ઉપાસના ઉપરાંત ધોળા જંકશન પાસે દડવા ગામે તથા જેતપુર પાસે દડવા ગામે સંજ્ઞાદેવી ( રન્નાદે )નાં મંદિરો જુએ. સૌરાષ્ટ્રમાં સૂર્યની અને સૂર્યપત્નીની પૂજા આજ સુધી થઈ રહી છે. એ ઉપરાંત ભારતવર્ષમાં ત્રિકાળ સંધ્યા વખતે દ્વિજો સૂર્યોપાસના કરે છે.

ચોથા સૈકા પછી ભારતમાં અનેક સૂર્યમંદિરો બંધાયાં, પણ મોટા ભાગનાં મુસ્લિમકાળ દરમિયાન નાશ પામ્યાં. સૂર્યોપાસના ધીમી પડવાથી એમનો જીર્ણોદ્ધાર થયો નહિ. અત્યારે કેટલાંક સારી હાલતનાં ને કેટલાંક જીર્ણ સૂર્યમંદિરો નજરે પડે છે. નવમા, દસમા, બારમા તથા ચૌદમા સૈકામાં ભારતવર્ષમાં ઇતિહાસપ્રસિદ્ધ સૂર્યમંદિરો બંધાયાં, પણ મુસ્લિમોની ભાંગફોડને કારણે એકે સારી હાલતમાં રહ્યું નહિ. કાશ્મીરના અનંતનાગ નામે શહેરથી ચાર માઈલ દૂર આવેલ માર્તંડ (સૂર્ય) મંદિરના ભવ્ય અવશેષો બતાવી આપે છે કે એ જમાનામાં કાશ્મીરની પ્રજા સૂર્યદેવને મુખ્ય દેવ તરીકે માનતી હશે. સૌરાષ્ટ્રમાં સોમનાથથી ત્રણ માઈલ દૂર આવેલ સૂર્યોપાસનાનાં પ્રતીકો છે. ગુજરાતમાં મહેસાણાથી સોળ માઇલ દૂર આવેલું મોઢેરાનું ભવ્ય સૂર્યમંદિર ગુજરાતની સૂર્યપૂજાનું પ્રતીક છે. ઉપરાંત હિમતનગરથી ૧૮ માઇલ દૂર મેસણ નામે ગામ પાસે આવેલું ભુવનેશ્વરનું સૂર્યમંદિર-જે સારી હાલતમાં છે-સૂર્યપૂજાનું પ્રતીક છે. ઓરિસ્સામાં જગન્નાથપુરીથી ૩૫ માઇલ દૂર આવેલ કોણાર્કના સૂર્યમંદિરના અવશેષો ઉપરથી એમ લાગે છે કે એ બાજુ ચૌદમા સૈકામાં સૂર્યોપાસના પ્રચલિત હશે.

ગુજરાતભરનાં પુરાણાં મંદિરોમાં મોઢેરાનું સૂર્યમંદિર પ્રથમ શ્રેણીનું લેખાય. મુસ્લિમોએ ચૌદમા સૈકામાં આ મંદિરનો થોડેઘણે અંશે વિનાશ કર્યો છે છતાં જે ભાગ બચ્યો છે તે સોલંકી યુગના સ્થાપત્યના સર્વોત્તમ નમૂના સરખો છે. આ મંદિર જોનાર પરદેશી મુસાફરો કહે છે કે " રેતિયા પથ્થરમાં આવું શિલ્પકામ ભાગ્યે જ જોવા

મળે." તેરમા સૈકામા ભારતમાં આવેલા મુસ્લિમ પ્રવાસીઓએ કરેલા ઉલ્લેખ ઉપરથી જાણી શકાય છે કે મોઢેરાનું સૂર્યમંદિર ભારતનાં ઉત્તમ મંદિરો માહેનું એક હતુ એ મંદિરમા સોલકી રાજા પહેલા ભીમદેવના વખતમા બંધાયેલું જણાય છે તેના એક પથ્થર ઉપર સંવત ૧૦૮૩ની સાલ લખાયેલી હોવાનો ઉલ્લેખ એક અંગ્રેજ શિલ્પશાસ્ત્રીએ પોતાના પુસ્તકમાં કર્યો છે.

૧૯૫૩ના ફેબ્રુઆરી માસની એક વહેલી સવારે હું તથા મારા એક મિત્ર મોઢેરાનું સૂર્યમંદિર જોવા અમદાવાદથી બહુચરાજી જતી ટ્રેનમાં નીકળ્યા. બપોરે એક વાગે બહુચરાજી પહોચી એક એક્કો ભાડે કર્યો. શિયાળો હોવાથી તાપ વસમો પડ્યો નહિ. બહુચરાજીથી ફાલગી થઈને આગળ વધતા એક્કો દેલપુર પાસે નદીમાં ફસાઈ ગયો. અમે ધક્કા મારીને મહામહેનતે એક્કો કાઢે લઈ ગયા. નરસિહ મહેતાના વેલડા જેવા એ એક્કાએ અંતે સાંજ પડતા અમને મોઢેરા પહોચાડી દીધા ગામ બહાર મારા મિત્રની કુળદેવી માતંગી માતાના મંદિરમા રાતવસો રોકાઈને વળતી સવારે સૂર્યમંદિર તરફ જવા માટે નીકળ્યા. લગભગ પચીસેક ફીટની ઊંચાઇએ એક ટેકરા પર વસેલું મોઢેરા ગામ એ ટેકરામા કાળાંતરનો ઇતિહાસ સંઘરી બેઠું છે. ગામ વચ્ચેથી પસાર થતા રસ્તા ઉપર જ્યાં ત્યાં ઇંટો અને પથ્થરો રખડતા જણાયા. કેટલીક ઇંટો સંવતના ચોથા સૈકાની હોય એમ લાગ્યું. ગામ વચ્ચેથી પસાર થતા માર્ગે આગળ વધતા વધતા અમે ટેકરા ઉપરથી નીચે ઊતર્યા અને અમને દૂરથી સૂર્યમંદિરનાં દર્શન થયા. પાસે જતા લંબચોરસ કુંડના કાંઠા ઉપર ઊભેલ સૂર્યમંદિરને સૂર્યના બાલકિરણોના પ્રકાશમા ઓપતુ નિહાળ્યુ.

એ મંદિર પાસેના કુંડને રામકુંડ કહેવામા આવે છે. આશરે ૬૦ ફીટ પહોળો અને ૧૨૦ ફીટ લાંબો આ કુંડ ભારતના ઉત્તમોત્તમ કુંડમાંનો એક છે એને ચાર ખૂણે વૈષ્ણવ મંદિરો નજરે પડે છે, જેમાના બે એક ભગ્નાવસ્થામા છે. ઉપરાંત કુંડના કાંઠા પર ઘણા મંદિરોના ભગ્નાવશેષો નજરે પડે છે. કુંડને એક કાંઠે સૂર્યમંદિર અને બીજે કાંઠે દેવદેવીઓનાં આઠેક મંદિરો બંધાયાં હશે એમ અનુમાની શકાય કુંડના ત્રણ કાંઠાના વચલા ભાગે પગથિયાં મારફત પંદરેક ફીટ નીચે ઊતર્યા પછી જુદાં જુદા નવુ મંદિરો અમે જોયાં. એકમા દક્ષિણની નટરાજની મૂર્તિની સ્પર્ધા કરી શકે એવી નટરાજની મૂર્તિ જોઈ. સૂર્યમંદિરની બરાબર સામે જ કુંડમા સોળ ફીટ નીચે ઊતરતા શેષશાયી વિષ્ણુ ભગવાનની

મૂર્તિ નજરે પડી. ખારા પથ્થરમાંથી કોતરી કાઢેલી એ મૂર્તિ ખૂબ જ સુંદર છે. એ જ રીતે પગથિયાં ઊતરતાં ગોખલાઓમાં અમે વિષ્ણુની તેમ જ બીજી ૧૧૮ જુદી જુદી મૂર્તિઓ જોઈ ! અમને લાગ્યું કે અમે પુરાણયુગમાં પહોંચી ગયા છીએ.

કુંડ જોયા પછી સૂર્યમંદિરમાંથી કુંડમાં ઊતરવાનાં પગથિયાં વાટે અમે સૂર્યમંદિર તરફ ગયા. ઉપર જતાં તૂટી ગયેલ તોરણના બે સ્તંભો પાઘડી વિનાના દ્વારપાળ ઊભા હોય એવા લાગ્યા. થોડાં પગથિયાં ઉપર ચઢીને અમે સૂર્યમંદિરના રંગમંડપમાં પહોંચ્યા. આખાયે સોલંકીકાળ દરમિયાન મુખ્ય મંદિરથી જુદાં પાડેલાં સભામંડપવાળાં મંદિરો ભાગ્યે જ જોવા મળે છે. આ સૂર્યમંદિર બંધાયા પછી બસો વર્ષે બંધાયેલું કોણાર્કનું સૂર્યમંદિર આ મંદિરના તલદર્શનની સમાનતાએ કેમ બંધાયું હશે, એ એક કોયડો છે.

ઝાલાવાડમાં આવેલ સ્થાન (થાન)નું સૂર્યમંદિર પણ કાંઈક અંશે આ મંદિરની નાનકડી આવૃત્તિ જેવું છે. સોમનાથ, કંથકોટ અને ભુવનેશ્વરનાં સૂર્યમંદિરો એ કાળનાં બીજાં મંદિરોથી જુદાં પડતાં નથી.

આ મંદિરનો ચારે બાજુએ ઊંચા કક્ષાસનવાળો સભામંડપ બહાર તેમ જ અંદર ઇંચે ઇંચ કોતરણીથી ભરપૂર છે. ઉપરનો ઘુમ્મટભાગ નાશ પામ્યો હોવા છતાં તોરણોની ઉપલી કિનારી દોઢેક ફીટના પટામાં દેવદેવીઓની તથા તે કાળના નાગરિક જીવનનાં દૃશ્યોની સુંદરતમ કોતરણી આંખ સામે ખડી કરે છે. મંદિર બાંધવા માટે ગાડામાં લઈ આવતા પથ્થરોનાં દૃશ્યોથી માંડીને મંદિરને ચણતા મજૂરોનાં દૃશ્યો પણ સ્તંભોમાં કોતરાયાં છે.

સભામંડપની બહારનો વેદીભાગ પણ કોતરણીથી ભરપૂર છે. થરોનું કોતરણીકામ અદ્ભુત ગણી શકાય. સભામંડપ જોઇને આગળ વધતા અમે ગૂઢમંડપમાં દાખલ થયા નીચેથી અષ્ટકોણ ઉપર જતાં ગોળાકાર રોમન બાંધણી જેવા સ્તંભને જોઇને અમે આશ્ચર્યમગ્ન બની ગયા. મંદિરની ચારે કોર ગોખલાઓમાં આદિત્યના જુદા જુદા રૂપની મૂર્તિઓ જોઇ. આ ભાગનો ઘુમ્મટ નાશ પામ્યો છે, પણ ઘુમ્મટની નીચલી કિનારનાં દૃશ્યો આંખમાં વસી જાય તેવાં છે આ ભાગ જોઈને અમે ગર્ભગૃહ તરફ ગયા. ચારે કોર પ્રદક્ષિણાપથ ધરાવતું આ ગર્ભગૃહ તેનો શિલ્પભાગ નાશ પામ્યો હોવાથી કુરૂપ લાગ્યું, પણ દ્વારસાખ તરફ નજર કરતાં

શિલ્પના અદ્ભુત નમૂના અમે જોયા. ભારતવર્ષનાં બહુ ઓછાં મંદિરો આવી દ્વારસાખ ધરાવે છે.

સમશાખાવાળી એ અદ્ભુત દ્વારસાખ જોઇને ઇડરનાં જંગલોમાં ભિલોડા વડિયાવીર મહાદેવના મંદિરની દ્વારસાખ યાદ આવી. ગુજરાતના સોલંકી યુગનાં મંદિરોમાં સૂર્યમંદિરની અને વડિયાવીરના મંદિરની દ્વારસાખો સર્વોત્તમ છે. ગર્ભગૃહમાં જતાં એક સીડી મારફત અમે દસેક ફીટ નીચે ઊતર્યા. એ જમાનામાં કોતરાયેલી ચૌદ ફીટ ઊંચી સૂર્યમૂર્તિનો કેવળ આસનવાળો ભાગ જ હવે રહ્યો છે. સાત ઈંચ ઊંચાઇના અશ્વવાળા અરુણરથના મોટા ભાગનું શિલ્પ આસનભાગ આગળ મોજુદ છે. અરુણની મૂર્તિ નાશ પામી હોય એમ લાગે છે.

આ મંદિરનું બે માળવાળું ગર્ભગૃહ બનાવવા પાછળ બહારથી આવનાર યાત્રિક સૂર્યની કેડ ઉપરનો ભાગ જોઇ શકે એવી ગણતરી શિલ્પીઓએ રાખી હશે. મંદિર નીચે ગર્ભગૃહ સિવાયના ભાગમાં એક ભોંયરું છે. આવું જ ભોંયરું સોમનાથના સૂર્યમંદિર નીચે પણ છે. સૂર્યમંદિરનો અંદરનો ભાગ જોઇને અમે બહારનો ભાગ જોવા નીકળ્યા.

મુખ્ય મંદિરનાં ગ્રાસથર, હસ્તીથર, નટથર તથા કણી, કુંભ કિનાર, કવેલા વગેરેનું શિલ્પ ખૂબ જ સુંદર અને સપ્રમાણ છે. મંડોવર ભાગમાં જંઘા ઉપરની સૂર્યની સુંદર મૂર્તિઓ તથા દેવદેવીઓની, દિક્પાલો અને નર્તિકાઓની મૂર્તિઓ નજરે પડે છે. સૂર્યમૂર્તિઓનું શિલ્પ સુંદર છે, પણ કેટલોક ભાગ નાશ પામ્યો છે. ચોપાસ જોતાં મંદિરનું આખું યે ચોગાન પથ્થરમઢ્યું હશે એમ લાગે છે. બાજુમાં એક સુંદર મંદિરનો પીઠભાગ જોયો. આ મંદિરની આગળના તોરણના બે સ્તંભો મોજુદ છે.

સારાયે સૂર્યમંદિરની ચોપાસ મોટો કોટ હશે એમ લાગ્યું. બાજુમાં વહેતી પુષ્પાવતી નદીમાં પડેલી જૂના સમયની ઇંટો જોઇને લાગ્યું કે સૂર્યમંદિર બંધાયા પહેલાં મોઢેરા મોટું શહેર હશે.

નાના રણકાંઠાની કચ્છી પ્રજામાં એક દંતકથા ચાલી આવે છે કે "મોહ ઢેરો" ("માટીનો ટેકરો") એટલે કે મોઢેરા શહેર માટીરેતીનો ઢગલો થઇને વસ્યા કર્યું હશે. આથી કચ્છી લોકો એ વિસ્તારને "મુહ ઢેરા" એટલે કે "માટીનો ટેકરો" કહે છે. આ ગામ છોડી જનાર પ્રજા મોઢ વાણિઆ, મોઢ બ્રાહ્મણ, મોઢ ઘાંચી, મોઢ વાડિયા, આહિર વગેરે હાલમાં ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં વસે છે.

આબુ'યે સૂર્યમંદિર અને સૂર્યકુંડનો નાનો દેખાવ જોવો હોય તો હાલના આબુ રોડ સ્ટેશનથી ચાર માઈલ આવેલ ઋષીકેશ ભગવાનનું મંદિર જોવા મારી શિલ્પરસિકોને વિનંતી છે સૂર્યમંદિરથી થોડે દૂર દેવ તળાવ નામે એક તળાવ જોઈને અમે તળાવ વચ્ચેના ટેકરા ઉપર બંધાયેલ વિરામસ્થાન જોવા ગયા બાજુમાં એક સુંદર વાવ જોઈને જમણી તરફ આગળ જતાં બેએક ફર્લાંગ ગયા પછી એક ટેકરા પાસે આડી પડેલી એક ભવ્ય પ્રતિમા અમે જોઈ. એ પ્રતિમાને ગામલોકો હેડંબાની મૂર્તિ કહે છે. મોઢેરા શહેરની એક બાજુ સૂર્યમંદિર, બીજી બાજુ સૂર્યાણીનું મંદિર, ત્રીજી બાજુ શિવમંદિર અને ચોથી બાજુ ગામની કુળદેવી માતા માતંગીનું મંદિર હશે એમ કલ્પી શકાય. કહેવાય છે કે પુરાણકાળ દરમિયાન ધર્મારણ્ય નામે પ્રસિદ્ધ થયેલ આ સ્થળ રામના પાદસ્પર્શથી પવિત્ર બન્યું હતુ. વિશ્વકર્માએ કશ્યપપુત્ર સૂર્ય વેરે સંજ્ઞા નામે પોતાની પુત્રીનું લગ્ન કર્યું. સંજ્ઞા ( રન્નાદે ) પોતાના પતિનું તેજ સહન ન કરી શકવાથી પોતાના પિતા પાસે ગઈ અને કહ્યુ કે "પિતાજી! મારાથી સૂર્યનું તેજ સહન થતું નથી." વિશ્વકર્માએ તેને આના જવાબમા કહ્યું કે "પતિનું તેજ સહન કરવા માટે તારે તપ કરવું જોઇએ." સંજ્ઞાદેવીએ ધર્મારણ્ય ( મોઢેરા )માં જઈને તપ શરૂ કર્યું. સૂર્યને આ વાતની જાણ થઈ એટલે અશ્વરૂપ ધારણ કરીને તે ત્યાં આવ્યા સંજ્ઞાએ પણ ઘોડીનું સ્વરૂપ ધર્યું અને તેઓ એ સ્થળે રહ્યા. વખત જતાં એ સ્થળ સૂર્યપૂજકો માટે ખૂબ પવિત્ર ગણાયું અને તેના પ્રતીક રૂપે મોઢેરાનુ ભવ્ય સૂર્યમંદિર બંધાયું.

પુરાણની વાતો કેટલી સાચી હશે એ કહી શકાય નહિ. પણ મોઢેરા ગામનો ટેકરો અને આજુબાજુના અવશેષો કહી જાય છે કે એ જગ્યાએ બેત્રણ વાર શહેર વસ્યુ હશે અને નાશ પામ્યું હશે. હવે એ ટેકરાઓ પોતાના પેટાળમાં સંઘરાયેલ શિલ્પના નમૂનાઓ કોઇ બહાર કાઢે તેની રાહ જુએ છે રેતિયા પથ્થરથી બંધાયેલા આ સૂર્યમંદિરના બચેલા ભાગને વરસાદ, પવન, ભેજ અને ખારથી રક્ષણ મળે એ ખાસ જરૂરી છે.

મોઢેરાની યાત્રા પૂરી કરીને પાછા ફરતાં દેલપુર ગામ પાસે આવેલા એક દરવાજામા સૂર્યની મૂર્તિ જોઇને અમે વિચાર્યું કે મોઢેરાના સૂર્યમંદિરની અસર ચોપાસ થઇ હશે. ત્યાંથી કાલરી થઈને અમે બહુચરાજી પહોંચ્યા અને અમદાવાદ જતી ગાડીમા બેઠા.

# કોટ્યર્ક મંદિર-"મહુડી"

ભારતવર્ષમાં જુદી જુદી જગ્યાએ ત્રંબાવટી નગરીના ખંડેરોની નિશાની બતાવવામાં આવે છે. ગુજરાતમા પણ બે જગ્યાએ ત્રંબાવટી નગરીનાં ખંડેરો બતાવવામા આવે છે.

ત્રંબાવટી નગરી રાજા ભર્તૃહરિ, રાય વિક્રમ તથા કવિ કાલિદાસના મોસાળનું સ્થળ ગણાય છે. ગુજરાતમાં ખંભાત શહેરથી થોડે દૂર આવેલ 'નગરા' પાસેના ખંડેરોને ત્યાની સ્થાનિક પ્રજા ત્રંબાવટી નગરીના ખંડેરો તરીકે ઓળખાવે છે. એ જ રીતે મહેસાણા તાલુકાના વિજાપુર શહેરથી ચારેક માઈલ દૂર મહુડી તથા ખડાત ગામ વચ્ચેનાં, સાબરમતી નદીના કાઠના દોઢ માઈલમા વિસ્તારેલા જૂનાં ખંડેરોને ત્યાની પ્રજા ત્રંબાવટીનાં ખંડેરો તરીકે ઓળખાવે છે.

ત્રંબાવટી નગરી અને ગર્દભસેન વિષેની જુદી જુદી દંતકથાઓ ભારતવર્ષના હરેક પ્રાતમા લોકજીભે સાભળવામા આવે છે.

દેવસભામા નૃત્ય દરમિયાન એક યક્ષની ભૂલ થઈ તેથી તેને દેવરાજ ઈન્દ્રે શાપ આપ્યો. તેને કહ્યું કે "તારી ભૂલ બદલ તું ગધેડાને સ્વરૂપે મૃત્યુલોકમા અવતરજે.'

યક્ષે પોતાની ભૂલ માટે માફી માગી. યક્ષે તુરત ભૂલ કબૂલ કરી એટલે ઇન્દ્ર રાજાએ કહ્યું કે "તારી ભૂલ બદલ તું મૃત્યુલોકમાં અવતરીશ રાત્રે જો તારી ઈચ્છા હશે તો મનુષ્યરૂપ ધારણ કરી શકીશ અથવા તો ગધેડાના સ્વરૂપમા મનુષ્યની પેઠે વાત કરી શકીશ."

દેવેન્દ્રના શાપ મુજબ યક્ષનો જન્મ ગધેડા સ્વરૂપે ભારતવર્ષના એક શહેરમા થયો. એકાદ વર્ષ જતા રાત્રે પેલો ગધેડો તેના માલિકની સાથે મનુષ્યની પેઠે બોલવા લાગ્યો અને કહ્યું કે "આ નગરીના રાજા, પ્રધાન તથા રાજપુરોહિતની કન્યાઓ સાથે મારે પાણિગ્રહણ કરવું છે" ગધેડાને મનુષ્યની પેઠે બોલતો સાભળીને પહેલા તો કુંભાર ડરી ગયો. પછી તો રોજ રાત્રે ગધેડો કુંભારને એની એ જ વાત કહેવા લાગ્યો. કુંભારે આ અજાયબ ઘટના બાબત રાજપુરોહિતને વાત કરી. રાજપુરોહિતે એ જ રાત્રે કુંભારને ત્યા જઈને મનુષ્યની પેઠે બોલતા ગધેડાને સાભળ્યો બીજી સવારે રાજપુરોહિતે આ ઘટના સંબધી રાજાને તથા

પ્રધાનને વાત કરી એ જ રાત્રે રાજા, પ્રધાન તથા રાજપુરોહિત કુંભારને ઘેર ગયા. ગધેડાએ મનુષ્યની પેઠે બોલીને ત્રણેને આવકાર્યા અને કહ્યું કે "તમારી ત્રણેની એક એક દીકરી સાથે મારે લગ્ન કરવાં છે."

ડાહ્યા પ્રધાનને લાગ્યું કે મનુષ્યની પેઠે બોલતા આ ગધેડામાં કોઇ દૈવી શક્તિ હોય તો તેના પારખા લેવા જોઇએ. પ્રધાને તુરત જ ગધેડાને કહ્યું કે "એક જ રાતમાં અમારા નગરની ચારે બાજુ પચ્ચીસ હાથ ઊંચો ત્રાંબાનો કોટ બનાવી આપે તો અમે અમારી ત્રણેયની દીકરીઓ તારી સાથે પરણાવીએ."

ગધેડાએ તુરત જ પ્રધાનની વાત કબૂલ કરી. એ જ રાતમા દૈવી શક્તિથી પેલા ગધેડાએ નગરીની ચારે બાજુએ ત્રાંબાનો કોટ બનાવી દીધો! બીજે દિવસે શરત પ્રમાણે રાજા, પ્રધાન તથા રાજપુરોહિતે પોતપોતાની દીકરીને ગધેડા સાથે પરણાવી. આ નગરીની ચારે બાજુ ત્રાંબાનો કોટ બન્યો હોવાથી નગરીનું નામ ત્રંબાવટી પાડવામા આવ્યુ.

આ વાતનો સુમેળ ખંભાત પાસેના નગરા કે મહુડી પાસેના ખડાયત શહેર સાથે કેટલો ખાય છે તે કહેવું મુશ્કેલ છે. જૂના ખંભાત શહેરને 'સ્થંભતીર્થ' કહેવામા આવતુ એ ઉપરથી કદાચ નગરા પાસેના ખંભાતના જૂના ખંડેરોને ત્રંબાવટીના ખંડેરો કહેવામા આવતા હોય તો ના નહિ એ જ રીતે મહુડી પાસેના ત્રંબાવટીના ખંડેરો બાબત નબાવટી, નબાયત અને તેમાથી ખડાયત કે ખડાત એમ અપભ્રંશ થયો હોય તો ના નહિ. પણ આ બધા અનુમાનો છે પુરાણોમા તથા મધ્ય પ્રાંતના જૂના નાટકોમા ત્રંબાવટી નગરીનો ઉલ્લેખ કરવામાં આવે છે. જાનાના કેટલાક ભાગની સ્થાનિક પ્રજાની લોકવાર્તાઓમા પણ ત્રંબાવટ નગરી અંગે કહેવાય છે.

મહુડી પાસે આવેલા ખંડેરો કદાચ ત્રંબાવટી નગરીના ન પણ હોય. છતા એક વાત ચોક્કસ છે કે કેટલાક પરમાર રાજાઓ પોતના આદિ-પુરુષને ગર્દભસેન ગણે છે. આ પરમાર રાજાઓની ઉત્પત્તિ આબુના પહાડ ઉપરથી થઇ હોય તેમ કહેવાય છે. આબુ અને મહુડી બહુ દૂર ન હોવાથી ત્રંબાવટી નગરી મહુડી પાસે હોય તો ના નહિ.

મહુડી પાસેના ખંડેરો કદાચ ત્રંબાવટી નગરીના ન પણ હોય. છતા આ ખંડેરો બૌદ્ધકાલીન છે, એમ કહી શકાય આ જગ્યાએ ત્રીજા સૈકા પહેલાથી કોઈ મોટુ નગર વસેલ હશે બૌદ્ધ ધર્મનો અસ્ત થયા

પછી આ નગર જુદા જુદા સંપ્રદાયોના રાજાઓના તાબા નીચે રહ્યું હશે કારણ કે આ ખંડેરોમાંથી ચોથા સૈકાથી માંડી ચૌદમા સૈકા સુધીના અવશેષો મળેલ.

અમદાવાદથી કપૈડવંજ થઈને માણસા પાસેથી આગળ જતી પાકી સડક પીલવાઈ ગામ પાસેથી જમણી બાજુ ફંટાય છે. ત્રણેક માઈલની આ ફંટાયેલી કાચી સડકના છેડા ઉપર મહુડી ગામ આવેલ છે. ગામમાં જતા પહેલા ગુજરાતની સમૃદ્ધ વણિક તથા બ્રાહ્મણ ખડાયતા કોમે પાત્રીસ વર્ષ પહેલા બેએક લાખ રૂપિયા ખર્ચીને બનાવેલ ભગવાન કોટયર્કનું મંદિર નજરે પડે છે. અહીંથી આગળ વધતાં થોડાં વર્ષ પહેલાં ભૂત પ્રેતનો નાશ કરનાર જૈનોના ઘંટાકરણ વીરનું એક સુંદર જિનાલય આવેલું છે. તેની બાજુમા બીજાં બે જિનાલયો તથા ચોપાસ વિશાળ ધર્મશાળા બાંધવામા આવી છે. અહીંથી અર્ધો ફર્લાંગ દૂર જતાં જૂના કોટયર્ક મંદિરે જવાનું સાબરમતીનું એક કોતર શરૂ થાય છે. બંને બાજુ માટીની ઊંચી ભેખડો વચ્ચેથી જતી કોતરમાંની પગકેડી ઉપર ચાલતા હરકોઈ માનવીને જરા ભય લાગે છે આ કોતરડું ભેંકાર લાગે છતા લીલોતરીથી ઢંકાયેલું હોવાથી નરસામા સારાની જેમ રળિયામણું લાગે છે કોતરડું પૂરું થયા પછી સાબરમતી નદીના કાંઠા પાસેથી જૂના કોટયર્ક મંદિરના ટેકરા ઉપર જવાની મુશ્કેલી ભરેલી પગવાટ શરૂ થાય છે. જૂના કોટયર્ક મંદિરના ૮૦ ફૂટ ઊંચા ટેકરા ઉપર ચઢતા ભલભલા જુવાનો પણ થાકી જાય. વર્ષોથી આ ટેકરાનો ભાગ કપાઈ ગયો છે આ જ રીતે સાબરમતી આગળ વધશે તો ટેકરા ઉપરના જૂના કોટયર્ક મંદિરનો નાશ થશે. છઠ્ઠા સૈકાથી માંડીને ચૌદમા સૈકા સુધીના શિલ્પના જુદા જુદા કાળનાં સંભારણાં જાળવીને ઊભેલ આ મંદિરને રક્ષણ મળે તો બહુ સારુ.

ટેકરા ઉપર ચઢતા જ આખું કોટયર્ક મંદિર નજરે પડે છે. મંદિરનો ગર્ભગૃહ ઉપરનો શિખરભાગ ઓરિસાના કોણાર્ક ( સૂર્ય ) મંદિરના જગમોહન ભાગની નાની પ્રતિકૃતિ જેવો લાગે છે આ બાબતનો ઉલ્લેખ મેં ' ગુજરાતના ઓરિસ્સા સાથે શિલ્પ અને સાંસ્કૃતિક સંબંધો' એ નામના પુસ્તકમાં કરેલ હોવાથી થોડા દિવસ પહેલા ઓરિસાના એક શિલ્પી જૂનું કોટયર્ક મંદિર જોવા આવ્યા હતા, અને તેમણે કહ્યું હતું કે ' જૂના કોટયર્ક મંદિરના ગર્ભગૃહ ઉપરનો શિખરભાગ દૂરથી તો કોણાર્ક મંદિર જેવો લાગે. નજીક જતા થોડો તફાવત લાગે.

પણ ખાસ કોણાર્ક મંદિરના જગમોહનની નાની પ્રતિકૃતિ જેવો જરૂર લાગે છે."

આ મંદિર પાસે સૂર્યની બે રઝળતી મૂર્તિઓ પડી છે, જેનું શિલ્પ સોલંકી કાળનું લાગે છે. મંદિરની શૃંગાર ચોકીના બહારના ભાગના ગોખલામાં એક બાજુ સૂર્યની પારેવા રંગના પથ્થરમાંથી બનાવેલ ભગ્ન સૂર્યમૂર્તિ મૂકવામાં આવી છે, જે ગુજરાતની જૂની સૂર્યમૂર્તિઓમાંની એક ગણી શકાય. સૂર્યને વિષ્ણુનો અવતાર ગણવામાં આવતો હોવાથી ક્યાંક સૂર્યદેવની ચાર ભૂજાવાળી મૂર્તિઓ નજરે પડે છે. આ મૂર્તિ સાતમા આઠમા સૈકાની હોય તો ના નહિ. મૂર્તિનાં આયુધો તથા આયુધ પુરુષોના હાથમાંનાં આયુધો નાશ પામ્યાં છે, છતાં ઘાટ, પરિકર (તેજ-વર્તુળ) અને ચહેરાના ભાવ ઉપરથી કહી શકાય કે એ સૂર્યમૂર્તિ છે.

કોટિ અર્ક એટલે સૂર્યદેવ કહી શકાય. સૂર્યપૂજા ઓછી થયા પછી સૂર્યદેવને બદલે વિષ્ણુ ભગવાનને કોટયર્ક તરીકે ગણવામાં આવ્યા હશે. કોટિઅર્કનો અર્થ સૂર્યદેવ થતો હોવાથી કોટયર્કનું મંદિર સૂર્ય-મંદિર હશે. દસમા સૈકામાં આ મંદિરનો પુનરુદ્ધાર થયો લાગે છે. આ વખતે સોલંકી શૈલીનું કેટલુંક શિલ્પ ઉમેરાયું હશે. મંદિરની શૃંગાર ચોકીની જમણી બાજુના ગવાક્ષમાં મૂકેલ, નીલા પારેવા રંગના પથ્થર-માંથી બનાવેલ ગુપ્તકાલીન શૈલીને મળતી શૈલીની માતૃકાની એક મૂર્તિ જોવામાં આવે છે, જે ભારતવર્ષના શિલ્પરત્નોમાંની એક ગણી શકાય. સૌથી વધારે અજાયબીની વાત તો એ છે કે આ મૂર્તિના માથા ઉપરનો મુકુટ ઇંગ્લાંડ તથા યુરોપના જુદા જુદા શહેનશાહોના તાજને તદ્દન મળતો છે ! ફેર એટલો છે કે આ મુકુટ નીલા પારેવા રંગના પથ્થરમાંથી કોતરી કાઢવામાં આવેલ છે, જ્યારે યુરોપીય શહેનશાહોના તાજોમાં કરોડોની કિંમતનું સોનું અને ઝવેરાત ખર્ચવામાં આવ્યા છે. આશરે તેરસો વર્ષ જૂની આ માતૃકાની મૂર્તિ ઉપરના મુકુટનો નમૂનો યુરોપ તરફ ક્યારે ગયો હશે એ કહેવું મુશ્કેલ છે. છતાં માતૃકાની મૂર્તિ ઉપરનો મુકુટ હકીકતે પશ્ચિમી દેશના શહેનશાહોના મુકુટને મળતો છે. તદુપરાંત આ મૂર્તિનું શિલ્પ એટલું બધું આકર્ષક છે કે જોનાર ઘડીક ખજૂરાહોના મંદિરની સ્ત્રીમૂર્તિઓ કે મથુરાના મ્યૂઝિયમમાં રાખવામાં આવેલ ગાંધાર શૈલીની દેવી મૂર્તિઓના શિલ્પને પણ ભૂલી જાય. મંદિરના સભા-મંડપમાં દાખલ થતા જમણી બાજુના ભાગમાં બનાવેલ એક ઓરડીમાં બિરાજતી હોશે કાસ્ટીંગ (પોલા ઢાળા)ની ચાર ફીટ ઊંચાઈની બેઠી

પંચધાતુની મૂર્તિ ખૂબ જોવાલાયક છે. આ મૂર્તિ માટે જૈન ભાઈઓનું એમ કહેવું છે કે તે કેસરિયાજીની પ્રતિમા છે. ઘણા આ પ્રતિમાને બૌદ્ધ પ્રતિમા તરીકે ઓળખાવે છે. વડોદરા પાસે આકોટામાં નીકળેલી આના જેવી એક નાની મૂર્તિ મેં જોઈ છે. એ મૂર્તિ લાંછન વિનાની છે, જ્યારે આ મૂર્તિમાં લાંછન સ્પષ્ટ છે. લાંછન બાબત વિચાર કરીએ તો બૌદ્ધ અને જૈન મૂર્તિઓમાં સરખાં લાંછન પણ હોય છે. આ મૂર્તિ બાબત એક શંકા ઉદ્‌ભવે છે કે એ મૂર્તિ જો જૈનમૂર્તિ હોય તો હોલો કાસ્ટીંગ કરતી વખતે શા માટે શ્રીવત્સનું ચિહ્ન ઊપસામાં આવ્યું ન હોય ! એ ચિહ્ન કદાચ પાછળથી મૂર્તિ ઉપર કોતરવામાં આવ્યું હોય. આ શંકાને લઈને એ જૈન મૂર્તિ [illegible] કે બૌદ્ધ મૂર્તિ તે બાબત કહેવું જરા મુશ્કેલ છે. આ બાબત નો કોઈ નિષ્ણાતોને સોંપાય તો જ નક્કી થઈ શકે.

સોલંકીકાળ દરમિયાન ભગવાન કોટયર્કનું મંદિર ખૂબ જ પ્રસિદ્ધ હશે, કારણ કે આ મંદિરના ચોગાનમાં પથરાયેલી ઈંટોની સાથેના પથ્થર પર 'સોલંકી' એટલો શબ્દ મળી આવ્યો હતો આ મંદિરમાંની મૂર્તિઓનું શિલ્પ સોલંકી કાળના શિલ્પને મળતું છે. આ ટેકરાઓથી આશરે અર્ધો ફર્લોંગ દૂરના ટેકરા ઉપર થોડાં વર્ષો પહેલાં અજીતનાથના કાઉસગ્ગની એક તૂટેલ મૂર્તિ મળી આવી હતી, જે ખંડિત હાલતમાં છે, છતાં એક નાની દેરી બનાવીને તેમાં પધરાવવામાં આવી છે. આ મૂર્તિની આજુબાજુના વિભાગમાંથી જૂની ઈંટો મળી આવે છે, જે આજુબાજુના ગ્રામવાસીઓ મકાન બાંધવા માટે લઈ જાય છે. આમાં કેટલીક ઈંટો તો ખૂબ જ પુરાણી હોય એમ લાગે છે. જૂનામાં જૂની ઈંટો લોથલની ઈંટોના માપની છે, જે ટેકરો ખોદવાથી બત્રીસ ફીટની ઊંડાઈએથી મળી આવી છે. આઠ ફીટની ઊંડાઈએથી મળી આવતી ઈંટો સાડા ચૌદ ઇંચ લંબાઈની તથા નવ ઈંચ પહોળાઈ અને સાડાત્રણ ઈંચ જાડાઈની છે. આ પ્રકારની ઈંટો પાંચમા સૈકાથી અગિયારમા સૈકા સુધી ગુજરાત મારવાડ તથા સૌરાષ્ટ્રમાં વપરાતી હોય તેમ લાગે છે. સોલંકી કાળના બારમા સૈકામાં થોડી નાની પણ એકસરખી અને મજબૂત ઈંટો આખાયે ગુજરાતમાં બનવા માંડી; અને ત્યાર પછી મુસ્લિમ કાળ દરિમાન આશરે સત્તરમા સૈકા સુધી આ જ જાતની ઈંટોનું ચલણ હતું. અઢાર અને ઓગણીસમા સૈકામાં નાની અને પાતળી ઈંટો વપરાવા માંડી, જે છેલ્લાં પાંત્રીસેક વર્ષથી વપરાશમાં આવતી બંધ થઈ. હાલમાં વપરાતી ટેબલ ઈંટોનું ચલણ આખા ગુજરાતમાં થઈ ગયું છે. કોટયર્ક મંદિરને રસ્તે

જતાં એક વડના ઝાડ નીચે પડેલ કેટલીક ભગ્ન મૂર્તિઓનું શિલ્પ 'રોડા' તથા 'વર્ધમાનપુર'નાં શિલ્પને મળતું છે આ બધું જોતાં કોટયર્ક મંદિરનો ટેકરો તથા તેની બાજુનો માહલો સુધીનો વિસ્તાર મોહન-જો-ડેરો સંસ્કૃતિથી માંડીને આજ સુધીનાં જુદાં જુદાં સંભારણાં સંઘરીને પડ્યો છે. કાળે કરીને ધોવાણ થવાથી જ કોઈ જૂની મૂર્તિઓ, શિલાલેખો, રાય રૂદ્રદામનના તથા શશાંકના ગધેયાઓ (દોકડા), મકાનના પાયાઓ, પચાસ ફીટ ઊંચાઈના બંધો તથા મંદિરોના અવશેષો મળી આવ્યા છે. તે ઉપરથી એટલું કહી શકાય કે આ ટેકરાઓનું ખોદકામ કરવામાં આવે તો ભારતવર્ષના શિલ્પના તથા બીજા ઐતિહાસિક અને સ્થાપત્યના અવશેષો જરૂર મળી આવે.

દસેક વર્ષ પહેલાં કેટલીક તૂટેલી બૌદ્ધ પ્રતિમાઓ મળી હતી, પણ ગ્રામવાસીઓએ તેમને તે જ જગ્યાએ પાછી ભંડારી દીધી હતી. સાતેક વર્ષ પહેલાં વિજાપુર બાજુનો એક કુંભાર કેટલીક ભગ્ન જૈન કે બૌદ્ધ પ્રતિમાઓ લઈ ગયો હતો નદીને સામે તીરે આવેલ જૂનો સૂર્યકુંડ પણ પુરાણી નગરીના અવશેષોમાંનો એક છે. ગુજરાતમાં ખાસ કરીને નગરા, મોઢેરા, શામળાજી (કર્માબાઈના તળાવ પાસે) તથા મહુડી પાસેનાં ખંડેરો, અને મહુવા બંદરથી દોઢ માઈલ દૂર ભવાની માતાના સ્થળની પાસેના ભાગનું ખોદકામ કરવામા આવે તો કેટલાય શિલ્પના નમૂનાઓ મળે તથા ઇતિહાસની ખૂટતી કડીઓમાં નવી કડીઓ ઉમેરાય.

## ૧૫

# સૂર્યમંદિર–ભોળાદ (ભાલ)

"વાહ! એ તો ખરો! રાજમાતાની પાલખી કેમ પાછી વળી?"

"મહારાજ! મા કહેવડાવે છે કે મારે સોમનાથની યાત્રાએ જવું નથી! હું તો અહીંથી જ પાછી વળીશ."

સોલંકી રાય સિદ્ધરાજે પોતાનું ઘોડું પાછું વાળ્યું અને રાજમાતા મીનળદેવીની પાલખી આડું ઊભું રાખી દીધું.

"માતાજી! આટલો મોટો સંઘ કાઢયો, ભગવાન સોમનાથને ચડાવવા માટે બંગ દેશમાંથી ગંગાસાગરનાં જળ મંગાવ્યાં અને હવે પાછાં કાં ફરો છો?"

"દીકરા સિદ્ધરાજ! સામે પડાવ નાખી પડેલા સાધુસંન્યાસીઓના ટોળાને પૂછી જો, એમની આંખોમાં શ્રાવણ-ભાદરવો વહે છે તેનું કારણ પૂછી જો, તેમની પાસેથી મારા પાછા વળવાનો જવાબ મળી રહેશે."

ગુર્જરનરેશ સિદ્ધરાજ પડાવ નાખી પડેલ સાધુસંન્યાસીઓના સંઘ તરફ ગયો. સંઘના મુખ્ય માણસને પૂછી જોયું કે 'બધા સાધુ-સંન્યાસીઓ કેમ ઉદાસ દેખાય છે?'

એક આગેવાને સિદ્ધરાજને જવાબ આપ્યો કે "અમે ભગવાન સોમનાથની યાત્રાએ જઈ રહ્યા હતા, પણ અમારે યાત્રા કર્યા વિના પાછું ફરવું પડયું. સામા ગામ પાસે આવેલ 'દાણીના આરા'ને નાકે પહોંચતાં જ અમને યાત્રાવેરો ભરીને જ આગળ વધવાનું કહ્યું. અમારી પાસે યાત્રાવેરો ભરવાના પૈસા કયાંથી હોય?

નોતું જાણ્યુ સોમનાથ, દાણ વિના દર્શન દોહ્યલાં.
કરત મજૂરી ભરવાટ, તુંને જોવા ચંદ્ર સોહામણા.

હવે કોક શહેરમાં જઈ મજૂરી કરશું અને ભગવાન સોમનાથના દર્શન માટે પૈસા મેળવીશું."

"નહિ, નહિ મહારાજ! સાધુસંત મજૂરી કરીને યાત્રાવેરો ભરે એવું થતું હશે? હું આખાય સંઘના દાણના પૈસા ભરી દઉં છું. તમે ખુશીથી અમારી સાથે ભગવાન ચંદ્રમૌલીશ્વરની યાત્રાએ આવો."

▫ ○ ▫

" માતાજી ! સાધુના સંઘના દાણનાં નાણાં ભરી આપવાની મેં વ્યવસ્થા કરી છે. તમારી પાલખી પાછી વાળો. "

' ના, દીકરા ! હવે મારે ભગવાન સોમનાથનાં દર્શન કરવાંયે નથી અને યાત્રાએ જવુંયે નથી. "

" માતાજી ! સાધુઓનો સંઘ આપણી સાથે આવે છે છતાં પાછા ફરવાનું કંઈ કારણ ? "

" દીકરા સિદ્ધરાજ ! આજ આપણે સઘના યાત્રાવેરાના પૈસા ભરી દઈશુ એટલે એ સંઘ પાછો ફરશે, પણ આવતી કાલનું શું ? જે ભગવાનના દરબારમા ગરીબ-અમીરના ભેદ હોય એ ભગવાનનાં દર્શન કર્યાં વિના પાછુ ફરવું જ સારું. "

" માતાજી ! તમારી પાલખી થોડી વાર ઊભી રાખો. હું હમણાં જ પાછો આવું છું. "

સિદ્ધરાજે પોતાના ઘોડાને 'દાણીના આરા' તરફ મારી મૂક્યો. 'દાણીને આરે' જઈ ત્યાં રહેના દાણાધિપતિ પાસે દાણવેરાની સનદ માગી. દાણાધિપતિએ સનદ આપી. તે લઇને સિદ્ધરાજ રાજમાતા પાસે ગયો. વાર્ષિક પોણા કરોડ રૂપિયાની આવકવાળો સનદપત્ર ફાડી નાખ્યો. સિદ્ધરાજે તેના ટુકડા રાજમાતાને પગે ચડાવ્યા.

o o o

દાણ માગે, દાણ માગે, દાણીને આરે, દાણ માગે.
દાણ દઈને દખણાદો ભાગે, દીવા વન્યા ઓતરાદો ભાગે

ભાલનાં ગામડાઓમા ગવાતા ઉપરના લોકગીતથી સાબિત થાય છે કે કોઈ જમાનામાં 'દાણીને આરે' દાણ લેવાતુ હશે ! સંવતના અગિયારમા સૈકાના ઉત્તરાર્ધમા સોલકી રાય કર્ણદેવ ગુજરાતનો ગાદીપતિ થયો. ભગવાન સોમનાથ તરફ અટલ ભક્તિભાવથી પ્રેરાઈને ગોપાલ પટ્ટન (ગોવા)ના રાજા જયકેસરીની પુત્રી મયણલ્લા ઉર્ફે મીનળદેવી સામે પગલે આવીને રાય કર્ણદેવને પરણી. રાજકુમાર સિદ્ધરાજ ત્રણ વર્ષનો થયો ત્યારે રાય કર્ણદેવ સ્વર્ગવાસી થયો. વિધવા મહારાણી મીનળદેવી બાળપુત્ર સિદ્ધરાજને રક્ષણ આપવા સતી થતી અટકી. સિદ્ધરાજ યુવાન વયે પહોંચ્યો ત્યાં સુધી રાજમાતા મીનળદેવીએ ઘણી જ કુશળતાથી રાજ્યવહીવટ ચલાવ્યો. સિદ્ધરાજ રાજ્યકારભાર

સંભાળી શકે તેવો થયો એટલે મીનળદેવીએ લક્ષ્મણ જીવ પરોવ્યો સોરઠના પ્રસિદ્ધ રાજા રાખેંગારને હરાવ્યા પછી સિદ્ધરાજે રાજ્યમાતાને સાથે લઈને સોમનાથની યાત્રાએ જવાનું નક્કી કર્યું. ચંદ્રમૌલીશ્વર ભગવાન સોમનાથને ચડાવવા માટે સુવર્ણ, હીરા અને મોતીના દાગીનાઓ, પૂજનઅર્ચન માટે અગર, કેસર અને વિવિધ પ્રકારની ધૂપદીપની સામગ્રીઓ સાથે સંઘ આગળ વધ્યો. ધોળકાથી આગળ જઈને 'દાણીના આરા'થી આગળ વધતા ઉપર મુજબ ઘટના બની. આ સમય પછી સોમનાથ જતા યાત્રિકો પાસેથી લેવામા આવતો યાત્રાવેરો, જેને મુંડકાવેરો કહેવામા આવતો તે બંધ થયો.

o o o

ખારામા તારા ખોરડા, પીવા પાણીની તાણ,
ચડીને બેઠો ડુંગરે, ભયો ભેટડીયો ભાણ

ખંભાતના અખાતના ઉત્તર તરફના છેડાને પશ્ચિમ તરફથી આવતી મહીસાગર, પૂર્વ તરફથી આવતી ભોગાવો અને ઉત્તરમાથી આવતી સાબરમતી એમ ત્રણ નદીઓ મળે છે. આ નદીઓમા પૂર આવે છે ત્યારે અનર્ગળ પાણીની સાથે ધરતી માતાના કસ સમો કાંપ તણાઈ આવે છે. આ ક્રિયા કેટલાય હજારો વર્ષથી થયા કરે છે. સમુદ્રને તળીયે બેસી જતો કાંપ ધીરે ધીરે સમુદ્રના જળને આગળ ધકેલતો ઉપર આવે છે અને એ રીતે દરિયાકાંઠે નવી જમીનના કાતરા તૈયાર થાય છે. ધોળકા શહેરની દક્ષિણે તેરેક માઈલ દૂર આવેલ વટામણથી માંડીને ઘોઘા સુધીનો ભાલ પ્રદેશ આ રીતે દરિયો પુરાઈને બન્યો હોય તેમ ચોખ્ખું દેખાય છે આ પ્રકારે બનેલ ભાલની જમીન કાંપથી બનેલી છે કાંપવાળી જમીનનું ઉપલું પડ ફળદ્રુપ છે, પણ નીચેના ભાગમા સમુદ્રનો ખાર સંઘરાયેલો હોવાથી કૂવાના પાણી મોટે ભાગે ખારા કે ભાંભરા નીકળે છે. ભાલની જમીન રસકસવાળી હોવા છતા પાણીની તંગીને લઈને ચોમાસુ ખેતી પૂરતી જ તે ઉપયોગી છે. નાનીમોટી અનેક નદીઓનાં પાણી જ્યારે પૂર રૂપે ખંભાતના અખાતમા આવે છે ત્યારે આ ધરતી ઉપર માઈલો સુધી પરસ ફેલાઈ જાય છે. ભાલ પ્રદેશ દરિયાની સપાટીથી બહુ ઊંચો નહિ હોવાથી મહિનાઓ સુધી ચોમાસુ પૂરનાં તથા વરસાદી પાણી ભર્યાં રહે છે. પાણીની રેલથી બચવા ભાલના મોટા ભાગના ગામડાઓ ટેકરા ઉપર બંધાયેલા દેખાય છે ઉનાળામા પાણીની તંગીથી બચવા દરેક ગામને પાદર તળાવ નજરે પડે છે. ચોમાસાના

પાણી સૂકાયા પછી દિવાળીની આજુબાજુ ઘઉં, કપાસ વગેરેની વાવણી થાય છે ઉનાળો શરૂ થતાં ભાલના રહીશો માટે આકરો સમય આવે છે ચોમાસામાં જળબંબાકાર રહેતી ધરતી નીચેનાં પાણી ખારાં હોવાથી અને તળાવોનાં પાણી ખૂટતાં, લોકોને પીવાના પાણી માટે વલખાં મારવાં પડે છે. ફક્ત સૂકાયેલ તળાવમા ખાડા ખોદી તેમાંથી આવતા મીઠા ઝરણનું પાણી મેળવી લોકો ઉનાળો પસાર કરે છે કોઇને એમ લાગે કે લોકો શા માટે મોટાં તળાવ નહીં બાંધતા હોય ? ચોમાસામાં આખો ય ભાલ પ્રદેશ તળાવ જેવો બની જાય છે. એટલે જમીનમાં ઊંડા ઊતારેલાં તળાવ જ ટકી શકે છે. પાળવાળા તળાવની પાળો વરસાદમાં તૂટી જાય છે. ઉનાળામાં પાણીના ત્રાસને લીધે ઘણા ગામડાના લોકો હિજરત કરી જાય છે. ભાલનાં કેટલાય ગામડાંઓ ઉનાળામાં પીવાનું પાણી નહિ મળવાથી ઉજ્જડ બની જાય છે. ચોમાસામાં જળની સાથે લડવું, ઉનાળામાં જળ વિના તરફડવું, શિયાળાની ટૂંકી મોસમમા જ ઘાસચારો, અનાજ વગેરે ભેગું કરી લેવું–એ અહીંની પ્રજાનો અટલ નિયમ બન્યો છે.

ચાર હજાર વર્ષ પહેલાના લોથલના ટીંબાના ખોદકામ દરમિયાન એ જગ્યાના બંદર ઉપરનો લાંબો ધક્કો નીકળ્યો છે. આ ધક્કા ઉપર લાગરવાના નિશાનો મળ્યાં છે. હાલમાં આ પ્રદેશથી સમુદ્ર દસ માઇલ પાછો હઠી ગયો છે. લગભગ તેરસો વર્ષ પહેલાની મૈત્રકકાલીન નગરી વલભીપુરથી ચોદ માઇલ પૂર્વ તરફ વલભીપુરનુ બંદર આવેલું હતુ એ બંદર અત્યારે પુરાઈ ગયું છે. આ જ પ્રમાણે સોલંકી કાળમા 'દાણીને આરે' લેવાતા દાણના સ્થળ નજીકનો સમુદ્ર માઈલો સુધી પાછો ખસી ગયો ■

મહારાણી મીનળદેવીએ યાત્રાવેરો રદ કર્યો એ 'દાણીના આરા'વાળી જગ્યા જોવાની ઈચ્છા ન રોકી શકતા હું ધોળકાના આર્કીટેકચર શ્રી વાટલિયા તથા બીજા ભાઈઓ સાથે તા. ૨૭–૧૨–'૬૪ને રોજ 'દાણીનો આરો' જોવા નીકળી પડચો અમદાવાદથી ધોળકા થઈને વટામણ સુધી પાકી ડામરની સડક હોવાથી કાંઈ મુશ્કેલી નડી નહીં. રાજ્યસભાના સભ્ય તથા માજી નાયબ આરોગ્યપ્રધાન શ્રી માણેકલાલ શાહની કર્મભૂમિ જોઈને અમે આગળ વધ્યા. અહીંથી આગળ વધતો માર્ગ કાચી સડકનો હોવાથી થોડી મુશ્કેલી નડી આગળ જતા વારણા

ગામથી ત્રીજે માઇલે એક દરિયાઈ ખાડી આવી, જેને સ્થાનિક પ્રજા 'શેળવો' કહે છે. એ ખાડી ઉપર બનાવેલો પુલ તૂટી જવાથી અમે અમારી ગાડીને શેળવાને કાંઠે કાંઠે બેએક માઇલ ઉપરવાસ જવા દીધા પછી થોડા કીચડવાળી જગ્યાએ થઇને ફરીથી સડક તરફ વાળી. અહીંથી આગળ વધતાં અમે ભાલની કાપવાળી જમીનની ધૂળ ખાતાં ખાતાં મોટી બોરૂ પહોંચ્યા. જૂના ઇતિહાસોમાં તથા ચાલુ ઇતિહાસમાં લખાયું છે કે ધોળકા પાસે આવેલ 'હાથીના આરે' લેનાનો યાત્રાવેરો રાજમાતા મીનળદેવીને મનાવવા સિદ્ધરાજે બંધ કર્યો. એટલે અમે મોટી બોરૂના ઝાંપામાં આવેલ એક હોટલમાં ધોળકા બાબત પૂછી જોયું. એ ભાઇએ અમને નાની બોરૂ તરફ જતો રસ્તો બતાવીને કહ્યું કે "આ રસ્તે આગળ વધતા નાની બોરૂ થઈને ધોળકા જવાશે" ખારા પાણીથી બનાવેલ–કડક મીઠી ચા પીને અમે અમારી ગાડી ધોળકા તરફ મારી મૂકી. અર્ધા કલાકમાં અમે નાની બોરૂ થઇને ધોળકા પહોંચ્યા. ધોળકા જઈને એક ભાઈને પૂછતાં તેણે કહ્યું કે "સાહેબ! 'હાથીનો આરો' અહીંથી બે માઇલ દૂર છે પણ તમારી ગાડી ત્યાં જઈ શકે તેમ નથી, કારણ કે માર્ગમાં બહુ કીચડ આવે છે. તમારે હાથીને આરે જવું હોય તો મોટી બોરૂ થઈને જાવ."

અમે એ ભાઇને ગામમાં કોઇ પુરાણી જગ્યા હોય તો બતાવવા કહ્યું. તેણે તુરત જ સામે દેખાતું મહાદેવનું મંદિર બતાવ્યું એ મંદિરે પહોંચતા જ પૂજારી આવી ચડયા અમારું સ્વાગત કરીને મંદિર ખોલી આપ્યું. મંદિર બહુ પુરાણું લાગ્યું નહિ, પણ મંદિરના સભામંડપના ચાર બાજુના ખૂણીયામાં એક ખૂણીયાની જગ્યાએ ચોડવાયેલ પુરાણો શિલાલેખ નજરે પડયો. એ શિલાલેખની તસવીર ઝડપી લીધા પછી પૂજારીએ કહ્યું કે "સાહેબ! આ મંદિર મૂળમાં બૌદ્ધોનો મઠ હતું પણ કાળક્રમે મૈત્રકકાળ પછી બૌદ્ધ સંપ્રદાયનું જોર ઓછું થતા મઠમાં મહાદેવ પેસી ગયા."

મંદિરની બાંધણી ઘણી જ વિચિત્ર તથા ગયાના બૌદ્ધ મંદિર જેવી ચડઊતર, ચોરસ, એકધારી દેખાતી હતી. પણ મૈત્રકકાળ જેટલું જૂનું દેખાતું નહોતું બનવા જોગ છે કે બૌદ્ધ મઠ તૂટયા પછી તેનો પુનરુદ્ધાર થયો હશે ત્યારે જૂની બૌદ્ધ ચૈત્યની બાંધણી જાળવી રાખવામાં આવી હશે. પૂજારીની મહેમાનગતી માણતા ફરીથી ભાલની કાળી કડક

મીઠી ચા પીને અમે મોટી બોરૂ જવા નીકળ્યા. માર્ગમાં નાની બોરૂ ગામમાં આવેલ હાટકેશ્વર મહાદેવનાં દર્શન કરીને અમે મોટી બોરૂ થઇને કાચી સડકને માર્ગે દાણીના આરા તરફ આગળ વધ્યા થોડી વારમાં ભાલની ક્ષારવાળી જમીનની વચ્ચે આવેલ એક ઊંચો ટેકરો નજરે પડયો. બોરૂથી સાથે આવેલ ભોમિયાએ આંગળી ચીંધીને કહ્યું કે " સામે દેખાય છે એ જ ભેટડીયા ભાવુનાળો ટેકરો."

થોડે દૂર આગળ વધતાં કાચી સડક ઉપરથી આડીને ઉજ્જડ ખારવાળી જમીનમાં થઇને ટેકરા પાસે લઈ ગયા. ચારે બાજુ તૂટેલ ઈંટના રોડાંના ભંગારવાળો એ ટેકરો તૂટી ગયેલ બૌદ્ધ સ્તૂપ જેવો દેખાતો હતો. ટેકરા ઉપર એક નાની દેરી નજરે પડી. નાની પગકેડી વાટે અમે ટેકરા ઉપર ગયા. ભોમિયાના કહેવા મુજબ ગયે વર્ષે એ દેરીનો પુનરુધ્ધાર કરવામાં આવ્યો હતો. નાની બોરૂના ગ્લીશ કોઇ કોળી ભક્તે દેરીનો ઘુમ્મટ સમરાવીને ઉપર સિમેન્ટનું પ્લાસ્ટર કરાવી દેરીમાં સૂર્યદેવની નવી મૂર્તિ પધરાવી હતી. આરસની સૂર્યમૂર્તિ કોઈ જયપુરી કારીગરે બનાવી હોય તેમ દેખાતુ હતુ દેરીની બાજુમા પુરાણી ખંડિત મૂર્તિ મૂકવામા આવી હતી સાત મુખવાળા ઉચ્ચૈશ્રવા અશ્વ ઉપર બેઠેલ સૂર્યમૂર્તિના બંને હાથમા કમળનાં આયુધો દેખાતાં હતા ભોમિયાના કહેવા મુજબ એ મૂર્તિ સોલંકીકાળ પહેલાની હોય તેવી લોકવાયકા સંભળાતી હતી, પણ મૂછવાળા સૂર્યદેવની મૂર્તિ સોલંકીકાળ પછીની હોય તેમ લાગ્યું. કહેવાય [illegible] કે જૂનું ભોળાદ ગામ આ ટેકરા નજીક વસેલું હતુ, પણ દરિયો પૂરાતા એ ગામ ઉજ્જડ થઈને નવું ગામ વસ્યું. ટેકરાનું ધોવાણ થતાં સંપુટમા મૂકાયેલ એક સિક્કો મળી આવ્યો હતો તે મૈત્રકકાલીન હતો પેલા ભોમિયાના કહેવા મુજબ ટેકરાની આજુ બાજુથી સંપુટમા મૂકાયેલા જુદા જુદા સિક્કાઓ મળ્યા કરે છે. અહીંથી પૂર્વ દિશાએ બેએક ફર્લાંગ જતા 'દાણીના આરા'વાળું સ્થળ નજરે પડે છે, પણ ત્યા એક તૂટેલી મૂર્તિ અને નાનકડી દેરી સિવાય બીજું કાંઈ દેખાતુ નથી. આયુધો તથા હાથપગ નાશ પામેલ એક આરસની મૂર્તિ પડી છે. એ મૂર્તિ સોલંકીકાળની હોવાનો પૂરો સંભવ છે. 'દાણીને આરે' જતા માર્ગમા કીચડવાળી ખાડી આવતી હોવાથી જાણકાર માણસ સિવાય ત્યા જવુ બરોબર નથી, કેમ કે ભાલનો પ્રદેશ એવા પ્રકારનો છે કે ચોમાસુ ઊતર્યા પછી ઘણે ઠેકાણે કાદવકીચડનું ઉપલું પડ સુકાઈ જાય છે, જ્યારે નીચેના ભાગે બબ્બે માથોડા જેટલો

કીચડ હોય છે. જરાક ભૂલ થાય તો ત્યાં જનાર માનવી આખો ને આખો કીચડમાં ઊતરી જાય છે. પછી એ માનવીને કોઇ રીતે બચાવી શકાતો નથી. અહીંથી પાછા ફરીને અમે મોટી બોરૂ, વારણા, વટારણ થઈને ધોળકે પાછા ફર્યાં.

ખરેખર તો ભેટડીયા ભાણુ, હાથીનો આરો વગેરેની મનોમન કલ્પના કરવી વધારે સારી છે. છતાં કોઈને એ બાજુ જવું હોય તો ભેટડીયા ભાણુનો ટેકરો જોઈ આવે. ભેટડીયા ભાણુના ટેકરાની આજુબાજુ સોલંકીકાળમાં વસેલ ગામને ભાણુપુર કહેવામાં આવતું એમ પણ કહેવાય છે. આજુબાજુના પ્રદેશમાં વસતા કાઠી ભાઈઓ ભેટડીયા ભાણુ તરફ ખૂબ જ ભક્તિભાવ ધરાવે છે. ધોળકાના એક ભાઈ તરફથી ઉપરની હકીકત સાંભળીને અમે અમદાવાદ જવા નીકળ્યા.

## ૧૬

# ગુજરાતનાં સૂર્યમંદિરો

ચૌદમા સૈકા પછી સૂર્યદેવની ગણના વિષ્ણુના એક અવતાર તરીકે થવા માંડી એટલે સૂર્યપૂજા વિષ્ણુપૂજાનું એક અંગ બની ગઈ. આ કારણને લઇને ભારતભરમાં સૂર્યપૂજા નાબૂદ થવા લાગી. ગુજરાતની પ્રજાએ તો સૂર્યદેવને લોકસાહિત્યમા તેમ જ દેવપૂજાઓમા વણી લીધેલ હોવાથી ગુજરાતમાં જાણેઅજાણે સૂર્યપૂજા આજ દિન સુધી ચાલુ રહી છે. દુહા, આખ્યાન અને લગ્નગીતોમા પણ સૂર્યદેવ વણાઇ ગયા છે.

વેદકાળમાં અને પછી કેટલીક આર્ય ટોળીઓ આર્યાવર્તમાં આવી વસી. કેટલીક ટોળીઓ શકસ્થાન ગાધાર તથા મધ્ય એશિયાના બીજા દેશો અને ઇજિપ્ત, અરબસ્તાન તથા દક્ષિણ યુરોપના કેટલાક દેશોમા જઈ વસી.

વેદકાલીન આર્ય પ્રજા સૂર્યને દેખીતા દેવ માનીને અર્ધ્ય આપતી. પણ સૂર્યની મૂર્તિપૂજા કરતી નહોતી ભારતવર્ષમાં આવી વસેલી આર્ય પ્રજાએ આ પ્રથા ચાલુ રાખી. મધ્ય એશિયા, દક્ષિણ યુરોપ તથા અરબસ્તાન, ઈરાન અને અફઘાનિસ્તાનમા જઇ વસેલી આર્ય ટોળીઓએ વખત જતાં સૂર્યની સાથે સૂર્યમૂર્તિની પૂજા પણ શરૂ કરી. ધીમે ધીમે સૂર્યમંદિરો બંધાવા લાગ્યાં. ગ્રીસમાં બાવીસો વર્ષ પહેલાં બંધાયેલ એક સૂર્યમંદિર હાલમાં પણ મોજૂદ છે

આર્યાવર્તના રસકસથી આકર્ષાઇને પશ્ચિમમા જઈ વસેલી તેમ જ ભારતની ઉત્તરે આવેલ પ્રદેશમાથી કેટલીક આર્યેતર પ્રજાઓએ ભારતવર્ષ પર ચઢાઈ કરી. ગ્રીસ દેશના સિકંદર નામે એક રાજાએ ઈસવી સન પૂર્વે ત્રણસો ત્રેવીસ વર્ષ પહેલા ભારતવર્ષ ઉપર ચઢાઈ કરી. ત્યાર પછી હૂણ, શક, ત્રિકુટક, રાષ્ટ્રકૂટો, ગૂર્જર, મહેર અને બીજી કેટલીય પ્રજાઓએ ભારતવર્ષ પર ચઢાઈ કરી. સમય જતા આ બધી પ્રજાઓ ભારતવર્ષની આર્ય પ્રજા સાથે ભળી ગઈ. જે પ્રજા આર્ય પ્રજા સાથે ન ભળી તે સ્વસ્થાને પાછી ફરી

ભારતવર્ષના કેટલાક ઇતિહાસકારોનો તથા પુરાતત્ત્વવિદોનો એવો મત [illegible] કે આર્ય પ્રજા સાથે ભળી ગયેલ આર્યેતર પ્રજાના કેટલાક દેવોને આર્ય પ્રજાએ સ્વીકારી લીધા આ દેવોમા મુખ્ય સૂર્યદેવ ગણી શકાય.

હાલમાં મળી આવેલી મોટા ભાગની સૂર્યમૂર્તિઓ જોતાં કહી શકાય કે આર્યોની દેવમૂર્તિઓ કરતાં સૂર્યમૂર્તિઓ જુદી પડી જાય છે. મોટા ભાગના આર્ય પ્રજાના દેવોની મૂર્તિઓને ચાર તથા તેનાથી વધારે ભૂજાવાળી તથા ઉઘાડા પગવાળી વર્ણવવામાં આવી છે. અને એ રીતે જ મોટા ભાગની પુરાણી તથા હાલની મૂર્તિઓ બની છે. ફક્ત સૂર્યની મૂર્તિઓ પગમાં પીંડીના અર્ધભાગ સુધી ઇરાનીયન બૂટ નિચાંગ પહેરેલ અને મોટે ભાગે બે હાથવાળી હોય છે. સૂર્યમૂર્તિનું આ જાતનું જુદાપણુ દેખાડી આપે છે કે સૂર્યમૂર્તિની પૂજા આર્યેતર પ્રજા ભારતવર્ષમાં લાવી હશે.

ભારતવર્ષના પશ્ચિમ ભાગમાં જ્યાં શિલ્પ ઉપર ગાંધાર શૈલીની અસર થઇ છે ત્યાં સૂર્ય સિવાય બીજા દેવોની બે ભૂજાઓવાળી મૂર્તિઓ મળી આવી છે. આ ઉપરથી કેટલાક એમ માને છે કે સૂર્યમૂર્તિની પૂજા આર્યેતર પ્રજા ન લાવી હોય પણ આર્ય પ્રજાએ શરૂ કરી હોય, પણ ગાંધાર શૈલી પોતે જ પશ્ચિમની શૈલી હોવાથી સૂર્યમૂર્તિની પેઠે બીજા દેવોની મૂર્તિઓ બે હાથવાળી બની હોય.

કેટલાક પુરાવાઓને આધારે એમ કહી શકાય કે આશરે બીજા સૈકામાં ઇરાન તરફથી શક પ્રજાએ દરિયા વાટે સોરાષ્ટ્ર ઉપર હુમલો કર્યો અને દ્વારાવતી (દ્વારકા) કબજે કર્યું. આ પ્રજા સૂર્ય તથા અગ્નિ પૂજક હોવાથી ભારતવર્ષમાં સૂર્ય અને અગ્નિની પૂજા લાવી હોય તો ના નહિ. દ્વારાવતીનું બંદર જીત્યા પછી શક પ્રજાએ ગુજરાત અને માળવાના અમુક ભાગ ઉપર કબજો જમાવ્યો. જીતાયેલ પ્રદેશમાં આ પ્રજાએ સૂર્યમૂર્તિની પૂજા દાખલ કરી હશે. વખત જતાં માળવાના રાજા વિક્રમાદિત્યે શક પ્રજાને હરાવી. હારેલ શક પ્રજાના મોટા ભાગે આર્ય ધર્મ સ્વીકારીને આર્યાવર્તમાં રહેવાનું પસંદ કર્યું. શક અને આર્ય પ્રજાના મિશ્રણ પછી આ પ્રદેશમાં સૂર્યમૂર્તિની પૂજા વધારે વ્યાપક બની હશે. વલ્લભી વંશના કેટલાક રાજાઓએ સૂર્યપૂજાને રાજ્યધર્મ તરીકે સ્વીકાર્યો હતો. એ સમયે ગુજરાતમાં ઘણાં સૂર્યમંદિરો બંધાયાં હતાં, પણ લાકડા તથા ઇંટમાટીના બાંધકામવાળા મોટા ભાગનાં સૂર્યમંદિરો ભગવાન કાલમુખની સામે ટકી શક્યાં નહિ. આવાં મંદિરોમાંની કેટલીક મૂર્તિઓ મળી આવી છે, જે પાંચમા, છઠ્ઠા અને સાતમા સૈકાની હોવાનો પૂરેપૂરો સંભવ છે. વલ્લભી વંશના મોટા ભાગના રાજાઓ સૂર્યદેવને

પોતાના ઈષ્ટદેવ માનતા અને પોતાને સૂર્યવંશી ગણતા વલ્લભી રાજયના વિનાશ પછી વલ્લભી વંશના છેલ્લા રાજા શિલાદિત્યના પુત્રે પણ સૂર્યને પોતાના ઈષ્ટદેવ માન્યા અને તેના વારસદાર ચિત્તોડના રાણાઓએ અને સૌરાષ્ટ્ર તથા પૂર્વ ગુજરાતના ગોહિલોએ પણ સૂર્યદેવને પોતાના ઈષ્ટદેવ માની પોતાને સૂર્યવંશી ગણ્યા છે.

દરિયામાર્ગે કે બોલનઘાટ થઈને સિંધને માર્ગે સૌરાષ્ટ્રમાં આવી વસેલી એક આર્યેતર ટોળીએ આજ દિન સુધી સૂર્યમૂર્તિની પૂજા પૂરેપૂરી જાળવી રાખી છે. આ પ્રજાએ હિન્દુ ધર્મ સ્વીકાર્યો હોવા છતાં સૂર્યપૂજાની સાથોસાથ તેના આગવા રિવાજો જાળવી રાખ્યા છે. આ પ્રજા તે સૌરાષ્ટ્રની કાઠી કોમ. ખરેખર આ કોમે સૌરાષ્ટ્રભરમાં સૂર્ય-મૂર્તિની પૂજાને જીવંત રાખી છે. સૌરાષ્ટ્રમાં તો સૂર્યમૂર્તિની સાથોસાથ સૂર્યના પત્ની સંજ્ઞાદેવી (રન્નાદે)ની પૂજા પણ ખૂબ જ વ્યાપક બની છે. આ બધું જાળવી રાખવાનો યશ સૌરાષ્ટ્રની કાઠી કોમ તથા સૂર્યવંશી રજપૂતોને ફાળે જાય છે.

ગુજરાતમાં પાકા ખારા પથ્થરના કે બીજી જાતના પથ્થરોના મંદિરો બાંધવાની શરૂઆત વ્યાપક રીતે સોલંકી કાળ દરમિયાન થઈ. આ સમયમાં ઘણાં સૂર્યમંદિરો બંધાયાં હશે. પણ હાલમાં તો થોડાંક જ મોજૂદ છે. ભૂવનેશ્વરનું સૂર્યમંદિર (સાબરકાંઠા), મોઢેરાનું સૂર્યમંદિર (મહેસાણા જિલ્લો), થાનનું સૂર્યમંદિર (ઝાલાવાડ) અને સુત્રાપાડાનું સૂર્યમંદિર (સોરઠ) વગેરેની ગણતરી સોલંકી શ્રેણીના સૂર્યમંદિરોમાં થઈ શકે. ફક્ત થાનના સૂર્યમંદિરનો ૧૬૯૦ પછી પુનરુદ્ધાર થયો હતો. એટલે એ મંદિરમાં અમુક ભાગ સોલંકી શ્રેણીનો છે, જ્યારે બાકીના ભાગ ઉપર મુસ્લિમ કાળમાં બંધાયેલા બીજા હિન્દુ મંદિરો જેવી અસર છે છેલ્લા બે સૈકામાં કેટલાંક સૂર્યમંદિરો ગુજરાતમાં બંધાયાં છે, જેમાં વડોદરાનું સૂર્યમંદિર, થાન પાસેનું નવા સૂરજદેવનું મંદિર તથા મૂળીનું માંડવરાયનું મંદિર મુખ્ય છે. તદુપરાંત ખંભાત પાસેના નગરા પાસેથી પુરાણો ટીંબો ખોદતાં મળી આવેલ સૂર્ય તથા સૂર્યાણીની મૂર્તિઓને એક નાની દેરી બનાવીને નગરા ગામમાં રાખવામાં આવી છે, જેની ગણના સૂર્યમંદિર તરીકે થઈ શકે. આ ઉપરાંત વિજયનગર પાસેના પોળોના જંગલમાં તથા કચ્છમાં કોટાઈ પાસે સૂર્યમંદિરો હતાં તે ભગ્નાવસ્થામાં ઊભાં છે. આ ઉપરાંત બોટાદ ગામ પાસેના શિવ પંચાયતન મંદિરમાંનું એક સૂર્યમંદિર હાલમાં મોજૂદ છે. સૌરાષ્ટ્રમાં સૂર્યપત્નીની પૂજા પણ

પ્રચલિત હોવાથી રાદલના દડવા ગામે તથા ઘોળા પાસેના દડવા ગામની વાવમા એમ બે સત્રાદેવીનાં મંદિરો હાલમાં મોજૂદ છે. પંચમહાલ જિલ્લાના લુણાવાડા શહેરથી સાત માઈલ દૂર મહીકાંઠા ઉપર ડોસરિયા ગામની સામી બાજુ એક સૂર્યમંદિરના ખંડિયેરો મોજૂદ છે. તદુપરાંત કચ્છમા આવેલ કંથકોટના કિલ્લામાં એક સૂર્યમંદિર ઊભુ છે.

પાલનપુરથી ડીસા થઇને સુઈ ગામ તરફ જતા નેશનલ હાઈવે ઉપર થરાદથી નવ માઈલ દૂર જંગલમા માર્તંડેશ્વર મહાદેવના મંદિરના ચોગાનમા એક સૂર્યમંદિર ઊભુ છે. સોલંકી યુગના પહેલા સૈકામા બંધાયેલા નાના અને એકાકી મંદિરોની શ્રેણીનું આ સૂર્યમંદિર છે. વડનગરના આમથેર માતાના મંદિરમા ઊભેલા પુરાણા નાનકડા શિખરબંધ મંદિર જેવું જ આ મંદિર છે મંદિરની સૂર્યમૂર્તિ જુદા પ્રકારની છે. એક ઘોડા ઉપર સવારી કરીને આગળ વધતા સૂર્યદેવને કલાકારે કોતર્યા છે આ પ્રકારની મૂર્તિઓ ગુજરાત કે ભારતમાં બહુ જ થોડી છે.

ગુજરાતનું બીજુ સૂર્યમંદિર અમદાવાદથી હિંમતનગર થઇને શામળાજી જતા માર્ગે ગાંભોઈથી ભીલોડા જવાને રસ્તે આવતા ખામણા ગામથી થોડે દૂર મેસાવુ ગામ પાસેના ચ્યવનતીર્થમા ભુવનેશ્વર મહાદેવના મંદિરના ચોગાનમા આવેલ છે. પુરાણા મંદિરને પુનરુદ્ધાર દરમિયાન થોડું વિકૃત બનાવવામા આવ્યું છે સમારણને ઇંટ અને ચૂનાના રોડાથી ઢાંકી દઇને સભામંડપ ઉપર ગોળ ઘુમ્મટ બનાવવામા આવ્યો છે ભુવનેશ્વરનું સૂર્યમંદિર તેની બાંધણી જોતા ઈસ્વી સનના બારમા સૈકાના અંતમા બંધાયું હોય તેમ લાગે છે આ સૂર્યમંદિર મૂળરાજદેવના સમય પછી બંધાયેલા નાનાં મંદિરોની શ્રેણીનું છે. સભામંડપના કક્ષાસનથી સ્થંભની કોતરણી શરૂ થાય છે. સભામંડપને દરેક ખૂણે અર્ધેથી કોતરાયેલા પર્ણકુંભવાળા નાના સ્થંભો ઊભા છે. સભામંડપના ચંદરવાનું શિલ્પ સિદ્ધપુરની રૂદ્રમાળની બાજુમા આવેલ મસ્જિદ, જે પહેલાં રૂદ્રમાળનો એક ભાગ હતી તેના સભામંડપને મહદ્ અંશે મળતુ આવે છે. હાલમા આ મંદિરમાં સૂર્યની જગ્યાએ વિષ્ણુમૂર્તિ બિરાજે છે અને સૂર્યની મૂર્તિ બાજુના નાનકડા મહાદેવના મંદિરમાં પાર્વતીજીની જગ્યા પાસે પડી છે. નિમ્નભાગના મંડોવરની જંઘા ઉપરના ગવાક્ષમાં કંડારાયેલી સૂર્યમૂર્તિઓ જોવાલાયક છે આ પવિત્ર સ્થળ ઈંદ્રાસી તથા હાથમતી નદી ઉપર બંધ બંધાતા પાણીમાં ડૂબી જશે.

\M5386



સૌરાષ્ટ્રના સોરઠ પ્રાંતના સોમનાથ પાટણ શહેરથી સાત માઈલ દૂર આવેલ સૂત્રાપાડા ગામમાં સ્થવન કુંડ પાસે એક સૂર્યમંદિર ઊભું છે. આ સૂર્યમંદિરમાં સોરાષ્ટ્રના કોઈ રાજા વેજલદેવે સંવત ૧૩૫૭માં સૂર્યમૂર્તિ પધરાવ્યાની નોંધ મળી છે. પ્રદક્ષિણાપથવાળું અને ગૂઢ મંડપમાં ચાર સાદા સ્થંભોવાળું સૂત્રાપાડાનું સૂર્યમંદિર બીજા ભીમદેવે બંધાવેલ સોમનાથના મંદિર કરતાં ઘણું જૂનું લાગે છે. નિજમંદિરની દ્વારસાખો તદ્દન સાદી છે. સૂત્રાપાડાના સૂર્યમંદિરનો શિખરભાગ રોડાના એકાંડી મંદિરથી જુદો પડી જાય છે. આ મંદિરમાં સુધારાવધારા થયા છે એટલે મંદિર કયારે બંધાયું હશે તે કહી શકાય નહિ. પણ બાજુના વરાહમંદિર સાથે સરખાવીએ તો સૂત્રાપાડાનુ સૂર્યમંદિર દસમા સૈકા પછી બંધાયું હોય તેમ લાગે છે.

સોલંકી યુગનાં મહાકાય મંદિરો ગુજરાતના સોલંકી રાજા ભીમદેવ પહેલાના સમયમાં બંધાયાં. આ શ્રેણીનાં મંદિરોમાં મોઢેરાનું સૂર્યમંદિર આવી જાય છે. ભારતભરતનાં મહાકાય સૂર્યમંદિરો સાથે મોઢેરાના સૂર્યમંદિરને સરખાવી શકાય તેમ છે. કાશ્મીરનું માર્તંડ મંદિર અને ઓરિસ્સાનું કોણાર્ક મંદિર મોઢેરાના સૂર્યમંદિરની હરોળમાં ઊભાં રહી શકે તેવાં છે. પણ ત્રણે સૂર્યમંદિરોની શિલ્પશૈલી જુદી હોવાથી સરખામણી થઈ શકે નહિ. છતાં મોઢેરાનું સૂર્યમંદિર સર્વાંગી કોતરણીની દૃષ્ટિએ આ ત્રણેમાં પ્રથમ આવે છે. ગર્ભગૃહના એક પથ્થર ઉપરના લેખ ઉપરથી એમ કહી શકાય કે મોઢેરાનું સૂર્યમંદિર સંવત ૧૦૮૩ની સાલમાં બંધાયું હશે. કદાચ આ મંદિર આગળનો સભામંડપ, જે મુખ્ય મંદિરથી જુદો છે તે પાછળથી બંધાયો હોય. ગુજરાતનાં મંદિરોમાં સભામંડપ અલગ બાંધવાનો રિવાજ નથી. પણ મોઢેરાનું સૂર્યમંદિર આ બાબતમાં જુદું તરી આવે છે. ઓરિસ્સાનાં મંદિરોમાં સભામંડપ (જગમોહન) જુદો હોય છે.

ગુજરાતનું જગપ્રસિદ્ધ મોઢેરાનું સૂર્યમંદિર મહેસાણા શહેરની પશ્ચિમ દિશાએ સોળ માઈલ દૂર આવેલું છે. મુખ્ય મંદિરની લંબાઈ એકાવન ફીટ નવ ઇંચ અને પહોળાઈ પચીસ ફીટ નવ ઈંચ જેટલી છે. નિજમંદિરની ત્રણે બાજુ પ્રદક્ષિણા પથ આવેલો છે. અને તેની આગળ લંબચોરસ ગૂઢમંડપ આવેલો છે. ગૂઢમંડપનો ઘુમ્મટ ભાગ સ્વસ્તિક સ્થંભોની ઉપર ટેકવાયેલો હશે તે પડી ગયો છે. સ્થંભોની ઊંચાઈ સાડા તેર ફીટની છે. અને

સંખ્યા આઠની છે. ગર્ભગૃહ આગળના સ્થંભો સાડા અગિયાર ફીટની ઊંચાઈ ધરાવે છે. મંડપ ઉપરના સમારણના ઘણા જ ટુકડા બાજુમાં પડયા છે. ગૂઢમંડપ અંદરની દીવાલો સાદી છે, પણ જુદે જુદે સ્થળે ગવાક્ષમાં સૂર્યમૂર્તિઓ મૂકાયેલી છે.

આખાય ગૂઢ મંડપની નીચે સળંગ ભોંયરું આવેલું છે. આ ભોંયરામાં થઈ ને યાત્રિકો મહાકાય સૂર્યમૂર્તિના પાદપ્રક્ષાલન માટે જતા હશે. ગૂઢમંડપની નીચે ભોંયરું છે, જ્યારે ગર્ભગૃહના ભાગમાં ભોંયરું બનાવવામાં આવ્યું નથી પણ ભોંયરાઈની ઊંડાઈ જેટલો ભાગ ખુલ્લો રાખવામાં આવ્યો છે. એટલે ગર્ભગૃહ ગૂઢમંડપ કરતાં સાડા અગિયાર ફીટ નીચે પડી જાય છે. ગર્ભગૃહમાં ઊતરવા માટે હાલમાં એક લોખંડની સીડી રાખવામાં આવી છે. ગર્ભગૃહ તરફનું, ગૂઢમંડપ નીચેના ભોંયરાનું દ્વાર બંધ કરી દેવામાં આવ્યું છે. સૂર્યમૂર્તિ આખીય ગુમ થઇ છે, પણ સૂર્યના સાત ઉચ્ચૈઃશ્રવા અશ્વનાળું આસન મોજૂદ છે. આસન ઉપરથી સૂર્યમૂર્તિના શિલ્પનો આછો ખયાલ આવી શકે છે. ગર્ભગૃહનું સપ્તશાખા દ્વાર ગુજરાતની દ્વારસાખોમાં ઉત્તમ પ્રકારનું ગણી શકાય તેમ છે. ગૂઢમંડપ તથા નિજમંદિરના પ્રદક્ષિણાપથના બહારના ભાગનું શિલ્પ ઉત્તમ કોટિનું છે

પીઠ ઉપરના ગ્રાસથર, હસ્તિથર, નરથર અને જંઘા ઉપરની સૂર્યની તથા બીજા દેવોની મૂર્તિઓ નયનરમ્ય છે. સૂર્યમંદિરનો સભામંડપ લગભગ સમચોરસ છે. સૂર્યકુંડમાં જવાની પગથાર ઉપરનું તોરણ તૂટી ગયું છે. મંડપની લંબાઇ પહોળાઈ પચીસ ફીટ જેટલી હશે તેમ લાગે છે. સભામંડપમાં સોળ સ્વસ્તિક સ્થંભો છે, જેનું શિલ્પ અતિ ઉત્તમ છે. કુંભી અને કંઠાસરા વચ્ચેના ભાગ ઉપરનું શિલ્પ ખૂબ સુંદર છે. કયાંક તો રતિક્રીડાનું શિલ્પ પણ કોતરાયેલું દેખાય છે મંડપના પાટના ભાગ ઉપર કોતરેલ પુરાણોના પ્રસંગો આંખને ગમી જાય તેવા છે. મંડપની ચારે બાજુ છ ફીટ ઊંચાઈએ સુંદર કક્ષાસન આવેલ છે, જેના બહારના ઢાળ ઉપર વાત્સાયન કામસૂત્રનાં આસનો કોતરાયેલાં દેખાય છે. સભામંડપના વેદી ભાગ ઉપરનું શિલ્પ પણ સુંદર છે. પીઠભાગ ઉપરનુ શિલ્પ નયનરમ્ય છે. સભામંડપના અંદરને ભાગે સ્વસ્તિક સ્થંભો વચ્ચેના કમાનવાળાં તોરણો દેલવાડાનાં દેરાનાં તોરણની હરીફાઇ કરે છે મુખ્ય મંદિરની જમણી બાજુએ તોરણના બે અર્ધ તૂટેલા સ્થંભો ઊભા છે. આ તોરણ આખું હશે ત્યારે દેલમાલના તોરણની શ્રેણીનું હશે તેમ કહી શકાય.

સભામંડપની આગળ એક લંબચોરસ કુંડ આવેલ છે. કુંડની લંબાઈ ૧૭૬ અને પહોળાઈ ૧૨૦ ફીટ છે. એ સમયમાં આવો કુંડ કેમ બાંધ્યો હશે તે બાબત હાલના એન્જિનીયરો પણ વિચારમાં પડી જાય છે. ચારે બાજુ ચડઊતર પગથિયાં અને વચમાં પાણી ભરાઈ રહે તેને કુંડ કહેવામાં આવે છે પણ આવા કુંડને દેવમંદિરો, દેવમૂર્તિ તથા કોતરણીવાળા શિલ્પથી શણગારવામાં આવે ત્યારે કુંડ પોતે જ દેવમંદિર બની જાય છે. સોલંકી યુગમાં બંધાયેલા દસ કુંડોમાં મોઢેરાના સૂર્યમંદિરનો કુંડ પ્રથમ શ્રેણીનો છે. સિદ્ધરાજે બંધાવેલ સહસ્ત્રલિંગ તળાવ તથા મીનળદેવીએ બંધાવેલ મલાવ અને મુનસર તળાવને કાંઠે દેવમંદિરો બાંધવાની પ્રેરણા કદાચ મોઢેરાના રામકુંડે આપી હશે. સૂર્યકુંડને ચાર ખૂણે ચાર એકાંડી મંદિરો આવેલાં છે. કુંડની અંદર ઊતરતાં વચગાળાને ભાગે ત્રણ પંચાંડી મંદિરો આવેલાં છે સૂર્યમંદિરની બરોબર સન્મુખ સૂર્યકુંડને પૂર્વ કાંઠે અંદરગાળામાં આવેલ પંચાંડી મંદિરમાં બિરાજતી જળશાયી ભગવાનની મૂર્તિ જોઈને ઋષિકેશ યાદ આવી જાય છે ગુજરાતના ઘણા સૂર્યકુંડોમાં જળશાયી વિષ્ણુની મૂર્તિઓ જોવામાં આવે છે. ખરેખર મોઢેરાનું સૂર્યમંદિર તથા સૂર્યકુંડ સોલંકી યુગના શિલ્પની તથા સ્થાપત્યની કમાલ બતાવે છે.

સૌરાષ્ટ્રના ઝાલાવાડ પરગણાના થાન ગામથી એક માઈલ દૂર એક ટેકરા ઉપર કોઈ પુરાણા શહેરનાં ખંડિયેરો વચ્ચે થાનનું જૂનું સૂર્યમંદિર કાળ સામે લડતું લડતું ઊભું છે. ગુજરાતની કાઠી કોમના ઇષ્ટદેવનું આ મંદિર થોડાં વર્ષ પહેલાં યાત્રિકોથી ભર્યું ભર્યું રહેતું હતું, પણ લખતરના રાજા અને કાઠી દરબારો વચ્ચે કોઈ કારણસર મનદુઃખ થતાં કાઠી કોમે થાનથી પાંચેક માઈલ દૂર જૂના લખતર સ્ટેશનની હદ બહાર એક વિશાળ સૂર્યમંદિર બંધાવ્યું ત્યારથી જૂના સૂરજ દેવળની પડતી શરૂ થઈ. કહેવાય છે કે સૌરાષ્ટ્રમાં જ્યારે સૂર્યધર્મ વ્યાપક બન્યો હતો ત્યારે થાન અને મોઢેરાનું ધર્મારણ્યવાળું સ્થળ એ બંને સૂર્યપૂજકો માટે પવિત્ર સ્થળ ગણાતા

જૂના સૂર્યદેવના મંદિરની બાજુમાં ઊભેલા કશ્યપ મંદિરના અવશેષો ઉપરથી કહી શકાય કે સાતમા સૈકામા પણ થાનમાં પથ્થરથી બંધાયેલાં મંદિરો મોજૂદ હતાં. સૌથી વધારે ગણનાપાત્ર અને સૂર્યપૂજાની પરાકાષ્ઠા બતાવતું સૂર્યપિતા કશ્યપ ઋષિનું મંદિર થાનના સૂર્યમંદિરની બાજુમાં

હાલમા પણ મોજૂદ છે. થાનના સૂર્યમંદિરની ચારે બાજુ નીચો કોટ બંધાયેલો છે સોલંકી શ્રેણી જાળવતી દ્વારસાખમાં થઇને સૂર્યમંદિરના ચોગાનમાં જવાય છે. દ્વારસાખ ઉપરનું મજલાવાળું ચોઘડિયાઘર સૂર્ય-મંદિરની રોનક વધારે છે થાનનું જૂનું સૂર્યમંદિર ઈ. સ ૧૬૯૦ માં ગુજરાતના સૂબા કારતબખાને તોડી નાખ્યું હતું હાલનું મંદિર જૂના મંદિરના અમુક અવશેષો ઉપર બંધાયું છે.

મંદિરનો સભામંડપ લંબચોરસ છે. ગર્ભગૃહમાં બિરાજતી સૂર્યમૂર્તિ નવી છે. સભામંડપ ઉપરના ઘુમ્મટો મુસ્લિમકાળના ગોળ ઘુમ્મટો જેવા છે. વિમાનભાગની જંઘા ઉપરનું સૂર્યમૂર્તિઓનું અને બીજું શિલ્પ સોલંકી યુગનું છે. મંદિરનો આ ભાગ મુસ્લિમોએ તોડયો નહિ હોય એમ લાગે છે. મંડોવરની ઉપરનો શિખરભાગ પુનરુદ્ધાર દરમિયાન બંધાયેલો દેખાય છે મંદિરના ગઢના ચાર ખૂણાની ચાર દેરીઓમાં એક દેરી ઉપર ચૈત્યબારીનું સુશોભન દેખાય છે ઠહાય બાજુના કોઈ તૂટેલા મંદિરમાથી લાવીને એ ટુકડો અહી જોડાયો હશે. વિશાળતાની દૃષ્ટિએ ગુજરાતનાં જૂનાં સૂર્ય-મંદિરોમાં મોઢેરાના સૂર્યમંદિર પછી થાનનું સૂર્યમંદિર આવે છે.

વડોદરા સ્ટેશનેથી ઊતરીને બેએક ફર્લાંગ જતાં જમણે હાથે એક બગીચામાં જૂના વખતનું સૂર્યમંદિર ઊભુ છે. આ સૂર્યમંદિર દોઢસો વર્ષથી વધારે જૂનું નથી. છતા ગુજરાતમા સૂર્યપૂજકો છે તેની સાબિતી રૂપે ઊભુ છે. આ સૂર્યમંદિર મુસ્લિમકાળ પછી નામદાર ગાયકવાડના સમયમાં બંધાયેલા હિન્દુ મંદિરોના એક સુંદર નમૂનારૂપ છે. નામદાર સયાજીરાવ ગાયકવાડ તથા તેમના પિતામહે ચીવટપૂર્વક સોલંકી કાળની અથવા બીજી હિન્દુ પ્રણાલી જાળવીને હિન્દુ મંદિરો બંધાવવાના પ્રયત્નો કર્યાં હતા ગુજરાતના મંદિર બાંધવાવાળા સોમપુરા શિલ્પીઓનું ધ્યાન વધારે પડતુ જૈન મંદિરો બાંધવામાં દોરાયેલ હોવાથી હિન્દુ મંદિરો બાંધવામા જૈન શિલ્પની અસર સત્તરમા સૈકા પછી દેખાય છે

વડોદરાનું સૂર્યબાગમાંનું સૂર્યમંદિર એકાવન ફીટ લાબું અને પચીસ ફીટ પહોળુ છે મંદિરના સભામંડપના ચંદરવાની ગોળાઈમાં કોતરાયેલી નૃત્યાંગનાઓની મૂર્તિઓમાની ઘણી નાશ પામી છે સભામંડપમા દાખલ થવા માટે ત્રણ બાજુથી ત્રણ શૃંગાર ચોકીઓ આવેલી છે. સભામંડપનો અમુક ભાગ બંધ કરવામા આવેલ હોવાથી સૂર્યમંદિરનો સભામંડપ ગૂઢમંડપ જેવો બની જાય છે ગર્ભગૃહમાં બિરાજતી સાતમુખી ઊંચે અશ્વા

અશ્વના રથને હંકારતી સૂર્યદેવની બેઠી મૂર્તિ આકર્ષક છે, પણ શિલ્પની દષ્ટિએ બહુ સુંદર નથી. આ સૂર્યમંદિર "રક્ષિત ઇમારત" તરીકે જાહેર થયું હોવા છતા તેની ખાસ જાળવણી થતી નથી. મંદિરની ઊંચાઈ ૪૮ ફીટ છે. વડોદરા શહેર વચ્ચે આવેલ આ સૂર્યમંદિરને ત્યાંની સ્થાનિક પ્રજા પણ જાણતી નથી એ આશ્ચર્યની વાત છે! મંદિરનો સભામંડપ રખડુ માણસો અને જુગારીઓનું ધામ બન્યો છે. આ બધું અટકવું જરૂરી છે

આ મંદિર બાબત એવી દંતકથા પ્રચલિત છે કે મંદિર બંધાયા પછી મંદિરની ચારે બાજુ ઊંચી દીવાલ બાંધવામા આવી. ઊગતા સૂર્યના કિરણો સૂર્યમૂર્તિ ઉપર પડવામા દીવાલ અંતરાયરૂપ થતી હોવાથી દીવાલ આપમેળે પડી ગઈ. ફરી વખત દીવાલ બંધાવી તો પણ પડી ગઈ! છેવટે કહેવાય છે કે સૂર્યમૂર્તિની દષ્ટિ હાથી તરફ અમીદષ્ટિ ઢાળતી હોવાથી સૂર્યમૂર્તિની સામે ચોગાનમા હાથીની એક સુંદર પ્રતિમા મૂકવામા આવી આ પ્રતિમા મૂકાયા પછી સૂર્યમંદિરના કોટની દીવાલ પડતી બંધ થઈ. આ મંદિર બંધાવનાર વડોદરાના રાજાના કોઈ ઉપપત્ની હોય તેમ પણ કહેવાય છે જે હોય તે ખરું, પણ વડોદરાના ગાયકવાડ રાજ્યના સમય દરમિયાન હિન્દુ શિલ્પને સજીવન કરવાના પ્રયત્ન થયા છે તેના પ્રતીકરૂપે વડોદરાનું સૂર્યમંદિર હાલમા મોજૂદ છે.

ઝાલાવાડ પરગણાના મૂળી શહેરની વચ્ચોવચ્ચ માંડવરાયનું મંદિર આવેલું છે. ૧૪૭૪ પછીના પાચ વર્ષના ગાળામા હાલના નવા મંદિરની જગ્યાએ સોલંકી શ્રેણીને જાળવીને એક નાનું સૂર્યમંદિર બંધાવવામાં આવ્યુ હતુ એ મંદિરની જગ્યાએ આશરે સાઠેક વર્ષ પહેલા માંડવરાયનું નવુ મંદિર બંધાયું છે. જૂના માંડવરાયના મંદિરની સૂર્યમૂર્તિ બાબત એક દંતકથા ચાલતી આવે છે.

સિંધના પારકર પરગણામા સંવત ૧૪૬૪મા ભયંકર દુષ્કાળ પડયો. આ પ્રદેશના રાજાના બે ભાઈઓ લખધીરજી અને મુંજોજી ઢોરને લઈને દુષ્કાળ વર્જવા પોતાના ભાયાત બે હજાર સોઢા શાખાના પરમારોને લઈને સૌરાષ્ટ્રના પંચાલ પરગણા તરફ ચાલી નીકળ્યા. પરમાર લખધીરજીને રોજ પોતાના ઇષ્ટદેવના દર્શન કરીને ભોજન કરવાનું નીમ હતુ તેની પાસે ઘડિયા જોજન ચાલવાવાળી હંસલી ઘોડી હોવાથી રોજ

આગળ વધતાં મુકામેથી પાછા ફરીને પોતે ઇષ્ટદેવનાં દર્શન કરી જતો. જેમ જેમ પારકરથી રસાલો આગળ વધતો ગયો તેમ તેમ પારકર જઇને ઇષ્ટદેવનાં દર્શન કરવાનું દૂર થતું ગયું. ધીરે ધીરે લખધીરજી એક દિવસ પારકર જાય અને એક દિવસ ન જાય એમ થવા માંડયું લખધીરજીને આંતરે દહાડે અપવાસ થવા માંડયા. છેવટે એક રાત્રે ઇષ્ટદેવ સ્વપ્નામાં આવ્યા અને કહ્યું કે "પુત્ર! કાલ આગટનો ડેરો ફૂટતા એક ગાયનું ધણ સામું મળશે; એમાથી આગળ ચાલતી કાળી કુંવારી ગાય ગોયરો પગ ઊંચો કરીને તારી સામે જોઇને ભોંય ખોતરશે. ખોતરેલ ભોંયમાં તું ઊંડું ખોદાવ એટલે એક પ્રતિમા જડશે. એ પ્રતિમાના દર્શન કરીને રોજ જમજે. પ્રતિમાને રથમાં પધરાવીને તારી સાથે લઇ જજે ને જગ્યાએ રથ ફસાઈ જાય, રથનું પૈડું ચસકે નહિ ત્યાં મુકામ કરીને કાયમી વાસ કરજે."

વળતા દિવસના પ્રભાતે પંચાલના માંડવાના ડુંગરની ઉપર જ ગાય સામી મળી ગાયે ખરીથી જમીન ખોતરી તે જગ્યાએ લખધીરજીએ જમીન ખોદવા માંડી. ઊંડું ખોદતાં એક સૂર્યપ્રતિમા મળી. માંડવના ડુંગરામાંથી મળેલા આ સૂર્યપ્રતિમાને સૌએ માંડવરાયના નામથી સંબોધી. લખધીરજીના માતાજી જેમબાઈ પણ સાથે હતા. તેમણે સૂર્ય પ્રતિમાને પોતાના ખોળામાં રાખી. આગળ જતા પંચાલ પ્રદેશના મૂળી ગામ પાસે આવેલ એક નાનકડી નેરડીની વચ્ચોવચ્ચ રથનું પૈડું ફસાયું નાડાં બાંધીને રથને તાણ્યો તો પણ ચસકયો નહિ લખધીરજીને સ્વપ્નામાં આવેલી વાત યાદ આવી. તેણે માંડવરાયની મૂર્તિને પગે લાગીને કહ્યું કે "હે માંડવરાય! તમે આ નેરડી વચ્ચે સ્થાનક બનાવશો તો તમારું સ્થાન અમે શે બંધાવી શકીશું? હે માંડવ ડુંગરના સૂર્યદેવ! નદીને કાંઠે રથ ચડવા દો તો સારી જગ્યા જોઈને તમારી મૂર્તિનું સ્થાપન કરીએ."

આ પ્રમાણે પ્રાર્થના કર્યા પછી લખધીરજીએ રથના પૈડાને હાથ અડાડયો ત્યાં તો રથ રણકી જમીનમાં ચાલ્યો જાય એમ ચાલવા માંડયો! નદીકાંઠાથી થોડે દૂર ગયા પછી રથને ઊભો રાખવામાં આવ્યો સારી જગ્યા જોઈને એક ઓટો બનાવી માંડવરાયની સૂર્યમૂર્તિનું સ્થાપન કર્યું. એ વખતના વઢવાણ શહેરના વાઘેલા રાજાની રજા લઇને લખધીરજીએ પડતર જમીનમાં મૂળી ગામ વસાવ્યું વખત જતા માંડવરાયનું સુંદર મંદિર બંધાવ્યું જૂનું મંદિર જીર્ણ થવાથી તેની જગ્યાએ

સાઠેક વર્ષ પહેલાં હાલનું નવું મંદિર બાંધવામાં આવ્યું. જૂના મંદિરની દ્વારસાખના તથા બીજા અવશેષો માંડવરાયના નવા મંદિરના ચોગાનમાં પડયા છે. માંડવરાયનું નવું મંદિર કંઈક અંશે વડોદરાના સૂર્યમંદિરને મળતું આવે છે, પણ વડોદરાના સૂર્યમંદિર કરતાં થોડું નીચું છે. માંડવરાયની મૂર્તિ પુરાણી જ છે એમ કહેવાય છે. માંડવરાયને ચાંદીના ખોળાવાળા ઉચ્ચૈઃશ્રવા અશ્વ સહિતના રથવાળો શણગાર ચઢાવવામાં આવે છે ત્યારે આરતીસમયે અને ઊગના સૂર્યનાં કિરણ સૂર્યમૂર્તિ ઉપર પડે તે સમયે ઝળાંહળાં થઈ ઊઠે છે.

આશરે ચાલીસેક વર્ષ પહેલાં લખતર દરબાર અને સૂર્યપૂજક કાઠી કોમના રાજાઓ વચ્ચે થાન પાસેના જૂના સૂરજદેવળના ટ્રસ્ટમાં કાંઈ વાંધો પડતાં મૂળીથી પાંચેક માઈલ દૂર હાલનું નવું સૂરજદેવળ બાંધવામાં આવ્યું. વિશાળ, ઊંચી; સહેજ લંબચોરસ જગતિ ઉપર બંધાયેલ નવું સૂરજમંદિર ગુજરાતનાં ત્રણ નવાં સૂર્યમંદિરોમા વધારે આકર્ષક અને ઊંચું છે. મંદિરનો સભામંડપ સાદો છે છતાં વિશાળ છે. ગર્ભગૃહમાં બિરાજતી સૂર્યની અને રન્નાદેની અલગ અલગ પ્રતિમાઓ લક્ષ્મીનારાયણની પ્રતિમા જેવી દેખાય છે. સૂર્ય એ વિષ્ણુનું સ્વરૂપ ગણાતું હોવાથી આ પ્રકારની પ્રતિમા નવા સૂરજદેવળના મંદિરમાં મૂકવામાં આવી હશે. પ્રતિમાની ચારે બાજુનું તેજવર્તુળ તેમ જ પ્રતિમાની આગળ ઉચ્ચૈઃશ્રવા અશ્વ જોવાથી આ સૂર્યપ્રતિમા હશે તેમ સમજી શકાય છે. મંદિરના આગળના ભાગમાં જગતિથી સહેજ નીચે બંને ખૂણા ઉપર બે નાના મંદિર આવેલા છે. આ મંદિરમા રહેવાની સગવડ ઉત્તમ પ્રકારની હોવાથી તેમ જ આજુબાજુનું વાતાવરણ રમણીય હોવાથી ઘણા મુસાફરો અહીં આવીને એકાદબે દિવસ રહે છે.

ખેડા જિલ્લાના ખંભાત શહેરથી બે માઈલ દૂર નગરા નામે ગામ આવેલ છે. આ ગામની જગ્યાએ પહેલાં સ્તંભતીર્થ નગરીનો કોઈ ભાગ હશે એમ ત્યાં મળી આવતા અવશેષો ઉપરથી જણાય છે. ખંભાત તરફને રસ્તેથી આ ગામમા દાખલ થતાં પરબડી પાસેથી ડાબે હાથે થોડે દૂર જતાં પટેલ ફળિયામાં સાત ફીટ લંબાઈ પહોળાઈવાળી અને અગિયાર ફીટ ઊંચાઈવાળી છેલ્લા સૈકામા બનેલ એક નાની દેરી છે. આ દેરીમાં છ ફીટ ઊંચાઈવાળી આરસના પથ્થરમાંથી કોતરી કાઢેલ ઊભેલી સૂર્યમૂર્તિ નજરે પડે છે. આ મૂર્તિની બંને બાજુ આશરે પોણા

ચાર ફીટ ઊંચાઈવાળી બે જુદા જુદા અંગમરોડવાળી સુંજ્ઞાદેવી તથા છાયાદેવીની પ્રતિમાઓ ઊભી છે. બાજુમાં શિવપાર્વતી અને વિષ્ણુની પ્રતિમાઓ પડી છે. ખાસ કરીને નગરા ગામના આ નાનકડા સૂર્યમંદિરની માણસપૂર ઊંચી સૂર્યપ્રતિમાનું શિલ્પ જોવાલાયક છે, કેમ કે બીજી સૂર્યપ્રતિમાઓ કરતાં આ પ્રતિમા વધારે લંબાઈવાળી અને પાતળી દેખાય છે. આ પ્રતિમા જોઈ ઇજિપ્તનું જૂનું શિલ્પ યાદ આવી જાય છે. સૂર્યપત્નીની બંને પ્રતિમાઓની નીચે સંસ્કૃત ભાષામાં શિલાલેખ કોતરાયેલ છે.

સાબરકાંઠા જિલ્લાના શામળાજીના તીર્થથી ભિલોડા તરફ જતી પાકી સડકે છ માઈલ આગળ વધતા એક નાના ડુંગરાના પેટાળમાં બેટાળી નામે ગામ આવેલ છે. માર્ગ ઉપરની હોટેલ પાસેથી ડાબે હાથે આગળ વધતાં બેટાળી ગામના પાદરમાં જ એક વિશાળ જગતિ ઉપર બેટાળી શિવપંચાયતનનું મંદિર ઊભું છે. આ શિવમંદિરના પાછળના ભાગને ડાબે ખૂણે એક નાનું સૂર્યમંદિર શિવપંચાયતન મંદિરના અંગ તરીકે ઊભું છે. આ મંદિર જીર્ણ થઈ ગયું છે. સૂર્યમૂર્તિના બે ટુકડા થઈ ગયા છે છતાં સોળમા સૈકામાં બંધાયેલ એક નાનકડું સૂર્યમંદિર હજી મોજૂદ છે.

મેવાડના પુષ્પાવદલ બ્રાહ્મણોને લાવીને સિદ્ધરાજે હાલના છાપી સ્ટેશન નજીક આવેલા પુષ્પાવદલ (પસ્વાદલ) ગામમાં વસાવ્યા હતા. પુરાણા ગામનું નામ ત્યાં આવીને બ્રાહ્મણો વસ્યા પછી પુષ્પાવદલ રાખવામાં આવ્યું. આ કોમના બ્રાહ્મણો હાલમાં સિદ્ધપુરમાં પુષ્પાવદલની પોળમાં વસે છે. પુરાણા પુષ્પાવદલ ગામના તળાવમાં એક સુંદર સૂર્યમંદિરનો અર્ધ તૂટેલ ભાગ વરસનો મોટો ભાગ પાણીમાં ડૂબેલો રહે છે. જ્યારે તળાવમાં પાણી ઓછું થાય છે ત્યારે લગભગ બારમા સૈકાની પહેલાં બંધાયેલ પુષ્પાવદલ ગામના સૂર્યમંદિરના જંઘાના ભાગ સુધીના અવશેષો દેખાય છે. આ સૂર્યમંદિરમાં પાંચ ફીટ ઊંચાઈની આરસમાંથી બનાવેલી એક સૂર્યમૂર્તિ તથા સાડા ચાર ફીટ ઊંચી કોતરાયેલી બે સૂર્યમૂર્તિઓ મોજુદ છે.

મહેસાણા જિલ્લાના કંબોઈથી હારીજ જતાં નેશનલ હાઈવેની બાજુમાં આવેલા એક ટેકરા ઉપર સૂર્યમંદિરના અવશેષો પડ્યા છે. હાલમાં આ ટેકરા ઉપર વણઝારાઓ રહે છે.

ગદાધરક્ષેત્રમાં શામળાજીના મંદિરની ધર્મશાળાની પાછળ ત્યજી દેવાયેલું એક નાનકડું સૂર્યમંદિર આવેલું છે.

માઉન્ટ આબુમાં 'સનસેટ પોઈન્ટ'ની નીચે અનાદરા ગામથી થોડે દૂર સોલંકી યુગમાં બંધાયેલ એક સૂર્યમંદિરનાં ખંડિયેરો પડ્યાં છે. ત્યાં મોટે ભાગે ભીલોની વસતી છે. અનાદરા ગામ પહેલાં ગુજરાતનો એક ભાગ હોવાથી અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં સંખ્યાબંધ સૂર્યમૂર્તિઓ મળી આવી છે. આમાંની ઘણીખરી કોઈ મંદિરમાં કોઈ જગ્યાએ, મંદિર બહાર પીપળાના થડ પાસે કે બીજી જગ્યાએ પડી છે. કોઈક મંદિરના સભામંડપમાં તો વળી કોઈક તળાવકાંઠાના ઓવારાની બાજુમાં, એમ જ્યાંત્યાં ઘણી સૂર્યમૂર્તિઓ પડી છે. આવી સૂર્યમૂર્તિઓ સૂર્યનાં જુદાં જુદાં સ્વરૂપોવાળી પણ છે. જુદી જુદી જાતના પથ્થરોમાંથી બનાવેલી પણ છે. ક્યાંક બેઠેલી, ક્યાંક ઊભી, ક્યાંક એક અશ્વ ઉપર સવારી કરતી તો વળી ક્યાંક સાત ઘોડાના રથમાં બેઠેલી, ક્યાંક સૂર્યાણી સાથે, ક્યાંક બે ભૂજાઓવાળી તો વળી ક્વચિત્ ચાર ભૂજાઓવાળી જુદા જુદા પ્રકારની જુદી જુદી શ્રેણીની અને જુદી જુદી શૈલીની સૂર્યમૂર્તિઓ ગુજરાતભરમાં જોવા મળે છે. આમાંની ભગ્ન, તજી દેવાયેલી રખડતી મૂર્તિઓનો એક જગ્યાએ સંગ્રહ થાય તો ગુજરાતનું પુરાણું શિલ્પધન ગુજરાતની પ્રજા સહેલાઈથી જોઈ શકે. ગુજરાતમાંની આવી મૂર્તિઓ બતાવી આપે છે કે જૂના સમયમાં ગુજરાતમાં સૂર્યપૂજા ઠીક ઠીક પ્રચલિત હશે. એ જમાનામાં કેટલાં સૂર્યમંદિર હશે? હાલમાં ભલે ગુજરાતમાં સૂર્યપૂજા ઓછી થઈ, પણ સૂર્યધર્મનો અસ્ત થયો નથી.

# અણહિલપુર પાટણ

રાજધાનીના શહેરો બાંધવા માટે જૂના જમાનામાં બે મોટી નદીઓ વચ્ચેના સંગમનો ઊંચો ભાગ, જેની પાછળ માઇલો સુધી જંગલો કે પર્વતો હોય એવો નદીકાંઠાનો ઊંચો ભાગ, ચોમેર પર્વતોથી રક્ષણ મળે એવી જગ્યા, નદી વચ્ચેના બેટની જગ્યા, પર્વતો ઉપરના શિખરો ઉપરની સપાટ જગ્યાઓ વગેરે પ્રકારની જગ્યાઓ પસંદ કરવામાં આવતી. આવી વકી જગ્યાઓ રાજધાની માટે પસંદ ન થતી ત્યારે મોટા દુશ્મનોને ખાળી શકાતા નહિ

ખારાપાટના ખુલ્લા મેદાનની વચ્ચે કચ્છના નાના રણના કાંઠા પર આવેલ પંચાસર, ઉપર કહ્યા મુજબનું સુરક્ષિત શહેર ન હોવાથી ભૂવડની મોટી સેના સામે જયશિખરીને હાર ખાવી પડી પંચાસરના રાજા જયશિખરીને જ્યારે ભૂવડ સામેની પોતાની હાર નિશ્ચિત લાગી ત્યારે તેણે પોતાની ગર્ભવતી રાણીને તેના ભાઈ સુરપાળ જોડે દૂરના જંગલોમાં મોકલી દીધી બીજે દિવસે જયશિખરીની સેનાએ કેસરિયા કર્યા મુઠ્ઠીભર સૈનિકો સાથે ભૂવડની સાગર જેવડી સેના સામે જયશિખરી વીરતાપૂર્વક ઝઝૂમીને યુદ્ધમાં ખપી ગયો! કહેવાય છે કે જયશિખરીનું માથા વગરનું ધડ ભૂવડની સેના સાથે લડયું હતું!

જયશિખરીની ગર્ભવતી રાણી રૂપસુંદરીએ વનમાં એક સુંદર બાળકને જન્મ આપ્યો, જેનું નામ વનરાજ રખાયું મોટો થતા વનરાજ પોતાના મામા સુરપાળ પાસેથી શસ્ત્રવિદ્યા શીખ્યો અને શીલગુણસૂરિ નામના જૈન સાધુ કનેથી આઠ વિદ્યાઓ ભણી પારંગત થયો વનરાજના બાલ્યકાળ દરમિયાન સુરપાળે ભૂવડના સૈન્ય સામે ગુજરાતને મુક્ત કરવા માટે કાયમી બહારવટુ ખેડયા કર્યું વનરાજ ઉંમરલાયક થતા ધીરે ધીરે પોતાના પિતાએ ગુમાવેલ મુલક સર કરવા લાગ્યો અંતે તેણે ભૂવડના સૂબાને હાર આપીને કલ્યાણી ભેગો કરી દીધો અને તેની પાસેથી પુષ્કળ ધન કબજે કર્યું. પોતાના કપરા કાળ દરમિયાન પોતાને મદદ કરનાર શીલગુણસૂરિને, ચાંપા વાણિયાને અને અણહિલ ભરવાડને વનરાજ ભૂલ્યો નહિ

ગુજરાતની રાજધાની માટે પંચાસરને બદલે કોઈ સુરક્ષિત જગ્યા શોધવા વનરાજ પ્રયત્ન કરી રહ્યો હતો. અણહિલ ભરવાડે સરસ્વતી

નદીને ડાબે કાંઠે એક ઊંચી તેમ જ જગ્યાથી સુરક્ષિત જગ્યા તેને બતાવી વનરાજે ગજધાની માટે એ જગ્યા પસંદ કરી અને એ જગ્યા બતાવનાર અણહિલ ભરવાડના નામ ઉપરથી વિક્રમ સંવત ૮૦૨ (ઈ. સ. ૭૪૬)ના વૈશાખ સુદ ત્રીજને દિવસે (અખાત્રીજ) ગોધુલી સમયે નવી રાજધાની અણહિલપુરનો પાયો નાખ્યો. વખત જતા આ શહેર ગુજરાતની રાજધાની બની ગયું ચાવડા વંશ પછી સોલંકી વંશ દરમિયાન આ શહેર ભારતભરના મોટા શહેરોમાનું એક બન્યું. આ શહેરની રોનક વધારવામા ગુજરાતના મહાન રાજા સિદ્ધરાજ જયસિંહે મોટો ભાગ ભજવ્યો હતો. તેણે સરસ્વતી નદીમા આડબંધ બાંધીને નહેરો વાટે એક વિશાળ તળાવમા નદીનુ પાણી વાળ્યુ. આ તળાવમાથી આખા શહેરને ઉપયોગ માટે પાણી મળતુ અને વધારાનું પાણી ખેતી માટે વપરાતુ

આ યોજના એટલી બધી સુવ્યવસ્થિત અને વિશિષ્ટ પ્રકારની હતી કે અદ્યતન ઈજનેરો પણ એ યોજનાના અવશેષો જોઈને વિચારમા પડી જાય છે। બંધમાંથી તળાવમા લઈ જવાનું પાણી બસો બસો વારને અંતરે ગોળાકાર કૂવાઓમાથી પસાર થતુ, જેમા નદીઓમાથી આવતો કાંપ બેસી જતો. પછી મોટાં નાળાંઓ, જેમા સળીયાની ગળણીઓ રખાતી એ નાળાઓ મારફત પાણી મુખ્ય તળાવમા જતુ આ પાકી નહેરોને કાંઠે સિદ્ધરાજે નાના નાના શિવાલયો બંધાવ્યા. અમુક જગ્યાએ નહેરોની વચ્ચે થાભલાઓ ઉપર શિવમંદિરો બંધાવ્યા મુખ્ય તળાવની ચારે બાજુ અને વચમા નાનામોટા શિવાલયો બંધાવ્યા. આખુ તળાવ અને નહેરો પાકા પથ્થરથી બાંધવામા આવ્યા. તળાવની ચોમેર ઉપવનો અને ઉદ્યાનો બનાવવામા આવ્યા

તળાવકાંઠાના શિવમંદિરોની સંખ્યા એક હજારની હોવાથી એ તળાવને 'સહસ્રલિંગ તળાવ' એવુ નામ અપાયું વખત જતા અલાઉદ્દીન ખીલજીએ ગુજરાત ઉપર આક્રમણ કર્યું અને પાટણ શહેરમા વિનાશ વેર્યો. ત્યાર પછી શત્રુઓના અનેક આક્રમણો સહન કરતુ પાટણ શહેર અત્યાર સુધી ઊભુ છે થોડોક સ્થળફેર થયો છે

પચાસ વર્ષ પહેલા ગાયકવાડ સરકારના અમલ દરમિયાન જમીનમાં દટાઈ ગયેલ સહસ્રલિંગ તળાવનો થોડોક ભાગ ખુલ્લો કરવામા આવ્યો, જે જોતા એ તળાવ અંગેનો કંઈક આભાસ થાય છે. આવું

ભવ્ય અને સુંદર તળાવ ભાગ્યે જ બંધાયું હશે સૈકાઓ સુધી ગુજરાતની રાજધાની બની રહેલા પાટણ શહેરમાં સેંકડો મંદિરો, જૈનાલયો અને શ્રેષ્ઠીઓના સપ્તભૂમિ પ્રાસાદો બંધાયા હતા. વનરાજે પોતાને મદદ કરનાર શીલગુણસુરિના કહેવાથી પાટણ શહેરમાં જૂના પંચાસરની યાદમાં પંચાસરા પારસનાથનું ભવ્ય ચૈત્ય બંધાવ્યું હતું. એ દેરાસર જૈન અને જૈનેત્તર પ્રજામાં એટલું બધું પ્રિય હતું કે મુસ્લિમકાળ દરમિયાન એ દેરાસરને બચાવવા કાજે હજારો પટ્ટણીઓએ શૌડી રેડ્યું હતું. પાટણ શહેરની પેઠે જ દેરાસર તૂટ્યું, ફરી બંધાયું, ફરી તૂટ્યું અને વળી પાછું ફરી બંધાયું. આ રીતે જૂના દેરાસરથી પણ વધુ સુંદર દેરાસર હાલમાં બંધાઇને પૂરું થવા આવ્યું છે. આ દેરાસરના એક ભાગમાં વનરાજ ચાવડાની જૂના સમયથી સ્થાપનામાં આવેલી એક પ્રતિમા મૂકવામાં આવી છે. જૂના અણહિલપુર પાટણની જગ્યાએ હાલમાં અનાવાડા ગામ આવેલ છે.

હાલનું પાટણ શહેર જૂના પાટણથી થોડું દૂર વસેલું છે. જૂના પાટણ શહેરના ગઢની દીવાલનો થોડો ભાગ નવા કાળકામંદિર પાસે મોજૂદ છે. એ સિવાય ભારતવર્ષની—અને તેમાંયે ખાસ તો ગુજરાતની વાવોમાંની ઉચ્ચતર કોતરણીવાળી રાણકી વાવનો થોડોક ભાગ મોજૂદ છે. આ વાવના કોઠાનો ભાગ ઇજિપ્શ્ય શિલ્પના ઉત્તમ નમૂના સરખી કોતરણી થી ભરેલો છે. એ કાળના સામાજિક જીવનના કેટલાક દશ્યો એ શિલ્પમાં કંડારાયા છે નવા કાળકામંદિરની બી તોમાં પાટણની ઉચ્ચતર કોતરણી બતાવતી કેટલીક જૂની મૂર્તિઓ હયાત છે. આ મંદિરની સામેના ભાગમાં તૂટી ગયેલા પાટણ શહેરના જૂના અવશેષોમાંથી બાંધવામાં આવેલ એક કુંડમાં સોલંકીયુગની કોતરણીના કેટલાક નમૂનાઓ જોવા મળે છે. નવા કિલ્લાને તોડતા શિલ્પના કેટલાક જૂના નમૂનાઓ મળી આવ્યા છે. એ ઉપરાંત આખા પાટણ શહેરમાં જૂના મકાનો, મંદિરોની બાંધણીના અવશેષોમાંથી લાવવામાં આવેલા પથ્થરો જ્યાંત્યાં ગોઠવવામાં આવ્યા જ છે. એમાં પણ શિલ્પના ઉત્તમ નમૂનાઓ નજરે પડે છે.

મુસ્લિમકાળ દરમિયાન ગુજરાતના સુંદર શહેરોનો વિનાશ થયો. વિનાશ પછી પાછા એ જ જગ્યાએ નવા શહેરો વસ્યાં. આવા જૂનાં શહેરોનાં હાડકાંપાંસળાં ઉપર વસેલા નવા શહેરોમાં શિલ્પના ઉત્તમ નમૂના સરખા કેટલાક અવશેષો અત્યારે પણ ક્યાંક ક્યાંક છૂટાછવાયા નજરે પડે છે. એ તરફ સરકારનું બહુ ધ્યાન હોય એમ નથી લાગતું આપણું પુરાતત્ત્વખાતું પણ આ બાબતમાં પ્રમાદી છે.

બ્રિટિશ અમલ દરમિયાન શિલ્પના કેટલાયે નમૂનાઓ પરદેશ મોકલાયેલા, જે અત્યારે પરદેશી સંગ્રહસ્થાનોની શોભા વધારી રહ્યા છે. આપણી સંસ્કૃતિના બચી ગયેલા અવશેષોને આપણી સરકારે યોગ્ય જગ્યાએ સંઘરવા જોઇએ. એમ નહિ થાય તો સંભવ છે કે એમાંના કેટલાક નમૂનાઓ શિલ્પના અમીચંદો મારફત પરદેશ તરફ પગ કરી જાય.

નવા અણહિલપુર પાટણ શહેરથી થોડેક દૂર જૂના શહેરના ગઢના અવશેષો સમીપે કાળકામાતાનું નવું મંદિર આવેલું છે. ત્યાંથી આગળ જતાં રાણકી વાવ આવે છે, જેનું પાણી ઉંટાટીયું મટાડવા માટે ઉપયોગમાં લેવાય છે. ઉંટાટીયું મટે કે ન મટે પણ એ નિમિત્તે શિલ્પના ઉત્તમ નમૂનારૂપ રાણકી વાવની કારીગરી લોકો જુએ છે. એ વાવથી આગળ જતાં, રેલ્વેના ફાટકની સામી બાજુએ જમણે હાથે થોડે દૂર જતાં, જસમા ઓડણની જૂની અને નવી દેરીઓ આવેલી છે. સહસ્રલિંગ તળાવ બાંધવા માટે રોકવામાં આવેલા ઓડ લોકોમાંની એક રૂપાળી ઓડણ ઉપર સિદ્ધરાજે ખરાબ નજર કરી. એ બાઈ, જેનુ નામ જસમા ઓડણ હતું તે સતી થઈ ગઈ. કહેવાય છે કે સિદ્ધરાજે જસમાના પતિનો વધ કરાવ્યા પછી તે સતી થઇ પણ દંતકથા વિશે ઐતિહાસિક પ્રમાણો મળતાં નથી. ગુજરાતના શ્રેષ્ઠ રાજાઓમાં સિદ્ધરાજ મોખરે ગણાય છે. જો તેને માથે પરસ્ત્રીગમનનું કલંક ન લાગ્યું હોત તો તે ભારતભરના શ્રેષ્ઠ રાજાઓમાં મોખરે ગણાત.

જસમા ઓડણની દેરીથી આગળ જતાં સહસ્રલિંગ તળાવનો થોડો ભાગ જોઈ શકાય છે. તળાવને કાંઠે શિલ્પના જૂના અવશેષો ગોઠવવામાં આવ્યા છે, જે સોલંકીયુગના ઉત્તમ નમૂના સરખા છે. હાલમાં અનાવાડા ગામ પાસે સરસ્વતી નદીના પટમા જૂના પાટણના થોડાક અવશેષો પડયા છે. એ સિવાય મુસ્લિમકાળ દરમિયાન બંધાયેલી બે મસ્જિદો અને જૂના સહસ્રલિંગ તળાવ વચ્ચેના અવશેષો ઉપર બંધાયેલો મુસ્લિમ સ્થાપત્યનો એક તૂટેલો નમૂનો 'રાણીનો મહેલ' એ નામે જીર્ણાવસ્થામાં ઊભો છે.

ઉપરાંત અત્યારના પાટણ શહેરથી લગભગ એક માઈલ દૂર સ્મશાનની પાસે આવેલા હરિહર મંદિરમાંની સૂર્યમૂર્તિનું શિલ્પ પણ જોવાલાયક છે.

## " શ્રીસ્થળ " (સિદ્ધપુર)

વેદકાળ દરમિયાન સપ્તસિંધુના પ્રદેશમાં વહેતી સરસ્વતી નદી ક્યારે ગુમ થઈ, કેમ ગુમ થઈ તે વિશે અનુમાન કરવાનું જ રહે છે. હજારો વર્ષ પહેલાં મારવાડના રણુ અને કચ્છના રણુની જગ્યાએ સમુદ્ર હતો. તે વખતે આર્યાવર્તના સપ્તસિંધુ પ્રદેશની નદીઓ આ સમુદ્રને મળતી. વખત જતાં ધરતીના પેટાળનાં કોઈક ઉલ્કાપાતે આ સમુદ્રનું તળીયું ઊંચે લાવી દીધું. સમુદ્રનાં પાણી ખસી ગયાં. અને તે જગ્યાએ રેતીનાં રણુ થઈ ગયાં. આર્યાવર્તની અને ગાંધારની સાત સાત નદીઓનાં જળનિધિને સમાવીને વહેતી સિંધુ નદી આ રણુ વીંધીને અરબી સમુદ્રને જઈ મળી. પણુ તેની બાજુમાં વહેતી થોડા જળવાળી બહેન સરસ્વતી મારવાડના રણુમા થોડેક સુધી આગળ વધી સુકાઈ ગઈ. ફક્ત ચોમાસાના પૂર વખતે આ નદીનાં જળ કોઈક સ્થળે અરબી સમુદ્રને મળતાં. વખત જતાં રણુનો વિસ્તાર અને ગરમી વધવાથી વરસાદનાં જળ પણુ સમુદ્ર સુધી પહોંચતાં બંધ થયાં. સપ્તસિંધુની સરસ્વતી નદી સુકાવાથી કે ખોવાઈ જવાથી સરસ્વતીને યાદ કરતી આર્ય પ્રજાએ નાની નાની નદીઓને પાંચ ઠેકાણે સરસ્વતીનાં નામ આપ્યાં. પહેલી મારવાડની સુકી સરસ્વતી. બીજી અલ્હાબાદ પાસે અકબરે બાંધેલ કિલ્લા નીચેથી ગંગાજમનાના સંગમસ્થળે ગુપ્ત રીતે વહીને મળતી સરસ્વતી. ત્રીજી શિવાલીકના ડુંગરામાંથી કુરુક્ષેત્ર તરફ વહેતી સરસ્વતી ચોથી ગુજરાતમાં આરાસુરના ડુંગરાના કોટેશ્વર મહાદેવના ડુંગર વિભાગમાંથી નીકળીને કચ્છના રણુને મળતી સરસ્વતી. અને પાંચમી ગીરનાં જંગલમાંથી નીકળીને સોમનાથ પાટણથી ચાર માઈલ પૂર્વ તરફ પ્રાચીતીર્થ પાસે અરબી સમુદ્રને મળતી સરસ્વતી. આ પાંચે ય સરસ્વતી નદીઓને હિન્દુઓ પવિત્ર માને છે અને તેના કાંઠા ઉપર જુદાં જુદાં તીર્થસ્થળો આવેલાં છે.

ગુજરાતના આરાસુરના ડુંગરમાંથી નીકળીને આગળ વધતી સરસ્વતી નદીના કિનારાના એક ટેકરા ઉપર ઘણા જૂના સમયથી એક તીર્થસ્થળ આવેલ છે. કહેવાય છે કે ભગવાન કપિલે પોતાની માતા દેવહુતિને બ્રહ્મજ્ઞાન આપ્યા પછી દેવહુતિ જળરૂપ બની ગયાં. એ પ્રસંગ જે સ્થળે બન્યો તે સ્થળને અતિપવિત્ર માનીને ત્યાં એક કુંડ બનાવવામાં આવ્યો,

જેને હાલ બિન્દુ સરોવર કહેવામા આવે છે. જે વાવમા દેવહુતિ બ્રહ્મજ્ઞાન મેળવતા પહેલા નાહ્યા હતા તેને જ્ઞાનવાપી કહેવામાં આવે છે. આ જગ્યાનું મહાત્મ્ય વધારતી બીજી લોકોક્તિ છે કે ભગવાન પરશુરામે પિતાનું વેણુ પાળવા માતાનો વધ કર્યો અને માતૃવધના પાપના પ્રાયશ્ચિત-રૂપે બિન્દુ સરોવરમા નાહીને, તેને કાંઠે માતૃશ્રાદ્ધ કરીને પાપમુક્ત થયા આવા આ સ્થળના મહાત્મ્યને લઈને હિન્દુસ્તાનભરમાથી હજારો હિન્દુઓ માતૃશ્રાદ્ધ માટે સિદ્ધપુર આવે છે ભગવાન પરશુરામની પાપમુક્તિ પછી એવી માન્યતા પેદા થઈ છે કે માતાને, માતૃપક્ષનાને કે માતૃપક્ષના માનેલ કોઇને ય અન્યાય કર્યો હોય તો તેનું પ્રાયશ્ચિત આ સ્થળે થાય છે અને પાપમુક્તિ મેળવાય છે

હાલના સિદ્ધપુર શહેરની જગ્યાએ બિન્દુ સરોવરના તીર્થવાળા ટેકરા ઉપર અગીયારસો એક વર્ષ પહેલા ગુજરાતના પહેલા સોલંકી રાજાએ શ્રીસ્થળ નામનું શહેર વસાવ્યું. પચાસરથી દીવ સુધીના મુલક ઉપર રાજ્ય કરનાર ચાવડા વંશના છેલ્લા રાજા સામંતસિંહને મારીને તેનો ભાણેજ મૂળરાજ અણહિલપુર પાટણની ગાદીએ બેઠો. મામાને મારનાર મૂળરાજે આ ઘોર કર્મના પાપના પ્રાયશ્ચિત્તરૂપે પાછની અવસ્થામા માતૃશ્રાદ્ધ માટે પવિત્ર મનાયેલ શ્રીસ્થળમા રહેવાનું રાખ્યું. તેના રહેણાક દરમિયાન સરસ્વતી નદી ઉપર ઘાટો બંધાવ્યા અને ન કલ્પી શકાય તેવા ભવ્ય શિવાલયના પાયા નાખ્યા, જે શિવાલય તેની ચોથી પેઢી પછી સિદ્ધરાજે પૂરું કર્યું.

મૂળરાજે શ્રીસ્થળતીર્થમા ધર્મજ્ઞાન તથા વિદ્યાજ્ઞાન આપવા માટે ઉત્તર હિન્દુસ્તાનમાથી હજારો બ્રાહ્મણોને બોલાવ્યા. ઉત્તરમાથી આવનાર બ્રાહ્મણો ઔદિચ્ય કહેવાયા આ બ્રાહ્મણોએ જ સિદ્ધરાજે પૂરા કરેલ રૂદ્રમહાલયના મંદિરની પ્રતિષ્ઠા વખતે શ્રીસ્થળનું નામ બદલીને સિદ્ધપુર રાખ્યું. યાત્રા કરવા માટે કોઈ યાત્રિક દેશાટન કરવાને બહાને જાય છે, કોઈ કરેલા પાપની મુક્તિ અર્થે જાય છે, કોઈક આવતા ભવના સુખ માટે કે સ્વર્ગારોહણ માટે જાય છે તો વળી કોઈ સેવાભાવી યાત્રિકોથી ઊભરાતા એ તીર્થમા આવતા યાત્રિકોને મદદ કરવા માટે જાય છે.

માતૃશ્રાદ્ધ નિમિત્તે ચૈત્ર માસમાં અમદાવાદથી જતી સિદ્ધપુર તરફની ટ્રેઈનમાં હું બેસી ગયો. સાંજના સાડા સાત વાગે આ ગાડીએ કહ્યું કે

"કીતર ભાઈ! સિદ્ધપુર આવ્યું" સ્ટેશનમાં જ કુળગોર મળી ગયા. કુળગોરને ત્યાં રાત વીતાવીને સવારમાં માતૃશ્રાદ્ધ માટે અમે બન્ને ચાલી નીકળ્યા. ગામ વચ્ચેથી પસાર થતાં એકસરખી બાંધણીનાં ભવ્ય મકાનો જોઈને મેં તીર્થગોરને પૂછ્યું કે "આ મકાનો કોનાં છે?" તીર્થગોરે કહ્યું કે, "મહમદ બેગડાએ વટલાવેલ અમારા જ ભાઈઓનાં આ મકાનો છે. લએને બ્રાહ્મણમાંથી વહોરા બન્યા, પણ દેશપરદેશથી પૈસો લાવીને ગામને શોભાવે છે" રેલ્વેનું ફાટક વટાવીને બેએક ફર્લાંગ આગળ વધ્યા પછી અમે બિન્દુ સરોવર તીર્થના દરવાજે પહોંચ્યા. મેં ધાર્યું કે ભગવાન પરશુરામને શાપમુક્ત કરનારી અને સોલંકીરાજ મૂળરાજને મામાના વધનું પ્રાયશ્ચિત્ત કરાવનારી જગ્યા સુંદર હશે, ભવ્ય હશે, કુદરતી સૌંદર્યથી ભરપૂર હશે, પણ તીર્થના પથ્થરમઢ્યા ચોકની બહાર અમારા ઉપાનહ ઉતારીને આગળ વધતાં રસ્તાની જમણી બાજુ જીર્ણ હાલતમાં ઊભેલાં ત્રણ શિવમંદિરોમાં પૂજારીઓને મહાદેવની સાથે રહેતા જોયા. આગળ વધતાં માંડ ચાલીસ ફીટ પહોળો અને તેટલો જ લાંબો કુંડ જોયો. આ કુંડને કાંઠે નાનકડું કપિલ મુનિનું મંદિર જોયું. આ નાનકડા કુંડનો કાંઠો યાત્રાળુઓ તથા પંડયાઓના અવાજથી ગાજતો જોયો અને આ તીર્થની ભવ્યતાનાં, કુદરતી સૌંદર્યનાં અને સુંદરતાનાં મારાં શમણાં મનનાં ને મનમાં જ શમી ગયાં. આ કુંડની બાજુમાં માતા દેવહુતિએ બ્રહ્મજ્ઞાન મેળવતા પહેલાં સ્નાન કર્યું તે જ્ઞાનવાપી જોઈ. આ નાનકડી વાવનું પાણી ગંધાતું છે. માતૃશ્રાદ્ધ કરતાં પહેલાં ઘણા ય યાત્રિકો આ વાવમાં નહાય છે. પંડયાએ વાવમાંથી થોડું પાણી લઈને મારે માથે નાખ્યું. અહીંથી આગળ વધતાં બિન્દુ સરોવર છોડયા પછી જમણે હાથે વળતાં અલ્પા સરોવર જોયું. અલ્પા સરોવર અને બિન્દુ સરોવરને એક નાળા મારફત જોડવામાં આવેલ છે. શ્રાદ્ધક્રિયા પતાવીને અમે વળી પાછા શહેર વીંધીને સરસ્વતીકાંઠે મધુપાવડીને આરે આવ્યા. આ આરા ઉપર સૌરાષ્ટ્રમાં ચોથ અને સરદેશમુખી ઉઘરાવનાર ગાયકવાડના સેનાપતિ બાબાજી અપ્પાજીએ ૧૮૬૨માં બંધાવેલ શિવમંદિર જોયું. નદીમાં સ્નાન કરતાં મારા તીર્થગોરે કહ્યું: "આ નદી નદીઓના પતિરૂપ ગણાતા સમુદ્રને મળતી નથી એટલે 'કુંવારિકા' કહેવાય છે. તેથી બીજી નદીઓમાં નહાવાથી મળતા પુણ્ય કરતાં અહીં નહાવાથી વધારે પુણ્ય મળે છે." સ્નાનવિધિ પતાવીને સામે કાંઠે આવેલ અહલ્યાબાઈએ બંધાવેલ બાબા સંન્યાસીઓનો મઠ જોયો. ત્યાર પછી બ્રહ્માંડેશ્વર મહા-

દેવનાં દર્શન કરીને અમે મધુપાવડીને આરે પાછા ફર્યા. નદીકાંઠાના ઘાટો ઉપર આગળ વધતાં જ્યાં ત્યા રખડતી અથવા તો દીવાલોમાં કે નાની દેરીઓમાં જેમતેમ બેસાડેલ શિવ, વિષ્ણુ, બ્રહ્મા, મહિષાસુર-મર્દનની તથા નર્તિકાઓની મૂર્તિઓ જોઈ. આગળ વધતા હિન્દુસ્તાનનાં મંદિરોના નાકરૂપ રૂદ્રમહાલયના અવશેષો જોયા. અવશેષો જોવાથી જૂના રૂદ્રમહાલયનું સ્વપ્નું યે આવતુ નથી તો પછી કલ્પના કયાંથી થઇ શકે?

આ શહેરમાં ખરેખર પુરાણા અવશેષરૂપ રૂદ્રમહાલયના અવશેષો સિવાય કોઈ જોનાલાયક સ્થળ નથી. ફક્ત સ્થાનની મહત્તા છે.

## ૧૯

# રુદ્રમહલ

"To the Great Rudra
eleven shrines were erected,
Covred with gold like
the mountains of Meru,
Columns Sixteen hundred
were raised to adorn them,
Carved screens and pierced
lattices veiled them from without,
Inlaid with gems were the
doors of the Shrine Chambers,
With rubies and diamonds
they glistened like lamp flames,
And the 'Shining Ones' also
were festooned with pearls"

"Burjes"

"ખમ્મા અન્નદાતાને ! બેઅદબી માફ કરજો મહારાજ ! છેલ્લા અઠવાડિયાથી તમે દરરોજ છેલ્લે પહોરે ઝબકીને જાગી ઊઠો છો."

"તારી વાત સાચી છે, જોબનજી ! છેલ્લા આઠ દિવસથી ઊડતી નિંદરે મામા નજર સામે આવીને ઊભા રહે છે અને કહે છે કે 'ભાણા ! હું તો નશામાં હતો પણ તેં કયા ભાગ પીધી હતી ? [illegible] શેના મારું ખુન કર્યું ? [illegible] શેના માતૃગોત્ર નષ્ટ કર્યું ? હું દારૂ પીને ઘણી વાર તને ગાદીએ બેસાડતો અને ઊઠાડતો. નશામાં કરેલ અપમાન તારે હૈયે નહોતું ધરવું. ગઈ ગુજરી ભૂલી જા, ભાણાભાઈ ! તારે હાથે મરીને હું અવગતિયો થયો છું. મારી સદ્‌ગતિ કરવી કે ન કરવી એ તારા હાથની વાત છે. જો મારી વાત હૈયે વસે તો શ્રીસ્થળ (સિદ્ધપુર)માં રહેવાક કરીને એક વરસ સુધી દરરોજ સરસ્વતીને તીરે શ્રાદ્ધ કરજે, નહીંતર મારો અવગતિયો જીવ ભૂતયોનિમાં ભમ્યા કરશે.' ભાઈ જોબનજી !

ભલે મામાએ મારું અપમાન કર્યું, ભલે મને ભર સભામાં કાઢીને ઠરી મૂકયો, પણ મામાના જીવને અવગતિએ તો ન જ રાખવા દેવાય. અત્યારે ને અત્યારે સોમ જોષીને બોલાવી આવ!"

થોડી વારમાં સોમ જોષી આવી ગયા. શુભ દિવસ જોઈ ને શ્રીસ્થળમાં મામાનું શ્રાદ્ધ કરવાનું અને એક વરસ સુધી રહેવાનું નક્કી કર્યું.

લોકોક્તિ છે કે ગુજરાતના ચાવડા વંશનો છેલ્લો રાજા સામંતસિંહ દારૂડિયો હતો. સામંતસિંહ વાંઝીયો હોવાથી તેના ભાણેજ મૂળરાજદેવ સોલંકીને પોતાનો વારસદાર બનાવ્યો હતો. ઘણી વાર નશામાં પોતાનો રાજમુગટ ઉતારીને ભાણેજને માથે મૂકતો અને રાજગાદીએ બેસાડતો. થોડી વાર પછી તેને ગાદીએથી ઉતારી મૂકતો. આવા વારંવાર થતાં અપમાનથી રોષે ભરાઇને મૂળરાજદેવે પોતાના મામા સામંતસિંહનું ખૂન કર્યું અને પોતે ગાદીએ બેઠો. મૂળરાજદેવ બહુ જ ડાહ્યો અને દીર્ઘદૃષ્ટિવાળો હોવાથી મજબૂત લશ્કર તૈયાર કરીને આખા ગુજરાતના રાજાઓને પોતાના ખંડિયા બનાવીને તેણે એકચક્રી રાજ્ય સ્થાપ્યું. ઠરીઠામ થયા પછી મૂળરાજને મામાના ઘાતની વાત સાલવા લાગી. અને ધીરે ધીરે પોતાના પુત્ર ચામુંડદેવને રાજ્યવહીવટનું કામ સોંપીને નિવૃત્તિને માર્ગે વળ્યો. આ વખતમાં તેને સ્વપ્નામાં આવીને સામંતસિંહ કહેતો કે 'મારું શ્રાદ્ધ કર અને મને અવગતેથી છોડાવ.' મામાની અવગતિના નિવારણાર્થે શ્રીસ્થળ રહેતા મૂળરાજને રોજ સરસ્વતીકાંઠે જવું પડતું.

એક નમતે પહોરે સરસ્વતીના તીરની ભેખડ ઉપર બેઠાં બેઠાં મૂળરાજને વિચાર આવ્યો કે હું તો મહેલમાં રહું છું, પણ મારા આરાધ્ય રુદ્ર નાની દેરીને બદલે ભવ્ય દેવાલયમાં શા માટે ન બિરાજે! આ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા માટે તેણે શિલ્પશાસ્ત્રીઓને બોલાવ્યા અને ભવ્ય દેવાલયના નકશા દોરાવ્યા. શુભ મુહૂર્તે સરસ્વતીતીરે શિવાલયના પાયા નંખાવ્યા. મૂળરાજે દોરાવેલ શિવાલયના નકશાની કલ્પના એટલી બધી વિશાળ હતી કે ભલભલા શિલ્પીઓ પણ કલ્પના પૂરી થશે કે કેમ તેની વિમાસણમાં પડયા.

ત્રણ માળના સભામંડપવાળો અને સભામંડપમાં દાખલ થવાની ત્રણ બાજુની ભવ્ય શણગાર ચોકીઓવાળો સભામંડપ અને તેની બાજુનો અંતરાલ તથા નિજમંદિરની ઉપર સાત મજલાનો ભવ્ય શિખરભાગ

કેવી રીતે ચણી શકાય ? અને ચણાય તો ભગવાન કાલમુખની સામે કેવી રીતે ઊભો રહેશે એ વિચારણીય બાબત હતી. શિલ્પશાસ્ત્રીઓની દલીલો છતાં મૂળરાજે રુદ્ર મહાલયની કલ્પનાસૃષ્ટિ ખડી કરવાના હુકમો છોડી દીધા.

દૂર દૂરથી પાકા રેતીઆ પથ્થરની બસો બસો મણની શિલાઓ આઠ જોડિયા બળદી રેંકડા ઉપર આવવા માંડી. મામાના ખાંડની હિંયાનું એક વર્ષ પૂરું કર્યા પછી મૂળરાજદેવ મોટે ભાગે શ્રીસ્થળ જ રહેવા લાગ્યો.

ધીરે ધીરે નિજ મંદિર બંધાઈ ગયું રુદ્રની મૂર્તિનું સ્થાપન થઈ ગયું. અને પછી ભવ્ય સભામંડપના ગજતાઓ બંધાવા માંડ્યા. શિખરભાગનું કામ પણ શરૂ થયું આ વિશાળ રુદ્રમહાલયની આજુબાજુ રુદ્રના અગિયાર અવતારના અગિયાર મંદિરો ચણાવા લાગ્યા. આ કામ ધમધોકાર ચાલતું હતું તે દરમિયાન મૂળરાજ પોતાની કલ્પનાની સૃષ્ટિને સાકાર થતી અપૂર્ણ મૂકીને સ્વર્ગે સિધાવ્યો.

મૂળરાજ પછીની તેની ચાર પેઢી સુધી કોઈ આ ભવ્ય સૃષ્ટિને આગળ વધારી શક્યું નહી. પાંચમી પેઢીએ એક વિરલો જાગ્યો. ત્રણ વરસની ઉંમરે એ ગાદીએ આવ્યો. આ બાળગાળા વતી તેની માએ બાર વર્ષ સુધી રાજકારભાર ચલાવ્યો તે દરમિયાન તેણે ધોળકા અને વીરમગામમાં મલાવ તથા મુનસર તળાવો બંધાવ્યાં. ઘણા ય જીર્ણ દેવાલયો સમરાવ્યાં. સોળ વરસની ઉંમરનો થતાંમાં તો મિનળદેવીના બધા જ સદ્‌ગુણોની પ્રતિકૃતિ જેવો સિદ્ધરાજ કુશળતાપૂર્વક રાજવહીવટ ચલાવવા માંડયો. તેની આગળની બેત્રણ પેઢીઓ દરમિયાન ઢીલો પડી ગયેલો ગુજરાતનો નાદ આખા ભારતવર્ષમાં ગાજવા માંડયો માળવ દેશ જીત્યા પછી મહાકાળેશ્વર અને સરસ્વતીકંઠાભરણ પાઠશાળા જેવા ઉજ્જૈન અને ધારાનગરીનાં શિલ્પના ઉત્તમ બાંધકામોથીયે ચઢિયાતી શિલ્પકૃતિઓ ગુજરાતને ચરણે ધરવાનું સિદ્ધરાજે નક્કી કર્યું.

ગુજરાતમાં આવ્યા પછી તુરત જ રુદ્રમહાલયનું અધૂરું રહી ગયેલું કામ સિદ્ધરાજે પૂરું કર્યું. ચૌદ વર્ષની સતત મહેનત પછી અને શિલ્પીઓનાં સાડત્રીસ મણ વજન જેટલાં ટાંકણાં ઘસાઈ ગયા પછી ભવ્ય રુદ્રમહાલય ખડો થયો. કહેવાય કે આવું શિવાલય ભારતવર્ષમાં ભાગ્યે જ બંધાયું હશે સિદ્ધપુરમાં બંધાયેલા આગકોરવાટ અને આગ કોરથામના મંદિરથી ય રુદ્રમહાલય ભવ્ય હતો. આ મહાલયમાં દર્શનાર્થીઓની કાયમ એટલી બધી ભીડ રહેતી હતી કે જવાઆવવા માટે

બંધાયેલી ત્રણ ત્રણ ચોકીઓ પણ સાંકડી પડતી હતી! ત્રણ માળના ભવ્ય સભામંડપમાં ઘૂમટની નીચલી કોરે અને દરેક માળના અંદરને કઠેરે 'રામાયણ' અને 'મહાભારત'નાં અનેરાં શિલ્પો કોતરવામાં આવ્યાં હતાં. આખોય સભામંડપ અંદરથી અને બહારથી ઇંચે ઇંચ શિલ્પીઓનાં ટાંકણાંએ કોતરણીથી ભરપૂર બનાવ્યો હતો. આ શિલ્પની ખાસ વિશિષ્ટતા એ હતી કે લાંબાં દશ્યો જોવાથી પણ જોનારને થાક લાગતો નહોતો. અને આ જીવંત દશ્યો આંખમાં સમાવીને જોનાર સાથે લઈ જતો. નિજમંદિરની ઉપરનો પ્રદક્ષિણાપથની બહારનો શિખરભાગ ઉપરથી નીચે સુધી કોતરણીથી ભરપૂર બનાવવામાં આવ્યો હતો. આ શિખરભાગ આભની સાથે વાતો કરે એટલો ઊંચો હતો. કહેવાય છે કે શિખરભાગને પાંચમે મજલેથી અણહીલપુર પાટણને ઓવારે સરસ્વતીમાં પાણી ભરતી પાણિહારીઓનાં જળાંહળાં થતાં બેડાં દેખાતાં! આ ભવ્ય મહાલયના મુખ્ય દ્વાર પાસે તથા બન્ને બાજુએ સમદિશાએ ત્રણ તોરણો બાંધવામાં આવ્યાં હતાં. રુદ્રનાં અગિયાર મંદિરોનું બાંધકામ પૂરું થયા પછી અને સિદ્ધરાજના મંત્રીઓએ બંધાવેલ બીજાં મંદિરો પૂર્ણ થયાં ત્યારે નાના ટેકરાઓ વચ્ચેના પહાડની પેઠે રુદ્ર-મહાલય ઓપતો હતો.

ત્રણસો ફીટની લંબાઈ અને બસો ત્રીસ ફીટની પહોળાઈના વિસ્તારમાં આ મહાલય બીજા મંદિર સમેત ખડું કરવામાં આવ્યું હતું. એકલા રુદ્રમહાલયની જ લંબાઈ ૧૪૦ ફીટ અને પહોળાઇ ૭૫ ફીટ તથા ઊંચાઈ એકસો પાંત્રીસ ફીટ હતી! સિદ્ધરાજના સમય પહેલાં બંધાયેલાં સુણાંક, સાંડેર, કેનોડા, દેલમાલ, કસારી, ઘૂમલી, મોઢેરા, વિમલવસહી તથા કેલાદ્ર અને સોમનાથનાં મંદિરો કરતાં આ મંદિર ઘણું જ ભવ્ય અને કલામય હતું આ મંદિરમા વપરાયેલી ચૌદ ચૌદ ફીટ લંબાઈની સળંગ પાટો ઉપરનું કોતરકામ અવર્ણનીય હતું. આવી પાટોમાં હાથીઓની સાઠમારી, અશ્વયુદ્ધ, મલ્લયુદ્ધ, પાયસેનાયુદ્ધ અને પાલખીઓ, મ્યાનાઓ, નૃત્યના અંગભંગના પ્રયોગો, શિકારીઓનાં દશ્યો અને મનુષ્યના નિત્યકર્મનાં દશ્યો જોતાં યાત્રિક થાકતો જ નહીં.

રુદ્રમહાલયના આંગણામાં બધાયેલાં ચાળીસ ફીટ ઊંચાઇના ત્રણ તોરણો (કીર્તિસ્તંભ), જે ગુજરાતના શિલ્પનાં આગવાં અંગો છે, તેનો દેખાવ નયનરમ્ય હતો. રુદ્રમહાલયથી સરસ્વતીમા જવા માટે ઘાટોની સળંગ હારમાળા બાંધવામાં આવી હતી.

આવું ભવ્ય મંદિર ઊભું કરીને સિદ્ધરાજ ગયો. પછી વાઘેલા વંશમાં ધીરે ધીરે ગુજરાતની સીમા સંકોચાવા માંડી અને ગુજરાતની કોઈ કમભાગી પળે મહમદ ગઝનીના ગયા પછી અલાઉદ્દીન ખૂનીના લશ્કરનાં ધાડાં ઊતરી આવ્યાં. ગુજરાતના શૂરવીરોએ સોઢીના ઉસ્સા ટીંપા સુધી સામનો કર્યો. સંખ્યામાં અને હથિયારોમાં ચઢિયાતા દુશ્મનો સામે એક મણની તલવાર ફેરવનાર શસ્ર કરણ વાઘેલો હારી ગયો. ગુજરાતની શાન અને લક્ષ્મી પરદેશીઓને શરણે ગયાં. મા ગુર્જરીની શાનરૂપ ભવ્ય મંદિરોનો ધર્મઝનૂની મુસ્લિમ ધાડાંઓએ ભયંકર નાશ નોતર્યો. અલ્લાઉદ્દીનના સરદાર ઉલ્લુઘખાને રુદ્રમહાલયના શિવાલયને જમીનદોસ્ત કર્યું. તેની બાજુમાં આવેલ એક ભવ્ય જૈનાલય અને બ્રહ્મામહેશનાં મંદિરોને મસ્જિદરૂપે ફેરવી નાખ્યાં, જેમાંનો એક ભાગ એની એ જ સ્થિતિમાં હાલ મોજુદ છે. ત્રણ સળંગ સભામંડપોનો મસ્જિદ તરીકે ઉપયોગ થાય છે, અને બાજુનું આખું યે શિવમંદિર એની એ જ સ્થિતિમાં મસ્જિદ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. આ ફેરફાર જોઇને ધર્મપ્રેમી યાત્રિકો દુઃખની લાગણી અનુભવે છે. કોણ જાણે ક્યારે આવા ફેરફારો યથાવત્ કરવામાં આવશે!

હાલમાં રુદ્રમહાલયના કેટલાક અવશેષો તોડનારાઓની બેદરકારીને લઇને રહી ગયા છે તે ઊભા છે. આ અવશેષો ઉપરથી રુદ્રમહાલયની ભવ્યતાનો ખયાલ આવી શકે એમ નથી. પણ બચેલ ભાગ ઉપરનું શિલ્પ એ જમાનાના શિલ્પનાં સાક્ષાત્ દર્શન કરાવે છે.

કર્નલ ટૉડ તથા બીજા ઇતિહાસકારોના કહેવા પ્રમાણે તથા શક્ય પુરાવાને આધારે જાણી શકાયું છે કે આશરે ઇ. સ. ૯૮૩ માં રુદ્રમહાલયનું બાંધકામ શરૂ થયું. ચૌદ વરસમાં એ બાંધકામ પૂરું થયું નહીં. અને એ અધૂરું રહેલું કામ સિદ્ધરાજે વિક્રમ સંવત ૧૨૦૨ ના મહા મહિનાની અંધારી ચોથને દિવસે પૂરું કર્યું. કર્નલ ટૉડને આ બાબતના બે લેખો મળ્યા હતા. વિક્રમ સંવત ૧૦૪૩ માં રુદ્રમહાલયના દેવને પૂજીને મૂળરાજે દાન આપ્યાનો એક તામ્રપત્ર મળ્યો છે. મૂળરાજ પછી પોણા બસો વર્ષ સુધી અધૂરું રહેલું મંદિરનું કામ સિદ્ધરાજે મહાશ્રમે પૂરું કર્યું. છતાં પણ અવશેષોના અભ્યાસ ઉપરથી મૂળરાજદેવની કલ્પનાનો શિલ્પમય રુદ્રમહાલય પૂરો થયો હશે કે નહીં એ શંકાસ્પદ છે.

બચી ગયેલ ભાગ ઉપરથી તલદર્શનનો ખયાલ મેં દોર્યો છે.

# ખેડબ્રહ્મા ( ભૃગુઆશ્રમ )

**ઈડર** ( ઇડર ) પ્રદેશમા પાચ રત્નો જેવા તીર્થો આવેલા છે તેમાનુ પહેલુ ખેડબ્રહ્મા ગામ પાસેનો ભૃગુઆશ્રમ. બીજુ ખેડબ્રહ્મા ગામની મધ્યે આવેલુ બ્રહ્માજીનુ મદિર ત્રીજુ ગદાધર તીર્થ અથવા શામળાજી. ચોથુ ઇડર પાસેનુ કણ્વાશ્રમ અથવા કણ્વનાથ મહાદેવનુ સ્થળ અને પાચમુ તે ભિલોડા પાસે મેસાણુ નામે ગામની બાજુમા આવેલુ ભુવનેશ્વર ( ચ્યવનતીર્થ ).

આશરે ચારેક હજાર વર્ષ પહેલા આર્ય પ્રજા આર્યાવર્તમા સમાઈ ન શકી એટલે ગુજરાત, મધ્ય પ્રદેશ, અગ અને બગ વગેરે પ્રદેશોમા એમણે નવી વસાહતો સ્થાપી. એ નવી વસાહતોના નામ આર્યાવર્તની વસાહતો જેવા રાખ્યા ધર્મપ્રેમી આર્ય પ્રજાએ આર્યાવર્ત જેવા આશ્રમો અને તીર્થક્ષેત્રો સ્થાપ્યા ગુજરાતમા આવેલી આર્ય પ્રજાએ ગુજરાતમા નવુ આર્યાવર્ત જ ખડુ કરી દીધુ. આબુ ઉપર વસિષ્ઠાશ્રમ, પાવાગઢ ઉપર વિશ્વામિત્ર આશ્રમ, ખેડબ્રહ્મા નજીક ભૃગુઆશ્રમ, પ્રાતિજ નજીક માર્કંડ આશ્રમ વગેરે આર્યાવર્ત જેના આશ્રમો સ્થાપ્યા.

વેદકાળના ઊતરતા કાળ સુધી આર્ય પ્રજા મૂર્તિપૂજામા માનતી નહોતી. પણ ધીરે ધીરે ગ્રામજીવન સ્વીકાર્યા પછી મૂર્તિપૂજા શરૂ કરી.

નપુસકલિંગ બ્રહ્મને મૂર્ત સ્વરૂપ આપતા પુલ્લિંગ બ્રહ્માજી થયા હોય તો ના નહિ. જેમ હાલમા કેટલાક ધર્માચાર્યોએ વેદ અને ગીતા જેવા પુસ્તકોને પ્રતિમારૂપે મદિરોમાં પધરાવવાની શરૂઆત કરી તેમ બ્રહ્મની મૂર્તિ રૂપે બ્રહ્માની પૂજા શરૂ થઈ હોય તો ના નહિ. વળી પુરાણોમા ય કહેવાયુ છે કે "જેના પિતા કોઈના જોવામા આવ્યા નથી એવા બ્રહ્મા સ્વયભૂ છે" પુરાણોમા એવો ઉલ્લેખ કે ક્ષીરસાગરમા પોઢેલા શેષશાયી ભગવાને પોતાની નાભિમાથી એક કમળ ઉત્પન્ન કર્યુ. એ કમળમાથી બ્રહ્માજી ઉત્પન્ન થયા બ્રહ્માજી ઉત્પન્ન થયા ત્યારે પૃથ્વી ઉપર જળ વીંટળાયેલુ હોવાથી કમળમાં તરતા બ્રહ્મા ચોમેર જોઈ શકે એ માટે ભગવાને એમને ચાર મુખ આપ્યાં એ પછી બ્રહ્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરી.

બૌદ્ધકાળની શરૂઆતમા ઇન્દ્ર અને બ્રહ્માનુ સ્થાન હિંદુઓના મુખ્ય દેવોમા હતુ પણ વખત જતા બૌદ્ધકાળની ચઢતી દરમિયાન બ્રહ્માની

પૂજા ઘણુ ઓછી થઈ ગઈ. એ પછીના કાળમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને અનુક્રમે સર્જક, પાલક અને સંહારક દેવ તરીકે ગણવામા આવ્યા. ધીરે ધીરે બ્રહ્માને ભૂલી જવાયા અને વિષ્ણુ તથા મહેશને મુખ્ય દેવો તરીકે ગણવામા આવ્યા. સ્વાર્થી દુનિયા જન્મ આપનારને ઘણી વાર ભૂલી જાય જ, પણ પાલકની તો રોજ જરૂર પડે છે એટલે એને ભૂલતી નથી. સંહારકને તો ભયને લીધે યાદ કરે છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ માટે આવું બન્યુ લાગે છે.

ઉપર દર્શાવેલા કારણોને અંગે બ્રહ્માની પૂજા ઘણી ઓછી થતી હોવાથી બ્રહ્માજીનાં મંદિરો ભાગ્યે જ જોવામા આવે છે અજમેરથી સાત માઈલ દૂર પુષ્કરતીર્થમા બ્રહ્માજીનું એક મંદિર છે. બીજું મંદિર અમદાવાદથી નેવ્યાસી માઈલ ઉત્તરે હિરણાક્ષી નદીને કાંઠે આવેલા ખેડબ્રહ્મા ગામની મધ્યમાં આવેલુ છે એ ગામની પાસે જ અંબામાતાનું મંદિર તથા ભૃગુઆશ્રમ આવેલાં છે.

દર વર્ષે શ્રાવણ મહિનામા અમદાવાદના દેવીભક્તો ખેડબ્રહ્મા અને અંબાજી જવા માટે સંઘ કાઢે છે ખેડબ્રહ્માનું પ્રાચીન મંદિર જોવાની મારી તીવ્ર ઇચ્છા હતી. એટલે આવા એક સંઘમા હું જોડાયો. સંવત ૨૦૧૬ની શ્રાવણ સુદ પાચમે હું આ સંઘ જોડે અમદાવાદથી ખેડબ્રહ્મા જતી ગાડીમા બેઠો. બાપુની ગાડીની પેઠે ધીરે ધીરે ચાલતી આ ગાડીએ નવ કલાકમાં નેવ્યાસી માઈલ કાપ્યા. સંઘના સંઘવીઓના ગળા માતાજીની ધૂન મચાવીને બેસી ગયાં ત્યારે માંડ અમે ખેડબ્રહ્માને સ્ટેશને પહોંચ્યા ગામ સ્ટેશનથી એક માઇલ દૂર હતુ એટલે અમે ધીરે ધીરે ચાલતા હિરણાક્ષી નદીના પથ્થરો અને કાંકરા જોડે રમતા જળમા થઇને ખેડબ્રહ્મા ગામે પહોંચ્યા. ગામની મધ્યે પહોંચતાં બ્રહ્માજીનું મંદિર નજરે પડ્યું મંદિરની પાસે જ એક જૂની વાવ અને તેની બાજુમા એક મોટો ચોક હતો એ ચોક વટાવીને અમે મંદિરના દરવાજા પાસે પહોંચ્યા આ મંદિરને ફરતો વીસેક ફીટ ઊંચો કોટ હતો.

દરવાજો વટાવીને અમે મંદિરના ચોગાનમા પહોંચ્યા. એ પથ્થર મઢયા ચોગાનની વચ્ચે આવેલું બ્રહ્માજીનું મંદિર અમારી નજરે પડયું મંદિરની પરિક્રમા કરતા કરતા અને ઝીણવટથી મંદિરના શિલ્પને જોતા જોતા મને લાગ્યુ કે બ્રહ્માજીનું આ પુરાતન મંદિર અગિયારમા સૈકામા બંધાયું હશે. વળી કોઈકે એ મંદિરને તોડયા પછી શેષ રહેલા ભાગનો

ફરી જીર્ણોદ્ધાર થયો હશે. મંદિર બંધાયું હશે ત્યારે પાંચ ફીટ ઊંચાઈની જગતી ઉપર પીઠ બાંધવામાં આવી હશે. આ મંદિર નિજ મંદિરના અતૂટ રહી ગયેલા છજા સુધીના ભાગ ઉપરથી ચતુર્ભદ્ર પ્રાસાદની શ્રેણીનું હોય એમ લાગે છે. આ મંદિરનો સભામંડપ અને ઘુમ્મટ બેત્રણ વાર નાશ પામ્યા હોય ને પુનરુદ્ધાર પામ્યા હોય એમ લાગે છે. જૂના મંદિરનો શિખરભાગ ફાંસણા શૈલીનો બનાવવામાં આવ્યો છે.

આ મંદિરની બાંધણી એ કાળના સોલંકી યુગના મંદિરોની બાંધણી સરખી છે પણ જુદી તરી આવતી એની વિશિષ્ટતા એ છે કે નિજ મંદિર ચતુષ્કોણ બાંધવામાં આવ્યું છે મંડોવરના અને પીઠના શણગાર કાજે ખૂણા પાડવામાં આવ્યા છે. પણ મંદિરનો ચતુષ્કોણ આકાર તરત જ દેખી શકાય છે મંદિરનું શિલ્પ સોલંકી યુગના ઉચ્ચતમ નમૂના રૂપ છે. પીઠના થરોનું શિલ્પ તેમ જ મંડોવરની જંઘા ઉપરના દેવદેવીઓનું શિલ્પ સપ્રમાણ અને સુંદર છે ઘુમ્મટનો ભાગ બેત્રણ વાર તૂટયા પછી બંધાયો હોવાથી મુખ્ય મંદિર સરખો સુંદર નથી

મંદિરનો બહારનો ભાગ જોયા પછી થોડા પગથિયા ચઢીને અમે ગૂઢમંડપમાં પહોંચ્યા. ગૂઢમંડપની ભીંતો, તેના સ્થંભો તેમ જ ઘુમ્મટની અંદરનો ભાગ એ સર્વ સાવ સાદા છે ગૂઢમંડપ વટાવીને ગર્ભદ્વાર પાસે પહોંચતા બ્રહ્માજીની ભવ્ય મૂર્તિના દર્શન થયા. એ મૂર્તિ માણસપૂર ઊંચી છે અને રેતીયા પથ્થરમાંથી બનાવવામાં આવી છે. આ મૂર્તિ ઉપર ચિરોડીનું આછું અસ્તર કરવામાં આવ્યું છે વળી આ મૂર્તિની બેઉ બાજુએ બ્રહ્માણીની મૂર્તિઓ છે અને મૂર્તિની બન્ને બાજુએ બન્ને પગ પાસે હંસની મોટી પ્રતિકૃતિઓ છે.

બ્રહ્માજીનાં દર્શન કરીને પાછા ફરતા ગૂઢમંડપના મુખ્ય દ્વાર પાસે પથ્થરની કોતરણી કરેલી જાળી નજરે પડી. આવી જ જાળીઓથી ઈડર પાસેના કણ્વનાથ મહાદેવના મંદિરનો સભામંડપ શણગારવામાં આ યો આ મંદિરનો જૂનો સભામંડપ કણ્વાશ્રમના મંદિરની પેઠે વેદી ઉપરના કક્ષાસનથી છજાના બહારના ભાગને છેડે જાળીઓથી શણગારેલો હશે એમ ચોક્કસ અનુમાન થઈ શકે છે.

બ્રહ્માજીનું આ પ્રાચીન મંદિર જોયા પછી મને લાગે કે શિલ્પના ઉત્તમ નમૂનારૂપ આ મંદિરને ગુજરાત સરકારે રક્ષવું અને મધ્યસ્થ સરકારે પણ વહેલામાં વહેલી તકે રક્ષિત ઇમારત તરીકે એના પ્રતિ

લક્ષ આપવું જોઈએ. એક એવો પણ સમય હતો, જ્યારે બ્રહ્માજીની જન્મતિથિના ઉત્સવને નિમિત્તે આ મંદિરનું પથ્થરમઢયું ચોગાન જળથી ભરી દેવામાં આવતું. અને તેમાં ઘાસથી બનાવેલી હંસની કૃત્રિમ પ્રતિકૃતિઓ તરતી મૂકવામાં આવતી. એ ધન્ય સમયે કક્ષાસનથી છજાના બહારના ભાગ તરફ ઢળતી જાળીઓવાળો સભામંડપ પાણીમાં તરતી નૌકા સમો દેખાતો હશે.

હવે એ મંદિર રાહ જોઈ રહ્યું છે—અરે ! પોકારીને કહી રહ્યું છે કે "ગુજરાતના ધનકુબેરોમાથી કોઈ વસ્તુપાળ જાગો ! કોઈ તેજપાળ જાગો ! અને મને પહેલાંના જેવું ઉત્તુંગ શિખરવાળું અને નૌકાના આકારના સભામંડપવાળું ચતુર્મુખ પ્રાસાદવાળું બનાવો."

આ મંદિર જોઈ લીધા પછી અમે ગામની બહાર ગામથી અર્ધોક ફર્લાંગ દૂર આવેલા અંબાજી માતાના દેવી ધામ તરફ ગયા. ધર્મશાળાઓની વચ્ચે આવેલું એ નાનકડું અંબામાતાનું મંદિર મોટા ગોપુરમ્ વચ્ચેના નાના મુખ્ય મંદિર જેવું, દક્ષિણના એકાદ મંદિરની યાદ આપે છે. શિલ્પની દૃષ્ટિએ આ મંદિર છેક સાદું છે. પણ દેવીભક્ત યાત્રાળુઓ ત્યાં સારી સંખ્યામા આવે છે. માતાજીને નમન કરીને સ્ટેશન તરફ જવાના પાકા નેશનલ હાઈવે ઉપરથી આગળ ચાલીને હિરણાક્ષી નદીનો નવો વિશાળ પુલ વટાવીને અમે આગળ વધ્યા. થોડે દૂર ગયા પછી ડાબા હાથ તરફ આવેલા કાચા માર્ગ ઉપર થઈને અમે ભૃગુઆશ્રમ તરફ જવા નીકળ્યા. થોડુંક ચાલ્યા પછી બે મંદિરો અમારી નજરે પડયાં. અને પછી પાસે જતા એક ટેકરા ઉપરનાં જૂનાં ખંડેરો ઉપર નવેસરથી બંધાયેલ ભૃગુઆશ્રમ નજરે પડયો.

શિલ્પશાસ્ત્ર લખનાર ભૃગુઓના જૂના ભવ્ય આશ્રમના મંદિરોનાં ખંડેરો ઉપર એક નાનકડું શિવમંદિર ઊભું છે રામ જોડેની લડાઈમાં પરાજય પામેલા ભૃગુશ્રેષ્ઠ ભગવાન પરશુરામ જેમ નિસ્તેજ બની ગયા તેમ જૂના ભવ્ય મંદિરના ખંડેરો ઉપર બંધાયેલું આ મંદિર પણ નિસ્તેજ દેખાય છે. એક કાળે સમસ્ત ભારતને ધ્રૂજાવનાર ભૃગુઓનો આ આશ્રમ સત્તાશાળી પ્રજાઓને કહી જાય છે કે દરેક પ્રજાએ ચઢતી અને પડતી, જય અને પરાજય, ભોગવવાં જ પડે છે.

## શામળાજી

પ્રકૃતિને ખોળે રમતી ભમતી આર્ય પ્રજા જ્યારે ભારતમા પ્રવેશી ત્યારે ગાન્ધાર થઈને સપ્તસિંધુના પ્રદેશમા આવી. સદાય જળથી ભરીભરી નદીઓ, ઋતુઓનો ક્રમબદ્ધ ફેરફાર, લીલાછમ ઘાસના અસીમ બીડ–જાણે ધરતી ઉપર પ્રકૃતિએ લીલો પાલવ આ તરફ સૂકવવા ન નાખ્યો હોય ! આ મુલક આર્ય પ્રજાને ખૂબ ગમી ગયો. ઘાસ અને જળાશયો શોધવા માટે અહીંતહીં રખડતી આર્ય પ્રજાને અહીં સ્થાયી વસવાટ કરવાનુ મન થઇ આવ્યુ અને ધીરે ધીરે ભટકતુ જીવન છોડી નાના નાના જૂથ રચી આર્યોએ વસવાટ શરૂ કર્યો અને એ વસવાટ ગામડાંના રૂપમા પરિણમ્યો. જેમ જેમ આર્યો ઉત્તરમાંથી આવતા જ ગયા તેમ તેમ આખા યે ઉત્તર ભારતમા ફેલાઈ ગયા આર્યો ઠરીઠામ થયા છતા ભટકતા જીવનમા જોવા મળતુ પ્રકૃતિનુ નગ્ન સૌંદર્ય ભૂલ્યા નહિ અને જ્યા જ્યા પ્રકૃતિએ સર્જેલા સૌંદર્યસ્થાનો હતા ત્યા ત્યા પોતાના આરાધ્ય દેવોના તીર્થક્ષેત્રો સ્થાપ્યા એટલે નૈસર્ગિક સૌંદર્યમા ઓત પ્રોત થઈ આધ્યાત્મિક ઉન્નતિ સાધનાનાં સાધનો પણ ક્રમે ક્રમે કલાકારી ગીરીના ઉત્તમ નમૂનાઓ સર્જાવા લાગ્યા.

આવું એક તીર્થક્ષેત્ર ગુજરાતમા સાબરકાંઠા જિલ્લાના ઈશાન ખૂણે પ્રકૃતિની પૂનિત ગોદમા રમી રહ્યું છે તેને શામળાજી અથવા ગદાધર ક્ષેત્રના નામે ઓળખવામા આવે છે. જે તીર્થક્ષેત્રને સચ્ચિદાનંદને સ્વરૂપે નિહાળવું હોય–તેનો પૂરેપૂરો લહાવો લેવો હોય–તો કાર્તિકી પૂર્ણિમાએ ત્યા જવુ જ ગદાધર ક્ષેત્રના મેશ્વોકાંઠા પરનાં શુભકાસોત્તર મંદિરો જોવા માટે અમે કાર્તિકી તેરમને દિવસે ગયા એ મંદિરો જોયા પછી વિશ્રામઘાટ ઉપરના મંદિરમાં આરામ કરી બળને દિવસે શામળાજીનું મુખ્ય મંદિર જોવા ગયા અમે મુખ્ય મંદિરના આગળના ચોગાનમા પહોંચ્યા. ત્રણ બાજુ કેડ સમાણું કક્ષાસનવાળુ આ ચોગાન આશરે બે હજાર યાત્રિકો બેસી શકે તેવું વિશાળ છે અને આ આખુ યે ચોગાન પથ્થરમઢ્યું છે આ ચોગાન વટાવી મંદિરના મુખ્ય દ્વાર પાસે અમે પહોંચ્યા. દ્વારની બન્ને બાજુએ પૂરા કદના મહાવત સહિતના સુઘડ પથ્થરના હાથીઓ જોયા. ચોગાનમા લીતગી હમણા યાત્રિકોને સાડમાગી બતાવશે એમ ઘડીભર લાગ્યું.

મંદિરનું મુખ્ય દ્વાર વટાવીને બે ડગલાં આગળ ગયા તો ગુજરાત-ભરના સોલંકી કાલોત્તર શ્રેણીના ઉત્કૃષ્ટ મંદિરનો અણીશુદ્ધ નમૂનો અમારી નજરે પડયો. ઈસ્વી સનના દસ, અગિયાર અને બારમા સૈકામાં આર્યાવર્તમાં મંદિરોની બાંધણીની ચાર પીઠો (શ્રેણી) શરૂ થઈ હતી. (૧) ઓરિસ્સા અને બંગાળમાં ભુવનેશ્વરના જેવાં મંદિરોની પીઠ, (૨) મધ્ય ભારતના ઉત્તર ભાગમાં ખજૂરાહોનાં મંદિરો જેવી પીઠ, (૩) મહારાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત તથા મધ્ય ભારતના દક્ષિણ ભાગમાં નાસિક પાસેના જોગડા મંદિરના જેવી પીઠ અને (૪) ગુજરાતમાં સોલંકી યુગના સોમનાથના મંદિર જેવી પીઠ. આ ચારે ય પીઠોમાં સોલંકી પીઠનાં મંદિરો અંદરની અને બહારની સર્વાંગસુંદર કોતરણીના અદ્વિતીય નમૂના સોલંકી રાજાઓની કલાપ્રિયતાનો ચિતાર ખડો કરે છે. જાણે શામળાજીને વિમાનમાં બેસાડી આકાશમાર્ગે ચાલ્યા જતા ગરૂડે ગદાધર તીર્થનું સૃષ્ટિસૌન્દર્ય જોઈને ભૂલથી અહીં એ વિમાન ઉતારી દીધું હોય, એવું વિમાનઘાટનું આ મંદિર ગદાધર તીર્થને સંપૂર્ણ સુંદર બનાવી રહ્યું છે. વિરાટકાય આ મંદિરનાં દર્શન કરતાં આંખો થાકતી નથી. ગુજરાતના સોલંકી કાલોત્તર યુગના બીજાં મંદિરો કરતાં આ મંદિરની બેસણી વધારે ઊંચી છે. આઠ પગથિયાં ચઢીને સભામંડપના આગલા અર્ધમંડપમાં અમે દાખલ થયા. આગળ વધતાં બાર ચોરસ સ્તંભ ઉપર બંધાયેલ સભામંડપમાં અમે દાખલ થયા. આ સભામંડપની ઉપરના ઘૂમટની કોતરણી અતિ સુંદર છે. સભામંડપની ચારે બાજુના અર્ધમંડપો ફૂલની પાંખડી જેવા દેખાય છે. અંતરાલ ઊભા રહીને ભગવાન શામળાજીનાં અમે દર્શન કર્યાં. કાળા આરસની આ પ્રતિમા આશરે ચારેક ફીટ ઊંચી છે. આ ચતુર્ભુજ પ્રતિમાના જમણા હાથમાં ગદા ધારણ કરેલી હોવાથી ભગવાન શામળાજીને ગદાધર કહેવામાં આવે છે અને તેથી જ આ તીર્થક્ષેત્ર "ગદાધર તીર્થક્ષેત્ર"ના નામથી ઓળખાય છે. નિજ મંદિરની પ્રદક્ષિણા કરીને અમે સભામંડમાં પાછા ફર્યા. બરાબર શામળાજીની પ્રતિમા સામે ત્રીસેક ફીટ દૂર મનુષ્યકદની બે હાથ જોડીને બેઠેલી ગરૂડજીની પ્રતિમા અમે દીઠી. જાણે આ પ્રતિમા બે હાથ જોડીને ભગવાન ગદાધરને કહેતી હોય કે 'પ્રભુ'! મેં ભૂલથી તમારું વિમાન અહીં ઊતાર્યું [illegible] તો મને ક્ષમા કરો!' એવા ભાવ અમે ગરૂડજીની પ્રતિમામાં નિહાળ્યા.

મંદિરમાંથી બહાર નીકળ્યા પછી સભામંડપની બહારની કોતરણી

જેવા અમે ગયા સભામંડપની બહારની કોતરણી છેક બેસણીથી છજા સુધી શિલ્પથી ભરપૂર છે ફક્ત સભામંડપના કક્ષાસનથી છજા સુધીના ભાગમાં છેલ્લા સૈકામાં બંધાવેલ દીવાલ મંદિરના પ્રાચીન શિલ્પને કુરૂપ બનાવે છે. મંદિરના ટ્રસ્ટીઓએ આ ભાગનો કોઈ શિલ્પી પાસે પુનરુદ્ધાર કરાવવો જોઈએ. આ ભાગ વટાવીને અમે મંદિરના પાછળના ભાગમાં ગયા. મંદિરનું ગગનચૂંબી શિખર જોઈને પેલો ઈડરિયા ગઢવીનો દુહો યાદ આવ્યો—

'ઊંચા નીચા ડુંગરા અને વચમાં ધોળી ધાર,
ધારે બેઠો શામળિયો, તીરથ તારણહાર"

ઊંચી બેસણીની ચારે બાજુ કણી અને જાળુમ્બા ઉપર ગ્રહથર, ગજથર અને દેવથરની કોતરણી એટલી બધી આકર્ષક છે કે જોનારની આંખો ત્યાં જ ચોંટી રહે ! ખાસ કરીને દેવથરના શિલ્પમાં રામાયણ, કૃષ્ણચરિત્ર તથા આસનોનું શિલ્પ નયનરમ્ય છે મુખ્ય મંદિરની ત્રણે ય બાજુએ ઝાડમારી કરતા હાથીના જોડકા જોવા જેવા છે. મંદિરના મંડોવારના ભાગમાં આવેલ દેવદેવીઓનું શિલ્પ સોલંકી કાળોત્તર યુગના સુવર્ણકાળને આંખ આગળ ખડો કરે છે

મંદિરનું શિલ્પ જોતા આ મંદિર ૧૬મા સૈકામાં બંધાયું હોય તેમ લાગે છે

મંદિરની ચારે કોર પ્રદક્ષિણા ફરીને અમે અમારે ઉતારે પાછા ફર્યાં. મંદિરના પૂજારીએ અમને કહ્યું હતું કે "પ્રકૃતિ અને મંદિરના સૌન્દર્યનું એકરૂપ જોવું હોય તો રાત્રે આવજો ! તમને નૈસર્ગિક સૌન્દર્યનો ભંડાર દશ્યમાન થશે જ." અને અમે ખાઈપીને આજુબાજુ વેર-વિખેર પડેલા પ્રાચીન શિલ્પના નમૂના જોવા નીકળી પડ્યા. નેશનલ હાઈવે ઉપર ઉદેપુર જતા રસ્તા તરફ અમે એક ફર્લાંગ આગળ ગયા, એટલે જમણા હાથ તરફ એક નાનકડી નદીને આડો બંધ બાંધીને બનાવેલું તળાવ નજરે પડયું બાજુમાં રહેતા એક આદિવાસીને પૂછતાં તેણે કહ્યું કે "ભાઈ ! આ તળાવ કોણ જાણે કેટલાય સૈકા પહેલાનું બંધાવેલું છે!" આ બંધની આખી દીવાલ ગુપ્તયુગમાં બનાવેલી હોય તેવી મોટી ઈંટોથી બાંધેલી છે બંધની ઊંચાઈ આશરે ત્રીસેક ફીટની હશે આ તળાવને 'કર્માબાઈના તળાવ' ને નામે ઓળખવામાં આવે છે નેશનલ હાઈવેને અડીને આવેલો પથ્થરથી બાંધેલો ઓવારો બહુ જ સુંદર દેખાય છે આ બંધની દક્ષિણે જ્યાં જુઓ ત્યાં ઈંટો અને રોડાં

નજરે પડે છે. અર્ધોએક ફર્લાંગ આગળ વધ્યા પછી અમે એક શિવ મંદિરે આવી પહોંચ્યા. આ મંદિરની આજુબાજુની જમીનની સપાટી દસેક ફીટ ઊંચી ચઢી ગઈ હોય તેમ લાગે છે, કેમ કે મંદિર જમીનની સપાટીથી સાતેક ફીટ નીચે છે. આ મંદિરને કાશી વિશ્વનાથના મંદિરને નામે ઓળખવામાં આવે છે. આ મંદિરમાંનું શિવજીનું લિંગ એક બાજુથી શિવજીની પ્રતિમાનાં દર્શન કરાવે છે, જેને મુખલિંગ કહેવામાં આવે છે.

આ મંદિર જોઈ અમે આગળ વધ્યા તો એક આદિવાસી ભાઈનો કૂવો ખોદાતો હતો. એ કૂવામાં ચૌદ ફીટ ઊંડે સુધીની દીવાલોના પાયા અમે જોયા. આ વિભાગનું જો ખોદકામ કરવામાં આવે તો ગુપ્તકાલીન અને તે પહેલાના અવશેષો મળ્યા વિના રહે નહિ.

થાકયાપાકયા અમે અમારે ઉતારે આવ્યા અને સાંજનો સમય રાંધવા-ખાવામાં ગાળીને રાત્રે મંદિરે ગયા. ભગવાન શામળાજીનાં દર્શન કરીને અમે મંદિરને ત્રીજે માળે સભામંડપના ઘૂમટ ઉપર ગયા. આખા યે મંદિરના ઘૂમટના તથા શિખરના ભાગ ઉપર કોડિયાંઓમાં તેલ પૂરીને દીપમાળા પ્રગટાવવામાં આવી હતી. આવું સુંદર દશ્ય યાત્રિકો ભાગ્યે જ નિહાળે છે. ભલે આગ્રાનો તાજ પૂનમના અજવાળિયામાં આંખને ગમતા આરસના ઉત્કૃષ્ટ નમૂના રૂપે ધરતીના ચંદ્ર જેવો દેખાય, પણ સોળંકી યુગનું દીપાવલીથી ઝળહળતું આ મંદિર ચંદ્રના બિમ્બમાં સૂર્યનાં તેજ દેખાડે છે. આજુબાજુની પહાડી અને મેશ્વો નદીનો પટ જોઈને મારા મુખમાંથી પેલો દુહો બોલાઈ ગયો :

" ડુંગરડે ઓઢયાં વાદળાં, ને મેશ્વે જળનો ખેસ;
તીરથે ઓઢયાં અજવાળિયાં, ધન્ય શામળાનો દેશ. "

# કણ્વાશ્રમ ( કણ્વનાથ )

આશરે સાતેક હજાર વર્ષ પહેલા ભારતવર્ષના પશ્ચિમ ભાગમા ગુજરાત, સૌરાષ્ટ્ર અને કોકણમા નાગ પ્રજાના બળવાન રાજયો હતા. આસામ, ઓરિસ્સા અને મધ્ય પ્રદેશના ભાગમા પણ નાગ લોકોના છૂટાછવાયા રાજયો આવેલા હતા. છએક હજાર વર્ષ પહેલા બ્રહ્મદેશ તરફથી દાનવોએ અને લકામાથી રાક્ષસોએ આ રાજયો પર ચઢાઈ કરી. ત્યાર પછી એસીરિયામાથી અસુરોના ધાડા વારવાર ભારત પર હુમલો કરવા લાગ્યા. આ ત્રિવિધ હુમલા સામે નાગ પ્રજા ટકી શકી નહિ વારવાર થતા હુમલાઓથી બચવા માટે નાગ પ્રજા ફળદ્રુપ મેદાનો છોડીને ગાઢ અને ભયકર જંગલોમા જઈને વસી. થોડાક સમય પછી આર્ય પ્રજા ભારતવર્ષમા ઊતરી આવી. યુદ્ધકુશળ અને સાધનસમ્પન્ન હોવા છતા અસુરો, રાક્ષસો અને દાનવો આર્ય પ્રજા સામે ટકી શકયા નહિ આર્યોના હુમલાથી બચવા માટે અનાર્યો દક્ષિણ તરફ પાછા હઠતા ગયા. એ સમયે નાગ પ્રજા ગાઢા જગલોમા નાના નાના સમૂહોમા ગજયો સ્થાપીને રહેતી હતી.

આવુ એક નાગરાજ્ય હાલના ઈડરના ડુગરોની તથા સાબરવાડાના ડુગરોની હારમાળા વચ્ચે આવેલી ખીણમા પાચેક હજાર વર્ષ પહેલા સ્થપાયુ હતુ. એનો રાજા નાગકુળ કર્કોટક વશનો હતો. એને એક જુવાન પુત્ર હતો, જે સદા માંદો જ રહેતો હતો. નાગરાજે પોતાના પુત્રને રોગમુક્ત કરવા માટે ઘણા ઇલાજો કરી જોયા, પણ તે સારો ન જ થયો

એક સાજે નાગરાજ ગામને ઝાપે એક વડ હેઠળ બેઠો હતો તેવામા દૂરથી કોઇ આર્યઋષિને આવતા જોયા તેની સાથે બીજા પણ કેટલાક માણસો હતા. નાગ પ્રજા અને આર્ય પ્રજાને વેર તો હતુ જ. પણ આ નાગરાજ નિરુપદ્રવી ઋષિઓ તથા બ્રાહ્મણો જોડે વેર રાખતો નહિ. ઋષિસઘ નજીક આવતા નાગરાજે તેમનુ સ્વાગત કર્યું અને રાત પડવા આવી હોવાથી એ સઘને પોતાના અતિથિ બનવાનો આગ્રહ કર્યો. ઋષિરાજે નાગરાજનો આગ્રહ સ્વીકાર્યો અને ઋષિરાજ પોતાના શિષ્યો સહિત તેમના અતિથિ બન્યા. રાત્રે ભોજન પછી નાગરાજે પૂછ્યુ: "આપનુ શુભ નામ શુ ? આપ કયાથી આવો છો ને કયા જાઓ

છો ?" ઋષિરાજે કહ્યુ: "આ નાશવંત શરીર કણ્વઋષિને નામે ઓળખાય  હું મારા શિષ્યો સહિત આર્યાવર્તમાંથી આવું છું. અને સૌરાષ્ટ્રને દક્ષિણ કિનારે આવેલા પ્રભાસ તીર્થક્ષેત્રની યાત્રાએ જાઉં છું. મારી પાલક પુત્રી શકુન્તલાને ગ્રહબાધા નડતી હોવાથી તેના નિવારણાર્થે પ્રભાસ તીર્થક્ષેત્રમા ચંદ્રમૌલીશ્વર સોમનાથ મહાદેવને ચરણે જાઉં છું." આ સાંભળીને નાગરાજે કહ્યુ: "મારો પુત્ર ઘણાં વર્ષોથી માંદો  તેને કોઈ ગ્રહબાધા નડતી હોય તો આપ જોઈ આપો." કણ્વઋષિએ નાગરાજના પુત્રનું તરત જ જ્યોતિષ જોયુ અને કહ્યુ: "રાજન્! તમારા પુત્રને પણ ગ્રહબાધા નડે છે. તમે પણ મારી જોડે પ્રભાસ તીર્થક્ષેત્રે આવો તો તમારો પુત્ર પણ રોગમુક્ત થશે."

નાગરાજે કણ્વઋષિનો આભાર માન્યો અને બીજે દિવસે કણ્વઋષિ જોડે નાગરાજ પણ પ્રભાસ તીર્થક્ષેત્ર તરફ ચાલી નીકળ્યો. આઠેક દિવસ પછી એ સંઘ પ્રભાસ તીર્થક્ષેત્રે પહોંચ્યો. ત્યા થોડાક દિવસ રોકાઇને નાગરાજે તથા કણ્વઋષિએ પોતપોતાના બાળકોને નડતી ગ્રહબાધાનું નિવારણ કર્યું અને ભગવાન ચંદ્રમૌલીશ્વર સોમનાથના આશીર્વાદ લઇને એ સંઘ પાછો ફર્યો.

નાગરાજની રાજ્યધાનીમા આવતા નાગપુત્રને રોગમુક્ત જોઇને નાગરાજને તેમ જ આખી નાગ પ્રજાને કણ્વઋષિ ઉપર ખૂબ જ સ્નેહ ઉપજ્યો. તેમણે ઋષિને એ પ્રદેશમા એક આશ્રમ બાંધીને તેમના શિષ્યોસહ રહેવાનું આમંત્રણ આપ્યું ઋષિથી તો ત્યાં રહેવાય એમ નહોતુ એટલે તેમણે નાગરાજને નજીકની કોઈ સુંદર જગ્યાએ નવગ્રહનું મંદિર બાંધવા કહ્યુ. નાગરાજે હર્ષપૂર્વક એ વાત માથે ચઢાવી અને હાલના ઈડરીયા ડુંગરાઓની હારમાળાના શિલોઇ ગામ તરફના પાથમા ડુંગરના પેટાળમા એક ઝરણાને કાંઠે ઋષિને વરદ હસ્તે ગ્રહમંદિરનું ખાતમુહૂર્ત કરાવ્યું.

થોડાક સમય ત્યા રોકાઇને કણ્વઋષિ આર્યાવર્ત તરફ ચાલ્યા ગયા. તેમના ગયા પછી નાગરાજે શિલ્પમા કુશળ વાતાપી શાખાના અસુર પાસે નવગ્રહના મંદિરો બંધાવ્યા. અને તેની બાજુમા કણ્વઋષિના નામ ઉપરથી કણ્વનાથ મહાદેવનું મંદિર બંધાવ્યું પછી એ સ્થળ ધીરે ધીરે કણ્વાશ્રમ નામે ઓળખાવા લાગ્યું

થોડા સમય પછી નાગરાજનો પુત્ર ગાદીએ આવ્યો. તેણે પોતાને રોગમુક્ત કરનાર કણ્વઋષિના આદિ પુરુષ કશ્યપઋષિની સ્મૃતિમા

સાબરવાડાના ડુંગરાઓમાં કશ્યપ આશ્રમ સ્થાપ્યો અને ત્યાં શિવનું મંદિર બંધાવ્યું.

સમય જતાં એક આર્ય રાજાએ ઇલ્લદુર્ગની પહેલી અને બીજી ટૂંકે ઉપર એક મોટો ગઢ બંધાવીને નવું રાજ્ય સ્થાપ્યું. એ રાજાનું નામ વત્સરાજ હતું. તે એક નાગકન્યાને પરણ્યો. આર્ય પ્રજાને આ સંબંધ ગમ્યો નહિ. આથી દુઃખી થઇને વત્સરાજ ઉપર જણાવેલી ખીણની બધી નાગ પ્રજાને લઇને પાતાળલોક તરફ ચાલ્યો ગયો. નાગ પ્રજાના ગયા પછી કણ્વાશ્રમનાં મંદિરો જીર્ણશીર્ણ થઈ ગયાં.

આજથી આશરે હજારેક વર્ષ પહેલાં કોઈ રજપૂત રાજાએ ઇલ્લદુર્ગનો કબજો લીધો. તેણે કણ્વાશ્રમનાં મંદિરોનો પુનરોદ્ધાર કર્યો, એવી લોકવાયકા છે.

હું ઇડરીયો ગઢ જોવા ગયો ત્યારે મને એક ભાઈએ કણ્વાશ્રમનાં પુરાતન મંદિરોની માહિતી આપી હતી. મેં જાણ્યું કે એ સ્થળ ઇડરથી માત્ર ત્રણ જ માઇલ દૂર છે. એટલે બીજે દિવસે સવારે હું ત્યાં ચાલી નીકળ્યો. ઇડરથી ખેડબ્રહ્મા તરફ જતા માર્ગ ઉપર ત્રણેક ફર્લાંગ ચાલ્યા પછી ડાબે હાથે કણ્વાશ્રમ તરફ જવાનો કાચો માર્ગ આવે છે. એ માર્ગ ઇડરીયા ડુંગરાની હારમાળાની તળેટીની નજીકથી જ ચાલ્યો જાય છે.

એ માર્ગે આગળ વધતાં હું એક તળાવને કાંઠે આવી પહોંચ્યો. ત્યાંથી થોડેક જ દૂર એક ગામ પાસે મંદિરના હોય એવા પાંચ ઘુમ્મટો નજરે પડયા ત્યાં પહોંચતાં મેં જાણ્યું કે એ પાંચ ઘુમ્મટો એક વાવમાં ઊતરવાના આગલા ચોક ઉપર બાંધેલા કક્ષાસનવાળા સભામંડપના ઘુમ્મટો હતા. એ ઘુમ્મટવાળો ભાગ વટાવીને હું વાવમાં ઊતર્યો. થોડાંક પગથિયાં ઊતરતાં જ જણાયું કે ગુજરાતની સુંદરમાં સુંદર વાવો જોડે સરખાવી શકાય એવી એ વાવ હતી પહેલા મતવાલામાં આવેલા બેઉ તરફના ગોખોનું શિલ્પ એટલું બધું આકર્ષક તથા સપ્રમાણ હતું કે એ પછીના કાળ દરમિયાન બનેલાં મંદિરો કે મસ્જિદના ગોખો કરતાં એ જરાય ઊતરે એવું ન લાગ્યું ગોખો ઉપરના ગણપતિની અને પોપટની કોતરણી ખૂબ જ સુંદર હતી. એ પછી થોડાંક પગથિયાં નીચે ઊતરતાં બીજી મતવાલાના દરવાજાના ખૂણાઓ ઉપર ઝાડને ઊખેડી નાખતા, મહાવત સહિતના હાથીઓનું શિલ્પ ખૂબ જ આકર્ષક હતું. માત્ર એક જ ચોરસ ફૂટ જેટલી જગ્યામાં કોતરાયેલું આ શિલ્પ જોતાં આંખ થાકતી નહોતી!

આ વાવ જોઈને બહાર નીકળીને આશરે ત્રણેક ફર્લાંગ ગયા પછી કણ્વાશ્રમનાં મંદિરો નજરે પડયાં. સોએક ફીટનું ચઢાણ ચઢતાં ડુંગરાના પેટાળમાં એક નાના ઝરણાને કાંઠે કણ્વાશ્રમનાં મંદિરો આવેલાં છે. ચોકમાં પહોંચતાં આશરે પાંચસો વર્ષ પહેલાં બંધાયેલ કણ્વનાથ મહાદેવનું મંદિર નજરે પડયું. મહાદેવના દર્શન કર્યા પછી મંદિરની પ્રદક્ષિણા કરતાં મને લાગ્યું કે પાંચસો વર્ષ પહેલાં બંધાયેલ કણ્વાશ્રમનો બેત્રણ વાર પુનરોદ્ધાર થયો હશે. જૂના મંદિરનો થોડોક ભાગ જેમનો તેમ રહ્યો છે અને બાકીનો ભાગ નવેસરથી બાંધવામાં આવ્યો છે. ગુજરાતના શિલ્પપ્રેમી ભાઈઓને આ મંદિર જોઈ આવવા મારી વિનંતી છે.

નિજ મંદિરના ગર્ભદ્વારની બેઉ બાજુની જાળીઓ તથા સભામંડપના થોડાએક ભાગમાં કક્ષાસનથી શરૂ થતી અને સભામંડપના છજાના બહારના ભાગ સાથે જોડાતી જાળીઓ મંદિરના એ ભાગને આકર્ષક બનાવે છે. ખેડબ્રહ્માના મંદિર સિવાય ભારતભરમાં આવી ઝુકાવવાળી જાળીઓ કયાંય નથી. આ મંદિરના સભામંડપના બાકીના ભાગને જો જૂની જાળીઓની પેઠે ચારે બાજુ નવી જાળીઓથી બંધ કરી દેવામાં આવે તો આ મંદિર નોકામંદિર જેવું લાગે. ગુજરાતની જુદી જુદી જાળીઓમાં આ મંદિરની જાળીઓનું શિલ્પ વિશિષ્ટ પ્રકારનું છે. એમાં કોતરવામાં આવેલાં પશુ, પક્ષી તથા મનુષ્ય અને ભૂમિતિના જુદા જુદા આકારો જોવાલાયક છે. આ પ્રકારની જાળીઓની ગોઠવણી કરીને કોઈ શિલ્પી નવું મંદિર સર્જે તો ગુજરાતમાં એક વિશિષ્ટ પ્રકારના નમુનારૂપ નોકામંદિર બને.

કણ્વનાથ મહાદેવના મંદિરની નીચે એક નાની વાવ આવેલી છે. આ વાવનું પાણી સદાય નિર્મળ કાચ જેવું રહે છે. આ વાવની ઊંડાઈ માત્ર આઠ ફીટ જ છે!

કણ્વનાથના મંદિરની બાજુના નવગ્રહના મંદિરો મેં જોયાં. એ મંદિરો ચાલુ સૈકામાં બંધાયેલાં હોય એમ લાગે છે. આ મંદિરના દરવાજા પાસે આશરે અગિયારમા સૈકામાં કોતરાયેલી યક્ષની મૂર્તિ તથા બાજુમાં એક પાળીઓ નજરે પડે છે.

કણ્વાશ્રમમાં યાત્રાળુઓને ઊતરવા માટે બે સુંદર ધર્મશાળાઓ છે.

કણ્વાશ્રમથી ઇડર પાછા ફરતાં મને થાક તો લાગ્યો. પણ એ મંદિરની ઢળતી જાળીઓ ઉપરથી મનમાં નવા 'નોકામંદિર'ની છાપ ગોઠવતાં તે થાક ઊતરી ગયો.

## ૨૩

# ચ્યવનતીર્થ ( ભુવનેશ્વર )

ઉત્તરાપથ તરફથી આર્યાવર્તમા આવતા હજારો આર્યકુળોને સપ્ત સિંધુનો પ્રદેશ સમાવી ન શક્યો એટલે ધીરે ધીરે ઘણાં આર્યકુળો અંગ, બંગ, કલિંગ, માલવદેશ અને આનર્ત વગેરે પ્રદેશોમાં વસવા માંડયા. આવી વસાહતો સ્થાપતા આર્યકુળો કુળગોર અને ઋષિમુનિઓની દોરવણી નીચે આગળ વધતા હતા

બેઉ બાજુ ડુંગરાની હાર અને હારની વચ્ચે ગાઢા જંગલથી ભરપૂર ઉત્તર ગુજરાતના પશ્ચિમના ભાગના હાલના ભીલોડા તરફના ઇંદ્રાસી નદીના કાંઠાના પ્રદેશની ખીણના મેદાનમા આશરે ત્રણેક હજાર વર્ષ પહેલા એક આર્યકુળ તેના કુળગોર અને ચ્યવન ઋષિની દોરવણી નીચે આવીને વસ્યું આ ખીણના એ ભાગમા વીસ વીસ ફીટ ઊંડી ભેખડો વચ્ચે એક ઝરણું વહેતુ હતુ ઝરણાને કાંઠે આંબળાના ઝાડોનું જંગલ હતું આંબળા પાકતા ત્યારે ઝરણામા પડતા લાખો આંબળા ઝરણાના પાણીને તુરાશવાળું બનાવી દેતા આ ઝરણાને કાંઠે ચ્યવન ઋષિએ પોતાનો આશ્રમ બનાવ્યો અને આશ્રમથી થોડે દૂર આર્યકુળે એક ગામ વસાવ્યું ઉનાળો આવ્યો ઝરણાનું પાણી સૂકાવા માંડયુ ઋષિને ચિંતા થવા માંડી કે જો ઝરણું સૂકાઈ જશે તો પાણીની મુશ્કેલી પડશે ઋષિએ તરત જ ગ્રામજનોને બોલાવ્યા અને ઝરણાનું પાણી સંગ્રહી રાખવા માટે ઝરણાના પટમા આડબંધ બાંધવાનું કહ્યુ. એ જમાનાના જુવાનીઆઓ આજ્ઞાંકિત હતા અને કામથી થાકે તેવા ન હતા, એટલે એક અઠવાડિયામા ઝરણાના પટમા આડબંધ બંધાઈ ગયો અને ઝરણાના વૃથા વહી જતા જળને અટકાવતા આ આડબંધે બે માથોડા ઊંડો કૃત્રિમ ધરો સર્જ્યો.

એક પ્રાતઃકાળે ચ્યવન ઋષિ સ્નાન કરીને ધરાને કાંઠે બનાવેલ એક ચોતરા ઉપર સૂર્યદેવને અર્ઘ્ય આપી રહ્યા હતા ત્યા કોઈની ચીસ સંભળાઈ ઋષિરાજે ચીસની દિશા તરફ નજર કરી અને કુળગોરની યુવાન કન્યા સુરેણુને ધરાના ઊંડા પાણીમા ડૂબકા ખાતા ખાતા 'બચાવો બચાવો!'ની ચીસો પાડતી જોઈ પળના યે વિલંબ વિના ઋષિરાજે ધરામા ભૂસકો માર્યો અને ડૂબતી કુળગોરની કન્યાને કેડેથી પકડીને ધરાને કાંઠે લાવ્યા. આ બૂમો સાંભળીને ગ્રામજનો પણ દોડી આવ્યા.

સિત્તેર વરસની ઉમ્મરે પહોંચેલા ચ્યવન ઋષિને કન્યાને બચાવવા માટે સૌએ ધન્યવાદ આપ્યા. ઋષિરાજ ભિષક્વર્ય પણ હતા એટલે તરત જ એ ફૂળગોર કન્યાના પેટમાંથી પીધેલ પાણી કાઢી નાખીને ઔષધોપચાર શરૂ કર્યા. બે-એક પહોરમાં કન્યા ભાનમાં આવી અને પછી તેનાં માબાપ તેને ઘેર લઈ ગયા.

આ બનાવ બન્યાને એક દિવસ વીત્યા પછી પેલી યુવાન ફૂળગોર કન્યાનાં માબાપ ચ્યવન ઋષિ પાસે આવ્યાં અને પોતાની કન્યાનું પાણિગ્રહણ કરવા માટે ઋષિરાજને વિનંતી કરી. પહેલાં તો ઋષિરાજે આ વાતની સાફ ના પાડી; પણ કન્યાનાં માબાપે કહ્યું કે " આપે અમારી કન્યાને બચાવતી વખતે તેના દેહનો સ્પર્શ કર્યો હોવાથી એ કન્યા તમારી સાથે પાણિગ્રહણ કરવાની હઠ લઇને બેઠી છે !" ઋષિરાજે બ્રાહ્મણકન્યાને બોલાવીને કહ્યું કે "ક્યાં હું સિત્તેર વરસની ઉમ્મરે પહોંચેલ મૃત્યુની રાહ જોતો ઘરડો ખખ્ખ માનવી અને ક્યાં યુવાનીને પગથારે પગલાં માંડતી, જિંદગીના લહાવા લેવાનાં સપનાં સેવતી તું યુવાન કન્યા ! મારા અને તારાં લગ્ન સંભવી શકે જ નહિ " ફૂળગોર-કન્યા સુરેણુએ કહ્યું કે "જાણે અજાણે મારાં અંગોનો પરપુરુષ સાથે સ્પર્શ થયો હોવાથી હું તેની સાથે પાણિગ્રહણ કરીશ એવો મેં નિશ્ચય કર્યો છે. આપે મારો સ્વીકાર કરવો જ પડશે."

થોડા દિવસ પછી અણુગમતે મને ચ્યવન ઋષિએ ફૂળગોર કન્યા સુરેણુ સાથે લગ્ન કર્યાં.

લગ્ન થયાંને દસ વર્ષ વીતી ગયાં. શિયાળાની એક સવારે સુરેણુએ ગાયને દોહવા માટે વાછડાને છૂટો મૂકયો. વાછડો ગાયનું દૂધ ચસકાવવા માંડયો. વાછડાને થોડી વાર ધાવવા દઇને સુરેણુએ વાછડાને પાછો ખીલે બાંધવાનો પ્રયત્ન કર્યો. સુરેણુનું આ કાર્ય જોતી, ઔષધિ લેવા આવનાર બેચાર સ્ત્રીઓ અંદરોઅંદર વાતો કરવા માંડી કે " જુઓને બેન ! હજી તો વાછડો માંડ થોડું ધાવ્યો ત્યાં તો સુરેણુબેન તેને ખીલે બાંધવા જાય છે". આ વાતનો બીજી સ્ત્રીએ જવાબ આપ્યો કે " સુરેણુબેનને ખોળે હજી ક્યાં બાળક ધાવ્યાં છે કે ધાવતાં બચ્ચાંને વછોડવાની વાતના દુ:ખની ખબર પડે !" પેલી સ્ત્રીઓ વચ્ચેનો સંવાદ સુરેણુને કાને પડયો. તેના મનમાં અપાર દુ:ખ થયું અને મનોમન વિચાર્યું કે 'ભગવાને મને ખોળાનો ખૂંદનાર દીધો હોત તો આવું મહેણું સાંભળવું પડત નહિ.' આ પ્રસંગ બન્યા પછી સુરેણુ ઉદાસ રહેવા લાગી.

સુરેણુની આ ઉદાસીનું કારણુ ચ્યવન ઋષિ પહેલાં જાણી શકયા નહિ, પણુ એક વખત સ્નાન કરીને પાછા ફરતા ચ્યવન ઋષિએ બચ્ચાને ધવરાવતી વાઘરી તરફ એઠને સુરેણુને આહ્ સારતી જોઈ, સુરેણુની ઉદાસીનું કારણુ ઋષિને મળી ગયું.

આખી રાત વિચારમાં ગાળીને બીજી સવારે ઋષિએ સુરેણુને કહ્યુ કે "મારે નીલકંઠ મહાદેવનું તપ કરવું છે. મારી તપશ્ચર્યા એક વર્ષ ચાલશે. તે દરમિયાન તારે આ આશ્રમ સાચવવાનો છે." પતિપરાયણુ સુરેણુએ કાઈ પણુ અવરોધ કર્યા વિના પતિની ઇચ્છાને માન આપ્યું.

મહાદેવની એક વર્ષની કઠોર તપશ્ચર્યાને અંતે સપનામા મહાદેવજીએ ઋષિને કહ્યુ કે "હે ઋષિરાજ ! તમારે સંતાનની ઇચ્છા હોય તો આ ખીણુમા ઊગતા જીવનીય ગણુના ઔષધો લીલા આમળા અને મધની સાથે મેળવીને ચાટણુ બનાવી, અંધારી પર્ણકુટીમા એક વર્ષ સુધી ગાયના દૂધ સાથે તેનું સેવન કરશો તો તમારી મનોકામના પૂર્ણ થશે '

એક અડવાડિયામા આમળા, મધ અને જીવનીય ગણુના ઔષધોનું એક વર્ષ ચાલે તેટલું ચાટણુ બનાવીને ઋષિરાજે મહાદેવે બતાવેલ પ્રયોગ શરૂ કર્યો. એક વર્ષના પ્રયોગને અંતે ઋષિરાજ અંધારી કુટીર માથી બહાર આવ્યા ત્યારે તેમની કાયાનો કલ્પ થઇ ગયો હતો ! વળીયા અને પળીયા ચાલ્યા જવાથી ઋષિરાજ ઊગતા યુવાન જેવા બની ગયા હતા. પછી આ સુખી જોડાએ આનંદમા વખત વીતાવવા માડયો અને સંતાનપ્રાપ્તિ થઈ.

મારા એક વૈદ્ય મિત્રે જ્યા ચ્યવન ઋષિ અને તેમના પત્ની રહ્યા હતા તે ચ્યવન આશ્રમ જોવા જવાનું મને આમંત્રણુ આપ્યું. તેણે મને કહ્યુ "ચ્યવન-આશ્રમમા વર્ષો જૂનુ એક સૂર્યમંદિર પણુ આવેલું છે." આવું પવિત્ર સ્થળ જોવાની ઇચ્છા હુ રોકી શકયો નહિ અને હું ને મારા મિત્ર એ સ્થળ જોવા માટે એ. પી. લાઈનમા સવારની ગાડીમા ઊપડયા. અગિયાર વાગે હિંમતનગર પહોચ્યા અને હિંમતનગરથી ભુવનેશ્વર તરફ જતી બસમા સાડા બાર વાગે નીકળ્યા. દસ માઈલ ગયા પછી ગાભોઇ ચાર રસ્તા આવ્યા અને ત્યાથી ભીલોડા તરફને રસ્તે અમારી બસ આગળ વધી. પાચેક માઈલ પાકી સડક ઉપર બસ ચાલ્યા પછી કાચી સડક આવી અને બેએક માઇલની કાચી સડકની મુસાફરી પછી અમે મેસાણુ ગામ આવ્યા. આ ગામને અર્ધું ચક્કર માર્યા

પછી અમારી બસ ભુવનેશ્વર મંદિરના ચોગાનમાં આવી ઊભી રહી. ઊંચી સડકની ધૂળ ઊડાડી જ્યાં અમે સામે નજર કરી તો અઢીસો ફીટના ચોરસ-ચોરસ ચોગાનની એક બાજુએ ઊભેલા ભુવનેશ્વર મહાદેવના મંદિરની દૂરથી ઝાંખી કરી. ધીરે ધીરે અમે મંદિર તરફ આગળ વધ્યા. નજદીક જતાં અનુમાની શકાયું કે આ મંદિર આશરે ત્રણસોએક વર્ષ જૂનું હશે. શિલ્પની દૃષ્ટિએ આ મંદિર તદ્દન સાદું છે, પણ મંદિરની ઇમારત ભવ્ય તો છે જ. મંદિરની કમાનોમાં રાજપૂત અને મોગલ યુગના શિલ્પની અસર દેખાય છે. સભામંડપની ત્રણ બાજુએ નાનાં નાનાં ઘુમ્મટવાળાં શિખરવાળા ત્રણ અર્ધ-મંડપો આવેલા છે. આગળના અર્ધ-મંડપમાંથી સભામંડપમાં જઇએ એટલે પાંચેક ફીટ નીચે ઊતરવું પડે છે. વિશાળ સભામંડપની બન્ને બાજુએ કાળા આરસમાં કોતરાયેલા જૂના મંદિરના શિલાલેખો નજરે પડે છે. ગર્ભદ્વારમાંથી નિજ મંદિરમાં બિરાજેલા ભુવનેશ્વર મહાદેવના ઊંડાણમાં દર્શન થાય છે. ચ્યવન ઋષિને સ્વપ્નામાં આવનાર એ મહાદેવના લિંગનું મૂર્ત સ્વરૂપ દેખાય છે.

મહાદેવનાં દર્શન કરીને અમે મંદિરમાંથી બહાર આવ્યા એટલે સિત્તેરેક ફીટ દૂર એક પુરાણું મંદિર નજરે પડ્યું. એ મંદિરની નજદીક જતાં અમને લાગ્યું કે સોલંકી યુગના અગિયારમા સૈકામાં એ મંદિર બંધાયેલું હોવું જોઇએ. નાનકડો સભામંડપ અને ચારે બાજુ કક્ષાસન પાસેથી ઊભા કરાયેલા આ કોતરણીવાળા સ્તંભોની ઉપર આવેલ નાનકડો ઘૂમટ સોલંકી યુગની કોતરણીનો સુંદર નમૂનો છે. નિજ મંદિરમાં હાલમાં તો મોરલીધરની મૂર્તિ નજરે પડી. પણ આ મંદિરનું શિલ્પ અને દેવદેવીઓની નાની કોતરણીવાળી મૂર્તિઓ જોતાં એ સૂર્યમંદિર હોય તેમ લાગ્યું. બહાર નીકળીને નિજ મંદિરનો બહારનો ભાગ જોતાં અનુમાની શકાય કે આ મંદિર અગિયારમા સૈકામાં બંધાયેલા સોલંકી યુગના થરો અને મંડોવરની તથા શિખરની સરખામણી કરી જોતાં સોલંકી યુગનો સારી રીતે જળવાઇ રહેલો નાજુકડો નમૂનો છે. પીઠ, થર, મંડોવર, સભામંડપનો બહારનો ભાગ, છજ્જુ, સભામંડપનો ઘૂમટ અને શિખર જેમ લાલ કિલ્લામાં બીજી ઇમારતોની સરખામણીમાં મોતી મસીદ નાની છતાં રળિયામણી લાગે છે તેમ સોલંકી યુગના શામળાજીના કે નવલખા અને ઘૂમલીનાં મંદિરોની સરખામણીમાં આ મંદિર નાનું છે પણ કોતરણીમાં જરા ય ઊતરતું નથી. આ મંદિરની મૂળ સૂર્યની મૂર્તિ બાજુની એક નાની મહાદેવની દેરીમાં પાર્વતીજીની જગ્યાએ ગોઠવેલી

નજરે પડે છે. આ મંદિરની બાજુમાં જ ચ્યવન ઋષિએ ઝરણામાં બાંધેલ આડબંધની જગ્યાએ કોઈ ભાવિક ભક્તે બંધાવેલ કુંડ નજરે પડે છે. ત્રીસેક પગથિયાં ઊતરીને એ કુંડમાં જવાય છે. એવી લોકવાણી છે કે 'આ કુંડની આજુબાજુની માટી શરીરે ઘસીને કુંડમાં નહાવાથી સફેદ કોઢ મટે છે.' કુંડને કાંઠે ડાબે હાથે આજુબાજુના મયૂ વગેરે જૂના રજવાડાના રાજાઓની ખાંભી ઉપર બંધાવેલી પથ્થરની આઠ દસ છત્રીઓ નજરે પડે છે. આ છત્રીઓનું શિલ્પ ગુજરાતના મુસ્લીમકાળનું છે અને તેની અસર એ શિલ્પમાં દેખાય છે. એક અંગ્રેજ એન્જિનિયરના કહેવા પ્રમાણે આ ખીણની આજુબાજુના ખડકો ગોઠવાની સંસ્કૃતિ પહેલાંના હોય તેમ દેખાય છે. આ આખુંય ચ્યવનતીર્થ ઇદ્રાસી અને હાથમતીના બંધ બંધાયા પછી પાણીમાં ડૂબી જશે. ભલે આ તીર્થ ડૂબે પણ તપ કરીને ઘરડે ઘડપણ યુવાની મેળવનાર ચ્યવન ઋષિની પેઠે ડૂબતું તીર્થ બંધની આજુબાજુની હજારો એકર જમીનને લીલીછમ બનાવીને સદાય લીલી સાડી પહેરતી ધરતીને યુવાની આપશે.

ભુવનેશ્વરથી પાછા ફરતાં નવેક માઈલ દૂર ગાંભોઈની ડાબી બાજુને રસ્તે એક મંદિરનાં ખંડેરો અમે જોયાં. પાસે જતાં જોયું કે જીર્ણ હાલતનું દસમા સૈકામાં બંધાયેલ એ શિવમંદિર છે. મંદિરના ગર્ભદ્વાર ઉપર નવગ્રહની મૂર્તિઓ કંડારેલી છે. આ જાતના નવગ્રહના તોરણવાળાં મંદિરો ગુજરાતમાં થોડાં છે. મંદિરનો સભામંડપ બિલકુલ તૂટી ગયો છે. માથાશૂળ ગામ પાસેનું આ પંચાંગ મંદિર તાત્કાલિક પુનરુદ્ધારની માંગણી કરતું ઊભું છે. 'કોઈ શિલ્પનો રસિયો ધનવાન મને જલદી સમરાવે' એમ એ મંદિર કહેતું હોય એમ લાગે છે।

# " ઇલ્વ દુર્ગ "—ઇડરિયો ગઢ

## [ ટૂંક પહેલી ]

મારા એક મિત્રની જાન ઈડર જવાની હોવાથી તેને ગૃહગંગાને ઓરડે ઇડરિયો ગઢ જીતાડવાની સાથે સાથે ખરેખરો ઇડરિયો ગઢ જોવાની ઈચ્છા હું રોકી શક્યો નહીં. વહેલી સવારમાં સૌ જાનૈયા એસ. ટી.ની બસમાં અમદાવાદથી ઈડર જવા નીકળ્યા. જાનડીયોનાં પ્રભાતિયાંનાં મંગળ ગીતો સાંભળતાં સાંભળતાં નવ વાગ્યે અમે હિંમતનગર પહોંચ્યા. હિંમતનગરથી ઈડર જવાનો રસ્તો ડાબી બાજુએ ફંટાય છે. હાથમતી નદીનો પૂલ વટાવીને આગળ વધતાં, ગુજરાતની સપાટ ભૂમિમાં ક્યાંક ક્યાંક ખડકો ડોકિયાં કરવા માંડયા. દશેક માઇલ આગળ વધતાં સેંકડો મણ વજનની શિલાઓ ટેકરા ઉપર અને જમીન ઉપર દેખાવા માંડી. આગળ વધતાં ડુંગરાઓની હારમાળા દેખાઈ. એ હારમાળાની નજીક પહોંચતાં અમારી બસ ઈડર શહેરના દરવાજા પાસે આવીને ઊભી રહી. આખો દિવસ અને મોડી રાત અમે લગ્નપ્રસંગ ઉજવવામાં ગાળ્યાં. બીજે દિવસે વહેલી સવારે અમે ડુંગરા ઉપરનો પ્રખ્યાત ઇડરિયો ગઢ જોવા માટે નીકળ્યા. પર્વતની નજીક પહોંચતાં તળેટીમાં આવેલું સ્વામીનારાયણનું મંદિર નજરે પડયું. આ મંદિર લગભગ સાઠ વર્ષ પહેલાં બંધાયેલું છે. વિશાળ મંદિર ગુજરાતનાં બીજાં, આજ સંપ્રદાયનાં, મંદિરોની પરંપરા મુજબ બંધાયેલું છે. આગળ વધતાં ઈડરના મહારાજાનો મહેલ નજરે પડયો. કાંઈક રાજસ્થાની, કાંઈક ગુજરાતી અને કાંઈક પશ્ચિમી ઢબની બાંધણી ધરાવતો આ મહેલ આંખને ગમી જાય તેવો છે. આગળ વધતાં પર્વત ઉપર ચઢવાનાં પગથિયાં શરૂ થયાં. થોડાં પગથિયાં ચઢયા પછી આજુબાજુ નજર કરતાં એમ લાગ્યું કે કોઈ યુગમાં રમતે ચડેલ કુદરતે મોટી મોટી શિલાઓ અને ખડકોના ઢગલાઓ કરી દીધા અને ખાલી પડતી જગ્યાને માટીથી પૂરી દીધી હોય એમ સહેજ લાગે. કાળક્રમે આ માટી ધોવાઈ જતાં જ્યાં ત્યાં કુદરતી બોયરાંઓ બનો ગયાં છે.

આશરે દોઢસો પગથિયાં અને ઢાળવાળી પગથી વટાવીને અમે ઇડરિયા ગઢને મુખ્ય દરવાજે પહોંચ્યાં. દરવાજો તૂટી ગયો છે પણ બંને

બાજુની દીવાલો મોજુદ છે. આ દીવાલોને અડીને ઇડરિયા ગઢની પાંચ ફીટ જાડી દીવાલ નજરે પડી. આજ પર્વતમાંથી નીકળતા પથ્થરમાંથી કોટ બનાવવામાં આવ્યો છે. બાંધકામના અને શિલ્પના ક્ષેત્રમાં ગુજરાતના કારીગરે વિશિષ્ટતાઓ બતાવી છે. ઇડરિયો ગઢ આવી વિશિષ્ટતાનો એક નમૂનો છે. આ પર્વતમાંથી નીકળતા પથ્થરના કોઈ ઘાટ ઘડી શકાતા નથી. બીજેથી પથ્થર લાવીને ગઢ બનાવવા જાય તો ઘણી મુશ્કેલીઓ પડે, એટલે એ જમાનાના કારીગરે સ્થાનિક પથ્થરોને ઉપરાઉપરી ગોઠવીને ગઢ બાંધ્યો. આ ખરબચડા પથ્થરના વજનને લઇને પકડ વધારે આવતી હોવાથી ચણતરમાં ચૂનો કે માટીનો બિલકુલ ઉપયોગ કરવામાં આવ્યો નથી. ખૂબીની વાત તો એ છે કે સૈકાઓ પહેલાં ખાલી ઉપરાઉપરી પથરાઓ ગોઠવીને બાંધેલ આ ગઢ ઘણી જગ્યાએ સારી હાલતમાં છે. ગઢની લંબાઈ આશરે સાડા ત્રણ માઇલ છે. ગુજરાતના પાવાગઢ કે જૂનાગઢના જેવા પહાડી ગઢોની સાથે ઇડરિયા ગઢને સરખાવી શકાય નહિ. પણ આજુબાજુનાં જંગલો અને ઢાળ ઉપરના ખડકો આ ગઢને દુશ્મનથી રક્ષતાં હોય એમ લાગે છે. આગળ વધતાં અમે હાલના રાજાના પિતાશ્રીએ બાંધેલ મહેલ પાસે આવી પહોંચ્યા. રજવાડાં વિલીન થયા પછી આવા મહેલોની કોઈ સંભાળ રાખતું નથી. ધીરે ધીરે જીર્ણ થતો આ મહેલ મુસાફરોને જાણે યાદ કરાવતો હોય છે કે રજવાડાંઓના ગયા પછી અમારી સંભાળ લેનાર કોઈ છે કે નહીં ! થોડું ચઢાણ ચઢયા પછી અમે ઇડરિયા પહાડનાં નાનાંમોટાં શિખરોની વચ્ચેના ઉપરકોટના મેદાનમા આવી પહોચ્યા. પંચમુખી મહાદેવનાં દર્શન કરી, સામેના પુરાણા કુંડમાંથી ઠંડું પાણી પીને આગળ વધ્યા. થોડુ ચાલતાં ત્રણ કમાનોવાળી એક ઇમારત નજરે પડી. બાજુમાં રહેતી એક ભરવાડણ ડોશીને પૂછ્યું કે "આ ઇમારત વિશે આપ કાંઈ જાણો છો ?" ડોશીમાએ કહ્યું કે "ભઈલા ! ઈ તો વેણી–વચ્છરાજનો મહેલ છે." અમે ડોશીમાને પૂછ્યું કે "આ વેણી–વચ્છરાજ કોણ હતા ? અને કયારે થઈ ગયા ?" ડોશીમાએ કહ્યુ કે "અમે સાત પેઢીથી આ ડુંગરા ઉપર રહીએ છીએ ને વેણી–વચ્છરાજની વાત કેમ ન જાણીએ ? આ મહેલ બે હજાર વર્ષ પહેલા રાજા વચ્છરાજે બંધાવ્યો હતો. ભાઈ઼ઓ ! તમે અમારા કરતાં વધારે જાણો. આપણાં પુરાણોમાં લખ્યુ છે કે હજારો વર્ષ પહેલાં આપણા દેશમાં ગરુડ પક્ષીની એક જાત વસતી હતી. આ ગરુડ પક્ષીઓ ત્રણચાર મણ વજનના મોટા અજગરને

કે નાનાં વાછરડાંને, અથવા ઘેટાંબકરાંને સહેલાઈથી ઊપાડી જતા. આપણા દેવોમાં વિષ્ણુ ભગવાનનું વાહન પણ ગરુડ છે.

"સ્ત્રીઓને ગર્ભકાળ દરમિયાન ઘણી વખત ન ખાવાની ચીજો ખાવાનું મન થાય છે. તેમ જ ઘણી વખત ન કરવાનાં કૃત્યો કરવાનું મન પણ થાય છે. આ કાળ દરમિયાન સ્ત્રીની આવી ઇચ્છાઓ પૂરી કરવામાં ન આવે તો ગર્ભ ઉપર ખરાબ અસર થાય તેમ આયુર્વેદ-શાસ્ત્રમાં કહ્યું છે.

"આજથી આશરે બે હજાર વર્ષ પહેલાં માળવાના એક રાજાની રાણીને ગર્ભકાળ દરમિયાન લોહીના કુંડમાં નહાવાની ઇચ્છા થઈ. રાણીએ પોતાની ઇચ્છા રાજાને જણાવી. રાજાને બીજું સંતાન ન હતું. તેમજ રાણી ઉપર અપાર હેત હતું. રાજાએ પ્રધાનને બોલાવીને કહ્યું કે 'રાણીને લોહીના કુંડમાં નહાવાનું મન થયું છે. આવતી કાલે પ્રાતઃકાળે લોહીનો કુંડ ભરી રાખજો.' ડાહ્યો પ્રધાન વિચારમાં પડી ગયો. આવી ઘોર હિંસા કરવાનું તેને મન થયું નહીં. રાજાને હાએ હા ભણીને પ્રધાન પોતાને ઘેર ગયો. પ્રધાને ખૂબ વિચાર કરીને બનાવટી લોહીથી નહાવાનો કુંડ ભરવાનું નક્કી કર્યું. તે જ રાત્રે ગામમાંથી દૂધ ભેગું કરીને એક કુંડમાં નાખવાનો હુકમ કર્યો. કુંડમાં હજારો દેગડા દૂધ નાખવામાં આવ્યું. દૂધથી ભરાયેલા કુંડમાં દસવીસ કોથળા ગુલાલ નંખાવ્યું એટલે આખો કુંડ લોહીથી ભર્યો હોય તેવો આ કૃત્રિમ લોહીથી લાગવા માંડયો. પછી પ્રાતઃકાળે પ્રધાને આ કૃત્રિમ લોહીના કુંડમાં નહાવા માટે રાણીને કહેવડાવ્યું. રાણી પોતાની ઇચ્છા તૃપ્ત કરવા માટે તુરત જ ત્યાં આવી અને કુંડમાં નહાવા પડી. આકાશમાં ઊડતું ગરુડ કુંડમાં નહાવા પડેલ રાણીના ચોટલાને સર્પ સમજીને આકાશમાંથી તીર વેગે નીચે ઊતરી આવ્યું અને પોતાના ભક્ષને નહોરમાં પકડીને આકાશમાં ઊડી ગયું! આ બનાવ દાસીઓએ જોયો ન જોયો ત્યાં ગરુડ રાણીને ઊપાડીને કયાંનું કયાં અદૃશ્ય થઈ ગયુ. ઊડતાં ઊડતાં આ ગરુડ ઈડરિયા પર્વતના એક શિખર ઉપર આવીને બેઠું. પોતાના ભક્ષ અજગરને સ્થાને વાળનો ઝુમખો જોઇને ગરુડ નવા ભક્ષની શોધમાં ઊડી ગયું. અણધારી આફતથી બેભાન થઈ ગયેલી રાણી જાગૃત થઈ ત્યારે પોતાને એક પહાડના શિખર ઉપર પડેલી જોઈ. નિઃસહાય રાણી ધ્રુસકાં મૂકીને રડવા લાગી. તેનું રુદન સાંભળીને પાસેની ગુફામાં રહેતા એક ઋષિના શિષ્યો ત્યાં

હોડી આવ્યા. મહામહેનતે રાણીને શિખર ઉપરથી નીચે ઉતારીને આશ્રમમાં લઈ ગયા. પછી રાણીએ પોતાની આપવીતી કહી સંભળાવી.

"ઋષિ ભૂરા બાવા અને તેના શિષ્યો રાણીની સરભરા કરવા લાગ્યા. થોડા વખતમાં રાણીને આશ્રમમાં ફાવી ગયું. યથાસમયે રાણીએ એક તંદુરસ્ત અને સુંદર બાળકનો જન્મ આપ્યો. આ બાળકનું નામ વચ્છરાજ પાડવામાં આવ્યું ધીરે ધીરે વચ્છરાજ મોટો થવા લાગ્યો. ઉંમરલાયક થતાં આ બાળક વિદ્યાભ્યાસ કરવા લાગ્યો અને યુવાન થતામાં તો સોળે કળામાં પારંગત થઈ ગયો આશ્રમની ફૂલવાડીના રક્ષણનો ભાર વચ્છરાજને સોંપવામાં આવ્યો. એક વખત એવો બનાવ બન્યો કે પૂજાનાં પુષ્પો ફૂલઝાડ ઉપરથી કોઈ ચોરી ગયું. વચ્છરાજની રાતદિવસની ખડી ચોકી વચ્ચેથી પણ ફૂલો રોજ ચોરાવા લાગ્યાં. ચોર ન મળવાથી વચ્છરાજ મૂંઝાયો. એક રાતે વચ્છરાજ ફૂલનાં વૃક્ષો વચ્ચે છુપાઈ ગયો. રાતના ત્રીજા પહોરે બાજુની ગુફામાંથી એક સ્ત્રી નીકળી આવી અને ફૂલો વીણવા લાગી. વચ્છરાજ ચોરને પકડવા ગયો, પણ એ સ્ત્રી પગરવ સાંભળીને ગુફા તરફ નાઠી. વચ્છરાજે પોતાની કટારનો ઘા કર્યો, પણ તે સ્ત્રી કટારનો ઘા ચૂકાવી ગુફામાં પેસી ગઈ. બીજે દિવસે વચ્છરાજે પેલી ગુફાના મોઢા આગળ કોઈના કપાયેલા વાળની વેણી પડેલી જોઈ. વચ્છરાજ સમજી ગયો કે પોતાનું નિશાન બિલકુલ ખાલી તો નથી જ ગયું. પછીથી વચ્છરાજે આજુબાજુના પ્રદેશમાં વાળ કપાયેલ સ્ત્રીની તપાસ કરવા માંડી. આખરે તપાસને અંતે માલૂમ પડયુ કે એ બાજુના જંગલમાં રહેતા નાગરાજની એ કન્યા હતી. પહેલી નજરે જ વચ્છરાજ એ કન્યાના પ્રેમમાં પડી ગયો ધીમે ધીમે નાગરાજની કન્યા વેણી અને વચ્છરાજ વચ્ચેના પ્રેમની વાત ભૂરા બાવાએ જાણી. ભૂરા બાવાએ નાગરાજની કન્યાનું વચ્છરાજ સાથે માગું નાખ્યું. નાગરાજે માગું કબૂલ કર્યું. અને આખરે વેણી–વચ્છરાજનાં લગ્ન થયાં. વચ્છરાજ રાજકુમાર હોવાથી ભૂરા બાવાએ તેને આ પ્રદેશના રાજા તરીકે સ્થાપ્યો. વખત જતા પરાક્રમી વચ્છરાજે પોતાના જ બાહુબળથી આજુબાજુનો પ્રદેશ સર કર્યો. આતાપી તથા વાતાપી નામના અસુરોને હરાવીને મોટો સુવર્ણભંડાર કબજે કર્યો. પછી આ પર્વત ઉપર મહેલ બનાવ્યો, મોટું શહેર વસાવ્યું અને જબરો કિલ્લો બંધાવ્યો." ડોશીમાએ કહ્યું કે "એ શહેર તો નાશ પામ્યું છે. ગઢ પડું પડું થઈ રહ્યો છે. પણ આ મહેલ હજી એવો ને એવો મોજૂદ છે." અમે વેણી–વચ્છરાજના મહેલ પાસે પહોંચ્યા

અને જોયું તો હજારો વર્ષ પહેલાં થઈ ગયેલ વેણી–વચ્છરાજના વખતનું તે મહેલનું બાંધકામ ન હતું. બાંધકામ ઉપરથી એમ અનુમાન કરી શકાય કે ૪૦૦ વર્ષ પહેલાંનું એ બાંધકામ હશે. ઇડરના હાલના રાજાના વડવાઓએ મહેલ બાંધ્યો હોય તેમ લાગે છે આ મહેલનું બાંધકામ રાજપૂતી અને મુસ્લિમ સંસ્કૃતિના મિશ્રણથી થયેલ બાંધકામ જેવું છે. 'દીવાને ખાસ'ની નાની પ્રતિકૃતિ જેવો આ મહેલ લાગે છે. આંબેર ગઢ, આગ્રા અને દિલ્હી તથા ફતેહપુર સિક્રીના મહેલોનું બાંધકામ આને મળતું છે. મહેલમાં દાખલ થતાં ત્રણ કમાનો અને તેની નીચેના સ્તંભો તથા સામેની દીવાલે રાજાને બેસવાનું સિંહાસન ભૂખરા પથ્થર (સેન્ડ સ્ટોન)માંથી બનાવાયેલાં દેખાય છે. સિંહાસનનું શિલ્પ ભૂમિતિના નાજુક આકારોથી ભરપૂર છે. આ આખા મહેલની નીચે એક ભોંયરું આવેલ છે. સભાખંડની બાજુમાં બંને બાજુ બબ્બે ખંડો આવેલા છે. આ મહેલમાં ભરવાડો ઢોર બાંધે છે. આવા સુંદર મકાનની આવી ઉપેક્ષા સરકારે તુરત જ અટકાવવી જોઈએ અને નજીવા સમારકામ દ્વારા આ મહેલને તૂટી જતો અટકાવવો જોઈએ. આ મહેલની પાછળ જતાં અમે એક કૂવો જોયો. આ કૂવાની બાજુમાં દિલ્હીના લાલકિલ્લા અને માંડવગઢમાં બનાવેલ કૃત્રિમ જળધોધ જેવો એક ધોધ અહીં બનાવ્યો હોય તેમ લાગે છે. આ કૂવાની બંને બાજુ ભૂખરા પથ્થરમાંથી કોતરી કાઢેલા બે નાના હાથીઓનું શિલ્પ આંખને ગમી જાય તેવું છે. ત્યાંથી આગળ વધતાં એક મોટું મંદિર નજરે પડયું. થોડાં વર્ષ પહેલાં પુનરુદ્ધાર પામેલ તે જૈન શ્વેતાંબર મંદિર ઘણું જ વિશાળ છે. ચારે બાજુ તીર્થંકરોની નાની નાની દેરીઓ વચ્ચે રક્ષાયેલ આ જૈન મંદિર ઘણું ભવ્ય છે. જૈન મંદિરોની પુરાણી પરંપરા જાળવીને આ મંદિરનું શિલ્પ સર્જવામાં આવ્યું છે. આ મંદિરના સભાખંડમાં સંગેમરમરના રંગબેરંગી પથ્થરોથી બનાવેલો ગાલીચો જોવાલાયક છે. આ મંદિરની પાછળ એક કુદરતી ગુફા આવેલી છે. મંદિરની બાજુમાં જૈન દિગંબર પંથનું વિશાળ દેરાસર આવેલું છે. શિલ્પની દૃષ્ટિએ તથા બાંધણીની દૃષ્ટિએ થોડાં વર્ષો પહેલાં બંધાયેલ આ મંદિર સાધારણ છે, પણ આંખને ગમી જાય તેવું છે. આ મંદિરની બાજુમાં એક કુંડ આવેલો છે. એ કુંડની આજુબાજુ નાનાંમોટાં દેવસ્થાનો આવેલાં છે. આ કુંડથી થોડે દૂર જતાં ઇલ્લ દુર્ગનો એક દરવાજો સારી હાલતમાં નજરે પડે છે. કોને ખબર કે આ દરવાજો વચ્છરાજે જ બંધાવ્યો હશે કે બેત્રણ વખત

દુશ્મનોના હુમલા સામે ટક્કર ઝીલતો ખંડિત થઈને કે ભગવાન કાલ મુખના ખપ્પરમા જીર્ણ થઈને ત્યાર પછીના બીજા કોઈ રાજવીને હાથે પુનરુદ્ધાર પામ્યો હશે કે નવસર્જિત થયો હશે !

ઇલ્લ દુર્ગ મહાગુજરાતના લોકજીવનમા એટલો બધો વણાઈ ગયો છે કે કોઈ અતિ આકરા કાર્યમા મેળવેલી સફળતા ઇડરિયો ગઢ જીત્યા જેટલી જ આકરી ગણવામા આવે છે. ઇલ્લ દુર્ગનો અર્થ ઇલ્લ એટલે ઘર અને દુર્ગ એટલે ગઢ–ઘર જેવો ગઢ. અને આજે એ ઘર જેવો ગઢ ઘર ઘરમા એવો તો વણાયો છે કે લગ્ન પ્રસંગોમા આજે પણ ગવાય છે, " અમે ઇડરિયો ગઢ જીત્યા હો લાડકી ."

# રણુમલ ચોકી—ઇડરિયા ગઢ

## [ ટૂંક બીજી ]

મારા મિત્રના સમપ્રસંગે ઇડરિયા ગઢની પહેલી ટૂંક જોઈ હતી, પણ બીજી ટૂંક જોવાની બાકી રહી ગઈ હતી. સં. ૨૦૧૬ના માગશર મહિનામાં ઇડરિયા ગઢની બીજી ટૂંકના ભોંયરામાં રહેતા શુમાનંદ સ્વામીને મળવાની ઇચ્છાથી અમે એ. પી. રેલવે લાઈનમાં ઈડર જવા નીકળ્યા. ગાડી બે કલાક મોડી થઈ હોવાથી પહેલી ટૂંકે પહોંચતાં બપોરના બે વાગી ગયા.

પહેલી ટૂંકનું મેદાન વટાવી અમે આગળ વધ્યા. નાનામોટા ખડકો વચ્ચે વહી જતા એક ઝરણાને કાંઠે કાંઠે અમારો માર્ગ આગળ વધતો હતો. માર્ગ અતિ વિકટ અને સીધા ચઢાણવાળો હતો. પગથિયાં લીસાં હોવાથી અમારામાંના એક ભાઈએ બે વાર પગથિયાં માપી લીધાં ! માર્ગની આજુબાજુ નાનીમોટી ગુફાઓ નજરે પડતી હતી. રસ્તાની ડાબી બાજુએ સાહેબની ટોપી જેવા ઘાટના પથ્થરની નીચે ચારે બાજુ કુદરતી રીતે જ પથ્થરના ટેકાથી ગુફા બની ગઈ હતી. ગુફામાં જાણે કુદરતને પોતાને જ ઠંડી ઊણપ લાગી હોય તેથી ગુફા વચ્ચેથી એક રમતિયાળ ઝરણું વહેતુ કર્યું હતું. આવી ગુફાઓમાં જંગલી જાનવરો રહે છે એવી માહિતી મળી હતી. જ્યાંત્યાં ઊગેલા જંગલી ખડચંપાના છોડવાઓ અને ગુગળીનાં લીલાંછમ વૃક્ષોનું સૌન્દર્ય ખડકો તથા કોતરોની ભયંકરતા ભૂલાવી દેતું હતું આવા વાંકા માર્ગ પરના અર્ધાએક માઈલના ચઢાણ પછી "દેરાણી જેઠાણીનાં સાંબેલાં"ને નામે ઓળખાતા એક વિશાળ પથ્થર પાસે અમે પહોંચ્યા. સાંબેલાના આકારનો આશરે પાંત્રીસેક ફીટ ઊંચો એ પથ્થર જોઈને કોઈને યે આશ્ચર્ય થયા વિના રહે નહિ ! આબુ પરનો દેડકાના આકારનો પથ્થર જેમ કુદરતની એક અનેરી કૃતિ છે તેમ આ પથ્થર પણ છે. એની પડખે હજારો મણ વજનના અને લગભગ એટલી જ ઊંચાઈના જુદા જુદા આકારના બીજા ત્રણ ખડકો ઊભા છે. બાજુએથી પસાર થતી ઈડરિયા ગઢની દીવાલ ઉપર આગળ વધતાં અમે ભૂરા બાવાની ગુફાએ પહોંચ્યા. ચારપાંચ મોટા ખડકો એક બીજાના ટેકાથી સામસામા ઊભા હતા. એમની વચ્ચેનું કુદરતી પોલાણ

જ 'ભૂરા બાવાની ગુફા'ને નામે ઓળખાતું. સો માણસો આનંદે રહી શકે એટલી વિશાળ એ ગુફા છે. એને બીજા છેડેથી નીચે નજર નાખતાં આખુંય ઇડર શહેર અને તેની આજુબાજુનો વિસ્તાર નજરે પડે છે. એ ગુફામાં રહેતા ભૂમાનંદ સ્વામી પાસે બેએક કલાક રોકાઈ અમે ઇડરિયા ગઢની દીવાલ પર ચાલતા ચાલતા સામે દેખાતી "રણમલ ચોકી" પર પહોંચ્યા.

તેરમા સૈકામાં મુસ્લિમોનાં ધાડાં વિનાશ વેરતાં વેરતાં અને ભારતનાં શિલ્પસંસ્કૃતિપ્રદર્શક મંદિરોનો નાશ કરતાં કરતાં ગુજરાત પર ફરી વળ્યાં હતાં. એવે સમયે પણ ઇડરિયો ગઢ અણનમ ઊભો હતો.

રણમલ ચોકીના મંદિરનું શિલ્પ જોઇને કોઈ પણ કલારસિકનું મસ્તક નમ્યા વિના ન રહે. ચાળીસ ફીટ લાંબી અને અઢાર ફીટ પહોળી 'બેસણી' ઉપર બંધાયેલા આ મંદિરનો બહારનો ભાગ નીચેથી ઉપર સુધી કોતરણીથી ભરપૂર છે. 'નિજ મંદિર' અને 'સભામંડપ' એમ બે જ ભાગમાં બંધાયેલા આ મંદિરની કારીગરી અજોડ છે. સોલંકી યુગમાં બંધાયેલા 'નિજ મંદિર'ના બહારના ભાગમાં ગ્રહથર, ગજથર, નરથર કે દેવથરના કંદોરા નથી, પણ બેસણી ઉપરથી શરૂ થતી જળંભા, કણી, કુંભ અને કળશ તથા કવેલાની સળંગ કીનારીઓ—એ સર્વ એટલાં બધાં સપ્રમાણ છે કે જોનારની નજર ત્યાં જ ચોંટી જાય!

પીઠ તેમજ કીનારીના ભાગ પર આવેલ પ્રદક્ષિણાપથના બહારના ભાગના ત્રણે ય દિશાના ત્રણ ઝરૂખાઓ—એ એના શિલ્પનું સૌથી વધુ આકર્ષક અંગ છે. એ ઝરૂખાઓની જાળીઓ મહાગુજરાતના મુસ્લિમ-કાળ દરમિયાન બંધાયેલી અમદાવાદ, ચાંપાનેર, ધોળકા કે વટવા વગેરેની જાળીઓ કરતાં ચઢિયાતી છે. આ ઝરૂખાની નીચેના ભાગના ઊભા અર્ધષટ્કોણ કોતરણીવાળા ટેકાનું અને એ ટેકાની ઉપરના ભાગનું એ વેળાના જનસમુદાયનું દૈનિક જીવન આલેખતું શિલ્પ ખૂબ જ સપ્રમાણ અને સુંદર છે. વળી ઝરૂખા સિવાયના મંડોવરની જંઘાના ભાગમાં આવેલી દેવદેવીઓની ત્રણત્રણ ફીટ ઊંચી પ્રતિમાઓ ગુજરાતના એ સમયના શિલ્પનો વિકાસ દર્શાવે છે—ખાસ કરીને 'મહિષાસુર મર્દિની' અને 'ગણેશનર્તન'ની મૂર્તિઓ જોવા જેવી છે.

ઉપરાંત દેવીદેવીઓની તેમ જ નર્તિકાઓની પ્રતિમાઓનું શિલ્પ આંખને ઠારે એવું છે. મંદિરનો સભામંડપ કોઇ મકાનની પરસાળ જેવો લાગે છે. બે બાજુએથી બંધ સભામંડપમાં દાખલ થતાં ગર્ભમંદિરનું

મુખ્ય દ્વાર નજરે પડે છે. તેની નાજુક છતાં ઉઠાવદાર કોતરણી મંદિરને વધારે દીપાવે છે. ગર્ભમંદિરમાં દાખલ થતાં જ અપતૂટેલું આસન નજરે પડે છે. કહેવાય છે કે મંદિરની નીચે દટાયેલા ખજાનાની લાલચે આ મંદિરનું તળીયું કોઈએ ખોદી નાખ્યું હતું. ગર્ભમંદિરની આજુબાજુના પ્રદક્ષિણાપથમાં આવતા ઝરૂખાઓ તેમ જ બીજા ખૂણાઓ પાસે બનાવેલા નાના નાના ગોખલાઓમાં વીસ વર્ષ પહેલાં કાળા આરસમાંથી બનાવેલી દેવદેવીઓની પ્રતિમા વિરાજતી હતી. હાલમાં એ પ્રતિમાઓ પરદેશના મ્યૂઝીઅમને શોભાવી ભારતના શિલ્પને ઉજાળી રહી છે.

સોલંકી યુગ પછી ગુજરાતમાં બંધાયેલાં મંદિરોમાં આ મંદિરની શૈલી જુદી પડે છે. થરોની કોતરણીને પડતી મૂકી સભામંડપ અને 'નિજ મંદિર'ના મંડોવરના બહારના ભાગમાં ત્રણ ફીટ ઊંચાઈની વિવિધ અંગ-ભંગ બતાવતી દેવદેવીઓની અખંડ મૂર્તિઓ આ મંદિર સિવાય ગુજરાતમાં ભાગ્યે જ જોવા મળે છે. એ જ યુગમાં કોતરાયેલી દક્ષિણની મૂર્તિઓનું શિલ્પ વધારે આબેહૂબ, સપ્રમાણ અને લાક્ષણિક છે એ ખરું, પણ હલકી જાતના રેતિયા પથ્થર ( Sand Stone )માં કોતરેલું અહીંનું શિલ્પ પ્રમાણમાં ઊતરતું ન લેખાય.

ગુજરાતના શિલ્પના ઉત્તમ નમૂનારૂપ રત્નુમલ ચોકીના આ મંદિરને ગુજરાત સરકારે કે કેન્દ્ર સરકારે 'રક્ષિત ઇમારત' તરીકે શીઘ્ર જ જાહેર કરવું જોઈ એ. અન્યથા ક્રમશઃ જીર્ણ થતા આ મંદિરનું અજોડ સ્થાપત્ય કાળગર્ભમાં વિલીન થઈ જશે. શિલ્પકારો, પુરાતત્ત્વવિદો અને ઐતિહાસિક સંશોધનમાં રસ ધરાવનારાઓએ આ મંદિર અચૂક જોવું જોઈ એ.

૨૬

# સોલકી કાળોત્તર મંદિરો

## [ ગદાધર ક્ષેત્ર ]

**અનાદિ કાળથી** માનવી પોતાના ઇષ્ટદેવનું સ્થાન પોતાના આશ્રયસ્થાન કરતા વધારે સુંદર બનાવવાનો યત્ન કરતો આવ્યો છે. માનવી જ્યારે ઝૂંપડામા રહેતો ત્યારે એકાદ વિશાળ સુંદર ઝૂંપડું બનાવીને એ ઝૂંપડાને ચટાઈઓ, વલ્કલ તેમ જ પત્રપુષ્પથી શણગારીને સુંદર બનાવતો પછી જ્યારે માનવી ઇંટ–માટીના મકાનમા રહેતા શીખ્યો ત્યારે ઇંટોમા કોતરણી કરીને પોતાના દેવમંદિરને વિવિધ આકૃતિઓમા બાંધવા લાગ્યો. સમય જતા રહેઠાણોમા પથ્થર અને લાકડાનો ઉપયોગ થવા લાગ્યો. પછી એ યુગમા દેવમંદિરોમા લાકડા પર સુંદર કોતરણી થવા લાગી અને નિર્જીવ પથ્થરોમા શિલ્પી પોતાના ટાંકણાથી પ્રાણ પૂરતો થયો.

ભારતમાં જ્યારે આર્યો આવ્યા ત્યારે મોટે ભાગે તેઓ ભટકતું જીવન ગાળતા હતા, પણ ધીરે ધીરે બારે માસ અન્ન અને ઘાસચારો ઉત્પન્ન થાય એવી જગ્યાઓએ ગામડા બાંધીને તેઓ રહેવા લાગ્યા. આવા ગામડાઓમા એમણે પોતાના ઇષ્ટદેવોના મંદિરો બનાવ્યા ભારતમા બૌદ્ધધર્મ પ્રસર્યો એ પહેલા મંદિરો વાસના અને ઘાસના ઝૂંપડા જેના બનાવવામા આવતા બૌદ્ધોએ બુદ્ધ ભગવાનના કે તેમના પટ્ટશિષ્યોના અવશેષો ઉપર ઇંટ–માટીના સાદા વર્તુલાકાર સ્તૂપો બનાવવાની શરૂઆત કરી ધીરે ધીરે આવા સ્તૂપોને વિવિધ ઘાટો અપાવા લાગ્યા અને સ્તુપોની ચોમેર બુદ્ધ ભગવાનની મૂર્તિઓ મૂકવામા આવી. આમ બૌદ્ધ મંદિરો બંધાવાની શરૂઆત થઈ એ કાળમા બ્રાહ્મણ ધર્મીઓએ જુદા જુદા દેવદેવીઓના મંદિરો બાંધવાની શરૂઆત કરી. પ્રારંભમા તો દેવમૂર્તિને રાખવાનો એક જ ખંડ બંધવામા આવતો, પણ પછી ધીરે ધીરે દર્શનાર્થીઓને ઊભા રહેવાના ભાગને ત્રણ બાજુથી ખુલ્લો અને ઉપર અગાસીવાળો બીજો ખંડ બનાવવામા આવ્યો, જેને સભાખંડ કહેવામાં આવે છે.

ગુપ્તકાળના પાંચમા સૈકામા બંધાયેલું આવું એક મંદિર સાંચી પાસે મળી આવે છે. એને જ મળતુ બીજુ એક શિવમંદિર જબલપુર જિલ્લામા

ટીંગવા ગામ પાસે મળી આવે છે. એ અરસામાં દક્ષિણ ભારતમાં પણ પથ્થરનાં મંદિરો બંધાવાં શરૂ થયાં. રાજા સત્યાર્થ પુલકેશીના વખતમાં બંધાયેલાં છઠ્ઠા સૈકાનાં બે શિવમંદિરો ધારવાડ જિલ્લાના અઠોલો તથા બદામી ગામ પાસે હયાત છે.

મંદિરોને દૂરથી જોઈ શકાય અને ખેતરમાં પોતાનું કામકાજ કરતાં કરતાં માણસ પોતાના ઈષ્ટદેવને દૂરથી જોઈને સ્મરી શકે એ હેતુથી દેવસ્થાન ઉપર શિખરો બાંધવાની શરૂઆત પણ એ અરસામાં જ થઈ. છઠ્ઠા, સાતમા અને આઠમા સૈકામાં ગુપ્તકાલીન અસરોવાળાં મંદિરો ગુજરાત, મારવાડ તથા મેવાડમાં બાંધવામાં આવ્યાં. એવાં મંદિરોનાં શિખર આગળના સભામંડપ ઉપર સમતલ છત બાંધવાની શરૂઆત પણ ત્યારે જ થઈ.

મારવાડમાં જોધપુરથી બત્રીસ માઈલ પશ્ચિમે આવેલા ઓસીયા નામે ગામમાં સાતમા, આઠમા, નવમા અને દસમા સૈકાનાં મંદિરો હજી પે-કોઈક સારી તો કોઈ જૂનું હાલતમાં-હયાત છે. એ જ શૈલીનું એક મંદિર ગુજરાતમાં મોડાસાથી અઢાર માઈલ દૂર ગઢાધર તીર્થ-ક્ષેત્રમાં મેશ્વો નદીને કાંઠે શરસંગ ઋષિને આરે આવેલું છે એવી માહિતી મને મળતાં હું ત્યાં ગયો હતો.

અમદાવાદથી હરેગામ, રુખિયાલ, વડાગામ, ધનસૂરા અને મોડાસા થઈને ગઢાધરતીર્થ ક્ષેત્ર તરફ એક સીધી બસ જાય છે. 'નેશનલ હાઈવે'થી ઊતરતાં જ જમણે હાથે જતા માર્ગ ઉપર મેશ્વો નદીને સામે કાંઠે અમે પહોંચ્યા. દૂરથી એક મંદિર જોયું. ગુપ્તકાલીન મંદિર ધારીને અમે મંદિરમાં ગયા, પણ એ સોલંકી શૈલીનું મંદિર હોય એમ લાગ્યું. એને રણછોડજીનું મંદિર કહેવાય છે. તેનો સભામંડપ તૂટી ગયો છે પણ પાયાણનો નંદી જોવા જેવો છે. એ મંદિરના દ્વાર કને લીલા પથ્થરમાંથી કોતરેલા બે પણીઆઓનું તથા મંદિરના પાછલા ભાગે આવેલી શિવપાર્વતીની મૂર્તિનું શિલ્પ અતિ સુંદર છે. બાજુમાં એક કુંડ છે, જે 'સૂર્યકુંડ' કહેવાય છે. એની ભીંતમાંની મૂર્તિઓ જોવા જેવી છે: આ મંદિરને દરવાજેથી નજર કરતાં દૂરથી જ ઓળખી શકાય એવું સોલંકી કાળોત્તર મંદિર અઢીસો ફીટ દૂરથી અમે જોયું. એ મંદિરની પાસે જતાં અમને લાગ્યું કે ઓસીયાના મંદિરને મળતા શિખરવાળું એ મંદિર છે. એ મંદિરના સભાખંડનો પુનરોદ્ધાર દસમા સૈકામાં

કરવામાં આવ્યો હોય એમ લાગે છે. અમે મંદિરની અંદર ગયા પણ અંદર કોઈ આસનસ્થ મૂર્તિ નહોતી કે નહોતો કોઈ પૂજારી! દેવ ન હોવાથી પૂજારી નહોતો અને પૂજારી ન હોવાથી મંદિર જીર્ણ થતુ લાગ્યું.

આ મંદિરની સન્મુખ પાંત્રીસેક ફીટ દૂર એક સુંદર તોરણ બાધવામાં આવ્યું છે. ગુજરાતમા કલાત્મક તોરણો બાધવાની શરૂઆત આ તોરણથી થઈ લાગે છે. ૧૩ાા'ની ઊંચાઈ અને ૭ાા'ની પહોળાઇવાળું આ તોરણ નીચેથી ઉપર સુધી કલાત્મક કોતરણીથી અલંકૃત છે. તોરણની બન્ને બાજુએ ઉપરને ખૂણે બહાર નીકળતુ ઘોડેસવારોનું શિલ્પ નયનરમ્ય છે. આ મંદિરને 'હરિશ્ચંદ્ર રાજાની ચૉરી'ને નામે ઓળખવામાં આવે છે. ગાધીજીના સત્યના સિદ્ધાંતને હજારો વર્ષ પહેલા પચાવનાર રાજા હરિશ્ચંદ્રની મૂર્તિ જો આ મંદિરના ખાલી આસન ઉપર મૂકવામા આવે તો ગાધીજીના સત્યના સિદ્ધાતને મૂર્ત સ્વરૂપ મળે અને જોડે જોડે જીર્ણ-ક્ષીણ આ મંદિરને નવજીવન મળે. આ મદિર બધાયુ હશે એ કાળમા મદિરનો ચોક પથ્થરમઢયો હશે એમ લાગે છે. આ મંદિરની પાછળ એક નાના મંદરના અવશેષો પડયા છે. અમે આ મદિર જોઇને નદીકાઠે એક ફર્લાંગ આગળ ગયા કે નદીને સામે કાઠે, વિશ્રામ ઘાટ ઉપર, અમે એક મદિર જોયું. નદી પાર કરીને અમે એ મદિરે પહોચ્યા.

'કળશી છોકરાની મા'ને નામે ઓળખાતા એ નાનકડા શિવમંદિરમાં પાર્વતીજીને સ્થાને લીલા પારેવા રગના પથ્થરમાથી બનાવેલી એક મૂર્તિ અમે જોઈ. પૂજારીએ કહ્યુ કે 'બાજુના મંદિરના ખોદકામમાથી એ મૂર્તિ મળી આવી છે.' એ મૂર્તિ છઠ્ઠા સૈકાની હોય એવું શિલ્પશાસ્ત્રીઓ અનુમાન કરે છે. આ મૂર્તિનું શિલ્પ અત્યંત ઉચ્ચ કોટિનુ છે.

આ મદિરની પાછળ ડુંગરાના ઢાળ ઉપર રઘુનાથજીનું મંદિર આવેલુ છે, જે આખું ય ઇંટોથી બધાયું છે. આ ઇંટેરી મદિરની કોતરણી ઇંટો પકવ્યા પહેલા બીબામા કાચી માટીના ઢાળ પાડી પકવવામા આવી હોય એમ લાગે છે. આ મદિરને બહારથી પ્લાસ્ટર કરવામા આવ્યુ નથી ખુલ્લી ઇંટોની આવી કોતરણી શામળાજીના તીર્થસ્થાનોનાં મદિરોમા જ જોવા મળે છે. આ મદિરના ગોખલાઓના ઝુકાવ બીબામા પહેલેથી કાચી માટી ઢાળીને પછી પકવવામા આવ્યા છે. આ જાતના ગોખવાળા મદિરો ક્ષાગ્યે જ જોવા મળે છે. શામળાજીના

જૂના મંદિરની બાંધણી આ મંદિરને મળતી છે. કાળ ભગવાન સામે સખત પથ્થરો પણ ન ટકી શકે ત્યાં પકવેલી માટીના આવા અણીશુદ્ધ નમૂનાઓ સર્જનારા શિલ્પીઓને મસ્તક નમી પડે છે! આ મંદિરના ઘુમ્મટનો પુનરુદ્ધાર કરવામાં આવ્યો હોય એમ લાગે છે. એ ઘુમ્મટમાં જુદાં જુદાં દેવદેવીઓ તેમ જ નર્તકીઓની સુંદર અને સજીવ લાગતી મૂર્તિઓ વર્તુલાકારે ગોઠવવામાં આવી છે. આ મંદિરની પૂર્વે પચીસેક ફીટ છેટે આવેલા ચોગાનમાં એક પ્રતિમા પડી છે. ચારેક ફીટ ઊંચા અને પોણા ફીટ પહોળા એક રેતીયા પથ્થર ( Sand-stone )માંથી કોતરી કાઢેલી આ પ્રતિમા ખંડિત દશામાં ઊભી છે. ત્યાંના લોકો એ પ્રતિમાને 'સાગરપેટા ઋષિની પ્રતિમા' અથવા 'ઔદુમ્બર ઋષિની પ્રતિમા'ને નામે ઓળખે છે, પણ ખરેખર તો તે કુબેર પ્રતિમા છે.

કોઈક નૂતન શિલ્પી એવા જ પથ્થરમાંથી પોતાના ટાંકણા દ્વારા એવી જ પ્રતિમા કોતરીને આ પ્રતિમાની બાજુમાં મૂકે તો ભગ્ન અવયવોવાળી આ પ્રતિમા નવસર્જિત થતી હોય એમ લાગે.

# વરાહમંદિર ( કૃષ્ણમંદિર )

પૃથ્વી ઉપર જીવન કેમ પાંગર્યું તથા આદિ મનુષ્યથી હાલના માનવીના શારીરિક તથા બૌદ્ધિક ફેરફારો ક્રમે ક્રમે શી રીતે થયા એ વિષયમાં પશ્ચિમના એક સંશોધક અને લેખક ડાર્વિને હજી ગયા સૈકામાં દાખલાદલીલ સહિત પ્રકાશ પાડયો છે. પશ્ચિમ તરફી વલણ ધરાવનાર ભારતીઓ ડાર્વિનની 'થીઅરી'ના ભમોઢે વખાણ કર્યે જાય છે. પણ આ બાબત ભારતનાં પુરાણો હજારો વર્ષ પહેલાં કેટલો પ્રકાશ પાડી ગયાં છે એ જાણવાની આવા ભાઈઓને ફુરસદ નથી. પુરાણોમાં લખાયેલા ભગવાનના દશ અવતાર આ બાબતમાં ઘણો પ્રકાશ ફેંકે છે.

પૃથ્વી જળમય હતી ત્યારે જળચરોમાં પ્રથમ ઉત્પન્ન થનાર મત્સ્યને હિન્દુ પુરાણોએ ભગવાનનો મત્સ્યાવતાર ગણ્યો, જ્યારે પૃથ્વીના થોડા ભાગો પાણી નીચેથી બહાર આવ્યા ત્યારે જળ અને સ્થળ ઉપર સાથે રહી શકે એવા જીવોમાં પ્રથમ ઉત્પન્ન થનાર કાચબાને ભગવાનનો બીજો અવતાર ગણ્યો છે. પૃથ્વીના વધારે ભાગો જળમાંથી બહાર આવ્યા તે સમયે કીચડવાળી પૃથ્વી ઉપર રહી શકતાં જાનવરોના પ્રથમ ઉત્પત્તિ-સ્વરૂપ વરાહને ભગવાનનો ત્રીજો અવતાર ગણ્યો. સમય જતાં પૃથ્વી ઉપર જંગલો છવાઈ ગયાં. વનચર જીવો આ જંગલોમાં ઉત્પન્ન થવા લાગ્યા. એવે સમયે આવા જીવોમાં શ્રેષ્ઠ એવા નૃસિંહને હિન્દુ પુરાણોએ ભગવાનનો ચોથો અવતાર ગણ્યો. વળી પાછાં હિન્દુ પુરાણો આગળ વર્ણવે છે કે બેપગા જીવોમાં શરૂઆતમાં નીચા શ્યામ વર્ણવાળા વામન મનુષ્યો ઉત્પન્ન થયા અને પુરાણોએ મનુષ્યના આદિ પુરુષને વામન ભગવાનનો પાંચમો અવતાર ગણ્યો. વળી પાછા સૈકા ગયા. ઊંચી પડછંદ કાયા ધરાવનાર, હાથમાં પરશુ ધારી ઢોર ઉછેર માટે ભટકતું જીવન ગાળનાર આર્ય પ્રજામાં શ્રેષ્ઠ એવા ભગવાન પરશુરામને ભગવાનનો છઠ્ઠો અવતાર ગણ્યો. સૈકાઓ પછી સ્થિર જીવન સ્વીકારનાર આર્ય પ્રજાના જીવનના સર્વશ્રેષ્ઠ અવતાર સમા રામને ભગવાનનો સાતમો અવતાર ગણ્યો. સૈકાઓ ચાલ્યા ગયા અને આર્યાવર્તમાં ખેતીની બાબતમાં સર્વશ્રેષ્ઠ ગણાનાર બલરામને હિન્દુ પુરાણોએ ભગવાનનો આઠમો અવતાર ગણ્યો. જેના અવશેષો હાલમાં ભારતવર્ષમાં જળવાઈ રહ્યા છે એવા

પૃથ્વી ઉપર અહિંસાનો મત ફેલાવનાર ભગવાન બુદ્ધને એ સમયના મનુષ્યશ્રેષ્ઠ તરીકે ભગવાનના નવમા અવતાર તરીકે ગણ્યા અને છેલ્લે હિન્દુ પુરાણો આગાહી કરીને કહે છે કે 'कल्की खड्गोऽश्वारूढो' ખડ્ગધારી અને અશ્વારૂઢ મનુષ્યશ્રેષ્ઠ એવા ભગવાન કલ્કી ભવિષ્યમાં પૃથ્વી ઉપર હિન્દુ ધર્મે માનેલ દશમા અવતાર તરીકે અવતરશે.

પુરાણોએ એકલા જળચર અને ભૂચર, જળની નજીક કીચડમાં રહેનાર ભૂચર, જંગલમાં રહેનાર પશુ આદિ નીચા મનુષ્ય, ઊંચા મનુષ્ય, ધીમે ધીમે સુધરતા જતા મનુષ્ય, વધારે પડતા ખેતી તરફ ધ્યાન આપતા મનુષ્ય, સંસાર–વ્યવહારમાં તથા બીજી રીતે વધારે અહિંસાને માનનાર મનુષ્ય તથા છેલ્લે સમાજ જ્યારે સુધારાવાદની પરાકાષ્ઠાએ પહોંચીને ઉદ્ધત બનશે ત્યારે તેને ડામનાર ખડ્ગધારી મનુષ્યને ભગવાનનો દશમો અવતાર ગણીને દુનિયાને ભવિષ્યકાળ પણ બતાવી દીધો છે.

પૃથ્વી પરના જીવનના આ બધા ફેરફારને ભગવાનના દશ અવતારમાં ગણીને તેની હિન્દુ પ્રજાએ સૈકાઓથી મૂર્તિ રૂપે પૂજા શરૂ કરી છે.

ભગવાનનો ત્રીજો અવતાર ગણાતા વરાહની મૂર્તિઓની પૂજા ગુજરાતમાં સંવતના પાંચમા સૈકાથી થઈ હોય તેમ મળી આવેલી કેટલીક મૂર્તિઓ ઉપરથી સાબિત થાય છે. ખાસ કરીને ગુજરાત–સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં આ સમયમાં વરાહપૂજા ફૂલીફાલી હોય તેમ લાગે છે. મહેસાણા જિલ્લાના પૂર્વ ભાગમાં પણ વરાહની પૂજા વધારે ફૂલીફાલી હોય તેમ મળી આવેલી મૂર્તિ ઉપરથી સાબિત થાય છે.

મહેસાણા તાલુકાના વિસનગર શહેરની પશ્ચિમે ચાર માઈલ દૂર વાલમ નામે એક ગામ આવેલ છે. વર્ષોથી આ ગામ ગુજરાતની હિન્દુ સંસ્કૃતિના ધામરૂપ હશે તેમ ત્યાં આવેલાં સોલંકી કાળનાં મંદિરો ઉપરથી તેમ જ સોલંકી કાળ પહેલાંની મૂર્તિઓ ઉપરથી સાબિત થાય છે. વર્ષો સુધી આ ગામના વાલમિયા બ્રાહ્મણોની પાઠશાળાઓ વિદ્યાર્થીઓને ધાર્મિક તેમ જ તાત્ત્વિક અને બીજું જ્ઞાન આપ્યા કરતી. હજી ગયા સૈકા સુધી આ ગામ વાલમિયા બ્રાહ્મણોના કેન્દ્ર સમુ હતું. પ્રજાનું લક્ષ પશ્ચિમી વિદ્યા તરફ ઢળતાં આ ગામના વિદ્યાવ્યવસાયની પડતી શરૂ થઈ. બ્રાહ્મણો ગુરુ મટી શિક્ષકો બન્યા, અને બહારગામ ચાલ્યા ગયા.

૧૯૬૭ના માર્ચ મહિનામાં હું મારા મિત્ર 'શિવમ્ સુંદરમ્' સાથે વાલમ ગયો. ગામની ગલીઓમાં થઈને અમે વરાહમંદિર, જેને હાલમાં કૃષ્ણમંદિરને નામે ઓળખવામાં આવે છે તેના દરવાજા પાસે પહોંચ્યા. મંદિરના દરવાજા પાસે ગાડી ઊભી રાખતાં મને એમ લાગ્યું કે અમે કોઈ હવેલી પાસે આવી ચડયા છીએ. પણ મંદિરના આગલા ભાગનો દરવાજો વટાવીને ચોગાનમાં દાખલ થયા ત્યારે મેં કાંઈક નવું જ નીરખ્યું. સોલંકી યુગનાં નાનાં તોરણોની શ્રેણીનું એક સુંદર તોરણ કોઇ જુદે સ્વરૂપે દેખાયું. તોરણના બે સ્થંભોમાંનો એક સ્થંભ થોડા વખત પહેલાં બનાવેલ એક હનુમાનજીની દેરીમાં સંપૂર્ણપણે ચણી લેવાયેલો નજરે પડ્યો. કોઈ બિચારા ધર્મપ્રેમી ધર્મઘેલા ભાઇએ કોઇ અણઘડ કડિયાને આ દેરી ચણવાનું કહ્યું હશે. આ ચણતરમાં સોલંકીયુગનું એક સુંદર સ્મારક તદ્દન બેડોળ બની જશે એ બાબત એ સમયે કડિયાને કે પેલા ધર્મપ્રેમી ભાઇને ખયાલ નહિ હોય. વધારામાં તોરણ ઉપર દર બેત્રણ વર્ષે સફેદ ચૂનાનું અસ્તર લગાડીને સોલંકી યુગનું શિલ્પ કોઇ રાજકુંવરીને ગાભાથી ઢાંકી દેવામાં આવી હોય તેવું લાગે છે! મંદિરના સંચાલકો મંદિરને કેટલું નુકસાન કરી રહ્યા છે એ બાબત પુરાતત્ત્વ ખાતું જાણતું હશે કે નહિ તે ભગવાન જાણે! તોરણ નીચે થઇને અમે કૃષ્ણમંદિરના ચોગાનમાં દાખલ થયા. સભામંડપના સ્થંભો તથા આગળનો તોરણ જોવો દેખાવ જોઈને સોલંકી શ્રેણીના દ્વિતીય સોપાન સમું આ મંદિર હશે તેમ લાગ્યું. જરાક વિશાળ લંબચોરસ સભામંડપ આ મંદિરને શોભાવતો દેખાયો. સભામંડપનાં કક્ષાસનો ઉપરથી શરૂ થતા સ્થંભોનું શિલ્પ આંખમાં વસી જાય તેવું દેખાયું. મંડપના ચંદરવાની કોતરણી સોલંકી કાળનાં સ્વપ્નાં આંખ સામે ખડાં કરતી હોય તેવી દેખાઈ. મંદિરના ગર્ભગૃહની દ્વારસાખનું શિલ્પ પણ આંખમાં વસી જાય તેવું દેખાયું. ગર્ભગૃહમાં નજર કરતાં એક સુંદર આસન ઉપર બિરાજતી કૃષ્ણમૂર્તિને જોઈને મને લાગ્યું કે એ મૂર્તિ તદ્દન આધુનિક છે. મૂર્તિનું આસન બહુ જૂનું લાગ્યું. સારા યે ગુજરાતનાં સોલંકી શ્રેણીનાં મંદિરોમાં આ મંદિર બીજાં મંદિરો કરતાં ઘણું જુદું પડી જાય છે. આ શ્રેણીનાં બીજાં મંદિરોમાં ગર્ભગૃહના ચંદરવામાં થોડી કોતરણી હોય છે તેમ જ ગવાક્ષોમાં દેવદેવીઓની મૂર્તિઓ ક્વચિત્ જોવા મળે છે. પણ આ મંદિરમાં ચારે બાજુ ભગવાનના દશ અવતારની શુદ્ધ સોલંકી શ્રેણીની મૂર્તિઓ જોતાં અમે વિચારમાં પડી ગયા. કદાચ

એ સમયે વરાહમંદિરો આ રીતે બંધાતા હશે. ભગવાન કૃષ્ણ તથા દશ અવતારના ભગવાનના સ્વરૂપના દર્શન કરીને અમે મંદિરમાંથી બહાર નીકળ્યા બહાર નીકળીને સભામંડપની વેદિકા તથા કક્ષાસન ઉપરનું શિલ્પ જોતા હતા ત્યા મંદિરના પૂજારીએ અમને કહ્યુ કે આ સામે પડેલ ભૂરા પથ્થરની વરાહમૂર્તિ સો વર્ષ પહેલા ભગવાન કૃષ્ણની જગ્યાએ બિરાજતી હતી મૂર્તિની હાલત જોઇને મને ઘણું દુઃખ થયુ ખુલ્લામાં પડી રહેલ એ મૂર્તિની થતી અવહેલના જોઇને હું વિચારમા પડી ગયો. કહેવત છે કે "ઊતર્યો અમલ કોડીનો અને તૂટયો દેવ અધકોડીનો"

આશરે ત્રણેક ફીટ ઊંચાઇની એ પશુવરાહની મૂર્તિનું શિલ્પ અદ્ભુત છે જોનારને ઘડીભર પોતે જીવિત વરાહ સામે ઊભો હોય તેમ લાગે. હાલમા તો 'વ્હાઇટ વોશ'ના સફેદ છાંટણાથી છંટાયેલી એ વરાહમૂર્તિ જોતા વળી પાછા સોલંકી કાળનાં શમણા નજર સામે ખડા થયા આ મંદિરમાં જ્યારે રાય સિદ્ધરાજ દર્શન કરવા આવતો હશે ત્યારે ખરેખર અહીંયા 'એ અણહિલવાડના રંગ, એ સિદ્ધરાજ જેસંગ' વાળી કડી યથાર્થ બનતી હશે કાળા આરસની વૈષ્ણવ વૈષ્ણવીની મૂર્તિની પણ જોઇએ તેટલી સંભાળ રખાતી નથી. સભામંડપની વેદિકા ઉપરનું શિલ્પ જોઇને આગળ વધતા અમે વરાહમંદિરના મંડોવર ભાગ પાસે આવ્યા ખરેખર ગુજરાતના બહુ જ થોડા ભદ્રિક શ્રેણીનાં મંદિરો માંનુ આ એક ગુજરાતના તે કાળના શિલ્પને શોભાવે છે મંદિરની જગતિ દેખાતી નથી, પણ પીઠભાગનું શિલ્પ ઘણી ઊંચી શ્રેણીનું છે મંડોવરનું નીચેની હરોળનું શિલ્પ પણ આંખમા વસી જાય તેવું છે અને તેમાં ય ખાસ કરીને વ્યાલો ( બે પગે ઊભેલા વાઘ જેવાં પ્રાણીઓ )નું શિલ્પ આ મંદિરનું પુરાણાપણું અને વિશિષ્ટતા બળવત્તુ દેખાય છે. મંડોવર ઉપરનું ગવાક્ષમાનું નૃવરાહનું શિલ્પ ખરેખર આ મંદિરને વરાહમંદિર તરીકે સાબિત કરે છે નૃવરાહની બંને બાજુએ ઊભેલ ચામરધારિણીઓ તથા બાજુના સ્થંભ આકારના પર્યંકુંભોનું શિલ્પ બારમા સૈકાના સોલંકી શિલ્પ માફકનું છે આ બધા ય શિલ્પો ઉપર વારવાર ચૂનાનો કૂચડો મારવામાં આવતો હોવાથી ધીરે ધીરે કોતરણી બેડોળ બનતી જાય. દેવમૂર્તિઓ આંખને ન ગમે તેવી થતી જાય છે. આ બધું પુરાતત્ત્વ ખાતાએ વહેલી તકે અટકાવી દેવું જોઈએ. મંડોવર ઉપરથી ઊંચે નજર કરતાં છજાનો ભાગ તથા શિખરભાગ થોડા સમય પહેલાં પુનરુદ્ધાર પામ્યો હોય તેમ ચોખ્ખુ દેખાયું સમગ્રપણે જોતાં બ

ઘડી એમ લાગે કે એ મંદિરને બંને બાજુ મોટાં પૈડાં હોય અને આગળથી કોઈ ખેંચતું હોય તો વાલમનું એ કૃષ્ણમંદિર એક મહાકાય રથ જેવું લાગે. મંદિર નીરખીને અમે પૂજારીને ફરીથી મળ્યા. એ ભાઈને પુરાણાપણું જાળવી રાખવા માટે શું કરવું જોઈએ તે સમજાવ્યુ, પણ તેમના કહેવા પ્રમાણે ગામલોકો દર વર્ષે આ મંદિરને ધોળાવીને સફેદ ગરૂડના ઇંડા જેવું બનાવે છે અને સાથોસાથ શિલ્પનો ધીમે ધીમે નાશ કરે એ વાત સંચાલકોને કોણ સમજાવે તે પૂજારીને મન કોયડા જેવું લાગ્યુ. ગામલોકોને આ બાબત સમજાવવા જેવું લાગ્યુ. ગામલોકોને આ બાબત સમજાવવા જેટલો સમય અમારી પાસે નહોતો એટલે લાચારીથી વાલમના કૃષ્ણમંદિરનાં દર્શન કરીએ અમે અમદાવાદ પાછા ફર્યા.

## તારંગાજી (તારાનગરી)

ઈસ્વી સનના બીજા, ત્રીજા અને ચોથા સૈકામાં સારાયે ગુજરાતમાં બૌદ્ધ ધર્મ ખૂબ ફૂલ્યોફાલ્યો હોય તેમ જણાય છે. ગુજરાતના ઘણા ભાગોમાં આની સાબિતી રૂપે બૌદ્ધ મૂર્તિઓ, બૌદ્ધકાલીન ગુફાઓ, સ્તૂપો, વિહારોનાં ખંડિયેરો અને પંચધાતુની બુદ્ધ ભગવાનની પોલી (હોલો કાસ્ટીંગ) મૂર્તિઓ મળી આવી છે. તદુપરાંત મકરાનના પીળા પથ્થરમાંથી કોતરી કાઢેલ બૌદ્ધ પ્રતિમાઓ, જે પાંચમા સૈકા સુધી બનતી તેવી પ્રતિમાઓ પણ, મળી આવી છે.

પાંચમા અને છઠ્ઠા સૈકામાં બૌદ્ધ ધર્મની પડતી શરૂ થઇ. આ કાળ દરમિયાન વલ્લભી રાજ્યમાં બૌદ્ધ ધર્મ ટકી રહ્યો હતો. આ જ કાળમાં હાલની તારંગાની ટેકરી ઉપર તથા બાજુમાં તારાનગરી નામે શહેર વસેલું હતું. આ રાજ્યનો રાજા બૌદ્ધ ધર્મી હતો. વલ્લભી રાજ્ય તથા તારાનગરીના રાજાએ બૌદ્ધ ધર્મની પડતીને અટકાવવા પ્રયત્ન કર્યા હતા. આ કાળમાં હિન્દુઓનાં કેટલાંક દેવદેવીઓને બૌદ્ધ ધર્મે પોતાના દેવો તરીકે સ્વીકાર્યાં હતાં. છતાં પણ તાંત્રિક વિદ્યા અને વિહારોમાં રહેતા સાધુઓના એશઆરામી જીવને બૌદ્ધ ધર્મને પડતી પર ધકેલી દીધો. હાલમાં હિન્દુસ્તાનમાં બૌદ્ધ ધર્મીઓ બહુ જ અલ્પ સંખ્યામાં રહ્યા છે, છતાં બુદ્ધ ભગવાનના સ્વમુખે બોલાયેલા કેટલાક સિદ્ધાંતો હિન્દની પ્રજાએ પોતાના જીવનમાં વણી લીધા છે. અને તેથી હિન્દની પ્રજા બૌદ્ધ ધર્મના અવશેષોનું મમતાપૂર્વક રક્ષણ કરે છે.

મા ગુર્જરીનાં આબુ ઉપરનાં બેસણાં રાજસ્થાનમાં ગયાં. ગુજરાતની પ્રજા મા ગુર્જરી માટે કોઇ પહાડ ઉપર નવું બેસણું શોધવાની વેતરણમાં છે. આવે સમયે ગુજરાતના પહાડો અને ડુંગરા ઉપર જઈને ગુજરાતના યુવાનોએ કોઇ સુંદર 'હિલ સ્ટેશન' થાય એવી જગ્યા શોધી કાઢવી જોઇએ.

ઉત્તર ગુજરાતના વીસનગર શહેરથી ઉત્તર તરફ વીસેક માઈલ દૂર નાના નાના ડુંગરાના ઝૂમખા વચ્ચે તારંગા હિલનું સુંદર સ્થળ આવેલું છે. દરિયાની સપાટીથી હજારેક ફીટ ઊંચું આ સ્થળ ઉનાળામાં સાધારણ ઠંડું રહે છે. તદુપરાંત આ સ્થળે શ્વેતાંબર તથા દિગંબર

જૈનાલયો છે. જીર્ણ હિન્દુ મંદિરોમાં બૌદ્ધ મૂર્તિઓ ગોઠવાયેલી જોવા મળે છે. ગુજરાતનું આ 'હિલ સ્ટેશન' જોવાની અમારી મંડળીની કેટલાય વખતથી ઇચ્છા હતી.

૧૯૬૧ના નવેમ્બર મહિનાની બારમી તારીખે સવારના છ વાગ્યે અમે અમદાવાદથી નીકળ્યા. મહાત્મા ગાંધી પુલ ઉપર થઇને આગળ વધતાં સાબરમતી ગામ વચ્ચે થઇને અમારો માર્ગ આગળ વધ્યો. એકાદ કલાકમાં અમે કલોલ નજીક પહોંચ્યા. કલોલથી મહેસાણાનો રસ્તો સિમેંટ કોંક્રીટનો બનેલો છે. ઊગતા સૂર્યનાં કિરણોને જમણી બાજુની બારીઓના કાચ સાથે રમાડતી રમાડતી અમારી ગાડી મહેસાણા નજીક પહોંચી. 'નેશનલ હાઇવે' ઉપરથી ઊતરીને, મહેસાણા ગામ વીંધીને અમારી ગાડી વીસનગર તરફ આગળ વધી. વીસનગર ગામમાં જતાં ડાબી બાજુને રસ્તે થઈ ને વડનગર તરફ આગળ વધ્યા. વડનગરથી ખેરાળુ સુધીનો રસ્તો આસ્ફાલ્ટ કરેલો છે. ખેરાળુથી આગળ વધતાં કાચા રસ્તા ઉપર રેતીના ઢળમાં તો કયારેક નદીઓનાં પાણીમાં ફસાતાં બચી જતી અમારી ગાડી અગિયાર વાગ્યે તારંગા સ્ટેશને પહોંચી. અમદાવાદથી રોજ એક ગાડી સીધી તારંગા આવે છે. તારંગા આ લાઇનનું છેલ્લું સ્ટેશન છે. અહીંથી તારંગાની ટેકરી બે માઇલ દૂર છે. પગરસ્તે જનાર સ્ટેશનેથી નીકળી, તળેટીની ધર્મશાળાઓમાં થોડો આરામ લઇને ટેકરી ઉપર ચઢે છે. અમારો રસ્તો ટેકરીને ચકાવો લઇને પાંચ માઇલ દૂરથી ઉપર જતો હતો. આ રસ્તે આગળ વધતાં અમારી ગાડી બબ્બે ફીટ રેતીના ઢળમાં ફસાતાં માંડ માંડ રહી ગઇ. ટીમ્બા ગામથી ટેકરી ઉપરનો ચઢાવવાળો રસ્તો શરૂ થાય છે. આ રસ્તો કાચો હોવાથી વાહન લઈ જવું મુશ્કેલ પડે છે. પણ અમે ધીરે ધીરે તારંગા 'હિલ' ઉપરના ચોગાનમાં પહોંચ્યા.

આ ચોગાનની વચ્ચોવચ્ચ ભગવાન અજીતનાથનું ભવ્ય જૈનાલય નજરે પડયું. કહેવાય છે કે ગુજરાતના સોલંકી રાજા કુમારપાળે સંવત ૧૨૧૬ની આજુબાજુમાં આ ચૈત્ય બંધાવ્યું છે. દેલવાડા તથા કુંભારિઆજીનાં જૈન ચૈત્યો કરતાં આ ચૈત્ય જુદુ પડી જાય છે. આ સૈકામાં બંધાયેલાં આબુ ઉપરનાં વસ્તુપાળ અને તેજપાળનાં આરસનાં ચૈત્યો જેવુ આ ચૈત્યનુ નકશીકામ નથી. આ ચૈત્ય ખૂબ જ વિશાળ છે. ભૂખરા પથ્થરનું બનેલુ આ ચૈત્ય થોડે દૂરથી વિશાળતાને લઇને આંખને ઠારે છે. પણ નજીક જતાં શિલ્પની દૃષ્ટિએ આ મંદિરની કારીગરી સાધારણ

જણાય છે. અમે દરવાજે વટાવી મંદિરના પથ્થરમઢ્યા વિશાળ ચોગાનમાં પહોંચ્યા. મંદિરની પરિક્રમા કરતાં જોયું કે મંદિરનો શિખરભાગ સપ્રમાણ છે. મંદિરની બાંધણી ખૂબ જ પ્રમાણસર છે. આ બાબતમાં કયાંય ક્ષતિ જણાતી નથી પીઠ, જંઘા, છજા અને શિખરભાગ સુંદર દેખાય છે આશરે છસોએક ચોરસ ફીટની બેસણી ઉપર આ મંદિર બાંધવામાં આવ્યું છે. મંદિરનો ગૂઢમંડપ ખૂબ વિશાળ [redacted] ગૂઢમંડપને આગલે દ્વારેથી અમે મંદિરમાં દાખલ થયા ત્રણુ બાજુ દ્વારવાળો ગૂઢમંડપ ખૂબ જ ભવ્ય છે. પણ શિલ્પકામ સાદુ છે. નિજ મંદિરના દ્વાર પાસે રહીને મૂળ ગભારામાં બિરાજતી ભગવાન અજીતનાથની ભવ્ય પ્રતિમા અમે જોઇ. પંદર હાથ ઊંચી આ પ્રતિમા હિન્દુસ્તાનની મોટામાં મોટી મૂર્તિઓમાંની એક છે. ભગવાન અજીતનાથની પૂજા કરવા માટે નિસરણીની જરૂર પડે છે ગૂઢમંડપની અંદર એક સીડીને માર્ગે મંદિરને બીજે માળે જવાય [redacted] અને ત્યાં જઈને મુખ્ય મંદિરના ઉપરના ભાગમાં જવાય છે આ ભાગમાં થઈને આગળ વધતા ગૂઢમંડપ ઉપરનાં શિખર ઉપર જવાય છે. મંદિરની અંદરના શિખરભાગના તથા ગૂઢમંડપના અંદરના ભાગના ટેકા કેગરના (પનીને મળતું લાકડું) લાકડા-માંથી બનાવવામાં આવ્યા છે આખુયે મંદિર આવા ટેકા ઉપર બંધાયેલ છે. લાકડાં, ખારો પથ્થર અને ઇંટના બાંધકામનો ત્રિમેળ આ જૈનાલયમાં જ જોવા મળે છે. આ મંદિરમાં વપરાયેલું લાકડું સળગતું નથી પણ સળગાવવાના પ્રયત્ન વખતે તેમાંથી પાણી છૂટે છે. હવે આ લાકડું સડવા માંડયું છે. મંદિરના વહીવટદારોને મારી નમ્ર વિનંતી [redacted] કે આ લાકડાના આડ ટેકાની જગ્યાએ પથ્થર ગોઠવી દે નહીંતર ક્યારેક સોલંકીયુગની સભ્યતાની યાદ આપતું આ મંદિર જોખમાશે

લોકોક્તિ છે કે આ મંદિરની ભવ્ય પ્રતિમાનો આરસ આરાસુરના ડુંગરમાંથી લાવવામાં આવ્યો છે. આરસ લાવતી વખતે કુમારપાળે અંબા માતાની સ્તુતિ કરી હતી. મુખ્ય મંદિરની આજુબાજુ બીજાં નાના પાંચ દેરાસરો છે. મુખ્ય મંદિરનો કેટલોક ભાગ બે-ત્રણ વખત પુનરુદ્ધાર પામ્યો હોય તેમ લાગે છે. છેલ્લા સૈકામાં થયેલ પુન-રુદ્ધાર વખતે મંદિર ઉપર ચૂનાનું પ્લાસ્ટર કરવામાં આવ્યું છે, જે મંદિરને બેડોળ બનાવે છે. ખાસ કરીને ચોકી ઉપરના થાંભલાઓ પર કરેલ પ્લાસ્ટર અને રંગમંડપના સમારણ ઉપર કરેલ પ્લાસ્ટરનો જાડો થર દૂર કરાવી ફરી વાર પુનરુદ્ધાર કરવાની જરૂર છે.

આ મંદિરની બાજુમાં દિગમ્બર જૈનાલયો આવેલાં છે. આ જૈનાલયો સોલંકીયુગનાં લાગે છે. ખાસ કરીને આ જૈનાલયોના ચોગાનમાં થોડાં વર્ષ પહેલાં ઊભો કરવામાં આવેલ આરસનો કીર્તિસ્થંભ જોવાલાયક છે. આ સ્તંભની કોતરણીમાં રાજપૂત તથા મોગલ કળાનું સંમિશ્રણ જોવામાં આવે છે. આ મંદિરો જોઇને અમે આગળ વધ્યા. થોડે દૂર જતાં જૂનો કુંડ નજરે પડયો. આ કુંડને કાંઠે હનુમાનજીનું તથા શિવનું એમ બે મંદિરો આવેલ છે. આગળ વધતાં એક કેડીએ થઈ ને બેએક માઈલના ચઢાવઉતારવાળા રસ્તે થઇને અમે તારાનગરનાં ખંડેરો પાસે પહોંચ્યા. કયાંક કયાંક જૂના વખતની ઈંટોના ઢગલા દેખાય છે. બે ડુંગરોની વચ્ચેની આ ખીણમાં વહેતા ઝરણાને બાંધી લઈ ને એક ગૌમુખી દ્વારા આગળ વહાવાય છે. આ ઝરણાને સામે કાંઠે આગળ વધતાં અમે એક જૂના મંદિર પાસે પહોંચ્યા.

આ મંદિરનો સભામંડપ મોજૂદ છે. અને તેની સામેના ભોંયરામાં બુદ્ધ ભગવાનની ઊભી આઠ મૂર્તિઓ નજરે પડે છે. ત્યાંથી આગળ વધતાં એક નાનકડી દેરીમાં આરસની એક ભવ્ય પ્રતિમા અમે જોઇ. આ પ્રતિમા છઠ્ઠા સૈકાની ધારણુદેવીની પ્રતિમા હોય તેમ માનવામાં આવે છે. એક પગ નીચે રાખીને આસન પર બિરાજેલ આ મૂર્તિના શિરભાગ ઉપર બુદ્ધ ભગવાનની પ્રતિમા કોતરવામાં આવી છે. આ મૂર્તિના પગ પાસે હાથી કોતરવામાં આવેલ છે. કહેવાય છે કે ધારણુદેવી તારંગા હિલ ઉપરના બૌદ્ધ વિહારમાં દર્શને જતાં હતાં, પણ તેમની સાથેના એક આંધળા બાળકને વિહારમાં દાખલ કરવાની મના કરવામાં આવી. એટલે ધારણુદેવી ગુસ્સે થઈ ને પોતાનાં બાળકો સાથે પાછાં ફર્યાં અને ત્યાં જ રહ્યાં. દંતકથાઓને ન માનીએ તો યે એક વાત ચોક્કસ છે કે બૌદ્ધ ધર્મના મુખ્ય પુસ્તક 'ધમ્મપદ'ને ગુજરાતમાં ધારણી નામે સંબોધવામા આવતુ જેમ નપુસકલિંગ બ્રહ્મને મૂર્ત સ્વરૂપ આપતાં પુલિંગ બ્રહ્મા થયા, જેમ હાલના કેટલાક આચાર્યોએ ગીતા અને વેદ જેવાં પુસ્તકોને મૂર્તિસ્વરૂપે સ્થાપ્યાં તેમ ધારણી પુસ્તકને ધારણદેવી તરીકે સ્થાપવામાં આવ્યું હોય એવી પૂરેપૂરી શકયતા છે. આ વિભાગ જોઈ ને અમે પાછા ફર્યા. અને અમારી મોટરમાં બેઠા પછી રમ્ય ટેકરીને 'હિલ સ્ટેશન' કે 'હોલીડે કેમ્પ' તરીકે વિકાસાવી શકાય કે નહીં તેની ચર્ચા કરતા કરતા અમદાવાદ પહોંચ્યા.

## ૨૯

# દેલમાલનાં મંદિરો

ચાવડાઓના ગયા પછી ગુજરાતને એક કડીએ સાંકળનાર સોલંકી વંશના રાજાઓ ગુજરાતની સરહદને રક્ષવા સદાય તત્પર રહેતા. લોકોની ધર્મભાવના વધે અને સાથોસાથ સરહદોનું રક્ષણ થાય એવી દ્વિલક્ષી યોજનાઓ રાખીને મંદિરો અને કિલ્લાઓની હારમાળા રચનાર ગુજરાતના સોલંકી રાજાઓને ધન્યવાદ ઘટે. સોલંકી યુગ દરમિયાન કચ્છના રણને કાંઠે તેમ જ ગુજરાતની ઉત્તર સરહદ પર સોલંકી યુગનાં સુંદરમાં સુંદર મંદિરો બંધાયાં. મુસ્લિમોએ ગુજરાત ઉપર હૂમલા કર્યાં ત્યારે આવાં મંદિરોને રક્ષવા માટે ગુજરાતની પ્રજાએ લોહીના છેલ્લા ટીપા સુધી ખાંડાના ખેલ ખેલ્યા હતા. છતાં ચઢિયાતા લશ્કરી બળ સમક્ષ એનો પરાજય થયો હતો. આ કાળમાં સોલંકી યુગનાં ઘણાં મંદિરો મુસ્લિમોને હાથે નાશ પામ્યાં, પણ થોડાંક બચી ગયાં.

મંદિરોનું આવું એક ઝૂમખું ગુજરાતને છેવાડે ખૂણે પડ્યું છે. ત્યાં જવા માટે કોઈ સારો રસ્તો નથી. આ ઝૂમખાથી ચાર માઈલ દૂર થોડા વખત પહેલા જ ડામરની પાકી સડક બની છે. પણ એ વચલો ચાર માઈલનો વગર બંધાયેલો રસ્તો એટલો બધો ખરાબ છે કે એ રસ્તા પર જામેલો દોઢ ફૂટ જેટલો રેતીનો થર વીંધવા જતાં ભલભલી 'ફોર વ્હીલ ડ્રાઈવ જીપ' પણ રેતીમાં ફસાઈ જાય છે! આ ઝુમખાનાં મંદિરોમાંનાં કેટલાંક સારી હાલતમાં, કેટલાંક જીર્ણ હાલતમાં તો કેટલાંક છેક જ ભગ્નાવસ્થામાં મોજૂદ છે. ભારત સરકારનું જૂની ઈમારતોને રક્ષતું ખાતું આવાં મંદિરોની પાસે રક્ષિત ઈમારતનું પાટિયું મૂકીને સંતોષ માને છે. પાંચેક વર્ષ પહેલાં ઈડરથી ચાર માઈલ દૂર આવેલ વાડિયા વીરના રક્ષિત મંદિરના ચોગાનમાં પડેલ કેટલાય જૂના અવશેષોને તોડીફોડીને મંદિરના પૂજારીએ એક મકાન બનાવી લીધું! ભારતવર્ષના આવા અમૂલ્ય અવશેષોની આવી ભયંકર અવહેલના થઈ રહી છે!

મહેસાણાથી ધીણોજ થઈને ચાણસ્મા પાસેથી હારીજ સુધીની ડામરની પાકી સડક થોડાંક વર્ષ પહેલાં જ બની છે. આ સડક ઉપર ચાણસ્માથી છ માઈલ દૂર જતાં કંબોઈ નામે ગામડું આવે છે. ત્યાંથી

દેલમાલ જવાનો કાચો રસ્તો ડાબી બાજુએ ફંટાય છે. આ ચાર માઈલ પગે ચાલીને કે ત્યાંની બસ જો ચાલુ હોય તો તે દ્વારા દેલમાલ પહોંચાય.

દેલમાલ ગામને પાદરે આવતાં જ ધર્મને ખાતર શહીદ થનાર હસનશા પીરનો રોજો નજરે પડે છે. પોતાની કોમના આ પવિત્ર શહીદને વહોરા કોમ ખૂબ જ માને છે. અનેક યાત્રિકો અહીં આવે છે. સુખી વહોરા કોમે દરગાહની આજુબાજુ પાણી તથા વીજળીની પૂરી સગવડવાળી મોટી ધર્મશાળા બંધાવી છે.

ત્યાંથી અર્ધો ફર્લાંગ દૂર, તળાવને કાંઠે, સોલંકી યુગનાં ત્રણ નાનાં મંદિરો જીર્ણ હાલતમાં ઊભાં છે. એ શિલ્પ તથા સ્થાપત્યની દૃષ્ટિએ સોલંકી યુગનાં દ્વિતીય શ્રેણીનાં મંદિરોની હરોળનાં છે. કશા ય રક્ષણ વિના કાળની સામે લડતાં આ મંદિરો ધીરે ધીરે નાશ પામી રહ્યાં છે. આ મંદિરોનાં મંડોવરનું શિલ્પ ખૂબ જ ઉત્તમ કોટિનું છે. ત્યાંથી આગળ વધતાં દેલમાલ ગામના ઝાંપામાં લગભગ ભગ્નાવસ્થામાં બે મંદિરો ઊભાં છે. એમાંના ગણપતિ મંદિરનું શિલ્પ ખૂબ જ આકર્ષક છે. આ મંદિરોની નજીક તળાવના કાંઠા પર એક નવું મંદિર બંધાયું છે, એના સભામંડપમાં શિલ્પના ઉત્તમ નમૂનારૂપ ત્રણ મૂર્તિઓ પડી છે. ત્યાંથી આગળ વધતાં ગામના મુખ્ય ચોકમાં થઈને જમણે હાથે આવેલ ખાંચાના છેડા ઉપર આવીએ ત્યાં સુધી તો આપણને ખયાલ પણ ન આવે કે ગુજરાતના સોલંકી યુગના અણમોલ મોતી સમું મંદિરોનું ઝૂમખું અકબંધ એ જગ્યાએ જળવાઈ રહ્યું હશે. મંદિરોની આગળના ભાગમાં માથોડાપૂર અને ચારે બાજુ દોઢ માથોડાપૂર ઊંચી દીવાલ ઊભી છે, જેમાં મુખ્ય મંદિરની આગળ આવેલ તોરણનો થોડોક ભાગ ઢંકાઈ ગયો હોવાથી એ તોરણ જાણે દીવાલનું એક અંગ બની ગયું! તોરણની વચ્ચોવચ્ચ એક ખડકી મૂકવામાં આવી છે, જેમાં થઈને મંદિરમાં જવાય છે.

સ્વસ્તિક સ્તંભ ઉપર રચાયેલું, ટેકરીઓની ચોફેર ઉત્તમ મૂર્તિઓવાળું દેલમાલનું તોરણ વડનગરના તથા રુદ્રમાળના તોરણથી થોડુંક નાનું છે. પણ વડનગરના તોરણને તદ્દન મળતું આવતું આ તોરણ અખંડ ઊભું છે. તોરણની સામે ચાર દરવાજાવાળી સુંદર દીપમાળા આવેલી છે, જેનું ચણતર દોઢસો વર્ષ કરતાં વધારે જૂનું હોય એમ લાગતું નથી.

નામદાર ગાયકવાડ સરકારે પોતાના રાજ્યસમય દરમિયાન ગુજરાતના આવા ઉત્તમ શિલ્પના નમૂનારૂપ મંદિરોનું સમારકામ કરાવ્યું હતું તેમ જ કયાંક કયાંક ખૂટતી કડીઓ ઉમેરી હતી. કદાચ આ દીપમાળા એવો એકાદ ઉમેરો જ હોય. દીપમાળા વટાવ્યા પછી તરત જ મુખ્ય મંદિરમાં જવાનાં પગથિયાં નજરે પડે છે. આ મંદિરમાં ગુજરાતના જેટ્ટી (જેઠી) પહેલવાનોની કુળદેવી માતા નિંબજા બિરાજે છે.

કહેવાય છે કે મુસ્લિમોનાં ધાડાં મોઢેરાના સૂર્યમંદિરનો નાશ કરીને દેલમાલ તરફ આવ્યાં ત્યારે ભારતભરના પહેલવાનોને ભૂ પાઈ દેનાર ત્રણ હજાર જેટ્ટી પહેલવાનો આ નિંબજાના મંદિરના રક્ષણ માટે તૈયાર થઈને ઊભા હતા. એમને જોઈને મુસ્લિમ સેનાપતિ ઉલૂઘખાને વિચાર્યું કે એ પહેલવાનો જોડે લડયા વિના સમાધાન કરી શકાય તો પોતાની આબરૂ સચવાય. તેણે એમને કહેવડાવ્યું કે "જો તમારામાંનો કોઈ પણ પહેલવાન મંદિરના ચોગાનમાંના લીમડાના ઝાડને મૂળમાંથી ઊખેડીને ફેંકી દેશે તો અમે લડયા વિના જ પાછા જઈશું. આમાં તમે હારશો તો અમે મંદિરના શિખરનાં ઈંડકો ઉતારીને પાછા ફરીશું." બાવીસ વર્ષનો એક જેટ્ટી જુવાન આગળ આવ્યો અને કહ્યું કે "પાંચ મિનિટમાં જ હું એ લીમડાનું ઝાડ ઊખેડીને ફેંકી દઈશ." હવે બનેલું એવું કે મુસ્લિમ લશ્કરને આવતા સાંભળીને મંદિરના પૂજારીએ મંદિરની મુખ્ય મૂર્તિને પેલા લીમડાના થડમૂળની બાજુમાં જ દાટી દીધી હતી. પેલા યુવાન પહેલવાને પાંચમે મચરકે જ લીમડાના ઝાડને મૂળિયાં સહિત ઊખેડીને ફેંકી દીધું! પણ જોડે જોડે પેલી મૂર્તિ યે બહાર નીકળી આવી! વચન મુજબ મુસ્લિમ સૈન્ય મંદિરને અકબંધ મૂકીને ચાલ્યું ગયું. મંદિરમાંની માતંગી માની પેલી મૂર્તિ, જે ગાયત્રીનું એક સ્વરૂપ છે તે લીમડાના મૂળમાં દટાઈને ફરીથી બહાર આવી હોવાથી એ મૂર્તિને "નિંબજા" એટલે કે લીમડાના મૂળમાંથી જન્મનાર એવું નામ અપાયું. પેલા યુવાન પહેલવાને લીમડો ઊખેડવામાં ગજા બહારનું જોર કર્યું હોવાથી તેની એક આંખો બહાર નીકળી આવી ને થોડી જ વારમાં એ અવસાન પામ્યો! આજે પણ એ મંદિરના સભામંડપમાં એ યુવાનની મૂર્તિ ઊભી છે.

આગળ શૃંગાર ચોકીઓ, વચમાં સુંદર સભામંડપ અને પાછળનો વિમાન ભાગ–એ સર્વથી નિંબજા માતાનું આખું મંદિર સોલંકી યુગનું

એક સુંદર સંભારણું બની જાય છે. આ મંદિરનું આખું યે ચોગાન ખારા પથ્થરોથી મઢવામાં આવ્યું છે. સિદ્ધરાજના વખતમાં આ મંદિર બંધાયું હોય એમ લાગે છે, કેમ કે આવા જ પ્રકારનાં કેટલાંક મંદિરો એણે બંધાવ્યાં હતાં. આ મંદિરને મળતું મંદિર ગુજરાતના મહેસાણા જિલ્લાના વિજાપુરથી ચૌદ માઈલ દૂર આસુડાદેવડા પાસે ઊભું છે.

દેલમાલના આ મંદિરની વિશિષ્ટતા એ છે કે તેના ચોગાનમાં નાનાં નાનાં ચાર મંદિરો ઊભાં છે, જેમાં એક વૈષ્ણવ, એક શૈવ, એક જૈન અને એક બ્રહ્માજીનું છે. આથી એમ પણ અનુમાની શકાય કે સિદ્ધરાજ ધર્માંધ નહોતો. ગુજરાતના ઇતિહાસકારોએ આ મંદિર જોવું જોઈએ અને મુસ્લિમ ઇતિહાસકારો દ્વારા સિદ્ધરાજ પર ધર્માંધ હોવાનો મુકાયેલો આરોપ દૂર કરવા યત્ન કરવો જોઈએ. આ મંદિરના તોરણ પાસે કેટલાક પાળિયાઓ ઊભા છે. તેના પરના લેખો તે કાળના ઇતિહાસ પર અજવાળું પાથરે છે. ઉપરાંત આ મંદિરના ચોગાનમાં ગાયકવાડ સરકારે બંધાવેલ સામસામી દેરીઓમાં મૂકાયેલી પુરાણી પ્રતિમાઓમાં બ્રહ્માજીની સફેદ આરસની પ્રતિમા ખાસ જોવા જેવી છે, કેમ કે એ પ્રતિમા ગુજરાતના શિલ્પીઓનું ગૌરવ દુનિયાભરમાં વધારે એવી છે. મંદિરના ચોગાનની ભીંતમાં ચણાયેલું મહિષાસુરમર્દિનીનું શિલ્પ જોવા લાયક છે. મુખ્ય મંદિરના સભામંડપની વેદીના બહારના ભાગનું અને વિમાન ભાગની જંઘાની ઉપરનું શિલ્પ નાજુક, સપ્રમાણ, સુડોળ અને સુંદર છે. મંદિરના સભામંડપ ઉપરનું સમારણ તદ્દન સારી હાલતમાં છે. એ જાતનું સમારણ સોલંકી યુગની બાંધણીનું વૈશિષ્ટ્ય છે.

આ ગામમાં જેટ્ટી પહેલવાનોના વંશજો રહે છે. આ જ કુળના કેટલાક વંશજો દક્ષિણમાં અને કચ્છમાં વસે છે. એ વંશના પહેલવાનો અત્યારે તો જૂની ઢબે ખેતી કરે છે! જૂના ગાયકવાડ રાજ્યના એક જંદ ફોજદાર, જે મંદિરની બાજુમાં જ રહે છે તેમને જોઇને મને લાગ્યું કે એ ભાઈ જેટ્ટી પહેલવાનોની પરંપરા જાળવી રહ્યા છે. ગુજરાતની શાન જાળવનાર આ પહેલવાનોના કુટુંબોને કોઈ પણ હિસાબે કેળવણી તો આપવી જ ઘટે. સરકાર કશીક પ્રબંધ કરે એવી વિનંતી છે.

# ભિલોડાનું દિગમ્બર જૈન મંદિર

કોણ જાણે કઈ ખરાબ ઘડીએ ગુજરાતના છેલ્લા રાજા કર્ણદેવ વાઘેલા અને તેના નાગર પ્રધાન માધવ વચ્ચે અણબનાવ થયો અને માધવે અંગત વેરનો બદલો લેવા પરદેશીઓના ધાડાને ગુજરાતમા નોતર્યા. અગિયારમા સૈકામા ગુજરાતમાં વાવ ટોળિયાની પેઠે મહમદ ગીઝની આવ્યો, પણ લૂંટફાટ કરીને આવ્યો તેવો જ ચાલ્યો ગયો. એને ગુજરાત ઉપર રાજ્ય કરવાના કોડ નહોતા, કેમ કે એનું રાજ્ય દૂર અફઘાનિસ્તાનમા હતુ. દિલ્હીમા સલ્તનત જમાવી બેઠેલ અલ્લાઉદ્દીન ખીલજીને તો પોતાના રાજ્યઅમલ નીચે આખા ભારતવર્ષને લાવવું હતુ એ ધર્મઝનૂની રાજાનો ગુજરાત ઉપર ડોળો હતો તે દરમિયાન માધવે તેને કર્ણદેવને હરાવવા માટેની પૂરી સગવડ આપવા કહ્યુ

ધર્મઝનૂની અલ્લાઉદ્દીને તે સમયમાં ભારતવર્ષમા મોટામા મોટુ રૂદ્રમહાલયનુ શિવમંદિર તોડી નાખ્યુ આખુ ગુજરાત કબજે કર્યું. તેના સેનાપતિ ઉલુઘખાનને ગુજરાતભરના હિન્દુ મંદિરો અને તીર્થોનો નાશ કરવાનો હુકમ કર્યો. અલ્લાઉદ્દીન કરતાં ધર્મઝનૂનમા સવાયા એવા તેના સેનાપતિ ઉલુઘખાને ગુજરાતના મોટા ભાગના મંદિરોનો નાશ કર્યો આ બનાવ બન્યા પછી એટલે કે ચૌદમા અને પંદરમા સૈકામા ગુજરાતભરમા મંદિરો બાંધવાનું કામ અટકી પડયુ. ગુજરાતના સલાટોએ રોજી મેળવવા મસ્જિદો, મકબરાઓ અને ભારતભરમા વખણાતા ગુજરાતની મસ્જિદોના નાજુક મિનારા બાંધવાના કામમા સાથ આપ્યો. ગુજરાતનું મૂર્તિવિધાનનું તથા સોલંકી શ્રેણીના શિલ્પથી સભર મંદિરો બાંધવાનુ કામ બસો બસો વર્ષ સુધી ખોરંભે પડયું શિલ્પીઓ સોલંકી શ્રેણીના મંદિરો બાંધવાનું કામ ભૂલવા માંડયા

આ સમયે એટલે કે પંદરમા સૈકાના અંત ભાગથી માંડીને સોળમા અને સત્તરમા સૈકા સુધી ગુજરાતના હાલના સાબરકાંઠા જિલ્લાનો મોટો ભાગ હિન્દુ રાજાઓના હાથમા હતો. મુસ્લિમોની ભીંસ હોવા છતાં પણ આ કાળમા સોલંકી શ્રેણીને ફરીથી પુનર્જીવન આપતાં કેટલાય હિન્દુ તથા જૈન મંદિરો આ પરગણામા બંધાયા. એ સમયે આ પ્રદેશમાં ખૂબ દિગમ્બર જૈન સંપ્રદાયનું જોર હોવાથી ઘણા જૈન મંદિરો બંધાયાં.

આ સમયે હાલના વિજયનગર મહાલમાં આવેલ પોળોના જંગલમાં ઊભેલા સંખ્યાબંધ હિન્દુ તથા જૈન મંદિરો બંધાયાં. શામળાજી, સાગણેશ્વર, લાખેણા મંદિર જેવાં મહાકાય મંદિરો પણ આ કાળમાં બંધાયાં હોવાનો પૂરો સંભવ છે. ઈસવી સનના સત્તરમા સૈકામાં એક પુરાણા મંદિરના અવશેષો ઉપર ભિલોડામા હૂમડ જૈન સંપ્રદાયનું ભવ્ય જિનાલય બાંધવામા આવ્યું. આ જિનાલયના આગણામા એક ભવ્ય કીર્તિસ્થંભ (મિનારો) ખડો કરવામા આવ્યો. એ કાળના શિલ્પ અને સ્થાપત્યના ઉત્તમ નમૂનારૂપ આ મિનારો સત્તરમા સૈકાની સોલંકી કાળોત્તર શૈલીને ફરીથી નવસર્જિત કરતો હોય તેમ હાલમા પણ ઊભો છે. ચોફેર સુંદર દેવકુલિકાઓની વચ્ચે કાઈક અંશે કોઈ શિવાલયને મળતુ એક સુંદર જિનાલય સોળમા સૈકાના ગુજરાતના નાગર શ્રેણીનાં મંદિરોના બાંધકામના નમૂનારૂપ છે. આ જિનાલયના ગૂઢમંડપમા મૂકવામા આવેલ કાઉસગ્ગની કાળા આરસની બે પ્રતિમાઓ જોવાલાયક છે તદુપરાત ગર્ભગૃહમા બિરાજતી મંદિરના મૂળ નાયકની પ્રતિમા તથા ગૂઢ મંડપ વચ્ચે બિરાજતી મૂળ નાયકની બીજી પ્રતિમા તે કાળના જૈન મૂર્તિવિધાનની સુંદર પરંપરા બતાવે છે. મંદિરના રંગમંડપના સ્થભો સાદા છે, પણ આ સ્થભો કોઈ પુરાણા મંદિરના અવશેષોનો ભાગ હોય તેમ લાગે છે. આ સ્થંભોને જૈન મંદિરના બાંધકામ વખતે કામમા લેવાય છે, પણ સભામંડપની ઊંચાઈ કરતા થોડા નીચા હોવાથી તેના ઉપર વધારાના ટુકડાઓ ઉમેરવામાં આવ્યા છે. સભામંડપની બંને બાજુની દેવકુલિકાઓની હારમાળામા સમવસરણો મૂકવામા આવ્યા છે. અને આગળના ભાગમા હાથીઓ મૂકવામા આવ્યા છે. તદુપરાત સમવસરણની બાજુમા થાળામાં કોતરાયેલ કોઈ મહાદેવના લિંગ જેવું શિલ્પ જોતા ઘડીભર યાત્રિક વિચારમા પડી જાય છે કે જૈન મંદિરમાં મહાદેવનાં લિંગો ક્યાથી આવ્યા ? આ મંદિરમાં દાખલ થતા ડાબે હાથે એક પુરાણું શિવમંદિર આવેલું છે આ શિવમંદિર ઉપર હાલમા જૈન ભાઈઓનો કબજો હોવાથી મંદિર અપૂજ અને હવડ પડ્યુ છે. મંદિરના આગણામા અને શિવમંદિરની બાજુમાં ગુજરાતનું ગૌરવ વધારતો ભિલોડાનો કીર્તિસ્થંભ ઊભો છે આ શ્રેણીના ત્રણ કીર્તિસ્થભો હાલમા ભારતવર્ષમા ઊભા છે. તેમા ચિતોડગઢમા એક જૈન દિગમ્બર મંદિરની સામે બાંધવામા આવેલો કીર્તિસ્થભ જૂનો છે આ કીર્તિસ્થંભ ઇસ્વી સનના અગિયારમા સૈકામાં બંધાયો છે અને

ચાલીસ વર્ષ પહેલાં તેનો પુનરુદ્ધાર થવા પામ્યો છે. આ કીર્તિસ્થંભની ચાર બાજુની ચાર દિગમ્બર મૂર્તિઓ સોળમા સૈકામા તોડી નાખવામા આવી હતી, જે સત્તરમા સૈકામાં ફરીથી મૂકવી દેવામાં આવી હતી હાથની મૂર્તિઓ સત્તરમા સૈકાની હોવાનો પૂરો સંભવ છે. બીજો જયસ્તમ્ભ મેવાડના ઇતિહાસપ્રસિદ્ધ કુંભારાણાએ મુસ્લિમો સામેની જીતની યાદમાં ઈસવી સન ચૌદસોપચાસમાં બંધાવ્યો હતો. આ કીર્તિસ્તમ્ભમાંની દેવદેવીઓની મૂર્તિઓને ચિતોડગઢ મુસ્લિમોના હાથમાં ગયો ત્યારે બેડોળ બનાવી દેવામાં આવી હતી, જે હાલમાં એની એ સ્થિતિમા છે. ચિતોડગઢના બંને સ્થંભો હાલમા દુનિયાના ઐતિહાસિક સ્થમ્ભોમા ગણાય છે હિંદુ અને જૈન શિલ્પના આ નમૂનાઓ ગુજરાતની સોલંકી શિલ્પપ્રણાલીના આબેહૂબ નમૂના જેવા છે. ચિતોડગઢના દિગમ્બર જૈન કીર્તિસ્થમ્ભનું અનુકરણ કરીને અથવા તો કોઈ શિલ્પીએ પોતાનું મગજ દોડાવીને એક જૈન કીર્તિસ્થમ્ભ ભિલોડાના જૈન મંદિરના આંગણામાં સત્તરમા સૈકામા બાંધ્યો છે, જે હજી કાલ જ બંધાયો હોય તેવી સ્થિતિમાં ઊભો છે। આ જયસ્થમ્ભ ક્યાં [illegible] અને કેવો છે તે વિશે ગુજરાતની જનતા જાણતી નથી તો પછી ભારતવર્ષ અને પરદેશની જનતાની જાણ બહાર હોય તેમા શી નવાઈ? કદાચ સોળમા સૈકા પછી બંધાયેલ આ કીર્તિસ્થમ્ભને ચિતોડના જયસ્થમ્ભ અને કીર્તિસ્થમ્ભ જેટલો જૂનો ગણવામા ન આવે એ કારણને લઈને આ કીર્તિસ્થમ્ભ શિલ્પશાસ્ત્રીઓ, પુરાતત્ત્વવિદો, શિલ્પીઓ અને ગુજરાતની તથા ભારતવર્ષની શિલ્પરસિક જનતામાં અજાણ્યો રહ્યો હોય. સાબરકાંઠાનું ભિલોડા ગામ પચીસ વર્ષ પહેલા સારા માર્ગો કે રેલ્વે અને બસવ્યવહારથી દૂર હતું, જંગલોથી ઘેરાયેલું હતું એ કારણને લઈને પણ ભિલોડાનો કીર્તિસ્થંભ ભારતવર્ષની જનતાની જાણ બહાર રહ્યો હોય તો નવાઈ નહિ. આ કીર્તિસ્થંભને ભૂલભૂલામણીને નામે ઓળખવામા આવતો હોવાથી ભિલોડા ગામમા જનાર માણસને પણ આ કીર્તિસ્થંભનો ખયાલ આવતો નથી ગુજરાતમાં ખૂબ દિગંબર જૈન સંપ્રદાયનું બહુ જોર ન હોવાથી અને ભિલોડામા તો જૈનોના ત્રણ ઘરની જ વસ્તી હોવાથી ભિલોડાનું દેરાસર અને કીર્તિસ્થંભ જૈનોમા બહુ જાણીતા નથી. મને પણ આ કીર્તિસ્થંભનો બહુ ખયાલ ન હતો, પણ ભિલોડા બાજુનો એક નોકર મારે ત્યા રહેતો હતો તેણે મારા ઘરની દીવાલે ટાંગેલ ચિતોડના દિગમ્બર જૈન કીર્તિસ્થંભની તસ્વીર જોતા મને કહ્યું કે 'સાહેબ! ભિલોડામા આ ફોટાના જેવી જ ભૂલભૂલામણી મે જોઈ છે.'

એ નોકરે આપેલ બાતમી ઉપરથી અમે ૧૯૬૨ના ફેબ્રુઆરી મહિનાના પહેલા રવિવારે સિલોડાનું જૈન દેરાસર તથા કીર્તિસ્થંભ જોવા માટે નીકળી પડયા. અમદાવાદથી હિંમતનગર થઈને શામળાજી તરફ જતા 'નેશનલ હાઈવે'ના ગાંભોઈના એસ. ટી. સ્ટેશનથી સિલોડા તરફ જવાનો રસ્તો ડાબે હાથે ફંટાય છે. એ માર્ગે આગળ વધતાં બામણા ગામ પાસે આવેલ એક ઓટલા ઉપર જૂના સમયની આશરે આઠેક દેવદેવીઓની મૂર્તિઓ બેસાડેલી છે. અહીંથી આગળ વધતાં સિલોડા સુધી પાકો રસ્તો છે. ફક્ત સિલોડા ગામ પાસે એક નદીનું નાળું બંધાયેલ નથી. ઈડરથી પણ પાકી સડક સિલોડા સુધી આવે છે. અમે સવારના દસ વાગે સિલોડા પહોંચ્યા. મારો નોકર સાથે હોવાથી અમને તુરત જ જૈન મંદિર તરફ લઇ ગયો. દૂરથી જ ઊંચો જૈન કીર્તિસ્થંભ જોઈને અમે સિલોડા સુધીનો અમારો ધક્કો સફળ માન્યો. કીર્તિસ્થંભ તરફ આંગળી ચીંધતાં મારા નોકરે કહ્યું કે પેલી ઊંચી દેખાય છે એ ભૂલભુલવણી છે. આજુબાજુના ગામડીઆ તો આ ભૂલભૂલવણીનું વરત નાખે છે.

"ઊંચું ઊંચું ઊચકડું ને મધ્ય સિલોડામાં,
ઈ વરત ન વરતે ઈ સીધો કૂવે જાય."

અમે એક નાની ખડકીમાં થઇને ગુજરાતના એક જ, પણ ગુજરાતની જનતાથી અજાણ્યા, કીર્તિસ્થંભ પાસે પહોંચ્યા. કીર્તિસ્થંભના ઓટલાની બાજુના એક શિલાલેખમાં આ કીર્તિસ્થંભ સંવત ૧૬૬૫માં બંધાયો હોય તેમ લખ્યું છે. સિલોડાની જનતા એક ચાલી આવતી વાત મુજબ કહે છે કે આ કીર્તિસ્થંભને પાંચ મજલા હતા, પણ બે સૈકા પહેલાં મિનારાને ઉપલે માળેથી એ વખતના સિલોડાના રાજવીની કુંવરી પડી જવાથી આ મિનારાના બે મજલા ઉતરાવી નાખવામાં આવ્યા. આ વાતમાં કેટલું સત્ય છે તે કહેવું મુશ્કેલ છે, પણ હાલનો ત્રણ મજલાવાળો કીર્તિસ્થંભ જોતાં જ મેં તેની સરખામણી મનોમન ચિતોડના જૈન કીર્તિસ્થંભ સાથે કરી લીધી. જોનારને પ્રથમ દૃષ્ટિએ જ ગમી જાય એવો આ મિનારો મને કેટલીક બાબતમાં ચિતોડના કીર્તિસ્થંભથી પણ ચડિયાતો લાગ્યો.

સોલંકી યુગમાં ગુજરાતમાં કીર્તિસ્થંભોને બદલે તોરણો બાંધવાની પ્રથા હતી. એટલે તે કાળમાં ચિતોડગઢ જેવા મિનારા ગુજરાતમાં બંધાયા

નહિ હોય. સોલંકીકાળ પછી મુસ્લિમ સમય દરમિયાન બંધાયેલ બિલોડાનો કીર્તિસ્થંભ તે કાળના શિલ્પના નાક સમો છે. આ સમય દરમ્યાન સોલંકી શિલ્પ વિસરાતું જતું હતું. પણ આ મિનારો જોતાં એમ લાગે કે સોળમા સૈકા પછી પણ સોલંકી શૈલીની શિલ્પગંગા વહાવનાર સોમપુરા ભાઈઓ હતા.

બિલોડાના કીર્તિસ્થંભની કળશી સહિતની ઊંચાઈ આશરે સાડા એકાવન ફીટ જેટલી છે. કીર્તિસ્થંભ સાડા આઠ ફીટની ઊંચાઈની જગતિ ઉપર ઊભો છે. મિનારાનો પહેલો મજલો કોઈ દેવમંદિરના મંડોવર ભાગ જેવો લાગે છે. પીઠ, જાડુંબો, કર્ણિકા, ગ્રાસપટ્ટી, કુંભ, કળશ, અંતરાલ, કેવાલ, જંઘા, ભરણી, શિરાવટી અને છજાનો ભાગ જોઈને કોઈ સોલંકી યુગનું દેવમંદિર નજર સામે ઊભું હોય તેવું લાગે છે. જંઘા ઉપરનાં દેવદેવીઓ, યક્ષો-ગાંધર્વોનું શિલ્પ હજી હાલે જ કોતરાયું હોય તેવું નવા જેવું જ લાગે છે. મિનારાનો બીજો માળ સાદો છે. ફક્ત મિનારાની સીડીમાં જતાં અજવાળું મળે તે માટે બનાવેલ ચાર ગવાક્ષો આ ભાગને શોભાવે છે. ત્રીજે માળે ચારે બાજુ ચાર ઝરૂખા જેવા ભાગ છે. ખરેખર તો આ ભાગ કોઈ અગિયારમા સૈકામાં બંધાયેલ નાના અડધિયા સ્થંભોવાળા મંદિરના સભામંડપ જેવો લાગે છે. બહારથી નજર કરતાં ચોખ્ખું દેખાઈ આવે છે કે સભામંડપ જેવી વેદિકા, તેની ઉપર કક્ષાસન, તેના ઉપર સાદા અર્ધસ્થંભો અને તેના ઉપર ઘુમ્મટનો ભાગ જે સોલંકીકાળ પછી મુસ્લિમકાળ દરમિયાન બંધાયેલા મંદિરના સાદા ગોળ ઘુમ્મટના ભાગ જેવો છે તે કોઈ સોલંકી કાળોત્તર મંદિરના સભામંડપની ઝાંખી કરાવે છે. ઘડીભર મનમાં ગોઠવણી કરીએ તો આ મિનારાનો નીચલો માળ છજા સુધીનો કોઈ મંદિરનો મંડોવર ભાગ હોય, વચલો માળ પ્રદક્ષિણાપથવાળા કોઈ મંદિરનું ગર્ભગૃહ હોય અને ત્રીજો માળ સભામંડપ હોય તેમ લાગે છે. મિનારા ઉપર જવા માટે એક કોતરણીથી ભરપૂર સાડા પાંચ ફીટ ઊંચાઈની દ્વારસાખ આવેલી છે. દ્વારસાખમાંથી અંદર નજર કરતાં જ સામે જૈન દિગમ્બરમૂર્તિ નજરે પડે છે. બાજુમાંથી ઉપર ચડવાનાં પગથિયાં શરૂ થાય છે. આ પગથિયાં મિનારાની દીવાલને અડીને ગોળાકારે ધીરે ધીરે ઊતરચડ બાંધવામાં આવ્યાં છે. ત્રીજે આંટો મારતાં મિનારાને ઉપલે મજલે પહોંચાય છે. ત્રીજા માળના ઝરૂખા બહાર નજર કરતાં આખુંય બિલોડા ગામ દેખાય છે. આજુબાજુનાં જંગલો, પહાડો અને નદીઓ આ મંદિરનું

સૃષ્ટિસૌંદર્ય વધારતાં દેખાય છે. બાજુના જૈન મંદિરનો શિખર ભાગ અને દેવકુલિકાઓ ઉપરની અગાશી તથા ઘુમ્મટો અને દરવાજા ઉપરનો ભાગ જોતાં જૂનાગઢ (ગિરનાર)નાં જૈન મંદિરોનું પક્ષીદર્શન નજર સામે ખડું થાય છે. મિનારામાં જવાની સીડીની સાફસૂફી થતી નથી એટલે ત્યાં સેંકડો કાનકડીયાનો વાસ બન્યો છે. જૈન ભાઇઓની ઓછી વસ્તી હોવાથી દેરાસરની પણ જોઇએ તેટલી સંભાળ લેવાતી નથી એટલે મંદિરના મૂળ ગભારામાં ઉંદરડાઓ રખડતા નજરે પડે છે. આ જૈન મંદિર ભલે દિગમ્બર જૈન સંપ્રદાયનું હોય છતાં ગુજરાતનાં જૂનાં મંદિરોમાં એક વિશિષ્ટ પ્રકારની બાંધણીવાળો મિનારો ધરાવતું હોવાથી તેની જાળવણી માટે જૈનેતર ભાઈઓએ પણ આ મંદિરને આર્થિક સહાય કરીને વધારે સારી રીતે જળવાય તેમ કરવું જોઇએ. મંદિરના ગૂઢમંડપમાં દેવમૂર્તિઓ એટલી બધી ખીચોખીચ મૂકવામાં આવી છે કે પૂજારીને ગર્ભગૃહમાં જવાની જગ્યા શોધવી પડે છે। આ મંદિરમાંની ઘણી મૂર્તિઓ સોલંકીકાળની પણ છે. અમુક મૂર્તિઓ ભરવામાં ડુંગરપુરી પથ્થરોની પાટો પણ વપરાઈ હોય તેમ લાગે છે. આ બધું જોતાં જોતાં અમે ચારેક કલાક ગાળ્યા. મુખીની મદદથી બાજુના એક મકાન ઉપર ચડીને અમે શિલોડાના કીર્તિસ્થંભની તસ્વીરો લીધી. શિલોડા જનાર તસ્વીરકારોને સવારને સમયે જ તસ્વીરો લેવાની અનુકૂળતા પડે છે. દેરાસરની થોડી બીજી તસ્વીરો લઇને અમે ઉદરપૂજા માટે શિલોડા ગામથી થોડેક દૂર આવેલા એક ઝરણાને કાંઠે ગયા. અહીં એકાદ કલાક ગાળીને બડોલી, લાલપુરથી ઇડર થઇને અમદાવાદ તરફ પાછા ફર્યા.

# શિવપંચાયતન મંદિર-ભેટાળી

પંચ શબ્દ વેદકાળથી એટલો બધો પ્રચલિત થઇ ગયો છે કે હિંદુ ધર્મના હરેક અંગોમાં તે શબ્દનો ઉપયોગ જુદે જુદે સ્વરૂપે કે વિશેષણ રૂપે થયેલો જોવા મળે છે. બ્રહ્માંડોનાં પંચતત્ત્વોને હજારો વર્ષ પહેલાં આર્યોએ વર્ણવ્યાં છે. પંચતત્ત્વોમાંથી ઉત્પન્ન થયેલ મનુષ્ય પંચતત્ત્વમાં મૃત્યુ સમયે ભળી જાય છે એવું આર્ય તત્ત્વજ્ઞાન બીજા કોઈ ધર્મમાં જોવા મળતું નથી. પંચતત્ત્વ અને પંચત્વ અંગેનાં તત્ત્વજ્ઞાન સ્વીકાર્યા પછી આર્ય પ્રજાએ વિદ્યાનાં હરેક અંગોમાં પંચ અંગોનું જુદી જુદી રીતે વધારેમાં વધારે વિસ્તરણ કર્યું છે. પંચાયત, પંચદર્શન, પંચીકરણ, પંચતત્ત્વવિજ્ઞાન વગેરે બાબતો ધીરે ધીરે આમ જનતા પણ જાણતી થઈ ગઈ છે. આયુર્વેદે પંચ શબ્દનો ઉપયોગ ખૂબ જ કર્યો છે. પંચકોણ, પંચગવ્ય, પંચાંગ વગેરે ઔષધિનાં પાંચ અંગોનાં વર્ણનો આયુર્વેદમાં ખૂબ મળી આવે છે. ટૂંકી વાર્તાનાં પુસ્તકોમાં પંચતંત્રોનું પુસ્તક દુનિયાભરમાં પ્રસિદ્ધિ પામ્યું છે. શિલ્પ અને સ્થાપત્યમાં પંચાંડી મંદિરો, પંચાયતન મંદિરો, પંચાયતન મૂર્તિઓ વગેરે અંગો ખૂબ જાણીતાં છે. જુદા જુદા પંચાયતન દેવોની પૂજા હિન્દુ ધર્મે વ્યાપક રીતે સ્વીકારી છે. ભારતવર્ષનો પંચશીલનો સિદ્ધાંત નૈતિક દૃષ્ટિએ આખી દુનિયાને ગમ્યો છે જ. ચીન જેવા અકોણા દેશે ભલે એ સિદ્ધાંતનો ભારતવર્ષ સામે જ ભંગ કર્યો હોય છતાં એ સિદ્ધાંત તો ભવિષ્યમાં દરેક પ્રજાએ અને દેશે સ્વીકારવો જ પડશે. નહીંતર અણુયુદ્ધ દુનિયાનો નાશ કરવાની નોબતો વગાડતુ ઊભું જ છે.

દુનિયાભરને આકર્ષનાર ભારતવર્ષની યોગવિદ્યાનું મુખ્ય અંગ પણ પંચતત્ત્વ જ છે. છેલ્લે પંચાયત રાજ્ય, ગ્રામ પંચાયત, જ્ઞાતિપંચાયત, અને વેપારી પંચો વગેરે પંચશબ્દોનાં જુદાં જુદાં અંગો ભારતવર્ષમાં પોતપોતાની રીતે કામ કર્યે જાય છે.

મેં સૌપ્રથમ ૧૯૨૮ની સાલમાં તાજમહાલ જોયો ત્યારે એ મહાકાય સર્વાંગસુંદર ઇમારતનાં સ્વપ્નાંઓ ઘણાં વખત સુધી અનુભવ્યાં કર્યાં. પછી કલકત્તાનું વિકટોરિયા મેમોરિયલ જોયું. થોડાં વર્ષો વીત્યાં અને દક્ષિણની મુસાફરીએ ગયો ત્યારે ઔરંગઝેબનાં પત્ની રાબીઆ દુરાનીનો રોજો જોયો. એ સિવાય ઇત્માદ ઉદ દૌલા, વગેરે જોયા પછી

મને એમ લાગ્યા કરતું હતું કે આ બધી ઇમારતો બીજી ઇમારતો કરતા જરૂર વધારે આકર્ષક લાગે છે છેવટે જ્યારે નાસિક પાસેના ઝેગડા ગામનું પંચાયતન મંદિર જોયું ત્યારે મને મૂંઝવતી બાબતનો ઉકેલ મળી ગયો. જ્યા જ્યા વચ્ચે મુખ્ય ઇમારત અને ચાર ખૂણે ચાર નાની ઇમારતો એમ પંચાયતન હોય ત્યાં ત્યા ઇમારતોનો દેખાવ અને ઉઠાવ ખૂબ જ આકર્ષક બને છે

ચાર મિનાર વચ્ચે શોભતી તાજમહાલની અને બીજી રાબીઆ દુરાનીના રોજાની ઇમારતો જોનારને આકર્ષે છે તેનું મુખ્ય કારણ પંચાયતન છે હુમાયુનો મકબરો આ બાબતથી વંચિત હોવાથી ઓછો આકર્ષક બન્યો છે. છતા ય તેના ચાર બાજુના ચાર બુરજોથી મકબરો ઠીક શોભે છે. પશ્ચિમી શૈલીથી બંધાયેલ વિક્ટોરિયા મેમોરિયલની કલકત્તાની ઇમારત જો પંચાયતન ન હોત તો બહુ શોભત નહિ. મંદિરો કે ઇમારતોને ચાર દરવાજા કરતા ચાર મિનારા, ઘુમ્મટો કે ચાર શિખરો ચાર ખૂણે બાંધવામા આવે તો વધારે શોભા આપે છે.

ગુજરાતમા પંચાયતન મંદિરો બાંધવાની શરુઆત સાતમા સૈકાથી થઈ હોય તેમ લાગે છે. ભારતવર્ષના બીજા ભાગોમા પણ લગભગ આ સમય પછી પંચાયતન મંદિરો બંધાયા છે. સમચોરસ કે સહેજ લંબચોરસ મહાકાય ઊંચી જગતિ (ઓટલો)ને ચારે ખૂણે ચાર દેવના મંદિરો અને વચમા મુખ્ય દેવનું વિશાળ મંદિર–એ આખા ય સમૂહને પંચાયતન મંદિર કહેવામા આવે છે સિન્નર અને મધ્ય પ્રાંતના ઉદયપુરના મંદિરોએ જેમ કારીગરને કે સ્થપતિને કુતુબમિનાર જેવી ઊંચી ઇમારત બાંધવાની પ્રેરણા આપી હશે તેમ ભારતવર્ષના કોઈ પંચાયતન મંદિરે મુસ્લિમ સ્થાપત્યોમા તેની રીતે પંચાયતન ઇમારતો બાંધવાની પ્રેરણા જરૂર આપી હશે જ્યારે ઝેગડાનું શિવ મંદિર કે ગુજરાતનું બોટાદનું પંચાયતન મંદિર કે આસુડાદેવડાનું મહાદેવનું મંદિર જોઈએ ત્યારે તરત જ આંખ સામે તાજમહેલ જેવી ભવ્ય ઇમારત તરી આવે અને તુરત એમ લાગે કે સ્થપતિને આ નાનકડા અંગોમાથી મહાકાય ઇમારત બાંધવાનો વિચાર સૂઝયો હશે.

ગુજરાતમા સૌપ્રથમ ગઢીયા પાસેના રૂદ્રેશ્વર મહાદેવ પાસે પંચાયતન મંદિર બંધાયું હશે ધીરે ધીરે મંદિરો બાંધવાની જુદી જુદી શ્રેણીનો વિકાસ થતો ગયો તેમ તેમ જુદી જુદી શ્રેણીના પંચાયતન મંદિરો ગુજરાતભરમા બંધાયા. તેમા ય ખાસ કરીને સોલંકી કાળના

આશુડાદેવડા, ભાવકા, માર્તંડેશ્વર વગેરેનાં પંચાયતન મંદિરો બે ઘડી આંખ સામે ભવ્ય તાજનાં ન સરખાવી શકાય છતાં કલ્પી શકાય તેવાં દશ્યો રજૂ કરે છે. ગુજરાતના મુસ્લિમકાળ દરમિયાન પંદરમાસોળમા સૈકામાં પણ સોલંકી શૈલીને મળતી શૈલીનું પુનરુત્થાન થયું ત્યારે કેન્યાટાનું સૂર્યપંચાયતન મંદિર, બેટાળીનું શિવપંચાયતન મંદિર તથા પોળોનાં સદેવંત સાવળીગાંના દેરાનાં વિષ્ણુ પંચાયતન મંદિરો બંધાયાં. સોલંકી કાળ દરમિયાન બંધાયેલાં પણ મુસ્લિમોને હાથે કે બીજી રીતે નાશ પામેલાં શિલરાણુ, પંચાલ તથા અમીરગઢ પાસેનાં મંદિરો પણ પંચાયતન મંદિરો હશે તેમ ચોક્કસ કહી શકાય, હાલનાં મોજૂદ પંચાયતન મંદિરોમાં બેટાળીનું શિવપંચાયતન મંદિર વધારે સારી રીતે જળવાઈ રહ્યું છે.

ગુજરાતમાં સોલંકી રાજ્યના અસ્ત પછી મુસ્લિમ સત્તા ધીમે ધીમે જોરમાં આવી. ચઢિયાતી યુદ્ધકળા આગળ નાનાંમોટાં રજપૂત રાજ્યો કે બીજાં રાજ્યો ધીરે ધીરે મુસ્લિમોના કબજા નીચે આવતાં ગયાં. સોળમા સૈકામાં તો ગુજરાતનો મોટા ભાગનો પ્રદેશ અમદાવાદમાં સ્થપાયેલ સ્વતંત્ર મુસ્લિમ રાજ્યના હાથ નીચે આવી ગયો. છતાં ય દુર્ગમ ઝાડીઓ અને પહાડોથી રક્ષાયેલાં કેટલાંક નાનાં રજવાડાં સ્વતંત્ર કે અર્ધસ્વતંત્ર રહી શક્યાં. ઘણાં રાજ્યો ખંડિયાં બન્યાં, પણ વખત આવ્યે મુસ્લિમો સામે માથું ઊંચકતાં હતાં. આવા સંક્રાંતિ કાળમાં દેવમંદિરો બાંધવાની પ્રથા લગભગ અટકી ગઈ. મુસ્લિમો વારંવાર હિંદુઓનાં દેવમંદિરો તોડી નાખતા હોવાથી મહામહેનતે અમુક મંદિરો-ની જાળવણી થઈ શકતી હતી. ઈસવી સનના સોળમા સૈકામાં સાબરકાંઠા જિલ્લાનો કેટલોક ભાગ મુસ્લિમ શાસન નીચે આવ્યો નહોતો. કેટલોક ભાગ અર્ધસ્વતંત્ર હતો એટલે આ પ્રદેશમાં સલાટોને રાજ્યાશ્રય મળવાથી કેટલાંક સુંદર મંદિરો બંધાયાં અને એ રીતે સોલંકી સમયની મંદિરો બાંધવાની શ્રેણી નવસર્જિત થઈ.

આ કાળ દરમિયાન હાલના ભિલોડા શહેરની પૂર્વ દિશાએ આઠેક માઈલ દૂર બેટાળી નામે એક નાનકડું નગર આવેલું હતું. આ શહેર બેટાળી રાજ્યની નાની ઠકરાતનું મુખ્ય શહેર હતું. એ વખતના બેટાળીના ઠાકોર સાહેબ શિવપૂજક હતા. એક વખત ઠાકોર સાહેબે બેટાળીના નાના ડુંગરાના પેટાળમાં સુંદર શિવપંચાયતન મંદિર બાંધવાનો વિચાર કર્યો. આ કામ માટે તેમણે વાગડના સુપ્રસિદ્ધ સોમપુરાને બોલાવ્યો. સોમપુરાએ આવીને મંદિર બાંધવાની જગ્યા જોઈ.

જગ્યા તેને પસંદ પડી. તુરત જ મંદિર બાંધવાનો કાચો નકશો દોરી કાઢયો. એ સમયે મંદિરોના બાંધકામમાં મોટે ભાગે રેતિયા પથ્થરનો ઉપયોગ થતો હતો. પણ બોટાળી ઠકરાતની હદમાં કે આજુબાજુ તો કયાંય રેતીયો પથ્થર મળી શકે તેમ નહોતો. ઠાકોર સાહેબ તથા સ્થપતિ સોમપુરા વિચારમાં પડી ગયા. બાજુના ડુંગરાના પેટાળમાંથી બહાર નીકળી આવેલ એક પથ્થર જોઈ ને સોમપુરાની આંખ ચમકી. તેણે એ પથ્થર ઉપર પોતાનું ટાંકણું ચલાવી જોયું. તેને એ પથ્થર વધારે કડક અને ખરડ લાગ્યો. છતાં બાંધકામમાં કોઈ પણ મુશ્કેલી સિવાય ચાલી શકે તેવો લાગ્યો. બીજે દિવસે જોષીને બોલાવીને યોગ્ય મૂરત જોઈને મંદિરનું બાંધકામ શરૂ કરવાનું નક્કી થયું. ખાત મૂરત થયા પછી નજીકના ડુંગરામાંથી મેળવાયેલ પથ્થરો ઉપર સોમપુરા સલાટોનાં ટાંકણાં કયારેક હળવે હાથે તો કયારેક મજબૂત હાથે ફરવા માંડયાં. થોડા સમયમાં ડુંગરના પેટાળ તરફથી નીચી અને આગળના ભાગેથી આઠ ફીટ ઊંચી સમચોરસ જગતિ તૈયાર થઈ ગઈ યોગ્ય મૂરત જોઈને શિવમંદિરનો પીઠ ભાગ શરૂ થયો. ચાર ખૂણાનાં ચાર મંદિરોનું બાંધકામ પણ શરૂ થયું. ધીરે ધીરે ચાર ખૂણે ચાર અને વચમાં મુખ્ય-એમ પાંચ મંદિરો બંધાયાં. પાંચે મંદિરો પંચાંડી બંધાયાં પંચાયતન પંચાંડી મંદિરો ભાગ્યે જ બંધાયાં છે. બોટાળીનું શિવપંચાયતન મંદિર બંધાયું તે સમયનાં અને તે પહેલાનાં પંચાયતન મંદિરોમાં ભારતભરમાં મારા ખયાલ મુજબ બે જ પંચાંડી પંચાયતન મંદિરો છે. બોટાળીનું પંચાયતન મંદિર જયારે પૂરું થયુ ત્યારે તે મંદિર આ એરણીનાં બીજાં મંદિરોની હરોળમાં ઘણું ચડીયાતું બન્યું હતું અને હાલમાં પણ છે નજીકના જ પહાડમાથી લાવવામાં આવેલ મોટા પથ્થર ઉપર શિલ્પીનાં ટાંકણાં હળવું કંડારકામ કરવા લાગ્યાં. ધીરે ધીરે નાનકડા વાછડા જેવો બેઠેલો નંદી એ શિલામાંથી શિલ્પીએ કોતરી કાઢયો. જાણે હમણાં ઊભો થશે અને શિવજી પાસે જશે એવું નંદીનું આબેહૂબ સ્વરૂપ હતુ હાલમાં એ નંદીનુ મસ્તક તૂટી જવાથી મંદિર બહાર મૂકવામાં આવ્યો છે શિવમંદિરના મંડોવર ભાગની જંઘા ઉપરનું શિલ્પ હરકોઈ જોનારને આંખમાં વસી જાય તેવું કોતરાયું હતું. તેમાંય ખાસ કરીને મૃદંગધારિણી તથા શુકખેલન શિલ્પ એ ઘડી ખજુરાહોના કૌંદર્ય મહાદેવના જંઘા ઉપરના શિલ્પને વિસરાવી દે તેવું બનાવાયું હતું આવા સુંદર પ્રાસાદની જંઘા ઉપર દેવદેવીઓ, દિગ્પાલો તથા ગાંધર્વોનું શિલ્પ તો અદ્ભુત હોય જ ને. શિખર ભાગના ત્રણ

લાગે છે. મંદિરથી થોડે દૂર આસુડાદેવડાના મંદિરની પેઠે નાનકડું કુબેરમંદિર બંધાયું હોય તેવો સંભવ છે. કારણ કે અહીં પણ કુબેરની એક મહાકાય તૂટેલી મૂર્તિ પડી છે. મુખ્ય મંદિર સિવાયનાં ખૂણાના મંદિરોનું બાંધકામ બહુ સાદું હોય એમ અવશેષો ઉપરથી દેખાય છે મુખ્ય મંદિર તરફ ન જોતા જગતિના પાછળના ખૂણાના નાના મંદિરોને જોઈ એ તો એમ લાગે કે આ નાનકડા મંદિરોની બાંધણી સોલંકીયુગની શરૂઆતના મંદિરો જેવી હશે, પણ મુખ્ય મંદિર તરફ જોતા તુરત જ જાણી શકાય કે આ મંદિરો બારમા સૈકાનાં હશે. મુખ્ય મંદિરના સભામંડપનો મોટો ભાગ નાશ પામ્યો છે. એક બાજુની અર્ધચોકીનો થોડો ભાગ ઊભો છે. સભામંડપનો વેદી સુધીનો ભાગ મોજૂદ છે. મંદિરના સભામંડપમા વેદિકાના કક્ષાસનોને દરેક ખૂણે વામણા અર્ધ સ્તંભો ગોઠવાયા છે. સોલંકી યુગના દ્વિતીય કોટિના મંદિરોની પેઠે આ મંદિરનો સભામંડપ રચાયો હશે. મંદિરનો આગળનો અર્ધચોકીનો ભાગ બહુ જ સુંદર હશે એમ અવશેષો ઉપરથી લાગે છે. સભામંડપમા જવાની પગથારની બને બાજુએ બહારને ભાગે કોતરાયેલા શિલ્પ અને સુશોભન ખૂબ જ ઉત્તમ કોટિના છે મંદિરનું ગર્ભદ્વાર પચશાખા અર્પીતું છે ગર્ભગૃહ તદ્દન સાદુ છે ગર્ભગૃહની દીવાલે કોતરાયેલ શિવમૂર્તિનું શિલ્પ આંખમા વસી જાય તેવું છે. લિંગપીઠિકા અને જગતિ સાદા છે. મંદિરના સભામંડપમા ગણેશનર્તનની એક મૂર્તિ તથા ભરાવદાર જાડા શરીરવાળા ગણેશની બીજી મૂર્તિ ગોઠવાયેલી પડી છે. ગર્ભદ્વાર આગળના અંતરાલની બંને બાજુએ ભદ્રિક સ્થભો ઊભા છે. સ્થભોની કોતરણી સાદી છે. મંદિરના સભામંડપ તથા મંડોવરના પીઠભાગ ઉપરના થરોમા ખાસ કરીને હસ્તિ થરનું શિલ્પ ભીડીને આંખમા ચોટી જાય તેવું છે. હાથીના દરેક પ્રકારના હાવભાવો એટલા બધા આબેહૂબ કોતરાયા છે કે જોનારને એમ લાગ્યા કરે કે હાથીના દરેક પ્રકારના હલનચલનનો ખ્યાલ શિલ્પીએ કઈ રીતે મેળવ્યો હશે ? મંદિરની કોઈ ખાસ વિશિષ્ટતા હોય તો તે એ છે કે મંદિરમાં દાખલ થવાના પગથિયાને બહારને ભાગે તેમ જ મંડોવરના કુંભભાગ ઉપર કોતરાયેલ રતિક્રીડાના જુદા જુદા નમૂનાઓ જોનાર ઘડીભર વિચારમાં પડી જાય કે શિવજીના પવિત્ર મંદિરની બહાર આ બધું શું છે ? અમુક આસનો તો એટલાં બધાં બીભત્સ છે કે જે માની પણ ન શકાય ! આ મંદિર આખુંય બાજુમા નીકળતા કઠણ ગ્રેનાઈટ પથ્થરમાંથી બંધાયેલું હોવાથી

શિલ્પ ઉપર સૈકાઓ વીત્યા છતાં હવાના ફેરફારોની બહુ જ ઓછી અસર થઈ છે ગ્રેનાઈટ પથ્થર વધારે પડતો વજનદાર હોવાથી કાળક્રમે આખું મંદિર હચમચી ગયુ છે. અમુક ભાગ ધરાશાયી થયો છે છતાં નીચે પડેલા ભાગોનું શિલ્પ જેવું ને તેવું દેખાય છે. અંબાજી પાસેના કુંભારિયાનાં મંદિરોમાં કુભેશ્વર મહાદેવના મંડોવર ભાગની કુંભકિનાર ઉપર કામસૂત્રનાં આસનોનું શિલ્પ દેખાય છે. પણ એ મંદિર સ્થાનિક કાચા આરસ જેવા પથ્થરમાંથી બંધાયેલું હોવાથી તેના ઉપર સમયની અસર વધારે થઈ છે. રતિક્રીડાના નમૂનાઓ મોઢેરા, સેજકપુર, ગલતેશ્વર અને બીજાં ઘણાં મંદિરોમાં છે; પણ બાવકાના મંદિર જેવા તો નહિ જ. અહીં તો શિલ્પીનું ટાંકણું એ વિષય ઉપર મન મૂકીને ફર્યું જ ગયું છે! આ મંદિરની જંઘા ઉપર કોતરાયેલ દેવદેવીઓ ઉપરાંત કોઈ અપ્સરાનું મુખદર્શનનું શિલ્પ ખજૂરાહોના મુખદર્શનના શિલ્પની હરીફાઈ કરે તેવું છે. મંદિરનો શિખરભાગ તૂટી પડયો છે, પણ બાજુમાં જ તૂટી પડેલ ભાગના પથ્થરો પડયા છે. આર્કિયોલૉજીકલ ખાતાએ આ સ્થળે તૂટેલ ભાગના પથ્થરાઓની સુંદર ગોઠવણ કરી છે, છતાં અહીં એક રખેવાળની ખાસ જરૂર દેખાય છે. નજીકના ગામડિયાઓ, જે મંદિરના દર્શનાર્થે આવ્યા હતા તેમણે કહ્યું કે થોડા મહિના પહેલાં આ મંદિર નિરખવા આવેલ કોઈ નાટક મંડળી અહીંથી એક મૂર્તિ ઉઠાવી ગઈ. મંદિરનો જે જે ભાગ નાશ પામ્યો છે તેના પથરાઓ બાજુમાં જેમતેમ પડયા છે. તેમને જો યથાસ્થાને ગોઠવવામાં આવે તો આસુડાદેવડા તથા દેલમાલના નિબજા માતાના મંદિર કરતાં પણ આ મંદિર વધારે સુંદર દેખાય. આ કામ બહુ ખર્ચાળ નથી; પણ આર્કિયોલૉજીકલ ખાતાની મીઠી નજર માગી લે છે. મંદિરનું શિલ્પ પથ્થરની મજબૂત જાતને લઈને હજારો વર્ષ સુધી હવામાન સામે ટકી શકે તેમ છે અને એ રીતે સોલંકીયુગનો એક સુંદર નમૂનો જાળવી શકાય તેમ છે.

આ મંદિરની માહિતી મને ઘણાય વર્ષોથી સાંપડી હતી આર્કિયોલૉજીકલ ખાતું પણ આ મંદિરનું કેટલાય વખતથી જાણકાર છે. એટલે હું માનતો હતો કે રક્ષિત ઈમારત બનેલ બાવકાના મંદિરની સુંદર રીતે જાળવણી થતી હશે. આ પ્રદેશની આદિવાસી પ્રજા મંદિર તરફ મમતા ધરાવે છે ગણેશબાપો, શંકરબાપો, ઘોઘાબાપો, નાગાનુગરા વગેરે નામથી આ મંદિરની જુદી જુદી મૂર્તિઓને અહીંની સ્થાનિક પ્રજા ઓળખે છે. મંદિર કોણે બંધાવ્યું, કયારે બંધાવ્યું અને કોણે

બાજુની રથીકાઓનું શિલ્પ અદ્ભુત બનાવાયું હતું. રૂદ્રનાં જુદાં જુદાં સ્વરૂપોનું શિલ્પ પણ નયનરમ્ય હતું. ચાર ખૂણાનાં ચાર મંદિરોમાં જગતિ ઉપર ચઢતાં ડાબે હાથે ગણપતિમંદિર, જમણે હાથે કાર્તિકસ્વામીનું મંદિર, શિવમંદિરની પાછળને ભાગે ડાબા હાથ તરફને ખૂણે સૂર્યમંદિર અને જમણા હાથ તરફને ખૂણે બ્રહ્મામંદિર–આ ચારે નાનાં મંદિરો પચાડી શ્રેણીના બનાવવામાં આવ્યાં હતાં. આખી ય જગતિની ચારે બાજુ નીચી બેસણી બનાવવામાં આવી હશે જેથી નાનાં બાળકો કે બેનાર અજાણતાં નીચે પડી ન જાય. સુઅવસરે અને સુમૂરતે એ દરેક મંદિરોમા એ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી. ભેટાળી ઠાકોર સાહેબનું મન આનંદથી પુલકિત બની ગયું નાનકડી ઠકરાતમા આ સુંદર કાચા આરસનું પંચાયતન મંદિર ખરેખર ગુજરાતનાં તે સમયના મંદિરોમાં સર્વાંગસુંદર ગણાવા લાગ્યુ. વખત જતા આજુબાજુનો પ્રદેશ મુસ્લિમોના હાથમાં ગયો, પણ ભય ટાળનાર ભેટાળીની ઠકરાત સદા અણનમ રહી.

સમયના વહેણ સાથે ઠકરાતનો કેટલોક ભાગ ભાયાતોના હાથમા જતાં ઠકરાત નાની થવા લાગી. ભારતવર્ષ સ્વતંત્ર થયો સરદાર વલ્લભભાઇ પટેલે મોટાં રજવાડાંઓનું વિલીનીકરણ કર્યું. ભેટાળી સાબરકાંઠા જિલ્લાનું એક અંગ બની ગયુ. છેલ્લા સૈકામા ભેટાળી પંચાયતન મંદિર તરફ જોઈએ તેટલું લક્ષ આપવામા આવતું ન હોવાથી સૂર્યમંદિરની સૂર્યમૂર્તિ તૂટી ગઈ છે ચાર ખૂણાનાં ચાર મંદિરો જીર્ણ થઈ ગયાં છે, મુખ્ય મંદિર તો શ્રાવણ મહિનામાં થતા શિવપૂજનને લીધે સારી રીતે જળવાઇ રહ્યું છે, છતા ય આ મંદિરો તરફ આજુબાજુની જનતા તથા ખુદ ભેટાળીની જનતા પણ બહુ ઓછું ધ્યાન આપે છે. આ મંદિર ભારતવર્ષના પંચાયતન મંદિરોમા એક સુંદર મણકા સમુ છે. તેનું ગુજરાતે ધ્યાન રાખવું જોઈએ. રાજય સરકારે રક્ષણ કરવુ જોઈએ બાર મહિને ફક્ત બસો–પાંચસો રૂપિયા જેટલી રકમ ખર્ચાય તો ય આ મંદિર સારામા સારી રીતે જળવાઇ રહે તેમ છે. ગુજરાતની પ્રજાએ જેમ ઘરડાં માબાપની વધારે સેવા કરવી ઘટે તેમ આ પુરાણા મંદિરની સંભાળ રાખવી જોઈએ. આ મંદિરો તરફ વધારેમાં વધારે સહેલાણીઓ અને પ્રવાસીઓ આકર્ષાય તેવા પ્રયત્નો થવા જ જોઈએ. નાનકડા ડુંગરડાની ગોદમાં આવેલ જંગલો વચ્ચે શોભેલ ભેટાળી શિવપંચાયતન મંદિરની આજુબાજુનું સૃષ્ટિસૌંદર્ય પ્રવાસીઓને આકર્ષે તેવું છે.

લાગે છે. મંદિરથી થોડે દૂર આસુડાદેવડાના મંદિરની પેઠે નાનકડું કુબેરમંદિર બંધાયું હોય તેવો સંભવ છે. કારણ કે અહીં પણ કુબેરની એક મહાકાય તૂટેલી મૂર્તિ પડી છે. મુખ્ય મંદિર સિવાયનાં ખૂણાના મંદિરોનું બાંધકામ બહુ સાદું હોય એમ અવશેષો ઉપરથી દેખાય છે મુખ્ય મંદિર તરફ ન જોતા જગતિના પાછળના ખૂણાના નાના મંદિરોને જોઈએ તો એમ લાગે કે આ નાનકડા મંદિરોની બાંધણી સોલંકીયુગની શરૂઆતના મંદિરો જેવી હશે, પણ મુખ્ય મંદિર તરફ જોતા તુરત જ જાણી શકાય કે આ મંદિરો બારમા સૈકાના હશે. મુખ્ય મંદિરના સભામંડપનો મોટો ભાગ નાશ પામ્યો છે. એક બાજુની અર્ધચોકીનો થોડો ભાગ ઊભો છે. સભામંડપનો વેદી સુધીનો ભાગ મોજૂદ છે. મંદિરના સભામંડપમા વેદિકાના કક્ષાસનોને હરેક ખૂણે વામણા અર્ધસ્તભો ગોઠવાયા છે. સોલંકી યુગના દ્વિતીય કોટિના મંદિરોની પેઠે આ મંદિરનો સભામંડપ રચાયો હશે. મંદિરનો આગળનો અર્ધચોકીનો ભાગ બહુ જ સુંદર હશે એમ અવશેષો ઉપરથી લાગે છે. સભામંડપમા જવાની પગથારની બંને બાજુએ બહારને ભાગે કોતરાયેલા શિલ્પ અને સુશોભન ખૂબ જ ઉત્તમ કોટિના મંદિરનું ગર્ભદ્વાર પંચશાખા અર્પણું છે ગર્ભગૃહ તદ્દન સાદુ છે ગર્ભગૃહની દીવાલે કોતરાયેલ શિવમૂર્તિનું શિલ્પ આંખમાં વસી જાય તેવું છે. લિંગપીઠિકા અને જગતિ સાદાં છે. મંદિરના સભામંડપમા ગણેશનર્તનની એક મૂર્તિ તથા ભરાવદાર જાડા શરીરવાળા ગણેશની બીજી મૂર્તિ વોડવાયેલી પડી છે. ગર્ભદ્વાર આગળના અંતરાલની બંને બાજુએ ભદ્રિક સ્થભો ઊભા છે. સ્થભોની કોતરણી સાદી છે. મંદિરના સભામંડપ તથા મંડોવરના પીઠભાગ ઉપરના થરોમા ખાસ કરીને હસ્તિ થરનું શિલ્પ કોઈને આંખમા ચોંટી જાય તેવું છે હાથીના હરેક પ્રકારના હાવભાવો એટલા બધા આબેહૂબ કોતરાયા કે જોનારને એમ લાગ્યા કરે કે હાથીના હરેક પ્રકારના હલનચલનનો ખ્યાલ શિલ્પીએ કઈ રીતે મેળવ્યો હશે ? મંદિરની કોઈ ખાસ વિશિષ્ઠતા હોય તો તે એ છે કે મંદિરમા દાખલ થવાના પગથિયાને બહારને ભાગે તેમ જ મંડોવરના કુંભભાગ ઉપર કોતરાયેલ રતિક્રીડાના જુદા જુદા નમૂનાઓ જોનાર ઘડીભર વિચારમા પડી જાય કે શિવજીના પવિત્ર મંદિરની બહાર આ બધું શું છે ? અમુક આસનો તો એટલાં બધાં બીભત્સ છે કે જે માની પણ ન શકાય ! આ મંદિર આખુંય બાજુમા નીકળતા કડણ ગ્રેનાઈટ પથ્થરમાંથી બંધાયેલું હોવાથી

શિલ્પ ઉપર સૈકાઓ વીત્યા છતાં હવાના ફેરફારોની બહુ જ ઓછી અસર થઈ છે ગ્રેનાઈટ પથ્થર વધારે પડતો વજનદાર હોવાથી કાળક્રમે આખું મંદિર હચમચી ગયું છે. અમુક ભાગ ધરાશાયી થયો છે છતાં નીચે પડેલા ભાગોનું શિલ્પ જેવું ને તેવું દેખાય છે. અંબાજી પાસેના કુંભારિયાનાં મંદિરોમાં કુંભેશ્વર મહાદેવના મંડોવર ભાગની કુંભકિનાર ઉપર કામસૂત્રનાં આસનોનું શિલ્પ દેખાય છે. પણ એ મંદિર સ્થાનિક કાચા આરસ જેવા પથ્થરમાંથી બંધાયેલું હોવાથી તેના ઉપર સમયની અસર વધારે થઈ છે. રતિક્રીડાના નમૂનાઓ મોઢેરા, સેજકપુર, ગલતેશ્વર અને બીજાં ઘણાં મંદિરોમાં છે; પણ ભાવકાના મંદિર જેવા તો નહિ જ. અહીં તો શિલ્પીનું ટાંકણું એ વિષય ઉપર મન મૂકીને ફર્યું જ ગયું છે! આ મંદિરની જંઘા ઉપર કોતરાયેલ દેવદેવીઓ ઉપરાંત કોઈ અપ્સરાનું મુખદર્શનનું શિલ્પ ખજૂરાહોના મુખદર્શનના શિલ્પની હરીફાઈ કરે તેવું છે. મંદિરનો શિખરભાગ તૂટી પડયો છે, પણ બાજુમાં જ તૂટી પડેલ ભાગના પથ્થરો પડયા છે. આર્કિયોલોજીકલ ખાતાએ આ સ્થળે તૂટેલ ભાગના પથ્થરાઓની સુંદર ગોઠવણ કરી છે, છતાં અહીં એક રખેવાળની ખાસ જરૂર દેખાય છે. નજીકના ગામડિયાઓ, જે મંદિરના દર્શનાર્થે આવ્યા હતા તેમણે કહ્યું કે થોડા મહિના પહેલાં આ મંદિર નિરખવા આવેલ કોઈ નાટક મંડળી અહીંથી એક મૂર્તિ ઉઠાવી ગઈ. મંદિરનો જે જે ભાગ નાશ પામ્યો છે તેના પથરાઓ બાજુમાં જેમતેમ પડયા છે. તેમને જો યથાસ્થાને ગોઠવવામાં આવે તો આસુડાદેવડા તથા દેલમાલના નિંબજા માતાના મંદિર કરતાં પણ આ મંદિર વધારે સુંદર દેખાય. આ કામ બહુ ખર્ચાળ નથી; પણ આર્કિયોલોજીકલ ખાતાની મીઠી નજર માગી લે છે. મંદિરનું શિલ્પ પથ્થરની મજબૂત જાતને લઈને હજારો વર્ષ સુધી હવામાન સામે ટકી શકે તેમ છે અને એ રીતે સોલંકીયુગનો એક સુંદર નમૂનો જાળવી શકાય તેમ છે.

આ મંદિરની માહિતી મને ઘણાય વર્ષોથી સાંપડી હતી આર્કિયોલોજીકલ ખાતું પણ આ મંદિરનું કેટલાય વખતથી જાણકાર છે. એટલે હું માનતો હતો કે રક્ષિત ઈમારત બનેલ ભાવકાના મંદિરની સુંદર રીતે જાળવણી થતી હશે. આ પ્રદેશની આદિવાસી પ્રજા મંદિર તરફ મમતા ધરાવે છે ગણેશબાપો, શંકરબાપો, ઘોઘાબાપો, નાગાનુગરા વગેરે નામથી આ મંદિરની જુદી જુદી મૂર્તિઓને અહીંની સ્થાનિક પ્રજા ઓળખે છે. મંદિર કોણે બંધાવ્યું, કયારે બંધાવ્યું અને કોણે

તોડવું તે જાણી શકાય તેમ નથી, છતા શિલ્પ અને મંદિરની બાંધણી ની રીત ઉપરથી એટલું કહી શકાય કે ભાવકા પંચાયતનનું મંદિર બારમા સૈકાના અંતમાં બંધાયું હશે, અને કાળ સાથે લડતાં ભારેપણાને લઈને ભોંયેગું થયું હશે અમે અમદાવાદથી નડિયાદ, ડાકોર, સેવાલિયા અને ગોધરા થઇને ભાવકા પહોંચ્યા ત્યારે ભાવકા ગામ પાસે આદિવાસીઓની એક જાન સામી મળી અમે જાનમાના એક ભાઇને ભાવકા તરફ જવાના રસ્તા બાબત પૂછ્યું ત્યારે એ જાનૈયાએ કહ્યુ કે "અમારા ભાવકા મંદિરને બંધાવનારે પૈડા બનાવ્યાં નથી, નહિતર તમે શહેરી લોકો આ આખાય મંદિરને ઉડાવી જાવ તેમ છો !'

મે તેને શહેરી તરફ દાઢનાનું કારણ પૂછ્યુ તો તેણે કહ્યુ કે "મારુ ખેતર મંદિરની બાજુમા જ છે અમે તો અર્ધા નાગા રખડીએ છીએ તમે પગથી તે માથા સુધી, અરે ! ફેશન નીકળે તો આખુ મોઢુ ઢાંકીને, ફરો તેવા છો છતા આ ભાવકા મંદિરે શું લેવા અમારા નાગાપૂગા દેવને જોવા આવો છો ?" મે તેને 'નાગાપૂગા દેવ' વળી શું ' એમ પૂછ્યું ત્યારે બીજા જાનૈયાઓ પણ હસી પડવા અને કહેવા લાગ્યા કે "મંદિરની ચારે બાજુ નાગાપૂગા દેવદેવીઓ અને માણસોના કેટલાય બાવલાં કોતરેલા છે દાહોદના અને બીજા શહેરોના તમ જેવા મોટગ્વાળા માણસો એ નાગાપૂગાં બાવલા જોવા આવ્યા કરે છે ઘણા તો એવા જણા આવે છે કે મહાદેવના દર્શન કર્યાં વિના એ બધા બાવલા જ જોયા કરે છે ! મે જાનૈયાઓને કહ્યુ કે "ભાઈ! તમે ઓછા લુગડા પહેરો છો, સ્ત્રીઓ પણ ચણિયાની ફડક આગળથી ખોસી દે છે એટલે અર્ધનગ્ન દેખાય છે આ બધા કારણને લઈ ને તમને નગ્ન બાવલાઓ જોઈને ખાસ નવીનતા લાગતી નથી, જ્યારે આખુ જ શરીર ઢાકનાર શહેરીઓને નગ્ન બાવલાઓ જોવાનું કુતૂહલ જાગે છે બાકી તો આખીય દુનિયા કપડામા તો નગ્ન છે ને ?' એક ભાઈએ મને પ્રશ્ન કર્યો કે "સાહેબ! અમે આ મંદિર જોવા આવનારને પૂછીએ છીએ કે અમારા ભાવકાદાદાના મંદિરની ચોપાસ શા માટે રતિક્રીડાનાં આસનો કોતરાયા હશે ? આવા ભૂડા ચાળા કોતરાયેલા જોઈને પરધર્મી લોકો અમને કહે છે કે 'જુઓ, તમારા દેવમંદિરોની આ અપવિત્ર રીત ! સાહેબ ! દેવમંદિરમા આવું કેમ કોતરાતુ હશે તેનું કારણ બતાવશો ?" મે એ ભાઈની શકાનું સમાધાન કરતા કહ્યુ કે 'ભાઈ ! આદિ મનુષ્ય પહેલા તો પોતાનાથી બળિયાને દેવ તરીકે માનતો. કુદરતના ભયંકર

સ્વરૂપને પણ દેવ તરીકે માનતો. પણ મનુષ્યની બુદ્ધિનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ મનુષ્ય પોતાના ઉત્પત્તિસ્થાનને વધારે પવિત્ર માનતો થયો એ સમયે મનુષ્યને યોનિ તથા લિંગ પોતાના ઉદ્‌ગમસ્થાન છે એમ લાગ્યું અને લિંગપૂજા તથા યોનિપૂજા શરૂ કરી હડપ્પા સંસ્કૃતિના અવશેષોમાંથી લિંગ તથા યોનિની આદિ મૂર્તિઓ મળી આવી છે. વખત જતા લિંગની શિવલિંગ તરીકે વ્યાપક પૂજા ભારતભરમાં શરૂ થઈ. જાવા, સુમાત્રા અને ભારતની આજુબાજુના દેશો ખાસ કરીને સિયામ, બર્મા, નેપાળ, તિબેટને અમુક ભાગ ગાંધાર, પારશિક દેશ વગેરેમાં શિવ શક્તિની પૂજા વ્યાપક બની ધીરે-ધીરે ગુજરાત-માળવાનો અમુક ભાગ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશના અમુક ભાગ અને મહારાષ્ટ્રમાં શિવસંપ્રદાયનો [illegible] સંપ્રદાય શરૂ થયો. આ સંપ્રદાય શિવપૂજાને વધારે મહત્ત્વ આપતો હતો. સમય જતા રતિક્રીડાના આસનો વિશે લખાણો થયા હતા તેના ઉપરથી મંદિરોની કુંભકિનારીઓમાં આ આસનોનું શિલ્પ શરૂ થયું પછી જ્યાં ત્યાં આ શિલ્પની જુદી જુદી રીતે નકલો થઈ. જાણેઅજાણે મનુષ્ય દંપતીશાસ્ત્ર તરફ રસ ધરાવે [illegible] એટલે શિલ્પમાં છૂટ લેવાણી, જેનાથી દેવમંદિરોની કુંભકિનારી ઉપર નગ્ન આસનોના નાના-મોટા સ્વરૂપો કોતરાયે જ ગયા આ પ્રથા આજ સુધી ચાલુ છે.”

મારા જવાબથી એ જૈનેયા ભાઈને સંતોષ થયો. અમે ભાવકા તરફ આગળ વધ્યા ભાવકા ગામ વચ્ચેના ખરબડા પથ્થરના માર્ગ ઉપરથી આગળ વધતા અર્ધો એક માઈલ દૂર ભાવકા પંચાયતનનું મંદિર દૂરથી નજરે પડ્યું. દૂરથી જ મહાદેવજીને નમસ્કાર કર્યા પથ્થરીયા માર્ગ ઉપર બહુ જ ધીમેથી અમારી જીપ આગળ વધી મંદિર પાસેના ચોગાનની આગળી નીચે મોટર ઊભી રાખી ચારે બાજુ નજર કરી તો ક્યાંક શિવની તો ક્યાંક વિષ્ણુની, તો ક્યાંક નર્તિકાની અને બીજા દેવોની મૂર્તિઓ પડી હતી. આ પ્રદેશની પ્રજા મંદિર તરફ મમતા ધરાવે છે તેમ જ મંદિર બહુ દૂરની જગ્યાએ એકલવાયું અને કુળવાયેલી દુનિયાથી અલગ આવેલું હોવાથી રખડતી મૂર્તિઓ પણ જેમની તેમ જળવાઈ રહી છે. બાજુમાં એક વિશાળ તળાવ આવેલું છે, જેના જળ સહાય કમળપત્રથી ઢંકાયેલ રહે છે. ઘણી વખત તો પાણીનો બધો જ ભાગ કમળપત્રથી જ છવાઈ જાય છે! અમને પણ એમ લાગ્યું કે ધરતીમાતાએ લીલી ઓઢણી ઓઢી [illegible] અને તેમાં કમળફૂલની સુંદર

મજાની શુભાગી ભાત પડેલી દેખાય છે ! અમારી મોટર ઊભી રહેતાં આજુબાજુના ભોળિયા આદિવાસીઓ આવી પહોંચ્યા એક વૃદ્ધ જને કહ્યું કે 'હું સામા ગામનો મુખી છું '

મુખીનો દેદાર જોઇને અમે વિચારમાં પડી ગયા. તરત જ એક જુવાનિયાએ કહ્યું કે 'સાહેબ! વિચારમાં પડશો મા! આ પથકમાં કોક ભણેલા છોકરા સિવાય સૌ લંગોટી પહેરીને જ રખડે છે.' માથે ફાળિયું વીંટેલ, કેડે લંગોટી, હાથમાં લાકડી અને પગમાં મોજડી પહેરેલ આદિવાસી મુખીને જોઇને મારો કમેરા ચપોચપ એ ભાઇની તસ્વીર લેવા માંડયો. અજાણ્યે મારા આગળા કમેરા ઉપર ચંપાઇ ગયા. મુખીએ કહ્યું 'સાહેબ ! મારો ફોટો મોકલજો '

કોણ જાણે કેમ મનુષ્યને પોતાની તસ્વીર ઉપર પ્રેમ હોય છે. ઘણે ઠેકાણે મંદિરોની તસ્વીર લેવાની ના પાડનાર પહેરાવાળાની તસ્વીર લેતાં જ એ ભાઇ મંદિરની તસ્વીર લેવાની છૂટ આપી દે છે! અક્કડ દેશનેતા પણ કેમેરા પાસે હસી જાય છે. શી મનુષ્યને પોતાની પ્રતિકૃતિ ઉતરાવવાની રઢ ?

મંદિર અને આજુબાજુના સ્થળ જોવામાં બેચાર કલાક ગાળીને અમે દાહોદ તરફ પાછા ફરતા હતા ત્યારે એક શિક્ષિત આદિવાસી જુવાન મળ્યો. મેં તેને સ્વાભાવિક રીતે પૂછ્યું કે "ભાઈ! આ પ્રદેશમાં આના જેવું બીજું મંદિર છે ?"

એ યુવાને તુરત જ કહ્યું કે "અહીંથી અલીરાજપુર તરફ જવાને રસ્તે ગરબાડા ગામ, જેની પાસેથી મધ્ય પ્રદેશની સરહદ શરૂ થાય છે ત્યાંથી ત્રણ માઈલ દૂર ગાંગરડી પાસે આનાથી મોટું સુંદર શિવમંદિર છે."

અમે અમારી મોટર ભાવકાથી દાહોદની દિશા તરફ પાછી ફેરવી દાહોદથી એક માઈલ દૂર અલીરાજપુર તરફ જવાને રસ્તે અમે આગળ વધ્યા. ગરબાડા થઈ ને ગાંગરડી પહોંચ્યા, ગાંગરડીના ગ્રામ પંચાયતના મુખીને મળ્યા. તેણે કહ્યું કે "ભાઈ! અહીં કોઇ મંદિર નથી, પણ ભવઠા ગામનો એક પાયમી અંગ્રેજીમાં ભણેલો આદિવાસીનો છોકરો મુસાફરોને મશ્કરી કરવા માટે ખોટી રીતે આ બાજુ મોકલે છે. મેં બેત્રણ વખત એ યુવાનને મુસાફરોને હેરાન કરવાની ભવ ઠર ફીબ અને મશ્કરી બાબત ઠપકો આપ્યો, પણ એ લફંગો જરાય માનતો

નથી અને મૂલથી ય કોઈ લાવકા જનાર મુસાફર 'આ પંથકમાં લાવકા જેવું બીજું મંદિર છે કે નહિ?' એમ પૂછે તો અમારું ગાંગરડી ગામ બતાવે છે! ખરેખર તો આ ગામમાં એક નાનકડું હનુમાનજીનું મંદિર છે. બીજું કોઈ દેવમંદિર નથી."

અમે ગરબાડા ગાંગરડીની ફોકટ જાત્રા કરીને દાહોદ પાછા ફર્યા. દાહોદના પેટ્રોલ પંપ ઉપર મુસાફરોને ખોટી રીતે હેરાન કરનાર યુવાન બાબત વાત કરી. પેલા પેટ્રોલ પંપવાળાએ લાવકા તરફ જનાર અજાણ્યા મુસાફરને પેલા યુવાન વિશે પોતે ચેતવશે એમ કહ્યું. દાહોદથી અમે રાતના બે વાગે અમદાવાદ પાછા ફર્યા અને વળતે દિવસે ફરીથી નિત્યકર્મમાં લાગી ગયા.

## ૩૩

## ગળતેશ્વર

મંદિરોની જુદી જુદી શ્રેણીઓના વિવિધ નમૂનાઓ ગુજરાતમાં છે તેટલા ભારતવર્ષના બીજા કોઈ પ્રાંતમાં નથી. ચોથા-પાચમા સૈકાની સૌરાષ્ટ્રના ગોપ મંદિરના પ્રકારની શ્રેણી, સાતમા અને આઠમા સૈકાની નાના સભામંડપવાળી મોટાં એકાંડી મંદિરોની રોડા (રાયસિંગપુર) તથા વર્ધમાનપુરના રાણકદેવીના મંદિરના પ્રકારની શ્રેણી, હરિશ્ચંદ્ર રાજાનું મંદિર (શામળાજી) તથા પાળેશ્વર મહાદેવનું મંદિર (વસાઈ ડાભલા) તથા મોઢેરા, દશાવાડા અને સંડેરનાં નાનાં એકાંડી મંદિરોની શ્રેણી નાગર શ્રેણીના દેવમાલ, મોઢેરા, આસુડાદેવડા, પિલુદ્રા, વીરમગામ, ઘુમલી, સેજકપુર વગેરે મંદિરોના પ્રકારની શ્રેણી, રુદ્રમહાલય, સોમનાથ અને તારંગા જેવાં તથા દ્વારિકા જેવાં મહાકાય મંદિરોની શ્રેણી, કુંભારિયા, મહોર તથા ચોરીના પાસેનાં આરસનાં મંદિરોની શ્રેણી, પાલીતાણાનાં જૈન મંદિરોની અમુક અંશે એકસરખી પણ થોડી વૈવિધ્યવાળી શ્રેણી, ગુજરાતમાં મુસ્લિમકાળ દરમિયાન મુઝફ્ફરશાહના વખતમાં બંધાયેલ હિન્દુ તથા મુસ્લિમ સંસ્કૃતિમાંથી ઉદ્ભવેલ ઉત્કંઠેશ્વર (ઊંટડીયા), કેદારેશ્વર તથા શુકલતીર્થ વગેરે મંદિરોની શ્રેણી તથા આજ શ્રેણીના પણ વિશાળ એવા કૃપાલ પાસેના વૈજનાથ મહાદેવના મંદિર જેવી શ્રેણી અને મરાઠાકાળ દરમિયાન મુસ્લિમોના તાબામાં તથા મકબરાને મળતી ડાકોરનાં મંદિરો જેવી શ્રેણી વગેરે પ્રકારની શ્રેણીઓ ગુજરાતભરમાં જોવા મળે છે.

ઈસવી સનના દસમા સૈકામાં માળવા, પૂર્વ ગુજરાત, મેવાડ અને મહારાષ્ટ્ર-એટલા પ્રાંતોમાં ભૂમિજા અષ્ટભદ્રીપ્રાસાદ શ્રેણીનાં મંદિરો બાંધવાની શરૂઆત થઈ. આ શ્રેણીનું એક મંદિર ડાકોરથી આઠ માઈલ દૂર મહી નદીના કાંઠા ઉપર અર્ધભગ્ન હાલતમાં ઊભું છે. આ શ્રેણીના શિલ્પમાં ગળતેશ્વરના શિલ્પમાં સોલંકી યુગના શિલ્પની અસર દેખાય છે. છતાં આ મંદિર ભૂમિજા અષ્ટભદ્રીપ્રાસાદની આગવી શ્રેણી જાળવીને ગુજરાતમાં ઊભું છે. ગળતેશ્વર મહાદેવનું મંદિર ગુજરાતની વિવિધ શ્રેણીઓમાં એક નવો મણકો ઉમેરે છે. આ જાતનાં કેટલાંક મંદિરો સારી હાલતમાં ઊભાં છે. જેમાંના રાણકપુરનું અષ્ટભદ્રીપ્રાસાદ સૂર્યમંદિર, ગ્વાલિયર પાસે ઉદેપુર ગામનું ઉદયેશ્વર મહાદેવનું મંદિર, નાસિક

પરગણાના સિન્નર ગામનું ગોંડેશ્વર મહાદેવનું મંદિર વગેરે શિલ્પના પ્રકારની બાબતમાં જગતિ તથા પીઠથી માંડીને છજા સુધીના ભાગમાં કેટલાંક સોલંકી યુગનાં મંદિરોમાંનું શિલ્પ ગળતેશ્વરને મળતું છે, પણ શિખરભાગ તદ્દન જુદો પડી જાય છે. કુંભારિયાનાં જૈન મંદિરોની પાછળ આવેલ કુંભેશ્વર મહાદેવના મંદિરની જંઘા ઉપરનું શિલ્પ તથા પિલુદ્રા ગામમાં આવેલ બળિયાદેવના મંદિરના છજા સુધીના ભાગનું શિલ્પ મહદ્ અંશે ગળતેશ્વરના શિલ્પને મળતું છે. છતાં આ મંદિરોનું બાંધકામ ભૂમિજા અષ્ટભદ્રીપ્રાસાદના પ્રકારનું નથી.

ગળતેશ્વરના મંદિર અંગેની માહિતી મને ડાકોરના મારા તીર્થગોરે સને ૧૯૪૪માં આપી હતી. ત્યાર પછી બે વર્ષ સુધી આ મંદિર જોવા જવાનું બની શક્યું નહિ. પણ ૧૯૪૬ના ફેબ્રુઆરી માસમાં આ મંદિર જોવા માટે પૂર્વ આફ્રિકાના માડાગાસ્કર બેટથી ચારસો એક માઈલ દૂર આવેલ મોરીશિયસના ટાપુમાં વસતા મારા એક હિંદી મિત્ર મારી પાસે આવી ચડ્યા. અમદાવાદથી મુંબઈ જતી એક ગાડીમાં અમે સવારમાં છ વાગ્યે બેસી ગયા. નડિયાદ સ્ટેશને ઊતરીને અમે બસમાં બેસી ડાકોર ગયા. રસ્તો તદ્દન બિસ્માર અને ઘણે ઠેકાણે ધૂળીયો હોવાથી તથા બસને કાચ નહિ હોવાથી આખે રસ્તે ધૂળ ફાકતા ફાકતા અમે ડાકોર પહોંચ્યા. ડાકોર પહોંચ્યા પછી મારા તીર્થગોરને મળતાં તેણે કહ્યું કે "ગોમતીમાં નાહીને ભગવાનનાં દર્શન કરી પછી નિરાંતે ગળતેશ્વર જજો." ગોરના કહેવા પ્રમાણે અમે નાહીધોઈને ભગવાન રણછોડરાયનાં દર્શન કર્યાં. તુરત જ ગોર મહારાજ સ્ટેશન સુધીની ઘોડાગાડી ભાડે કરી આવ્યા. ઘોડાગાડીમાં બેસી અમે સ્ટેશને ગયા. સ્ટેશન પહોંચતાં જ ગોધરા તરફ જતી ગાડી મળી ગઈ. ગોરના કહેવા પ્રમાણે અમે ડાસરા સ્ટેસને ઊતર્યા. અહીંથી એક્કો ભાડે કરીને અમે અંબાવ પહોંચ્યા. રસ્તો ધૂળીયો હોવાથી અને એક્કો ધીમો ચાલતો હોવાથી મુસાફરી કંટાળાજનક લાગતી હતી. અંબાવથી થોડે દૂર ગયા પછી અમારા એક્કાવાળાએ કહ્યું કે 'અહીંથી તમારે એક માઈલ પગે ચાલીને જવું પડશે.' ગોરમહારાજે સાથે કાચું સીધું લઈ લીધેલ હોવાથી ગળતેશ્વર જઈને જમવાનું નક્કી કર્યું. પગદંડીએ ચાલતાં ચાલતાં અમારા ગોરે કહ્યું કે "આપણે અત્યારે ગુજરાતના મોટા ભાગમાં દેખાય છે તેવી સપાટ ખેડવાણ જમીન ઉપર ચાલ્યા જઈએ છીએ. અત્યારે તમને સ્વપ્ને પણ ખયાલ નહિ આવે કે અહીંથી ફક્ત બે ફર્લાંગ

શિલ્પીએ મનુષ્યશરીરના ભાગોનો મિનારો અને વૃક્ષો વગેરે શિલ્પ દ્વારા ખડાં કર્યાં છે, જેને જોઈને હજારો શિલ્પરસિકો શિલ્પના નવીન પ્રકારનાં દર્શન કરે છે. આવા દર્શનાર્થીઓને ગળતેશ્વરના મંદિરની દ્વારસાખોની ચારે બાજુ કોતરાયેલ મનુષ્યોની હારમાળા જરૂર જોવી ઘટે.

આગળ વધતાં ગર્ભગૃહમાં ચાર પગથિયાં નીચે ઊતરીને અમે મહાદેવજી પાસે પહોંચ્યા. કહેવાય છે કે ઉપરવાસથી આવતી ગળતી નદીનું જળ ગળતેશ્વર મહાદેવના લિંગને રોજ નવડાવ્યા કરે છે. મહાદેવનાં દર્શન કરીને અમે બહાર આવ્યા. મંદિરનો સભામંડપ ફરીથી જોતાં એમ લાગ્યું કે બીજા અષ્ટભદ્રી પ્રકારના મંદિરોના સભામંડપ કરતાં આ મંદિરનો સભામંડપ થોડો જુદો પડી જાય છે. સભામંડપ મેઘનાદ પ્રકારનો તો નથી, પણ સભામંડપની ચારે બાજુની અર્ધચોકી-ઓને જેટલી બને તેટલી નીચી લાવીને તથા વેદીનો ભાગ ઊંચો બનાવીને યાત્રિકનો નાદ ગાજે એવું કાંઈક કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. સભામંડપના કેટલાક સરાઓમાં તીરાડો પડી ગઈ છે, પણ પુરાતત્ત્વખાતાએ લોખંડના પટ્ટાઓ મૂકીને તૂટેલ ભાગને મજબૂત બનાવવાના પ્રયત્નો કર્યા છે. સભામંડપનું નિરીક્ષણ કરતા કરતા અમે શૃંગારચોકીમાંથી ધીરે ધીરે આગળ વધ્યા. આશરે વીસેક પગથિયાં ઊતરીને અમે ગળતી નદીના તટ ઉપર પહોંચ્યા. આ જગ્યાએ મહીસાગરને મળવા જતી ગળતી નદી નાચતી કૂદતી કોઈ નવોઢા પતિને મળવા જાય તેમ લાગે છે. પોતાના પતિ મહીસાગરને મળવા જતી ગળતી ક્યાંક પથ્થરોની હારે રમતી તો ક્યાંક નાના જળધોધો બનાવતી તો ક્યાંક મહાકાય ઓરડા જેવા પથ્થરો સાથે ઘસાઈને આગળ જતી દેખાય છે. ગળતીના બંને કિનારે ઉપરવાસ જવું અમને મુશ્કેલ લાગ્યું. ગાઢાં જંગલોથી ભરપૂર આ ભાગમાં દીપડા તથા વાઘની બીક રહે છે એમ અમારા ગોરે કહ્યું. આ બધું જોઈ ને અમે મંદિર પાસે પાછા ફર્યા. અમારા ગોરમહારાજે ત્રણ પથરાનો મંગાળો બનાવીને ઉપર ખીચડી પકાવવા મૂકી દીધી. ખીચડીમાં આખા બટાકા પણ મૂકી દીધા. અર્ધા કલાકમાં ખીચડી ચડી ગઈ અને સાથેસાથ બટાકા પણ બફાઈ ગયા. ભૂખ તો કકડીને લાગી હતી એટલે ખીચડી કંસાર કરતાંય મીઠી લાગી અને મીઠું નાખેલ બાફેલ બટાકા ઊંધિયાથી પણ સ્વાદિષ્ટ લાગ્યા.

સત્તર વર્ષ પછી મારે તથા મારા મિત્રોને ફરી વખત ગળતેશ્વર

જવાનું થયું. અમદાવાદથી નડિયાદ થઈને ડાકોર પહોંચ્યા. રસ્તો આખોય આસ્ફાલ્ટ અથવા સિમેન્ટ-કોંક્રિટનો બની ગયો હતો. ડાકોરથી અંબાવ સુધી પણ પાકો રસ્તો હોવાથી અમારી ગાડીને જરા પણ મુશ્કેલી પડી નહિ. અંબાવથી ગળતેશ્વર સુધીની કાચી સડક બની જવાથી બે માઈલનો રસ્તો ફક્ત આઠ મિનિટમાં જ વટાવીને અમે ગળતેશ્વર પહોંચ્યા! આ વખતે ગળતેશ્વરના મંદિરની આજુબાજુનો ઓટલો ખૂબ જ સારી રીતે નવેસરથી બંધાયેલો જોયો. બાજુમાં આવેલ ધર્મશાળાએ નવું રૂપ ધારણ કરી લીધું હતું. ગળતેશ્વરનું મંદિર તેની તે જ સ્થિતિમાં જોયું, પણ આજુબાજુનાં જંગલો મોટે ભાગે નાશ પામેલાં દેખાયાં. જ્યાંથી ગળતી મહીસાગર તરફ આવતી હતી એ ભાગમાંનાં જંગલોની જગ્યાએ તમાકુની ખેતી થયેલ જોઈને હું આશ્ચર્યમાં પડી ગયો. ગળતી નદીનો પાણીનો પ્રવાહ ઓછો જોવામાં આવ્યો. રાજ્યસરકાર આ વિસ્તારને ફરીથી જંગલના સ્વરૂપમાં ફેરવી નાખે તો હજારો યાત્રિકોને તથા સહેલાણીઓને ગમી ગયેલ આ સ્થળ ગુજરાતના સૌંદર્યધામ બાલારામ જેવું બની જાય તેમ છે. બાજુના ટેકરાઓ ઉપરનાં જંગલો કપાઈ જવાથી પહેલાં કરતાં સૃષ્ટિસૌંદર્ય ઓછું લાગે છે. આજુબાજુના સૃષ્ટિસૌંદર્યનું તથા મહીસાગરના તટનું નિરીક્ષણ કરીને અમે ગળતેશ્વરના મંદિરમાં પહોંચ્યા. મંદિરમાં દાખલ થતાં એક વૃદ્ધ ઠાકોર મળ્યા. એ ભાઈ નદીકાંઠાના સામે પારના ગામમાં રહેતા હતા. મેં તેમને જૂના ઈતિહાસ બાબત પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે "અમારા વડવાઓ વાતો કરતા હતા કે કોઈ મુસલમાન બાદશાહે આ મંદિર તોડવા માંડયું. અધું મંદિર તૂટયા પછી બાદશાહ શિખર ઉપર ચડયો ચારે મેરના જંગલો અને મહીસાગરનાં ઘુંઘવતાં નીર જોવામાં બાદશાહને ભાન રહ્યું નહિ કે પોતાના પગ નીચેનો એક પથરો ધીમે ધીમે સરી રહ્યો છે. બાદશાહના પગના ભારથી ઓચિંતાનો પેલો પત્થર નીચે રમતી એક છોડીને વાગ્યો. થોડીવાર પંખાડાંની પેઠે તરફડીને છોડી ભગવાનને ઘેર ચાલી ગઈ. મરતી વેળાનો છોડીનો તરફડાટ બાદશાહથી જોયો ગયો નહિ. પોતે શિખર ઉપરથી નીચે ઊતર્યો. છોડીનાં માબાપને પગે પડયો. પણ ભાઈલા! પગે પડવાથી થોડો ઊડી ગયેલો આતમો પાછો ફરે છે? આ પરસંગ બન્યા પછી બીજે દહાડે પેલો બાદશાહ લશ્કર લઇને ચાલ્યો ગયો. પેલી છોડીનો પ્રાણ તો ગયો, પણ બાકીનું મંદિર તૂટતાં બચી ગયું"

જ દૂર મહી નદીના ભયંકર કોતરડામાં થઇને મહીકાંઠે પહોંચવું પડશે. આર્ય પ્રજા તથા ઋષિમુનિઓએ ભારતવર્ષમાં જ્યાં જ્યાં કુદરત ભરજોબનમાં હોય ત્યાં ત્યાં તીર્થસ્થળો ઊભાં કર્યાં છે. સૌંદર્યપ્રેમી આર્ય પ્રજા કુદરતી સૌંદર્યથી ભરપૂર જગ્યાઓ જ તીર્થ માટે પસંદ કરતી આવી છે, કારણ કે કાયમ કુદરતને ખોળે રમતીસમતી આર્યાવર્તમાં આવેલ આર્ય પ્રજાએ સ્થાયી ગ્રામ જીવન સ્વીકાર્યા છતાં એને સૃષ્ટિસૌંદર્યવાળી જગ્યાઓ પસંદ હતી."

ગોરના કહેવા પ્રમાણે આગળ વધતાં સીધી જમીનને કોઈએ બે ભાગમાં વહેંચી હોય અને વચ્ચે સીધી ખીણ ઊભી કરી હોય તેવી જગ્યાએ અમે આવી પહોંચ્યા. આ કોતર વચ્ચેની કેડીમાં અમે ઊતર્યા. ધીરે ધીરે કોતર ઊંડું થતું જતું. ઘણી જગ્યાએ કોતરની બંને બાજુનાં ઝાડવાં એક બીજા સાથે સામસામાં અટવાઇ જતાં દેખાતાં હતાં. ગોરમહારાજે કહ્યુંઃ "આવાં કોતરડાંઓમાં ઘણી વખત જંગલી જાનવર કે ક્યારેક લૂંટારુનો ભેટો પણ થઈ જાય છે. બે કે છેલ્લાં દસ વર્ષના ગાળામાં આવું ભાગ્યે જ બન્યું છે." કોતર વીંધીને અમે મહીસાગરને કાંઠે પહોંચ્યા. આખા ય મહીસાગરના પટમાં જ્યાં જુઓ ત્યાં વિવિધ આકારના પથ્થરો, શિલાઓ અને મહાકાય ખડકો દેખાયાં. આ પથ્થરોની અટવીમાંથી મહીસાગરના જળે પોતાને મન ફાવે તેવાં જુદાં જુદાં વહેણો પાડી દીધાં છે. ક્યાંક નદીનાં જળ શિલાઓ નીચેથી પસાર થતાં દેખાયાં, તો ક્યાંક બે ખડકો વચ્ચેથી નાનકડા જળધોધ રૂપે વહેતા નજરે પડયા. ક્યાંક મહીસાગરનાં જળ છીછરાં દેખાયાં તો ક્યાંક મોટા ધૂનાઓ નજરે પડયા. કુદરતનું સૌમ્ય તથા રૂદ્ર સ્વરૂપ એકસાથે જોતા જોતા અમે ગળતેશ્વર મહાદેવના સ્થળ પાસે આવી પહોંચ્યા. મહીસાગરના કાંઠા ઉપર આશરે નેવું ફીટ લંબાઈ અને એકસો ચાર ફીટ પહોળાઈવાળા એક તૂટેલ ઓટલા ઉપર ગળતેશ્વર મહાદેવનું શિલ્પથી ભરપૂર મંદિર અમારી નજરે પડયું. કોઈક બહાદુર પુરુષનું મસ્તક લડાઈમાં વિખૂટું પડી જાય છતાં એ પુરુષ અડગપણે ઊભો રહે અને લડે તે રીતે ગળતેશ્વર મહાદેવનો શિલ્પથી ભરપૂર મંદિરનો શિખરભાગ તોડી નાખ્યા છતાં કાળની સામે લડતું એ અચળ ઊભું હતું.

ઓટલાનાં દસેક પગથિયાં ચડીને અમે શિલ્પથી ભરપૂર મંદિર પાસે પહોંચ્યા. અમે મંદિરની જંઘા ઉપરનું શિલ્પ બારીકાઈથી નિહાળતા હતા

ત્યારે નજીકમાં ઊભેલા એક વિદ્વાન સાધુએ કહ્યું કે "આઠ દિવસથી હું અહીં આવ્યો છું. રોજ થોડા માણસો આ મંદિર જોવા આવે છે. પણ સૌ મહાદેવજીનાં દર્શન કરી મહીસાગરમાં નાહી ચાલ્યા જાય છે. કોઈ કોઈ વળી ખાલી ફરવા માટે જ આવતા હોય તેમ લાગે છે. પણ મંદિરનું આ રીતે નિરીક્ષણ કરતા તમને જ જોયા."

મેં તથા મારા મિત્રે સાધુ મહારાજને કહ્યું કે "આ મંદિરની જંઘા ઉપરનું તથા બીજું શિલ્પ નવસો વર્ષ પહેલાંની આ પ્રદેશની પ્રજાની રહેણીકરણી, રીતરિવાજ, વહેવારનાં સાધનો તથા યુદ્ધના પ્રકારનાં દૃશ્યો બતાવે છે. આ તો નવસો વર્ષ પહેલાંનું અક્ષર વિનાનું પુસ્તક 'નજર સામે ખડું કરે તેવું શિલ્પરૂપી પુસ્તક છે! આ કોતરણીમાંથી ગુજરાતનાં નવસો વર્ષ પહેલાંના કાળનું શું નથી જાણી શકાતું એ કોયડો છે. મુસાફરીનાં સાધનોમાં પગપાળા, ઘોડેસવારી, હાથીસવારી, પાલખી તથા ઊંટગાડી અને રથ વગેરે વાહનો આ શિલ્પમાં જોવા મળે છે. મનુષ્યજીવનના જન્મથી માંડીને મરણ સુધીના જુદા જુદા સુઅવસરો આ શિલ્પમાં કોતરાયા છે. પુરાણોના પ્રસંગ તથા નવા ઐતિહાસિક પ્રસંગો પણ આ શિલ્પમાં દેખાય છે. દેવ, ગાંધર્વ, યક્ષ, કિન્નર દિગ્પાલ, ઋષિમુનિઓ નર્તિકાઓ, દેવીઓ વગેરેનાં શિલ્પ પણ અહીં નજરે પડે છે."

મંદિરની ચારે બાજુ પ્રદક્ષિણા કરી સભામંડપની વેદી નીચેની રાજસેનાનું શિલ્પ જોતાં જોતાં અમે મંદિરની મુખ્ય શૃંગાર ચોકીની આગળ પહોંચ્યા. શૃંગારચોકીને તૂટી ગયેલી જોઈ, પણ આગળ વધતાં અષ્ટકોણીય પાંચ ઇંચ ઊંચાઈની ઓટવણની ચારે બાજુ શોભતા સભામંડપના સ્તંભોની ઉપર આવેલ સભામંડપના અંદરના ભાગનું શિલ્પ જોતાં અમને દેલવાડા તથા કુંભારિયાજીનાં દેરાં યાદ આવ્યાં. આરસ કરતાં ખારા પત્થરમાં કોતરાયેલ આ સભામંડપનું શિલ્પ કુંભારિયા કે દેલવાડાનાં દેરાં કરતાં ઊતરતું દેખાયું નહિ. એક જગ્યાએ સ્તંભની ટેકીના ઉપલા મથાળે મૂકવામાં આવતાં કીચકને બદલે વાનરોને જોઇને અમને શિલ્પની દુનિયામાં કાંઇક નવીન જોયું હોય તેમ લાગ્યું. મંદિરનું ગર્ભદ્વાર જોતાં વળી પાછી બીજી નવીનતા દેખાણી. મંદિરની દ્વારસાખ સપ્તશાખા પ્રકારની હતી. પણ દ્વારસાખોની છેલ્લી શાખથી થોડે દૂર એક બીજાની ઉપરાઉપરી ગોઠવાયેલી મનુષ્ય આકારની આખી હાર જોઇ. આ પ્રકારનું શિલ્પ જોઈને મને લાગ્યુ કે નોર્વના એક

શિલ્પીએ મનુષ્યશરીરના ભાગોનો મિનારો અને વૃક્ષો વગેરે શિલ્પ દ્વારા ખડાં કર્યાં છે, જેને જોઈને હજારો શિલ્પરસિકો શિલ્પના નવીન પ્રકારનાં દર્શન કરે છે. આવા દર્શનાર્થીઓને ગળતેશ્વરના મંદિરની દ્વારશાખોની ચારે બાજુ કોતરાવેલ મનુષ્યોની હારમાળા જરૂર જોવી ઘટે.

આગળ વધતાં ગર્ભગૃહમાં ચાર પગથિયાં નીચે ઊતરીને અમે મહાદેવજી પાસે પહોંચ્યા. કહેવાય છે કે ઉપરવાસથી આવતી ગળતી નદીનું જળ ગળતેશ્વર મહાદેવના લિંગને રોજ નવડાવ્યા કરે છે. મહાદેવનાં દર્શન કરીને અમે બહાર આવ્યા. મંદિરનો સભામંડપ ફરીથી જોતાં એમ લાગ્યું કે બીજા અષ્ટભદ્રી પ્રકારના મંદિરોના સભામંડપ કરતાં આ મંદિરનો સભામંડપ થોડો જુદો પડી જાય છે. સભામંડપ મેઘનાદ પ્રકારનો તો નથી, પણ સભામંડપની ચારે બાજુની અર્ધચોકીઓને જેટલી બને તેટલી નીચી લાવીને તથા વેદીનો ભાગ ઊંચો બનાવીને યાત્રિકનો નાદ ગાજે એવું કાંઈક કરવાનો પ્રયત્નો કરવામાં આવ્યા છે. સભામંડપના કેટલાક સરાઓમાં તીરાડો પડી ગઇ છે, પણ પુરાતત્ત્વખાતાએ લોખંડના પટ્ટાઓ મૂકીને તૂટેલ ભાગને મજબૂત બનાવવાના પ્રયત્નો કર્યા છે. સભામંડપનું નિરીક્ષણ કરતા કરતા અમે શૃંગારચોકીમાંથી ધીરે ધીરે આગળ વધ્યા. આશરે વીસેક પગથિયાં ઊતરીને અમે ગળતી નદીના તટ ઉપર પહોંચ્યા. આ જગ્યાએ મહીસાગરને મળવા જતી ગળતી નદી નાચતી કૂદતી કોઈ નવોઢા પતિને મળવા જાય તેમ લાગે છે. પોતાના પતિ મહીસાગરને મળવા જતી ગળતી કયાંક પથ્થરોની હારે રમતી તો કયાંક નાના જળધોધો બનાવતી તો કયાંક મહાકાય ઓરડા જેવા પથ્થરો સાથે ઘસાઇને આગળ જતી દેખાય છે. ગળતીના બન્ને કિનારે ઉપરવાસ જવું અમને મુશ્કેલ લાગ્યું. ઘાડાં જંગલોથી ભરપૂર આ ભાગમાં દીપડા તથા વાઘની બીક રહે [illegible] એમ અમારા ગોરે કહ્યું. આ બધું જોઈ ને અમે મંદિર પાસે પાછા ફર્યા. અમારા ગોરમહારાજે ત્રણ પથરાનો મંગાળો બનાવીને ઉપર ખીચડી પકાવવા મૂકી દીધી. ખીચડીમાં આખા બટાકા પણ મૂકી દીધા. અર્ધા કલાકમાં ખીચડી ચડી ગઈ અને સાથોસાથ બટાકા પણ બફાઇ ગયા. ભૂખ તો કકડીને લાગી હતી એટલે ખીચડી કંસાર કરતાંય મીઠી લાગી અને મીઠું નાખેલ બાફેલ બટાકા ઊંધિયાથી પણ સ્વાદિષ્ટ લાગ્યા.

સત્તર વર્ષ પછી મારે તથા મારા મિત્રોને ફરી વખત ગળતેશ્વર

જવાનું થયું. અમદાવાદથી નડિયાદ થઈને ડાકોર પહોંચ્યા. રસ્તો આખોય આસ્ફાલ્ટ અથવા સિમેન્ટ-કોંક્રેટનો બની ગયો હતો. ડાકોરથી અંબાવ સુધી પણ પાકો રસ્તો હોવાથી અમારી ગાડીને જરા પણ મુશ્કેલી પડી નહિ. અંબાવથી ગળતેશ્વર સુધીની કાચી સડક બની જવાથી બે માઈલનો રસ્તો ફક્ત આઠ મિનિટમાં જ વટાવીને અમે ગળતેશ્વર પહોંચ્યા ! આ વખતે ગળતેશ્વરના મંદિરની આજુબાજુનો ઓટલો ખૂબ જ સારી રીતે નવેસરથી બંધાયેલો જોયો. બાજુમાં આવેલ ધર્મશાળાએ નવું રૂપ ધારણ કરી લીધું હતું. ગળતેશ્વરનું મંદિર તેની તે જ સ્થિતિમાં જોયું, પણ આજુબાજુનાં જંગલો મોટે ભાગે નાશ પામેલાં દેખાયાં. જ્યાંથી ગળતી મહીસાગર તરફ આવતી હતી એ ભાગમાંનાં જંગલોની જગ્યાએ તમાકુની ખેતી થયેલ જોઈને હું આશ્ચર્યમાં પડી ગયો. ગળતી નદીનો પાણીનો પ્રવાહ ઓછો જોવામાં આવ્યો. રાજ્યસરકાર આ વિસ્તારને ફરીથી જંગલના સ્વરૂપમાં ફેરવી નાખે તો હજારો યાત્રિકોને તથા સહેલાણીઓને ગમી ગયેલ આ સ્થળ ગુજરાતના સૌંદર્યધામ બાલારામ જેવું બની જાય તેમ છે. બાજુના ટેકરાઓ ઉપરનાં જંગલો કપાઇ જવાથી પહેલાં કરતાં સૃષ્ટિસૌંદર્ય ઓછું લાગે છે. આજુબાજુના સૃષ્ટિસૌંદર્યનું તથા મહીસાગરના તટનું નિરીક્ષણ કરીને અમે ગળતેશ્વરના મંદિરમાં પહોંચ્યા. મંદિરમાં દાખલ થતાં એક વૃદ્ધ ઠાકોર મળ્યા એ ભાઈ નદીકાંઠાના સામે પારના ગામમાં રહેતા હતા. મેં તેમને જૂના ઈતિહાસ બાબત પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે "અમારા વડવાઓ વાતો કરતા હતા કે કોઈ મુસલમાન બાદશાહે આ મંદિર તોડવા માંડયું. અર્ધું મંદિર તૂટયા પછી બાદશાહ શિખર ઉપર ચડયો. ચારે મેરનાં જંગલો અને મહીસાગરનાં ઘુંઘવતાં નીર જોવામા બાદશાહને ભાન રહ્યું નહિ કે પોતાના પગ નીચેનો એક પથરો ધીમે ધીમે સરી રહ્યો છે. બાદશાહના પગના ભારથી ઓચિંતાનો પેલો પત્થર નીચે રમતી એક છોડીને વાગ્યો. થોડીવાર પંખાડાંની પેઠે તરફડીને છોડી ભગવાનને ઘેર ચાલી ગઈ. મરતી વેળાનો છોડીનો તરફડાટ બાદશાહથી જોયો ગયો નહિ પોતે શિખર ઉપરથી નીચે ઊતર્યો. છોડીનાં માબાપને પગે પડયો. પણ ભાઈલા ! પગે પડવાથી થોડો ઊડી ગયેલો આતમો પાછો ફરે છે ? આ પરસંગ બન્યા પછી બીજે દહાડે પેલો બાદશાહ લશ્કર લઇને ચાલ્યો ગયો. પેલી છોડીનો આણુ નો ગયો, પણ બાકીનું મંદિર તૂટતાં બચી ગયું"

મેં પછી એ વૃદ્ધ ભાઈને પૂછયું કે "આજુબાજુ કોઈ ખંડિયેરો કે આ મંદિરના જેવું મંદિર છે કે નહિ ?"

પેલા વૃધ્ધે કહ્યું કે "મંદિર તો નથી, સાબ ! પણ સામા ટેકરા ઉપર ચંદરપુર શહેરનો તૂટેલો ગઢ અને ખંડિયેરો આવેલાં છે."

અમે પેલા કાકાને સાથે લઈને અંબાવ જવાના રસ્તામાં ઠોકા ઉપર આવેલ ટેકરા ઉપરનાં ખંડિયેરો જોવા ગયા. ખંડિયેરોમાં ઈંટેરી ગઢનો થોડો ભાગ અને કેટલાક મકાનના પાયા દેખાયા. બીજું કાંઈ જોવા જેવું નહોતું અહીંથી અમે સીધા અમદાવાદ તરફ જવા નીકળી પડયા. કહેવાય છે કે ગળતેશ્વરનું મંદિર અલ્લાઉદીન ખીલજીના સેનાપતિ ઉલુઘખાને તોડયું હતુ.

# ઉત્કંઠેશ્વર (ઊંટડિયા) મહાદેવ

હજારો વર્ષ પહેલાંની આ વાત છે. એ સમયે આર્યાવર્તમાં વિશ્વામિત્ર, જમદગ્નિ, ભારદ્વાજ, ગૌતમ, વસિષ્ઠ, અત્રિ અને કશ્યપ—એમ સાત ઋષિઓ સાત તારાની જેમ અજ્ઞાનનાં અંધારાં દૂર કરતાં ચમકી રહ્યા હતા. આર્યાવર્તને જુદે જુદે સ્થળે સાત ઋષિઓના આશ્રમો આવેલા હતા. આ આશ્રમોમાં અભ્યાસ કરીને બહોળો શિષ્ય-વર્ગ આર્ય સંસ્કૃતિ ફેલાવી રહ્યો હતો. આ સમયે એક કિશોર વિદ્યાભ્યાસ માટે ગુરુની શોધમાં ભટકતો હતો. પણ હરેક આશ્રમમાંથી તેને જાકારો મળતો હતો. નિરાશ ન થતાં એ કિશોર નાનામોટા આશ્રમોમાં ફર્યે જતો હતો અને કહેતો. "હું મારું ગોત્ર જાણતો નથી, મારા પિતાનું નામ જાણતો નથી મને ગુરુદીક્ષા આપનાર કોઈ ગુરુ મળશે?" ઘણા આશ્રમના અંતેવાસીઓ કિશોરની ઠેકડી ઉડાવતા હતા, અને કહેતા હતા કે 'ગોત્ર અને બાપનું નામ ન જાણનાર તો ગણિકાપુત્ર હોઈ શકે!'

જરા પણ ગુસ્સે થયા વિના એ કિશોર જવાબ આપતો: "જેવો છું તેવો જ રહેવાનો. છતા મને ગુરુ મળ્યા વિના નહીં રહે."

કિશોરનો જવાબ સાંભળીને આશ્રમવાસીઓ ખડખડ હસી પડતા અને કહેતા: "હજી કોઈ ગોત્રહીન અને પિતાનું નામ ન જાણનાર ઋષિ આર્યાવર્તમા જન્મ્યો નથી. એવા કોઈ વર્ણસંકર ગુરુની રાહ જો. કદાચ આ ભવે નહીં તો સાતેક ભવ પછી એવો ગુરુ મળી જશે."

જરાય થાક્યા વિના પેલો કિશોર રખડતો રખડતો રાજસ્થાનની મધ્યમાં આવેલ પુષ્કર તીર્થમા આવી ચડયો. એ સ્થળે ગૌતમ ઋષિનો આશ્રમ આવેલ હતો. ઋષિપત્ની સતી અહલ્યા સમિધ ભેગાં કરી રહ્યાં હતા. તેણે પેલા કિશોરને આવકાર્યો અને કહ્યુ "ભાઈ! થાકીને આવ્યો લાગે છે. સામેની પર્ણકુટિમા જઈ જળપાન કરી થોડો આરામ કર. પછી તારા આગમનનું કારણ જણાવજે."

પેલા કિશોરે તુરત જ કહ્યું: "તમે મને પર્ણકુટિમા જઈ આરામ કરવાનું કહો છો પણ હું અગોત્રી છું."

ઋષિપત્નીએ કહ્યુંઃ "ગોત્ર ન જાણનાર પર્ણકુટિમાં પ્રવેશ કરે તો કાંઈ પર્ણકુટિ અભડાઈ નહીં જાય !"

પેલા કિશોરે આવો જવાબ ક્યાંય સાંભળ્યો નહોતો. તે અહલ્યાના જવાબ પર વિચાર કરતો કરતો કિશોર પર્ણકુટિમાં જઈને નિરાંતવો થયો. એકાદ ઘડી પછી સતી અહલ્યાએ હાંક મારી "બેટા અગોત્રી ! ચાલ, ફળાહાર કરવા."

કિશોર ફળાહાર કરી રહ્યો તેટલી વારમાં ગૌતમઋષિ આવી પહોંચ્યા. તુરત જ સતી અહલ્યાએ કહ્યુંઃ "આ કિશોર તેનું ગોત્ર જાણતો નથી અને પિતાનું નામ પણ જાણતો નથી. કોઈ યોગ્ય ગુરુની શોધમાં ભટકતો ફરે છે. બીજા ઋષિમુનિઓનો વિરોધ સહન કરવાની શક્તિ હોય તો આ બાળકને જરૂરથી તમારો શિષ્ય બનાવો."

"સતી ! "આકૃતિઃ ગુણાન્ કથયતિ" આ કિશોરનો ચહેરો-મોરો કહે છે કે આ કોઈ આર્ય પિતાનો બાળક છે મને લાગે છે કે મારો શિષ્ય બનીને એ બાળક આર્યાવર્તનો જાણીતો મહર્ષિ બનશે"

બીજે દિવસે સત્યકામને ગૌતમ ઋષિએ શિષ્યદીક્ષા આપી. સત્યકામ પોતાના પિતાનું નામ જાણતો ન હોવાથી તેના નામ પાછળ તેની માતાનું નામ લગાડવામાં આવ્યું. એ રીતે "સત્યકામ જાબાલ"નું પૂરું નામ ધારણ કરીને ગૌતમના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરવા લાગ્યો. ગૌતમ ઋષિએ સત્યકામને સૌ-પ્રથમ આશ્રમની ગાયોને સાચવવાનું કામ સોંપ્યું. કોઈને એમ લાગશે કે ગોવાળી કરવામાં શું શીખવાનું મળે ? ગોવાળી કરવામાં ચીવટ, હોશ, ખંત, નિશ્ચિંતતા વગેરે ગુણો કેળવાય છે. આ કામમાં પાવરધો બન્યા પછી સત્યકામ ધીરે ધીરે સાચા પ્રકારના વિદ્યાભ્યાસમાં લાગી ગયો. બીજા ઋષિ-મુનિઓએ જ્યારે સત્યકામને ગૌતમઆશ્રમમાં રહેતો જાણ્યો ત્યારે આ બાબત ખૂબ જ વિરોધ કર્યો પણ કોઈનો ય વિરોધ ગણકાર્યા વિના ગૌતમ મુનિએ સત્યકામને શિષ્ય તરીકે ચાલુ રાખ્યો. વિદ્યાભ્યાસ પૂરો કર્યા પછી સત્યકામ ગુરુની આજ્ઞા લઈને પોતાના વતન તરફ ચાલી નીકળ્યો.

હાલના ખેડા જિલ્લાની ઉત્તરે કપડવંજથી સાત માઈલ દૂર વાયવ્ય ખૂણે વાત્રક નદીને કાંઠે ઉત્કંઠેશ્વર (ઊંટડીયા) નામનું પવિત્ર તીર્થસ્થળ આવેલ છે. સપ્તઋષિઓના સમયે ગુજરાતમાં આર્યોની થોડી વસાહતો

સ્થપાઈ હતી. એ સમયે હાલના ઉત્કંઠેશ્વરના તીર્થસ્થળમાં એક યુવાન ઋષિ આવી વસ્યા. ગુજરાતમાં ખાસ કોઈ આશ્રમ ન હોવાથી આ સ્થળે વિદ્યાભ્યાસ કરવા માટે ઘણા વિદ્યાર્થીઓ આવવા લાગ્યા. યુવાન ઋષિ સર્વજ્ઞ હોવાથી ઉત્કંઠેશ્વર દેવભૂમિ જેવું બની ગયુ. યુવાન ઋષિની સારવારમાં શૂદ્ર તેમ જ અનાર્ય પ્રજા પણ લાગી ગઈ. સમય જવા લાગ્યો. આ આશ્રમમાં નાનપણથી રહેતી એક શુદ્ર કન્યા જયારે યુવાન વયે પહોંચી ત્યારે ઋષિના સંપર્કમાં આવી. કાયમનો સંપર્ક પ્રેમમાં પરિણમ્યો. યુવાન ઋષિએ શૂદ્ર કન્યા સાથે ગાંધર્વ લગ્ન કર્યાં. આ લગ્ન ઘણા શિષ્યોને ગમ્યાં નહીં. સમય જતાં ઋષિપત્ની બનેલ જાબાલાએ એક પુત્રને જન્મ આપ્યો. પુત્રજન્મ આપ્યા પછી ચોથે વર્ષે ઋષિ સ્વર્ગવાસી થયા. જાબાલાના દુઃખનો પાર રહ્યો નહીં. ઋષિના દેહકાલ પછી આશ્રમમાંથી મોટા ભાગના શિષ્યો ચાલ્યા ગયા. જાબાલાએ તેના પતિના ગોત્ર સંબંધી કે નામ સંબંધી કાંઈ પૂછયું નહોતું. એ જ રીતે શિષ્યોએ પણ પૂછયું નહોતું. આ અજાણપણું કિશોર અવસ્થાએ પહોચેલ સત્યકામને ખૂબ જ નડયું. છતાં ગૌતમ મુનિએ તેને શિષ્ય બનાવીને સોળે વિદ્યામાં પ્રવીણ બનાવ્યો. ગુરુની રજા લઈને સત્યકામ પોતાના પિતાની તપોભૂમિમાં આવી પહોંચ્યો. પણ આશ્રમ તો ખાલીખમ પડયો હતો. તેની માતા જાબાલા તો કયારનાં ય સ્વર્ગે સિધાવ્યાં હતાં. આંસુભરી આંખે માતાના સંભારણારૂપ તૂટેલ પર્ણકુટિ નિહાળતો નિહાળતો સત્યકામ આશ્રમની વેરવિખેર હાલતથી ખૂબ દુઃખી થયો. પણ બીજી પળે દુઃખ ખંખેરી નવેસરથી આશ્રમ શરૂ કરવાનાં સ્વપ્નાં સેવવા માંડયો. સત્યકામના વિદ્યાતેજથી પ્રેરાઈને ઘણા વિદ્યાર્થીઓ ઉત્કંઠેશ્વર આશ્રમમાં આવી વસ્યા. સમય જતાં સત્યકામે તેના ગુરુ ગૌતમ પાસેથી મેળવેલ વામમાર્ગી દીક્ષાના પ્રથમ પગલાં રૂપ ઉત્કંઠેશ્વર આશ્રમમાં ભગલિંગની સ્થાપના કરી. ઘણાંનું એમ માનવું છે કે સત્યકામે વેત્રવતી (વાત્રક) નદીના કાંઠા ઉપર આવેલ સ્વયંભૂ ભગલિંગની પુનઃપ્રતિષ્ઠા કરી. જે હોય તે પણ ઉત્કંઠેશ્વર એટલે કે ઊંટડિયા મહાદેવના પવિત્ર તીર્થસ્થળને ગુજરાતની પ્રજા શિવતીર્થ તરીકે એકમતે ગણે [illegible] અને ગણતી આવી છે. શિવલિંગોના પ્રમાણમાં ભગલિંગોની પૂજા બહુ ઓછી થાય છે.

શિવજીનાં પાંચ પ્રકારનાં લિંગોની પૂજામાંથી ચાર પ્રકારનાં લિંગોની પૂજા હાલમાં પણ પ્રચલિત છે. હરપ્પા સંસ્કૃતિમાં ઉપસ્થ

અને યોનિની પૂજા થતી હતી તેમ મળી આવેલ અવશેષો ઉપરથી સાબિત થાય છે, સમય જતાં મૂળલિંગની પૂજા શરૂ થઈ. ત્યાર પછી શિવજીના મુખલિંગની પૂજા શરૂ થઈ. મુખલિંગ એટલે કે લિંગ ઉપર શિવજીના મુખની કોતરણીવાળું લિંગ. આવાં લિંગોમાં પણ બે વિભાગ છે. ચતુર્મુખ મુખલિંગ તથા એકમુખ મુખલિંગ. પંચમહાભૂતના બનેલ શરીરમાં ઉત્પત્તિ વખતે એટલે કે પ્રજનન સમયે અમુક મહાભૂતો પુરુષના વીર્યમાંથી અને અમુક મહાભૂતો સ્ત્રીના રજમાંથી ભેગાં થાય છે. અને એ રીતે ગર્ભની પ્રથમ અવસ્થા શરૂ થાય છે.

મહાદેવના લિંગની પેઠે પાર્વતીની યોનિની ભગલિંગ તરીકે પૂજવાની પ્રથાને ગૌતમ ઋષિએ પ્રથમ સ્થાન આપ્યું હોય તેમ લાગે છે. કોઈ પણ પ્રકારની કોતરણી કર્યા સિવાય સ્વયંભૂ પ્રગટ થયેલ લિંગોને સ્વયંભૂ લિંગો તરીકે પૂજવામાં આવે છે. લિંગ આકારના સાદા લિંગની પૂજા હાલમાં ભારતભરમાં ખૂબ જ પ્રચલિત છે. સ્વયંભૂ અને કોતરાયેલ લિંગોમાંથી શિવજીનાં બાર જ્યોતિર્લિંગો શિવપૂજકો માટે પવિત્રમાં પવિત્ર ગણાય છે. લિંગોના પ્રકારમાં ગુજરાતમાં બે જગ્યાએ જ ભગલિંગો જોવા મળે છે. એક ઉત્કંઠેશ્વરનું ભગલિંગ અને બીજું વિજાપુર પાસેના મસિયા મહાદેવનું ભગલિંગ. ઘણા લોકો ભગલિંગોને મુસ્લિમોને હાથે ખંડિત થયેલ શિવજીના થાળાની વચ્ચેનો ખાડો સમજે છે, પણ એ વાત બરાબર નથી. ખરેખર તો આ યોનિલિંગો છે. યોનીલિંગ એટલે કે ભગલિંગોમાં ત્રણ કોષો દેખાય છે. તેને પૂજારીઓ અંતર્ગત શિવલિંગો તરીકે ઓળખાવે છે. ભગલિંગ જમીનના તળિયાથી સાડાત્રણ હાથ ઊંડું હોય છે. આ લિંગનો આકાર સ્ત્રીની યોનિ જેવો હોય છે. આસામમાં તેમ જ બંગાળ, બિહાર અને ઓરિસ્સાના કેટલાક ભાગમાં ભગલિંગો જોવા મળે છે. આસામમાં કેટલેક સ્થળે ભગમૂર્તિઓ પણ જોવા મળે છે. લિંગ અને યોનિની પૂજાને વિકૃત સ્વરૂપ આપીને પરધર્મીઓ હિન્દુ ધર્મને હલકો પાડવાના પ્રયત્નો કરે છે. આવા ભાઈઓને હિન્દુ ધર્મના ઉત્તમ સિદ્ધાંતો સમજાવવા ખૂબ જ જરૂરી છે.

હિન્દુ ધર્મે આદિ મનુષ્યની દેવો અંગેની કલ્પનાથી માંડીને સંસ્કૃત મનુષ્યના દેવોને પોતાનામાં ક્રમબદ્ધ રીતે સમાવી લીધા છે. આદિ મનુષ્ય પોતાનાથી બળિયાને દેવ તરીકે માનતો. મનુષ્યની બુદ્ધિનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ દેવો અંગેની કલ્પનાઓ બદલાતી

ગઈ. બુદ્ધિના વિકાસ સાથે મનુષ્ય કુદરતના રૌદ્ર સ્વરૂપને દેવ તરીકે માનતો થયો. ધીરે ધીરે મનુષ્ય સૌંદર્યપ્રેમી બન્યો ત્યારે કુદરતના સૌમ્ય સ્વરૂપને દેવ તરીકે માનતો થયો. મનુષ્ય સ્વાર્થી, સંગ્રહખોર અને લડાયક બન્યો ત્યારે દેવોના લડાયક સ્વરૂપને પૂજતો થયો. ભટકતું જીવન છોડીને મનુષ્ય સ્થિર થયો, સામાજિક બંધનો સ્વીકાર્યાં ત્યારે સમાજનાં બંધનો અને સમાજની સુંદરમાં સુંદર વ્યવસ્થા કરનાર સમાજશિરોમણિને દેવ તરીકે માનતો થયો. મનુષ્ય જ્યારે ખેતીને પ્રાધાન્ય આપતો થયો ત્યારે ખેતીકામમાં વધારેમાં વધારે કુશળને દેવ તરીકે ગણતો થયો. મનુષ્ય જ્યારે અહિંસામાં માનતો થયો ત્યારે અહિંસાનો બોધ આપનારને દેવ તરીકે સ્વીકારતો થયો અને હવે વિજ્ઞાનના જમાનામાં મનુષ્યની દેવ વિશેની કલ્પના ક્યાં જઇ અટકશે તે કહેવું મુશ્કેલ છે. છતાં હિન્દુ ધર્મે તો આગમવાણી કરીને કહ્યું છે કે વિજ્ઞાનના ભયંકર અખતરાનાં ભયંકર પરિણામોની સામે દુનિયાને રક્ષનારને ભવિષ્યની પ્રજા મુખ્ય દેવ તરીકે ગણશે.

ઉત્કંઠેશ્વરના પવિત્ર તીર્થમાં રહીને શિષ્યગણોની વચ્ચે નિષ્કલંક જીવન વીતાવતા સત્યકામ કાળધર્મ પામ્યા. તેના શિષ્યોએ પવિત્ર સ્થળને વધારે વિકસાવ્યું. સમયના વહેણની સાથે આ સ્થળ શિવતીર્થ તરીકે ઘણું પ્રસિદ્ધ પામ્યું. આ પુરાણપ્રસિદ્ધ તીર્થસ્થળ અંગેનો ઇતિહાસ પુરાણોમાં આલેખાયેલો મળી આવે છે. સોલંકીકાળ દરમિયાન આ સ્થળે ભવ્ય શિવાલય બંધાયું હોય તેમ કેટલાક મળી આવેલા અવશેષો ઉપરથી સાબિત થાય છે. આ સ્થળની આજુબાજુના પ્રદેશમાં વસતી ઘણી જ્ઞાતિઓ ઉત્કંઠેશ્વર મહાદેવને કુળદેવ તરીકે ગણે છે. ઘણાંય કુટુંબો આ સ્થળે બાળકોના બાળમોવાળા ઉતરાવવા માટે આવે છે. ભાવિક શિવભક્તોની મંડળીઓ સદાય આ તીર્થમાં આવતી જતી રહે છે. ખરેખર આ તીર્થની બે મહત્તાઓ યાત્રિકોને આકર્ષે છે. ભારતભરમાં ગોત્રહીન પ્રથમ ઋષિ–આશ્રમ આ સ્થળે બંધાયો અને લિંગલિંગની પ્રથમ પૂજા આ સ્થળે થઈ.

ઊંટડિયા મહાદેવ જવા માટે કપડવંજ તેમ જ દહેગામથી બસ સર્વિસની સગવડ છે. દહેગામનો રસ્તો કાચો હોવાથી ફક્ત મોટી ગાડીઓ જ જઈ શકે છે, જ્યારે કપડવંજ થઈ ને રસ્તો સારો હોવાથી યાત્રિકોને કપડવંજને રસ્તે જવું વધારે અનુકૂળ પડે છે. આ સ્થળ

વેત્રવતી (વાત્રક)ના કાંઠા ઉપરનાં નાનાંમોટાં કોતરડાં વચ્ચે આવેલું હોવાથી ખૂબ જ સૃષ્ટિ–સૌંદર્યવાળું દેખાય છે. જૂના ભગલિંગ ઉપર સત્તરમા સૈકાની આજુબાજુમાં હાલનું ઉત્કંઠેશ્વર મહાદેવનું મંદિર બંધાયું હોય તેમ મંદિરની બાંધણી ઉપરથી લાગે છે. પાંચ ઘુમ્મટવાળો મહાકાય ગૂઢ મંડપ અને ઊંચા શિખરવાળો વિમાનભાગ ધરાવતું આ મંદિર પ્રથમ દૃષ્ટિએ જ મુસ્લિમ તેમ જ મરાઠા શૈલીની પૂરેપૂરી અસરવાળું દેખાય છે. મંદિરની ચારે બાજુ હજારો યાત્રિકો રહી શકે એવી જુદી જુદી કોમની નાનીમોટી ધર્મશાળાઓ આવેલી છે. આ રમ્ય સ્થળ ધર્મના ચિંતનસ્થળ સમું છે.

ઉત્કંઠેશ્વર મહાદેવવાળા ટેકરાની બાજુમાં આવેલ શાસ્ત્રી ઝરણાને સામે કિનારે કામેશ્વર મહાદેવનું સુંદર શિવાલય આવેલું છે. આ શિવાલય સો એક વર્ષ પહેલાં વીરપુર આશ્રમવાળા સ્વામી શ્રી શિવાનંદજીની પ્રેરણાથી અમદાવાદ જાદા ભગતની પોળમાં રહેતા પુરુશોતમદાસ જેઠાભાઈએ બંધાવ્યું હતું અને પાછળથી તેમના વંશવારસોએ આ સ્થળને ખૂબ જ વિકાવ્યું છે.

હિન્દુ ધર્મમાં ગણાવેલ જિંદગીના ચાર આશ્રમો પૈકી વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર બૌદ્ધકાળ પહેલાં સમજુ અને ધર્મપ્રેમી મનુષ્યો માટે લગભગ ફરજિયાત ગણાતો. ખરેખર તો જિંદગીના ચારે આશ્રમોનો વિધિપૂર્વક સ્વીકાર એ હરેક આર્યધર્મીની ફરજ થઈ પડે છે, પણ સમયના વહેણ સાથે આ બધું ભૂલાવા લાગ્યું. અમદાવાદમાં વસતા શેઠ શ્રી ભગુભાઈ ચંદુલાલ ઉત્કંઠેશ્વર મહાદેવનાં દર્શને વારંવાર આવતા હોવાથી તેમને આ રમ્ય સ્થળમાં વાનપ્રસ્થાશ્રમ બાંધવાની ઈશ્વરી પ્રેરણા થઈ. આ પ્રેરણાને મૂર્ત સ્વરૂપે મૂકતાં તેઓશ્રીએ વાનપ્રસ્થાશ્રમ અંગેનાં મકાનો બંધાવવાની શરૂઆત કરી. જે જગ્યાએ વેત્રવતીનાં કોતરો હતાં, જાળાં–ઝાંખરાંવાળાં જંગલો હતાં તે જગ્યાએ લાખો રૂપિયા ખરચીને વાનપ્રસ્થાશ્રમને યોગ્ય મકાનો, બગીચા, ચિંતવનસ્થળ વગેરે બંધાઈ ગયાં. સંવત ૨૦૧૭ના માગશર મહિનામાં આ સ્થળે વાનપ્રસ્થાશ્રમ શરૂ થયો. ઉત્કંઠેશ્વર મહાદેવનું તીર્થસ્થળ જાણે સર્વધર્મસ્થળ હોય તેમ સંવત ૧૯૯૨થી જૈન સંત શ્રી ત્રિલોકચંદજી મહારાજની તપોભૂમિ બની ગયું. પ્રખર તપસ્વી અને વિદ્વાન જૈન સંતની તપશ્ચર્યાથી મુગ્ધ થઈને બારૈયાવાળા શંકરલાલ શેઠે મહાદેવ નજીકની પોતાની જમીન સ્વામીશ્રીને

ભેટ આપી. વખત જતાં આ જમીન ઉપર સ્વામીશ્રીના ભક્તોએ જ્ઞાનમંદિર, ગ્રંથાલય, અતિથિગૃહ, સાધનામંદિર વગેરે બંધાવ્યાં. ૧૯૯૮ના માગશર વદ ૧૦ને રોજ શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડને વરદ હસ્તે આ આશ્રમનો ઉદ્‌ઘાટન વિધિ કરવામાં આવ્યો. સ્વામીશ્રી જૈન હોવા છતાં રૂઢિચુસ્ત નહોતા, સર્વધર્મ ઉપર પ્રેમ રાખતા હતા. હજારો જૈન, જૈનેતરો સ્વામીશ્રીનાં દર્શનાર્થે આવતા. સંવત ૨૦૦૦ ના શ્રાવણ વદ ત્રીજને દિવસે સ્વામીશ્રી કાળધર્મ પામ્યા, પણ એ આશ્રમ સ્વામીશ્રીની ધાર્મિક સુવાસ ફેલાવતો હાલમાં પણ ઊભો છે. અને અનેક જૈન ભાઈઓ આ આશ્રમનો લાભ લે છે.

## લોહેશ્વર મહાદેવ ( લોટેશ્વર–મુંજપુર )

વેદાન્તર કાળની વાત છે આર્યો આર્યાવર્ત છોડીને આનર્ત પ્રદેશમાં (ગુજરાતમાં) આવ્યા ત્યારે કેટલાક ઋષિમુનિઓ પણ તેમની સાથે આવ્યા આર્યો સાથે આવેલા ઋષિમુનિઓએ ગુજરાતને જુદે જુદે સ્થળે આશ્રમો બાંધી નવા તીર્થો સ્થાપ્યાં. આવા આશ્રમો આર્યો જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં આર્ય સંસ્કૃતિનો ફેલાવો કરવામાં બહુ મદદરૂપ થતા.

હાલના રાધનપુર તથા ચાણસ્મા તાલુકાના અમુક ભાગને ધર્મારણ્ય તરીકે ઓળખાવવામાં આવેલ છે. આ પ્રદેશને પશ્ચિમ છેડે માર્કંડ ઋષિએ એક સુંદર આશ્રમ બંધાવ્યો. આશ્રમની ખ્યાતિ વધતાં સેંકડો આર્યો તથા અનાર્ય વિદ્યાર્થીઓ આ આશ્રમમાં વિદ્યાભ્યાસ માટે આવવા લાગ્યા.

આ પ્રદેશ નજીક વસતા હિરણ્યકશ્યપના વંશજ લોહાસુરને આ પ્રદેશમાં આર્ય સંસ્કૃતિનો ફેલાવો થતો ગમ્યો નહિ એટલે તેણે આશ્રમવાસીઓને હેરાન કરવા માંડયા. આશ્રમ ઉપર થતા લોહાસુરના અનેકવિધ હુમલાથી કંટાળીને માર્કંડ ઋષિએ ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવા તપશ્ચર્યા શરૂ કરી. સેંકડો વર્ષની એકધારી તપશ્ચર્યાથી ભગવાન વિષ્ણુ માર્કંડ ઋષિ ઉપર પ્રસન્ન થયા. પ્રસન્ન થયેલા વિષ્ણુ ભગવાનને માર્કંડ ઋષિને મનવાચ્છિત ફળ માગવા કહ્યું. માર્કંડ ઋષિએ બે હાથ જોડીને ભગવાન વિષ્ણુને કહ્યું કે "હે ચતુર્ભુજ ! તમે મારા ઉપર પ્રસન્ન થયા હો તો મારા આશ્રમને રંજાડનાર લોહાસુરનો વધ કરો."

માર્કંડ ઋષિની માગણીથી ભગવાન વિષ્ણુ વિચારમાં પડી ગયા. ભગવાન વિષ્ણુને વિચાર કરતા જોઈને માર્કંડ ઋષિએ પૂછ્યું કે "હે ચતુર્ભુજ ! તમે શા વિચારમાં પડી ગયા ?"

ભગવાન વિષ્ણુએ કહ્યું કે "તમે લોહાસુરના વધની વાત કરી, પણ લોહાસુરે તો શિવજીની તપશ્ચર્યા કરી અમરપણું મેળવ્યું છે ઋષિજી ! કોઈક બીજું વરદાન માગો તો સારું."

માર્કંડ ઋષિએ ભગવાન વિષ્ણુને કહ્યું કે "તમને યોગ્ય લાગે

તેમ કરો, પણ હું તો આશ્રમવાસીઓને રંજાડનારના મોત સિવાય કાંઈ માગતો નથી."

મનમાં કાંઇક વિચાર કરીને ભગવાન વિષ્ણુએ માર્કંડ ઋષિને કહ્યું કે "તમે માગેલ વરદાન આપુ છું. થોડા સમયમાં કોઈ પણ હિસાબે લોહાસુરનો વધ કરીશ."

ઋષિ માર્કંડને આપેલ વચન પાળવા ભગવાન વિષ્ણુ લોહાસુર સામે લડવા યુદ્ધમેદાનમાં જઈ ઊભા રહ્યા. બંને બળિયાઓ યુદ્ધે ચડયા. બંને અમર હોવાથી કોઈ કોઈને હરાવી શકતુ નહોતું. બે દિવસ ચાલેલા એકધારા યુદ્ધ પછી નિત્યકર્મ પતાવવા માટે વિષ્ણુ તથા લોહાસુરે યુદ્ધ બંધ રાખ્યુ. લોહાસુરને શિવજીનું પૂજન કર્યા પછી ભોજન લેવાનું નીમ હતુ ભગવાન વિષ્ણુને પણ આજ પ્રકારનું નીમ હતુ. આજુબાજુમાં કયાંક શિવલિંગ ન દેખાતાં ભગવાન વિષ્ણુ મૂંઝાયા. થોડી વારમાં લોહાસુરે પોતા પાસેનો લોહદંડ જમીનમાં રોપી, તેની પ્રાણપ્રતિષ્ઠા કરી શિવલિંગ તરીકે પૂજા કરી લીધી. લોહાસુરે પૂજા કરી એટલે ભગવાન વિષ્ણુએ લોહાસુરને કહ્યું કે "મારે પણ તેં સ્થાપેલ લોહદંડ લિંગની પૂજા કરવી છે."

લોહાસુરે પોતે સ્થાપેલ લોહલિંગની પૂજા કરવા માટે વિષ્ણુને રજા આપી. ભગવાન વિષ્ણુએ અનેકવિધ પૂજા કરી. ભગવાન વિષ્ણુની અનેકવિધ શિવપૂજનવિધિ જોઈને લોહાસુર ખૂબ રાજી થયો. તેણે આનંદમાં આવી જઈ ભગવાન વિષ્ણુને કહ્યું કે "તમારી શિવપૂજનવિધિથી હુ પ્રસન્ન થયો છું. તમે મારી પાસે ઈચ્છિત વર માગો."

ભગવાન વિષ્ણુને જોઇતુ હતુ અને વૈદે બતાવ્યુ. તેણે તુરત જ માગ્યુ કે 'હે અસુર! તુ મારા ઉપર પ્રસન્ન થયો હોય તો હુ તારું મોત માગું છુ."

વચનથી બંધાયેલા લોહાસુરે લોહલિંગની પૂજા કરી એટલે લિંગ માથી શિવજી પ્રગટ થયા અને કહ્યું કે "બેટા લોહાસુર! મારું શું કામ પડ્યુ?"

લોહાસુરે પોતે ભગવાન વિષ્ણુને આપેલ વચન બાબત કહ્યુ. તેણે શિવજીને વિનંતી કરી કે તેમણે આપેલ અમરપણાનું વરદાન પાછું ખેંચી લે.

શિવજીએ લોહાસુરને આપેલ અમરપણ પાછું ખેંચી લીધુ એટલે ભગવાન વિષ્ણુ લોહાસુર સાથે લડવા તૈયાર થયા.

યુદ્ધ શરૂ થતા પહેલાં ભગવાન શિવજીએ કહ્યું કે "તું તથા વિષ્ણુ આ સ્થળે એક સાથે ભેગા થયેલ હોઈને યુદ્ધમાં તારું મોત થશે તો તને મોક્ષ મળશે"

લોહાસુરે કૈલાસપતિને કહ્યું: "મને એકલાને મોક્ષ મળે તેમાં શું ? તમે બંને દેવો આ સ્થળે ભેગા થયા છો તો આ સ્થળે મૃત્યુ પામેલ હરકોઈ જીવને મોક્ષ મળે તેમ કરતા જાવ."

શિવજી તથા વિષ્ણુએ લોહાસુરે માગેલ વરદાન કબૂલ કર્યું. ત્યાર પછી વિષ્ણુ તથા લોહાસુર વચ્ચે યુદ્ધ ખેલાયું. એ યુદ્ધમાં વિષ્ણુએ લોહાસુરનો વધ કર્યો. આ બનાવ બન્યા પછી માર્કંડ ઋષિએ લોહાસુરે સ્થાપેલ લોહલિંગની પૂજા ચાલુ રાખી. એ સ્થળે આવતા વિદ્યાર્થીઓ તેમજ આર્યો તથા અનાર્યોને માર્કંડ ઋષિએ લોઢેશ્વર તીર્થનું માહાત્મ્ય સમજાવવા માંડયું. ધીરે ધીરે મોક્ષગતિ પામવા માટે અનેક લોકો આ સ્થળે આવવા લાગ્યા. આ સ્થળે યાત્રિકોને સ્નાનવિધિ માટે પૂરતા પાણીની સગવડ ન હોઈને માર્કંડ ઋષિએ મોટો કુંડ ખોદાવ્યો. આજુબાજુ ખારા પટનો વિસ્તાર હોવા છતાં ઋષિએ ખોદાવેલ કુંડમાં મીઠા જળની સરવાણીઓ ફૂટવા માંડી. જોઈતી સગવડ મળતાં આ સ્થળે સંખ્યાબંધ યાત્રિકો આવવા માંડયા. માર્કંડ ઋષિના દેહોત્સર્ગ પછી આ સ્થળનું માહાત્મ્ય વધતું ચાલ્યું. મૈત્રક કાળમાં આ સ્થળે વિષ્ણુના દસ અવતારનાં મંદિરો બાંધવામાં આવ્યાં. સોલંકી કાળમા લોઢેશ્વરલિંગ ઉપર ભવ્ય શિવાલય બાંધવામા આવ્યું. આ જ કાળમા આ તીર્થમાં એક સુંદર સૂર્યમંદિર બંધાયું. સંવતના પંદરમા શતકમાં વિધર્મીઓનાં ધાડાં આ પ્રદેશ ઉપર ફરી વળ્યાં. વિધર્મીઓએ લોટેશ્વર તીર્થનાં બધાં મંદિરોનો નાશ કર્યો. આ મહા વિનાશમાંથી દશાવતારની દેવકુલિકાઓમાંની વરાહ ભગવાનની દેવકુલિકા બચી જવા પામી. સંવતના સોળમા સૈકામાં આ તીર્થનાં મંદિરોનો પુનરુદ્ધાર થયો હોય તેમ લાગે છે. લોટેશ્વર તીર્થનો વિનાશ કર્યા પછી એ સ્થળે ગુજરાતના મુસ્લિમ રાજા મહમદ બેગડાએ પંચોતેર ફીટ ઊંચો લશ્કરી દુર્ગ બંધાવ્યો હતો. મુસ્લિમ શાસન ઢીલું બન્યા પછી આ તીર્થનો પુનરુદ્ધાર થયો હોય તેમ દેખાય છે. પુનરુદ્ધાર દરમિયાન આ તીર્થના વિનાશ વખતે દટાયેલ શિવલિંગને પાછું કાઢવામા આવ્યું હોય તેમ કહેવાય છે. પુનરુદ્ધાર વખતે ભાવિક ભક્તોએ તીર્થમાં આવેલ કુંડમાંના

ઓવારાનો પુનરુદ્ધાર કરાવ્યો હશે તેમ દેખાય છે. ત્યાર પછીના સમયમાં લગભગ સંવતના અઢારમા સૈકામાં લોઢેશ્વરનું મંદિર ફરીથી પુનરુદ્ધાર પામ્યું હોય તેમ લાગે છે. આ જ સમયે કુંડમાં દાખલ થવાની ચારે બાજુની ચાર નાળો તેમ જ વચલો કોઠો બંધાયો હોય તેમ લાગે છે. કોઠામાં તથા એક નાળીમાં બિરાજતી ભગવાન વિષ્ણુની તથા સૂર્યની મૂર્તિ સોલંકીયુગનું શિલ્પ જાળવીને હજાર વર્ષ પહેલાંના શિલ્પનો સુવર્ણયુગ બતાવી રહી છે.

સંવતના સોળમા સૈકામાં આ તીર્થમાં સોલંકીકાળની પરંપરા જાળવતા મહંત લાલગિરીએ જીવતાં સમાધિ લીધી હતી. હાલના લાલગિરીની પરંપરાના શિષ્ય મહંત શ્રી ભાવગિરી લોઢેશ્વરના તીર્થના ગાદીપતિ છે.

મહેસાણા જિલ્લાના રાધનપુર તાલુકામાં આવેલ મુંજપુર ગામથી બે એક માઈલ દૂર લોઢેશ્વરનું પુરાણું તીર્થસ્થળ આવેલ છે. તીર્થસ્થળની વિગતો માર્કંડ પુરાણમાં લખાયેલી છે. આખો ય પ્રદેશ હાલમાં ઉજ્જડ વેરાન સમો છે. લોઢેશ્વર તીર્થની આજુબાજુ પરદેશી બાવળોના જંગલ ઊગી નીકળ્યાં છે. ગુજરાતના મુસ્લિમ શાસકોએ લોઢેશ્વર તીર્થમાં બંધાવેલ ઊંચો કિલ્લો આ આખા ય પ્રદેશને નીરખી શકાય તથા કચ્છના રણ તરફથી આવતા દુશ્મનોને ડારી શકાય તેવા આશયથી બંધાવ્યો હોવો જોઈએ. હાલમાં આ કિલ્લો લોઢેશ્વર તીર્થની આણુ નીચે છે. આ ઊંચા કિલ્લામાં સોલંકીકાળના પુરાણા લોઢેશ્વર મંદિરના તથા લોઢેશ્વર તીર્થનાં બીજાં મંદિરોના પથરાઓ રઝળતા પડયા છે. મંદિરોના કેટલાક પથરો કોટમાં ચણી લેવાયા હોય તેમ દેખાય છે.

કેટલાકોનું માનવું એમ છે કે હાલનું લોઢેશ્વરનું મંદિર અઢારમા સૈકામાં બંધાયુ હોવું જોઈએ. મંદિર ઉપર વારંવાર રંગરોગાન અને પ્લાસ્ટર થતું હોઇને એનું પુરાણાપણું જાણવું મુશ્કેલ છે.

દર સાલ ફાગણ વદ અમાસ તથા ભાદરવા વદ અમાસે લોઢેશ્વર તીર્થમાં મોટો મેળો ભરાય છે. આ તીર્થક્ષેત્રમાં વિષ્ણુ તથા શિવનો એક સાથે પ્રાદુર્ભાવ થયેલ હોઈને આ સ્થળે માતૃશ્રાદ્ધ તથા પિતૃશ્રાદ્ધનું ફળ મળતું હોઇને ઘણા ભાવિક ભક્તો આ તીર્થમાં આવી શ્રાદ્ધ કરી જાય છે. ભૂતપિશાચના વળગાડવાળાઓને પણ આ બેવડા લાભવાળા તીર્થમાં બંધનોમાંથી મુક્તિ મળે છે.

ચારે બાજુ ઊંચી ધર્મશાળાઓથી રક્ષાયેલ લોહેશ્વરનું મંદિર મંદિરના ચોકમાં જઈએ ત્યારે જ સંપૂર્ણપણે જોવા મળે છે. મંદિરના ભદ્રનો ભાગ સાદો હોવા છતાં શિલ્પશાસ્ત્રના નિયમ પ્રમાણે બંધાયેલો દેખાય છે. એજ રીતે મંડોવર ભાગ પણ સાદો હોવા છતાં શિલ્પ શાસ્ત્રના નિયમને આધીન બનેલો છે. મંદિરનો રંગમંડપ ચારે બાજુ બારીબારણાં મૂકીને ગૂઢમંડપ જેવો બનાવી દેવામાં આવ્યો છે. સભા મંડપ ઉપરનો ઘુમ્મટ ગોળાકાર મુસ્લિમ શૈલીના ઘુમ્મટો જેવો છે. આ મંદિરમાંથી બાજુમાં આવેલ કિલ્લામાં જવાય છે. થોડાં વર્ષો પહેલાં કિલ્લામાં આવેલ પુરાણા મંદિરનાં ખંડિયેરો ઉપર નવું મંદિર બાંધવાની શરૂઆત થઈ હતી. મંદિર લગભગ પૂરું થવા આવ્યું છે, પણ કોઈ કારણસર તેમાં દેવની પ્રતિષ્ઠા થઈ નથી.

લોહેશ્વરનું હાલનું શિવલિંગ લોહનું હશે કે કેમ તે જાણી શકાયું નથી. પણ એટલું અનુમાન થઈ શકે છે કે આર્યો લોહધાતુ વાપરવાની રીત અસુરો પાસેથી શીખ્યા હશે. અસુર રાજાઓ નગરો બાંધી શકતા, કિલ્લાઓ રચી શકતા, વહાવણવટું કરી શકતા તેમ જ ધાતુનો ઉપયોગ કરી શકતા. એ બાબત આપણે લોથલના અવશેષો ઉપરથી જાણી શકયા છીએ. આર્યો ભારતવર્ષમાં આવ્યા ત્યારે અસુરો સાથે લડવામાં સંપૂર્ણપણે ચડિયાતા હતા, પણ કિલ્લાના રક્ષણ નીચે રહેલ અસુરોને હરાવવા માટે આર્યોને નાકલીટી ખેંચવી પડી હતી. આર્યોને આ અસુરોનાં કુળોનો નાશ કરવા માટે પુરંદર દેવને વિનવવા પડયા હતા. આર્ય તથા આનાર્યના સંગમ સમા લોહેશ્વર તીર્થની મુલાકાત લેવા માટે હું ધર્મપ્રેમી તેમ જ શિલ્પરસિકોને વિનંતી કરું છું

## ૩૬

# આસોડા દેવડાનાં મંદિરો

**સોલંકી** રાજ્યઅમલ દરમિયાન શિલ્પ તથા સ્થાપત્યના ઉત્તમ નમૂનાઓ ગુજરાતે મેળવ્યા છે તેવા કદાચ અત્યાર સુધી બીજા રાજ્ય-અમલ દરમિયાન મળ્યા નથી. મંદિરોની બાબતમાં એક આગવી શ્રેણી ઊભી કરનાર સોલંકી યુગને ગુજરાત ક્યારે ય ભૂલી શકશે નહિ. ભારતવર્ષનાં પુરાતન મંદિરોની યાત્રા કરીએ તો સોલંકી યુગમાં બંધાયેલાં ગુજરાતનાં મંદિરો શિલ્પની દૃષ્ટિએ ખજૂરાહોશ્રેણી, ભુવનેશ્વરશ્રેણી, ચાલુક્યશ્રેણી તથા મધ્યભારતની માળવી અષ્ટભદ્રીશ્રેણી કરતાં ય કેટલીક બાબતમાં ચડી જાય તેવાં છે

ગુજરાતનાં મંદિરોની સ્તંભાવલીઓ, તોરણો અને ગવાક્ષો તથા દ્વારસાખો, જે સોલંકી કાળ દરમિયાન બનાવવામાં આવ્યા છે તે વિશિષ્ટ પ્રકારનાં છે. ભારતવર્ષમાં બારા પથ્થરમાં ઝીણામાં ઝીણી નકશી કરવામાં હંમેશાં ગુજરાત આગવું સ્થાન પ્રાપ્ત કરતુ આવ્યુ છે. આ બધું ગુજરાતના સોલંકી રાજાઓએ ગુજરાતને શિલ્પ તથા સ્થાપત્યના ઉત્તમ નમૂનાઓથી અલંકૃત કરવાને કારણે બન્યુ છે.

રાય સિદ્ધરાજ જયસિંહ, જેને ગુજરાતનો વીર વિક્રમ સમો ગણવામાં આવતો હતો તેણે ગુજરાતને શિલ્પધનથી અલંકૃત કરવાના હરેક પ્રયાસ કર્યાં હતા. આવા પ્રયત્નોને લઈને મા ગુર્જરીને ભારતવર્ષમાં શિલ્પ અને સ્થાપત્યની બાબતમા ઊંચું સ્થાન મળ્યુ સોલંકી યુગ દરમિયાન ગુજરાત અને માળવાનાં પ્રતિસ્પર્ધી રાજ્યો કલારસિકતાની બાબતમાં હોડમાં ઊતર્યાં હતાં. આ બાબતમાં હંમેશા માળવાનું આગળ રહેતુ, પણ રાય સિદ્ધરાજના અમલ દરમિયાન ગુજરાત માળવા સમોવડીયુ બની ગયું. રાય સિદ્ધરાજના સમય પહેલાં ગુજરાતના કલારસિકો તથા યાત્રિકો માળવા તરફ નજર નાખતા. તેનું કારણ માળવાના ઉત્તમ કારીગરીનાં મંદિરો તથા વિદ્યાધામો હતા. આ બધાને ભૂલાવવા સિદ્ધ-રાજના અમલ દરમિયાન ગુજરાતના તીર્થક્ષેત્રોમા તથા બીજી જગ્યાએ ભવ્ય મંદિરો બાધવામાં આવ્યા.

સોલંકી યુગ દરમિયાન માળવા સાથે, પરદેશી મુસ્લિમો સાથે અને દક્ષિણનાં કેટલાંક રાજ્યો સાથે ગુજરાતને લડવું પડતું. રાય સિદ્ધ-

રાજ્ય દૂરદેશી વાપરીને ગુજરાતને લશ્કરી બાબતમાં તેમ જ અનાજની બાબતમાં સ્વાવલંબી બનાવવાના હરેક પ્રયત્નો કર્યા. એ સમયે ગુજરાતને હયદળ માટે લાખો દ્રમ ખર્ચીને ઉત્તમ ઘોડાઓ આયાત કરવા પડતા. આ બાબતમાં સ્વાવલંબી બનવા માટે આબુથી ઉત્તરે આવેલ મારવાડના ઘાસિયા મુલકમાં વસતી ઘોડાઉછેર માટે સુપ્રસિદ્ધ થયેલ દેવડા ચૌહાણ જાતિની એક શાખાને પાટણની પૂર્વ દિશામાં થોડ ગાઉ દૂર આવેલ સ્થળ, જ્યાં ઘાસનાં બીડા આવેલાં હતાં ત્યાં, વસાવવામાં આવી. કહેવાય છે કે આ સ્થળે દેવડા ચૌહાણો આવીને વસ્યા તે પહેલાં 'આશાપુરી' નામે કોઈ જૂના નગરનાં ખંડિયેરો હતાં. હાલમાં આસોડા ગામ નજીકના ટેકરામાંથી સોલંકી યુગ પહેલાંની વિશાળકાય ઈંટો મળી આવે છે.

એક વખત સિદ્ધરાજ વહેલી સવારે ધ્યાનમંદિરમાં હતો ત્યારે તેને ભાસ થયો કે પાટણ શહેરની પૂર્વ દિશામાં ૨૮ માઈલ દૂર આવેલા હાલના સોખડા ગામ નજીકના સ્થળે એક ભવ્ય શિવપંચાયતન મંદિર બાંધવાની દૈવી આજ્ઞા થઈ. સિદ્ધરાજે બીજે દિવસે રાજ્યના શિલ્પીઓ અને સ્થપતિઓને પોતાને ભાસ થયેલ સ્થળે જઈને મંદિર બાંધવાનો આદેશ આપ્યો. સ્થળની ગણતરીમાં ભૂલ થવાથી સોખડાને બદલે આસોડા નજીક મંદિરના પાયાઓ નંખાયા. વખત જતાં મંદિર પૂરું થવા આવ્યું ત્યારે સિદ્ધરાજને સ્થળફેર લાગ્યું. પણ પછી આસોડાનું મંદિર જ સંપૂર્ણ કરાવવામાં આવ્યું.

આસોડાના શિવાલય વિશે એક બીજી લોકવાયકા છે કે આ મંદિર સોલંકી રાય સિદ્ધરાજે બર્બરક (બાબરાભૂત) પાસે એક જ રાતમાં પૂરું કરાવ્યું. તદુપરાંત પાટણથી આ શિવમંદિરના સભામંડપ સુધી એક ભોંયરું પણ બનાવડાવ્યું. મંદિરના પોઠિયાની જમણી બાજુ એક કાળો પત્થર છે. તેની નીચે એક મોટું ભોંયરું આવેલું છે. લોકોક્તિ પ્રમાણે આ ભોંયરા વાટે સિદ્ધરાજ રોજ ઘોડા ઉપર બેસીને પાટણથી આસોડા(મહાદેવનાં દર્શન કરવા આવતો. આશરે ત્રીસેક વર્ષ પહેલાં નામદાર ગાયકવાડ સરકારે આ મંદિરની મરામત કરી ત્યારે સભામંડપના પોઠિયાની જમણી બાજુ આવેલ કાળો પથ્થર ઉખેડતાં ભોંયરામાંથી હજારો ભમરા નીકળી આવ્યા! તાબડતોબ એ પથ્થરને પાછો બેસાડી દેવામાં આવ્યો. રાય સિદ્ધરાજે આ મંદિર બંધાવ્યું તેની

સાબિતીરૂપે સભામંડપના શિલ્પમાં રાય સિદ્ધરાજની મુખાકૃતિ સુંદર રીતે કોતરવામાં આવી છે, જે હાલમાં મોજૂદ છે. આવી જ બીજી મુખાકૃતિ રાય સિદ્ધરાજે બંધાવેલી સંડેરી માતાના જૂના મંદિરના સભામંડપમાં પણ છે. મંદિર આગળના પગથિયામાં એક શિલાલેખ છે, જેમાં ગામના એક વયોવૃદ્ધ ભાઈના કહેવા પ્રમાણે પહેલા સિદ્ધરાજનું નામ સ્પષ્ટ વાંચી શકાતું. પણ હાલમાં વાંચી શકાતું નથી. આ શિલાલેખ અંગે કોઈ સોલંકી યુગની જૂની સંસ્કૃત લિપિ જાણનાર ભાઈએ પ્રયત્ન કરીને શિલ્પરસિક જનતાને જણાવવું જરૂરી છે.

અમદાવાદથી કલોલ થઈને માણસાથી પીસવાઈ જતે માર્ગે થઈને પીલવાઈથી મહેસાણા તરફ જતે રસ્તે આગળ વધતાં કુકરવાડા ગામ થઈને કાચો માર્ગ ફંટાય છે. એ માર્ગે દેવડા થઈને આસોડા જવાય છે. આસોડા નાનકડું ગામ હોવાથી શિવપંચાયતન મંદિર જોવા માટે ભાગ્યે જ કોઈ શિલ્પરસિકો કે યાત્રિકો જાય છે. અમે આસોડા ગયા ત્યારે ગ્રામ જનતા અમને ઘેરી વળી અને સરપંચે કહ્યું કે "ગાયકવાડના કાળ દરમિયાન આ મંદિરને સારી રીતે સાચવવામાં આવતું, પણ હવે તો પૂજારીને ફક્ત સાત રૂપિયા પગાર મળતો હોવાથી મંદિર હવડ પડી રહે છે, કારણ કે પૂજારીને નિભાવ માટે મજૂરી કરવા જવું પડે છે." ગ્રામજનો સાથે અમે મંદિર પાસે પહોંચ્યા. આશરે સો ફીટની લંબાઈ અને પંચોતેર ફીટની પહોળાઈવાળા છ ફીટ ઊંચા ઓટલા ઉપર શિવપંચાયતન મંદિર આવેલું છે મુખ્ય મંદિર વચમાં અને ઓટલાને ચારે ખૂણે ચાર મંદિરો બાંધવામાં આવ્યાં છે. ગાયકવાડ સરકારે કરાવેલી મરામત દેખાઈ આવે છે મંદિરના ઓટલાના આગલા ભાગમાંથી અમે ઓટલા ઉપર ચડયા ત્યારે ઉપર મથાળાના પાટ સિવાયના સુંદર સ્થંભોવાળા બે તોરણ નજરે પડયા. શિવપંચાયતનના ઓટલા ઉપરના કાર્તિક સ્વામીના મંદિરના તથા ગણેશ મંદિરના દર્શન કરીને અમે આસોડા અસમલનાથજી મહાદેવના વિશાળ મંદિરના સભામંડપમાં દાખલ થયા. સભામંડપના ઘુમ્મટની અંદરના ભાગની કોતરણી ખૂબ જ સુંદર છે. ગર્ભગૃહમાં નજર નાખતાં મહાદેવજીનું ભવ્ય વિશાળકાય લિંગ નજરે પડયું. કહેવાય છે કે આ શિવલિંગ સોમનાથના જૂના શિવલિંગને મળતું છે. જે હોય તે, પણ એક વાત ચોક્કસ છે કે આસોડા શિવપંચાયતન મંદિરનું શિવલિંગ ખૂબ જ સુંદર અને ભવ્ય છે. ઓટલા ઉપરનાં પાંચે મંદિરના દેવોના દર્શન

ફરીને અમે પાછા ફર્યા પંચાયતન મંદિરના એક ખૂણાનું મંદિર અર્ધભગ્ન છે અને બાકીનાં બીજાં તદ્દન સારી હાલતમાં છે. પંચાયતન મંદિરના ઓટલા ઉપર જૂના વખતની કેટલીક તૂટેલી મૂર્તિઓ પડી છે તેમ જ તોરણોના ઉપરના ભાગના અવશેષો પણ પડયા છે. ગામના સરપંચે અમને કુબેરની એક પોલી મૂર્તિ બતાવીને કહ્યું કે "આ મૂર્તિ નીચેના જૂના શિલાલેખમાં એમ લખાયેલું હતું કે 'માથું વાઢે તે માલ ખાય' કોઈ ભાઈએ કુબેરનું માથું જુદું પાડયું તેને મૂર્તિના પેટાળમાં સંઘરવામાં આવેલ હજારો સોનામહોરો મળી " સોનામહોર સંઘરનાર કુબેરમૂર્તિનું પોલું ધડ હાલમાં પડયું છે. આ બાબત પૂછતાં મારા એક બુઝર્ગ શિલ્પી મિત્રે કહ્યું કે "ઘણી કુબેરમૂર્તિઓ તથા ગણેશમૂર્તિઓ પોલી બનાવવામાં આવતી અને તેમાં ધન મૂકવામાં આવતું આ ધનનો ઉપયોગ મંદિરના પુનરુદ્ધાર માટે વપરાય એ દૃષ્ટિથી જ પોલી મૂર્તિમાં ધનસંચય કરવામાં આવતો." વઢવાણ તથા વડનગરની બોખલા ગણપતિની મૂર્તિઓ તથા આસોડાની કુબેરમૂર્તિ એનાથી આ વાતને સમર્થન મળે છે મંદિરની સામે એક પુરાણો કૂવો આવેલો છે, જે કોઈ મોટી વાવનો કોઠો હોય તેવો લાગે છે આ જગ્યાની ઉત્તર બાજુએ થોડે દૂર જતાં અમે 'વાડીનાથ'ને નામે ઓળખાતી કુબેરની ભવ્ય પ્રતિમા જોઈ. મનુષ્યકદની આવી મોટી કુબેરપ્રતિમા ભારતવર્ષમાં ભાગ્યે જ જોવા મળે છે છોકરાઓએ જાણ્યે અજાણ્યે આ મૂર્તિનો એક પગ તોડી નાખ્યો છે. આ ભવ્ય મૂર્તિની બાજુમાં વિષ્ણુની તથા નાગદેવની એમ બે મૂર્તિઓ પડી છે

શિલ્પશાસ્ત્ર અનુસાર યક્ષાદિ જાતિના મંદિરો બાંધતાં પહેલાં કુબેરમૂર્તિની સ્થાપના કરવામાં આવે છે એ હિસાબે આસોડા શિવ પંચાયતનનું મંદિર બાંધતાં પહેલાં કુબેરની મહાકાય મૂર્તિનું સ્થાપન કરીને તે જગ્યાએ એક નાનું કુબેરમંદિર બાંધવામાં આવ્યું હશે કુબેર મંદિર તૂટી ગયું, પણ કુબેરમૂર્તિ કાળ સામે લડતી મોજૂદ છે.

કહેવાય છે કે જ્યારે ગુજરાતનો રાજા કર્ણદેવ વાઘેલો મુસ્લિમો સાથે લડતાં લડતાં હારી ગયો ત્યારે અલાઉદ્દીન ખૂનીનો સેનાપતિ ઉલુઘખાન આખા ગુજરાતના મંદિરો તોડવા માટે નીકળી પડયો ઉલુઘખાન આસોડા આવ્યો ત્યારે હજારો દેવડા ચૌહાણો તેનો સામનો કરવા ઊભા રહ્યા દેવડા રજપૂતોએ કહ્યું કે "આ શિવપંચાયતન

મંદિર અમારા ઇષ્ટદેવનું છે. એ મંદિર તોડતાં પહેલાં તમારે હજારો મરણીયા દેવડાઓનો સામનો કરવો પડશે. જો તમે આ મંદિર ન તોડો તો અમે તમને લશ્કર માટે જોઇતા ઘોડાઓ પૂરાં પાડીશું.'' ઉલુઘખાને વિચાર કરીને કહ્યું કે ''અમારે તમારી સાથે યુદ્ધ કરવું નથી.'' ઉલુઘખાનના ગયા પછી દેવડાઓ પેઢી દર પેઢી આ મંદિરને રક્ષતા આવ્યા. ખસોએક વર્ષ પહેલાં આ ગામના દેવડા રજપૂતોનો મોટો ભાગ ગામ છોડીને ચાલ્યો ગયો છે. હવે તો દેવડાઓની યાદ આપતુ દેવડા ગામ તથા આસોડાનું શિવમંદિર ઊભાં છે. આ મંદિરની ઈમારત રક્ષિત ઈમારત તરીકે જાહેર કરવામાં આવી છે; પણ જો થોડું સમારકામ કરીને તોરણોના થાંભલાઓ, જે સારી સ્થિતિમાં ઊભા છે તેમની બાજુમાં પડેલ પાટ વગેરેને સરખી રીતે ગોઠવવામાં આવે તો ગુજરાતનાં તોરણોમાં બે નવાં નાજુક તોરણોનો ઉમેરો થાય.

# ગુંજારનગરી ( ગુંજા )

અમારો બારોટ હળપતિ રાજા અને ગુંજાર શહેરની વાત વારંવાર કહેતો. એટલે નાનપણથી જ ગુંજાર શહેરનો ગુંજારવ કાનમાં થયા કરતો. એક વખતે મેં બારોટને પૂછ્યું "ગુંજાર શહેર ક્યાં આવ્યું?" ત્યારે બારોટે કહ્યું. "કર્ણોપકર્ણ સાંભળેલી અને કહેવાતી આવતી વાર્તાઓમાંની કેટલીક નગરીઓ હાલમાં મોજૂદ છે, પણ કેટલીય નગરીઓ નાશ પામી હોઇને અથવા તો નામમાં ફેરફાર થઈ ગયેલા હોઈને એવી નગરીઓ ક્યાં આવી હશે તે ચોક્કસ કહી શકાય નહીં."

એક વખત જાણીતા શિલ્પવિશારદ શ્રી મધુસૂદન ઢાંકીનો એક લેખ વાંચી રહ્યો હતો તેમાં ગુંજાના વિષ્ણુમંદિર બાબત લખાયું હતું.

ગુંજા ગામ સંબંધી તપાસ કરતાં માહિતી મળી કે ગામ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં આવેલું છે.

એક વખત હું વિસનગરથી વડનગર જઈ રહ્યો હતો ત્યાં રાજમાર્ગ ઉપર ગુંજાનું પાટિયું જોયું. પાટિયું જોતાં જ મેં મારા ડ્રાઈવરને મોટર ઊભી રાખવા કહ્યું. ગામ તરફ જતા રસ્તા નજીક ઊભેલા એક દેસાઇને ગુંજાના વિષ્ણુમંદિર બાબત પૂછી જોતાં તેણે કહ્યું કે "અમારા ગામમાં વોહિયાના દેરા સે, મિયાભાઈની મસિદ સે, રામજી મંદિર સે, શંકરદાદાનું દેરું સે, અંબામાનો મૂરતો સે, પણ હેણુમંદિર નહીં."

દેસાઈભાઈ હેણુમંદિર બોલ્યા એટલે શંકા જતાં મેં ફરીથી કહ્યું કે "ભાઈ હું વિષ્ણુમંદિર બાબત પૂછું છું!"

'હા, ભાઈ હા હું જોણું છું હેણુ ઈ જ વેષ્ણુ હું ઠેઠ દ્વારકાથી ડાકોર અને અંબાજીથી બેચરાજી સુધીની જાત્રાએ જઇ આવ્યો છું. બોયો એમાં હેણુ મંદેર આવે કે નહીં? રણછોડનું હેણુમંદેર જોયો, સિદ્ધપુર પાટણમાં માધવરાયનું મંદેર જોયો. દ્વારકા અને ડાકોરમાં હેણુ બિરાજે સે ઈ હું, તમે અને મારો બાપ સૌ જોણીએ છીએ.'

દેસાઇની જ્ઞાનગંગાથી પ્રભાવિત થઈ મારે ગુંજા જવું કે નહીં તેનો વિચાર કરતો હતો ત્યાં મારી સાથેના એક મિત્રે કહ્યું કે "પાંચ

ધર્મસ્થાનકો છે. એ સ્થાનકો જોવામાં કાંઈ નહીં ને કાંઈ નવીન મળી આવશે."

મારા મિત્રના કહેવાથી મેં મારી ગાડી ગુંજા ગામમાં વાળી. ગામઝાંપે પહોંચતાં જ એક મકબરા નજીક પડેલ શિલ્પના પુરાણા અવશેષો જોયા. મકબરા નજીકના ઢાળ ઉપર કોઇ પુરાણા મંદિરના આમલકના ટુકડા તથા ઉરુશૃંગનો એક ભાગ પડયો હતો. આગળ વધતાં એક યુવાનને રામજી મંદિર બાબત પૂછતાં એ ભાઈ અમને રામજી મંદિર લઈ ગયા. રામજી મંદિર ખરેખર મંદિરને બદલે એક સાદું મકાન હતું. એ ગૃહમંદિરમાં રામલક્ષ્મણ અને સીતાની મૂર્તિઓ બિરાજતી હતી. રામચંદ્રજીનાં દર્શન કરી અમે બહાર નીકળ્યા ત્યાં તો મંદિર બહાર આવેલ એક ઓટલા ઉપર સંવતના અગિયારમા સૈકામાં કોતરાયેલ કોઈ મંદિરના મંડોવરની જંઘા ઉપરની ઇશાનદેવની મૂર્તિ નજરે પડી. નજીકમાં જ અર્ધતૂટેલ ભૈરવની મૂર્તિ નજરે પડી હતી. બન્ને મૂર્તિઓ જોતાં લાગ્યું કે આ સ્થળ નજીક કોઈ સોલંકીયુગી મંદિર હશે પણ કાળક્રમે નાશ પામ્યું હશે.

ગામની બજારમાં આવેલ નવુ જૈનમંદિર જોઈ અમે ગામના તળાવકાંઠે પહોંચ્યાં. ધોળકાના મલાવ તળાવ જેવાં પગથિયાંથી શોભતું એ તળાવ મારી આંખમાં વસી ગયુ. તળાવના કેટલાક ભાગમાં પગથિયાં બંધાયેલાં હતા, જ્યારે કેટલોક ભાગ સાદો હતો. તળાવની એક બાજુના કૃત્રિમ દ્વીપ ઉપર સહેલાણીઓને બેસવાનો મંડપ શોભી રહ્યો હતો. તળાવના ઘાટ ઉપરથી દ્વીપ ઉપર જવાનો પુલ સારી રીતે જળવાઇ રહ્યો હતો. એ પુલ ઉપર થઈને અમે દ્વીપ ઉપર આવેલા મંડપે પહોંચ્યા. પ્રથમ દષ્ટિએ તે મંડપ સહેલાણીઓ માટે બંધાયેલો મંડપ લાગ્યો, પણ મંડપની છત તરફ નજર કરતાં છતનુ શિલ્પ જોઈ એ મંડપ કોઈ સોલંકીયુગી મંદિરનો સભામંડપ હશે તેમ લાગ્યું. તળાવના દ્વીપમાં આવેલ મંદિર નાશ પામ્યું હશે અથવા તોડી નાખવામાં આવ્યુ હશે, પણ સભામંડપ અનામત રહી જવા પામ્યો હશે. છતનું શિલ્પ સંવતના તેરમા સૈકાના ઉત્તરાર્ધમા કોતરાયું હોય તેમ લાગ્યુ.

સભામંડપમાં બેઠેલા એક તરવૈયાને વિષ્ણુમંદિર બાબત પૂછતાં તેણે કહ્યું કે "સાહેબ ! અમારા ગામમા વિષ્ણુમંદિર નથી, પણ સામે દેખાય છે તે તળાવને કિનારે એક પુરાણું મંદિર તૂટીને ઢગલો થઈ પડયું છે."

પેલા યુવાનને સાથે લઈ અમે તળાવને કિનારે કિનારે આગળ વધ્યા. થોડે દૂર જતાં તળાવના પાણી વચ્ચે ઉભેલ એક વિષ્ણુમૂર્તિ નજરે પડી. એ મૂર્તિ કોઈ પુરાણા મંદિરના મંડોવર ભાગની હોવી જોઈએ. ત્યાંથી આગળ વધતા અમે કબરો વચ્ચે થઈને એક પુરાણા મંદિર પાસે પહોંચ્યા. મંદિરનો પીઠભાગ ઠીક હાલતમાં હતો, જ્યારે બાકીના ભાગો વેરવિખેર પડયા હતા. સભામંડપની લંબચોરસ છત એક બાજુએ તૂટેલ હાલતમા પડી હતી એ છત રોડાની લાડચી માતાના કુંડકોંડાના મંદિરની છતને મળતી હતી આજુબાજુ પડેલા સ્થંભો, કુંભીઓ, પાટો, સંવરણાના ભાગો વગેરે જોતા એ મંદિર સોલંકી કાળની શરૂઆતનું મંદિર હશે તેમ જણાયું છત ઉપરથી કહી શકાય કે એ પુરાણું મંદિર સંવતના દસમા સૈકામા બંધાયું હશે પુરાણા મંદિરના અવશેષો જોઈ અમે ગામ તરફ જતા હતા તેવામા એક ભાઈએ કહ્યુ કે "મંદેરો જોવા આવ્યા હો તો ઈસ્ટેશનની પાછળ નીલકંઠ માધેવનું દેરુ આરેનુ છે. ઈ દેરુ આ ગામ બંધાયું તે વેળાનું છે. તમારે દેરુ જોવું હોય તો હું જોડે હીંડુ"

પેલા ભાઈને સાથે લઈને અમે નીલકંઠેશ્વર મહાદેવ જવા નીકળ્યા ગામ બહાર નીકળતા શીતળા માતાની દેરી પાસે પુરાણા શિલ્પાવશેષો જોઈને અમે આગળ ચાલ્યા માર્ગ રેતીવાળો હતો એટલે ધીરે ધીરે ચાલતા અમે ગુંજા ગામથી ચાર ફર્લાંગ દૂર આવેલા શિવમંદિરે પહોંચ્યા

મંદિરના દરવાજામા દાખલ થતાં જ મંદિરના મહંતે અમને આવકાર્યા સંન્યાસીને નમન કરી અમે નજીક નજીકમા ઊભેલા શિવ મંદિરો તરફ ગયા નીલકંઠેશ્વર મહાદેવનું મંદિર નવેસરથી બંધાયું હતું, પણ એ મંદિરના ભદ્ર ભાગમા ચાર બાજુએ કોઈ સોલંકીયુગી મંદિરના શૃંગો ગોઠવી દેવામા આવ્યા હતા ભદ્ર ભાગ ઉપર કોઈ પુરાણા મંદિરના દોઢિયાના ટુકડાઓ ગોઠવી દેવામા આવ્યા હતા મંદિરમા બિરાજતા મહાદેવનું લિંગ પુરાણું દેખાતુ હતુ

નીલકંઠેશ્વર મહાદેવના મંદિર બાજુનું બીજું શિવમંદિર પણ નવેસરથી બંધાયેલું દેખાતુ હતુ એ મંદિરના ગર્ભગૃહમા બિરાજતુ માનુષી લિંગ સંવતના આઠમા સૈકામાં કોતરાયેલા મટોડાના શિવલિંગ જેવું દેખાતુ હતુ. બન્ને મંદિરોની પ્રદક્ષિણા કરી મંદિરના ચોગાનમા નજર કરતા એક વૃક્ષ નીચે કોઈ પુરાણા મંદિરના મંડોવરની જંઘા

ઉપરના દિગ્પાલોની મૂર્તિઓ નજરે પડી. એ ભાગોમા કોઇ ભદ્ર દેવતાની મૂર્તિઓ પડી હતી. એક મૂર્તિ ભગવાન વિષ્ણુની હતી. ચાર ફીટ ઊંચી એ મૂર્તિના ઉપરના જમણા હાથમા ચક્ર અને ઉપરના ડાબા હાથમા શ ખ દેખાતા હતા, જ્યારે નીચેના હાથના આયુધો સ્પષ્ટ દેખાતા નહોતા. આ મૂર્તિની બાજુમાં જ એક અર્ધપર્યંકાસન વાળી બેસાડેલ મ દિરના ગવાક્ષમાની મૂર્તિ નજરે પડી. એ મૂર્તિ ગુજરાતની વિરલ મૂર્તિઓમાની એક ગણાય. એ મૂર્તિનો દેખાવ કુબેર મૂર્તિ જેવો લાગતો હતો. મોટી ફાદ, ડોકમા હાર, માથે કરડ મુકુટ, કાનમા મોટા કુડળ, ડાબા હાથમા સર્પ અને જમણા હાથમા બીજપૂરક અથવા તો બીજ પૂરકને મળતુ કાઇક. એવા આયુધો અને આભૂષણોવાળી એ મૂર્તિ કુબેર દેવની હોય તેમ લાગ્યું. મૂર્તિની ઊ ચાઈ સાડાત્રણ ફીટ અને પહોળાઇ બે ફીટ જેટલી હતી

બધી મૂર્તિઓ જોઇને મ દિરના મહ તને નમસ્કાર કરી અમે ગુજા ગામ તરફ જવા નીકળ્યા. માર્ગમા એક બીજા ભાઈ મળ્યા તેમણે કહ્યુ કે "ગામથી એક માઈલ દૂર જુવાઇ માતાનુ મ દિર આવેલુ છે. એ મ દિર ખાસ જોવાલાયક છે."

તે ભાઈએ કરેલ દિશાસૂચન પ્રમાણે અમે અમારી ગાડી તળાવને કાઠે કાઠે લીધી. લીમડાની હારથી શોભતી ગાયકવાડી જમાનાની સડક ઉપરથી અમે પુરાણા જુવાઈ માતાને મ દિરે પહોચ્યા. ઊ ચા કોટથી રક્ષાયેલ મ દિરે પહોચતા અમે જુવાઇ માતાનું મ દિર નીરખ્યુ. મ દિર નવુ હતુ, પણ તેમા ભદ્ર દેવતાઓની મૂર્તિઓ કોઇ પુરાણા મ દિરમાથી લાવી નવા મ દિરમા ગોઠવી હોય તેમ દેખાતુ હતુ. પૂર્વાભિમુખ મ દિરના ડાબી બાજુના ગવાક્ષમા ચામુડાની મૂર્તિ, પાછળને ભાગે ન ઓળખી શકાય તેવી દેવી મૂર્તિ અને જમણી બાજુ ચામુડાની બીજી મૂર્તિ નજરે પડી. મ દિરના બાધકામમા કોઈ પુરાણા મ દિરના ભાગોનો ઉપયોગ થયો હોય તેવુ ચોખ્ખું દેખાયું. ગર્ભગૃહમા બિરાજતા જુવાઈ માતાના દર્શન કરી અમે તળાવબાજુ આવ્યા. તળાવકિનારેથી મોટર નીચે ઉતારતા ડાબે હાથે આવેલ એક ટેકરાને અડીને પડેલી ચાર ફીટ ઊ ચાઈવાળી હરિહર પિતા મહાર્કની મૂર્તિ મારી નજરે પડી એ મૂર્તિ કોઇ જૂના મ દિરના મ ડોવરની જ ઘા ઉપરની મૂર્તિ હોય તેમ દેખાયુ. ગામલોકો એ મૂર્તિને અ બાજીની મૂર્તિ તરીકે ઓળખે છે અમે એ ચાર ફીટ

ઊંચી અને સવા બે ફીટ પહોળી મૂર્તિ નિહાળી રહ્યા હતા ત્યારે એક ચૌધરી ભાઈ આવી ચડયા. અમારી વાત સાંભળી ચૌધરી ભાઈએ કહ્યું કે "અમે તો એ મૂર્તિને અંબાજીની મૂર્તિ માની પૂજીએ છીએ. આ કળિયુગમાં પુરુષો સ્ત્રી જેવાં કપડાં પહેરવા લાગ્યા અમારા ગામના પટેલનો એક છોકરો વેસનગર કોલેજમાં ભણે છે મારો બેટો ગઈ કાલે વેસનગરથી આવ્યો હતો. ઇણે મારી વહુ કળએ પહેરે એવું કેડિયું પહેર્યું હતું. સાબ! ભણેલગણેલ મનખ સ્ત્રીના લૂગડાં પહેરવા માંડે તો પછી કળિ કાળમાં સૂરજ દેવતા અંબામા સ્થમ ન બને?"

ચૌધરી ભાઈની નવી વાત સાભળી અમે ગુંજા ગામમાં થઈ વડનગર જવાની સડક પર આવ્યા.

એક બાજુ ચાર માઈલ વિસનગર જેવું પુરાણું શહેર, બીજી બાજુ વડનગર જેવી પુરાણી નગરી. આ બન્નેની વચ્ચે આવેલ ગુંજા કોઈ કાળે સુંદર નગર હશે તેમ મને લાગ્યું. આખરે એ માઈલના વિસ્તારમાં વેરવિખેર પડેલ શિલ્પના અવશેષો જોતા લાગ્યું કે એ નગર કોઈ મહત્ત્વનું નગર હશે, તદુપરાંત એ નગરની પ્રજા ખૂબ સંસ્કારી હશે.

હાલમાં દેસાઈ આંજણા પાટીદાર અને પઠાણ મુસ્લિમોની વસ્તી ધરાવતું ગુંજા એક સાધારણ ગામ છે. ગામમાં આવેલ શિલ્પના અવશેષો બાબત ગામની અભણ પ્રજા ઘણી ઉદાસ છે.

ગુજરાતના બારોટો, વાર્તાકારો તથા ગ્રામ જનતાની જીભે ચડેલ હળપતિ રાજાનું ગુંજાર શહેર હાલનું ગુંજા હોય તો ના નહિ, પણ એ અંગે કોઈ ખાસ તામ્રપત્ર કે શિલાલેખના લખાણો મળ્યાં નથી. ફક્ત પુરાણા શિલ્પધનને આધારે તથા દંતકથાને આધારે ગુંજા કોઈ પુરાણી નગરી હશે એમ કહી શકાય.

હળપતિ રાજા અને ગુંજાર શહેર અંગેની દંતકથામાં કહેવાય કે એક રાજા ધનદોલત કરતાં ય ખેતી ઉપર વધારેમાં વધારે લક્ષ આપતો. એક વખત લક્ષ્મી દેવીએ વિચાર્યું કે આ રાજાને ઘેર મારો વાસ થાય તો રાજા ખેતીનું ગદ્ધાવૈતરુ કરવું ભૂલી જાય એક વખત લક્ષ્મીજી સોનાની પાટ બની હળપતિ રાજા ખેતી કરતો હતો તે હળ સાથે ભરાઈને જમીનમાંથી બહાર આવ્યાં. પણ હળપતિ રાજાએ એ સોનાના ટુકડાને દૂર ફેંકી દેતા કહ્યું કે "ધરતી માતા એકના સહસ્ર કણ કરી

આપશે, આ સોનાના ટુકડામાંથી એકના સહસ્ત્ર ટુકડા થવાના નથી.” ખેતીને વધારે મહત્ત્વ આપતા હળપતિ રાજા અને લોકજીભે રમતું તેનું ગુંજાર શહેર કોઈ શિલાલેખ કે તામ્રપત્ર દ્વારા ગુંજાર શહેર નામે ઓળખાતું હતું તેવી સાબિતી હાલના ગુંજા ગામ માટે મળે તો ગુંજા માટે આનંદનો વિષય બને.

ભગવાન બળભદ્રે સૌપ્રથમ ખેતી શરૂ કરી હતી તેવું પુરાણોમાં લખાયેલું છે. ભગવાન બળભદ્રની મૂર્તિના આયુધોમાં મુખ્ય આયુધ હળ હોય છે. જો ભગવાન અમુક સ્વરૂપે ખેતી કરતા હોય તો ગુંજાર શહેરનો રાજા હળપતિ ખેતી કરે તે બનવાજોગ છે.

ગુંજા ગામની આજુબાજુના ટેકરા તથા ગામની વચ્ચેની અમુક જગાઓમાં ગુજરાતનું પુરાણું શિલ્પધન દટાયેલું [redacted] તે હકીકત છે. હાલમાં તો જે શિલ્પધન બહાર પડયું છે તેની રક્ષા થાય તો ઘણું સારું.

# આરાસુરી (અંબાજી)

ભારતવર્ષમાં દેવીપુજા ક્યારે શરૂ થઈ તે નક્કી થઇ શક્યું નથી હરપ્પા સંસ્કૃતિના મોટા ભાગના થરોમાથી દેવીમૂર્તિઓ મળી આવી છે. એટલે આશરે હજાર વર્ષ પહેલા ભારતમાં દેવીપૂજા શરૂ થઈ હોય એમ અનુમાની શકાય. ભારત ઉપરાત બલુચિસ્તાન, ઈરાન, અફઘાનિસ્તાન અને ઈરાક સુધી પ્રસરેલી મોહેન્જોડેરો અને હરપ્પા સંસ્કૃતિને મળતી સંસ્કૃતિને મળતી સંસ્કૃતિના અવશેષો પરથી એ વિભાગમા યે દેવીપૂજા થતી હશે એવું અનુમાની શકાય છે.

અનાર્યો પ્રથમથી જ શક્તિના ઉપાસક હતા. રાક્ષસો દેવીપૂજામાં માનતા હતા અને શિવશક્તિના ઉપાસક હતા આ વિશે આપણા પુરાણોમા યે ઉલ્લેખ મળે છે.

ઈસ્વી સનના બીજા સૈકામા ઉત્તર હિન્દુસ્તાનમા બૌદ્ધ સંપ્રદાયના કેટલાક સાધુઓએ તાત્રિક વિદ્યા શરૂ કરી અને ક્રમશ આ વિદ્યા જ ભારતમા બૌદ્ધ સંપ્રદાયની પડતીનું કારણ બની. ઈસ્વી સનના પાચમા સૈકામા મધ્ય ભારતમા કનકાઈનું માતાનુ મંદિર બંધાયું, જે અત્યારે પણ અસ્તિત્વ ધરાવે છે. સમ્રાટ્ હર્ષવર્ધનના સમયમા ચીનથી ભારતમા આવનાર પ્રસિદ્ધ ચીની પ્રવાસી હ્યુ એન સ્યુ દુર્ગા માતાનો ભોગ બનતો માડ માડ બચી ગયો હતો. આઠમા સૈકામા હાલના સૌરાષ્ટ્રના મહુવા બંદરથી ત્રણ માઇલ દૂર કનકસેન ચવડાની કનકાવતી નામે નગરીમાંના મળી આવેલા અવશેષોમા ભવાની માતાની મૂર્તિ પણ મળી આવી છે. જે એ કાળની દેવીપુજાની સાક્ષીરૂપ છે.

આસામ, બંગાળ અને ઓરિસ્સાના થોડાક ભાગમા દેવીપૂજા વ્યાપક છે ગુજરાતમા પણ દેવીપૂજા ઠીક ઠીક પ્રમાણમા પ્રચલિત છે. આબુરોડ (ખરેડી) સ્ટેશને ઊતર્યા પછી યાત્રાળુઓને અબાજી જવા માટે બસ કે ટેક્ષી મળી રહે છે. નાનામોટા ડુંગરાઓ વચ્ચે અને સીધા-ઊભા જગલોવાળા પ્રદેશમાં થઈને પ્રસરતી આગળ વધે ■ જૂના જમાનામાં યાત્રિકો પગે ચાલીને જતા, ત્યા રસ્તાને કાંઠે આરામની જરૂર પડતી આથી યાત્રિકોની સગવડ ખાતર લગભગ પાચ પાચ માઈલને અતરે પરોપકારી ગૃહસ્થોએ નાની નાની ધર્મશાળાઓ બધાવી

છે. કાળક્રમે યાત્રાળુઓ યાંત્રિક વાહનોમાં જવા લાગ્યા ત્યારથી એ ધર્મશાળાઓ સૂની પડી છે.

આબુ સ્ટેશનથી નૈઋત્યમા ચારેક માઈલ આગળ વધ્યા પછી તેલીયા નદી આવે છે. પહેલાંના સમયમાં યાત્રાળુઓ આ નદીમાં સ્નાન કરીને માથામા તેલને ધોઇ નાખતા તેમ જ તેલવાળું ભાથુ પણ ત્યાં જ છોડી દેતા. કહેવાય છે કે આરાસુરીના સ્થળમા તેલ લઈ જનાર માણુસ ઉપર અંબામાની અવકૃપા ઊતરે છે હાલના જમાનામાં મગફળીના તેલમાથી ઘી બન્યા પછી માતાજી આ ગુનો માફ કરતાં હોય એમ લાગે છે.

તેલીયા નદીને કાંઠે ઊંચાનીચા ઢાળ ચડતા ને ઊતરતાં વાહનોમાં બેઠેલો યાત્રિક ત્યાંનું પ્રાકૃતિક સૌંદર્ય જોતા થાકતો નથી. છેક માતાજીના ધામ નજીક યાત્રાળુ પહોચે ત્યારે તેલીયા નદીનો કાંઠો છોડીને એ માર્ગ આરાસુર ગામના દરવાજા પાસે આવીને થંભે છે. ત્યાં ઊતરીને યાત્રાળુ આરાસુર ગામમા આગળ વધે છે. નાનીમોટી ધર્મશાળાઓ વટાવીને યાત્રાળુ આરાસુરી અંબામાના મંદિરના મુખદ્વાર પાસે પહોચે છે. થોડા સમય પહેલાં બંધાયેલો આ દરવાજો શિલ્પના નમૂનારૂપ તો નથી પણ દેવીભક્તોને મન એક પવિત્ર સ્થળ છે. દરવાજામાં પેસતા જ ડાબે હાથે આરસમાથી બનાવેલ હાથીની એક સુદર પ્રતિકૃતિ ભગ્નાવસ્થામા જાળવી રખાયેલી નજરે પડે છે. ત્યાથી આગળ વધતાં આરાસુરીના મંદિરનો ગૂઢમંડપ યાત્રિકની નજરે પડે છે. આરસમાથી બંધાયેલા આ સભામંડપને ચારે બાજુથી જાપાનીઝ ટાઈલ્સથી મઢાવીને ખરેખર કુરૂપ બનાવવામાં આવ્યો છે. મંદિરના ગૂઢમંડપમા દાખલ થતા યાત્રિકને અંબામાના ગોખના દર્શન થાય છે. આ મંદિરમા અંબામાની મૂર્તિ નથી પણ યંત્ર છે. ગર્ભગ્રહમાના માતાજીના ગોખને એવી રીતે શણગારવામા આવે છે કે એ ગોખ દૂરથી જોનારને માતાજીની મૂર્તિ હોય એમ લાગે. મંદિરમાથી બહાર નીકળીને મંદિરને પ્રદક્ષિણા કરતા યાત્રાળુ પર એવી છાપ પડે છે કે પરમારોની કુળદેવીનું મંદિર સાવ સાધારણ છે.

આ મંદિર આશરે દસમા સૈકામા બંધાયુ હોય એમ કહેવાય છે. કોતરણીથી ભરપૂર આરસના નાનામોટા મંદિરો તેમ જ મહેલાતો બનાવનાર ચંદ્રાવતી નગરીના પરમારોની કુળદેવીનું મંદિર આવું સાદું

કેમ બન્યું હશે એ વિચારવા જેવું છે. પરમારો જ્યારે આ પ્રદેશમાં આવ્યા ત્યારે એમણે કોઈક નાનકડું નગર વસાવ્યું હશે. એ સમયે જ એમણે આ સાદું મંદિર બંધાવ્યું હશે. ઇતિહાસકારો કહે છે કે અંબામાતાનું મંદિર અગિયારમા સૈકાની શરૂઆતમાં વિમળશાહે બાંધ્યું હતું. પણ આ વાત બહુ પાયાદાર લાગતી નથી. આબુ ઉપરનાં દેલવાડાનાં દેરાંમાં કોતરાયેલા અંબામાતાની સ્તુતિના શ્લોક પરથી એમ તો ન જ માની લેવાય કે અંબાજીનું મંદિર પણ વિમળશાહે જ બંધાવ્યું હશે. ચંદ્રાવતી જેવી નગરી રચનાર પરમારો પોતાની કુળદેવીનું મંદિર બાંધી ન શકે એ મનાય એવું નથી. અત્યારે પણ કેટલાંક જૈન કુટુંબો પોતાની કુળદેવી તરીકે અંબામા અને બહુચરમાને તથા બીજી દેવીઓને માને છે. એટલે એ સંભવે ખરું કે એ જમાનામાં વિમળશાહ અંબાજીને પોતાની આરાધ્ય દેવી માનતો હશે.

મંદિરથી થોડે દૂર માનસરોવર નામે એક કુંડ આવેલો છે. યાત્રાળુઓ એમાં સ્નાન કરીને પવિત્ર બનવા ઇચ્છે છે પણ કુંડનું પાણી એટલું બધું ગંદું અને લીલવાળું હોય છે કે યાત્રાળુઓ ઊલટા એથી અપવિત્ર બને છે. આ કુંડની બાજુમાંથી કુદરતી સૌંદર્યથી ભરપૂર કોટેશ્વર મહાદેવ તરફ જવાનો એક રસ્તો આગળ વધે છે. અનેક યાત્રાળુઓ કોટેશ્વર મહાદેવનાં દર્શને જાય છે. આરાસુરથી ચાર માઇલ દૂર આરાસુરના ડુંગરડાના પેટાળમાં એક ઝરણકાંઠે બંધાવેલું મહાદેવનું મંદિર ખૂબ જ સુંદર છે. મંદિર આખું ય તેમજ તેની જગતીકા આરસના પથ્થરથી બાંધવામાં આવ્યાં છે. મંદિરના ગર્ભદ્વાર પર એ મંદિર અગિયારસો સત્તાવનમાં બંધાયાનો લેખ નજરે પડે છે. પ્રથમ દર્શને આ મંદિર બહુ જૂનું લાગતું નથી. પણ 'પોલિશ' કર્યા વિનાના સાદા આરસના કઠણ પથ્થરોમાંથી બંધાયેલા આ મંદિરને ઘસારો લાગ્યો હોઇને એ નવા જેવું લાગે છે. શિલ્પની દૃષ્ટિએ આ મંદિર સાદું છે. પણ ગર્ભદ્વારની બાજુએ ગોખલામાં બેસાડેલી સૂર્ય અને વિષ્ણુની મૂર્તિઓ કલામય અને સપ્રમાણ લાગે છે. એ મંદિરની સામે નાનકડું એક શિવ-મંદિર આવેલું છે, જેની પાછળ એક નાનકડું ભોંયરું છે. આ ભોંયરાનું દ્વાર ફક્ત ત્રણ ફીટ ઊંચું અને દોઢ ફીટ પહોળું હોઈને આ દ્વારમાં જો કોઈ મૂર્તિ ગોઠવી દેવામાં આવે તો મૂર્તિ પાછળ ભોંયરું છે એમ કોઈ જાણી શકે નહિ. આ ભોંયરામાં અઢારસો સત્તાવનના બળવાનો મુખ્ય

સેનાપતિ તાત્યા ટોપે અંગ્રેજોથી બચવા માટે નેપાળમાંથી પાછો ફર્યા પછી રહ્યો હતો એવી દંતકથા આ પ્રદેશમાં પ્રચલિત છે.

આ મંદિરથી આગળ વધતાં સોએક વાર દૂર પર્વતમાંથી આવતા એક ઝરણાને એક કુંડમાં વાળવામાં આવ્યું છે, જે કોટેશ્વર મહાદેવની બાજુમાં થઇને નાનકડા ધોધરૂપે આગળ વહે છે. એ ઝરણાને સરસ્વતીનું મૂળ કહેવામાં આવે છે. ભારતમાં આવાં ચારપાંચ ઝરણાંને સરસ્વતી નદીના મૂળ તરીકે ઓળખાવાય છે. પણ એમાંથી વેદકાલીન સરસ્વતી નદી કઈ હશે એ કહેવું મુશ્કેલ છે.

કોટેશ્વર મહાદેવના મંદિરની ડાબી બાજુએ એક દેરીમાં જૂના જમાનાની પંદરેક મૂર્તિઓ ગોઠવવામાં આવી છે. થોડાંક વર્ષ અગાઉ એમાંની પાંચેક વડોદરા મ્યૂઝીઅમમાં લઇ જવામાં આવી છે. આ મૂર્તિઓમાં ગણેશ, વિષ્ણુ, સૂર્ય, બ્રહ્મા, ઇન્દ્ર, નર્તકીઓ, કાળભૈરવ વગેરેની મૂર્તિઓ તથા એક પાળિયો જોવાલાયક છે, ખાસ કરીને ત્રણેક ફીટ લાંબા અને એક ફીટ પહોળા પથ્થર ઉપર બ્રહ્મોના પાટનું શિલ્પ જોવા લાયક છે. ગુજરાતના શિલ્પરસિકોને અને પ્રવાસ ખેડનારાઓને આ પાટ જોવાની હું ભલામણ કરું છું. સાથે સાથે ગુજરાત સરકાર અને મધ્યસ્થ સરકારનું ધ્યાન ખેંચું છું કે આવી કેટલીક મૂર્તિઓ ધીરે ધીરે પરદેશ તરફ પગ કરી રહી છે તે અટકાવવા માટે પગલાં લે મને એવી માહિતી મળી છે કે મ્યૂઝીઅમને નામે પૂજારીને ભોળવીને આવી મૂર્તિઓ પરદેશ મોકલી દેવાય છે.

કોટેશ્વરના મંદિરથી આશરે એક ફર્લાંગ દૂર વાલ્મીકિ આશ્રમ નામે સ્થાન આવેલું છે. પચીસ વર્ષ પહેલાં વાલ્મીકિ ઋષિના મંદિરનો પુનરુદ્ધાર કરવામા આવેલો. એ સમયે આ મંદિરની બાજુમાં આરસની અને રેતિયા પથ્થરની સાઠેક તુટેલી મૂર્તિઓ પડી હતી, જે શિલ્પના સુંદર નમૂનારૂપ હતી. પણ દુર્ભાગ્યે ૧૯૩૯ના એપ્રિલમા એક ભાવિક ભકતે આ બધી ખંડિત મૂર્તિઓને હરિદ્વાર લઈ જઈને ગંગાજીમાં પધરાવી દીધી ને પુણ્ય મેળવ્યુ ! આવા સુંદર શિલ્પનમૂનાઓ ખોતા ગુજરાતે શું ખોયું તે એ બિચારો ભક્ત કયાંથી જાણે ?

# કુંભેશ્વર ( કુંભારિયાજી )

" મારાથી આપને પુછાય નહિ, અન્નદાતા ! ગુનો માફ કરજો. આપ છેલ્લા આઠ દિવસથી પલંગમાં પડખાં ઘસીને રાત વિતાવો છો. આપ જેવા હામ, દામ અને ઠામવાળાને આવો અજંપો કયાંથી, મહારાજ ? "

" તારી વાત સાચી છે, રામદેવ ! હામ છે, ઠામ છે પણ દામ ખૂટયા છે. આબુના પહાડ ઉપર દેલવાડામાં દહેરાં બાંધતાં—અરે ! સ્વર્ગલોક આરસની સૃષ્ટિ ખડી કરતાં–મારા ધનભંડાર ખાલી થઈ ગયા છે ! ચંદ્રાવતીના પરમાર રાજાઓ પાસેથી હારના દંડ પેટે મળેલ મારો હિસ્સો પણ વપરાઈ ગયો છે અને આ કુંભારીયાનાં દહેરાંના પાયાનું કામ પૂરું થતાં થતાંમાં તો મારી પાસેની રહીસહી રકમ પણ ખૂટી ગઈ છે ! દેલવાડાનાં દહેરાં જેવી આરસની સૃષ્ટિ અહીં ખડી કરવાના મારા મનોરથ મનમાં જ રહી જવાનો સમય આવ્યો છે. તું જ કહે, રામદેવ ! મને શેં ઊંઘ આવે ? "

" ચાલો, મહારાજ ! ઊંઘ ન આવતી હોય તો અંબા માતાના મંદિર પાસે, ચાચરના ચોકમાં ટંકારાના ભવાયા રમવા આવ્યા છે. તેમની ભવાઈ જોવાશે. અજંપાથી પડખાં ઘસવા કરતાં નવું કંઈક જોવાનું મળશે."

ગુજરાતના સોલંકી રાજા ભોળા ભીમદેવે ઘડીકમાં ગુજરાતની આણુ નીચે, તો ઘડીકમાં માળવાના પડખામાં, તો કયારેક સ્વતંત્રપણે વર્તતા ચંદ્રાવતીના પરમારોને વશ રાખવા માટે પોતાના એક પ્રધાન વિમળશાને દંડનાયક નીમીને ચંદ્રાવતી મોકલ્યો. વિમળશાએ ચંદ્રાવતીના પરમારોને ગુજરાતની આણુ સ્વીકારવા ફરજ પાડી, પછી ભીમદેવે વિમળશાને કાયમી દંડનાયક નીમ્યો. વિમળશાએ ચંદ્રાવતીના પ્રદેશ ઉપર નજર રાખવા માટે આબુના પહાડ ઉપર અને ચંદ્રાવતીમાં–એમ બે લશ્કરી થાણાં નાખ્યાં. વિમળશા જૈનધર્મી હોવાથી આબુના પહાડ ઉપર દેલવાડામાં આરસનાં કોતરણીથી ભરપૂર શિલ્પના અને સ્થાપત્યના ઉત્તમ નમૂનારૂપ ચૈત્યો તેણે ખડાં કર્યાં. ઈ. સ. ૧૦૩૫માં આ ચૈત્યો બાંધવાનું કામ પૂરું થયા પછી પરમારોનાં કુળદેવી અંબાજી માતાના ધામ આરા-

મુરથી એક માઈલ દૂર કુંભેશ્વર મહાદેવના સૌંદર્યથી ભર્યા ધામ પાસે દેલવાડા સમા આરસપહાણના ચૈત્યો બંધાવાનું વિમળશાએ નક્કી કર્યું. પણ આ ચૈત્યોનું બાંધકામ પાયામાંથી બહાર લાવતાં વિમળશા પાસેનું ધન ખૂટી ગયું અને તે કારણને લીધે વિમળશાને અજંપો થવા લાગ્યો. આગળ જણાવ્યા પ્રમાણે વિમળશા અને તેના અંગરક્ષક રામદેવ ચાચરના ચોકમાં ભવાઈ જોવા ગયા. ભવાઈ જોઈને પાછા આવ્યા પછી વિમળશાને સ્વપ્નાવસ્થામાં અંબાજી માતાએ કહ્યું "કુંભેશ્વર મહાદેવના સ્થળ પાસેના વડલા નીચે ઉગમણી દિશાએ ચાર હાથ દૂર ખોદીશ તો તને અનર્ગળ ધન મળશે" બીજે દિવસે વિમળશાએ સ્વપ્નામાં માતાજીએ ચીંધેલી જગ્યાએ ખોદાવ્યું તો તેની અજાયબી વચ્ચે સોનામહોરોનો મોટો ચરૂ મળી આવ્યો! અને આ ધનથી કુંભારીયાજીનાં ત્રણસો સાઠ આરસનાં ચૈત્યો ખડા કર્યાં. વાસ્તુપૂજા સમયે કોઈએ પૂછ્યું "વિમળશા! આ ચૈત્યો કોની કૃપાનું ફળ છે?" વિમળશાએ કહ્યું "ગુરુની કૃપાનું." વિમળશાના આ જવાબથી અંબાજી માતા ક્રોધે ભરાયા અને તે જ રાત્રે આરસના ચૈત્યોમાં આગ લાગી. આરસના ચૈત્યોમાં આગ લાગતી જોઈને વિમળશાને પોતાની ભૂલ સમજાઈ અને તે દોડીને અંબાજીના સ્થાનકે પહોંચ્યો. માફી માગીને કાલાવાલા કર્યા ત્યારે ત્રણસો સાઠ દહેરામાંથી માત્ર પાંચ જ દહેરાં બચી જવા પામ્યા, જે હાલ મોજૂદ છે. આ લોકજીભે ચાલી આવતી દંતકથા કદાચ ખોટી લાગે, પણ કયારેક કયારેક આવી દંતકથાઓ સાચી પણ ઠરે છે.

કુંભારીયાજીનાં દહેરાં વિશે એક બીજી પણ દંતકથા સંભળાય છે. આ દહેરા બાંધતાં વિમળશા પાસે ધન ખૂટયું એટલે નિરાશ થઈને વડ પાસે બેઠો. ત્યાં સોમપુરા સલાટના પૂછવાથી વિમળશાએ પોતાની મુશ્કેલી જણાવી. સલાટ વિમળશાને નજદીકના ટેકરા પાસે લઈ ગયો અને કહ્યું. "આ ટેકરાની માટીમાં અનર્ગળ તાણું છે, થોડી ભઠ્ઠીઓ બનાવો અને આ માટીમાંથી તાણું જુદું પાડી ધન મેળવો" વિમળશાએ સલાટના કહેવા પ્રમાણે કર્યું અને તાણું જુદું પડાવી વેચ્યું અને તેની આવકમાંથી દહેરા પૂરા કર્યાં. આજે પણ કુંભારીયાજીના દહેરાની આજુ-બાજુની માટીમાં અને ખડકમાં તાણું હોવાની પૂરી શકયતા છે.

આરાસુરી અંબાજીના દર્શન કરનાર યાત્રિક કુંભારીયાજીના દહેરા જોવાનું ચૂકતો નથી યાત્રિકો દહેરા જોઈ આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય

છે. અંબાજીથી એક માઇલ દૂર કોટેશ્વર જવાને રસ્તે જમણે હાથે આ દહેરા આવેલાં છે. ચાર દેરાસરો એક હારમાં બંધાયેલા છે. ડાબી બાજુથી પહેલું દહેરું મહાવીર સ્વામીનું છે. આ દહેરાસર નાનું છે, પણ તેનો સભામંડપ અને રંગમંડપ જોવાલાયક છે. નૃત્યમંડપના સ્તંભો, તોરણ-કમાનો ઉપરથી નીચે સુધી કોતરણીથી ભરપૂર છે. કુંભારીયાના ત્રણ મુખ્ય દેરાસરોની વિશિષ્ટતા એ છે કે બીજાં જૈન ચૈત્યોની પેઠે ચારે બાજુની નાની દેરીઓની હારમાળા નથી, પણ મુખ્ય મંદિરના ગર્ભદ્વારની સીધી દોરી સુધી જ ત્રણ બાજુએ દેરીઓની હારમાળા છે. મહાવીર સ્વામીના દેરાસરનો કેટલોક ભાગ થોડા વર્ષ પહેલા જ જીર્ણોદ્ધાર પામ્યો હોય તેમ લાગે છે. આ ચૈત્યની ત્રણ બાજુની દેરીઓની પાછળના ભાગનું શિલ્પ આધુનિક છે. મહાવીર સ્વામીના દેરાસરની પડખે પાર્શ્વનાથનું દેરાસર આવેલું છે. તેનું શિલ્પ આબુના દેલવાડામાં આવેલ વિમળવસહીના દહેરાની સાથે સરખાવી શકાય તેવું છે. દહેરાનો વિમાનભાગ બહુ ઊંચો નથી, છતા વિમળવસહીના દહેરા કરતા વધારે સપ્રમાણ છે. આ મંદિરના રંગમંડપની છતમાં કોતરેલા તીર્થંકરોના જીવનનું શિલ્પ તે સમયના કારીગરોના ટાંકણાનું ગૌરવ બતાવે છે રંગમંડપની નીચલી કિનારે તીર્થંકરોના દશ્યો આબેહૂબ કંડારેલા નજરે પડે છે. સભામંડમા ઘૂમટ વચ્ચેનું આરસનું ઝુમ્મર જાણે આરસમાથી કમળ ઊઘડયુ હોય તેવું લાગે છે આ દેરાસરની જમણી બાજુથી દાખલ થવાની નાની ખડકી પાસે કોતરણીસભર સુંદર તોરણ નજરે પડે છે. આવું નાજુકડું અને શિલ્પમઢ્યું તોરણદ્વાર ગુજરાતના આરસ-શિલ્પના નમૂનામાં એકાકી હશે. આ તોરણ મંદિરનો ભાગ હોય તેમ લાગતુ નથી, પણ ચંદ્રાવતીની આરસનગરીના વિનાશ પછી શેષ રહી ગયેલા વિભાગમાથી લાવી આ દેરાસરમા ગોઠવવામા આવ્યું હોય તેમ લાગે છે. એક મોટું તોરણદ્વાર નેમીનાથના દેરાસરની જમણી બાજુની દીવાલમા ચણાયેલું દેખાય છે. જમણી બાજુની બારીએથી આ દેરાસરમા દાખલ થતા ડાબી બાજુએ ૮ ફીટ પહોળા અને ૮ ફીટ લાંબા સમચોર ખંડમા આરસની સંવશરણની રચના અદ્‌ભુત છે. આ રચના બૌદ્ધ ધર્મના સ્તૂપના નાના નમૂના સમી છે. નીચેથી ગોળાકારે શરૂ થતા આ સંવશરણના નીચેના ત્રણે ય કંદોરાઓ પૂરાં ચાર સ્તંભો વાળી નાની છત્રીની વચમાં ચોમુખા ભગવાનની મૂર્તિઓ છે, જેમાની કેટલીક તૂટી ગઈ છે. પણ હાલમાં તેનો પુનરુદ્ધાર થયો તેનું

શિલ્પ સપ્રમાણ છે. છત્રી ઉપરના ઘૂમટનું શિલ્પ પણ સુંદર છે. આ દેરાસરના રંગમંડપનાં તોરણો દેલવાડાના વિમળસહીનાં ચૈત્યોને મળતાં છે. આ ચૈત્યની બાજુમાં નેમીનાથજીનુ વિશાળ ચૈત્ય આવેલું છે. આ ચૈત્ય કુંભારિયાજીનાં ચૈત્યોમાં સૌથી મોટું છે. આ ચૈત્યનાં મૂર્તિ અને ઘુમટો વિશાળ છે, પણ ઘૂમટના અંદરના ભાગ સાદા-શિલ્પવિહીન છે. હાલમાં મંડપનો અંદરનો ભાગ મારવાડી રંગારાઓ રંગી રહ્યા છે. રંગમંડપનો ઘૂમટ શિલ્પથી ભર્યો ભર્યો છે, છતાં પારસનાથના દેરાસર જેવો તો નથી જ. આ ચૈત્યની બાજુમાં અર્ધોએક ફર્લાંગ દૂર સંભવનાથજીનું નાનકડું ચૈત્ય આવેલું છે. ચૈત્ય સાધારણ છે.

નેમીનાથના ચૈત્યની આગળના ભાગમાં સોએક કદમ દૂર શાંતિનાથનું ચૈત્ય આવેલું છે, પણ એ ખાસ ઉલ્લેખનીય નથી. સંભવનાથના દેરાસરની બાજુ એક વીસેક ફીટ ઊંચા ટેકરા ઉપર બાર ફીટની બેસણી ઉપર બંધાયેલું કુંભેશ્વર મહાદેવનું શિવાલય આવેલું છે તેનું શિલ્પ નયનરમ્ય છે. બહારના ભાગમાં જગતીથી માંડીને શિખર સુધીની કોતરણી એક સરખી અને સુંદર શિલ્પના ઉત્તમ નમૂના જેવી ઘૂમટનો અંદરનો ભાગ પણ શિલ્પથી સભર છે અને ગર્ભદ્વારની બાજુના ગોખમાં આવેલી સૂર્ય અને વિષ્ણુની મૂર્તિઓ સુંદર અને સપ્રમાણ છે. કુંભારિયાજીનાં ચૈત્યો જોવા જનાર યાત્રિકોને આ મંદિરનો ખ્યાલ આવતો નથી એટલે બે-ત્રણ ચૈત્યો જોઈ પાછા ફરે છે.

આરાસુરી અંબામાતાના પૂજારીઓમાંથી એક પૂજારી કુંભેશ્વર મહાદેવની પૂજા કરવા જાય છે હું એ બ્રાહ્મણોને પ્રાર્થના કરું છું કે ત્યાં આવતા યાત્રિકોને શિલ્પના ઉત્તમ નમૂના જેવા કુંભેશ્વરના શિવાલયનાં દર્શન કરવાનું અચૂક કહે જ.

એક વખત એવું બન્યું કે માહિષ્મતીનું ભેટ મળેલ ઊંચી જાતનું કાપડ લઈને રાજા પોતાને કુષ્ટ રોગ (કોઢ) મટાડનાર ઋષિને ભેટ આપવા ગયો. ઋષિ અપરિગ્રહી હોવાથી પેલું કાપડ લેવાની સાફ ના પાડી. તેણે કહ્યું કે "જો અમે ઋષિ બ્રાહ્મણો અપરિગ્રહનું વ્રત તોડીએ તો અમારી આકાશમાં ઊડવાની સિદ્ધિ જતી રહે." રાજા તુરત પાછો ફર્યો.

દર સૂર્ય કે ચંદ્રગ્રહણ વખતે આખા આર્યાવર્તના બ્રાહ્મણો અને ઋષિમુનિઓ એ કાળમાં આકાશગમનની સિદ્ધિ દ્વારા સપરિવાર કુરુક્ષેત્રમાં ભેગા થતા. આઠ આઠ દિવસ ધર્મચર્ચા અને વિદ્યાચર્ચામાં ગાળ્યા પછી સૌ સ્વસ્થાને જતા. આવે પ્રસંગે શ્રીવર્ગ આઠ-દસ દિવસની રહેવાજમવાની વ્યવસ્થા માટે અગાઉથી કુરુક્ષેત્ર જતો. આવા એક પ્રસંગે પોતાના પતિને કુષ્ટ રોગ મટાડનાર બ્રાહ્મણો તથા ઋષિવર્ગ પ્રત્યે પૂજ્યભાથી પ્રેરાઈને ચમત્કાર રાજાની રાણી કુરુક્ષેત્રમાં આવી. રાણી પોતાની સાથે માહિષ્મતી નગરીની બનાવટની હજારો રંગબેરંગી સાડીઓ લઈને આવી હતી. રાણી કુરુક્ષેત્રમાં આવેલ બ્રાહ્મણ-શ્રીવર્ગને એક એક સાડીની ભેટ આપવા લાગી. ચાર ગોત્ર સિવાયની બાકીની બધી જ સ્ત્રીઓએ અપરિગ્રહનું વ્રત તોડીને રાણીની ભેટ સ્વીકારી. પાછળથી બ્રાહ્મણો આવ્યા ત્યારે તેમને આ વાતની ખબર પડી. સૌ રાણી ઉપર ગુસ્સે થયા, પણ રાણીએ કહ્યું કે "મેં આપેલી ભેટ લેવી ન લેવી એ સૌ સૌની મરજીની વાત છે. મને વ્રતભંગની ખબર નહોતી." રાણીના જવાબથી બ્રાહ્મણો સંતોષ પામ્યા, પણ અપરિગ્રહનું વ્રત તોડનાર બ્રાહ્મણ ગોત્રોની આકાશગમનની સિદ્ધિ નાશ પામી. હવે આવાં ગોત્રોને પ્રસંગોપાત ભેગા થવામાં મુશ્કેલી પડવા માંડી. આ મુશ્કેલી દૂર કરવા માટે સૌ ચમત્કાર રાજા પાસે ગયા. અને રાજાને કહ્યું કે "અમે એક સાથે એક જથ્થામાં રહી શકીએ તેવું મોટું શહેર બંધાવી આપો." રાજાએ આ વાત માન્ય રાખી. નગર બંધાઈ ગયા પછી પેલા બ્રાહ્મણો નગરમાં આવીને વસ્યા. અને ધીરે ધીરે નગરમાં વસનાર એટલે નગરા બ્રાહ્મણ નામે ઓળખાવા લાગ્યા. આ શબ્દ અપભ્રંશ થઈને નગરાને બદલે નાગર થયો.

મૈત્રકકાળ દરમિયાન ચમત્કાર રાજાએ બાંધેલ ચમત્કારપુર શહેરનું નવસર્જન થયું. અને તેનું નામ બદલીને આનંદપુર રાખવામાં આવ્યું. હવે નાગર બ્રાહ્મણોએ વિદ્યાવ્યવસાય ઉપરાંત કલમ, કડછી અને બરછીનો

વ્યવસાય પણ સ્વીકાર્યો. આમ ચારે વર્ણોનો વ્યવસાય એક સાથે સ્વીકારનાર નાગર પ્રજા બુદ્ધિબળમાં બીજા બ્રાહ્મણો કરતાં આગળ વધી ગઈ.

આઠમા, નવા અને દસમા સૈકા દરમિયાન આનંદપુર શહેર વૈભવની પરાકાષ્ઠાએ પહોંચ્યું. અગિયારમા સૈકાની શરૂઆતમાં આનંદપુર શહેર સોલંકી રાજ્ય નીચે આવ્યું. સોલંકી રાજાઓએ શહેરની ફરતો મહાકાય ઊંચો કિલ્લો બાંધ્યો અને શહેરનું નામ આનંદનગરને બદલે વડનગર રાખ્યું. રાય સિદ્ધરાજ સોલંકીના વખતમાં નાગર બ્રાહ્મણોના કહેવાથી સમેરા તળાવને કાંઠે સિદ્ધરાજે એક વિશાળ શિવાલય બંધાવ્યું. આ શિવાલયની આગળ ચાલીસ ફીટ ઊંચાં બે તોરણો ઊભાં કરવામાં આવ્યાં. મુસ્લિમ અમલ દરમિયાન શિવાલયનો નાશ થયો, પણ તોરણો અકબંધ રહી ગયાં. પચાસેક વર્ષ પહેલાં એક તોરણ જીર્ણ થવાથી નામદાર ગાયકવાડ સયાજીરાવના અમલ દરમિયાન નીચે ઉતારીને એક ઓટલા ઉપર ત્રણ ટુકડે ગોઠવવામાં આવ્યું, જે હાલમાં મોજૂદ છે. આ તોરણોનું શિલ્પ ભારતભરમાં અને પરદેશમાં અનોખું ગણવામાં આવે છે. આવાં ઘણાં ય તોરણો સોલંકીયુગ દરમિયાન ગુજરાતભરમાં બંધાયાં હતાં, પણ મોજૂદ તોરણોમાં વડનગરના તોરણની બરોબરી કરી શકે એવું થોડી નાની સાઈઝનું એક તોરણ હેલમાલમાં ઊભું છે. આવું એક બીજું તોરણ કપડવંજમાં છે, પણ તેનું શિલ્પ થોડું ઊતરતું છે. રુદ્રમહાલયનું તોરણ વડનગરના તોરણ જેટલી ઊંચાઇ ધરાવે છે પણ બંનેના શિલ્પની શ્રેણી જુદી હોવાથી સરખામણી થઈ શકે તેમ નથી. વડનગર શ્રેણીનાં બે તોરણોના અર્ધતૂટેલ અવશેષો મોઢેરાના સૂર્યમંદિર પાસે ઊભા છે. તદુપરાંત શામળાજીમાં હરિશ્ચંદ્ર રાજાની ચોરીનું તોરણ, આસોડા દેવડાનાં બે નાનાં ભગ્ન તોરણો, મહેસાણા પાસે આખોજ ગામનું ભગ્ન તોરણ, ધોળકામાં મલાવ તળાવનું ભગ્ન તોરણ, વિજયનગરનાં પોળોના જંગલમાં ઊભેલ સૂર્યમંદિરનું તોરણ–આ બધાંય તોરણોની સૃષ્ટિમાં વડનગરનું તોરણ પહેલો નંબર લઈ જાય છે.

એક મુસ્લિમ ઇતિહાસકાર લખે છે કે "ગુજરાતના મોટા મંદિરના દરવાજા જેવા એકલા ઊભેલ દરવાજા દુનિયાભરની મુસાફરીમાં મેં ક્યાંય જોયા નથી." આ મુસાફરના વર્ણન ઉપરથી લાગે છે કે તે ભાઇ

## વડનગર

અમદાવાદ શહેરની ઉત્તર દિશાએ ૪૯ માઈલ દૂર વડનગર નામે શહેર આવેલું છે. વડનગર તારંગા લાઈનનું સ્ટેશન હોવાથી તથા મહેસાણાથી તારંગા તરફ જતા ધોરી ડામર રોડ પર આવેલું હોવાથી આ શહેરમા જવાની બેવડી સુગમતા છે કિલ્લેબંધીવાળું વડનગર શહેર વીસ ફીટ ઊંચા ટેકરા પર વસેલુ છે. કોઈ કોઈ જગ્યાએ આ ટેકરાની ઊંચાઈ પાત્રીસ ફીટ જેટલી થવા જાય છે. પુરાણકાળથી આજ સુધીમા આ શહેરે ઘણી લીલીસૂકી જોઈ. આઠ આઠ વખત નાશ પામીને વળી પાછું એ શહેર તે જ જગ્યાએ ફરીથી બંધાયું ભારતવર્ષના અતિપુરાણા શહેરોમા વડનગરની ગણના થાય છે. બૌદ્ધકાળ તથા મૈત્રકકાળ દરમિયાન આ શહેર જાહોજલાલીની પરાકાષ્ઠાએ પહોચ્યુ હતુ. હાલના આ શહેર નીચેનો ટેકરો પુરાણકાળ, બૌદ્ધકાળ, મૈત્રકયુગ, સોલંકીયુગ તથા મુસ્લિમ કાળના સંભારણા સંઘરીને ઊભો છે.

આશરે સાડા ચારથી પાચ હજાર વર્ષ પહેલા આર્ય પ્રજા મોટા શહેરો બાંધીને રહેતી નહોતી, જ્યારે અનાર્ય પ્રજા પાકા રસ્તાવાળા તથા આરોગ્યની દૃષ્ટિએ યોજનાબદ્ધ મકાનો બાંધીને કિલ્લેબંધીવાળા શહેરોમા રહેતી હતી. આવા ઘણા શહેરોમા પાકી ગટરો પણ હતી.

જેમ જેમ આર્યાવર્ત (ઉત્તર ભારત)મા આર્યોનું જોર વધતુ ગયુ તેમ તેમ અનાર્ય પ્રજા દક્ષિણ તરફ પાછી હડતી ગઈ. આ કાળમા અનાર્યોએ ત્યજેલા કેટલાય શહેરો વેરાન થઈ ગયા છતા આર્ય પ્રજા આવા શહેરોમા જઈને વસી નહિ આર્ય પ્રજાનો મુખ્ય વ્યવસાય ઢોરઉછેર હોવાથી એક જગ્યાએ રહેવું પાલવે તેમ નહોતુ. ધીરે ધીરે આર્યોનું લક્ષ્ય ખેતી તરફ ગયું. આથી આર્ય પ્રજા નાનાં નાનાં ગામો બાંધીને સ્થિર જીવન ગાળવા માંડી. ફળફૂલ, કંદમૂળ, દૂધ અને માંસ-ભક્ષણ ઉપર નભતી આર્ય પ્રજા હવે ઘઉં, જવ, શાલીચોખા તથા શેરડીનો ઉપયોગ કરવા લાગી.

વ્યવસાય પ્રમાણે વર્ણોની પ્રથા શરૂ થતા બ્રાહ્મણો તથા ઋષિ મુનિઓ વિદ્યાવ્યવસાયમા અને તત્ત્વચિંતનમા પડી ગયા. વૈશ્યોનું મુખ્ય ધ્યેય ખેતી બની ગયું. ક્ષત્રિયો ઘોડાઉછેર અને સંરક્ષણ તથા યુદ્ધકળામાં

પરોવાયા. ઘણા અનાર્યોએ દક્ષિણ તરફ ન જતા આર્યોનું દાસત્વ સ્વીકાર્યું. આ અનાર્યો શૂદ્ર કહેવાયા.

આ કાળમા બ્રાહ્મણો અપરિગ્રહી હતા જીવનની જરૂરિયાતો ઓછી હોવાથી અને જરૂરિયાતની વસ્તુઓ હાથે બનાવી લેવાતી હોવાથી મોટા ભાગની આર્ય પ્રજા સ્વાવલંબી હતી જીવનજરૂરિયાતની અનિવાર્ય વસ્તુઓ માટે અદલાબદલી પ્રથાનો ઉપયોગ થતો. વખત જતા જીવનજરૂરિયાતની ચીજોના અદલાબદલાને મુખ્ય વ્યવસાય તરીકે સ્વીકારતો એક વર્ગ વૈશ્યોમાથી ઊભો થયો. વૈશ્ય પ્રજાનો આ વર્ગ 'પણિ'ના નામથી ઓળખાયો. (હાલના વાણિયા)

દક્ષિણ ગુજરાતના લાટ પ્રદેશમા નર્મદા નદીના મુખ પાસે એ જમાનામા અનાર્યોનું મોટુ બંદરી શહેર વસેલું હતુ કોઇ કારણસર વૈશ્ય પણિઓ આ નગરમા આવી ચડયા. એ સમયની માહિષ્મતીની જાહોજલાલી જોઈને પણિઓ દંગ થઈ ગયા! આ નગરીની પ્રજા સદાય વેપારમા રચીપચી રહેતી હતી. દેશપરદેશથી વેપાર માટે આવતા હજારો વહાણ આ નગરીના બંદર પર આનજા કરતા હતા. માહિષ્મતીનુ ઊંચી જાતનું કાપડ એ સમયે દુનિયાભરમા પ્રખ્યાત હતુ. આ બધા કારણોને લઈને માહિષ્મતી ધનાઢ્ય શહેર બન્યું હતુ આ નગરના વહેપારીઓ સુવર્ણપાત્રમા દૂધ પીતા, નગરની કન્યાઓ રૂપાને બેડે પાણી ભરતી અને કેટલાય શ્રેષ્ઠીઓ પંચભૂમિપ્રાસાદોમા રહેતા હતા.

શહેરની આબાદી જોઈને પેલા પણિ વૈશ્યોનું ચિત્ત વેપારમા પરોવાયું. આર્યો પાસેથી અનાજ, હથિયારો અને રંગેલા ચામડા લાવીને તેના બદલામા પણિઓ કાપડ લેતા થયા. આ કાપડ આર્યાવર્તમા લઈ જઈને બદલામા પેલા પણિઓ સારો ભાગ મેળવવા લાગ્યા અદલાબદલાના વહેપારની કેટલીક બાબનો પણિઓ સિવાય આર્યો કે અનાર્યો જાણતા નહોતા. સમય જતા આર્યોનો રક્ષણ કરનાર ક્ષત્રિયવર્ગ શાસકવર્ગ બની ગયો આર્યાવર્ત ઘણાય રજવાડાઓમા વહેચાઈ ગયું. પણિઓ રાજાઓને ખુશ કરીને પોતાનો વહેપાર વધારવા લાગ્યા. આર્યાવર્ત તરફ જનાર વણઝારના માર્ગ ઉપરના રાજાઓને ઊંચી જાતના કાપડની ભેટો આપીને પણિઓ વણઝારોના માર્ગને નિર્ભય બનાવતા હતા માહિષ્મતીથી આર્યાવર્ત તરફ જતા માર્ગ ઉપર આનર્ત પ્રદેશમા ચમત્કાર નામે રાજાનું મોટું રાજ્ય આવેલુ હતું. આ રાજાને પણિઓ તરફથી ઊંચી જાતના કાપડની ભેટો મળ્યા કરતી

તોરણોને દરવાજા માની બેઠા હશે. કેટલાક ઇતિહાસકારોનું એમ માનવું [illegible] કે આવાં તોરણો જયસ્થંભ અથવા તો કીર્તિસ્થંભ તરીકે બંધાયેલા હોવા જોઈએ. ઇતિહાસકારોનો વિવાદાસ્પદ વિષય બાજુએ મૂકીએ તો પણ દુનિયાના શિલ્પના ઇતિહાસમાં ગુજરાતનાં તોરણો એક આગવી કડી ઉમેરે છે.

વડનગર શહેરના કિલ્લાની અંદરના મોટા ભાગનાં મંદિરો મુસ્લિમકાળ દરમિયાન નાશ પામ્યાં, પણ અગમચેતી વાપરીને કેટલાક મંદિરના પૂજારીઓએ એ દરમિયાન મંદિરની મુખ્ય મૂર્તિઓ સંતાડી દીધી. મરાઠાકાળ દરમિયાન આ માહેલી ઘણી મૂર્તિઓ નવાં મંદિરોમા ગોઠવવામા આવી આવી મૂર્તિઓ સોલંકીયુગના શિલ્પના સંભારણાં આપે છે.

વડનગરના પડતીકાળ દરમિયાન નાગરકુળો સૈકાઓ પહેલાં વીસનગર, સાઠોદ, પ્રશ્નોરગામ અને શામળાજી પાસે શોભાવતી નગરીમાં જઇને વસ્યાં હતા. કાળક્રમે નાગરોમા ગામના નામ પ્રમાણે વિભાગ પડી ગયા વડનગરમાં વસતા વડનગરા, સાઠોદમા વસતા સાઠોદરા, વીસનગરમા વસતા વીસનગરા અને પ્રશ્નોરગામની આજુબાજુ વસતા પ્રશ્નોરા એમ નાગરની નાતમા ચાર વિભાગ પડી ગયા.

સમસ્ત નાગરકુળોના કુળદેવ હાટકેશ્વર મહાદેવનું ભવ્ય મંદિર વડનગરના સ્ટેશન દરવાજા પાસે આવેલ છે. કહેવાય છે કે મહાદેવજીએ દક્ષ પ્રજાપતિના યજ્ઞમા સતી પાર્વતીના દેહત્યાગથી દુ:ખી થઇને પાતાળગમન કર્યું. આ બનાવથી બ્રાહ્મણો દુ:ખી થયા ચમત્કારપુરના બ્રાહ્મણોએ પાતાળમા હાટકી નદીને કાંઠે વાસ કરતા મહાદેવને ભૂલોક પર પાછા લાવવા માટે તપ આદર્યું. બ્રાહ્મણોના તપથી પ્રસન્ન થઈને મહાદેવજી હાટકેશ્વર મહાદેવના લિંગ સ્વરૂપે પૃથ્વી પર પધાર્યાં. પાતાળ લોકની હાટકી નદીને કાંઠેથી ભૂલોકમા આવનાર મહાદેવનું લિંગ હાટકેશ્વર મહાદેવને નામે ઓળખાયું હાટકેશ્વર મહાદેવ આ પ્રસંગ પછી નાગરોના કુળદેવ બન્યા સોલંકીકાળ પછી બંધાયેલ હાટકેશ્વરનું મંદિર ત્રણ વખત પુનરોદ્ધાર પામ્યા છતા સોલંકી યુગની આગવી શિલ્પ અને સ્થાપત્યશ્રેણી જાળવીને ઊભું છે. આ મંદિરનો વિમાનભાગ મધ્યમ કદના મંદિરની શ્રેણીનો છે. મંદિરના શિલ્પની ખાસ વિશિષ્ટતા એ છે કે દરેક ભાગના ભૂમિતિના કાટખૂણા અણીશુદ્ધ રહ્યા છે. આને લઈને હાટકેશ્વરના મંદિરનું શિલ્પ વધારે

આકર્ષક અને ઊપસતું હોય તેમ દેખાય છે. મંદિરની જંઘાનું, જગ[illegible]
વિમાનભાગનું તથા સભામંડપનું શિલ્પ બહારથી ઉત્તમ કોટિનું
સભામંડપની કમાનનાં તોરણો આકર્ષક છે.

વડનગરનું ઊંડું સમેરા તળાવ ખાસ જોવાલાયક છે. આ તળા[illegible]
કાંઠાના બાગમાં હાલના વિજયનગરના જંગલમાં આવેલ વીરેશ્વર મ[illegible]
દેવ પાસેના પુરાણા વીરનગર શહેરનો રાજા સુદેવંત (સદેવંત) પોત[illegible]
પ્રિયતમા સાવળીંગાને મળવા આવ્યો હતો.

વર્ષો પહેલાં વડનગર પંચધાતુની પોલી મૂર્તિઓની બનાવટ [illegible]
પ્રસિદ્ધ હતું. હાલમાં તાંબાપિત્તળનાં વાસણો જ બને છે. શહેર ટે[illegible]
ઉપર વસેલું હોવાથી કૂવાનાં પાણી ખૂબ જ ઊંડાં છે. સમેરા તળા[illegible]
પગથિયાં ઊતરીને પાણી ભરનાર ઘણી બહેનો અમુક જાતના સ્રીરોગ[illegible]
પીડાય છે. રાજ્ય સરકારે તથા મ્યુનિસિપાલીટીએ પણ આ ત્રાસ
કરવા પ્રયત્ન કરવો જોઈએ. વડનગરના આદ્ય સ્થાપક નાગરોનો મે[illegible]
ભાગ ભલે વડનગર છોડીને ચાલ્યો ગયો, પણ દૂર વસતાં વસતાં
હાટકેશ્વર મહાદેવ અને વડનગરને ભૂલ્યો નથી. હાલનું વડનગર [illegible]
ત્રીસચાળીસ ગામડાં સાથેના વેપાર ઉપર નભતું હોય, પણ જૂનું જા[illegible]
માન શહેર યુગોનાં સંભારણાં જાળવીને ઊભું છે, એ ભારતવર્ષ [illegible]
ગૌરવનો વિષય છે.

# દેવની મોરી

આશરે ૨૩૦૦ વર્ષ પહેલાં ભગવાન બુદ્ધ કે તેમના કોઈ મુખ્ય શિષ્યોના અવશેષો ઉપર ઇમારત જેવું બાંધવાની શરૂઆત થઈ. આવી ઇમારતોને "સ્તૂપ" કહેવામાં આવે છે.

પ્રારંભમાં આવા સ્તૂપો ખૂબ જ સાદા બાંધવામાં આવતા હતા અને બાંધકામમાં મોટે ભાગે પકવેલી ઈંટોનો ઉપયોગ થતો હતો. પણ સમ્રાટ અશોકના સમયથી આવા સ્તૂપોનો બહારનો ભાગ ઈંટોમાં કે પથ્થરોમાં કોતરણી કરીને કલામય રીતે શણગારવાની પ્રથા શરૂ થઈ.

જે જે દેશોમાં બૌદ્ધ ધર્મ પ્રચાર પામ્યો હતો તે તે દેશોમાં આવા સ્તૂપો બંધાયા હતા. ભારત, લંકા, ઇન્ડોચાયના, જાવા, સુમાત્રા વગેરે દેશોમાં આવા સ્તૂપો ભગ્નાવસ્થામાં અને કોઈ સ્થળે સારી હાલતમાં પણ જોવામાં આવે છે. પ્રત્યેક દેશના કારીગરોએ આવા સ્તૂપો બાંધવામાં પોતપોતાનું આગવું કલાકૌશલ્ય દાખવ્યું છે. પરિણામે ધ્યેય એક જ હોવા છતાં બાંધકામની શૈલી જુદી જુદી નજરે પડે છે.

ભારતમાં ગંગા નદીના મેદાનમાં, મધ્ય તથા દક્ષિણ ભારતમાં તેમ જ જાવા, સુમાત્રા અને લંકામાં પાયામાંથી જ સ્તૂપો ગોળાકારે બાંધવામાં આવ્યા છે, જ્યારે ગુજરાતમાં, સિંધુ નદીના મેદાનમાં તથા કુંભા નદી (કાબુલ)ના પ્રદેશમાં સ્તૂપો સમચોરસ ચોતરા પર બંધાયા છે

ગુજરાતમાં ૨૩૦૦ વર્ષ પહેલાં બૌદ્ધ ધર્મ પ્રસર્યો હતો તેના પુરાવા રૂપે જૂનાગઢના શિલાલેખો, ઢાંક, સાણા, તળાજા વગેરેના ડુંગરાઓ પરનાં ભોંયરાંઓ, વડોદરા નજીકથી તેમ જ વિજાપુરથી થોડે દૂર આવેલ મહુડીમાં કોટેશ્વર મહાદેવના મંદિર પાસેથી મળી આવેલી બુદ્ધની પોલી પ્રતિમાઓ તથા વલ્લભીપુરના તામ્રપત્રો વગેરે મોજૂદ છે. આમ છતાં સ્તૂપોના અવશેષો ગુજરાતમાં ક્યાંયથી મળી આવ્યા નહોતા. પણ થોડાંક વર્ષ પહેલાં અમદાવાદથી પંચોતેર માઈલ દૂર શામળાજીના મંદિર પાસે 'દેવની મોરી' (દેવલાંનો ટેકરો) નામે જગ્યાએ એક સ્તૂપના તેમ જ તેની ચોમેરના એક માઈલના વિસ્તારમાં વિહારો, સંઘાલયો તથા મકાનના અવશેષો મળી આવ્યા છે.

'૬૦ના નવેમ્બરની આઠમીએ વહેલી સવારે અમે 'દેવની મોરી' જવા નીકળ્યા. અમદાવાદથી ઉદેપુર જતા 'નેશનલ હાઈવે' ઉપર

શામળાજીનું પવિત્ર તીર્થધામ આવેલું છે દિવસ ઊગતા તો અમે પ્રાંતિજ થઈને હિંમતનગર જતા માર્ગ ઉપર પહોંચી ગયા. હિંમતનગર એક માઈલ દૂર રહે ત્યાંથી શામળાજી જવાનો માર્ગ જમણે હાથે ફંટાય છે. અમે એ માર્ગે આગળ વધ્યા. હવે ગુજરાતની સપાટ ભૂમિ પર ક્યાંક ક્યાંક ડુંગરા દેખાવા લાગ્યા અને ગાભોઈ નામે ગામ છોડયા પછી તો માર્ગની બેઉ બાજુએ, ક્યાંક નજીક તો ક્યાંક દૂર, જંગલ મઢયા ડુંગરા દેખાતા હતા રાયગઢ છોડયા પછી છેક દાવલી નામે ગામ સુધી અમારો માર્ગ જંગલો વચ્ચેથી જ જતો હતો. દાવલી છોડયા પછી ક્યાંક જંગલો, ક્યાંક નાના ખેતરો અને ક્યાંક નાના વહેળાઓ દેખાતા હતા. છેવટે એક ડુંગરનો પેટાળ કાપીને બનાવેલો એક માર્ગ પૂરો કરીને અમે શામળાજી પહોંચ્યા

'નેશનલ હાઈવે' ઉપરથી ઊતરીને શામળાજી ન જતા મેશ્વો નદી પર બાંધેલા કાચા કામચલાઉ પૂલ પર થઈને જઈએ તો 'દેવની મોરી' આવે છે અમે એ જ રસ્તે ગયા. બે મોટા ડુંગરો વચ્ચેથી પસાર થતી મેશ્વો નદીના પાણીને બંધ બાંધીને રોકી રાખવા માટે 'શ્યામ સરોવર બંધ'ના પાયાનું કામ શરૂ થઈ ગયુ છે આ બંધ પૂરો થતા 'દેવની મોરી'નું સ્થળ પાણી નીચે ડૂબી જશે

અમે આગળ વધ્યા એટલે 'દેવની મોરી'ના સ્તુપનો ટેકરો દેખાયો. ત્યા પહોંચતા મારા એક મિત્રે ટકોર કરી કે "માટી અને ઈંટના આ ઢગલા જોવા તમે ક્યા લઈ આવ્યા? આ ઢગલા તો અમદાવાદનો કોટ તૂટતો હતો ત્યા બહુયે જોયા'તા." આ સાંભળી મને વણજારાનો પેલો દુહો યાદ આવ્યો

"કોને બનાવ્યા કોટડા, કોને બનાવ્યો દેરો,
કોને બનાવ્યા માળીઆ, (પણ) કાળે બનાવ્યો ઢેરો!'

ઉપલા દુહામા કાળે ખંડેરો બનાવ્યાની વાત છે. પરંતુ માણસોએ પણ ખંડેરો બનાવવામાં ભાગ ભજવ્યો છે એ વાત આ દુહામા ખૂટતી લાગે છે મેં મારા મિત્રને કહ્યુ કે "અમદાવાદનો કોટ તૂટતો હતો ત્યારે તમે લાખો ઇંટો જોઈ હશે. પણ સોળ ઈંચ લંબાઇની, દસ ઇંચ પહોળાઈની અને ચાર ઈંચ જાડાઈની આવી ઇંટો તમે એ કોટમા જોઈ'તી ખરી? આ ઇંટો તો હજારો વર્ષ પહેલાનો બૌદ્ધ ધર્મનો ઇતિહાસ કહે છે."

આગળ વધીને અમે એક મોટા ટેકરા પાસે પહોંચ્યા. એ ટેકરો જ 'દેવની મોરી'ના સ્તૂપના અવશેષો સંઘરી રહ્યો હતો. એ ટેકરાની ચોમેર ખોદકામ કરીને દટાઈ ગયેલા એ સ્તુપના પાયાના ભાગ સુધીના અવશેષો ખુલ્લા કરવામાં આવ્યા છે. એ ખુલ્લો થયેલો ભાગ જોતાં એમ લાગે છે કે ભારતભરમાં બંધાયેલા ઇંટના સર્વ સ્તૂપો પરના કોતરકામ કરતાં આ સ્તૂપનું કોતરકામ જુદા જ પ્રકારનું છે. સિંધમાં મીરપુર ખાસ પાસેના સ્તૂપમાં ઇંટો પર કોતરકામ કરેલું નજરે પડે છે. પણ આ સ્તૂપ જેટલી સુંદર કોતરણી તો ભાગ્યે જ બીજે જોવા મળે છે. વળી આ સ્તૂપનું વૈશિષ્ટ્ય એ છે કે આશરે બોતેર ફીટના સમચોરસ અને આઠ ફીટની ઊંચાઈના ચોતરાના પાયા ઉપર આ સ્તૂપનું બાંધકામ થયું છે. છ ફીટનો પ્રદક્ષિણાપંથ મૂકી દઈને બનાવેલા સાઠ ફીટના સમચોરસ અને આઠ ફીટ ઊંચાઈવાળા બીજા એક ચોતરાની ચારે બાજુ થોડે થોડે અંતરે મૂકેલા ઉપર નીચે ચોરસ કુંભીવાળા અર્ધસ્થંભોના અવશેષો દેખાય છે. અર્ધસ્થંભોની આ હાર ઉપર થઈને અડીના ઘાટની કોતરણીની છ ઇંચ પહોળી પટ્ટી ચોમેર મુકાયેલી લાગે છે. એ પટ્ટી ઉપર પાંચેક ઇંચ બહાર નીકળતી જીજવાના પાનની કોતરણીવાળી ગોળાકાર ઇંટોની કોર બનાવી હોય એમ લાગે છે.

ચારે બાજુ ચારેક ફીટ જગ્યા મૂકી દઈને આ ચોતરા ઉપર બીજો એક ચોતરો બાંધવામાં આવ્યો હોય એમ લાગે છે. એ બીજો ચોતરો આઠેક ફીટ ઊંચાઈનો હશે. આ ચોતરાને અડીને નીચેના ભાગમાં દરેક બાજુએ આશરે અઢી ફીટ ઊંચી બુદ્ધ ભગવાનની ચાર કે પાંચ પ્રતિમાઓ સરખે અંતરે મૂકવામાં આવી હોય એમ લાગે છે. આ પ્રતિમાઓ ઇંટોની પેઠે માટીમાંથી પકવેલી હશે. આ પ્રતિમાઓ ઉપર આશરે બે ફીટની ગોળ કુંભાકાર કિનારી ગોઠવવામાં આવી હશે એમ અવશેષો પરથી લાગે છે. આ ત્રીજા ચોતરા ઉપરથી સ્તૂપ ધીરે ધીરે ચોરસ આકાર મૂકતો ગોળાકાર બનતો હોય એમ લાગે છે. ગાંધારના તથા સિંધુ નદીની ખીણના સ્તૂપો આ સ્તૂપની પેઠે જ ચોરસ ચોતરા ઉપર બાંધવામાં આવ્યા છે. ખાસ કરીને સરહદ પ્રાંતનો "તખ્તાઈ ભાઈ" નામે સ્તૂપ સૌથી નીચે મોટો એના ઉપર એનાથી નાનો અને એના પર વળી એનાથી ય નાનો એવા ત્રણ ચોતરા ઉપર બાંધવામાં આવ્યો છે, જ્યારે "મીરપુર ખાસ" (સિંધ)નો સ્તૂપ એક જ ચોતરા ઉપર બાંધવામાં આવ્યો છે. "મીરપુર ખાસ"ના સ્તૂપની

કોતરણી પર ગ્રીક અસર દેખાય છે, જ્યારે 'દેવની મોરી'ના સ્તૂપ ઉપર આવી અસર દેખાતી નથી. આ સ્તુપની આજુબાજુના વિસ્તાર-માંથી મળી આવેલા સિક્કાઓ ૧૮૦૦ વર્ષના જૂના ઇસ્વી સનના બીજા અને ચોથા સૈકામાં બંધાયેલા સિંધુ નદીના કાંઠાના મેદાનના સ્તૂપો "દેવની મોરી"ના સ્તુપો પછી બંધાયેલા હોવા જોઇએ અને એ જમા-નામાં ગુજરાતના કારીગરોએ ચોરસ ચોતરા ઉપર સ્તુપો બાંધવાની પ્રેરણા ગાંધારના તેમ જ પશ્ચિમ ભારતના સ્તૂપ સ્થપતિઓને આપી હશે.

આ સ્તૂપની સામે આશરે ૬૦ ફીટને અંતરે એક વિહારનાં ખંડિયેરો નજરે પડે છે, જે જોતાં અનુમાની શકાય છે કે આશરે ૯૦ ફીટના ચોરસ ચોકમા ચારે બાજુએ બૌદ્ધ સાધુઓને તેમજ વિદ્યાર્થી-ઓને રહેવા માટેની ઓરડીઓની હારમાળા હશે. એ ઓરડીઓ આગળ ૬ ફીટ પહોળી પરસાળ હશે એમ લાગે છે. આ વિહારને બે દરવાજા હશે એવું જણાય છે. હજારો વર્ષ પહેલાં બૌદ્ધ સાધુઓ એ ચોકમાં બેસીને "બુદ્ધં શરણં ગચ્છામિ" અને "ધમ્મં શરણં ગચ્છામિ"ના સ્વરોથી એ વિહારને ગજાવતા હશે ત્યારે ઉત્તર ગુજરાતની એ દેવભૂમિ કેટલી પ્રસન્નતા અનુભવતી હશે?

"મોહન-જો-ડેરો"ની હરપ્પાની કે લોથલની સંસ્કૃતિએ આપણને ઇંટોનાં પદ્ધતિસરના બાંધકામવાળાં શહેરોના નમૂના આપ્યા. પણ બૌદ્ધકાળે તો ભારતને ઇંટકામ ઉપર સુંદર કોતરણીના નમૂના આપ્યા છે. અને તેમાંયે 'દેવની મોરી'ના નમૂના જેવા નમૂનાઓ તો ભાગ્યે જ મળે છે. આ સ્તૂપની આજુબાજુ એક માઈલના વિસ્તારમા સંઘને માટે આરામ કરવાના સંઘારામો (ધર્મશાળાઓ) અને વિહારનાં મકાનો-નાં ખંડિયેરો નજરે પડે છે. આજુબાજુના ખેતરોમાંથી ઢગલાબંધ ઇંટો મળી આવે છે. આ બધા કારણોને લઈને બૌદ્ધધર્મ તે સમયે ગુજરાતમાં ફૂલ્યોફાલ્યો હોવો જોઈએ તેમ લાગે છે.

'દેવની મોરી'ના સ્તૂપ ઉપર 'હરમિકા' અને 'ચકેપટ્ટી' ઈંટની પેઠે પકવીને જ બનાવવામા આવ્યા હોય તે બનવાજોગ છે આ સ્તૂપના વિશેષ ખોદકામ દરમ્યાન 'હરમિકા' અને 'ચકેપટ્ટી'ના અવશેષો જડે તો ગુજરાતનું ઇંટકામ તે યુગમા ભારતવર્ષમા ઘણું ઉત્તમ થતુ હશે તેમ સાબિત કરી શકાય.

# મુરલીમનોહરનું મંદિર–સુપેડી

પોણા ત્રણસો વર્ષ પહેલાંની વાત છે. પ્રભાસપાટણ શહેરને એક છેવાડે ખૂણે મનજી નામે સોમપુરો સલાટ રહેતો હતો. મનજી સલાટને બે દીકરા હતા. મોટાનું નામ વેલો અને નાનાનું નામ કાનો. મોટો વષ્ય (વસુ) નક્ષત્રમાં જન્મ્યો હતો, જ્યારે નાનો પષ્ય (પુનર્વસુ) નક્ષત્રમાં જન્મ્યો હતો. વર્ષાઋતુના વષ્ય અને પષ્ય નક્ષત્ર વાદીલા ગણાય છે. એક નક્ષત્રમાં વરસાદ થાય તો બીજામાં થયા વિના રહે નહિ. એક ન વરસે તો બીજું પણ કોરું જાય. એ જ રીતે વાદીલા નક્ષત્રમાં જન્મેલા બે ભાઈઓ નાનપણથી દરેક વાતમાં એકબીજાનો વાદ કરતા. ખાવું, પીવું, સૂવું, ઓઢવું, પહેરવું, કામ કરવું, ભણવું વગેરે દરેક બાબતમાં બંને ભાઈઓ એક બીજાનો વાદ કર્યા વિના રહેતા નહિ. આ વાદીલા ભાઈઓથી કંટાળીને ઘણી વાર મનજી સલાટ કહેતો કે "છોકરાઓ ! તમે ડાહ્યાડમરા હોવા છતાં દરેક વાતમાં વાદ કરવાથી મોટા થતાં ઈર્ષ્યાળુ બની જશો."

મનજી સલાટની વાત ટાળતાં તેની સ્ત્રી ગંગા કહેતી કે "મારા છોકરા ઇર્ષ્યાળુ તો નહિ જ બને; મને તો એમ લાગે છે કે સારા કામમાં વાદ કરતા આ છોકરાઓ એવાં સારાં કામ કરી જશે, જેથી લોકો તેમને યાદ કરશે."

વેલો કાના કરતાં બે વર્ષ મોટો હતો, પણ વાદીલા ભાઈઓ નિશાળમાં ભણવા સાથે જ બેઠા

અભ્યાસ પૂરો કરીને બંને ભાઈઓ પોતાના બાપનો કસબ શીખવા માંડયા. એ જમાનો 'મારે તેની તલવાર'નો હતો. સૌરાષ્ટ્ર અનેક નાનામોટાં રજવાડાઓમાં વહેંચાઈ ગયું હતું. આ રજવાડાઓ કાયમ અંદરોઅંદર લડયા કરતાં. સોમપુરા શિલ્પીઓ રોજી મેળવવા મંદિરો બાંધવાનું કામકાજ છોડી દઈને કિલ્લાઓ બાંધવાના કામકાજમાં પડી ગયા હતા. કળાનો વિકાસ હંમેશાં શાંતિના સમયમાં થઈ શકે. યુદ્ધના સમયમાં અથવા તો ડામાડોળ હાલતમાં કળાનો વિકાસ રુંધાઈ જાય છે. રૂદ્રમહાલય, મોઢેરાનું સૂર્યમંદિર, દેલવાડાનાં દેરાં જેવી ભવ્ય ઇમારતો બાંધનાર શિલ્પીઓ સાદી દીવાલોવાળા મજબૂત કિલ્લાઓ

અને મકાનો બાંધવામાં પડી ગયા હતા. અસ્થિર રાજ્યઅમલને લઈને તથા મુસ્લિમ રાજાઓની હિન્દુમંદિરો તોડવાની નીતિને લઈને હિન્દુ મંદિરોનું બાંધકામ લગભગ અટક્યું હતું જે કાંઈ થોડા મંદિરો બંધાતા તે મુસ્લિમો સામે ટક્કર લઈ શકે તેવા મજબૂત રજવાડામાં જ બંધાતા.

યુવાન વયે પહોંચતા વેલો અને કાનો પોતાના બાપની સાથે કિલ્લાઓ બાંધવાના કસબમાં એકધારા પરોવાઈ ગયા. ત્રણે હોશિયાર કારીગરોના બાંધકામની કિંમત થવા લાગી કિલ્લાઓ અને રાજમહેલો બાંધવા માટે એક પછી એક વરદીઓ-મળવા લાગી

એક વખત વેલજી અને કાનજી પ્રભાસપાટણ આવ્યા. એક સાંજે દરિયાકાંઠે ફરવા ગયા દરિયાકિનારે આવેલ સોમનાથનું પુરાણું મંદિર જોતા વેલાએ કાનાને કહ્યું કે "કેં' ભાઈ! શું હવે આવા મંદિરો ન બની શકે?"

"કેમ ન બને, ભાઈ? બોનેર પેઢીનો કસબ આપણા લોહીમાં વણાઈ ગયો છે આપણે ટાંકણા લઈને પથ્થર ઉપર કોતરણી કરવા બેસીએ છીએ ત્યારે પથ્થર મીણ જેવો બની જાય છે! ઘણા વર્ષોથી મંદિરો બાંધવાનું ભૂલી ગયા હોવા છતાં આપણે સાથે મળીને દાખડો કરીએ તો લોકો યાદ કરે તેવા સુંદર મંદિરો જરૂર બાંધી શકીએ"

પોતાના પુત્રોની સાથે દરિયાકિનારે ફરવા આવેલ મનજી સલાટ બંને ભાઈઓની વાતો સાંભળતો હતો તેણે કહ્યું "દીકરાઓ! તમે વાદીના છો, ખંતીલા છો, હોશિયાર છો તમારાં ટાંકણા ઉચ્ચ કોટિના શિલ્પીઓની હરોળમાં ખપે તેવા કામો કરી શકે તેમ છે, તમે ધારો તો દુનિયા ઉપર ઈંદ્ર મહારાજની ઈંદ્રપુરી ખડી કરી શકો તેમ છો. કિલ્લાઓના બાંધકામમાં તમારે હાથે કોતરાયેલ ઝરૂખાની ટેકીઓ, ચાલણીઓ, બારીઓ વગેરેની ઝીણી કોતરણી જોતા મને લાગે છે કે તમે મંદિરોના બાંધકામનો થોડો અભ્યાસ કરો તો સારામાં સારા મંદિરો બાંધી શકો તેમ છો"

'બાપુજી! તમારા આશીર્વાદ ફળો અમે બે ભાઈઓ મંદિરો બાંધવાનો કસબ શીખીને જ જંપીશું. બાપુજી! અમે સાંભળ્યું છે કે પાલીતાણાના ડુંગરે હજારો કારીગરોના ટાંકણા જૈનમંદિરો બાંધવામાં કાયમ રોકાયેલાં રહે છે અમે પાલીતાણા જઈને મંદિરો બાંધવાનો

કસબ શીખી લાવીશું. હિન્દુ તથા જૈનમંદિરોની બાંધણી એકસરખી હોવાથી અમે મંદિરોની બાંધણી શીખી લીધા પછી હિન્દુ શિલ્પશાસ્ત્રોનો અભ્યાસ કરી લઈશું.'

થોડા દિવસ પછી નેલજી અને કાનજી પાલીતાણા ગયા. પાલીતાણાના ડુંગરા ઉપર બંધાતા એક મહાકાય જૈન ચૈત્યના બાંધકામમાં રોકાઈ ગયા. દસ વર્ષની શિલ્પ અને સ્થાપત્યની સતત તપશ્ચર્યા કર્યા પછી બંને ભાઈઓ મંદિરોના બાંધકામમાં એક્કા બની ગયા. આ સમય દરમિયાન વખત મળે ત્યારે બને ભાઈઓ હિન્દુ શિલ્પશાસ્ત્રનો અભ્યાસ કરવાનું ભૂલતા નહોતા સાથોસાથ દરેક કામમાં વાદ કરવાનું પણ ચાલુ જ રાખતા આ કામમાં અગિયારમું વર્ષ પૂરું થતાં બન્ને ભાઈઓ જન્માષ્ટમીના અવસર ઉપર પ્રભાસપાટણ ગયા. પ્રભાસપાટણ એકાદ અઠવાડિયું રોકાઈને બંને ભાઈઓ ફરીથી પાલીતાણા જવાનો વિચાર કરતા હતા તેવામાં તેમને શોધતો એક બ્રાહ્મણ આવી ચડયો. તેણે મનજી સોમપુરાનું ઘર પૂછી કહ્યું "નેલો અને કાનો પાલીતાણાથી અહીં આવ્યા છે ને ?"

નેલજીએ કહ્યું "આપને નેલા અને કાનાનું શું કામ છે ?"

"ભાઇ ! અમારે ગામઝાંપે આવેલ બે નદીના સંગમ ઉપર મહાદેવ અને મુરલીધરનાં મંદિરો બાંધવા છે. હું હિન્દુ શિલ્પીઓની શોધમાં પાલીતાણા ગયેલો. ત્યાંથી તમારા વાવડ મળ્યા એટલે તમારા પગલાં દબાવતો અહીં આવી ચડયો છું અમારા ગામનો જગો મહારાજ પરદેશ સાથેના વેપારમાં લાખો રૂપિયા કમાઈ આવ્યો છે, તેણે સુપેડી ગામના ઝાંપામાં બે નદીઓના સંગમ ઉપર સુંદર મંદિરો બંધાવવા વિચાર્યું છે."

નેલજીએ કહ્યું કે "અમે તમે કહો તેવા મંદિરો બાંધી આપીશું, પણ અમે કહીએ તે જાતનો પથ્થર લાવી આપવો પડશે તદુપરાંત બાંધકામ અંગે જે કાંઈ માગીએ તે લાવી આપવું પડશે"

આવનાર બ્રાહ્મણે શરત કબૂલ કરી થોડા વખત પછી બંને ભાઇઓ સુપેડી આવ્યા. નદીના સંગમ ઉપર મંદિરો બાંધવાનું નક્કી થયું. ચોમાસામાં બંને નદીઓમાં પૂર આવતાં હોવાથી ઊંડા પાયા લઇને મંદિરોની ઓટવણ બાંધવાનું કામ શરૂ કરવામાં આવ્યું ચાલીસ ફીટની ઊંચી ઓટવણનું કામ પૂરું થયા પછી બંને ભાઇઓએ મંદિરો બાંધવા માટે જુદી જુદી જગ્યા પસંદ કરી જગ્યા પસંદ કર્યા પછી એક દિવસ

જગા મહારાજે આવીને કહ્યું કે "ઈશ્વરની મહેર છે. તમે મંદિરો બાંધવામાં જેટલો ખર્ચો કરો તેટલો આપવા તૈયાર છું, સાથેસાથે એક વાત કહું છું કે તમારા બેમાંથી જે વધુ સુંદર મંદિર બાંધશે તેને એક હજાર સોનામહોર ભેટ આપીશ."

બંને વાદીલા ભાઈઓને જોઈતી વાત મળી ગઈ. અહીંયાં પણ વાદ કરવાનો મોકો ઊભો થઇ ગયો ! બંને ભાઈઓએ પસંદ કરેલી જગ્યાએ મંદિરોનું બાંધકામ શરૂ કર્યું. સાથેસાથ એક બીજાનું બાંધકામ જોવાય નહિ તે માટે થતા બાંધકામની ચારે બાજુ પડદાઓ બંધાવી લીધા. મંદિરોનું બાંધકામ જગતિ સુધી પહોંચતાં બંને ભાઇઓએ નક્કી કર્યું કે જ્યાં સુધી મંદિરો બંધાઇ રહે નહીં ત્યાં સુધી એક બીજાને મળવું નહીં.

સાત વરસની એકધારી મહેનત પછી બને મંદિરોનું બાંધકામ પૂરું થયું. મંદિરો બંધાઈ રહ્યા પછી ચારે બાજુ બાંધેલ પડદાઓ દૂર કરવામાં આવ્યા. જગા મહારાજ બન્ને મંદિરો જોઇને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. તેના મોંમાંથી શબ્દ સરી પડયા કે 'અહાહા ! શું મનોહર બાંધ્યું છે મુરલીધરનું મંદિર ! અને તેની જ હરીફાઇ કરી શકે તેવું મહાદેવનું મંદિર ! "

ગામલોકો મંદિર જોવા ઊમટી પડયા. સાત વર્ષથી બંધાતાં મંદિરોની બાબતમાં આખા પંથકમાં ચર્ચાઓ થયા કરતી હતી એટલે મંદિરો ખુલ્લાં મુકાયા પછી હજારો માણસો મંદિરો જોવા આવવા માંડયા. જે કોઈ મંદિર જુએ ને મંદિરોની કોતરણી જોઈ ને દિગ્મૂઢ બની જાય. આમ મંદિરો જોવા આવનારનો પ્રવાહ મહિનાઓ સુધી ચાલુ રહ્યો. વેલાએ બાંધેલ મંદિરમાં મુરલીધર શ્રીકૃષ્ણની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. કાનાએ બાંધેલ મંદિરમા મહાદેવનું લિંગ પધરાવવામાં આવ્યું. બન્ને મંદિરોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વખતે સુપેડીની રાયધરા નદીના તટમાં લાખો માનવી ઊસરાયા. જગા મહારાજના મુખમાંથી મંદિર જોઈને નીકળેલ પ્રથમ શબ્દ મનોહરને મુરલીધરના મંદિર સાથે જોડીને લોકોએ એ મંદિરને "મુરલીમનોહર"ના મંદિરના નામથી સંબોધ્યું. હાલમાં પણ તે મંદિરને એ જ નામથી ઓળખવામાં આવે છે. કાનાએ બાંધેલ મહાદેવનું મંદિર "મહાદેવ મંદિર" તરીકે ઓળખાયું અને હાલમાં પણ એ જ રીતે ઓળખાય છે.

સુપેડી ગામના પાદરમાં આવેલ મુરલીમનોહર તથા મહાદેવ મંદિર બાબતમાં ઉપલેટાના વતની મારા મિત્રે મને બેત્રણ વખત લખ્યું. દેરાણીજેઠાણીના ગોખલાની પેઠે આ વાદીલા મંદિરો જોવાનો વિચાર હું રોકી શક્યો નહિ. તા. ૩૧-૧-'૬૪ની રાત્રે હું મારા શિલ્પરસિક મિત્રો સાથે સુપેડી જવા નીકળ્યો. અમદાવાદ તથા સુપેડી વચ્ચે ૨૨૫ માઈલનું અંતર હોવાથી અમે રાતના ૧૨ા વાગ્યે રાજકોટ પહોંચીને ત્યાંની એક હોટલમાં રાત રહી ગયા. બીજી સવારે અમે સુપેડી તરફ જવા નીકળ્યા. માર્ગમાં આવતા વીરપુર ગામમાં આવેલ જલારામ ભગતના મંદિરમાં દર્શન કરીને અમે આગળ વધ્યા. માર્ગમાં જેતપુર, ગોંડલ વગેરે શહેરો જોઈને અમે સુપેડી પહોંચ્યા. અમદાવાદ–પોરબંદર ધોરી માર્ગ ઉપર જ સુપેડી ગામ આવેલ છે. મંદિર જોવા જવા માટે અર્ધો માઈલને કાચે રસ્તે થઈને અમે સુપેડી ગામને પાદર વહેતી નદીએ પહોંચ્યા. નદીએ પહોંચતાં જ કાના તથા વેલાએ બાંધેલ બે મંદિરો દેખાણા. સોમપુરા ભાઈઓએ બાંધેલ બે મંદિરો આટલાં બધા સુંદર હશે તેવું મારી કલ્પનામાં પણ નહોતું અમે એ મંદિરોને મહાકાય ધાર્યાં હતા. ખરેખર બન્ને મંદિરો મહાકાય તો હતા જ, પણ સાથોસાથ મંદિરોની બાંધણીમાં બે ભાઈઓની કલા એટલી સુંદર ઉપસી આવતી હતી કે ઘડીભર દેલવાડાના દેરા કે કુંભારિયાનાં દેરાનું શિલ્પ પણ ઝાંખું લાગે

બે નદીના સંગમ ઉપરના ઊંચા ઓટલાના ઘાટ ઉપરનાં પગથિયાં ચડીને અમે પ્રથમ મહાદેવના મંદિરમાં ગયા. છેક નીચેથી ઉપર ઈંચે ઈંચ કોતરણીથી ભરપૂર મંદિર વાઘેલા યુગના ડભોઈના મહાકાળીના મંદિરની યાદ આપતું દેખાયું. બાર થાંભલા ઉપર બંધાયેલ મંદિરનો ખુલ્લો સભામંડપ સાદો લાગતો હતો. સભામંડપના ઘુમ્મટનું બાંધકામ મુસ્લિમ શૈલીના ઘુમ્મટો જેવું દેખાયું. પણ સ્થંભો ઉપરની કમાનો, તેમાંયે ખાસ કરીને દ્વારસાખ ઉપરનું લય તોરણીકા દેલવાડાના દેરાના તોરણ જેવી લાગી. હમણા બંધાયેલ સોમનાથ મંદિરના સભામંડપમાં આ પ્રકારનાં તોરણોની રચના કરવામાં આવી છે. મંદિરનો મંડોવર ભાગ એ આખાય મંદિરનું ઉત્તમોત્તમ અંગ ગણી શકાય. મૂર્તિવિધાન-ની દૃષ્ટિએ મૂર્તિઓનું શિલ્પ સોલંકી યુગ જેવું દેખાતું નથી. દેવમૂર્તિઓ સુંદર દેખાય છે, પણ જીવંત લાગતી નથી કેટલીક મૂર્તિઓનું કોતરકામ

શિલ્પ એ જમાનાની સરખામણીમાં ઘણું જ ઊંચી કોટિનું કહી શકાય.

મંદિરના પીઠ ભાગનું શિલ્પ ઉત્તમ કોટિનું કહી શકાય. મંડોવરની જંઘા ઉપરની મૂર્તિ સિવાયના ભાગોનું શિલ્પ ઇંચે ઇંચ કોતરણીથી ભરપૂર છે. કુંભ અને કળશથરો ઉપરનું શિલ્પ ઘુમલીના નવલખાના શિલ્પની સાથે હરીફાઈ કરે તેવું છે કળશથર ઉપરથી આગળ વધતા અંતરાલ, કેવાળ, મંછિકા, જંઘા, ઢોઢીઓ, ભરણી, સીરાવટી, પુષ્પકંદનું શિલ્પ કોઈ મેરુ મંડોવરને મળતું લાગે છે. શિખર ભાગ કાઈક અંશે ખજૂરાહોના મંદિરોની પેઠે વધારે પડતો અણીદાર લાગે છે છતાં તેના શિલ્પ તથા બાંધણીમાં એકતાર બની જાય છે. શિખર ઉપરના કળશો એટુ ભરીને આવતી સોળ શણગાર સજેલી રૂપગર્વિતાને માથે મૂકેલ બેડાં જેવા લાગે છે, જ્યારે મંદિરનું શિલ્પ રૂપગર્વિતાના શૃંગાર શું શોભે છે.

આ મંદિર જોઈને અમે બાજુમાં આવેલ મુરલી મનોહરના મંદિર તરફ ગયા મુરલીમનોહરના મંદિરની ચારે બાજુ ધર્મશાળા જેવી પાકી પડાળી બાંધેલ છે. ખડકીમાં થઈને મંદિરના ચોગાનમાં દાખલ થતાં મુરલીમનોહરનું મંદિર જોઈને મારી સાથેના મારા મિત્ર બોલી ઊઠયા "ધન્ય છે વાઢીલા ભાઈઓના વાઢને! ધન્ય છે એ ભાઇઓના શિલ્પધનને!"

મુરલીમનોહરના મંદિરનું શિલ્પ મહાદેવના મંદિર જેવું જ ગણાય, પણ વિષ્ણુ અને શિવમંદિરમાં જે જાતના ભેદો છે એ ભેદોની દષ્ટિએ મુરલીમનોહરનું મંદિર વધારે નયનરમ્ય દેખાય છે. મંદિરની ચારે બાજુ બંધાવેલ પડાળી મંદિરની શોભામાં વૃદ્ધિ કરે છે. છતાં બેય મંદિરોની બાંધણી અને શિલ્પશ્રેણી એકધારી લાગે છે મંદિરની ચારે બાજુ આંટો મારીને અમે ગૂઢ મંડપ તરફ ગયા. મહાદેવનું મંદિર પૂર્વાભિમુખ બંધાયું છે, જ્યારે મુરલીમનોહરનું મંદિર પશ્ચિમાભિમુખ બંધાયું છે મંદિરનો ગૂઢ મંડપ જોતાં અમે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા! આ ગૂઢ મંડપ બાંધવામાં શિલ્પીએ કેદારનાથના મંદિરના ગૂઢ મંડપનું અનુકરણ કર્યું હોય અથવા તો પ્રેરણા મેળવી હોય તેમ લાગ્યું. કોઈ ક્રિશ્ચિયન મંદિરના પ્રાર્થનાખંડ સમો એ ગૂઢ મંડપ હિન્દુ મંદિરોના ગૂઢ મંડપની શ્રેણીમાં એક નવું અંગ ઉમેરતો લાગ્યો. ગૂઢ-મંડપમાં દાખલ થતાં અમે મંદિરની દ્વારસાખ આગળ કોતરાયેલ એક સુંદર તોરણ જોયું. આ તોરણ પણ દેલવાડાના દેગના સભામંડપનાં

તોરણોની હરીફાઈ કરે તેવું લાગ્યું. ભગવાન મુરલીમનોહરના મંદિરની દ્વારસાખો અને બારણાંઓ મંદિરને અનુરૂપ દેખાયાં. ભગવાન મુરલીમનોહરનાં દર્શન કરીને અમે ગૂઢ મંડપમાંથી બહાર નીકળ્યા પછી મંદિરની બહાર જવાના દરવાજા ઉપર કોતરાયેલ પ્રઠોને લગતું શિલ્પ જોઇને નદીમાં જતાં પગથિયાં દ્વારા નીચે ઊતર્યાં. નદીમાં ગયા પછી એક પટેલ ભાઇએ અમને કહ્યુ કે "મંદિરના પૂજારીને મળો તો સારું. એ ભાઈ તમને મંદિરનો પુરાણો ઇતિહાસ કહેશે."

અમે વાતો કરતા હતા તેવામાં મારા મિત્ર બાબુભાઈ વ્યાસની ઓળખાણવાળા એક ભાઈ આવી ચડયા. એ ભાઇએ મંદિરનો ટૂંકો ઇતિહાસ કહ્યો. વધારે માહિતી માટે અમે મંદિરના પૂજારી પાસે ગયા, પણ પૂજારી સાહેબ ખીચડી પકવવામાં મશગૂલ હોવાથી અમને કહ્યુ કે "તમારા જેવા તો ઘણા ય ચાલ્યા આવે. બધાને ઇતિહાસ કહેવા બેસીએ તો થાકી જઈએ. મંદિરનો ઇતિહાસ જોઈએ તો છાપામાં વાંચી લેજો."

અમે પૂજારીને કહ્યુ કે "મંદિરની વિગત કયા છાપામાં આવી છે તે કહો અને તારીખ જણાવો તો મોટી મહેરબાની."

પણ પૂજારી સાહેબે કાંઈ જવાબ આપ્યો નહિ! પૂજારીના જવાબની આશા છોડ્યા પછી અમે ગામને પાદર બેઠેલા પટેલ ભાઇઓ પાસે ગયા. એ ભાઈઓએ પોતે જાણતા હતા તેટલી માહિતી આપી.

મંદિર બાંધનાર બે ભાઈઓનાં નામ મળી શકયાં નહિ. એટલે વેલો અને કાનો એ કલ્પિત નામ મૂકવાં પડયા છે. કહેવાય છે કે મંદિર બાંધનાર જગા મહારાજ મોઢ બ્રાહ્મણ હતા અને તેના વંશજો હાલમાં નિઃસ્વાર્થભાવે મંદિરની પૂજા કરે છે. સુપેડી ગામની ચારે બાજુ એક આંટો મારી અમે અમારી ગાડી પોરબંદર તરફ વાળી.

૪૩

# જડેશ્વર મહાદેવ-પંચાળ

**ઊંચા નીચા** ડુંગરડા, લાપડિયાળ ધરતી, કાંકરા, કેર ને થોરનો પાર નહીં, એવી આછી પચાળની ભોમકા ઉપર પંચાળના વાંકાનેર શહેરથી સાત માઇલ દૂર રતન ટેકરી ઉપર જડેશ્વરનું પવિત્ર તીર્થસ્થળ આવેલ છે. છેક આર્યોના સમયથી આજ દિન સુધી હિંદુ પ્રજા પોતાના તીર્થસ્થળો રમ્ય, સ્વાસ્થ્યદાયક જગ્યાએ સ્થાપતી આવી છે. અથવા તો સ્વયંભુ પ્રગટ થઈને આવા સ્થળોને દેવોએ દેવસ્થાન બનાવ્યા છે.

ભારતવર્ષમા શિવજીના બાર જ્યોતિર્લિંગો જુદે જુદે સ્થળે આવેલા છે. આ પ્રથમ શ્રેણીના શિવતીર્થો ગણાય છે. શિવતીર્થોની બીજી શ્રેણીમા સ્વયંભૂ લિગોવાળા તીર્થો ગણાય છે.

ગુજરાતના જાણીતા સ્વયંભૂ લિગોમા જડેશ્વરના શિવલિંગની ગણના થાય છે. કયાક કયાક એવા પ્રસગો બને કે કોઈ કારણસર સ્વયંભૂ શિવલિંગોની પૂજા અટકી પડે, કયારેક ધરતીમા સમાઈ જાય. એવે સમયે આવા સ્વયભૂ શિવલિંગો પુન પ્રગટ થવા માટે ચમત્કાર બતાવે છે, કોઈને સ્વપ્નામા કે બીજી રીતે પ્રેરણા આપે છે અથવા તો ઓચિંતાના પ્રગટ થાય છે.

ગુજરાતના ત્રણ શિવતીર્થો સબધી એકસરખી લોકવાયકા ચાલી આવે છે. આ બાબતમા શિક્ષિત વર્ગ કે વિચારક વર્ગ જે કાંઈક પ્રત્યક્ષ પ્રમાણમા માનતો હોય તેને અમુક પ્રકારની શંકાઓ રહે છે. કોઈ કારણસર અમુક શિવલિંગો જમીનમા દટાઇ જાય પછી કોઇક ભરવાડની ગાય જંગલમા ચરવા ગઈ હોય ત્યાથી છાનીમાની કોઈ ખેચાણ થવાથી શિવલિંગ કે કોઈ દેવ જમીનમા દટાયા હોય તે સ્થગે જઇને ઊભી રહે, તેના આચળમાથી સ્વયં દૂધની શેરો ફૂટે પેલા લિંગ કે કોઈ દેવને દૂધનો અભિષેક થાય, તે પાછી પોતાના માલિકને ત્યા ચાલી જાય, ગોવાળ દૂધ ન દેતી ગાય સબધી તપાસ કરે ઉપર દર્શાવ મુજબના સ્થગે જઇને ગાય ઊભી રહે સ્વયં આચળમાથી દૂધની ધારા વહેવા માડે, ગોવાળ જોઈ જાય, આ ચમત્કાર બાબત કુતૂહલ થાય, તે સ્થળે ખોદકામ કરવામા આવે, દેવ પ્રગટ થાય, સ્થળનો મહિમા વધે. આમ ગુજરાતમા ત્રણ સ્થગે બન્યુ હોય તેવી લોકવાયકા છે. આ પ્રમાણે

બન્યું હોય તેનો પ્રત્યક્ષ પુરાવો ન મળે. પણ મેં મારા ગુજરાતના પ્રવાસ દરમિયાન એક ઠેકાણે એવી ગાય જોઈ હતી, જે કુંવારી હતી, વાછરડાને જન્મ આપ્યો નહોતો છતાં બંને વખત સવારસાંજ નિયમિત દૂધ આપતી હતી! હજી બાર વર્ષ પહેલાની જ વાત છે સૌરાષ્ટ્રના મીઢાના નેસ પાસેના એક સ્થળે એક ગાયના વાછરડાને સિંહે ફાડી ખાધું ત્યાર પછી આઠ દિવસ સુધી જ્યાં ગાયનું વાછરડું મરી ગયું હતું ત્યાં જઈને ગાય ઊભી રહે એટલે આંચળમાંથી સ્વયં દૂધની ધારા વહેવા માંડે! આ રીતે આઠ દિવસ સુધી બન્યું. આ પ્રસંગ જોનાર એક વેપારી વર્ગના ભાઈ હાલમાં અમદાવાદમાં વસે છે.

સ્વયંભૂ જડેશ્વર મહાદેવના પ્રાગટ્ય સંબંધી એક રસિક દંતકથા કહેવાતી આવે છે

કચ્છમાંથી સૌરાષ્ટ્રમાં આવીને જામનગરમાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપનાર જામનગરના પ્રથમ જામ રાવળ જામસાહેબ કોઈ અસહ્ય શિરવેદનાથી પીડાતા હતા. દવા-દારૂ, મંત્રજપ, અનુષ્ઠાન, ભૂત-ભૂવા વગેરે કરવા છતાં શિરોવેદના મટી નહીં છેવટે જામનગરમાં વસતા ત્રિકાળજ્ઞાની જોષી પંજુ ભટ્ટની સલાહ લેવામાં આવી જન્મકુંડળી જોઈને એમણે કહ્યું કે “મહારાજા સાહેબ! તમે ગયે જન્મે ભરવાડ હતા. પંચાળના વાંકાનેર પાસેના એક ગામડામાં તમારો વાસ હતો. જંગલમાં ગાયો ચરાવવા જતા એક વખત એવું બન્યું કે એક તાજી વીયાયેલી ગાય રાત્રે દૂધ આપતી બંધ થઈ ગઈ ગયા જન્મના તમારા ભરવાડ અવતારે આ બાબતનું કારણ શોધવા પ્રયત્ન કર્યો. પ્રયત્ન સફળ થયો. ગાયોનું ધણ જ્યારે ગામ તરફ પાછું ફરતું હતું ત્યારે દૂધ ન દેનાર પેલી ગાય ધણમાંથી છૂટી પડીને રતન ટેકરી નામે એક ડુંગર તરફ ચાલી નીકળી. ભરવાડ તેની પાછળ ગયો ટેકરા ઉપર પડેલ ઢગલા પાસે આવીને ગાય ઊભી રહી ગઈ થોડી વારમાં ગાયના આંચળમાંથી એની મેળે જ દૂધની શેરો ફૂટવા માંડી આ પ્રસંગ જોઈને ભરવાડ દંગ થઈ ગયો તેણે પેલા ઢગલાના પથ્થરો એક બાજુ કરવા માંડયા તેના આશ્ચર્યની વચ્ચે પથરાઓમાં ઢંકાયેલું દૂધના અભિષેકવાળું શિવલિંગ નજરે પડયું ભરવાડે બનેલી વાત ગામમાં જઈને એક બ્રાહ્મણને કરી બ્રાહ્મણને તથા ગાયના માલિકને શિવલિંગ ઉપર આસ્થા બંધાણી બ્રાહ્મણ વિધિપૂર્વક શિવજીનું પૂજન કરવા માંડયો એક વખત બ્રાહ્મણે શિવલિંગ ઉપર એક કમળપુષ્પ ચડાવ્યું કમળપુષ્પથી સુશોભિત

બનેલ સ્વયંભૂ શિવલિંગને જોઈને ભરવાડ આનંદમગ્ન બની ગયો. તેણે બ્રાહ્મણને કહ્યુ કે "શિવજીને રોજ આવાં કમળપુષ્પો ચડે તો કેટલા રૂપાળા દેખાય ?"

તુરત જ બ્રાહ્મણે જવાબ આપ્યો કે 'શિવજીને કમળપુષ્પ ખૂબ વહાલાં છે. કમળપુષ્પની નિયમિત પૂજાથી શિવજી રીઝે છે, પણ તેના કરતાં ય જો કોઈ માણસ પોતાનું મસ્તક, જેને શિરકમળ કહેવામાં આવે છે તે ચડાવે તો શિરકમળ ચડાવનાર ઉપર મહાદેવજી ખૂબ જ પ્રસન્ન થાય છે અને બીજે ભવ મનવાંચ્છિત ફળ આપે છે.' ભરવાડે શિર-કમળથી શિવજીની પૂજા કરવાની વિધિ બ્રાહ્મણ પાસેથી જાણી લીધી. બીજે દિવસે સંધ્યા સમયે ભરવાડે તલવારને એક જ ઝાટકે પોતાનું શિરરૂપી કમળ ચડાવ્યું ! શિવલિંગ ઉપર પટકાઈને ભરવાડનુ માથું બાજુમાં પડેલ મોટા પથરાઓના બખોલમાં જઇ પડયુ. બીજી સવારે શિવપૂજન માટે પેસો બ્રાહ્મણ આવ્યો ત્યારે ભરવાડનું ધડ જોઈને ભરવાડે કમળ-પૂજા કરી હશે તેમ માની લીધું. પથરાની બખોલમાં જઇને પડેલ માથું ઘણી શોધખોળ કરવા છતાં મળ્યું નહિ. બ્રાહ્મણે ગામલોકોને બોલાવ્યા. ભરવાડે કરેલ કમળપૂજાની હકીકત કહી. માથા સિવાયના ધડનો અગ્નિ-સંસ્કાર કરવામાં આવ્યો. વખત જતાં બખોલમાં પડી રહેલ મસ્તકની ખોપરીમાં એક ઝાડવું ઊગી નીકળ્યું. ઝાડવાના મૂળિયાં ખોપરીની ચારે બાજુ ફેલાઈ ગયાં. હવે એવું બન્યુ કે કમળપૂજાથી પ્રસન્ન થયેલ મહા-દેવજીએ ભરવાડનો જીવ જામ રાવળની માતાના ગર્ભમા સ્થાપ્યો. વખત જતાં જામ રાવળનો જન્મ થયો. ધીરે ધીરે જામ રાવળ મોટા થયા. જામનગરમાં આવીને કચ્છથી જુદું રાજ્ય સ્થાપ્યુ. પેલા ભરવાડની ખોપરીમા ઊગેલ છોડવામાંથી મોટું વૃક્ષ થયું. જયારે ઝાડવું હાલે ત્યારે ભરવાડના બીજા અવતારી જામ રાવળના માથામા સખત પીડા થાય." પંજુ ભટ્ટે કહ્યુ કે "મહારાજ ! તમારા મસ્તકમા ઉપર કહેલ હકીકતને લીધે શિરવેદના થાય છે. વાકાનેર પાસે આવેલ રતન ટેકરી ઉપરના જડેશ્વરના મહાદેવના સ્વયંભૂ લિંગ પાસેના પથ્થરના ઢગલા વચ્ચે ઊગેલ ઝાડવું, જેનાં મૂળિયાં ગયા ભવમાં તમારી ખોપરીની આજુબાજુ વીંટયાં હતા તે ઝાડવું કપાવી નાખો અને ખોપરીને અગ્નિદાહ દેવડાવો એટલે તમારી શિરવેદના ચાલી જશે"

પંજુ ભટ્ટના કહેવા પ્રમાણે રતન ટેકરી ઉપર આવેલ જડેશ્વર મહાદેવના સ્વયંભુ લિંગની આજુબાજુ ખોદાણ કરાવતા એક ઝાડવાથી

વીંટળાયેલ ખોપરી મળી આવી. ખોપરીને અગ્નિદાહ દેવામાં આવ્યો. તુરત જ જામ રાવળની શિરોવેદના મટી ગઇ. જામરાવળે સ્વયંભૂ લિંગ ઉપર સુંદર મંદિર બંધાવ્યું. હાલનું જડેશ્વર મહાદેવનું મહાકાય મંદિર જામ રાવળના વખતનું હોય તેમ દેખાતું નથી. પણ સ્વયંભૂ શિવલિંગ અને રતન ટેકરીના તીર્થસ્થળનો ખૂબ જ મહિમા હોવાથી હાલનું વિશાળકાય મંદિર જામ રાવળે બંધાવેલ મંદિર જીર્ણ થતાં ફરીથી બાંધવામાં આવ્યું હોય તેમ ચોક્કસ લાગે છે. ત્રણ બાજુ શૃંગાર ચોકીવાળો વિશાળ સભામંડપ, નાગરાદિ શ્રેણીનો શિખર ભાગ, મંડોવરની જંઘા ઉપરનું સાદું શિલ્પ, ઘુમ્મટની ગોળાઇ વગેરે જોતાં એમ લાગે છે કે હાલનું શિવમંદિર બહુ પુરાણું નથી, પણ ગુજરાતનાં મુસ્લિમ કાળોત્તર શ્રેણીનાં મંદિરો જેવું છે. મંડોવરના ગવાક્ષમાંની મૂર્તિઓનું શિલ્પ ગુજરાતના સોલંકીકાળના શિલ્પથી ઘણું ઊતરતું છે. છતાં કારીગરે સોલંકી યુગમાં વિસરાઇ ગયેલ શિલ્પને પુનર્જીવિત કરવાના પ્રયત્નો કર્યાં છે. મંદિરની બહારના ભાગે સુંદર નંદી-ચોકીઓ મૂકવાની પ્રથા ગુજરાતના મરાઠા કાળ દરમિયાન ઘણી પ્રચલિત થઈ હતી. આવી નંદી-ચોકીવાળું એક સુંદર મંદિર સિદ્ધપુરમાં મધુપાવડીના ઘાટ પાસે ઊભું છે. જડેશ્વર મહાદેવના મંદિરની જગતિ ઉપર આગળથી જવાના પગથારની બંને બાજુએ સભામંડપ તરફ જતાં એક બાજુ અન્નપૂર્ણાદેવી તથા બીજી બાજુ ગાયત્રીદેવીની નાની દેવકુલિકાઓ આવેલ છે. ગાયત્રીદેવી તથા અન્નપૂર્ણાદેવીની આરસની પ્રતિમાઓ ખૂબ આકર્ષક છે. તેનું કોતરકામ જયપુરના શિલ્પીએ કર્યું હોય તેવું દેખાય છે. જામ રાવળના પૂર્વજન્મની ખોપરી જે જગ્યાએથી મળી તે જગ્યાએ જામ રાવળે બંધાવેલ રાવળેશ્વર મહાદેવનું મંદિર હાલમાં મોજૂદ છે. વળી એક બીજી લોકવાયકા મુજબ ખુદ જામ રાવળ જડેશ્વર ગયા હતા અને પંજુ ભટ્ટના કહેવા મુજબ ખોપરીમાં ઊગી નીકળેલું ઝાડ પોતે કાપી નાખ્યું હતું. એ રીતે તેની શિરોવેદના મટી હતી. મળી આવેલ ખોપરી જામ રાવળ જામનગર લઈ ગયા હતા અને ત્યાં એ ખોપરીનું પૂજન કરતા હતા. ગમે તેમ હોય, પણ જડેશ્વર મહાદેવના તીર્થસ્થળને જામ રાવળના સમયથી આજ સુધી દર મહિને જામનગર રાજ્ય તરફથી પચાસ રૂપિયા મળે છે, જે હાલની સરકારે પણ ચાલુ રાખ્યા છે. જડેશ્વર મહાદેવના નવા મંદિર બાબત જાણવા મળે છે કે પેશ્વા સરદાર વિઠોબાએ પોતાને રક્તપિત્ત મટી જવાથી હાલનું જડેશ્વરનું ભવ્ય શિવાલય

૧૮૬૮મા બધાવ્યું હતુ

દંતકથાઓ કે બીજી બાબતે ને એક બાજુએ મૂકીએ તો પણ જડેશ્વર મહાદેવનું ધામ આરોગ્યમય વાતાવરણમા આવેલ છે આ ધામમા રહેનારને બીજા દિવસથી જ બેવડી ભૂખ લાગે છે. મ દિરની આજુબાજુ ધર્મશાળાની તથા બાજુમા આરોગ્યભવનની વ્યવસ્થા હોવાથી આ સ્થળ બીમારીમાંથી ઊઠ્યા પછી હવાફેર કરવા માટે ઉત્તમ સ્થાન સર્યું છે. મ દિરમા પાણીની તથા ખાવાપીવાની સુદર વ્યવસ્થા હોવાથી યાત્રાળુ કે હવાફેર કરનાર નફિકરો બનીને આન દથી રહે છે. સ્વયભૂ જડેશ્વર મહાદેવની પૂજા કરવાથી બીજે ભવ લાભ થતો જોવા માટે નિકળદશી' જોગીનો આશરો લેવો પડે છે પણુ આ ભવે જ બીમાર માણુસની બીમારી દૂર થાય એવો પ્રત્યક્ષ પરચો જડેશ્વરનું ધામ તુરત જ બતાવી દે છે.

જડેશ્વર મહાદેવની પેઠે જ પરચો આપનાર બીજા બે સ્વયભૂ શિવતીર્થો ગુજરાતમાં આવેલા છે. એક મહેસાણા જિલ્લાના ધીણોજ ગામ પાસેનું જમકેશ્વર મહાદેવનું સ્થળ અને બીજુ લુણાવાડા પાસેના નારેશ્વર મહાદેવનું સ્થળ વધારે આશ્ચર્યની વાત તો એ છે કે આ બને સ્થળોના શિવલિંગોના પ્રાગટ્યનો સમય સોળમા સૈકાની આજુ બાજુનો છે અને બને સ્થળે દટાયેલા લિંગો ઉપર ઘણુમાથી છૂટી પડીને પહોચી જતી ગાય સ્વય દૂધની ધારાઓ વહાવતી, એવી દંતકથા કહેવાતી આવે છે

જડેશ્વર મ દિરના હાલના મહ ત શ્રી કૃષ્ણુપ્રકાશ મહારાજ યાત્રાળુઓ તરફ ખૂબ જ મમતા દાખવે છે મ દિરમા જઈએ કે તુરત જ ઘેર રહેતા હોઇએ એવુ ઘરોબાનું વાતાવરણુ ખડું કરી દે છે ખરેખર, તીર્થનું માહાત્મ્ય વધારવાની વાત પૂજારીના હાથમા છે. સૌરાષ્ટ્રના તથા ગુજરાતના કેટલાક તીર્થસ્થળોમા યાત્રિકો માટે જમવાની તથા રહેવાની સુંદર વ્યવસ્થા હોય છે વ્યવસ્થાપક કે મહ ત મોટું હૃદય રાખે તો મ દિરના સાધનોનો ઉપયોગ કરનાર કે મ દિરને રસોડે જમનાર યાત્રી ભાગ્યે જ મ દિરને આર્થિક રીતે ઘસારો આપે છે છતા યાત્રાળુઓ તરફથી ઓછી આવક થાય તો જરૂર સ્વયભૂ જડેશ્વર જેવા હાજરાહજૂર દેવો સ્થાનકની આબરૂ જાય તેવું થવા દે નહિ, દેશે નહિ

"જય જડેશ્વર !"

૪૪

## ખિમેશ્વર મહાદેવ

પોરબંદર શહેરની પશ્ચિમ દિશાએ ચાર માઈલ દરિયાકિનારે કુછડી નામે ગામ આવેલ છે. આ ગામથી એક ફર્લાંગ દૂર પથરાળ ભૂમિ ઉપરના એક ટેકરા ઉપર ખિમેશ્વર મહાદેવનું પુરાણું શૈવતીર્થધામ આવેલ છે. આ તીર્થસ્થળનું મૂળ નામ તો પાંડવેશ્વર હોય તેમ કહેવાય છે, પણ સંવતના સત્તરમા સૈકાની શરૂઆતમાં પોરબંદરના પ્રખ્યાત મહારાણા ખિમાજીએ આ સ્થળે આવેલાં બધાં મંદિરોનો પુનરુદ્ધાર કરાવી ચારે બાજુ કોટ બંધાવ્યો ત્યારથી આ સ્થળને ખિમેશ્વર મહાદેવના ધામ તરીકે ઓળખાવવામાં આવે છે.

આ સ્થળનું માહાત્મ્ય વધારતી દંતકથાઓમાં એમ કહેવાય છે કે વનવાસ દરમિયાન ફરતાં ફરતાં પાંડવો ખિમેશ્વરના તીર્થસ્થળવાળી જગ્યાએ આવી ચઢયા. દરિયાકિનારાની આ જગ્યા પાંડવોને સુંદર લાગતાં થોડો વખત રોકાઈ ગયા. રોકાણ દરમિયાન શિવપૂજન માટે નજીકના સમુદ્રતીરેથી પાંચ પાંડવો તથા માતા કુંતા એક એક સાગરેશ્વર શિવલિંગો લઈ આવ્યાં અને હાલના ખિમેશ્વર મહાદેવના સ્થળમાં સ્થાપના કરી. સાગરને કિનારે આવેલ પથરાળ ખડકો પાણીના ઘસારાથી લિંગ આકારના ગોળ થઈ જતાં તે શિવલિંગ તરીકે સ્થાપી શકાય છે. આવાં લિંગોને સાગરેશ્વર લિંગો કહેવામાં આવે છે. નર્મદા નદીમાં મળતા લિંગને નર્મદેશ્વર અને ગંગા નદીમાં મળતાં લિંગોને ગંગેશ્વર શિવલિંગો કહેવામાં આવે છે. મનુષ્યો કોતરીને લિંગો બનાવે તેને માનુષી લિંગો કહેવામાં આવે છે. જમીનમાંથી સ્વયંભૂ પેદા થાય તેને સ્વયંભૂ લિંગ કહેવામાં આવે છે.

આ તીર્થસ્થળોમાં પાંડવોએ સાગરેશ્વર લિંગો પધરાવી પૂજન કર્યું હશે કે નહિ તે કહેવું મુશ્કેલ છે. પણ ગુજરાતભરમાં પાંડવોના નામ સાથે સંકળાયેલ કેટલી ય જગાઓ આવેલ હોવાથી પાંડવો વનવાસ દરમિયાન ગુજરાતમાં ઘૂમ્યા હશે એ વાત ચોક્કસ કહી શકાય.

ગુજરાતમાં મહી નદી દાખલ થાય છે ત્યાંથી માંડીને છેક સેનાલિયા ગામ સુધીના નદીકાંઠાનાં બંને બાજુનાં જંગલોને સૈકાઓથી હેડમ્બા-રણ્યનાં જંગલોના નામથી ઓળખાવવામાં આવેલ છે. ગિરનાં જંગલના

પૂર્વ તરફને છેડે આવેલ સાણા ડુંગરવાળા ભાગનાં જંગલોને હેડમ્ખાના જંગલ નામે ઓળખાવવામાં આવે છે. જો કે આ સ્થળે આવેલ જંગલો છેલ્લાં ત્રીસ વર્ષમાં સાફ થઈ ગયાં છે.

પુરાણોમાં એમ લખાયું છે કે વનવાસ દરમિયાન પાંડવો હેડમ્ખારણ્યમાં આવી ચઢ્યા, આ જંગલની રાણી હેડમ્ખા સાથે ભીમને તકરાર થઈ, બંને વચ્ચે યુદ્ધ ખેલાયું. બળવાન ભીમને હાથે હેડમ્ખા હારી ગઈ. પણ તેને ભીમ સાથે પ્રેમ થતાં બંનેએ ગાંધર્વ લગ્ન કર્યાં.

પંચમહાલના લુણાવાડા શહેરથી નવ માઈલ પશ્ચિમ તરફ અને સાબરકાંઠાના માલપુર શહેરથી પંદર માઈલ પૂર્વ તરફ મહી નદીના કિનારાથી બે માઇલ દૂર 'કળેશ્વરીની નાળ' નામનું સુંદર સ્થળ આવેલું છે. આ સ્થળે સોલંકી યુગના અગિયારમા કે બારમા સૈકા દરમિયાન બંધાયેલાં કેટલાંક મંદિરોનાં ખંડિયેરો આવેલા છે. નજીકની એક ટેકરી ઉપર પણ ત્રણચાર મંદિરોના ભગ્નાવશેષો પડયા છે. આ સ્થળે ઊભી કરાયેલી એક સાડા પાંચ ફીટ ઊંચાઈવાળી સ્ત્રીમૂર્તિને હેડમ્બાની મૂર્તિ તરીકે ઓળખાવવામાં આવે છે. નજીકમા આવેલ મંદિરના તૂટેલા સભામંડપના બે સ્થભોને હેડમ્ખાના હીંચકાના નામે ઓળખાવવામાં આવે છે. અગિયાર કે બારમા સૈકામાં બંધાયેલા મંદિરના ભગ્ન ભાગો સાથે હેડમ્બાની મૂર્તિ અને હેડમ્બાના હીંચકાનો મેળ બેસાડનારને ધન્યવાદ આપવો ઘટે. ગિરના જંગલને પૂર્વ છેડે આવેલ બાબરીયાવાડના સાણાના ડુંગરની ઉપર આવેલ એક ભોંયરામા ઊભેલા ચાર સ્થંભોને ભીમની ચૉરી તથા બીજા એક ભોંયરામાં આવેલ બૌદ્ધ સ્તૂપને ભીમના મહાદેવના નામે ઓળખાવવામા આવે છે. પણ આ સ્થળે આવેલા બધાં ભોંયરાઓ હીનયાન પંથી બૌદ્ધોએ ઇસવી સનના પહેલા એકાદ સૈકામાં કોતરાવ્યાં હોય એમ દેખાય છે.

× ×

વનવાસ દરમિયાન કુંતાજીને ખૂબ તરસ લાગી. પાણીની શોધ પડતાં કુંતાજી અકળાવા લાગ્યાં. આજુબાજુ શોધખોળ કરતાં કયાંય પાણી મળી શકયું નહિ એટલે ગુસ્સે થઈને ભીમે સહદેવજીને કહ્યું કે "એલા જોષો! તારા જોષમા મેલ કોગી તે રાખ થાય ધોળી."

સહદેવે તુરત જ જવાબ આપ્યો કે "મોટા ભાઈ! જોષ જોના બાબત કોઈ પૂછે તો જ જવાબ આપવાનું બંધન મેં સ્વીકારેલું હોવાથી કોઈએ પૂછ્યું નહિ એટલે મેં જવાબ આપ્યો નહિ."

"તો ભાઈ! હવે પાણા ઉપર કુંડળી મૂકીને એમ જોતા માંડ કે આજુબાજુમાં ક્યાંય પાણી છે કે નહિ?"

સહદેવે એમ જોઈને કહ્યું કે "ભાઈ! તુ ઊભો છે તે જગા નીચેના ખડક નીચે ત્રણ ફીટ ઊંડાણમાં એક ગુપ્ત ઝરણું વહે છે."

ભીમે જોર કરીને પથ્થર ઉપર પાટું માર્યું. પથ્થરમાં ઊંડો ખાડો પડી ગયો. તુરત જ પથ્થર નીચે વહેતુ ગુપ્ત ઝરણું પેલા ખાડામા થઇને બહાર વહેવા માંડયું માતા કુંતાએ તરસ છિપાવી

આ પ્રકારે ઉત્પન્ન થયેલા ત્રણ સ્થળો ગુજરાતમાં જુદે જુદે સ્થળે બતાવવામાં આવે છે. ગિરના જંગલમાં આવેલ તુલસીશ્યામના તીર્થસ્થળમાંથી થોડે દૂર રાવલ નદીના તટમાં આવેલ ભીમચાસનું સ્થળ, બીજું ઈડરિયા ડુંગરાઓની હારમાળાના છેલ્લા ડુંગરા ઉપર આવેલ ભીમપગલાનું સ્થળ અને ત્રીજું ધ્રાગધ્રા શહેરની પૂર્વ દિશાએ તેર માઈલ દૂર આવેલ દ્રૌપદી કુંડના તીર્થસ્થળ પાસેનું ભીમપગલાનું સ્થળ. ભાલમા આવેલ ભીમનાથ મહાદેવ તથા અમદાવાદના ભીમનાથના આરા નજીકના ભીમનાથ મહાદેવના સ્થળ સંબંધી એવી દંતકથા કહેવામાં આવે છે કે અગિયારસના નકોડા ઉપવાસથી થાકીને ભીમ નદીના પ્રવાહ આડે સૂઈ ગયો. ભીમનું શરીર નદીના આડબંધ જેવું થઇ જતા નદીનો પ્રવાહ રોકાયો. તેથી નદીકિનારે આવેલ મહાદેવના મંદિરમા પાણી ભરાયું. મહાદેવને આ બાબતનો રસ્તો કાઢવા સિંહનું શરીર ધારણ કરવું પડયું પાર્વતીને ગાયનું સ્વરૂપ ધારણ કરવુ પડયુ ભીમ નદીમા સૂતો હતો ત્યા થઈને પાર્વતીજી ગાયને સ્વરૂપે દોડયાં મહાદેવજી સિંહના સ્વરૂપે તેની પાછળ પડયા ગાયની પાછળ પડેલ સિંહને જોતા તેને મારવા માટે ભીમ એકદમ ઊભો થઇ ગયો. નદીનું રોકાયેલું જળ ફરીથી વહેવા માંડયુ. મંદિરમાં પહોંચેલ પાણી ઊતરી ગયું. ગાય સ્વરૂપે પાર્વતી અને સિંહ સ્વરૂપે મહાદેવજી અદશ્ય થઇ ગયા!

વનવાસ પછી અજ્ઞાત વાસ દરમિયાન પાંડવો વિરાટનગરીમા એક વર્ષ રહ્યા હતા તેમ મહાભારતમા લખાયુ છે. અમદાવાદ શહેરની દક્ષિણે ૨૯ માઈલ દૂર આવેલ ધોળકા શહેરને જૂની વિરાટનગરી તરીકે ઓળખાવવામા આવે છે. પણ આ બાબત કોઈ પ્રત્યક્ષ પ્રમાણ મળતુ નથી. ધોળકા શહેરને એક છેડે આવેલ ટાંકાની મસ્જિદ કે જે પુરાણું જૈનમંદિર હોવાનો સંભવ છે તેને અજ્ઞાતવાસ દરમિયાન વિરાટ રાજાના રસોઇયા તરીકે રહેલ 'ભીમના રસોડા'ના નામની ઓળખા-

વવામાં આવે છે. શહેરમાં આવેલ એક બીજી મસ્જિદને પાંડવોની નિશાળના નામે ઓળખાવવામાં આવે છે, પણ આ વાત તદન ગેર વાજબી છે. હાલનું ધોળકા શહેર ઊંચા ટીંબાઓ ઉપર બંધાયેલ હોવાથી તેની નીચે પુરાણી વિરાટ નગરીના અવશેષો દટાયા હોય તો ભગવાન જાણે ! આ બાબત ધોળકા ગામમા આવેલ ટેકરાવાળી કોઈ પડતર જગ્યાએ ખોદકામ કરાવવું ખાસ જરૂરી છે.

ભારતવર્ષમાં આર્યો આવ્યા તે પહેલાં અસુર પ્રજા એસિરિયા–હાલના ઇરાક–પ્રદેશમાંથી આવી વસી હોય તેવો સંભવ છે. ત્યાર પછી ઈરાકની સુમેરિયન પ્રજા ભારત તરફ આવી હોય તેમ દેખાય છે. આ બાબતને સમર્થન આપતા એસિરિયા તથા સુમેરિયાની જૂની સંસ્કૃતિને મળતા કેટલાક અવશેષો ગુજરાત, સૌરાષ્ટ્ર, સિન્ધ અને પંજાબમાંથી મળી આવ્યા છે. કદાચ ભારતવર્ષની સુધરેલી આર્યેતર પ્રજા ઈરાકમાંથી આવી ન હોય તો પણ આ પ્રજાને એસિરિયન અને સુમેરિયન પ્રજા સાથે પૂરેપૂરો સંપર્ક હશે. એસિરિયન અને સુમેરિયન પ્રજાઓના ભારતવર્ષમા આવી વસવા સંબંધી વાતની તરફેણમાં ઈરાક ઉપરના આર્ય પ્રજાઓના હુમલાઓ હોઇ શકે આપણાં પુરાણો પણ ભારતવર્ષની આર્યેતર પ્રજાને અસુર પ્રજાના નામથી ઓળખાવે છે.

આર્યો ભારતવર્ષમાં આવ્યા ત્યારે ભારતવર્ષની અસુર પ્રજા સુંદર શહેરો બાંધી જાણતી હતી, કિલ્લેબંધીઓ કરી શકતી હતી, આરોગ્યના નિયમો જાળવતી ગટરો બનાવી શકતી હતી અને સુંદર મહાલયો બાંધી શકતી હતી.

ઉત્તરમાંથી આવેલ મજબૂત આર્ય ટોળીઓ સામે અસુરો ટકી શક્યા નહિ એટલે એ પ્રજાને ધીરે ધીરે દક્ષિણ તરફ ચાલ્યા જવું પડયું. દક્ષિણ તરફ જઈ વસેલ જૂની આર્યેતર પ્રજા એ જ હાલની દક્ષિણ દ્વીપકલ્પની દ્રાવિડ પ્રજા હોવાનો પૂરો સંભવ છે.

ભારતવર્ષમાં આવી વસેલ આર્યો શરૂઆતમા અનાર્યો સાથે ભળ્યા નહિ, પણ ધીમે ધીમે એક બીજાને મેળ થતા આર્યો અનાર્યો પાસેથી વેપાર, વાણિજ્ય, વહાણવટું, શિલ્પ અને સ્થાપત્ય તથા અમુક પ્રકારની યુદ્ધવિદ્યાઓ શીખ્યા.

આર્યો પહેલાં આવનાર આર્યેતર પ્રજાઓ ભારતવર્ષમા આવી હશે ત્યારે હાલના બલુચિસ્તાનને માર્ગે થઇને સમુદ્ર વાટે સૌરાષ્ટ્રમાં ઊતરી

હોય તેવો સંભવ છે. સૌરાષ્ટ્રમાંથી મળી આવેલ લોથલ વગેરેના અવશેષો ઉપરથી આ મંતવ્ય વધારે દૃઢ બને છે. આર્યેતર પ્રજાએ સૌરાષ્ટ્રમાં કરેલ બાંધકામોની શ્રેણી સંબંધી હજી પૂરેપૂરો પ્રકાશ પડયો નથી. પુરાણોના લખાણ મુજબ આર્યો તથા અસુર પ્રજા વચ્ચે સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ સુમેળ થયો હોય તેમ દેખાય છે. અને તેના ફળરૂપે બાંધકામમાં કેટલીક મિશ્ર પદ્ધતિઓ ઊભી થઈ હોવી જોઈએ.

सुरैस्तु नागराः ख्याता द्राविडा दानवेन्द्रकैः ।

'શિલ્પ રત્નાકર'માં લખ્યા પ્રમાણે દેવતાઓએ નાગરશ્રેણી અને દાનવોએ મંદિરોના બાંધકામમાં દ્રાવિડશ્રેણી સ્વીકારી હોય તેમ લાગે છે. આર્ય અનાર્ય પ્રજાના ભેળસેળ પછી દેવસ્થાનોનાં બાંધકામોમાં કે બીજાં બાંધકામોમાં અમુક પ્રકારની મિશ્ર પદ્ધતિ શરૂ થઈ હશે. આવાં બાંધકામો શરૂઆતમાં ઈંટમાટીથી બંધાયાં હશે, પણ વખત જતાં પથ્થરોનો ઉપયોગ થવા લાગ્યો હશે.

ઉપર લખ્યા પ્રમાણે દક્ષિણની દ્રાવિડ શૈલી અને આર્યાવર્તની નાગર શૈલી એમ બેય શૈલીના સુમેળથી પણ દક્ષિણની દ્રાવિડ શૈલીના વધારે ઝોકવાળી એક શૈલી સૌરાષ્ટ્રનાં મંદિરોના બાંધકામમાં વિકાસ પામી હશે તેમ લાગે છે. આશરે છઠ્ઠા સૈકાની આજુબાજુમાં આ શ્રેણીનાં કેટલાંક દેવમંદિરો સૌરાષ્ટ્રમાં જુદી જુદી જગ્યાએ બંધાયાં હશે. ખાસ કરીને હાલમાં ગોહિલવાડનું કળસાર ગામનું વસીનું દેરું, હાલારનું જીણાવાળી ગામ પાસેનું ગોપનું મંદિર, બરડા પહાડમાં આવેલ બિલેશ્વર, ઘુમલી અને પાસ્તરનાં મંદિરો, પોરબંદર પંથકમાં આવેલ વિસાવડા, ખિમેશ્વર, હરસિદ્ધ માતા વગેરેનાં મંદિરો, ઝાલાવાડના થાન તથા દ્રૌપદી કુંડ નજીકનાં મંદિરો, સાબરકાંઠામાં રોડાનું પશુપક્ષી મંદિર વગેરે મંદિરોમાં આ શૈલી જોવા મળે છે. આ બાંધણી કદાચ સૌરાષ્ટ્રની સ્વતંત્ર શૈલી પણ હોય

ઈસવી સનના છઠ્ઠા સૈકાથી માંડીને નવમા સૈકા સુધીમાં બંધાયેલાં ચૈત્યબારીની શિલ્પશ્રેણીવાળાં કેટલાંક મંદિરો દ્રાવિડ શૈલીના ઝોકવાળાં હોય તેવાં દેખાય છે.

કુછડીનું ખિમેશ્વર મહાદેવનું મંદિર નાગરશ્રેણીની બાંધણીવાળું નથી, પણ લંબચોરસ ગૂઢમંડપ જેવા મહાકાય મંડપની વચ્ચોવચ નહીં પણ જરાક પાછળ પડતા ભાગે પ્રદક્ષિણા પથ છોડીને બંધાયેલા ગર્ભ-

ગૃહવાળું દેખાય છે. શિખરભાગ એટલા ગર્ભગૃહ ઉપર જ બંધાયો છે, જ્યારે બાકીના ભાગ ઉપર ચારે બાજુ અગાશી બાંધવામાં આવી છે: ગર્ભગૃહ ઉપરથી શરૂ થતો શિખરભાગ ફણસણા શૈલીથી થોડો વધારે ઊંચાઇવાળો પણ નાગરશ્રેણીનાં શિખરો કરતાં સહેજ નીચો એમ મધ્યમસરનો બનાવાયો છે. આખા શિખરભાગ ઉપર ચડઉતર ચૈત્ય-બારીનાં સુશોભનો કોતરાયેલાં દેખાય છે. આમલકની શ્રેણી છઠ્ઠા સૈકામાં બંધાયેલા દક્ષિણ ભારતના દ્રાવિડ શૈલીના આમલકોને મળતી દેખાય છે.

ખિમેશ્વર મહાદેવના મંદિરના આંગણમાં બનાવવામાં આવેલ એક ઓટલા પર શિવલિંગો દેખાય છે. આ શિવલિંગો પાંચ પાંડવો તથા માતા કુંતાએ પધરાવેલ લિંગો તરીકે ઓળખવામાં આવે છે. આ લિંગો માનુષી લિંગો હોવાથી ઉપરની વાતને સમર્થન મળતું નથી. ખિમેશ્વર મહા-દેવના મંદિરની બાજુમાં એના જેવી જ શ્રેણીનું પણ સહેજ નાનું એક બીજું મંદિર આવેલ છે, જેને ધીંગેશ્વર કે ભીમેશ્વર મહાદેવ નામે ઓળખાવવામાં આવે છે. ધીંગેશ્વર મહાદેવના મંદિર સામે તેના જેવું જ એક બીજું સૂર્યમંદિર આવેલ છે. આ સૂર્યમંદિરના ગર્ભગૃહમાં સૂર્યની સુંદર મૂર્તિ બિરાજે છે. મંદિરનો પ્રદક્ષિણાપથ સહિતનો ગૂઢ-મંડપ તૂટી ગયો છે. મુખ્ય મંદિરની ડાબી બાજુએ બે નાનાં શિવમંદિરો આવેલાં છે. આ બન્ને શિવમંદિરો સાદી ફણસણા શૈલીનાં શિખરવાળાં છે. કદાચ પુરાણી ફણસણા શૈલી આ શૈલીમાંથી વિકાસ પામી હશે. આ મંદિરથી બાજુમાં સૂર્યમંદિરના જેવું પણ નાનું નવદુર્ગાનું મંદિર આવેલું છે. તેની નજીકમાં જ છંડક તેમજ આમલક સિવાયના રથ-આકારનું એક મંદિર આવેલ છે. આ મંદિરની ઉપરનો ભાગ ઓરિસ્સાના વૈતાલ ડ્યુએલના મંદિરને બહુ થોડે અંશે મળતો આવે છે. દૂરથી આ મંદિર મહાબલિપુરમ્‌નાં મંદિરોના પાંડવોના પાંચ રથ-મંદિરોમાંના ચોથાને મળતું આવે છે. ખિમેશ્વરના તીર્થસ્થળનાં બધાં જ મંદિરોની શૈલી કાંઈક અંશે દ્રાવિડ શૈલીના ઓકવાળી છે. નાનકડું ગણપતિમંદિર પણ આ શ્રેણીનું દેખાય છે. મંદિરના ચોગાનમાં કેટલીક મૂર્તિઓ પડી છે, જે સોલંકી યુગ પહેલાંની હોય તેમ દેખાય છે. આ બધાં મંદિરોનો પુનરુદ્ધાર થયેલ હોવાથી તેમ જ વારંવાર કળીચૂનાથી ધોળાતાં હોવાથી નવા બનેલાં હોય તેમ લાગે છે. મંદિરોનું પુરાણું શિલ્પ ક્યાંક ક્યાંક પુનરુદ્ધાર દરમિયાન ઢંકાઈ જવા પામ્યું છે છતાં તેનું પુરાણાપણું છાનું રહેતું નથી.

ખિમેશ્વર મહાદેવનો પૂજારી દશનામી અતીત હોવાથી આ મંદિરો અમુક વર્ષો પહેલાં પાશુપત સંપ્રદાયના હાથ નીચે હોવાં જોઈએ તે બનવાજોગ છે.

ખિમેશ્વર ધામની આજુબાજુની કેટલીય ફળદ્રૂપ જમીન ધોવાઈ જતાં હાલમાં મંદિરની ચારે બાજુનો ભાગ પથરાળ બની ગયો છે. મંદિરે જતા ધોરી માર્ગ સિવાય ખિમેશ્વર મહાદેવને મંદિરે જવું ઘણું મુશ્કેલ પડે છે.

આ તીર્થસ્થળ ચૌદસો વર્ષ પુરાણું હોવા છતાં મધ્યસ્થ કે રાજ્ય પુરાતત્ત્વ ખાતાએ તેને અંગે કોઈ ખાસ નોંધ કરી હોય તેમ દેખાતું નથી. ગુજરાતની મોટા ભાગની જનતા આ પુરાણા સ્થળથી અજાણ છે. પુરાતત્ત્વવિદોએ તેમ જ રાજ્યસરકારે આ સ્થળને પ્રકાશમાં લાવવા પ્રયત્નો કરવા જોઈએ.

એક સાથે આઠ આઠ પુરાણાં મંદિરોનું ઝૂમખું ધરાવતું ખિમેશ્વરનું તીર્થસ્થળ શિલ્પરસિકો માટે તેમજ પુરાતત્ત્વવિદો માટે આકર્ષણ સમું છે. પોરબંદર જનાર સર્વ શિલ્પ, સ્થાપત્ય અને પુરાતત્ત્વવિદ તેમ જ ઇતિહાસપ્રેમી યાત્રાળુ ભાઈઓને આ સ્થળ જોઈ આવવાની મારી વિનંતી છે. ખિમેશ્વર જવા માટે પોરબંદરથી ટેક્ષી તેમ જ ઘોડાગાડીઓ મળે છે.

૪૫

# બિલેશ્વર મહાદેવનું મંદિર-બરડો

હાલારમાં આવેલ બરડો ડુંગર બિલેશ્વરના પવિત્ર તીર્થસ્થળથી શરૂ થતો દેખાય છે. અહીંથી થોડાક માઈલ દૂર આવેલ બરડા ડુંગરનાં ઊંચાં શિખરોનાં વરસાદી કે સંગ્રહાયેલાં જળ વહાવતી બિલેશ્વરી નદી બિલેશ્વર મહાદેવના ધામ નજીકથી જ નીકળે છે. ઊંચી ભેખડો વચ્ચે થઈને વહેતી બિલેશ્વરી નદી ઘાડાં જંગલો વચ્ચે થઈને વહેતી હોવાથી નદીકાંઠા ઉપર ક્યાંક ક્યાંક દીપડા જેવાં હિંસક પશુઓ જોવા મળે છે. બિલેશ્વર તીર્થધામ જવું એ પહેલાંના વખતમાં બહુ મુશ્કેલ હતું, પણ પોરબંદર સુધીની ટ્રેન થયા પછી બિલેશ્વર જવુ ઘણું સહેલું થઈ પડયું છે. જેતલસર જંકશનથી પોરબંદર જતી ગાડીના સખપુર સ્ટેશને ઊતરીને બિલેશ્વર જવાય છે. તદુપરાંત તરસાઈ થઈને પણ બિલેશ્વર જવાય છે. તરસાઈથી બિલેશ્વર ફક્ત બે જ માઇલ દૂર છે. પોરબંદરથી ભાણવડ જતી બસ બિલેશ્વરના તીર્થધામના દરવાજા પાસે થઈને નીકળે છે, એટલે ચોમાસા સિવાય ભાણવડથી કે રાણાવાવથી બિલેશ્વર જવું સહેલું પડે છે.

આ તીર્થધામ સંબંધી પુરાણોમાં એમ લખાયું છે કે મૂળમાં સુદર્શન ચક્ર મહાદેવ પાસે હતું. મહાદેવજી પાસેથી સુદર્શન ચક્ર મેળવવા માટે બિલેશ્વર મહાદેવ આગળ શ્રીકૃષ્ણ ભગવાને (કદાચ વિષ્ણુએ) તપ શરૂ કર્યું. બાજુમાં આવેલ બિલેશ્વરી નદીના પાણીના ધૂનાઓમાં થતાં એક હજાર કમળ બિલેશ્વર મહાદેવને ચડાવવાનું કૃષ્ણ ભગવાને નીમ લીધું હતું. કમળ ચડાવ્યા પછી શ્રીકૃષ્ણ મહાદેવનું કઠિન તપ કરતા. તપશ્ચર્યા દરમિયાન ઘણો સમય ગયો. મહાદેવજી પ્રસન્ન થયા નહિ. એક વખત મહાદેવજીને ચડાવવામાં આવતાં સહસ્ર કમળોમાંથી એક કમળ ઓછું થયું. ભગવાન કૃષ્ણે આંખને નેત્રકમળ માનીને શસ્ત્ર વડે પોતાની એક આંખ કાઢીને મહાદેવ ઉપર ચડાવી! આ બનાવથી મહાદેવજી પ્રસન્ન થયા. તેમણે ભગવાન શ્રીકૃષ્ણની આંખ તેના મૂળ સ્થાને ગોઠવી. પછી ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું કે "તમારે મારું તપ કરવાની શી જરૂર પડી?"

કૃષ્ણ ભગવાને કહ્યું કે "દુશ્મનોને હણવા માટે મારે તમારી પાસેથી સુદર્શન ચક્ર જોઇએ છે.

પ્રસન્ન થયેલા મહાદેવજીએ કૃષ્ણ ભગવાનને સુદર્શન ચક્ર આપ્યું.

આ સ્થળ સંબંધી શિવપુરાણના ૬૯મા અધ્યાયમાં લખાયું છે કે શ્રીકૃષ્ણ બરડામાં આવેલ બિલેશ્વરી નદી પાસેના પવિત્ર તીર્થસ્થળે મહાદેવની આરાધના માટે બેઠા. તેમણે સાત મહિના સુધી મહાદેવને આરાધીને રોજ બિલીપત્રો ચડાવ્યા કર્યાં. સાતમે મહિને મહાદેવ પ્રસન્ન થયા અને વર માગવા કહ્યું ત્યારે શ્રીકૃષ્ણે સુદર્શન ચક્ર માગ્યું. જે જગ્યાએ શિવને આરાધવા માટે સાત મહિના સુધી શ્રીકૃષ્ણે બિલીપત્રો ચડાવ્યાં હતાં તે સ્થળેથી તપશ્ચર્યા પૂરી થયા પછી બિલીપત્ર નીચેથી બિલેશ્વર મહાદેવનું સ્વયંભૂ લિંગ નીકળ્યું! કૃષ્ણ ભગવાને આ સ્વયંભૂ લિંગની સૌ પ્રથમ પૂજા કરી. કૃષ્ણના સમયથી આ સ્થળનું માહાત્મ્ય ચાલ્યું આવે છે.

બિલેશ્વરના શિવલિંગ બાબત શંકા કરતા એક ભાઈએ પૂછ્યું કે "મહાદેવનુ મંદિર માંડ હજાર બારસો વર્ષ જૂનું છે તો પછી આ સ્થળનો અને કૃષ્ણ ભગવાનનો મેળ કેવી રીતે બેસાડવામા આવ્યો હશે?" લગભગ સંવતના ચોથા સૈકા પહેલાં મોટા ભાગનાં શિવલિંગો ખુલ્લાં રાખવામા આવતાં અથવા તો તેની ઉપર પર્ણકુટિરો કે નાનાં કાષ્ઠ-મંદિરો બાંધવામા આવતાં. સમય જતા આ પ્રથામાં ફેરફાર થતાં લિંગો ઉપર નાનાથી માંડીને મહાકાય પથ્થરીયાં કે ઈંટેરી મંદિરો બંધાવા લાગ્યાં. સ્વયંભૂ લિંગો ઉપર જુદે જુદે સમયે મંદિરોમાં ફેરફારો થયા. પણ સ્વયંભૂ લિંગમા ફેરફાર થવો અશકય હોવાથી લિંગો બાબત પુનરુદ્ધાર કે બીજા ફેરફારો થઇ શકયા નહિ. બિલેશ્વરના લિંગ બાબત પણ આમ જ બન્યું હશે.

બિલેશ્વર મહાદેવના તીર્થસ્થળમાં દર સાલ અમદાવાદથી કેટલાક ભાઈઓ શ્રાવણ માસમાં જાય છે. બિલેશ્વર મહાદેવના પવિત્ર તીર્થસ્થળ બાબત મેં ઘણું સાંભળ્યું હતું. એટલે અમદાવાદથી બિલેશ્વર જતા ભાઇઓ પાસેથી માહિતી મેળવીને હું મારા બે-ચાર મિત્રોને સાથે લઈને અમદાવાદથી મારી ગાડી લઇને બિલેશ્વર જવા નીકળ્યો. અમદાવાદથી રાજકોટ, વીરપુર, ધોરાજી, સુપેડી, ઉપલેટા, કુતિયાણા અને રાણાવાવ થઇ અમે બિલેશ્વર જવા નીકળ્યા. અમદાવાદથી પોરબંદર જતો ધોરી

માર્ગ મોટે ભાગે સિમેંટકોંક્રીટ રોડ કે આસ્ફાલ્ટ રોડ થયેલ છે. ફક્ત રાણાવાવથી બિલેશ્વર સુધી કાચી સડક જાય છે. આ કાચી સડકે થઈને આગળ વધતા વીસેક માઈલ દૂર બિલેશ્વર ધામ આવેલ છે. બિલેશ્વર જવાનો માર્ગ મુખ્ય ધોરી માર્ગથી ફંટાય છે. આ માર્ગે નાની ગાડી લઈ જવી મુશ્કેલ પડે છે અમે પણ અમારી એમ્બેસેડર ગાડીને બહુ ધીમેથી ચલાવતા, માર્ગમાં આવેલ નાનામોટા પથ્થરોને બચાવતા બચાવતા બિલેશ્વર ગયા. બિલેશ્વર ગામ જાણે બિલેશ્વર તીર્થધામને લઈને વસ્યું હોય એવું દેખાય છે. અમે બિલેશ્વર પહોંચ્યા ત્યારે સાંજ પડવા આવી હતી એટલે મહાદેવની સંધ્યા–આરતીના દર્શન કરીને ધર્મશાળામાં રોકાઇ ગયા. સવાર પડતા શાંતિથી આખું યે મંદિર જોવાનું નક્કી કર્યું. પ્રથમ દષ્ટિએ ખાસ કરીને મંદિરનો સભામંડપ જોતા એમ લાગે કે સોળમા સૈકામાં બંધાયેલ કોઈ મેવાડી શૈલીના મંદિર પાસે ઊભા છીએ. મંદિરના ગૂઢ મંડપના બે ઝરૂખા રાજસ્થાની શૈલીના દેખાય છે. આ ઝરૂખાની પાછળ મંદિરનું ઊંચું શિખર ડોકિયા કરતુ દેખાય છે. મંદિરના શિખરની બાંધણીને અને સભામંડપને મેળ બેસતો દેખાતો નથી, કારણ કે શિખરની બાંધણી સંવતના આઠમા કે નવમા સૈકા જેવી દેખાય છે, જ્યારે ગૂઢ મંડપના ઝરૂખાની બાંધણી સોળમા સૈકાની લાગે છે. અમે મંદિરની બાંધણી સંબંધી વાતચીત કરતા ઊભા હતા તેવામાં મંદિરના પૂજારીએ આવીને કહ્યું કે "સાહેબ! એકલા મંદિરના દર્શન કર્યે શું વળશે ? મહાદેવના દર્શન કરવા પધારો."

મેં પૂજારીને કહ્યું કે "કોઇને ઘેર મહેમાન થઈએ અને ઘરધણી હાજર ન હોય તો સો પ્રથમ તેના મકાન ઉપર જ નજર જાય ! અમે એવા મોટા ભક્ત નથી કે બિલેશ્વરદાદા હાજરાહજૂર થઈને અમને સામા લેવા આવે. એટલે પહેલા એના ઘરરૂપી મંદિરને પેટ ભરીને નિહાળ્યા પછી જ અમે દાદાના દર્શને જઈશું."

"ઠીક ભાઈ! તમતમારે પે'લા બિલેશ્વર મહાદેવના મંદિરને પેટ ભરીને જોઇ લો, પછી માલીકોર આવજો"

મંદિરની ચારે બાજુ આંટો મારતા મને લાગ્યું કે છઠ્ઠા સૈકાથી દસમા સૈકા સુધીમાં બંધાયેલા હાલારના ચૈત્યબારી અલ્પીના શિખર ભાગોવાળા મંદિર જેવી લંબચોરસ સાદી જગતિ ધરાવતુ બિલેશ્વરનું મંદિર આઠમા સૈકાના ઉત્તરાર્ધમાં બંધાયું હોવું જોઈએ. મંદિરને

એક પુરાણો કિલ્લો આવેલો છે. એ કિલ્લામાં ,બસો વર્ષ પહેલાં જેઠવાઓનું સંરક્ષણથાણું હતુ એમ કહેવાય છે. મંદિરથી એક ફર્લાંગ દૂર બિલેશ્વરીના કાંઠા ઉપર એક અર્ધ તૂટેલ એકાકી મંદિર ઊભું છે. આ મંદિરનો દેખાવ કાંઈક અંશે લાકરોડાના શિવમંદિરને મળતો લાગે છે. બિલેશ્વરનું શિવતીર્થ હર કોઈ મુસાફરને આકર્ષે તેવું છે. આ તીર્થનાં મુખ્ય પાચ આકર્ષણો કહી શકાય. પહેલું મદિરનું સ્વયંભૂ લિંગ, બીજું મંદિરનો સુંદર શિખરભાગ, ત્રીજું મંદિર સામેનો મહાકાય નંદી, ચોથું બરડાનું સૃષ્ટિસૌંદર્ય અને પાંચમું બિલેશ્વર નદીનું રૂપ. આ તીર્થસ્થળનાં પાંચ આકર્ષણો ઇતિહાસકાર, સૃષ્ટિસૌંદર્યપ્રેમી, પુરાતત્ત્વવિદ, યાત્રિક અને કલાકારને આકર્ષે તેવાં છે. બિલેશ્વરનું મંદિર જોઈને એક અંગ્રેજ મુસાફર બોલી ઊઠયો હતો કે "મંદિરો બાંધવાની કે તીર્થસ્થળ પસંદ કરવાની બાબતમાં ભારતવર્ષના હિન્દુઓ જેટલી કોઇ પ્રજાએ સિદ્ધિ મેળવી નથી." બિલેશ્વરનું પવિત્ર તીર્થધામ જોઇને અમે મંદિરના મહંત તથા પૂજારીની રજા લઈને ભાણવડ તરફ ચાલી નીકળ્યા.

# તાલધ્વજપુરી (તળાજા)

**ખં**ભાતના અખાતના પશ્ચિમ તરફના છેડા ઉપર સરતાનપુર નામે નાનું એવું એક બન્દર આવેલ છે. આ બંદરની ઉત્તરે પાંચ માઇલ દૂર એક નાનકડી ટેકરી આવેલ છે નવુસો ઓગણીસ ફીટ ઊંચી એ ટેકરીની ચારે બાજુ તળાજા નામે નાનકડું શહેર વસેલ છે નાનકડા ડુંગરની તળેટીની ચોપાસ વસેલું નાનકડું તળાજા શહેર દૂરથી નીરખતા કોઈ નમણી સ્ત્રીના પગના ઝાંઝર જેવું દેખાય છે

દંતકથાને આધારે એમ કહેવામાં આવે છે કે તાલધ્વજ નામના કોઈ રાક્ષસે આ નાનકડી નગરી વસાવી હતી આ દંતકથા સબંધી વિચારીએ તો હનુમાનના પુત્ર મકરધ્વજે હાલારને દક્ષિણ કિનારે શ્રીનગર નામે શહેર વસાવ્યુ હતુ તેના પુત્ર મયૂરધ્વજે સૌરાષ્ટ્રના ઉત્તર ભાગમા મોરબી નામે શહેર વસાવ્યુ હતુ આ વંશના કોઈ રાજવીએ તળાજા (તાલધ્વજપુરી) વસાવ્યુ હોય અને એ રાજવીનું નામ તાલધ્વજ હોય તો ના નહી દક્ષિણ દિશાના લંકા કે બીજા ટાપુના વાસીઓને પુરાણોમા દૈત્યો તરીકે વર્ણવ્યા છે દક્ષિણથી સૌરાષ્ટ્રમા આવી વસનાર મકરધ્વજને દૈત્ય ગણવામા આવ્યો હોય તો ના નહિ "લંકાની લાડી અને ઘોઘાનો વર" એ કહેવત પડી હશે ત્યારે તળાજાથી ૪૫ માઈલ દૂર દરિયાકિનારે આવેલ ઘોઘા બંદરના વતનીઓ લંકાના વતનીઓ સાથે લગ્નવહેવાર કરતા હશે પુરાણોમા વર્ણવેલ દૈત્યપ્રજા આર્ય પ્રજા જેટલી સુધરેલી પ્રજા હતી કેટલીક બાબતમા દૈત્યો આર્યો કરતા પણ ચડી જાય તેવા હતા દૈત્યો નગરો બાંધી જાણતા હતા, કિલ્લાઓ બનાવી શકતા હતા, શિલ્પના નમૂનારૂપ મંદિરો બાંધી જાણતા હતા તદુપરાત સુંદર પ્રકારના વસ્ત્રો પણ વણી શકતા હતા

ઉપર જણાવેલ કારણોને લઇને સંસ્કૃત પ્રજા સાથે આર્ય પ્રજાને ક્રમે ક્રમે સુમેળ થયો હોય તે બનવા જોગ છે આ બધા કારણોને લઇને વિચારીએ તો ઇસ્વી સન પૂર્વે દોઢેક હજાર વર્ષ પહેલાં એટલે કે આજથી સાડા ત્રણ હજાર વર્ષ પહેલા તળાજાના પહાડની આજુબાજુ કોઈ સુંદર વસાહત હોવી જોઇએ. હાલમા તળાજાના ડુંગરની બાજુએ નાનકડી દેરી આવેલ છે, તેમા તાલધ્વજ દૈત્યનું સ્થાનક

બહારને શાગેથી નીરખતા જગતિ ઉપરનો ભાગ નવેસરથી બધાયેલો દેખાયો. આશરે દસેક પગથિયાં ચડીને અમે બિલેશ્વર મહાદેવના મંદિરના ગૂઢમંડપમાં દાખલ થયા. વિશાળ ગૂઢમંડપની વચ્ચોવચ નહિ પણ સહેજ પાછળ પડતું ગર્ભગૃહ જોતા મને લાગ્યું કે ગર્ભગૃહનો ભાગ આઠમા સૈકામાં બંધાયેલો હશે. ગર્ભગૃહની ચારે બાજુનો પહોળો પ્રદક્ષિણાપથ જોતાં મને ગોપ, ઘુમલી તથા બિમેશ્વર મહાદેવના શિવ મંદિરો યાદ આવ્યા. આ શ્રેણીના મોટા ભાગના મંદિરોના ગૂઢમંડપનો ઉપલો ભાગ હાલમાં નાશ પામેલો દેખાય છે તેનું કારણ એ છે કે ગૂઢ મંડપની અગાશીની નીચે લાકડાઓ વપરાતા લાકડાંઓ સડી જતા આ શ્રેણીના મંદિરોની મોટા ભાગની અગાશીઓ નાશ પામી છે બિલેશ્વર મહાદેવના મંદિરના ગૂઢમંડપનો પુનરુદ્ધાર થયેલ હોવાથી મંદિરમાં આઠમા સૈકાની તથા સોળમા સૈકાની જુદી જુદી બાંધણીનો સુમેળ થયેલો દેખાય છે પ્રદક્ષિણાપથમાં બે-ચાર ચક્કર લગાવ્યા પછી અમે મહાદેવના દર્શન કરવા માટે ગર્ભગૃહની દ્વારસાખ પાસે આવીને ઊભા રહ્યા. સાણાના ભીમના શંકર કે કાશીના તિલકાશ્વેશ્વર મહાદેવના જેવું નહિ પણ થોડું નાનું શિવલિંગ જોતા મને વલભીપુર ગામ બહાર આવેલ બુદ્ધેશ્વર મહાદેવનું મૈત્રકકાલીન લિંગ નજરે તરવા લાગ્યું શિવનું લિંગ જોતા મનમાં એવી ભાવના થઈ કે બરડા ડુંગરના કોઈ ભૂગર્ભ શિખરના ટોચ ભાગ સામે હું ઊભો છું. જાણે કે ભૂગર્ભ શિખરનો ટોચ ભાગ કોતરીને સ્વયંભુ શિવલિંગનો આકાર આપવામાં આવ્યો હોય. મહાદેવના લિંગ ઉપર ઓઢાડેલ ચાંદીની ખોળી જોતા મહાદેવ તરફ લોકોની ભક્તિ અને શ્રદ્ધા દેખાઈ આવતી લાગી થોડા વખત પહેલા કોઈ ચોરો લિંગ ઉપરની ખોળી લઈ ગયા હતા, પણ ભાવિક ભક્તોએ ફરીથી નવી ખોળી બનાવી આપી એમ પૂજારીની વાત પરથી જાણી શકાયું ખોળીને દૂર કરીને મહાદેવના લિંગ ઉપરનો એક કાપો બતાવતા પુજારીએ કહ્યું કે " સાહેબ ! સોમનાથનું મંદિર તોડયા પછી મહમદ ગીઝની બિલેશ્વરનું મંદિર તોડવા આવ્યો હતો, પણ શિવલિંગ ઉપર કુહાડીનો ઘા કરતા ભમરાઓ નીકળ્યા ! ભમરાઓ તેને અને સૈન્યને ચટકા ભરવા લાગ્યા એટલે ભમરાથી ત્રાહિમામ્ થઈને તેનું લશ્કર ઊભી પૂછડીએ ભાગી ગયું " આ દંતકથા મહાદેવનું માહાત્મ્ય વધારતી લાગી ચંદ્રમૌલીશ્વર ભગવાન સોમનાથનું લિંગ તોડતી વખતે સોમનાથમાં મહાદેવે ભમરા કેમ ઉત્પન્ન ન કર્યાં અને બિલેશ્વરમાં જ કર્યાં એ કોયડા સંબંધી

છે. કહેવાય છે કે આ શહેર વસાવનાર તાલધ્વજ કોઇ કારણસર મર્યા પછી પ્રેત થયો. લગભગ સંવતના તેરમા કે ચૌદમા સૈકામાં તાલધ્વજપુરી નગરીમાં એભલવાળો નામે રાજા રાજ્ય કરતો હતો. આ રાજાના હાથમાં વળા (જૂનું વલભીપુર)થી માંડીને તળાજા સુધીનો પ્રદેશ હતો. પ્રેત થયેલ તાલધ્વજ દૈત્ય ઘણી વખત તળાજાની પ્રજાને રંજાડતો હતો. આ દૈત્યને વશ કરવા માટે એભલવાળો મંત્રતંત્ર વિદ્યા શીખ્યો. કોઈ યોગ્ય સમયે એભલવાળાએ શીખેલ વિદ્યાનો ઉપયોગ કરીને તાલધ્વજ દૈત્યના પ્રેતને કબજે કર્યું. કબજે થયા પછી પ્રેતે માગણી કરી કે તળાજાના ડુંગરની કોઇ ખરાબ જગ્યાએ મને વાસ આપો. હું ત્યાં જ રહીશ."

એભલવાળાએ પ્રેતની વાત મંજૂર રાખી. કયારેક કયારેક ડુંગર ઉપરના ખરાબામાંથી મોટા પથ્થરો ગબડીને શહેર તરફ પડે છે ત્યારે લોકો કહે છે કે પથરાઓ તાલધ્વજના પ્રેતે ગબડાવ્યા હોવા જોઇએ. એ જ પ્રમાણે રોગચાળો આવે ત્યારે તાલધ્વજના પ્રેતનું નામ લેવામાં આવે છે. હાલમાં પ્રેતની દેરીએ દીવો બાળવામાં આવે છે. કહેવાય છે કે આ દીવો સુસવાટા મારતા પવનથી ઠરી જાય છે ત્યારે તાલધ્વજનો દૈત્ય કોપાયમાન થઇને પથરાઓ ગબડાવે છે. તળાજાનો રાજા શ્રીજો એભલવાળો સૌરાષ્ટ્રમાં થઈ ગયેલ રાજવીઓમાં પ્રજાવત્સલ, સામાજિક સુધારા કરનાર અને પ્રેતવિદ્યાને પડકાર ફેંકનાર તથા સંગ્રહખોરોને પૂરેપૂરી નસિયત કરનાર રાજવી તરીકે પંકાઈ ગયો છે. એભલવાળાના સમયમાં કોઇ વૈશ્યે મંત્રસિદ્ધિ દ્વારા વર્ષો સુધી વરસાદને બાંધી લીધો હતો. વરસાદને બાંધવાનું કારણ પેલા વૈશ્યે અનાજના મોટા કોઠારો ભરી લઇ સંગ્રહખોરી કર્યાનું જ હતું. ઘણી મહેનતને અંતે એભલવાળાએ કારણ શોધી કાઢયું અને પ્રજાને સુખી કરી.

વાળા રાજવીઓની જૂની રાજધાની વલભીપુરમાં વાલમ બ્રાહ્મણનાં એક હજાર ઘર હતાં. આ બ્રાહ્મણો કાયસ્થ જ્ઞાતિના ગોર હતા અને પ્રસિદ્ધ વૈજનાથ મહાદેવનું દેવાલય આ બ્રાહ્મણોને સ્વાધીન હતું. કહેવાય છે કે આ બ્રાહ્મણો પોતાના યજમાનની દીકરીનું લગ્ન થતું હોય ત્યારે એક સો રૂપિયા દક્ષિણા લેતા. ભારે દક્ષિણાને લીધે કેટલીય કન્યાઓ દક્ષિણા આપવાની અશક્તિને લીધે કુંવારી રહી જતી. એક વખત બધા કાયસ્થ બ્રાહ્મણોએ ભેગા થઈને તેમને ગોરને કહ્યું કે "લગ્નની દક્ષિણા ઓછી કરો."

પણ ગોરો માન્યા નહિ એટલે બધા કાયસ્થ બ્રાહ્મણોએ આખી જ્ઞાતિમાં લગ્ન કરવાનું બંધ રાખ્યું. લગ્ન બંધ થયાં એટલે વાલમ બ્રાહ્મણો કોપ્યા અને કહ્યું કે "જો તમે લગ્ન બંધ રાખશો તો અમે ત્રાગાં કરીશું." આ બાબતથી મૂંઝાઈને કાયસ્થ બ્રાહ્મણો ત્યાંના રાજવી એભલવાળા પાસે ગયા. બ્રાહ્મણોએ કહ્યું કે "એક કન્યાદાન દેવાથી તમને અશ્વમેધ યજ્ઞનું પુણ્ય મળશે."

રાજાએ જોષીને બોલાવીને મુહૂર્ત જોવડાવ્યું. મુહૂર્ત જોયા પછી એભલવાળાએ કહ્યું કે "તમારી જ્ઞાતિમાં જેટલી કુંવારી કન્યાઓ હોય તેનાં લગ્ન હું કરાવી આપીશ અને કન્યાદાન પણ હું જ આપીશ."

આ પ્રસંગે વાલમ બ્રાહ્મણોને દક્ષિણા બાબત પૂછતાં એ ગોર દેવતાઓએ કહ્યું કે "તમે અગાઉથી દક્ષિણા આપો તો અમે લગ્ન કરી આપીએ."

ગોરોની અઘટિત માગણીથી ગુસ્સે થઈને એભલવાળાએ બધી જ બ્રાહ્મણ કન્યાઓને તળાજા બોલાવી લીધી અને તળાજાના ડુંગર ઉપર આવેલ 'એભલમંડપ' નામે ઓળખાતી બૌદ્ધ ગુફામાં બધી જ કન્યાઓનાં લગ્ન કોઈ બીજી કોમના ગોરને બોલાવીને કરાવી આપ્યાં.

"અણકળ ત્રીજે એભલે, સાવટ સંકટ છોડ,
દીયા તળાજા ડુંગરે, કન્યાદાન કરોડ."

કાયસ્થ બ્રાહ્મણો લગ્ન કરાવીને વળામાં આવ્યા ત્યારે તેમના ગોર વાલમ બ્રાહ્મણોએ મોટું દંગલ કર્યું. એભલવાળાએ પોતાના રાજ્યમાં વસતા બધા જ વાલમ બ્રાહ્મણોને હદપાર કર્યા. વળામાંથી ઉચાળા ભરીને નીકળેલ બ્રાહ્મણો ધંધૂકા જઈને વસ્યા. ધંધૂકાનો રાજા ધનમેર કોળી બિનવારસ હોવાથી તેણે તેની બધી માલમત્તા વાલમ બ્રાહ્મણોને સોંપી દીધી. ઐતિહાસિક કે કદાચ દંતકથાને આધારે 'રાસમાળા'મા લખાયેલ પ્રસંગ ઉપરથી કહી શકાય કે વાળા રાજવીઓ બહુ જ સમાજ-સુધારક હતા.

ભાવનગરના ગોહિલ રાજાઓએ ત્રણસોએક વર્ષ પહેલાં વાળાઓ પાસેથી તળાજા શહેર લઈ લીધું. ભારતવર્ષ આઝાદ થયું ત્યાં સુધી એ શહેર ગોહિલોના હાથમાં હતું.

ભાવનગર શહેરની દક્ષિણે આડત્રીસ માઈલ દૂર તળાજાની ટેકરીની ચારે બાજુ વસેલ તળાજા શહેર નજીકથી શેત્રુંજી અને તળાજી નામની

બે નદીઓ વહે છે. શેત્રુંજી નદી, જેને પુરાણોમાં શત્રુંજય નદી કહેવામા આવે છે તે સૌરાષ્ટ્રની શીતલ ગંગા ગણાય છે. તળાજા ડામર રોડ તેમ જ નેરોગેજ રેલ્વે પણ જાય છે. પાલીતાણાથી તળાજાને જોડતી એક બીજી સડક પણ બની છે. તળાજાની નાનકડી ટેકરીને દૂરથી નીરખતા શિખરભાગ ઉપરના કલામય જૈન ચૈત્યો અને ટેકરીના પેટાળમા આવેલી બૌદ્ધ ગુફાઓ વગેરેથી આખી ટેકરી સુશોભિત દેખાય છે. હાલનું તળાજા શહેર નાનકડું વેપારી કેન્દ્ર છે છતા તેનું પુરાણકાળની પહેલાથી ચાલ્યુ આવતુ ગૌરવ જાળવી રહ્યુ છે. મહુવા જતા માર્ગ ઉપરથી નજર કરતા ટેકરી ઉપરની બૌદ્ધકાલીન ગુફાઓ સ્પષ્ટ દેખાય છે. આશરે સવાસો ફીટ જેટલુ ચડાણ ચડયા પછી સૌ પ્રથમ આવેલ બૌદ્ધ ગુફામા પહોંચાય છે. તાલધ્વજગિરિની ગુફાની સંખ્યા એકત્રીસ જેટલી છે. ઘણા આ ગુફાનો કાળ સમ્રાટ અશોકના જેટલો જૂનો ગણે છે, પણ કેટલીક ગુફાઓ ઉપર કરાયેલા સુશોભનને આધારે કહી શકાય કે આ ગુફાઓ ઇસ્વી સન પૂર્વેના એક શતકની આજુબાજુ કોતરાયેલી હોવી જોઇએ. એ કાળમા સૌરાષ્ટ્રમા હિનયાનપંથી બૌદ્ધોનું બહુ જોર હતુ એટલે બનવાજોગ છે કે તળાજાના ડુંગર ઉપરની બૌદ્ધ ગુફાઓ હિનયાનપંથી બૌદ્ધ સાધુઓએ કોતરાવી હોય. આ ગુફાઓમા સૌથી મોટી ગુફા જને "એભલમંડપની ગુફા"ને નામે ઓળખાવવામા આવે છે તે ગુફાનું સુશોભન સારનાથના સ્તૂપની જાળીઓને મળતુ દેખાય છે આ ગુફાઓના સમયોચિત નામો પડી ગયા છે, જેમા ઘણીક ગુફાઓ સાધુઓના અભ્યાસ માટેના સભાખંડ જેટલી વિશાળ છે. આ ગુફાઓમાની એક ગુફા, જે હાલમા જૈન ભાઈઓના કબજા નીચે છે તેમા એક પુરાણા બૌદ્ધ ચૈત્યના ભાગો નજરે પડે છે. તદુપરાંત એક બીજી ગુફા કે જેનું મોઢું ચણી લેવામા આવ્યું છે. તેમાં એક બૌદ્ધ ચૈત્ય હોવાનો સંભવ છે. આ બંને પુરાણા અવશેષો ભલે જૈન ભાઈઓના હાથમાં રહે, પણ તેની જાળવણી તો થવી જ જોઈએ. આ ગુફાઓની હરોળ જોયા પછી તળાજાની ટેકરીને દેદીપ્યમાન કરતાં સુંદર જૈન ચૈત્યોની ચડઊતર હારમાળા શરૂ થાય છે. સૌપ્રથમ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું શિખરબંધ મંદિર આવે છે. આ મંદિર પુરાણું હતું, પણ સંવત ૧૯૦૮માં શેઠશ્રી દલપત મગનભાઈએ આ મંદિરનો પુનરુદ્ધાર કરાવ્યો હતો. હાલનું મંદિર તદ્દન નવી શ્રેણીના મંદિરો જેવું દેખાય છે. અહીંથી થોડેક દૂર જતાં શ્રી સુમતિનાથ ભગવાનનું બાવન જિનાલય-

વાળું સુંદર શિખરબંધ દેરાસર આવેલ છે. આ દેરાસરનો પણ જીર્ણોદ્ધાર થયો હોવાથી થોડુંક અર્વાચીન લાગે છે. છતાં જૂના પુરાવાઓને આધારે એ મંદિર સંવત ૧૩૮૧માં બંધાયેલું હોવું જોઈએ. થોડાં વર્ષ પહેલાં મળેલી એક પ્રતિમા ઉપર સંવત ૧૪૩૭નો ઉલ્લેખ કરાયેલો છે. અહીંથી આગળ વધતાં તળાજાની ટેકરીના શંકુ આકારના શિખર ઉપર આવેલ ચોમુખાજીના મંદિર ઉપર જવાય છે. આ મંદિર પણ પુનરુદ્ધાર પામેલું હોઈને નવા જેવું દેખાય છે

છેલ્લા વીસેક વર્ષથી આ તીર્થસ્થળનો વહીવટ 'શ્રી તાલધ્વજ જૈન શ્વેતામ્બર તીર્થ કમિટી" કરી રહી છે. પ્રમુખ શ્રી ભોગીલાલ મગનલાલ શાહ (ભાવનગર)ની કુશળ ને કુનેહભરી રાહબરી નીચે તીર્થ કમિટીએ આ પ્રાચીન સ્થળની જાળવણીનું કામ સંભાળી લીધા પછી ટેકરી ઉપર જવાના પગથિયાં બંધાયા છે. પડું પડું થતા કીર્તિસ્થંભનો જીર્ણોદ્ધાર કરાયો છે, બાવન સુંદર જિનાલય બનાવવામાં આવ્યાં છે ને યાત્રિકો માટે વિશાળ ભોજનશાળા ચાલુ થઈ છે. તન, મન, ધનથી સતત રસ લઈ રહેલ પ્રમુખ શ્રી ભોગીલાલ મગનલાલ શાહ જેવા કાર્યદક્ષ ને સજ્જન આત્માઓનો લાભ જો આવાં બીજાં અનેક તીર્થસ્થળો ને મંદિરોને મળે તો તે બધાં ભુલાઈને ભૂંસાઈ જતાં અટકશે એટલું જ નહીં પણ ફરી પાછાં સજીવ બની જનતાને માટે પ્રેરણાના સ્રોત સમાં બની રહેશે.

અહીંથી પાછા ફરતાં બાજુને માર્ગે થઈને બૌદ્ધ ગુફાઓ કે જેનાં સમયોચિત નામો પડી ગયાં છે ત્યાંથી નીચે ઊતરાય છે. ખાસ કરીને એભલવાળાની ગુફા, ચાપરાજવાળાની ગુફા, રાંકો, વાંકો, સુદામા, ચોર વગેરેની ગુફા તથા ઘી કૂવો, ફૂલાણીની ગુફા અને નરસિંહ મહેતા તથા ચામુંડાની ગુફા વગેરે નીરખવા યોગ્ય છે. જ્યારે બૌદ્ધ સાધુઓ અહીં રહેતા હશે ત્યારે પીવાના પાણીની સગવડ માટે બનાવાયેલાં ટાંકાંઓ પણ જોવાલાયક છે

આ બધું જોઈને, તળાજા ગામને આંટો મારીને યાત્રિકે મહુવા ભાવનગર–પાલીતાણા કે સરતાનપુર જ્યાં જવું હોય ત્યાં જવાય છે.

# ભવાનીમાતાનું મંદિર–કનકપુર

**મા**તા ભવાની સંબંધી એક સુંદર વૃત્તાંત 'દેવી ભાગવત'માં મળે છે. ક્ષીરસાગરમાં પોઢેલ ભગવાન વિષ્ણુની નાભિમાંથી ઉત્પન્ન થયેલ કમળમાંથી ચતુર્મુખી બ્રહ્મા ઉત્પન્ન થયા. બ્રહ્માજીએ આંખ ખોલીને જોયું તો ચારે બાજુ કમળની પાંખડીઓ અને દૂર દૂર જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી સમુદ્ર પથરાયેલો દેખાયો. ઘણા સમય સુધી કમળમાં બેસી રહ્યા પછી બ્રહ્માજી થાક્યા. તેમણે વિચાર્યું કે આમ બેસી રહેવા કરતાં કાંઈક પ્રવૃત્તિ કરું. બ્રહ્માજીએ પોતે ઉત્પન્ન થયા તે કમળ ક્યાંથી ઉત્પન્ન થયું હશે તે જોવાનું વિચાર્યું. થોડી વારમાં ડુબકી મારી બ્રહ્માજી કમળની દાંડલી ઝાલીને જળમાં નીચે ને નીચે ઉતરવા લાગ્યા. આમ કરવામાં ઘણો સમય ગયો. છેવટે બ્રહ્માજી ભગવાન વિષ્ણુની નાભિમાંથી ઉત્પન્ન થયેલ કમળવાળી જગ્યાએ પહોંચ્યા. તેમણે શેષનાગ ઉપર શયન કરેલ ભગવાન વિષ્ણુને પોતાના ઉત્પન્નકર્તા માની લીધા. બ્રહ્માજીએ શેષશાયી ભગવાનને જગાડવા માટે ઘણા પ્રયત્નો કર્યા; પછી એક વખત શેષશાયી ભગવાનના શરીરમાંથી કોઈ છાયાસ્વરૂપ દેખાતાં દેવી બહાર આવ્યાં. એ દેવીએ બ્રહ્માજીને કહ્યું કે " તમે ભગવાનને નિદ્રા કરવા દો. આપણે તમને ઉત્પન્ન કરનાર સમુદ્ર ઉપર તરતા કમળ તરફ જઈએ. "

બ્રહ્માએ દેવીની વાત માથે ચઢાવી. પછી પેલાં દેવી તથા બ્રહ્મા સાગરજળ ઉપર તરતા કમળ ઉપર ગયાં. કમળ ઉપર પહોંચ્યા પછી થોડા સમયમાં આકાશમાંથી એક મોટું વિમાન આવ્યું. એ વિમાનમાં બેસવા માટે દેવીએ બ્રહ્માજીને કહ્યું. થોડી વારમાં બ્રહ્માજી તથા દેવી વિમાનમાં બેસીને આકાશમાં ઉડવા લાગ્યાં. આકાશમાં ઉડતાં થોડી વારમાં બ્રહ્મલોક નજરે પડયું, પછી વિષ્ણુલોક દેખાયું, પછી કૈલાસ દેખાયું. ત્યાર પછી ઇન્દ્રાપુરી દેખાઇ, પછી કુબેરનગરી અને બીજા કેટલાક પ્રદેશો તથા પાતાલનગરી દેખાયાં. આ બધું જોયા પછી વિમાન એક દ્વીપમાં જઇ ચડયું. એ દ્વીપનું નામ મણિભદ્રદ્વીપ હતુ. મણિભદ્રદ્વીપમાં એક સુંદર સ્વરૂપવાળાં દેવી બિરાજતાં હતાં. એ દ્વીપમાં બ્રહ્માજીએ ફરીથી બધા જ લોકો એક સાથે જોયા. બ્રહ્માજીએ પોતાની સાથેનાં દેવીને પૂછયું કે "મે'

થોડા વખત પહેલાં સમુદ્ર ઉપરથી પસાર થતા વિમાનમાં જુદી જુદી જગ્યાએ જુદા જુદા લોક જોયા અને ફરી પાછા આ દ્વીપમાં બધા જ લોક એકી સાથે નજરે પડે છે. હે દેવી! મારી મતિ મૂંઝાઇ ગઈ છે, મને આ બાબત તમે સમજણ પાડો."

બ્રહ્માજીના પ્રશ્નનો જવાબ આપતાં દેવી શક્તિએ કહ્યું કે 'આ મણિભદ્રદ્વીપમાં દેખાય છે એ દેવી જુદા જુદા લોકને બનાવીને જુદી જુદી જગ્યાએ જુદાં જુદાં બ્રહ્માંડોમાં મૂકે છે તેથી બધાં જ ભુવનને બનાવનાર એ દેવી ભુવનેશ્વરી અથવા ભવાની દેવી કહેવાય છે.'

ત્યાર પછી બ્રહ્માજીએ માતા ભવાનીની સ્તુતિ કરીને કહ્યું કે 'હે માતાજી! ભગવાન વિષ્ણુએ મને તેમના નાભિકમળમાંથી ઉત્પન્ન કર્યો પછી સમુદ્રમાં તરતા કમળ પર મને એકલું લાગે છે. મારે પણ જુદા જુદા લોક બનાવવા છે. તો તમે જુદા જુદા લોક બનાવીને પૃથ્વી પર મોકલો."

દેવી ભુવનેશ્વરીએ 'તથાસ્તુ!' કહ્યું. ત્યાર પછી દેવીની મદદથી બ્રહ્માજીએ પૃથ્વી ઉપર જુદા જુદા લોકો સ્થાપ્યા. આ વર્ણન 'દેવી ભાગવત'ના ત્રીજા સ્કંધમાં આવે છે.

ભુવનેશ્વરી અથવા ભવાની દેવી માતા અંબાનું એક સ્વરૂપ ગણાય છે. માતા ભવાનીનું વાહન અંબાજી જેવું જ છે. ભવાની માતાની પૂજા ભારતવર્ષમાં છૂટાછવાયે સ્થળે દસમા સૈકાની આજુબાજુથી થતી આવી છે. તે પહેલાં પણ ભવાની દેવીની પૂજા થતી હશે તેવું વર્ણન પુરાણોમાં બે જગ્યાએ મળી આવે છે. દક્ષિણ ભારતમાં દેવી ભવાનીનાં કેટલાંક મંદિરો જોવા મળે છે. બંગાળ, ઓરિસ્સા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન વગેરે પ્રદેશમાં કયાંક કયાંક ભુવનેશ્વરીનાં મંદિરો દેખાય છે. ગુજરાતમાં ભવાની માતાનાં બે પુરાણાં મંદિરો આવેલાં છે, જેમાંનું એક હળવદ શહેરથી ચાર માઇલ દૂર આવેલ છે. આ મંદિર સુંદરી ભવાનીના મંદિરના નામથી પ્રસિદ્ધ છે

બીજું મંદિર સૌરાષ્ટ્રના ગોહિલવાડ જિલ્લાના મહુવા બંદરથી ત્રણ માઇલ દૂર અરબી સમુદ્રના કિનારા ઉપર એક ટેકરા ઉપર આવેલું છે. આ મંદિરના પુરાણાપણા બાબત એમ કહેવાય છે કે ભવાનીમાતાનું સ્થાનક યાદવો દ્વારકામાં આવ્યા તે પહેલાંનું છે. હાલનું ભવાનીમાતાનું મંદિર માંડ ત્રણસો વર્ષ જૂનું હશે. પણ મંદિરની આજુબાજુ ઇંટોના ઢગમાંની કેટલીક ઈંટો લોથલના અવશેષોમાંથી મળી

આવેલી ઈંટોના માપની છે. ચોવીસ વર્ષ પહેલાં ભવાનીમાતાના મંદિર પાસેના સમુદ્રકિનારા ઉપર ઈંટમાટીથી ચણેલ પાંચ ફીટ જાડાઈનો પુરાણો કિલ્લો નીકળી આવ્યો હતો. એ કિલ્લો આગળ વધતા સમુદ્ર સામે ટક્કર ન લઈ શકવાથી તૂટી ગયો. એ કિલ્લાની ઈંટો તથા માટીનાં વાસણોના ટુકડાઓ જોતાં એ સ્થળ લોથલ સંસ્કૃતિ જેટલું પુરાણું હશે. એ ઈંટોમાંની એક ઈંટ બાબત તપાસ કરતાં એ ઈંટ તેત્રીસસો વર્ષ જૂની ઠરી છે. ભવાનીમાતાના હાલના મંદિરમાં બિરાજતાં દેવી ભવાની સંબંધી એક રસિક દંતકથા કહેવામાં આવે છે. માતાના મંદિરથી ૭ ફર્લાંગ દૂર કતપર નામે એક નાનકડું ગામ આવેલ છે. કહેવાય છે કે હાલના કતપર ગામની જગ્યાએ કનકપુર નામે સુંદર નગરી વસેલી હતી. એ નગરીનો રાજા કનકસેન એ ભગવાન કૃષ્ણનાં પત્ની રૂક્મણીનો પિતા થાય.

કહેવાય છે કે એક વખત ફરતાં ફરતાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના રથ સહિત કનકપુર પાસેના દરિયાકાંઠે આવેલ ભવાની માતાનાં દર્શને આવી ચડયા. મંદિરમાં દાખલ થતાં કૃષ્ણ ભગવાને માતાના મંદિરની દ્વારસાખ આગળ ઊભા રહીને સ્તવન કરતી એક સુંદર યુવતીને જોઈ. મંદિરના પૂજારીને યુવતી સંબંધી પૂછપરછ કરતાં તેણે કહ્યું કે " આ યુવતી કનકાવતીના રાજા કનકસેનની એકની એક પુત્રી રૂક્મણી છે." સ્તવન પૂરું થયા પછી રૂક્મણી તથા ભગવાન કૃષ્ણની ચાર નજરો એક થઈ. પ્રથમ દૃષ્ટિએ જ બંને એક બીજાના પ્રેમમાં પડયાં. આ પ્રસંગ બન્યા પછી ભગવાન શ્રીકૃષ્ણ વારંવાર ભવાનીમાતાને મંદિરે આવતા થઈ ગયા. કૃષ્ણના મોટા ભાઈ બળભદ્રજીને આ વાતની ખબર પડતાં તેમણે રૂક્મણી વેરે કૃષ્ણના સગપણ સંબંધી માગું નાખ્યું. રૂક્મણીના પિતા કનકસેને તેના અને યાદવોના કુળ વચ્ચે જૂનું વેર હોવાથી બળદેવની માગણી નકારી કાઢી. ઘણી સમજાવટ છતાં કનકસેન માન્યો નહિ એટલે કૃષ્ણે રૂક્મણીનું હરણ કરવાનું નક્કી કર્યું. અગાઉથી નક્કી કરેલ સમયે ભગવાન શ્રીકૃષ્ણ પાણીપંથા ઘોડાનો રથ જોડીને ભવાનીમાતાના મંદિરે પહોંચી ગયા. માતાની પૂજા કરીને પાછા ફરતાં રૂક્મણીને ઉપાડીને શ્રીકૃષ્ણે રથમાં બેસાડી દીધાં. એ રીતે ભગવાન શ્રીકૃષ્ણે રૂક્મણીનું હરણ કરીને દ્વારકા જઈ તેની સાથે લગ્ન કર્યું. ભવાનીમાતાનું મંદિર ભાગવતમાં વર્ણવેલ રૂક્મણીહરણવાળા સ્થળ નજીક મંદિર હશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. પણ માતા ભવાનીનું એકાકી સુંદર મંદિર જોવા લાયક

છે. એ અરબી સમુદ્ર ઉપર આવેલ મહુવા બંદરના બંદરી કાંઠાના ટેકરાની ટોચે ત્રણ ઓરડાવાળું માતાજીનું મંદિર આવેલ છે. મંદિરમાં દાખલ થતાં જ પહેલાં યજ્ઞમંડપવાળો ભાગ આવે છે, પછી ગૂઢમંડપનો ભાગ આવે છે અને છેલ્લે ગર્ભગૃહ આવે છે. ગર્ભગૃહમાં બિરાજતી હાલની માતા ભવાનીની સુંદર મૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણના સમયની હશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. કારણ કે મૂર્તિની ઉપર રાતા રંગના થરના થર ચડી ગયા છે. માતાના મંદિરનો કેટલોક ભાગ આજુબાજુના ટેકરા કરતાં નીચો હોવાથી મંદિરમાં થોડું અંધારું રહે છે. ગર્ભગૃહમાં બિરાજતી માતા ભવાનીની મૂર્તિની બાજુમાં આવેલ એક જાળીયાને લઈને ગર્ભગૃહવાળા ભાગમાં ઠીક ઠીક અજવાળું રહે છે. આ કારણે માતાજીની મૂર્તિ ખૂબ સુંદર દેખાય છે.

દર સાલ શ્રાવણ સુદ પૂનમને દિવસે આ સ્થળે મોટો મેળો ભરાય છે. મેળામાં હજારો ગામડિયાઓ અને શહેરીઓ ઉમટી પડે છે. માતાના મંદિર પાસે રેતીના ઢગલા આવેલ હોવાથી દર્શનાર્થીઓને એક ફર્લાંગ જેટલી જગામાં આવેલ રેતીના ઢગો ઉપરથી ચાલવું પડે છે. માર્ગમાં જ્યાં જુઓ ત્યાં પુરાણી ઈંટો, પુરાણી કોતરણીવાળા પથ્થરો, રેતીમાં અર્ધ દટાયેલાં શિવલિંગો, પાળીયા વગેરે નજરે પડે છે. ભવાનીમાતાના મંદિરે જતાં માર્ગમાં રાજબાઈમાતાનું નાનકડું મંદિર આવે છે. આ મંદિર સંબંધી એમ કહેવાય છે કે એક સમયે કાળયવન નામનો રાક્ષસ માતા ભવાનીના મંદિરનો નાશ કરવા નીકળ્યો. કનકપુરમાં રહેતી ભવાનીમાતાની ભક્ત રાજબાઈ નામની સ્ત્રીએ વાત જાણી. એ વખતે રાજબાઈ રોટલો ઘડી રહી હતી. ચડાઈની વાત જાણતાં જ હાથમાંનો લોટનો પીંડો હાથમાં રાખીને જ રાજબાઈ ભવાનીમાતાના મંદિર તરફ દોડી. કાળયવન મંદિર તરફ જતો હતો તેટલામાં રાજબાઈ તેની આડી ફરી. રાજબાઈએ કાળયવનને કહ્યું કે "જો તું માતાજીના મંદિરનો નાશ કરીશ તો હું તપશ્ચર્યાથી મેળવેલી સિદ્ધિ દ્વારા તારો નાશ કરીશ"

કાળયવને કહ્યું કે "હું પોતે કાળનું એક સ્વરૂપ છું, ઉત્પન્ન થાય તેનો નાશ લખાયેલ જ છે. હું નાશ કરનાર હોવાથી મારાથી એ મંદિરનો નાશ કર્યા વિના ચાલે તેમ નથી. મારા કામમાં તું વિક્ષેપ પાડીશ તો હું તને સામો શાપ આપીશ."

રાજબાઈએ કહ્યું કે "ભલે જેમ થવું હોય તેમ થાય." પછી

રાજબાઇએ કાળયવનને શાપ આપ્યો કે "માતા ભવાનીના મંદિરનો નાશ કરવા જતાં પહેલાં તું મોટું વૃક્ષ બની જા !"

રાજબાઈના શાપથી વૃક્ષ બનતા બનતાં કાળયવને રાજબાઈને સામો શાપ આપ્યો કે "મારા નિયત કરેલા કામમાં તે વિઘ્ન નાખ્યું એટલે હું તને શાપ આપું છું કે તુ પથ્થર બની જા!" અને તારું પથ્થર સ્વરૂપ ભવાની માતાના તરફ રોજ એક એક ચોખાવા આગળ વધ્યે જશે. જયારે તારી પથ્થર સ્વરૂપવાળી મૂર્તિ ભવાનીમાતાના મંદિરને અડકશે ત્યારે મંદિરનો તેમ જ પૃથ્વીનો નાશ થશે."

આ મંદિર સંબંધી કેટલાય ભાવિક ભક્તો વાતો કરે કે રાજબાઇ માતાનું મંદિર રોજ એક ચોખાવા આગળ વધ્યે જાય છે.

ઉપરની દંતકથામા કેટલું સત્ય હશે તે ભગવાન જાણે! પણ ભવાનીમાતાનું યાત્રાધામ યાત્રિકોની ભક્તિ વધારે તેવું રમ્ય તેમ જ સદ્દભાવના થાય તેવું છે.

આ સ્થળ સહેલાણીઓને સહેલ કરાવે તેવું છે. પુરાતત્વવિદોને પુરાણા અવશેષો મળે તેવું છે, સૃષ્ટિસૌંદર્યપ્રેમીઓને રણ જેવો રેતાળ પ્રદેશ, બાજુમાં નાળિયેરીના જંગલો અને થોડે દૂર અરબી સમુદ્રના અગાધ જળ–એમ એક સાથે ત્રિવિધ સૃષ્ટિસૌંદર્યનો લાભ આપે તેવું છે 'આ મંદિરે જતા જમણી બાજુએ એક ફર્લાંગ દૂર આવેલ એક ખેતર વચ્ચે ત્રણ હજાર વર્ષ પહેલાનું રૂખડાનું ઝાડ ઊભુ છે. આ ઝાડ સંબધી વનસ્પતિશાસ્ત્રીઓ પાસે તપાસ કરાવતા પુરાણાપણું ઉપર મુજબ નક્કી થયુ છે. આવું જ એક બીજું વૃક્ષ આ વૃક્ષથી ચાર ફર્લાંગ દૂર ઊભુ છે. એ પુરાણા વૃક્ષની છાયામાં આશરે બારસો વર્ષ જૂની લીલા આરસની બે પ્રતિમાઓ પડી છે આ પ્રતિમાઓમા એક ભગવાન વિષ્ણુની છે, જ્યારે બીજી ભગવાન વારાહની છે. નજીકમા આવેલ કતપર ગામમા પણ પુરાણા શિલ્પના કેટલાક અવશેષો રઝળતા પડયા ▣ ભવાનીમાતાના મંદિર નજીકના રૂખડાના વૃક્ષના થડનો ઘેરાવો બાવીસ ફીટ જેટલો થવા જાય છે

## પુંઅ રા'નો ગઢ : કચ્છ

કચ્છમાં રા'નો વંશ ક્યારે શરૂ થયો તે અંગેની ચોક્કસ તવારીખ મળતી નથી. પણ સોલંકીરાય મૂળરાજદેવના સમકાલીન લાખા ફૂલાણીના દાદા રા' સાડજીએ સંવતના નવમા સૈકાના અંતમાં કચ્છના વાગડ પ્રદેશમાં કપિલકોટ અથવા કંઠકોટ નામે કિલ્લો બંધાવ્યો હતો. લાખા ફૂલાણીએ કચ્છમાં ઈસ્વીસન આઠસો એંસીથી નવસો ઓગણીએંસી સુધી રાજ્ય કર્યું હોય એવી ઐતિહાસિક વિગત 'રાસમાળા'માં લખાયેલી છે.

રા' લાખાએ હાલના ભૂજ શહેર નજીક લાખો રૂપિયા ખરચી કેરાકોટ નામે કિલ્લો બંધાવ્યો આ કિલ્લો પૂરો થયો ત્યારે કોઈ બારોટે લાખાના ભાઈ ધાઆના પુત્ર પુંઅને મહેણું માર્યું કે " તારા કાકાએ લાખો રૂપિયા ખરચી કેરાકોટનો કિલ્લો બંધાવ્યો. ▯ અરધા કચ્છનો ધણી છો, તારી ગાંઠે ગરથ હોય તો કેરાકોટ જેવો કિલ્લો બંધાવ."

આ મહેણું પુંઅને હૃદયસોંસરવું નીકળી ગયું.

પુંઅ કેરાકોટનું પાણી હરામ કરી નીકળી ગયો, અને મન સાથે નક્કી કર્યું કે તેની રાજધાની પદ્ધરગઢને મોટું શહેર પાટણ બનાવવું.

પુંઅનો કાકો લાખો ફૂલાણી જ્યારે સોલંકીરાય મૂળરાજદેવ સાથે લાંબુ યુદ્ધ લડી રહ્યો હતો ત્યારે પુંઅ રા'એ કચ્છના કેટલાક ભાગમાં પોતાની આણ વર્તાવી, પોતાની રાજધાની પદ્ધર શહેરની ચારે બાજુ કિલ્લો ચણાવવાનું શરૂ કરાવ્યુ. કિલ્લાનું બાંધકામ ચાલતું હતુ તે દર મિયાન લાખો ફૂલાણી સોલંકીરાય મૂળરાજદેવ સાથે લડતા મરણ પામ્યો એટલે પુંઅ રા'એ કચ્છનો કેટલોક ભાગ કબજે કર્યો અને પદ્ધર શહેરની આજુબાજુ બંધાતા કિલ્લાનું કામ ધમધોકાર ચલાવ્યુ.

પુંઅ રા'એ ગઢના બાંધકામ માટે કેરાકોટનો ગઢ બાંધનાર સ્થપતિ ગૈધરને રોકયો હતો. સ્થપતિ ગૈધરે મન મૂકીને ગઢનું બાંધકામ પૂરું કરાવ્યું. ગઢનું બાંધકામ પૂરું થયા પછી ગૈધરે એ સમયના ઈતિહાસમા અજોડ એવા રંગમહાલયનું બાંધકામ શરૂ કરાવ્યું. મહેલનું બાંધકામ પૂરું થયા પછી પદ્ધર શહેરને મોટા પાટણ શહેર જેવું બનાવવા માટે અનેક દેવમંદિરો, વાવો અને કૂવાઓ બંધાવ્યાં. શહેર તથા કોટનું બાંધકામ પૂરું થયા પછી પુંઅ રા'ના નામ ઉપરથી પદ્ધર શહેરનું નામ પુંઅ રા'નો ગઢ રાખવામા આવ્યું. બાંધકામ પૂરું થયા પછી પુંઅ રા'ને વિચાર આવ્યો કે શહેર તથા કિલ્લો બાંધનાર સ્થપતિ કોઈ બીજા

રાજાને આશ્રયે જઈ પુઅ રા'ના ગઢથી વધારે સારો ગઢ અને શહેર બાંધે તો મે કરાવેલ કામનું મહત્ત્વ ઘટે. આ વિચાર આવતાં જ પુઅ રા'એ સ્થપતિ ગૈધરને બોલાવી તેના બન્ને હાથના પહોંચા કાપી નાખ્યા. હાથ કપાતા બહુ લોહી વહી જવાથી સ્થપતિ ગૈધર મરણ પામ્યો. ત્યાર પછી આ વાત સાંભળી તેની પત્ની સુરબાઇને સત ચડયું અને 'જય અંબે જય અંબે' કરતી સતી થવા નીકળી. માર્ગમાં પુંઅ રા' સતીના પગમા પડયો, પણ પતિના મરણથી ગુસ્સે થયેલી સતી સુરબાઈએ પુઅ રા'ને શાપ આપ્યો કે—

"હે પુઅ રા'! અમારુ જીવન જેમ બરબાદ થયું તેમ યુદ્ધમાં લડતા તુ યે બરબાદ થઇ જઈશ તારા હજારો માણસો મરાશે છતા તુ હારી જઇશ. હે પુંઅ રા'! તને ફીટકાર હજો. તારો ગઢ અને રાજ મહાલયો ભોંયભેગા થજો, અને એના ખંડેરો કાયમ માટે તારા નામ ઉપર શાપ વરસાવતા રહેજો!"

ત્યાર પછી સુરબાઈ પોતાના પતિ ગૈધરનું મસ્તક ખોળામા લઇ સતી થઈ સતીએ આપેલ શાપ રાત દિવસ પુઅ રા'ને સંતાપવા લાગ્યો, પણ કરે શું?

સિંધ મુલકના દક્ષિણ ભાગમા આવેલ નગરઠઠ્ઠાનો રાણો ચાંદ પુઅ રા'નો સમકાલીન હતો. તે વખતે પુઅ રા' અને રાણા ચાદ વચ્ચે કેટલાક સમયથી હરીફાઈ ચાલતી હતી. સમય જતા હરીફાઇ દુશ્મનાવટમાં પરિણમી એક વખત પુઅ રા'એ મનમાં નક્કી કર્યું કે છૂપે વેશે જઈ નગરઠઠ્ઠા જોઈ આવું અને સાથોસાથ રાણા ચાદની લશ્કરીઓ તૈયારી પણ જોઈ આવું.' આ આશયથી વેશપલટો કરી પુઅ રા' નગરઠઠ્ઠા ગયો. રાણા ચાદની લશ્કરી તૈયારીઓ તથા નગરઠ્ઠાના કિલ્લાનાં નબળા અગ જોઈ પુંઅ રા' આરામ કરવા માટે થોડા વધારે દિવસ નગરઠઠ્ઠામાં રાકાયો.

નગરઠઠ્ઠાના રાણા ચાદની એક પુત્રી એક સાજે પાણી ભરવા નીકળી. તે વખતે પુંઅ રા' તળાવકાઠે ઘોડા ખેલવી રહ્યો હતો. બ ંનેની નજરો એક થતા જ એક બીજા તરફ આકર્ષાયા. ત્યાર પછી પુંઅ રા' ચાંદ રાણાની પુત્રી રાજેને વારવાર મળવા લાગ્યો. આ વાતની ગંધ રાણા ચાદને આવતા તેણે પુઅ રા ને પકડી લાવવા માટે સૈનિકો મોકલ્યા. પણ પુઅ રા' અદ્ભુત પરાક્રમ દાખવી નગરઠઠ્ઠા છોડી કચ્છમા ચાલ્યો ગયો. ત્યાર પછી સમય મળતા પુઅ રા'એ નગરઠઠ્ઠા પર ચઢાઈ કરી એ શહેરને ઘેરી લીધુ આઠેક દિવસ ભયકર યુદ્ધ ચાલ્યા પછી નગરઠઠ્ઠા

શહેર પાછું પડયું. રાણો ચાંદ પુંઅ રા'ને શરણે આવ્યો. યુદ્ધદંડ તરીકે પુંઅ રા'એ રાણા ચાંદ પાસે તેની પુત્રી રાજેનો હાથ માગ્યો. રાજેએ રાજીખુશીથી પુંઅ રા' સાથે લગ્ન કર્યાં. લગ્ન થયા પછી પુંઅ રા, કચ્છ જવા નીકળ્યો, પણ તેની પત્ની રાજેએ કહ્યું કે ' મારે નગરઠઠ્ઠાને પાદર આવેલ શિવાલયના શિવલિંગનાં દર્શન કરી ભોજન કરવાનું વ્રત હોવાથી હું તમારી સાથે આવી શકીશ નહીં.' પુઅ રા'ને રાજે ઉપર ખૂબ પ્રેમ હતો. એટલે તેણે કહ્યું કે ' પુંઅ રા'ના ગઢ પાસે આવેલ મંદિરમાં આ શિવલિંગ એની મેળે આવી જાય તો તમે કચ્છ આવો કે નહીં ? "

રાજેએ હા પાડી. એટલે પુઅ રા' તેનું સૈન્ય લઈ કચ્છ ગયો અને પુંઅ રા'ના ગઢ બહાર એક શિવાલય બંધાવવાનું શરૂ કર્યું. તે શિવાલય તેની પત્ની રાજેના ઈષ્ટદેવના શિવાલય જેવું જ બંધાવ્યુ અને તેમાં નગરઠઠ્ઠાના શિવાલય જેવુ જ શિવલિંગ પધરાવ્યું ત્યાર પછી પુઅ રા' નગરઠઠ્ઠા ગયો અને રાજેને કહ્યુ કે " તમે મારી સાથેના રથમા બેસી પહોંચો ત્યાં સુધી તમારી આંખો ખોલશો નહી એટલે તમારા ઈષ્ટદેવ પ્રસન્ન થઇ પુંઅ રા'ના ગઢ નજીકના શિવાલયમાં પ્રગટ થશે."

પુંઅ રા'ના કહેવા પ્રમાણે રાજે રથમાં બેઠી. માર્ગમાં રાજેએ આંખો મીંચી ઈષ્ટદેવ શિવજીનું સ્મરણ કર્યા કર્યું. રથ પુઅ રા'ના ગઢ નજીકના શિવાલય પાસે પહોંચતા પુઅ રા'એ રાજેને આંખો ખોલવા કહ્યું. આંખો ખોલતાં રાજેએ નગરઠઠ્ઠાને પાદર આવેલ પોતાના ઈષ્ટદેવ શિવજીના મંદિર જેવું જ મંદિર જોયુ. પછી રાજે મંદિરમાં ગઈ અને આશ્ચર્ય વચ્ચે તેણે પોતાના ઈષ્ટદેવ શિવજીનું લિંગ જોયું. શિવલિંગનાં દર્શન કરી રાજે પોતાના પતિ પુઅ રા'ની સાથે પુંઅ રા'ના ગઢમા ગઈ અને ત્યાં આનંદથી રહેવા લાગી.

એક વખત સૌરાષ્ટ્રમા દુકાળ પડવાથી ઘુમલીનો ગુર્જર રાજા વીયડ પોતાના પશુધન સહિત કચ્છમા આવી ચઢયો. વીયડ યુદ્ધકળામાં બહુ નિપુણ હતો. કોઈ કારણસર પુઅ રા'ના માણસો વીયડનાં ઢોરાને વાળી પુઅ રા'ના ગઢમા લઇ ગયા. આ વાતની જાણ વીયડને થતાં વીયડ પુઅ રા'ના ગઢ ઉપર ચડી આવ્યો. યુદ્ધ ઘણું લાંબુ ચાલ્યું. યુદ્ધમાં પુઅ રા'નો ગઢ પડે તેવુ લાગવાથી પુઅ રા'એ પોતાના મિત્ર હમીર સુમરાને મદદે બોલાવ્યો. ઉત્તર સિંધનો રાજા હમીર સુમરો મારતે ઘોડે હજારોની અશ્વસેના લઇ મિત્રની મદદે આવી ચડયો. યુદ્ધમાં વીયડને હરાવી પુંઅ રા'ના ગઢને હમીરે ભયમુક્ત કર્યો. આ પ્રસંગ બન્યા પછી

કચ્છના ચોપડાઓ તથા વેચાણદસ્તાવેજોમાં 'હમીરાવાર' શબ્દ લખાય છે

પુઅ રા'ની વીયડ ગુર્જર સાથે લડાઈ ચાલતી હતી તે દરમિયાન પશ્ચિમ દેશ તરફના કેટલાક યવનો ઇરાનની દક્ષિણે થઇ સમુદ્ર વાટે કચ્છમાં આવી ચડયા. આ યવનોને કચ્છના લોકો યક્ષ તરીકે ઓળખવા લાગ્યા. આ પરદેશીઓ કેટલીક મેલી વિદ્યાઓ તેમજ વૈદુ જાણતા હોવાથી કચ્છની અભણ પ્રજામાં લોકપ્રિય થઈ પડયા. ખાસ કરીને કચ્છની સથાર કોમે આ યક્ષોને પોતાના ગુરુઓ તરીકે માન્યા.

દસ વર્ષના ઘરવાસ પછી પુઅ રા'ની રાણી રાજીને પેટે કોઈ સંતાન થતું ન હોવાથી તેણે પુઅ રા' જાણી ન શકે તે રીતે યક્ષોને બોલાવી મેલી વિદ્યાનો જાપ શરૂ કરાવ્યો. કોઈની નજરે ચઢયા વિના ગઢમહાલયમાં આવી શકાય તે માટે યક્ષોએ રાણી રાજી પાસેથી ધન મેળવી ગઢ બહારથી મહેલમાં આવી શકાય તેવું ભોંયરું બનાવ્યું.

એક રાત્રે બે યક્ષો રાણીની સામે બેસી મેલી વિદ્યા દ્વારા કાંઈક મંત્રો બોલી રહ્યા હતા ત્યારે પુઅ રા' એ સ્થળે જઈ ચડયો. તેણે તુરત જ બન્ને યક્ષોને કેદખાનામાં પૂરી દીધા. ત્યાર પછી તેણે ગઢમાં તથા ગઢની આજુબાજુ તપાસ કરાવી જે યક્ષો હાથ લાગ્યા તે બધાને કેદખાનામાં પૂરી દીધા. સમય જતાં પુઅ રા'એ કેદ પૂરેલ યક્ષોને હળે જોડી કાંટા પર ચલાવ્યા. આ વાતની જાણ યક્ષોના શિષ્યોને થતા જ તેમણે બળવો કર્યો. કેદખાનામાં પુરાયા નહોતા તેવા બીજા યક્ષોની રાહબરી નીચે યક્ષભક્ત સથારોએ પુઅ રા'ના ગઢ ઉપર હુમલો કર્યો. સથારો પુઅ રા'ના ગઢની પૂરેપૂરી માહિતી જાણતા હતા એટલે એમણે વહેલી સવારે ગઢમાં દાખલ થઈ ગઢનો કબજો લીધો. તે સમયે પુઅ રા' નહાવા બેઠો હતો. યક્ષોએ પુઅ રા' નાહતો હતો તે ખડ ઉપર જઇ ખડ ઉપરની પથ્થરની શિલા તોડી નાખી. શિલાનો પથ્થર પુઅ રા'ને માથે પડતા તે પથ્થર નીચે કચડાઈને મરણ પામ્યો. આ વાતની જાણ પુઅ રા'ના સૈનિકોને થતા તે યક્ષો તથા સથારો પર તૂટી પડયા. જે જગાએ એક સાથે બોતેર યક્ષો કપાઈ મૂઆ તે ટેકરીનું નામ કકડ ભીટ પડી ગયું. પાછળથી તે જગાએ યક્ષોના શિષ્યોએ બોતેર યક્ષોની મૂર્તિઓ બનાવી સ્થાપન કર્યું. હાલમાં દર ભાદરવા મહિનામાં આ યક્ષોના ભક્તોનો મોટો મેળો ભરાય છે.

પુઅ રા'ના મરણ પછી તેની પત્ની રાજીએ થોડો વખત રાજ કર્યું, ત્યાર પછી ચાવડાઓ કચ્છ ઉપર ચડી આવ્યા. સમય જતા આ

આખોય પ્રદેશ ગુજરાતના સોલંકીરાયની આણુ નીચે આવ્યો. ત્યાર પછી પુંઅ રા'ના ગઢને શાપિત સમજી ગઢમાં રહેતી પ્રજાએ ગઢને ત્યજી દીધો.

પુઅ રા'નો ગઢ કચ્છની રાજધાની ભૂજ શહેરની પશ્ચિમ દિશાએ સત્તાવીશ માઈલ દૂર આવેલ મંજલ નામના એક ગામ નજીકની નદી-કિનારે આવેલ છે. આ ભૂજથી લખપત જતાં રાજ્યધોરી માર્ગ ઉપર આવેલો હોઇને ત્યાં જવામાં ખાસ મુશ્કેલી પડતી નથી. હાલમાં તો ગઢની બધી દીવાલો પડીને પાદર થઈ ગઈ છે. છતાં ગઢમાં આવેલ પુંઅ રા'નો રાજમહાલય જે વડી મેડીને નામે પ્રખ્યાત છે તે કાળ સામે લડતો અણનમ ઊભો છે. ગુજરાતના સોલંકીયુગ અને તે પહેલાંના રાજમહાલયોમાં ફક્ત આ એક જ રાજમહેલ આજ સુધી ઊભો છે. વચમાં સોળ ફીટ લાંબો અને આઠ ફીટ પહોળો ચોક છે. ચોકની ચારે બાજુ બાર ફીટ પહોળી પરસાળ છે. આ પરસાળને અડીને પૂર્વ બાજુ ત્રણ એમ છ નાના ખંડો તથા દક્ષિણ બાજુ ત્રણ નાના ખંડો ધરાવતો બે મજલાવાળો આ રાજમહાલય ગુજરાતના રાજમહાલયોમાંનું એક સુંદર એકાકી અંગ છે. રાજમહાલયની દ્વારસાખો ઉપરનું કોતરકામ દેવમંદિરોને મળતુ છે. દ્વારસાખોના ઓતરંગ ઉપર નવગ્રહના પાટો તથા દ્વારસાખોમાં દ્વારપાળો વગેરે કોતરાયેલ છે મહાલયનો પશ્ચિમ તરફનો ભાગ પડી ગયેલ છે. ઉપલા મજલાનો કેટલોક ભાગ જમીનદોસ્ત થયો હોવા છતા આ રાજમહાલય ગુજરાતના પુરાણા રાજમહાલયનો ખ્યાલ આપ્યા વગર રહેતો નથી. આશરે સો ફીટ લંબાઇ અને સિત્તેર ફીટ પહોળાઈ ધરાવતી પરથાર ઉપરનો આ રાજમહાલય જેનારની આંખમા વસી જાય તેવો છે. પરથારના ઉપલા મથાળા નીચે કોતરાયેલા ગ્રાસમુખની પટ્ટીકા આંખને ગમે તેવી છે. મહાલયની ચારે બાજુ મહાલયના તૂટી ગયેલા ભાગો પડયા છે. એ ભાગો જેનારને ફરિયાદ કરી કહેતા હોય તેમ લાગે છે.

આ રાજમહાલયના ઉપરાંત નીચી મેડી, ઢેડના મંદિરો અને રાજૈનું શિવાલય વગેરે અર્ધભગ્ન હાલતમાં ઊભાં છે તે જેવાલાયક છે.

ગઢના મુખ્ય દરવાજા નજીક નગરઠઠ્ઠાના શિવાલયની નકલ કરી બંધાવેલ રા' પુંઅ રા'નું શિવાલય ઊભું છે શિવાલયનો શિખરભાગ જમીનદોસ્ત થયેલ છે. છતા જે ભાગ બચી ગયો છે તે કચ્છની મંદિરાવલિના આકર્ષક અંગો નજર સમક્ષ ખડા કરે છે.

ગુજરાતમાં સોલંકીયુગી મંદિરાવલિઓનું બાંધકામ શરૂ થયુ તે પહેલા કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમા પ્રાતવાર જુદા જુદા પ્રકારની

મંદિરાવલિઓ બાંધવાની થોડી જુદી છતાં એકબીજાને મળતી એવી નાગરશ્રેણીઓ શરૂ થઇ હોય તેમ દેખાય છે. કચ્છમાં આવેલ પુંઅ રા'ના ગઢનું શિવમંદિર, કેરાકોટનું શિવમંદિર તથા કંથકોટનું સૂર્યમંદિર–એ ત્રણે ય મંદિરો કચ્છની આગવી નાગરશ્રેણીનાં મંદિરો હોય તેમ દેખાય છે. આ ત્રણે ય મંદિરો ગુજરાતનાં સોલંકીયુગ મંદિરો પહેલાં બંધાયાં હોય તેમ ચોખ્ખું દેખાય છે. આ શ્રેણીનાં મંદિરો કચ્છમાં બંધાયેલ સોલંકી યુગની પહેલાંનાં મંદિરોની ઊંચાઇ તથા લંબાઈ પહોળાઇની દૃષ્ટિએ ઠીકઠીક મોટાં કહેવાય. થોડે અંશે આ શ્રેણીને મળતું કહેવાય છતાં સંવતના સાતમા સૈકા સુધી બંધાયેલાં કચ્છનાં મંદિરો કચ્છની આગવી શ્રેણી ખડી કરે છે.

બન્ને બાજુ ચાર ચાર ચોરસ સ્થંભોની હારમાળા, સ્થંભો ઉપર આંખમાં વસી જાય તેવા કીચક તથા કુડચલવેલને મળતી વેલનું શિલ્પ ધરાવતો શિવમંદિરનો ગૂઢ મંડપ, જે અર્ધો પડી ગયેલ હોવા છતાં પુરાણાપણું જાળવીને ઊભો છે. પશ્ચિમાભિમુખ સાદી દ્વારસાખ ધરાવતું મંદિરનું ગર્ભગૃહ અંદરને ભાગેથી સમચોરસ દેખાય છે. મંદિરને પડી જતું અટકાવવા માટે બહારને ભાગેથી ઊભી કરાવાયેલ જાડી દીવાલો મંદિરનાં મંડોવરના કેટલાક ભાગને ઢાંકી દે છે. જાડા કળશથરો ધરાવતી મંદિરની લંબચોરસ જગતિ લગભગ અખંડ રહી જવા પામી છે. આ જગતિની બહાર નીકળતા કુલ નવ ખાંચાઓ છે. કળશથરોનું શિલ્પ ઘણું ભારે તથા જાડું હોવાથી એ મંદિર સંવતના આઠમા સૈકામાં બંધાયું હોવાનો સંભવ છે, શિખરભાગ ઉપરનાં ચાર ખૂણાનાં ચાર શૃંગો ઉપરથી શરૂ થતો એક ઉપર એક એમ ગોળ પટ્ટાઓવાળો ભાગ પૂરો થયા પછી શરૂ થતો શિખરભાગ નાશ પામ્યો છે. મંદિરની ત્રણુ દિશાએ છજા ઉપરથી શરૂ થતા ભદ્ર ભાગ ઉપર ચૈત્ય કમાન શ્રેણીનું શિલ્પ ઠીક ઠીક આકર્ષક છે.

કચ્છની મંદિરાવલિઓ પુંઅ રા'ના ગઢનું શિવમંદિર તથા રાજમહાલયોમાં વડી મેડીનો રાજમહાલય જોવાલાયક છે. ખાસ કરીને આ સ્થળો જવા માટે બહારના મુસાફરોને શિયાળાનો સમય વધારે અનુકૂળ પડે તેમ છે.

પુંઅ રા'ના સમયમાં ઈરાનમાંથી ગુજરાતમાં આવી ચડેલ યક્ષ યોદ્ધો 'જખ'ને નામે કચ્છમાં પ્રસિદ્ધ છે ઘોડેસવારી કરતી ઈરાની ઢબની જખની કેટલી ય સમાધિઓ કે પાળીયાઓ કચ્છમાં જોવા મળે છે. આ પરદેશીઓએ કચ્છની ગરીબ અબલ પ્રજાને રાજ્ય સામે ખહેકાવી કેટલોક સમય પરદેશી ધર્મછત્ર ફેલાવ્યું હતું.

# ચિત્રસૂચિ


૧ શરભંગ ઋષિના મંદિરનો દરવાજો

૨ ગુફાઓ પાસેની જૈન મૂર્તિઓ–ઢાંક

૩ રુદ્ર–મૂળેશ્વર મહાદેવ ( સૂઈગામ )

૪ સોલંકી યુગનું શિવમંદિર

૫ કુબેરમંદિર–મોઢપ

૬ ધ્રુવમઠનું શિવમંદિર

૭ ભગ્ન વિષ્ણુમૂર્તિની પીઠિકાનો એક ભાગ

૮ વિષ્ણુમંદિર, સૂર્યપંચાયતન–પોળો

૯ માર્કણ્ડેશ્વરના ચોગાનમાં પાળિયો

૧૦ જૈન મંદિરનો આગળો ભાગ સદેવંત સાવળીંગાના નવ દેરા–પોળો

૧૧ રુદ્રનું સુંદર શિલ્પ ધરાવતું મંદિર–નવું પોળો

૧૨ ભૂમિજ દેરું ( રોડા ) : પશુ–પક્ષીમંદિર ( રોડા

૧૩ સૂર્યમંદિર મોઢેરા

૧૪ કોટયર્ક મંદિરની માતૃકાની મૂર્તિ

૧૫ હાટકેશ્વર મહાદેવનું મંદિર

૧૬ નવું સૂર્યમંદિર થાન–સૂર્યમંદિર–ભુવનેશ્વર

૧૭ પંચાસરા પાર્શ્વનાથનું દેરાસર

૧૮ અહલ્યા સરોવર

૧૯ રુદ્રમહાલ મોજુદ ભાગ ૧–૨–૩

૨૦ બ્રહ્માજીનું મંદિર

૨૧ શામળાજીના પાછળના ભાગનું શિલ્પ

૨૨ નવગ્રહનું મંદિર ( કણ્વાશ્રમ )


૨૩ મહાદેવના નવગ્રહના મંદિરનો પાછળનો ભાગ

૨૪ ઈડરના રાજાનો મહેલ તળેટી


૨૫ રણમલ ચોકી : ઈડર
૨૬ હરિશ્ચંદ્રની ચોરી આગળનું તોરણ
૨૭ નૃત્યશાલનું શિલ્પ . ભદ્રિક મંડોવર
૨૮ પારણાદેવીનું મંદિર—તારંગા
૨૯ માતા નિમજાના મંદિરની ભીંતોમાં આવેલા પાળિયા
૩૦ ભિલોડાના કીર્તિસ્થંભનું શિલ્પ—પહેલો માળ
૩૧ શિવપંચાયતન મંદિર-ભેટાળી
૩૨ ભાવકાનું મહાદેવનું મંદિર
૩૩ ગળતેશ્વરનું શિલ્પ
૩૪ કેદારેશ્વરનું શિલ્પ
૩૫ બાળ ભક્ત સુરેણું
૩૬ કુબેરની મૂર્તિ - આસોડાદેવડા
૩૭ સિદ્ધરાજના સમયનું ગુંજાનું તળાવ
૩૮ કોટેશ્વર મહાદેવનું મંદિર
૩૯ કુંભેશ્વર મહાદેવનું પાર્શ્વદર્શન
૪૦ હાટકેશ્વર મહાદેવનું મંદિર
૪૧ દેવની મોરીના સ્તૂપ ઉપરની ઈંટકામની કોતરણી
૪૨ મુરલીમનોહરના મંદિરનું અદ્ભુત શિલ્પ
૪૩ નાંદીચોક જડેશ્વર
૪૪ પાંડવોના રથ જેવા આકારનું શિવમંદિર
૪૫ સંમુખ દર્શન બિલેશ્વર મહાદેવ - શિખરભાગ
૪૬ સુમતિનાથનું મંદિર
૪૭ ભવાની માતા કનકપુર  સમુદ્રતટ પાસેથી મળેલી જૂની દેવીમૂર્તિ
૪૮ પુઅરચ'નો ગઢ

નોંધ . આ સર્વ બ્લોક્સ 'નવચેતન' કાર્યાલયના સૌજન્યથી પ્રાપ્ત થયા છે, જે બદલ અમે તેમના અત્યંત આભારી છીએ.

—પ્રકાશક




(૧) શરભંગ ઋષિના મંદિરનો દરવાજો (પૃષ્ઠ ૧)



(૨) ગુફાઓ પાસેની જૈન મૂર્તિઓ–ઢાંક (પૃષ્ઠ ૭)




(૩) રુદ્ર-મૂળેશ્વર મહાદેવ (સૂર્યગામ) (પૃષ્ઠ ૧૪)




(૪) સોલંકી યુગનું શિવમંદિર (પૃષ્ઠ ૨૦)




(૫) કુબેરમંદિર–મોઢેરા (પૃષ્ઠ ૨૭)




(૬) ધ્રુવમઠનું શિવમંદિર (પૃષ્ઠ ૩૩)





(૭) ભગ્ન વિષ્ણુમૂર્તિની પીઠિકાનો એક ભાગ (પૃષ્ઠ ૩૯)



(૮) વિષ્ણુમંદિર, સૂર્યપંચાયતન–પોળો (પૃષ્ઠ ૪૫)



(૯) સારણેશ્વરના ચોગાનમાં પાળિયો (પૃષ્ઠ ૫૧)


(૧૦) જૈન મંદિરનો આગલો ભાગ સદેવંત સાવળીંગાનાં નવ દેરાં–પોળો (પૃષ્ઠ ૫૮)




(૧૧) રૂદ્રનું સુંદર શિલ્પ લાખેણા મંદિર નવું પોળો
(પૃષ્ઠ ૬૬)






(૧૨) ભૂતિયું દેરું (રોડા)   પશુપક્ષી મંદિર (રોડા) (પૃષ્ઠ ૭૩)




(૧૩) સૂર્યમંદિર મોઢેરા (પૃષ્ઠ ૭૮)




(૧૪) કોટયર્ક મંદિરની માતૃકાની મૂર્તિ (પૃષ્ઠ ૮૪)




(૧૫) હાટકેશ્વર મહાદેવનું મંદિર (પૃષ્ઠ ૯૦)




(૧૬) નવું સૂર્યમંદિર–થાન




સૂર્યમંદિર–ભુવનેશ્વર (પૃષ્ઠ ૯૭)



(૧૭) પંચાસરા પાર્શ્વનાથનુ દેરાસર (પૃષ્ઠ ૧૧૦)




(૧૮) અહલ્ના સરોવર (પૃષ્ઠ ૧૧૪)




રૂદ્રમહલ


(૧૯) મોજુદ ભાગ ૧, મોજુદ ભાગ ૨, મોજુદ ભાગ ૩, (પૃષ્ઠ ૧૧૮)




(૨૦) બ્રહ્માજીનું મંદિર (પૃષ્ઠ ૧૨૩)




(૨૧) શામળાજીના પાછળના ભાગનું શિલ્પ (પૃષ્ઠ ૧૨૭)




(૨૨) નવગ્રહનું મંદિર (કણ્વાશ્રમ) (પૃષ્ઠ ૧૩૧)




(૨૩) મહાદેવના નવગ્રહવાળા મંદિરનો
પાછળનો ભાગ (પૃષ્ઠ ૧૩૫)




(૨૪) ઇડરના રાજાનો મહેલ તળેટી (પૃષ્ઠ ૧૪૦)




(૨૫) રણમલ ચોકી ઇડર (પૃષ્ઠ ૧૪૬)




(૨૬) હરિશ્ચંદ્રની ચોરી આગળનું તોરણ (પૃષ્ઠ ૧૪૯)




(૨૭) નૃવરાહનું શિલ્પ




ભદ્રિક મડોવર [પૃષ્ઠ ૧૫૩]




[૨૮] ધારણાદેવીનું મંદિર—વારંગા [પૃષ્ઠ ૧૫૮]




[૨૯] માતા નિભજાના મંદિરની ભીંતોમાં આવેલા પાળિયા
[પૃષ્ઠ ૧૬૨]




૩૦] ચિત્તોડના કીર્તિસ્થંભનું શિલ્પ–પહેલો માળ [પૃષ્ઠ ૧૬૬]



[૩૧] શિવપંચાયતન મંદિર સેટાળી [પૃષ્ઠ ૧૭૨]



[૩૨] બાવકાનું મહાદેવનું મંદિર [પૃષ્ઠ ૧૭૭]



[૩૩] ગળતેશ્વરનું શિલ્પ [પૃષ્ઠ ૧૮૪]




[૩૪] કેદારેશ્વર મહાદેવ [પૃષ્ઠ ૧૯૧]




[૩૫] બાળ ભક્ત સુરજુ [પૃષ્ઠ ૧૯૮]



[૩૬] કુબેરની મૂર્તિ—આસોડા-દેવડા [પૃષ્ઠ ૨૦૩]




[૩૭] સિદ્ધરાજના સમયનું ગુંજાનું તળાવ [પૃષ્ઠ ૨૦૮]



[૩૮] કોટેશ્વર મહાદેવનું મંદિર [પાનું ૨૧૪]



[૩૯] કુંભેશ્વર મહાદેવનું પશ્ચાદ્ દર્શન [પાનું ૨૧૮]



[૪૦] હાટકેશ્વર મહાદેવનું મંદિર [૨૨૨]



[૪૧] દેવની મોરીના સ્તૂપ ઉપરની ઇંટકામની કોતરણી
[પાનું ૨૨૮]




[૪૬] સુમતિનાથનુ મ દિર [પાનુ ૨૫૭]




[૪૭] ભવાનીમાતા-કનકપુર



સમુદ્રતટ પાસેથી મળેલી જૂની દેવી મૂર્તિ [પાનુ ૨૬૨]




[૪૮] પુઅરા'નો ગઢ [પાનું ૨૬૭]



[૪૨] મુરલીમનોહરના મંદિરનું અદ્ભુત શિલ્પ [પાનું ૨૩૨]



[૪૩] નદીચોક જડેશ્વર [પાનું ૨૩૯]



[૪૪] પાંડવોના રથ જેવા આકારનું શિવમંદિર [પાનું ૨૪૪]



[૪૫] સંમુખ દર્શન ખિલેશ્વર મહાદેવ શિખરભાગ : ખિલેશ્વર [પાનું ૨૫૧]